ૐ
નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ પ્રવચન

## (ભાગ-૩)

( પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
બોધપાહુડ ઉપરના ધારાવાહી પ્રવચનો )

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૭ | ૨૫૪૩ | ૨૦૭૩ | ૨૦૧૭ |

પ્રકાશન
તા. ૨૩-૩-૨૦૧૭, ફાગણ વદ-૧૦
પૂજ્ય બહેનશ્રીની ૮૫મી સમ્યક્ જયંતિ

- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
- શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
  ૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
  વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
  ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
- શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
  યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
  નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
  ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯
- શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ
  વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
  ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

લેસર ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક
આનંદ લિમયે
ઈન્ડિયા પ્રિન્ટીંગ વર્ક
વડાલા, મુંબઈ

# પ્રસ્તાવના

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું વર્તમાન શાસન પ્રવર્તી રહ્યું છે. તેઓશ્રીની દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશિત મોક્ષમાર્ગ, પરંપરામાં થયેલા અનેક આચાર્ય ભગવંતો દ્વારા આજે પણ વિદ્યમાન છે. શ્રી ગૌતમ ગણધર બાદ અનેક આચાર્યો થયા તેમાં શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન શ્રી મહાવીરસ્વામી પછી ત્રીજા સ્થાને આવે છે તે જગતવિદિત છે.

શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય વિક્રમ સંવત ૪૯માં લગભગ થયા છે. તેઓશ્રીએ સ્વયંની ઋદ્ધિ દ્વારા વર્તમાન વિદેહક્ષેત્રે પ્રત્યક્ષ બિરાજમાન શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહી દિવ્યદેશના ગ્રહણ કરી, ત્યાંથી આવીને તેમણે અનેક મહાન પરમાગમોની રચના કરી. તેમાં અષ્ટ પ્રાભૃત ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આચાર્ય ભગવંતની પવિત્ર પરિણતિના દર્શન તેઓશ્રીની પ્રત્યેક કૃતિઓમાં થાય છે. ભવ્યજીવો ઉપર નિષ્કારણ કરુણા કરી તેમણે મોક્ષમાર્ગનું અંતર-બાહ્ય સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય ભગવંતે મોક્ષમાર્ગને થંભાવી રાખ્યો છે એ કથન ખરેખર સત્ય પ્રતીત થાય છે.

ચતુર્થ ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન પર્યંત અંતરંગ મોક્ષમાર્ગ સાથે વર્તતા વિકલ્પની મર્યાદા કેટલી અને કેવી હોય તે તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આમ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરી અનેક પ્રકારના વિપરીત અભિપ્રાયોમાંથી મુમુક્ષુજીવોને તાર્યા છે. અષ્ટ પ્રાભૃત ગ્રંથમાં મુખ્યત્વે નિર્ગ્રંથ મુનિદશા કેવી હોય અને સાથે કેટલી મર્યાદામાં એ ગુણસ્થાનમાં વિકલ્પની સ્થિતિ હોય છે તે સ્પષ્ટ કર્યું છે.

વર્તમાનમાં દિગંબર સાહિત્ય તો હતું જ પરંતુ સાહિત્યમાં નિહિત મોક્ષમાર્ગનું સ્વરૂપ જો આ કાળમાં કોઈ દિવ્ય શક્તિધારક મહાપુરુષે પ્રકાશિત કર્યું હોય તો તે છે-કાનજીસ્વામી. પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની દિવ્ય શ્રુતની લબ્ધિ દ્વારા સમાજમાં નિર્ભિકતાથી ઉદ્‌ઘાટન કર્યો. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું રહસ્ય તો પ્રરૂપિત હતું જ પરંતુ આ કાળના અચંબા સમાન પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય ભગવતી પ્રજ્ઞાએ તે રહસ્યને ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીનો અસિમ ઉપકાર આજે તો ગવાય છે પરંતુ પંચમકાળના અંત સુધી ગવાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક પરમાગમો ઉપર વિસ્તૃત પ્રવચનો થયા છે. તેમાં અષ્ટ પ્રાભૃતનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તુત પ્રવચનો પ્રકાશિત થાય તેવી ભાવના મુમુક્ષુ સમાજમાંથી વ્યક્ત થતાં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા આ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનો સહર્ષ સ્વીકાર કર્યો. તદ્‌નુસાર આ પ્રવચનો લગભગ સાત ભાગમાં પ્રકાશિત થવાની ધારણા છે. તૃતીય ભાગમાં બોધહુડની ૬૨ ગાથા ઉપરના પ્રવચનો છે.

બોધપાહુડમાં આયતન, ચૈત્યગૃહ, જિનપ્રતિમા, દર્શન, જિનબિંબ, જિનમુદ્રા, જ્ઞાન, દેવ, તીર્થ, અર્હંત તથા પ્રવ્રજ્યા - આ અગ્યાર વિષયોનું સંક્ષિપ્ત કથન છે. 'ભાવશ્રમણ છે તે આયતન છે, ચૈતન્યગૃહ છે, જિનપ્રતિમા છે.' - આવું વર્ણનવિશેષ વિશિષ્ટ પ્રકારથી કરવામાં આવેલ છે. જિનોપદિષ્ટ પ્રવ્રજ્યાનું સમ્યક્ વર્ણન ૧૭ ગાથાઓમાં સુચારુરૂપે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિષયોની સંપૂર્ણ છણાવટ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પડખાઓથી પ્રસ્તુત પ્રવચનોમાં કરેલ છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને ખોલવાના અલૌકિક સામર્થ્યના દર્શન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં થાય છે. સમ્યક્ત્વ સહિત ચારિત્રનું સ્વરૂપ કેવું હોય તેનું વિશદ્ વર્ણન પ્રસ્તુત પ્રવચનોમાં થયું છે.

આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળીને શબ્દશઃ તૈયાર કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવગનર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારબાદ આ પ્રવચનોને ફરીવાર શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા તપાસી જવામાં આવ્યા છે. ઘણા પ્રવચનો બેટરીવાળા હોવાથી જ્યાં અવાજ બરાબર નથી સંભળાતો ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવ્યું છે. વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. પ્રવચનોને પુસ્તકારૂઢ કરવામાં જાગિતૃપૂર્વક ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં ક્યાંય ક્ષતિ રહી જવા પામી હોય તો વાચકવર્ગને વિનંતી કે તેઓ જાણ કરે. જિનવાણીનું કાર્ય અતિ ગંભીર છે. તેથી ક્યાંય પ્રમાદવશ ક્ષતિ રહી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતાના ચરણોમાં કોટિ કોટિ વંદના! તેઓશ્રીની સાતિશય દેશના જયવંત વર્તો! જયવંત વર્તો!

પ્રસ્તુત પુસ્તક www.vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મહિત સાધે તેવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

લિ. ટ્રસ્ટીગણ
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
મુંબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી. તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર

સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ

કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યા, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.
૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.
૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.
૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.
૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.
૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.
૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.
૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.
૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.
૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો ! તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો ! સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)
સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)
અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)
સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)
હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)
નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)
ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૪૯ | ૩૦-૦૭-૧૯૭૦ | ૩ થી ૫ | ૦૦૧ |
| ૫૦ | ૩૧-૦૭-૧૯૭૦ | ૬ થી ૮ | ૦૧૭ |
| ૫૧ | ૦૨-૦૮-૧૯૭૦ | ૮-૯ | ૦૩૩ |
| ૫૨ | ૦૩-૦૮-૧૯૭૦ | ૧૦ થી ૧૩ | ૦૪૫ |
| ૫૩ | ૦૪-૦૮-૧૯૭૦ | ૧૨ થી ૧૪ | ૦૫૯ |
| ૫૪ | ૦૫-૦૮-૧૯૭૦ | ૧૫ થી ૧૭ | ૦૭૧ |
| ૫૫ | ૦૬-૦૮-૧૯૭૦ | ૧૭ થી ૨૦ | ૦૮૫ |
| ૫૬ | ૦૭-૦૮-૧૯૭૦ | ૨૦ થી ૨૨ | ૦૯૯ |
| ૫૭ | ૦૮-૦૮-૧૯૭૦ | ૨૨-૨૩ | ૧૧૪ |
| ૫૮ | ૦૯-૦૮-૧૯૭૦ | ૨૩-૨૪ | ૧૨૭ |
| ૫૯ | ૧૧-૦૮-૧૯૭૦ | ૨૫ | ૧૩૩ |
| ૬૦ | ૧૨-૦૮-૧૯૭૦ | ૨૬-૨૭ | ૧૪૮ |
| ૧૬૩ | ૦૧-૦૧-૧૯૭૧ | ૨૮ | ૧૬૩ |
| ૧૬૪ | ૦૨-૦૧-૧૯૭૧ | ૨૮ થી ૩૨ | ૧૭૬ |
| ૧૬૫ | ૦૩-૦૧-૧૯૭૧ | ૩૨ | ૧૯૩ |
| ૧૬૬ | ૦૫-૦૧-૧૯૭૧ | ૩૨ થી ૪૧ | ૨૦૭ |
| ૧૬૭ | ૦૬-૦૧-૧૯૭૧ | ૪૧ | ૨૨૮ |
| ૧૬૮ | ૦૭-૦૧-૧૯૭૧ | ૪૧ થી ૪૪ | ૨૪૧ |
| ૧૬૯ | ૦૮-૦૧-૧૯૭૧ | ૪૨ થી ૪૮ | ૨૫૭ |
| ૧૭૦ | ૦૯-૦૧-૧૯૭૧ | ૪૮ થી ૫૧ | ૨૭૧ |
| ૧૭૧ | ૧૦-૦૧-૧૯૭૧ | ૫૧ થી ૫૪ | ૨૮૫ |
| ૧૭૨ | ૧૧-૦૧-૧૯૭૧ | ૫૪ થી ૫૬ | ૩૦૦ |
| ૧૭૩ | ૧૩-૦૧-૧૯૭૧ | ૫૬ થી ૬૦ | ૩૧૩ |
| ૧૭૪ | ૧૪-૦૧-૧૯૭૧ | ૬૦ | ૩૩૧ |
| ૧૭૫ | ૧૫-૦૧-૧૯૭૧ | ૬૧-૬૨, ૧-૨ | ૩૪૬ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ

# અષ્ટપાહુડ પ્રવચન

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'અષ્ટપાહુડ' ઉપર પ્રવચન)

(ભાગ–૩)

## બોધપાહુડ

### ગાથા-૩-૪

आयदणं चेदिहरं, जिणपडिमा दंसणं च जिणबिंबं।
भणियं सुवीयरायं, जिणमुद्दा णाणमादत्थं।।३।।
अरहंतेण सुदिट्ठं, जं देवं तित्थमिह य अरहंतं।
पावज्जगुणविसुद्धा, इय णायव्वा जहाकमसो।।४।।

आयतनं चैत्यगृहं जिनप्रतिमा दर्शनं च जिनबिंबम्।
भणितं सुवीतरागं जिनमुद्रा ज्ञानमात्मार्थम्[१]।।३।।
अर्हता सुदृष्टं यः देवः तीर्थमिह च अर्हन्।
प्रवज्या गुणविशुद्धा इति ज्ञातव्याः यथाक्रमशः।।४।।

જે આયતન ને ચૈત્યગૃહ, પ્રતિમા તથા દર્શન અને,
વીતરાગ જિનનું બિંબ, જિનમુદ્રા, સ્વહેતુક જ્ઞાન જે. ૩.

१. 'आत्मस्थं' संस्कृतमें पाठान्तर है।

**અર્હંતદેશિત દેવ, તેમ જ તીર્થ, વળી અર્હંત ને,**
**ગુણસુદ્ધ પ્રવજ્યા યથાક્રમશઃ અહીં જ્ઞાતવ્ય છે. ૪.**

**अर्थ :– १. आयतन, २–चैत्यगृह, – जिनप्रतिमा, ४–दर्शन, ५–जिनबिंब। कैसा है जिनबिंब? भले प्रकार वीतराग है, ६ – जिनमुद्रा रागसहित नहीं होती है, ७–ज्ञान पद कैसा? आत्मा ही है अर्थ अर्थात् प्रयोजन जिसमें, इसप्रकार सात तो ये निश्चय, वीतरागदेवने कहे वैसे यथा अनुक्रमसे जानना और ८–देव, ९–तीर्थ, १०–अरहंत, तथा गुणसे विशुद्ध ११–प्रवज्या, ये चार जो अरहंत भगवानके कहे वैसे इस ग्रन्थमें जानना, इसप्रकार ये ग्यारह स्थल हुए।।३–४।।**

**भावार्थ :– यहाँ आशय इसप्रकार जानना चाहिये कि – धर्ममार्गमें कालदोषसे अनेक मत हो गये हैं तथा जैनमतमें भी भेद हो गये हैं, उनमें आयतन आदिमें विपर्यय (विपरीतपना) हुआ है, उनका परमार्थभूत सच्चा स्वरूप तो लोग जानते नहीं है और धर्मके लोभी होकर जैसी बाह्य प्रवृत्ति देखते हैं उसमें ही प्रवर्तने लग जाते हैं, उनको संबोधने के लिए यह 'बोधपाहुड' बनाया है। उसमें आयतन आदि ग्यारह स्थानोंका परमार्थभूत सच्चा स्वरूप जैसा सर्वज्ञदेवने कहा है वैसा कहेंगे, अनुक्रममें जैसे नाम कहे हैं वैसे ही अनुक्रमसे इनका व्याख्यान करेंगे सो जानने योग्य है।।३–४।।**

## પ્રવચન નં. ૪૯, ગાથા ૩ થી ૫, ગુરુવાર, અષાઢ વદ ૧૨, તા.૩૦-૦૭-૧૯૭૦

ચોથો અધિકાર. એમાં અગિયાર બોલ અધ્યાત્મથી ઉતારેલા છે. **'આગે ઈસ 'બોધપાહુડ'મેં ગ્યારહ સ્થલ બાંધે હૈં ઉનકે નામ કહતે હૈંઃ–'**

**आयदणं चेदिहरं, जिणपडिमा दंसणं च जिणबिंब।**
**भणियं सुवीयरायं, जिणमुद्दा णाणमादत्थं।।३।।**
**अरहंतेण सुदिट्ठं, जं देवं तित्थमिह य अरहंतं।**
**पावज्जगुणविसुद्धा, इय णायव्वा जहाकमसो।।४।।**

વીતરાગ માર્ગમાં નિશ્ચયથી આયતન, આત્માના સ્વભાવને આયતન કહ્યું છે. આ મંદિર આદિ આયતન છે અથવા દેવ-ગુરુ-શાસ્ત્રને જે આયતન કહેવામાં આવે છે. આવે છે ને છ આયતન? એ બધા વ્યવહાર છે, વિકલ્પના નિમિત્ત છે. ખરું આયતન તો આ આત્મા (છે). મુનિપણામાં સંયમસહિત વીતરાગદશા, એ મુનિપણાનો ભાવ એ જ આત્માનું આયતન છે- એ આત્માનું ઘર છે. સમજાણું કાંઈ? આ મંદિર અને બાહ્ય આયતનો છે ને? દેવ-ગુરુ- શાસ્ત્ર, એને માનનારા છ આયતન કહેવાય. એ બધા વ્યવહાર છે, વિકલ્પ છે. નિશ્ચયથી આયતન આ ભગવાનઆત્મા, જેમાં અનંત આનંદાદિનું સ્થાન છે. એવો આત્મા જે કેવળજ્ઞાનપણાના ભાવને સાધે છે એવા આત્માને અહીં આયતન કહેવામાં આવે છે.

'શોભાલાલજી'! '**આયતન,..**' આયતન.

'**ચૈત્યગૃહ,...**' ચૈત્યનું ઘર, એ પ્રતિમાનું ઘર. એ ચૈત્ય નામ આનંદ જ્ઞાનસ્વરૂપ આત્મા એ ચૈત્યગૃહ આત્મા છે. લ્યો, આ ચૈત્યગૃહ (એટલે) પુસ્તકો એ ચૈત્યગૃહ નહિ, એમ કહે છે. સમજ્યા? કહો, સમજાણું કાંઈ? જે આત્મા આનંદ અને જ્ઞાનનું ઘર એ ચૈત્યઘર તો આત્મા છે. અહીં મુનિપણાની અપેક્ષાએ વર્ણન કરશે. વીતરાગી મુનિ, નિર્ગ્રંથ, ભાવલિંગ અને બાહ્ય લિંગ નગ્ન. એ અંતરમાં વસ્તુનો સ્વભાવ, આનંદનું સ્થાન, જ્ઞાનનું સ્થાન એ બધો આત્મા છે. એ આત્મા કોઈ રાગનું સ્થાન કે બાહ્યના સ્થાન એ આત્માના આયતન નથી. એકલા બહારમાં મંડી પડ્યા હતા. એને માટે આ સમજાવે છે. મંદિર અને મંદિરની પ્રતિમાઓને અને એમાં જ ધર્મ માનીને બેસી ગયા. એમ નથી. સમજાણું કાંઈ? એકલા ચૈત્યઘર બનાવીને ધર્મ માનીને બેસી ગયા કાં પ્રતિમા અને મંદિરો બનાવીને ધર્મ માનીને બેસી ગયા. એ ધર્મ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- 'પ્રેમચંદભાઈ' કહેતા...

ઉત્તર :- .. એટલે? એ હોય છે, પણ એ વ્યવહાર છે. નિશ્ચયઆત્માના આનંદનું આયતન-સ્થાન અને જિન ચૈતન્યઘર પોતાનું પિછાણી અને અનુભવ થયો, ત્યારે પછી વિકલ્પ આવે, ત્યારે એ ચૈત્યઘરનો ભક્તિ આદિનો શુભભાવ કહેવામાં આવે છે. નિશ્ચય હોય તો ઓલાને વ્યવહાર કહેવામાં આવે છે. પણ ભાન જ નથી ને એકલી પ્રતિમા અને ચૈત્યઘરને એને જ ધર્મ માનીને બેઠા, આ એને માટે બનાવ્યું છે કે તારી બધી વાતું એકાંત (છે). રાગથી ધર્મ માની, વ્યવહારથી ધર્મ માની, મંદિરો અને ચૈત્યઘર બનાવીને ધર્મ માની બેઠા એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એય..! 'મોહનભાઈ'!

મુમુક્ષુ :- વ્યાખ્યા કડક બહુ.

ઉત્તર :- આ મૂળ તારો આત્મા અંદર વસ્તુ છે, મહાચૈત્ય આનંદનું ઘર, કેવળજ્ઞાનનું ઘર તો આત્મા છે. કેવળજ્ઞાન કાંઈ બહારથી આવતું હશે? પ્રતિમાથી આવતું હશે? ભગવાનના દર્શન કરવાથી કેવળજ્ઞાન આવતું હશે? 'ભગવાનજીભાઈ'!

રાગરહિત ચૈતન્યબિંબ ભગવાન, જે તારું ચૈત્યઘર છે એના બધા અર્થ કરશે, હોં! પણ બધી વાત વીતરાગતામાં ઉતારશે. વીતરાગતા ઉતારવા માટે આ અગિયાર બોલ કીધા છે. વ્યવહાર હોય છે, પણ એ વ્યવહાર ધર્મ છે એમ નહિ. આવું ભાનસહિત... આવે છે, જુઓ! '**जिणपडिमा**' જિનની પ્રતિમા. એ '**જિનપ્રતિમા,...**' એ આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ રહિત અંદર વીતરાગ પરિણમન થવું એનું નામ જિનની, વીતરાગની પ્રતિમા છે. આ જિનપ્રતિમા તો વ્યવહાર છે. શુભભાવ આવે એટલે ભક્તિનું નિમિત્ત એટલું કહેવાય. પણ એકલી જિનપ્રતિમાને જ માને અને આ જિનપ્રતિમા રહી જાય તો એને ધર્મનો લાભ થાય નહિ. 'પોપટભાઈ'!

જિનપ્રતિમા! આ આત્મા જિનપ્રતિમા છે. આનંદનો નાથ, રાગરહિત, વિકલ્પરહિત, પુણ્યના વ્યવહારરહિત એવો આત્મા જેને અંતર દૃષ્ટિમાં પ્રગટ્યો અને સ્વરૂપની સ્થિરતા,

વીતરાગતા જામી એને અહીંયાં જિનપ્રતિમા, વીતરાગની પ્રતિમા કહે છે. આ તો બાહ્ય નિક્ષેપ છે. પણ જો આ હોય તો ઓલા વ્યવહાર નિક્ષેપને વ્યવહાર કહેવામાં આવે છે. પણ આત્માની જિનપ્રતિમા મૂકી દે અને એકલી જિનપ્રતિમા બહારને જ માને અને ત્યાં ભટક્યા કરે તો એમાં કાંઈ આત્માનો લાભ થાય નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**दंसणं**...' ચોથો બોલ. એ '**દર્શન,...**' એને કહીએ, નિર્ગ્રંથ મુદ્રા વીતરાગી એ દર્શન. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત જેની મુદ્રા નગ્ન (હોય). નગ્ન મુદ્રા અને અંદરમાં ત્રણ કષાયના અભાવની વીતરાગ મુદ્રા (હોય) એને અહીંયાં દર્શન કહેવામાં આવે છે. જૈનદર્શન એને કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? જૈનદર્શન આત્મા સિવાય ક્યાંય બહાર રહેતું નથી, એમ કહે છે. અંતર સ્વરૂપ શુદ્ધ વીતરાગી મૂર્તિ આત્મા, એની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિની વીતરાગતા અને બાહ્ય નગ્નદશા, દિગંબરદશા, એને જૈનશાસનમાં દર્શન, જૈનદર્શન એને કહ્યું છે. સમજાણું કાંઈ? બહારથી જૈનદર્શન માની લે, પાંચ મહાવ્રત પાળ્યા અને મંદિરો કરાવ્યા અને જાત્રાઓ કરી એ જૈનદર્શન છે, (એમ માને તો) એ જૈનદર્શન નથી. સમજાય છે કાંઈ? બધાની ગાથાઓ વિસ્તારથી આવશે. '**दंसणं**' આમ મુદ્રા દેખાય. જેની વીતરાગતા અને નગ્નતા, પંચ મહાવ્રતના વિકલ્પ ભલે હો અને નગ્નદશા પણ અંતરમાં વીતરાગી બિંબ થઈ ગયું છે. જેવું સ્વરૂપ વીતરાગ છે એવી પર્યાયમાં વીતરાગદશા પ્રગટ થઈ ગઈ છે. સમજાણું? એને દર્શન કહેવામાં આવે છે. જૈનદર્શન એને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ચોવીસ તીર્થંકરને ભજે-પૂજે એ જૈન.

ઉત્તર :- ભજે-પૂજે શું? ભગવાનને ભજે-પૂજે એ તો વિકલ્પ છે, રાગ છે. રાગ છે એ જૈનદર્શન, નિશ્ચયદર્શન સાચું દર્શન નથી. એ તો વ્યવહાર છે, એ તો વિકલ્પ છે. આવું હોય ત્યાં એવું ભલે હો, પણ એ નિશ્ચય જિનદર્શન એ નહિ. કહો, 'ભીખાભાઈ'!

મુમુક્ષુ :- ...દર્શન કે પોતાનું દર્શન?

ઉત્તર :- પોતાનું અને મુનિપણાનું બેયનું. પોતાને પ્રગટે તો એ અને નહિતર મુનિપણાને પ્રગટ્યું એ જિનદર્શન. એને જાણ. એમ અહીંયાં બોધ કહેવો છે ને? બોધપાહુડ એટલે આવું જૈનદર્શન (છે) એને જાણ. એવા મુનિ જે રાગ-દ્વેષરહિત, પુણ્ય-પાપરહિત વીતરાગદશા પ્રગટી અને બહારમાં નગ્ન દશા (થઈ) એને તું જૈનદર્શન જાણ. એમ. એય..! 'બોધપાહુડ' છે ને? આયતન આ છે. આત્મા જે મુનિ છે એને તું આયતન જાણ. બોધ બોધ છે ને દરેકમાં?

મુમુક્ષુ :- .. બહિર રાખ્યું છે.

ઉત્તર :- બહિર ભલે ને હો પણ એ આયતન આવો છે એવો તારો સ્વભાવ છે. એમ પછી જાણ. એમ કહે છે ને? આયતન ઓલો વીતરાગભાવ કીધો ને? વીતરાગભાવ. વીતરાગભાવ આયતન. એ આયતન તું જાણ તો તને અંદર આયતન એ પ્રગટે, એમ કહે છે. વીતરાગી ભાવ તે આયતન છે. એ વીતરાગી ભાવ તું જાણ તો વીતરાગી ભાવને પ્રગટ કર તો તું આયતન થા. જાણ-જાણની વાત છે ને પહેલી. બોધ-જાણ. ઓલાને તું જાણે છો...

મુમુક્ષુ :- વીતરાગભાવ તો ત્યારે જ્યારે જિનમુદ્રા...

ઉત્તર :- એ હોય છે. જ્યારે અંદર વીતરાગભાવ થાય તો બાહ્યમાં નગ્નમુદ્રા થઈ જાય છે. એને વસ્ત્ર-પાત્ર રહે એમ કદી બનતું નથી.

મુમુક્ષુ :- વસ્ત્ર કાઢવા તો પડે ને.

ઉત્તર :- કાઢે કોણ? જડની પર્યાય કોણ કાઢે? એ નીકળી જાય. એવી વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ?

આવાને તું જાણ, એમ કહે છે. અને એ જાણવું એ ભલે પર હોય પણ એનું યથાર્થ જ્ઞાન કરે તો પોતાને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર થાય. આવું જિનદર્શન છે. જૈનદર્શન એ આવા મુનિને દર્શન (છે), એવું તું પ્રગટ કર તો તું જૈનદર્શન છો. સમજાણું કાંઈ? જૈનદર્શન કાંઈ રાગમાં કે બહારમાં રહેતું નથી. વીતરાગભાવ. પણ પર વીતરાગભાવ છે એને તું અહીં નક્કી કર તો તારો વીતરાગભાવ તને શ્રદ્ધામાં આવે અને જ્ઞાનમાં સ્થિર થાય તો તું પણ જૈનદર્શન છો. સમજાણું કાંઈ?

અહીં તો વસ્તુ એવી પર છે પણ એની વીતરાગતાનું જ્ઞાન થવું જોઈએ. મુનિ છે એ વિકલ્પવાળા છે એ કાંઈ ગુણ નથી. શરીર મુદ્રા છે એ કાંઈ ગુણ નથી. એના ગુણ વીતરાગતા છે એને જે જાણે એને આત્માનું દર્શન-જ્ઞાન થયા વિના રહે નહિ. આવે છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? સાચા દેવનું સ્વરૂપ જાણે એને સમકિત થયા વિના રહે નહિ. સાચા ગુરુનું સ્વરૂપ જાણે એને સમકિત થયા વિના રહે નહિ. એમ અનેકાંત સિદ્ધાંતના વાસ્તવિક તત્ત્વને બરાબર જાણે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. આહાહા..!

'**દર્શન, ૫ – જિનબિંબ.**' છે ને પાંચમું? એ જિનબિંબ એ આત્મા. વીતરાગી બિંબ આત્મા. જેને વીતરાગતા પ્રગટી છે એ જિનબિંબ છે. એને તું જિનબિંબ જાણ એમ કહે છે. આ જિનબિંબ છે એ તો વ્યવહાર છે. આવું જિનબિંબનું ભાન છે એને એવો વ્યવહાર વિકલ્પ (હોય છે). એ નીચે કહેશે. એવો વિકલ્પ આવે, હોય પણ એ ખરું જિનબિંબ નથી. આહાહા..! સમજાણું? એ વ્યવહાર વચમાં ન હોય તો એ નિશ્ચયને જાણતો નથી અને વ્યવહારને જ માની લે તો એ નિશ્ચયને જાણતો નથી.

મુમુક્ષુ :- ચૈતન્યમૂર્તિ.

ઉત્તર :- ચૈતન્યમૂર્તિ. અંતર રાગરહિત પોતે વીતરાગ મુદ્રા, પોતાનું સ્વરૂપ જ વીતરાગ બિંબ છે. સ્વરૂપ-સ્વભાવ. એની દૃષ્ટિ-શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા પ્રગટ કરે એ પ્રગટ જિનબિંબ છે. એને જિનબિંબ જાણ. જિનબિંબ તો વીતરાગનું બિંબ હોય ને? વીતરાગનું ઘન થઈ જવું. આ તો જિનબિંબ બહાર છે, વ્યવહાર છે. ત્યાં જ મંડી પડે કે એને લઈને અમને ધર્મ થાશે, જિનબિંબના દર્શનથી અને જિનબિંબની ભક્તિથી અને એની સ્તુતિ બરાબર ધ્યાન રાખીને કરવી, હોં! ઓહો..! એનાથી ધર્મ છે નહિ. એ ધ્યાન રાખીને કરે તો એ વિકલ્પ અને શુભરાગ છે. એ જિનબિંબ નહિ. આહાહા..! 'ભીખાભાઈ'! ભારે આકરું.

મુમુક્ષુ :- અહીંયાં જિનપ્રતિમા અને જિનબિંબમાં શું ફેર છે?

ઉત્તર :- એ થોડું થોડું આગળ કહેઈં. દરેકમાં .. થશે. મૂળ તો બધામાં મુનિપણાનું

બિંબ લ્યે છે.

'**भणियं सुवीयराय,...**' વીતરાગે આમ કહ્યું છે એમ કહે છે, દેખો! વીતરાગદેવ, ત્રિલોકનાથ પરમાત્મા એણે આ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રહિત થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની બિંબ દશા જેને પ્રગટી એને ભગવાને જિનબિંબ આયતન, ચૈત્યઘર, જિનપ્રતિમા અને દર્શન કહેવામાં આવે છે. બધાનો અર્થ આવશે. આ તો હજી શબ્દાર્થ છે. દરેકની ગાથાઓ આવશે. સમજાણું કાંઈ?

'**જિનમુદ્રા...**' લ્યો! છાપ. વીતરાગભાવની છાપ અંદર પ્રગટ થાય. એ જિનમુદ્રા. વ્યવહારરત્નત્રયના વિકલ્પ ને એ કાંઈ જિનમુદ્રા નથી. એ તો વ્યવહાર જિનમુદ્રા (છે). પણ આ નિશ્ચય જિનમુદ્રા આવી હોય તો ઓલાને વ્યવહાર જિનમુદ્રા કહેવાય. પણ એકલી જિનમુદ્રા અને એને જ માની બેસે અને ત્યાં જ રોકાય જાય તો એને આત્માનો લાભ કાંઈ થાય નહિ. ભારે વાત, ભાઈ! 'ભીખાભાઈ'! આયતન કીધું. દેવ-ગુરુ-શાસ્ત્ર આયતન નહિ, એમ કહ્યું.

મુમુક્ષુ :- ગુરુને આયતન રાખ્યું.

ઉત્તર :- ત્યાં રાખ્યું નથી. એ તો આમ છે એનું તું જ્ઞાન કર અને તારામાં ઉતર, એમ કહે છે. જ્ઞાન કર. એ કાંઈ જ્ઞાન કરાવતા નથી. એવું સ્વરૂપ છે એનું તું જ્ઞાન કર. 'બોધપાહુડ' છે ને! જ્ઞાન કરીને તું અંતર સ્વરૂપમાં જા તો તને તારું જિનબિંબપણું, જિનમુદ્રાપણું પ્રગટ થશે. વાત એમ છે. જાણવું-જાણવું. એમાં દરેકમાં બોધ છે ને? બોધને જાણવું.

'**णाणं...**' જ્ઞાન કોને કહેવું? કે આત્મામાંથી ઉત્પન્ન થાય તેને જ્ઞાન કહીએ, એમ કહે છે. શાસ્ત્રના ભણતર ને એ બધા જ્ઞાન નથી, એમ કહે છે. '**णाणमादत्थं**' આહાહા..! આત્મામાં જ્ઞાનનો પિંડ ચૈતન્યબિંબ છે, એમાંથી પ્રગટેલું જે જ્ઞાન, વીતરાગી પર્યાય, ચારિત્રસહિતની અહીં વાત કરી છે, હોં! એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ગોખ્યા કરે છે ને 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.' પણ એટલે શું કહે છે? 'આતમ ભાવના ભાવતા જીવ લહે (કેવળજ્ઞાન રે)...' પણ આતમભાવના એટલે શું? 'કનુભાઈ'! આવે છે કે નહિ? આવે છે?

મુમુક્ષુ :- આવે છે. લાખવાર...

ઉત્તર :- એક .. વાર કરે. લાખ વાર કરે નહિ, એ આતમ ભાવના ભાવતા શબ્દો, એ વિકલ્પ. એમાં ક્યાં આતમભાવના હતી?

આત્મા અંદર નિર્વિકલ્પસ્વરૂપ (છે). દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ, એનાથી ભિન્ન એવો જે ભગવાનઆત્મા, એમાં જ્ઞાન ભર્યું છે, જ્ઞાન સ્વરૂપ છે. એમાંથી ઉત્પન્ન થતી દશાને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? જુઓને! આ શું કરવા લીધું છે? એકાંત ઓલા શાસ્ત્રના ભણતરવાળા એમ કહે અમને જ્ઞાન છે. જિન ભગવાનના મંદિર કરાવ્યા, કરોડ મંદિર કરાવ્યા, લાખ મંદિર કરાવ્યા માટે આ જિનબિંબ. એ નહિ. જિનબિંબ અહીં છે. સમજાણું કાંઈ? એય..! આહાહા..! વાત એવી છે.

નિશ્ચયનું આવું ભાન થયા પછી સ્વરૂપમાં જ્યાં સુધી ઠરી શકે નહિ ત્યાં એવો વચમાં વ્યવહાર આવે. મુનિને અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ આવે, સમકિતીને ભક્તિનો વિકલ્પ આવે, પણ એ બધો વ્યવહાર છે. વ્યવહાર અભૂતાર્થ છે. વાસ્તવિક એ ધર્મ છે નહિ. અરે..રે..! ભાઈ! સમજાણું કાંઈ? 'ઈશ્વરચંદજી'! 'કુંદકુંદાચાર્ય' ...

'**अरहंतेण सुदिट्ठं**,...' લ્યો! અરિહંત ભગવાને આવું સ્વરૂપ ભલું દીઠું છે. '**जं देवं**...' અને દેવનું સ્વરૂપ આગળ કહેશે. દેવ કોને કહીએ? જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દે, તેને દેવ કહીએ. એ પુણ્ય દે, પૈસા આપે અને ભોગ આપે અને કેવળજ્ઞાન આપે એને દેવ કહીએ. એમ કહેશે.

મુમુક્ષુ :- દીકરા આપે કે ન આપે?

ઉત્તર :- દીકરા આપે એમાં. એય..! એનો અર્થ કે દેવ અરિહંત પરમાત્મા (છે) એવો પોતાનો આત્મા (છે), એનું જે ભાન કરે, એમાંથી તો પવિત્રતા પ્રગટ કરે. પણ એમાં જે વિકલ્પ આવે એનાથી પુણ્ય બંધાય જાય. એનાથી લક્ષ્મી પણ મળે, ભોગ પણ મળે અને પોતાની પવિત્રતાથી મોક્ષ મળે. એને દેવ (કહે છે). દદાતિ ઈતિ દેવ, આગળ આવશે. પંડિતજી! આ અપેક્ષાએ વાત છે. મોક્ષ પણ ભગવાન આપે. અહીં તો નિમિત્તથી કથન છે ને.

મુમુક્ષુ :- જેની પાસે હોય એ આપે.

ઉત્તર :- એની પાસે હોય એ આપે. નથી એ શું આપે? ઓલો કહે, ભાઈ! ગાળ્યું દે. દે ગાળ્યું. તારી પાસે ગાળ્યું છે. મારી પાસે નથી તો ક્યાંથી હું આપું? નથી કહેતા આ લોકમાં? કહે છે કે નહિ? ઓલા ગાળ્યુંની ઝપટ બોલે. ગાળ સમજો છો કે નહિ? શેઠ! ગાલિયાં. નથી સમજતા શેઠ. મુંઝાય છે. ગાળ્યું બહું દે પછી છેવટે કહે કે, ભાઈ! તારી પાસે ગાળ છે તો દે. અમારી પાસે ગાળ નથી. તારી પાસે ગાળ ભરી છે એકલી.

એમ અહીં કહે છે કે દેવ પાસે તો એકલી વીતરાગતા ભરેલી છે. અને એમાં વીતરાગતા ન રહી શકે તો એની ભૂમિકામાં સાથે ભક્તિનો, પુણ્યનો, દયા, દાનનો, ભગવાનની પૂજાનો ભાવ આવે. તો એ ભાવથી પુણ્ય પણ મળે, વિષયના ભોગ પણ મળે. સમજાય છે? ધર્મ, અર્થ ને કામ. પુણ્ય પોતે, અર્થ પૈસો મળે, એનાથી ભોગ મળે અને પવિત્રતાથી મોક્ષ મળે. એમ કહે છે. ત્યારે આવા વીતરાગમાર્ગમાં જ આમ હોય, બીજે ન હોય એમ કહે છે. આહાહા..! એય..! એ આખો શ્લોક આવશે. દરેકના શ્લોક આવશે.

ઓલામાં આવે છે ને? ઓમકારમાં. કામદં મૌક્ષદં ચૈવ. આવે છે ને? ભગવાન પરમાત્મા એની ઓળખાણ કરી જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું એને મોક્ષ તો છે. પણ કામદં. વચમાં વિકલ્પ જે બાકી રહે છે એનાથી કામને દેશે, ભોગને દેશે. એટલે એવી અનુકૂળતા મળશે, એટલી વાત. એ જ્ઞાની કાંઈ માનતો નથી કે આ ભોગ સારા છે એમ માનતો નથી. આ તો મળશે અને હશે એમ વાત કરે છે. સમજાણું કાંઈ? આરે..!

દેવ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર એવી જેને જ્ઞાનની ભાનદશામાં શક્તિ પ્રગટી છે, એને જે ઓળખે અને પોતામાં એવી દશાને પ્રગટ કરે એને દેવે મોક્ષ આપ્યો એમ કહેવાય અને રાગથી પુણ્ય અને ભોગ મળે તો અર્થ ને ભોગ આપ્યા. અને પુણ્ય તો પોતે

વ્યવહાર ધર્મ છે એણે આપ્યો. ધર્મ એણે આપ્યો. ધર્મ એટલે પુણ્ય, પૈસો એણે આપ્યો અને ભોગ એણે આપ્યો, મોક્ષ એણે આપ્યો. એમ વ્યવહારથી એનું જ્ઞાન કરાવવા આમ જ્ઞાન કર, એમ કહે છે. વીતરાગ સિવાય બીજે આવું પુણ્ય કે એવો ભોગ કે અનુકૂળતા હોય નહિ, એમ કહે છે.

તીર્થંકર પ્રકૃતિનો ભાવ કોને હોય? સમકિતીને હોય. જેને રાગની પ્રીતિ ને રુચિ છે એને તીર્થંકરપણાનો ભાવ હોઈ શકે નહિ. એવી પુણ્યપ્રકૃતિ પણ સમકિત વિના એટલે વીતરાગના શ્રદ્ધા-જ્ઞાન વિના એવી પુણ્ય પ્રકૃતિ પણ ઊંચી અજ્ઞાનીને હોઈ શકે નહિ, એમ કહે છે. સમકિતી કાંઈ માનતો નથી કે મને ભોગ મળ્યો એ ઠીક છે. આ તો સંયોગ મળે છે એટલી વાત છે. સંયોગીભાવથી સંયોગ મળે, સ્વભાવભાવથી મુક્તિ મળે. આહાહા..! માર્ગ એવો છે, ભાઈ!

કહે ને? આ શ્વેતાંબરમાં કહે છે. અમારે તો આગમ ને શાસ્ત્રનો... શું કહેવાય? આગમ ને પ્રતિમા. જિનબિંબ અને જિનઆગમ ભવ્યજન કો આધાર. એમ કહે છે એ લોકો. ભવ્યજીવને તો અત્યારે આગમ અને જિનપ્રતિમાનો આધાર (છે). અરે..! આધાર આત્માનો છે. હવે એનો આધાર કેવો? એ તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? એ પછી વ્યવહાર આવે ખરો. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં વ્યવહાર પૂજા, ભક્તિ, દાન, સ્તુતિ એવો ભાવ હોય છે. પણ એ વ્યવહાર છે. ઉપચારી જૈનદર્શન છે. સાચું દર્શન તો અંતર વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ તે વીતરાગ દર્શન છે. સમજાણું કાંઈ? એ દેવ છે. એ તીર્થ-તીર્થ (છે). એ આત્મા તીર્થ છે. ત્યાં બહાર તીર્થ ભટકે તો મરીને નથી તીર્થ એમ કહે છે. કહો, સમજાણું? શેત્રુંજય તીર્થ, સમ્મેદશીખર તીર્થ ને.. એય..! આ તીર્થ પ્રગટ્યું હોય તો ઓલાને વ્યવહાર તીર્થ કહેવામાં આવે. તીર્થ તો અહીં અંદર છે ભગવાન. રાગ-દ્વેષનો નાશ કરી અને અંદર સ્વરૂપની શુદ્ધતાના સ્નાન દ્વારા રાગ-દ્વેષનો નાશ કરે એવું ચૈતન્ય જળ ભગવાન પોતે તીર્થ છે. એ બહારનું તીર્થ તો વ્યવહાર તીર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ તો બહારમાં એકલા ચોંટ્યા હતા ને એને માટે આ ખુલાસો કર્યો છે. શાસ્ત્રમાં વ્યવહાર છે ખરો. સમકિતીને હોય છે. પણ તું ત્યાં જ માનીને બેસી જા. આપણે ભગવાનની પૂજા કરો, ચોવીસ કલાક બેસો ત્યાં અને એનાથી મોક્ષ થાશે. મોક્ષ ત્રણ કાળમાં નહિ થાય, લે. એ તો પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! એના માટે 'બોધપાહુડ' રચ્યું છે. તીર્થ.

અરિહંતનું સ્વરૂપ, લ્યો. અરિહંતનું સ્વરૂપ પણ ભગવાન કહેશે એવું. અમથા-અમથા અરિહંત કહે, પણ અરિહંતનું નામ શું? એની સ્થાપના શું? એનું દ્રવ્ય શું? એનો ભાવ શું? એને પંચેન્દ્રિયનો ઉદય છે કે નહિ? એ મનુષ્યમાં છે કે નહિ? એ બધાને ઓળખાવીને અરિહંતનું સ્વરૂપ કહેશે. આમ અરિહંત-અરિહંત એકલા કરે એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? એવા અરિહંત-અરિહંત એવા નામ તો બૌદ્ધમાં પણ આવે. સમજાણું? ઓલામાં કહે, ત્યાં એમ કહે છે, શંકરાચાર્યને જ્ઞાન પ્રગટ્યું હતું. એક ઝાડ છે ત્યાં 'બદ્રિનાથ'માં. એની નીચે જ્યોતિ પ્રગટી હતી એમ કહે છે. કઈ જ્યોતિ પ્રગટે? જગતમાં

આત્મા આખો એકરૂપ માને એને જ્યોતિ પ્રગટે ક્યાંથી આ? સમજાણું? ખંડ ખંડ આત્મા માન્યો એણે.

એક વસ્તુ પોતે અખંડ છે. પોતાની એક, હોં! બધા થઈને નહિ. પૂર્ણ નાથ અનંત અનંત સ્વભાવનો નાથ, અનંત શાંતિ ને કલ્પવૃક્ષનો નાથ પોતે છે. એવો ભગવાન એને જાણ્યા વિના જ્યોતિ ક્યાંથી પ્રગટ થતી હતી? બહારમાં ઝાડ નીચે આંખો મીંચીને ધ્યાનમાં બેસે માટે પ્રગટે એમ છે નહિ. સમજાણું કાંઈ? કહો, એય..! 'નેમિદાસભાઈ'! હવે મંદિર તો કરાવી લીધું. 'પ્રેમચંદભાઈ' એમ બોલતા હતા કે આ બધું થઈ ગયું, હવે કહો કે વાંધો નહિ. 'પ્રેમચંદભાઈ'. પણ પહેલેથી કહેતા હતા. અત્યારે ક્યાં કહીએ છીએ? કે બહારનો તો માર્ગ આ વ્યવહાર છે. શુભભાવ હોય ત્યારે અશુભથી બચવા એમ કહેવું એ વ્યવહાર છે. બાકી એ વખતે શુભભાવના અસંખ્ય પ્રકાર જે પ્રકારનો શુભભાવ આવે એ પ્રકારે દયા ઉપર લક્ષ જાય. શુભભાવનું ચૈત્ય ઉપર લક્ષ જાય, ભગવાન ઉપર જાય. એવા શુભભાવ હોય છે. પણ તું એને જ ધર્મ માની લે અને એમાંથી કલ્યાણ થઈ જશે, ભવનો અભાવ થશે, એ વસ્તુમાં માલ નથી કાંઈ. 'શોભાલાલજી'! આહાહા..! તેમ એ નથી એમ પણ નથી. કારણ કે નિશ્ચય જ્યાં પૂરું ન થાય, સ્વદ્રવ્યનો આશ્રય પૂરો ન થાય ત્યાં સુધી અધુરામાં રાગભાવ એવો આવ્યા વિના (રહે નહિ). વસ્તુનું સ્વરૂપ એવું છે.

કહ્યું હતું ને કાલે નહિ? ઓલું પછી હાથ આવ્યું. ઓલામાં. મનોભાવ. માનસિક. માનસિક ભાવ. સ્થાપનામાં માનસિક ભાવ એવો આવ્યા વિના રહે નહિ. જેને વીતરાગસ્વભાવ પ્રત્યે પોતાનો પ્રેમ થયો છે એવા વીતરાગી ભગવાન પ્રત્યેનો પ્રેમ એને આવ્યા વિના રહે નહિ. પણ એની મર્યાદા શુભરાગ જેટલી છે. એને કોઈ સંવર-નિર્જરા માની લે એમ છે નહિ. એ શ્વેતાંબરમાં એમ છે. શ્વેતાંબર નીકળ્યા પછી આ બનાવ્યું છે ને? શ્વેતાંબર નીકળેલા 'કુંદકુંદાચાર્ય' પહેલા સો વર્ષ પહેલા. એ લોકોમાં તો એમ ચાલે છે કે ભગવાનની પૂજાથી આસ્રવ ટળે અને સંવર વધે. ભગવાનની પૂજાથી આસ્રવ ટળે. સમજાય છે? અને સંવર વધે. અહીં કહે, સંવર-ફંવર વધે નહિ. સંવર શું થાતો હતો? ભગવાન તો પરદ્રવ્ય છે. ત્રણલોકના નાથ સમવસરણમાં પરમેશ્વર બિરાજતા હોય તો એની ભક્તિનો ભાવ એ શુભરાગ છે, પુણ્ય છે, સંવર-નિર્જરા નથી. આહાહા..!

સંવર અને નિર્જરા એ તો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો આશ્રય લઈને જે નિજ શુદ્ધતા પ્રગટે એ ધર્મ (છે). પરનો આશ્રય જેટલો લે એટલો વિકલ્પ ઊઠે. હો. પણ એ વિકલ્પ ઊઠે એ પુણ્ય છે. વ્યવહાર પરદ્રવ્ય આશ્રિત ઉત્પન્ન થાય છે. અને નિશ્ચય જેને હોય એને વ્યવહાર હોય એનું પુણ્ય બંધાય. નિશ્ચયથી એને શુદ્ધતા પ્રગટે. સમજાણું કાંઈ? એવું આવ્યું આ તો. એય...! 'ભીખાભાઈ'! આહાહા..!

'**અરહંત,...**' અને '**પ્રવજ્યા,...**' અગિયારમો બોલ. પ્રવજ્યા. પ્રવજ્યા કોને કહેવી? આ સાધુ સાધુપદ કહે છે ને? આ પ્રવજ્યા લીધી.. પ્રવજ્યા લીધી... એ પ્રવજ્યા કોને કહેવી એ આગળ લેશે. અંતરમાં શાંતિના સાગર ઉછળે અને જેમાં શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગતાના ઉપશમરસમાં ઝૂલતો હોય છે. એવા ભાવને ભગવાન પ્રવજ્યા કહે છે. આ

નગ્નપણું લઈ લીધું અને લૂંગડા છોડીને સાધુ થઈ ગયા માટે પ્રવજ્યા થઈ, એમ છે નહિ. આ તો એક એક બોલની ગાથા લેશે દરેકની. આખું 'બોધપાહુડ' એને માટે બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્યદેવે'. સમજાણું? પ્રવજ્યા આણે લીધી. એય..! 'પ્રકાશદાસજી'! આ મહાવ્રત લીધા. ધૂળેય નથી, કહે છે. સાંભળને! કહેશે આગળ.

પ્રવજ્યા તો અંતર આનંદનો સાગર ભગવાન, એના ઉપર મીટ માંડી અને જ્યાં આનંદ ઉછળે, વીતરાગતાના, અમૃતના રસના ઘૂંટડા પીતો હોય, અંતર અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા ફાટી, પ્યાલા નીકળીને પર્યાયમાં અમૃતતા આવે. એવી દશાને પ્રવજ્યા કહેવામાં આવે છે. આહાહા..! ભારે વ્યાખ્યા, ભાઈ! જુઓ! અર્થ કર્યો છે ને ત્યાં?

**'કૈસા હૈ જિનબિંબ? ભલે પ્રકાર વીતરાગ હૈ, ૬ – જિનમુદ્રા રાગસહિત નહીં હોતી હૈ,...'** જુઓ! જિનમુદ્રા. **'૭ – જ્ઞાન પદ કૈસા? આત્મા હી હૈ અર્થ અર્થાત્ પ્રયોજન જિસમેં,...'** જુઓ! નીચે અર્થમાં છે. જ્ઞાન એને કહીએ કે જેમાં આત્મા જ એકલું પ્રયોજન છે અંદર. જેમાં શાસ્ત્ર અને વિકલ્પની જરૂર નથી. આહાહા..! આ ભણવાથી જ્ઞાન થાય, એ ના પાડે છે આમાં. અહીં તો કહે છે કે આત્મા જેનું પ્રયોજન છે. આમ ધ્યેયમાં આત્મા લીધો છે જેણે. એને જ્ઞાન થાય છે. શાસ્ત્ર ધ્યેયમાં લીધા છે એને જ્ઞાન થાતું નથી. આહાહા..! 'ભગવાનજીભાઈ'! ભારે વાતું આવી. જુઓને! પાઠ એવો છે કે નહિ?

**'णाणमादत्थं'** આત્મા જેનું પ્રયોજન. જે જ્ઞાનમાં આત્મા ભાસ્યો છે. જે જ્ઞાન આત્મામાંથી આવ્યું છે. જે જ્ઞાનને વિકલ્પનો અને નિમિત્તનો આશ્રય નથી. એવું ચૈતન્યબિંબ ભગવાન, એને આશ્રયે પ્રગટેલું જ્ઞાન તેને જ્ઞાન કહીએ. સાંભળવાથી જ્ઞાન થાય એ જ્ઞાન નહિ, વાંચવાથી જ્ઞાન થાય એ જ્ઞાન નહિ, એમ કહે છે. એય..! પછી આવું જ્ઞાન હોય ત્યારે આવો વિકલ્પ એને હોય છે. વાંચવાનો, ભણવાનો. પણ એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? 'શ્યામલાલજી'! આવી વાતું છે. આહાહા..! જગતને મૂળ વસ્તુના હાથ પત્તા વિના... ચૈતન્ય કલ્પવૃક્ષ. ભગવાન ચૈતન્યકલ્પવૃક્ષ. ચિંતામણિરતન ભગવાનઆત્મા પોતે. એનું જેને ભાન નથી, એનો જેને આશ્રય નથી. એકલા બહારના દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રય લઈને પડ્યા છે અને એમાં કલ્યાણ થશે (એમ માને છે). રખડી મરીશ, કહે છે. 'શોભાલાલજી'! એવા પુસ્તકને પૂજવું-ફૂજવું એ બધો ધર્મ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- એમાં ચૈત્યગૃહ આવી ગયું.

ઉત્તર :- ચૈત્યગૃહ આવી ગયા.

મુમુક્ષુ :- પ્રતિમાને ન પૂજવા, આને પૂજવા. બેય ન પૂજાય.

ઉત્તર :- બેય એક જાતના છે. ચૈત્યગૃહ હો કે પ્રતિમા હો. બેય એક જાત-પુણ્ય વિકલ્પ છે. એના આશ્રયે. પ્રતિમા ન માનવી અને ચૈત્યગૃહ માનવું એ તો બે વિરુદ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા..! ભારે પણ. 'કુંદકુંદાચાર્ય'ની શૈલી શાસન વીતરાગપણાને પ્રગટ કરે એવી છે. બાકી બધી વાતું. આહાહા..! સમજાણું કે નહિ? આ મંદિર-બંદિર બનાવ્યું માટે ધર્મ થાય એમ નહિ, એની ના પાડે છે. 'નેમિદાસભાઈ'એ એકલાએ બનાવ્યું. હવે એકલાએ

શું બનાવ્યું. ૪૫ હજાર રૂપિયાનું બનાવ્યું, એમાં શું હતું? દસ લાખમાંથી બે-પાંચ લાખ નાખ્યા હોય તોય હજી કાંઈક ઠીક. તોપણ ધર્મ તો નથી.

મુમુક્ષુ :- આપ તો ના જ પાડો છો, ગમે એટલા નાખે તોપણ ના પાડો છો.

ઉત્તર :- એ બધું નાખવા ન દે. એના હાથમાં ક્યાં વાત છે? જરી 'કંચનબેન'ના હાથમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો વ્યવહારે વાત ચાલે છે તો શું ચાલે? એય..! પણ જુઓ પહેલા છૂટથી આપતા એવું અત્યારે નથી છૂટથી આપતા. ખબર છે ને એટલી તો વાત હાથમાં..

મુમુક્ષુ :- પર્યાય પલટે...

ઉત્તર :- એ પાછી જુદી વાત છે. એ 'રામજીભાઈ' ખુલાસો કરે છે. સૌની સાથે ૨૧, ૨૫. આ કોનું કરશે? કીધું કોનું? 'નેમિદાસશેઠ'નું. રાંકો ભિખારી વાતો કરી પછી ૨૫ લખાવે. આહારના. શું થયું પણ આ? એય..! વાત આવે તો બધી આવે. આ મોટા ગૃહસ્થ કહેવાય. મોટા બંગલા બે-બે લાખ રૂપિયાના. ઓલા બિચારા સાધારણ હોય. બે-પાંચ હજારની મુડી હોય કે સાધારણ હોય. ૨૧ તો એ લખાવે. અને ૨૧ લખાવે 'નેમિદાસ'.

મુમુક્ષુ :- આપણે ૨૧૦૦ ગણી લેવા.

ઉત્તર :- કાંઈ વાંધો નહિ. 'રામજીભાઈ' કહે ગોળનું ગાડું છે ને? બધા જાવ. આ તો એક જાણવાની વાત છે. એય..! 'શ્યામલાલભાઈ'! જાણવાની વાત છે.

જ્ઞાન, જેમાં આત્માનું પ્રયોજન છે. એ તો નિશ્ચય વીતરાગદેવને કહે. ત્રિલોકનાથ દેવ પરમાત્માએ આ કહ્યું છે. જિનમાર્ગમાં આને જિનમુદ્રા ને પ્રતિમાને આયતન કહેવામાં આવે છે. એમ કહ્યું છે અહીંયાં. જુઓ! ઓલાને જિનમાર્ગ વ્યવહાર.. એ તો વ્યવહાર છે. નિશ્ચય જિનમાર્ગમાં તો આ જિનપ્રતિમા આત્મા જિનબિંબ, જિનમુદ્રા, તીર્થ એમ જિનમાર્ગમાં વીતરાગદેવે આમ કહ્યું છે. કોઈ કહે કે આ વળી એમણે કહ્યું. આ વીતરાગદેવે આ કહ્યું છે. પછી ઓલો વ્યવહાર વચમાં આવે. એ વીતરાગદેવ જણાવે કે આ વચમાં આ હોય છે. જોર ત્યાં નથી. જોર અહીં છે. '**जिणमग्गे जिणवरेहिं जह भणियं**' (ગાથા-૨). એમ આવ્યું ને? આહાહા..!

જિનવરનાથ વીતરાગદેવે જૈનશાસનમાં આને આત્મામાં સ્થાન આપ્યું છે. 'ન્યાલચંદભાઈ'માં આવે છે ને? દેવ-ગુરુ-શાસ્ત્ર અનાયતન આવે છે. ત્યાં ભડકે. અહીં ભડકતા તે દિ'. 'નવરંગભાઈ' હતા ને? આવે છે ને લખાણ? 'ન્યાલભાઈ'નું. છેલ્લા પાછળનું. એમાં એમ આવે, દેવ-ગુરુ-શાસ્ત્ર અનાયતન. હવે વ્યવહારમાં બધા ૨૫ બોલ લે તે આયતન. દેવ-ગુરુ-શાસ્ત્ર અને એના ભક્તો એ છ આયતન છે.

મુમુક્ષુ :- વ્યવહાર કીધા એટલે આવી ગયું.

ઉત્તર :- ત્યાં વ્યવહાર લખ્યું નથી એટલે કહે આયતન છે. આ કહે, આયતન નથી. એ આયતન કેવા? બહારનો ભાવ એ આયતન કેવો? આયતન તો આ છે. પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો ભગવાન આત્મા, એ ઘર તારું, એ સ્થાન તારું, એમાં રહેવું એ તારું ઘર, એમાં

નિવાસ કરવો એ તારું સ્થાન. બાકી રાગમાં નિવાસ કરવો એ તારું આયતન, ઘર-બર છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એય..! 'પોપટભાઈ'! 'પોપટભાઈ'એ મૂર્તિ સ્થાપી છે ઘણે ઠેકાણે. હજી ત્યાં એના ઘરનું બાકી છે. કેમ? 'વઢવાણ'નું તો મૂળ એનું ઘર કહેવાય કે નહિ? ત્યાં ખર્ચ્યા, ઓલા પણે 'જોરાવર', અહીં 'કુંડલા', અહીં ઢીકણે ફીકણે ક્યાંક, લોકો એવી વાતું કરે કે ગામમાં વધારે ખર્ચશે. એમ લોકો કહે. ગામમાં બાકી રહી ગયું છે ને? મંદિર થયું નથી સરખું. પણ એ તો થવાનું હોય ત્યારે થાય. એ કાંઈ કોઈ કરે છે? એવી વાત છે. એય..! 'ભીખાભાઈ'!

અહીં તો એનો ભાવ હોય છે એ શુભભાવ છે અને શુભભાવ છે તે રાગ છે. રાગ એ જૈનશાસન નહિ. આહાહા..! જૈનશાસન એટલે વીતરાગની શિખામણ, વીતરાગભાવ. આહાહા..! સમજાણું કાંઈ? એ..! 'હિંમતભાઈ'! તમારે મંદિર થઈ ગયું હવે. કેમ એને થઈ ગયું ને સરખું? હવે પછી મંદિરમાં શુભભાવ કહેવામાં વાંધો નથી ને?

મુમુક્ષુ :- .. વાંધો શું હોય એમાં?

ઉત્તર :- વાંધો તો કહ્યો હતો. ત્યાં પણ કહ્યું હતું. શું છે?

**'વીતરાગદેવને કહે...'** નિશ્ચય આવો સ્વભાવ વીતરાગદેવે પરમેશ્વરે કહ્યું છે. જિનપ્રતિમા એ તારો આત્મસ્વભાવ, અને એવા મુનિને પ્રગટ્યા એટલે એ જિનપ્રતિમા, એ જિનમુદ્રા, એ જિનબિંબ. બધી જિનબિંબ. વીતરાગીભાવ એ જિનબિંબ હોય કે આ પત્થરની મૂર્તિ તે જિનબિંબ હોય?

મુમુક્ષુ :- એની પ્રતિષ્ઠા કરી પછી વીતરાગ થઈ.

ઉત્તર :- એ વીતરાગ વ્યવહારે. નિશ્ચય નહિ. એય..! વ્યવહારે જિનબિંબ ખરું. શુભભાવ આવે. નિશ્ચય જિનબિંબ અહીં (અંદર) છે. રાગ વિનાની આત્માની દશા પ્રગટ થવી તે જિનબિંબ છે. આવું જેને ન બેસે અને એકલા મૂર્તિ, પૂજા ને ત્યાં ને ત્યાં ચોંટ્યા રહે અને પૈસા ખર્ચે કરોડો અને ધર્મ થઈ જાય, ત્રણકાળમાં છે નહિ. ભારે વાંધા. એક કોર કહે, હોય, એક કોર કહે એનાથી ધર્મ નથી. 'પોપટભાઈ'! બાકી હોય તો ખરું ને.

ગણધરો, સંતો પણ ભક્તિમાં પરમાત્માનું સ્મરણ કરવું લ્યોને. સ્મરણ કરવું એ રાગ છે. ણમો અરિહંતાણ, ણમો પરમાત્મા, ૐ એ વિકલ્પ છે, રાગ છે. એ કાંઈ નિશ્ચય જૈનશાસન, સાચું જૈનશાસન નથી. ઉપચારિક છે. પણ આ પ્રગટ્યું હોય તો ઓલાને ઉપચારિક જૈનશાસન કહેવાય. આ મૂળમાં ઠેકાણા ન મળે એકડાના અને મીંડાને લખી નાખવા. સમજાણું કાંઈ? ભારે વાત. 'પ્રકાશદાસજી'! કહો, આવું આવ્યું પાછું. અહીં જુઓ! જિનબિંબ પ્રતિમા અહીં આવી.

ભગવાન અમૃતનો સાગર ચૈતન્યપ્રભુ એ વીતરાગનું બિંબ પોતે છે. નિશ્ચયથી વસ્તુ. એને આશ્રયે જેટલી વીતરાગતા પ્રગટી તેને પર્યાયને જિનબિંબ કહેવામાં આવે છે. જૈનશાસન તો પર્યાય છે ને? દ્રવ્ય તો વસ્તુ છે આખી. 'સમયસાર'ની ૧૫મી ગાથામાં ન આવ્યું? **'जो पस्सदि अप्पाणं... पस्सदि जिणसासणं सव्वं।'** આત્માને બંધથી, રાગથી ભિન્ન અભેદપણે ભાસે, અનુભવે એને જૈનશાસન કહેવામાં આવે છે. લ્યો! જૈનશાસન તો એને કહ્યું. વચ્ચે

રાગાદિ આવે એને ત્યાં કહ્યું નથી. પછી વ્યવહાર એને સમજી લેવું કે આ જિનશાસન છે, તો ઓલો વ્યવહારથી, ઉપચારથી (કહ્યું છે). સમજાણું કાંઈ? **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमिवसेसं।'** આવે છે ને? અવિશેષ, અસંયુક્ત. શુદ્ધનયે ... એને જૈનશાસન જાણ. શુદ્ધનય કહો કે જૈનશાસન કહો. જેમાં વિકલ્પનો શુભરાગ પણ ઉઠે કહે છે કે એ સાચું જૈનશાસન નથી. આહાહા..!

'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' પરમાત્મા ત્રિલોકનાથે સમવસરણમાં... એમ કહ્યું ને અહીં? અહીં કીધું. **'भणियं सुवीयरायं,...'** છે ને? પહેલા આવ્યું હતું. **'जिणमग्गे जिणवरेहिं जह भणियं'** બીજી ગાથામાં આવ્યું હતું. જિનમાર્ગમાં જિનવરે આ **'सयलजणबोहणत्थं,...'** બધા જીવને જ્ઞાન માટે. છે ને અહીંયાં? **'सयलजणबोहणत्थं,...'** બુદ્ધિ છે ને? બધા જીવને જ્ઞાન કરાવવા, સાચું જ્ઞાન કરાવવા. વીતરાગતા પ્રગટે એ (ખરૂં), પણ એનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). જુઓ! **'सयलजणबोहणत्थं जिणमग्गे जिणवरेहिं जह भणिय'** જિનમાર્ગમાં વીતરાગદેવે આવું કહ્યું છે. આહાહા..! વ્યવહારવાળા રાડ નાખી જાય. ખળભળાટ.. ખળભળાટ.. સમજાણું કાંઈ?

કહ્યું હતું. ઘણાં વર્ષ પહેલાં (સંવત) ૧૯૮૨ની સાલમાં. 'મણિભાઈ' હતા અને કહ્યું હતું, જુઓ! મૂર્તિ તો શાસ્ત્રમાં છે. એની પૂજા પણ શાસ્ત્રમાં છે. (સંવત) ૧૯૮૨ની સાલ. ૪૪ વર્ષ થયા. પણ એકે જાણે મૂર્તિને વધારી નાખી. મુગટ, બાજુબંધ, રૂપાના આ ને કપડા ને આંગી, કોટ, પાટલુન. એકે (સાવ) કાઢી નાખ્યું. સ્થાનકવાસીએ મૂળમાંથી કાઢી નાખી અને ઓલાએ ચડાવી દીધું માથે. દાખલો આપ્યો હતો તે દિ' ૮૨ની સાલમાં. કીધું બે ભાઈઓ-મિત્રો હતા. સો રૂપિયા આપ્યા હતા. મિત્ર હતા બે. એમાંથી એક મિત્રે સો રૂપિયા આપ્યા. જોયું કે મારા બાપે આને આપ્યા. બેયએ મીંડા ચડાવીને માંગ્યા. મીંડા એટલે શૂન્ય. મારા બાપે તારા બાપને હજાર આપ્યા હતા. લાવ. પેલો કહે, જુઓ ચોપડામાં. ચોપડામાં જોયું તો સો દેખાણા. પણ જો સો માનીશ તો હજાર માગશે. છે જ નહિ જાવ. એમ સ્થાનકવાસીએ મૂળમાંથી ઉથાપ્યું અને ઓલાએ મીંડા ચડાવી દીધા. મુગટ ને.. આ તે કાંઈ પ્રતિમા કહેવાય? જિનબિંબ કહેવાય?

જિનબિંબ તો જેવા વીતરાગ હતા એવું જ પ્રતિબિંબ સામે દેખાય. નિષ્ક્રિય રાગરહિત. એને જિનબિંબ (કહેવાય). વ્યવહારે, હોં! નિશ્ચય જિનબિંબ તો આ આત્મા (છે). સમજાણું કાંઈ? એ..! 'હરિભાઈ'! આવું કહ્યું હતું ૮૨માં. 'વઢવાણ' ચોમાસું હતું ને જ્યારે, ત્યારે. પણ થોડા માણસ બેઠા હતા દસ-વીસ. કોઈ શંકા કરે નહિ. એ વખતે તો બહુ પ્રતિષ્ઠા હતી. મહારાજ કાંઈક કહેતા હશે. પણ આ તમારું ખોટું બધું છે એમ કહે છે. સુંદર વોરાના અપાસરે. સમજાણું કાંઈ? આ તો પણ ઉથાપી ને થાપી. થાપી એણે તો મૂળમાંથી... વ્યવહાર હતો તેનું તેને ભાન જ રહ્યું નહિ. અને જેણે સ્થાપી છે એને ધર્મ માનીને બેઠા. અને ક્યાં સ્થાપી એને માટે આ શણગાર ચડાવી દીધા. રૂપાના ને... આંગી. શું કીધું?

મુમુક્ષુ :- શોભા કરી.

ઉત્તર :- શોભા કરી. આંગી ને. તે કેવી? આંગ્યું-બાંગ્યું ચડાવે તો એને અત્તર ચોંટાડે. અત્તર ચોટાડીને .. ચોટાડે. અત્તર-અત્તર. આ વીતરાગ મુદ્રા ને હોય આ? અરે..! પ્રભુ! શું થાય?

અહીં તો જિનપ્રતિમા વીતરાગ મુદ્રા તારું સ્વરૂપ છે. એની શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા પ્રગટી હોય, એને જ્યારે એમાં ઠરી શકતો ન હોય ત્યારે એવો શુભભાવ આવે એને જિનબિંબ વ્યવહારે ભગવાનની પ્રતિમાને કહેવામાં આવે છે. વ્યવહાર નથી એમ ના પાડે તોપણ પરમાર્થને સમજતો નથી અને વ્યવહાર છે તે જ સાચો વ્યવહાર ધર્મ છે તો એ પરમાર્થને સમજતો નથી. આવું સ્વરૂપ છે. લ્યો! અહીં તો જિનમાર્ગમાં આવું કહ્યું છે. નિશ્ચય.. વ્યવહાર તો વચ્ચે હોય છે એટલું જણાવ્યું છે. સ્થાપ્યું નથી. સ્થાપ્યું નથી એટલે? કે આ કરવા જેવું છે એમ નહિ. હોય છે. જણાવ્યું છે કે આવો ભાવ હોય છે. આહાહા..!

**'યથા અનુક્રમસે જાનના ઔર ૮ - દેવ, ૯ - તીર્થ,...'** તીર્થંકર છે એમાં? ઈ કર ન જોઈએ. કાઢી નાખ્યું. **'દેવ,...'** ભગવાને દેવનું વર્ણન કર્યું. એ અરિહંત સર્વજ્ઞદેવ. તીર્થનું સ્વરૂપ એ આત્મા. નિર્મળ આનંદના ધ્યાન દ્વારા જે અંદર આનંદનું સ્નાન કરીને રાગને નાશ કરે, એને તીર્થ કહેવામાં આવે છે. નદીમાં નાહીને તીર્થ થઈ જાય અને પવિત્રતા થાય એમાં કાંઈ છે નહિ. કહો, 'ભીખાભાઈ'! આવું સ્વરૂપ છે.

**'અરહંત, તથા ગુણસે વિશુદ્ધ ૧૧ - પ્રવજ્યા,...'** પાઠમાં છે ને? **'पावज्जगुणविसुद्धा'** કેવી પ્રવજ્યા હોય? કે વીતરાગગુણથી શુદ્ધ હોય. પંચ મહાવ્રતના વિકલ્પો હોય એ તો જુદી ચીજ, એ તો વ્યવહાર છે. એ પ્રવજ્યા ખરી નથી. આહાહા..! **'गुणविसुद्धा'** જેને આત્માના અંતર પવિત્રતાના કુંડ ફાટ્યા છે જ્યાં. ઉછળ્યા છે શાંતિના સાગરમાં ઝીલાય છે ઉપશમરસમાં, એવી જેને પ્રવજ્યા વીતરાગીભાવ હોય એને પ્રવજ્યા કહેવામાં આવે છે. આહાહા..! એનું જ્ઞાન કર. આવી વસ્તુ હોય. એમ. .. છે ને? જણાવવા માટે, એને જણાવવા માટે. બધા જીવને. બાપુ! આમ તું જાણ. માર્ગ આવો છે એમ જાણ. નિશ્ચય જ્યાં સુધી ન જાણ ત્યાં સુધી તારા વ્યવહારમાં કાંઈ છે નહિ.

**'યે ચાર જો અરહંત ભગવાનને કહે વૈસે ઈસ ગ્રન્થમેં જાનના,...'** લ્યો! એ અરિહંત ભગવાને કહ્યા છે. સમજાણું? **'गुणविसुद्धा, इय णायव्वा जहाकमसो।।'** જાણવા એમ કીધું ને? એમ આવ્યું ને? **'णायव्वा'** જાણવું. જાણવું. જાણ તો ખરો. જ્ઞાન તો કર. અગિયાર આવી ચીજ હોય છે.

**ભાવાર્થ :-** **'યહાં આશય ઈસપ્રકાર જાનના ચાહિયે કિ - ધર્મમાર્ગમાં કાલદોષસે અનેક મત હો ગયે હૈં...'** કાળદોષથી અનેક અભિપ્રાયો જગતમાં છે. **'તથા જૈનમતમેં ભી ભેદ હો ગયે હૈં,...'** જૈનમતમાં પણ કંઈક ગોટા ઉઠ્યા છે. પ્રતિમાના ને ઓલાના, ઢીંકણાના, વ્યવહારના. નિશ્ચય પડ્યો રહ્યો. **'ઉનમેં આયતન આદિમેં વિપર્યય (વિપરીતપના) હુઆ હૈ,...'** એના ખરા સ્થાનનું તો વિપરીતપણું થઈ ગયું છે. **'ઉનકા પરમાર્થભૂત સચ્ચા સ્વરૂપ તો લોગ જાનતે નહીં હૈ...'** આયતનનું, પ્રતિમાનું, મુદ્રાનું, તીર્થનું સાચું સ્વરૂપ જાણે નહિ.

**'ઔર ધર્મકે લોભી હોકર...'** ધર્મ તો કરવો છે બિચારાને. કાંઈક સુખી થવું છે તો ધર્મ કરીએ, ધર્મના લોભી. **'જૈસી બાહ્ય પ્રવૃત્તિ દેખતે હૈં ઉસમેં હી પ્રવર્તને લગ જાતે હૈં,..'** બહાર પ્રવૃત્તિ જોવે એટલે લાગી જાય. પણ બાહ્ય પ્રવૃત્તિ કાંઈ મૂળ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મની તેને કહીએ કે બહારની પ્રવૃત્તિ તો કરીએ છીએ જેવી કહે છે તેવી.

ઉત્તર :- બહારમાં નથી. અંદરમાં છે. આ તો બીજા કરે એમ કરે. આપણે કરો, ચાલો.

**'ઉસમે હી પ્રવર્તને લગ જાતે હૈં, ઉનકો સંબોધનેકે લિયે...'** છે ને? ઓલામાં આવ્યું હતું ને? સર્વ જીવ ભવ્યને માટે. ભવ્ય જીવ. સકળજન.. સકળ જીવના બોધન માટે. કહો, સમજાણું કાંઈ? **'યહ 'બોધપાહુડ' બનાયા હૈ.'** ભગવાન 'કુંદકુંદાચાર્યે' આ 'બોધપાહુડ' બધા જીવને વાસ્તવિક સત્યને સમજાવવા માટે આ 'બોધપાહુડ' રચ્યું છે. ઓલું સત્ય રહી જાય અને એકલો તારો વ્યવહાર ને ઉપચાર બધું થઈ પડે. મહાવ્રતના વિકલ્પ એ પ્રવજ્યા થઈ પડે. જિનબિંબ એ બહારનું મંદિર એ તને ધર્મનું સ્થાન થઈ પડે. એ બધા ઊંધે રસ્તે ચડી ગયા છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ઉસમેં આયતન આદિ ગ્યારહ સ્થાનોંકા પરમાર્થભૂત સચ્ચા સ્વરૂપ જૈસા સર્વજ્ઞદેવને કહા હૈ...'** સર્વજ્ઞદેવે કહ્યું **'વૈસા કહેંગે, અનુક્રમસે જૈસે નામ કહે હૈં વૈસે હી અનુક્રમસે ઈનકા વ્યાખ્યાન કરેગેં સો જાનને યોગ્ય હૈ.'** લ્યો!

---

**आगे प्रथम ही जो आयतन कहा उसका निरूपण करते हैं :–**

**मणवयणकायदव्वा, आयत्ता[१] जस्स इन्दिया विसया।**
**आयदणं जिणमग्गे, णिद्दिट्ठं संजयं रूवं।।५।।**

**मनोवचनकायद्रव्याणि आयत्ताः यस्य ऐन्द्रियाः विषयाः।**
**आयतनं जिनमार्गे निर्दिष्टं संयतं रूपम्।।५।।**

---

१. सं. प्रतिमें 'आसत्ता' पाठ है जिसकी संस्कृत 'आसक्ताः' है।

**[૨]આયત્ત છે મન-વચન-કાયા ઇન્દ્રિવિષયો જેહને,**

**તે સંયમીનું રૂપ ભાખ્યું આયતન જિનશાસને. ૫.**

**अर्थ :– जिनमार्गमें संयमसहित मुनिरूप है उसे 'आयतन' कहा है। कैसा है मुनिरूप? जिसके मन–वचन–काय द्रव्यरूप हैं वे, तथा पांच इन्द्रियोंके स्पर्श, रस, गंध, वर्ण, शब्द ये विषय हैं, वे 'आयत्ता' अर्थात् आधीन हैं – वशीभूत हैं। उनके (मन–वचन–काय और पांच इन्द्रियोंके विषय) संयमी मुनि आधीन नहीं है, वे मुनिके वशीभूत हैं। ऐसा संयमी है वह 'आयतन' है।।५।।**

## ગાથા-૫ ઉપર પ્રવચન

**'આગે પ્રથમ હી જો આયતન કહા ઉસકા નિરૂપણ કરતે હૈં:-'** હવે આયતનની વ્યાખ્યા. આયતન એટલે સ્થાન, આયતન એટલે ઘર.

**मणवयणकायदव्वा, आयत्ता[१] जस्स इन्दिया विसया।**

**आयदणं जिणमग्गे, णिद्दिट्ठं संजयं रूवं।।५।।**

**અર્થ :- 'જિનમાર્ગમેં સંયમસહિત મુનિરૂપ હૈ ઉસે 'આયતન' કહા હૈ.'** એ વીતરાગી સંયમસહિત જે મુનિનું બાહ્ય નગ્નરૂપ. એને આયતન કહેવામાં આવે છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને કુલિંગો એ બધા વ્યવહારે અનાયતન છે. વ્યવહારે અનાયતન. અને સુદેવ-સુગુરુ-સુશાસ્ત્ર આદિ વ્યવહારે આયતન છે. નિશ્ચયથી આયતન તો ભગવાનઆત્મા, જેના ઘરમાં ભંડાર ભર્યો છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત વીતરાગતા જેના ઘરમાં ભરી (છે) એને આયતન ને ઘર કહેવાય. બાકી ઘર તે ધૂળના ઘરને ઘર ન કહેવાય, એમ કહે છે. આહાહા..!

તારે ઠરવાના ઠેકાણા-ઘર હોય તો એ અંદર વસ્તુ વીતરાગ છે એ છે, એમ કહે છે. ઘર છે ઘર. જુઓ! ઓલામાં આવે છે ને? ભક્તિમાં નહિ? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' એ ભક્તિમાં આવે છે ને? હિન્દી ભક્તિમાં આવે છે. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ફિરત ભમત ફિરત અનેક નામ ધરાયે. અબ હમ કબહૂ ન નિજ ઘર આયે.' જુઓ! એ લોકો પણ કહી ગયા છે, પંડિતો પણ. પુણ્ય-પાપની ક્રિયા, બહારના નિમિત્તનો આશ્રય, એ તો બધું પરઘર છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ઈશ્વરચંદજી'! આવે છે કે નહિ એમાં? 'કબહુ ન નિજ ઘર આયે...' ભગવાનની પ્રતિમા અને મંદિર આદિ નિજઘર નહિ.

મુમુક્ષુ :- 'સોનગઢ'.

ઉત્તર :- 'સોનગઢ' પણ નિજઘર નહિ. આ સોનાનું ઘર અંદર. એ સોનું એટલે કાટ વિનાની ચીજ આત્મા. કાટ-કાટ. મેલ વિનાની ચીજ આત્મા. સોનાને કાટ હોય નહિ. કાટ ચડે જ નહિ. એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પના મેલ વિનાનું સોનું, એવો આત્મા

**૨. આયત્ત = આધીન, વશીભૂત.**

'સોનગઢ' એ આત્માનું આયતન છે. કહો, સમજાણું કાંઈ? ભારે. નિશ્ચય-નિશ્ચય (કહે છે). પણ નિશ્ચય એ જ સાચું છે, સાંભળને! વ્યવહાર તો પછી કોથળો સાથે આવે. માલ વિના એકલા બારદાનની કિંમત શું? માલ ન મળે અને એકલો બારદાન કોથળો.

મુમુક્ષુ :- ઘઉંનો.

ઉત્તર :- ઘઉંનો પણ ઘઉં તો નથી. ઘઉં વિના ઘઉંનો કોથળો? એમ નિશ્ચય વિના આ વ્યવહાર? ક્યાંથી લાવ્યો? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જિનમાર્ગમેં સંયમસહિત મુનિરૂપ હૈ ઉસે આયતન કહા હૈ.'** જુઓ! બહારથી નાખ્યું છે. **'કૈસા હૈ મુનિરૂપ? - જિસકે મન-વચન-કાય દ્રવ્યરૂપ હૈં વે, તથા પાંચ ઈન્દ્રિયોંકે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ યે વિષય હૈં વે, આયત્તા અર્થાત્ આધીન હૈં -'** એ પરને વશ કર્યા, એમ કહે છે. નિમિત્તથી વાત છે ને. એ પરને વશ થતો નથી. જે મુનિ ઈન્દ્રિયો અને મન-વચનને વશ થતો નથી પણ વશ કર્યા છે એવા મુનિને ધર્મનું આયતન કહેવામાં આવે છે. આહાહા..!

**''આયત્તા' અર્થાત્ આધીન હૈં - વશીભૂત હૈં. ઉનકે (મન-વચન-કાય ઔર પાંચ ઈન્દ્રિયોંકે વિષય) સંયમી મુનિ આધીન નહીં હૈ,...'** ઈન્દ્રિયોને આધીન નથી. અતીન્દ્રિયને આધીન આત્મા છે. ઈન્દ્રિયને આધીન નથી એવો જે આત્મા એને અહીંયાં આયતન (કહ્યું છે). આય શબ્દ છે ને? આયતન છે એટલે આયતન ને આધીન (એમ અર્થ) કાઢ્યો. નહિતર આયતન ઘર છે પણ આયતન છે એટલે આયત્તા. પરને આધીન નથી. સ્વદ્રવ્યને આધીન છે. એમાંથી કાઢી લેવું. આ બહારથી વ્યવહારથી વાત છે.

**'ઐસા સંયમી હૈ વહ 'આયતન' હૈ.'** લ્યો! એ વ્યવહારથી આયતન. હવે નિશ્ચયથી આયતન વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૦, ગાથા ૬ થી ૮, શુક્રવાર, અષાઢ વદ ૧૩, તા.૩૧-૦૭-૧૯૭૦

'બોધપાહુડ' એની ગાથા પાંચમી ચાલી. પહેલી વાત આયતન-આયતન કોને કહેવું? જૈનદર્શનમાં વીતરાગ ભગવાને સાચું આયતન, ઘર, નિવાસ, જ્યાં નિવાસ કરવાલાયક ચીજ છે એને અહીંયાં આયતન કહેવામાં આવે છે. તો આયતન પહેલું કહ્યું. મુનિનું કહ્યુંને? મુનિ સંયમી. સમ્યગ્દર્શનના ભાનસહિત, સંયમસહિત એ મુનિ પોતે આયતન એટલે એના સ્વભાવમાં વસવાને લાયક એ જીવ છે. એને આયતન કહેવામાં આવે છે. બહારના ઘર જે આયતન આદિ છે એ તો.. ચૈત્યગૃહ કહેવાય ને? આગળ આવશે. વ્યવહાર છે. પરમાર્થે આયતન આત્મા છે. તે આયતન સમ્યક્ અનુભવસહિત સંયમની દશામાં રમે એને ખરેખર ધર્મનો નિવાસ કરનાર, આવાસ કરનાર, પોતે સુખશૈયામાં સુનાર, એવું આયતન એને કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ગાથા ગઈ.

હવે છઠ્ઠી (ગાથા). છઠ્ઠીમાં પહેલામાં મુનિ લીધા છે, બીજામાં મહાઋષિ ઋદ્ધિધારી. જેને આત્મદર્શન-જ્ઞાન સહિત વીતરાગતા જ્યાં અંતર પ્રગટી છે અને જેને લબ્ધિ અને ઋદ્ધિઓ પ્રગટી છે, એવો જે આત્મા એને અહીંયાં આયતન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ નિજઘર (છે). એ નિજ વસવા લાયક આત્મા. અનેક પ્રકારના આનંદ આદિ ગુણોથી ભરપૂર અને પંચ મહાવ્રતવાળો અને અનેક લબ્ધિયુક્ત એવો જે આત્મા, તેને જૈનદર્શનમાં નિશ્ચયથી સાચું આયતન-નિવાસસ્થાન કહેવામાં આવે છે.

---

**आगे फिर कहते हैं :–**

**मयरायदोस मोहो, कोहो लोहो य जस्स आयत्ता।**
**पंचमहव्वयधारी, आयदणं महरिसी भणियं।।६।।**

**मदः रागः द्वेषः मोहः क्रोध लोभः च यस्य आयत्ता।**
**पंचमहाव्रतधारी आयतनं महर्षयो भणिताः।।६।।**

**આયત્ત જસ મદ-ક્રોધ-લોભ વિમોહ-રાગ-વિરોધ છે,**
**ઋષિવર્ય પંચમહાવ્રતી તે આયતન નિર્દિષ્ટ છે. ૬.**

**अर्थ :– जिस मुनिके मद, राग, द्वेष, मोह, क्रोध, लोभ और चकारसे माया आदि ये सब 'आयत्ता' अर्थात् निग्रहको प्राप्त हो गये और पाँच महाव्रत जो अहिंसा, सत्य, अचौर्य, ब्रह्मचर्य तथा परिग्रहका त्याग उनका धारी हो, ऐसा महामुनि ऋषी 'आयतन' कहा है।**

**भावार्थ :– पहिली गाथा में तो बाह्यका स्वरूप कहा था। यहाँ बाह्य-अभ्यंतर दोनों प्रकारसे संयम हो वह 'आयतन' है इसप्रकार जानना चाहिये।।६।।**

---

## ગાથા-૬ ઉપર પ્રવચન

**मयरायदोस मोहो, कोहो लोहो य जस्स आयत्ता।**
**पंचमहव्वयधारी, आयदणं महरिसी भणियं।।६।।**

**અર્થ :– 'જિસ મુનિકે મદ, રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, લોભ, ઔર ચકારસે માયા આદિ યે સબ 'આયત્તા' અર્થાત્ નિગ્રહકો પ્રાપ્ત હો ગયે...'** જેને વિકારનો નિગ્રહ થઈ રહ્યો છે, જેને વિકાર છે નહિ. એવી છઠ્ઠે-સાતમે ગુણસ્થાનની ભૂમિકા, એને અહીંયાં મહાઋષિ ગણીને કષાયોનો જેને નિગ્રહ છે, અકષાય દશા જેને ઉગ્રપણે પરિણમી છે, થઈ છે, તેને ધર્મના નિવાસને આયતન-સ્થાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**''આયત્તા' અર્થાત્ નિગ્રહકો પ્રાપ્ત હો ગયે ઔર પાંચ મહાવ્રત જો અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા પરિગ્રહકા ત્યાગ ઉનકા ધારી હો, ઐસા મહામુનિ ઋષીશ્વર**

**'આયતન' કહા હૈ.'** એવા મહાઋષિને ધર્મના મકાન-ધર્મના સ્થાન કહ્યા. આ જિનમંદિર આદિ તો બધા વ્યવહાર સ્થાન છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- **'પહલી ગાથામેં તો બાહ્યકા સ્વરૂપ કહા થા. યહાં બાહ્ય-આભ્યંતર દોનોં પ્રકારસે સંયમી હો વહ 'આયતન'...'** કહેવામાં આવે છે. અહીં તો ચૈતન્ય ભગવાન પોતે જ આયતન છે. એના શરીર, વાણી, મન ને ભગવાનની પ્રતિમા રહેવાના મંદિરો એ વ્યવહારે આયતન છે. પુણ્યબંધના નિમિત્ત, પુણ્યભાવમાં નિમિત્ત થાય. સમજાણું કાંઈ? અંદર મહાપ્રભુ અનંત આનંદ અને ગુણનો ભંડાર ભગવાન, જેમાં પરિણતિ જેની નિર્મળ વીતરાગી થઈ છે, એ ધર્મને માટે નિવાસ કરવા લાયક આત્મા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? **'ઈસપ્રકાર જાનના ચાહિયે.'**

---

**आगे फिर कहते हैं :-**

**सिद्धं जस्स सदत्थं, विसुद्धझाणस्स णाणजुत्तस्स।**
**सिद्धायदणं सुद्धं, मुणिवरवसहस्स मुणिदत्थं।।७।।**

सिद्धं यस्य सदर्थ विशुद्धध्यानस्य ज्ञानयुक्तस्य।
सिद्धायतनं सिद्धं मुनिवरवृषभस्य मुनितार्थम्।।७।।

**સુવિશુદ્ધધ્યાની, જ્ઞાનયુત, જેને સુસિદ્ધ સદર્થ છે,**
**મુનિવરવૃષભ તે મલરહિત સિદ્ધાયતન વિદિતાર્થ છે. ૭.**

**अर्थ :- जिस मुनिके सदर्थ अर्थात् समीचीन अर्थ जो 'शुद्ध आत्मा' सो सिद्ध हो गया हो वह सिद्धायतन है। कैसा है मुनि? जिसके विशुद्ध ध्यान है, धर्मध्यानको साधकर शुक्लध्यानको प्राप्त हो गया है; ज्ञानसहित है, केवलज्ञानको प्राप्त हो गया है। घातिकर्मरूप मल से रहित है इसीलिये मुनियोंमें 'वृषभ' अर्थात् प्रधान है, जिसने समस्त पदार्थ जान लिये हैं। इसप्रकार मुनिप्रधानको 'सिद्धायतन' कहते हैं।**

**भावार्थ :- इसप्रकार तीन गाथामें 'आयतन' का स्वरूप कहा। पहिली गाथा में तो संयमी सामान्यका बाह्यरूप प्रधानतासे कहा। दूसरीमें अंतरंग-बाह्य दोनोंकी शुद्धतारूप ऋद्धिधारी मुनि ऋषीश्वर कहा और इस तीसरी गाथामें केवलज्ञानीको, जो मुनियोंमें प्रधान है, 'सिद्धायतन' कहा है। यहाँ इसप्रकार जानना जो 'आयतन' अर्थात् जिसमें बसे, निवास करे उसको आय़तन कहा है, इसलिये धर्मपद्धतिमें जो धर्मात्मा पुरुषके आश्रय करने योग्य हो वह 'धर्मायतन' है। इसप्रकार मुनि ही धर्मके आयतन हैं, अन्य कोई भेषधारी, पाखंडी, (-ढ़ोंगी) विषय-कषायोंमें आसक्त, परिग्रहधारी धर्मके आयतन नहीं है, तथा जैनमतमें भी जो सूत्रविरुद्ध प्रवर्तते हैं वे भी**

**आयतन नहीं है, वे सब 'अनायतन' हैं। बौद्धमतमें पांच इन्द्रिय, उनके पांच विषय, एक मन, एक धर्मायतन शरीर ऐसे बारह आयतन कहे हैं वे भी कल्पित हैं, इसलिये जैसा यहाँ आयतन कहा वैसा ही जानना; धर्मात्माको उसीका आश्रय करना, अन्यकी स्तुति, प्रशंसा, विनयादिक न करना, यह बोधपाहुड ग्रन्थ करनेका आशय है। जिसमें इसप्रकारके निर्ग्रंथ मुनि रहते हैं ऐसे क्षेत्रको भी 'आयतन' कहते हैं, जो व्यवहार है।।७।।**

## ગાથા-૭ ઉપર પ્રવચન

'**આગે ફિર કહતે હૈં:–**' હવે કેવળજ્ઞાનીને લે છે. પહેલા સામાન્ય મુનિને લીધા, બીજામાં ઋદ્ધિધારીને લીધા અને ત્રીજા કેવળજ્ઞાની. ત્રણેય આયતન ધર્મના નિવાસસ્થાન છે. સમજાણું કાંઈ?

**सिद्धं जस्स सदत्थं, विसुद्धझाणस्स णाणजुत्तस्स।**
**सिद्धायदणं सुद्धं, मुणिवरवसहस्स मुणिदत्थं।।७।।**

**अर्थ :–** '**જિસ મુનિકે સદર્થ અર્થાત્ સમચીન અર્થ જો 'શુદ્ધ આત્મા' સો સિદ્ધ હો ગયા...**' શું કહે છે? ભગવાન આનંદસ્વરૂપ પરમાત્મા પોતે આત્મા, જે મુનિને તે સિદ્ધ થયો છે અંદર. રાગ-દ્વેષ રહિત આત્માના અંતર અનુભવમાં, આ આત્મા પવિત્ર આનંદનો કંદ, કેવળજ્ઞાનનો કંદ છે એવું જેને અંતર અનુભવમાં સિદ્ધ થયું છે. એને સિદ્ધાયતન કહેવામાં આવે છે. લ્યો, આ તમારા બંગલા-બંગલાને કાઢી નાખ્યા, જૈન મંદિરને કાઢી નાખ્યા. 'પોપટભાઈ'! બંગલાની ક્યાંય વાત રહી.

''**શુદ્ધ આત્મા' સો સિદ્ધ હો ગયા હો...**' અંતર પવિત્રતા જેને પ્રગટી છે. શુદ્ધ આત્માની ઉપલબ્ધિ જ્યાં કેવળજ્ઞાનમાં પ્રાપ્ત થઈ છે. એમ કહે છે. છે ને? '**सिद्धं जस्स सदत्थं**' સત્ નામ આત્મા. એવો જે અર્થ એનો ભાવ પ્રગટ થઈ ગયો છે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ. રાગરહિત, પુણ્યરહિત એવો ભગવાન આત્મા આનંદસ્વરૂપ જેની પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો એવા કેવળજ્ઞાની એ ધર્મના સ્થાન છે, એ ધર્મના આયતન છે, એ ધર્મના નિવાસ છે. સમજાણું? એમ તું જાણ. એમ છે ને? 'બોધપાહુડ' છે ખરું ને? એમ તું જાણ. બીજા આયતનો આદિને વ્યવહાર કહેવામાં (આવે છે). પરમાર્થે આ ન હોયતો ઓલા વ્યવહારઆયતન પણ વ્યવહાર તરીકે ગણાતા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એકલા જિનમંદિર, બાગ-બગીચા અને એમાં બધા સ્થાનો અને આ પ્રતિમા ને એમાં બધા રોકાઈ ગયા હોય એને કહે છે કે એ તો વ્યવહાર છે. એ નિશ્ચયના ભાન વિના તારો વ્યવહાર એ વ્યવહાર કહેવામાં આવતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

અંતર ભગવાન આનંદનું ધામ, અતીન્દ્રિય જ્ઞાનનું નિવાસસ્થાન એવા આત્માને જેણે જાણ્યો નથી, ઓળખ્યો નથી, ઠર્યો નથી, એને બહારના નિવાસસ્થાન એ તો વ્યવહાર

કહેવામાં આવે છે. એ તો વ્યવહારાભાસ અજ્ઞાનીને છે. જેને આત્માના અંદરમાં જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ પ્રગટ્યો છે, સ્વભાવની શક્તિમાંથી સાગર જેની દશામાં ઉછળ્યો છે, એવા આત્માને આયતન નામ ધર્મના મકાન, વાસ, નિવાસ કહેવામાં આવે છે. 'શોભાલાલજી'! ભારે વાત ભાઈ આ. આ ધર્મના સ્થાન. નથી કહેતા કે આ ધર્મના સ્થાન. ચાલો ધર્મસ્થાનકે જઈએ, ધર્મસ્થાનકે જઈએ. પણ ધર્મસ્થાનક છે ક્યાં? ધર્મસ્થાનકે જઈએ. ઓલા સ્થાનકવાસી હોય એ ધર્મસ્થાનક કહે. દેરાવાસી હોય તો દેરાસર ધર્મસ્થાનક કહે. ધર્મસ્થાનક તો અહીં આત્મા છે. એની તો જેને ખબર નથી. એવાને બહારના ધર્મસ્થાનક વ્યવહારે પણ કહેવામાં આવતા નથી. આહાહા..! કહે છે કે જેને આત્મા પ્રગટ થઈ ગયો છે. સિદ્ધ થયો છે. એમ. કેવળજ્ઞાનપણે અંદર પ્રગટ થઈ ગયો છે.

મુનિ '**જિસકે વિશુદ્ધ ધ્યાન હૈ, ધર્મધ્યાનકો સાધકર શુક્લધ્યાનકો પ્રાપ્ત હો ગયા હૈ;...**' અંતરના સ્વરૂપની એકાગ્રતા દ્વારા, ધર્મધ્યાન દ્વારા શુદ્ધ શુક્લધ્યાન જેને નિર્મળ અંતરની એકાગ્રતા પ્રગટ થઈ છે. વળી '**જ્ઞાનસહિત હૈ, કેવલજ્ઞાનકો પ્રાપ્ત હો ગયા હૈ.**' કેવળજ્ઞાન જેને પ્રગટ થયું છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવી એક સમયની પર્યાયની તાકાત છે. એવી પર્યાય જેને પ્રગટ થઈ છે એ ધર્મનું આયતન છે. સમજાણું કાંઈ? એને ઓળખીને પોતાના આત્મામાં નિવાસ કરવા લાયક છે, એમ કહે છે.

વળી '**ઘાતિકર્મરૂપ મલ સે રહિત હૈ...**' જેણે ચાર ઘાતિકર્મનો નાશ કર્યો છે. એવા કેવળજ્ઞાની પરમાત્મા, એને નિજઘર, નિવાસસ્થાન, આયતન, ધર્મના મકાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ''**ઈસલિયે મુનિયોંમેં 'વૃષભ' અર્થાત્ પ્રધાન હૈ,...**'' ગણધર આદિ મુનિ છે, એમાં પણ જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે એ તો મુનિમાં પણ મુખ્ય છે. વૃષભ કહ્યું ને વૃષભ? '**મુણિવરવસહસ્સ**' પાઠ છે એમાં, જુઓ! '**મુનિવરવૃષભસ્ય**' એમ પાઠ છે. વળી '**કૈસા જાને? સમસ્ત પદાર્થ જાને...**' છે ને? '**મુણિદત્થં**' છેલ્લો શબ્દ છે. જાણ્યા છે '**મુણિદત્થં**' જગતના જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે એ બધા જેણે જાણ્યા છે. એવા કેવળજ્ઞાનીને આયતન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો!

આ મકાન-બકાન આયતન નહિ એના. 'શોભાલાલજી'! મકાન તો નહિ પણ જિનમંદિર પણ નહિ. આહાહા..! જિનમંદિર તો આ છે. આહાહા..! જ્યાં વીતરાગભાવ વસે છે એવો જિનમંદિર તો આત્મા છે. એનું જેને જ્ઞાન અને શ્રદ્ધાનું ભાન નથી એને તો આ વ્યવહાર મંદિરાદિ પણ વ્યવહારાભાસ કહેવામાં આવે છે. આવું ભાન હોય પછી એને શુભભાવ આવે તો એ વ્યવહારે જિનમંદિરાદિની પૂજાદિ કહેવામાં ઈ વ્યવહારસ્થાન છે. પણ નિશ્ચય હોય તો. નિશ્ચય વિનાના વ્યવહારસ્થાનક પણ ગણવામાં આવતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ વખતે તો 'કુંદકુંદાચાર્ય' વખતે બહુ વ્યવહાર થઈ પડ્યો હશે એટલે આ નિશ્ચયનું (નિરૂપણ કરે છે). જિનમાર્ગમાં આ કહ્યું છે એમ કહે છે. વીતરાગે જૈનમાર્ગને વિષે આત્મા નિર્મળાનંદ પ્રભુ, રાગ અને વિકલ્પ પુણ્યના વ્યવહારથી રહિત એવો જે આત્મા, એને જ્યાં

સિદ્ધ થયો છે, પ્રગટ થયો છે, પ્રાપ્ત થયો છે, ઉપલબ્ધ થયો છે. એવા આત્માને આયતન અને નિવાસસ્થાન કહેવામાં આવે છે. એમ ભગવાને સમવસરણમાં એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

'**ઈસપ્રકાર મુનિપ્રધાનકો 'સિદ્ધાયતન'** કહતે હૈં.' એ સિદ્ધના આયતન એ કહીએ. સિદ્ધના આયતન, સિદ્ધને રહેવાનું સ્થાન એ આત્મા છે અહીં સિદ્ધાયતન. ઉપર મુક્તિશિલા છે એ કંઈ સિદ્ધાયતન નથી, એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? મુક્તિશિલા હોય છે ને? ૪૫ યોજન ઉપર સિદ્ધ ભગવાન રહે. એ એનું સ્થાન. એ તો વ્યવહાર છે. એમાં ક્યાં રહે છે? એ તો પોતાના આનંદ અને જ્ઞાનના સ્વરૂપમાં રમે છે, એને અહીંયાં સિદ્ધ ભગવાન અને નિજ આયતનને નિવાસ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

પુણ્ય-પાપના વિકલ્પ પણ કાઢી નાખ્યા. એ રહેવાનું સ્થાન નથી. ભલે પહેલા લીધા મહાવ્રતધારી. સમજાણું કાંઈ? પણ એ વસ્યા છે અંદર સ્વરૂપમાં. મહાવ્રતના વિકલ્પનું પણ જેને જ્ઞાન છે. એ જ્ઞાનમાં વસેલા છે. ખરેખર તો મુનિ રાગમાં પણ વસ્યા નથી. એને ધર્મના સ્થાનક અને ધર્મના નિવાસ (કહે છે). ભારે વાત. મૂળ આત્મા જ પડ્યો રહ્યો આખો. વર મૂકીને જાન થઈ ગઈ. આ દયા પાળી, વ્રત પાળ્યા, ભક્તિ કરી, અપવાસ કરવા, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણ કરવા. વર-આત્મા મૂકી દીધો. આખો આત્મા-દુલ્હો એને છોડી દીધો. અને એકલી જાન-બરાત જોડી દીધી. દયા, દાન, વ્રત, ભક્તિ. એમાં શું છે? ધૂળેય નથી, કહે છે. સમજાણું કાંઈ?

'**ઈસપ્રકાર તીન ગાથામેં 'આયતન' કા સ્વરૂપ કહા. પહલી ગાથામેં તો સંયમી સામાન્યકા બાહ્યરૂપ પ્રધાનતાસે કહા.**' ત્રણનો ખુલાસો કરે છે. બાહ્યરૂપ કરી મુનિ હોય નગ્ન-દિગંબર. જેને એક વસ્ત્રનો તાણો પણ હોઈ શકે નહિ. સમજાણું? બીજો પરિગ્રહ તો શેનો હોય? એવા '**બાહ્યરૂપ પ્રધાનતાસે કહા. દૂસરીમેં...**' બીજી ગાથામાં. '**અંતરંગ - બાહ્ય દોનોંકી શુદ્ધતારૂપ ઋદ્ધિધારી મુનિ ઋષીશ્વર કહા...**' લ્યો! બાહ્યમાં નગ્ન-દિગંબર છે, અભ્યંતરમાં આનંદ અને ચૈતન્ય ભગવાન જાગી ઉઠ્યો છે અને એ સિવાય ઋદ્ધિ વગેરે પણ જેને ઘણી પ્રગટી છે. એને અહીંયાં આયતનના-ધર્મના સ્થાન કહેવામાં આવે છે. જિનમાર્ગમાં જિનેશ્વરે આ આયતન કહ્યા છે. આહાહા..! બહારમાં ને બહારમાં એકલા ભટક્યા-ભટક કરતા હતા ને. આ મંદિર ને આ ભગવાન અને આ દેરાસર સવારે ઊઠીને જાવ. આ કરો... આ કરો... આ કરો... પણ ઓલો આત્મા છે એ રહી ગયો ઈ? સમજાણું કાંઈ? આત્માની ખબર ન મળે.

કણબીમાં અમારે (ત્યાં) એક વાત ચાલે છે. કણબીનો છોકરો હતો ને નાનો? કણબી-કણબી છે ને? કૃષિકાર. એ લોકોને નાની ઉંમરમાં પરણાવે. લગન. લગન સમજો છો? શાદિ. દસ વર્ષની ઉંમરમાં લગ્ન કરે. એના લગ્ન થઈ ગયા. આંગળી પહેરી હતી. (વીંટી). એનો એક મિત્ર હતો. એલા! તારા લગનમાં મને લઈ જઈશ કે નહિ? મિત્રને કહે. ઓલો કહે, પણ હજી મને લઈ જશે એની મને ખબર નથી. લગન માંડ્યા છે એના. લગન સમજો છો ને? શાદિ.

શાદિ માંડી એની. એનું કારણ? મને ઘણીવાર મારો બાપ કોઈવાર લગનમાં લઈ જાય છે અને કોઈવાર નથી લઈ જતા. પણ એ તો કો'કના લગનમાં લઈ જાય. પણ તારા લગનમાં તારા વિના લગન શેના? એને ભાન ન મળે. જો .. ઘણીવાર લઈ જાય છે અને કોઈવાર નથી લઈ જતા. આ વખતે મને લઈ જાય કે નહિ. પણ તારા લગનમાં ન લઈ જાય તો આ લગન કોના માંડ્યા છે આ? 'શ્યામદાસજી'!

એમ આત્મા અંદર શું ચીજ છે? અખંડાનંદ પ્રભુ ચૈતન્યમંદિર જ્ઞાનનું ધામ, જ્ઞાનમંદિર, આનંદનું મંદિર, એની તો એને ખબર નથી અને આ બહારના મંદિરને શોધીને ત્યાં ચાલ્યો જાય છે. અને એમાં કલ્યાણ થઈ જશે (એમ માને છે). એમ છે નહિ. એમ કહે છે. 'ભગવાનજીભાઈ'! દસ લાખનું મંદિર કરાવ્યું. લ્યો, આ દસ લાખનું કરે છે ને આ? પરમાગમમંદિર. એકકોર વળી એ કહે. મોક્ષ છે એ એમાં નથી. જિનાગમ મંદિર કરાવે એનો મોક્ષ થાય એમ નથી. એ તો એને શુભભાવ હોય છે ત્યારે એવું થવાનું હોય તો એને કારણે થાય છે. શુભભાવ થયો માટે થાય છે એમ પણ નથી. આહાહા..! ભારે કામ. સમજાણું કાંઈ? દસ-દસ લાખના, વીસ-વીસ લાખના મંદિર કર્યા નથી? જુઓને! 'લાડનુ'માં નથી? 'લાડનુ'માં વીસ લાખનું મંદિર. ગજરાજજી. ગજરાજજી, વચ્છરાજજી. એના બાપના નામનું વીસ લાખનું મંદિર. 'લાડનુ'માં છે. જોયું છે? ઘણું મોટું મંદિર. અને આ... કેવા? 'બદામીલાલ'. 'ફિરોઝાબાદ'. આનું મંદિર દેખાવડું બહુ. 'લાડનુ'નું. એણે 'બદામીલાલે' તો વળી કેટલું ખર્ચ્યું છે. કેટલા એક કરોડ રૂપિયા બધામાં આ ફલાણામાં ને ઢીંકણામાં. બે વાર નીકળ્યા હતા ત્યાં. એમ લોકો કહે કે આહાહા..! જુઓ આ સ્થાન, જેમાં ભગવાન બિરાજે છે. પણ ભગવાન તે અહીં છે કે ભગવાન ત્યાં છે? એ તો વ્યવહાર ભગવાન છે.

મુમુક્ષુ :- વ્યવહાર ત્યાં છે, નિશ્ચય ...

ઉત્તર :- પણ એ તો વ્યવહાર છે. પણ અહીં નિશ્ચય ભગવાન અહીંનું ભાન કરે પછી એ વ્યવહાર હોય કે નહિ? આ મૂળ ભગવાનની તો ખબર ન મળે. સમજાણું કાંઈ?

ચૈતન્ય મહાપ્રભુ બિરાજે છે તારી પાસે. તું પોતે પ્રભુ છો. આહાહા..! અનંતા સિદ્ધના સ્થાનની ઉત્પત્તિનું કારણ તું છો. અનંતા સિદ્ધ પર્યાયની પ્રાપ્તિની ઉત્પત્તિનું સ્થાન તારો આત્મા છે. સમજાણું કાંઈ? એ આત્મા તે સિદ્ધાયતન છે. એવું ભાન શ્રદ્ધા-જ્ઞાન થયા પછી ઠરી શકે નહિ, શુદ્ધ ઉપયોગ જ્યાં સુધી ન જામે તો એને આવો શુભભાવ બહાર મંદિર આદિનો આવે છે. એ નથી એમ પણ નહિ અને એ ધર્મ છે એમ પણ નહિ. સમજાણું કાંઈ? આવું છે. તમારે મોટું મંદિર કરાવ્યું ત્યાં 'નાઈરોબી'માં. નહિ? દસ લાખનું. ક્યાં? 'નાઈરોબી' કે ક્યાં?

મુમુક્ષુ :- 'મુમ્બાસા'માં.

ઉત્તર :- 'મુમ્બાસા'. દસ લાખનું. ખુશી થઈ જાય. સૌ જાણે કે.. આહાહા..! દસ લાખનું (મંદિર). દસ લાખ શું કરોડનું મંદિર થાય એ તો જડની પર્યાય પરની થઈ. તારો ભાવ કદાચ રાગ મંદ હોય તો શુભ થાય. એ પરને લક્ષે થયેલો ભાવ એ કંઈ ધર્મ નથી. અરે..! ભારે વાત ભાઈ. છતાં એ ધર્મીને પણ આવ્યા વિના રહેતો નથી, હોં! કારણ કે જ્યાં

સુધી વીતરાગ ન હોય ત્યારે એવો વ્યવહાર વચમાં આવે છે. પણ એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. જાણવાલાયક છે. ખરેખર તો આદરવાલાયક નથી. આહાહા..! બહુ કામ (આકરું). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધું અનાયતન.

ઉત્તર :- એ અનાયતન છે. અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્ર પણ અનાયતન છે. છ આયતન કહ્યા છે ને? દેવ-ગુરુ-શાસ્ત્ર અને દેવ-ગુરુ-શાસ્ત્રના ભક્ત (એમ) છ. ૨૫ બોલમાં છ આયતન કહ્યા છે. એ વ્યવહાર આયતન છે. નિશ્ચયથી અનાયતન છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભગવાને કહ્યો છે. જિનેશ્વરદેવના માર્ગમાં નિશ્ચયના મંદિરો, નિશ્ચયનું આયતન તે આત્મા છે એમ ભગવાને કહ્યું છે. એય..! 'શોભાલાલજી'! એ તો જ્યાં જે હોય તે આવે ને.

પછી એવું સ્વભાવનું ભાન છે કે હું જ ભગવાનને ઉત્પત્તિ કરવાનું આયતન છું. સિદ્ધ ભગવાનની ઉત્પત્તિ મારા ક્ષેત્રમાં થશે. કોઈ પરમાં થશે નહિ. એમ ભાન છે જેને, એ જીવને જ્યારે શુભભાવ ભક્તિનો, નામ સ્મરણનો, પૂજાનો, મંદિરનો આવે એવા ભાવને પુણ્યબંધનું વ્યવહાર કારણ કહે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? પહેલામાં તો સંયમી મુનિને આયતન કહ્યા. પહેલી ગાથામાં. પહેલામાં બાહ્ય ને આ એકલું લીધું. બીજામાં બાહ્ય અને અભ્યંતર મુનિની દશાને આયતન કહ્યું. ઋદ્ધિધારી મુનિ. વળી ત્રીજી ગાથામાં કેવળજ્ઞાની (લીધા). ત્રણ આયતન થયા. આહાહા..! એને '**સિદ્ધાયતન કહા હૈ.**' લ્યો!

'**યહાં ઈસપ્રકાર જાનના જો આયતન અર્થાત્ જિસમેં બસે, નિવાસ કરે ઉસકો આયતન કહા હૈ.**' જુઓ! જેમાં વસવાલાયક એને આયતન કહીએ. તો આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એમાં વસવાલાયક એ આત્મા છે. રાગમાં ને પુણ્યમાં ને નિમિત્તમાં વસવાલાયક નથી. આહાહા..! ક્યાં અટક્યો? ક્યાં ઉપાધિ... આહાહા..! પંચ મહાવ્રતનો વિકલ્પ પણ જેને બોજો લાગે છે. આવે છે ને? ભાર. 'નિર્જરા અધિકાર'માં આવે છે. પંચ મહાવ્રતના વિકલ્પ જેને બોજો-ભાર લાગે છે. એવો ભગવાન પંચ મહાવ્રતના વિકલ્પથી જુદી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? હળવી ચીજ, હળવી ચીજ. હળવીને શું કહે? જેમાં ભાર નહિ, વજન નહિ. હલકી. હલકી. હલકી ચીજ તો ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ તે હલકી ચીજ છે. અને પુણ્યનો ભાવ આવે એ તો ભારે, ભારે, ભાર લાગે એવી ચીજ છે. ક્લેશ છે, ક્લેશ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા એકલા ક્લેશને ભોગવનારા તો મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. પણ આત્માના ભાનસહિતના શુભભાવવાળા છે એને ક્લેશ છે, પણ એને વ્યવહારે પુણ્યબંધનું કારણ કહેવામાં આવે છે. એ પુણ્યભાવ સહિત ક્લેશ છે, કષાય છે, આકુળતા છે. કષાય-અગ્નિ છે. આહાહા..!

'છ ઢાળા'માં આવે છે ને 'છ ઢાળા'માં? 'રાગ દાહ' 'રાગ આગ દાહ.' 'રાગ આગ દાહ' રાગ છે તે અગ્નિરૂપી દાહ છે. 'પંડિતજી'! એ 'છ ઢાળા'માં છેલ્લે આવે છે. 'તાતે સમામૃત સેઈએ' આહાહા..! શુભરાગ એ આગ-દાહ. હવે ત્યાં એમાં કહ્યું એ તો એને સૂઝ પડતી નથી. સમજાણું કાંઈ? છેલ્લામાં છે ને એ? ક્યાં આવ્યું એ? છેલ્લું છે. 'યહ રાગ-આગ

દહે સદા, તાતૈં સમામૃત સેઈયે.' 'છ ઢાળા'માં છે એ તો. 'યહ રાગ આગ દહે સદા.' એ ધર્મસ્થાન નહિ, કહે છે. પણ વ્યવહારે આવે પણ છે આગ. 'રાગ આગ દહે સદા, તાતે સમામૃત સેઈએ' તેથી રાગરહિત આત્માની સમતાના આનંદને સેવીએ. એ આયતન અને ધર્મસ્થાન છે. 'ચિર ભજે વિષય-કષાય અબ તો.' 'ચિર ભજે વિષય કષાય અબ તો. ત્યાગ નિજપદ બેઈયે. 'કહાં રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુઃખ સહે;' જુઓ! 'કહાં રચ્યો પર પદ મેં ન તેરો,...' રાગના પદમાં તારી કાંઈ રચના નથી. એ તો દુઃખ છે. આહાહા..! 'કહાં રચ્યો પર પદ મેં ન તેરો, પદ યહૈ ક્યોં દુઃખ સહે;' પદ આ છે ભગવાનઆત્મા. આનંદનું ધામ, અનાકુળ શાંતિનું સરોવર, એના પદમાં જા, ત્યાં શાંતિ છે. 'ક્યોં દુઃખ સહે;' અરે..! શું કરવા દુઃખ સહન કરે છે? આહાહા..! 'અબ 'દૌલ' હોઉ સુખી સ્વપદ રચી.' છેલ્લું. 'અબ દૌલ હો સુખી સો પદ રચી, દાવ મત ચુકો યહૈ.' આ દાવ મળ્યો એ ચુકો નહિ. 'છ ઢાળા'માં છે? બોલે છે, વાંચે, પણ પાછા અર્થ સમજે નહિ. બોલી જાય. 'છ ઢાળા' પાઠશાળામાં શીખવે. પાઠાશાળામાં શીખવે. રટા દે. સ્વપદ રચ. સ્વપદ રચ. એ રાગ અને પુણ્યની રચના છોડ. આહાહા..! સમજાણું કાંઈ? એવું જે આત્મતત્ત્વ, તેને અહીંયાં આયતન કહ્યું. લ્યો!

**'ઈસપ્રકાર જાનના જો 'આયતન' અર્થાત્ જિસમેં બસે, નિવાસ કરે ઉસકો આયતન કહા હૈ, ઈસલિયે ધર્મપદ્ધતિમેં જો ધર્માત્મા પુરુષકો આશ્રય કરને યોગ્ય...'** જુઓ! ધર્મની પદ્ધતિની રીતમાં જે ધર્માત્મા પુરુષને આશ્રય કરવા લાયક છે એ તો ધર્માયતન. ધર્માયતનની વ્યાખ્યા કરી કે ધર્મી જીવને જેનો આશ્રય કરવા લાયક (છે) તેને ધર્માયતન કહીએ. **'ઈસપ્રકાર મુનિ હી ધર્મ કે આયતન હૈં,...'** અહીં તો આખો માર્ગ જ નિર્ગ્રંથ મુનિ, વીતરાગ અને બહાર મુદ્રા અરિહંત જેવી. એને જૈનદર્શન કહેવામાં આવે છે. અરિહંત જેવા હતા એવી નિર્ગ્રંથ જેની દશા અને અંતર વીતરાગી દશા, એને જૈનદર્શન (કહે છે). આગળ (ગાથા-૧૪) આવશે. દર્શનની વ્યાખ્યા. 'દંસેઇ' જેને દેખાડે આમ. આહાહા..! અનંત અનંત આનંદની કળીએ ખીલી ગયેલો ભગવાન અને બહારમાં જેની નગ્ન મુદ્રા, એને ભગવાને જૈનદર્શન કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા માર્ગની જેને શ્રદ્ધા પણ નથી, અંદર ઓળખાણ નથી એ બધા મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રઝળનારા છે. એમ છે અહીં તો.

કહે છે કે **'ઈસ પ્રકાર મુનિ હી ધર્મકે આયતન હૈં, અન્ય કોઈ ભેષધારી,...'** જુઓ! અન્યના ભેખ બીજા, અંદરમાં અનુભવ, ધ્યાન, જ્ઞાનનું ભાન નથી એવા **'પાખંડી, (-ઢોંગી) વિષય-કષાયોમેં આસક્ત,...'** વિષય ને કષાયમાં આસક્ત અને **'પરિગ્રહધારી...'** પરિગ્રહ રાખે અને માને મુનિપણું. અમે ત્યાગી છીએ એમ માને. પાખંડી ભેખી છે, કહે છે. સમજાણું કાંઈ? એ તો વાત તો આવે ત્યારે જે સ્પષ્ટ હોય એ વાત મૂકે ને? 'જયચંદ્ર પંડિત' અર્થ કરે છે.

**'કષાયોમેં આસક્ત, પરિગ્રહધારી...'** આમ રાખે નહિ ને આમ પરિગ્રહ રાખે. પેટીમાં જોડે. સાથે રાખે નહિ. શરીર ઉપર રાખે તો તો મનાય નહિ. પેટીમાં રાખે કાંઈ પૈસાનું,

ફલાણાનું, એક માણસ રાખે. સમજાણું કાંઈ? એ કહેવાય નિર્ગ્રંથ. 'આલોકાતર' હતા. આ 'જસદણ' નહિ? 'જસદણ'ના દરબાર હતા. બહુ છગ હતો. દરબાર હતા. આ 'જસદણ' દરબાર. બહુ હોંશિયાર હતા. પછી એકવાર સ્વામિનારાયણના સાધુ એને સમજાવવા આવ્યા. સ્વામિનારાયણ આ સ્વામિનારાયણ છે ને? સ્વામિનારાયણ. એના સાધુ એને સમજાવવા આવ્યા. એમ કે મોટો દરબાર છે. કાઠી ઘણા સમજાવેલા. એટલે આ મોટો દરબાર. કીધું, આવી જાય તો ઠીક. હળવે હળવે ઓલા સાધુએ વાત કરવા માંડી કે આવો ધર્મ છે... આવો ધર્મ છે... આવો ધર્મ છે. પરિગ્રહનો ત્યાગી હોય, ફલાણું આમ હોય. પછી દરબારે એને પ્રશ્ન કર્યો કે મહારાજ! આ તમારે પગે પૈસા કોઈ મૂકે તો એનું શું કરો? કે અમે ન લઈએ. માણસ લઈ લે. તમારે જોઈતા હોય તો શું કરો? એ માણસને અમે કહીએ જોઈતા હોય તો. પછી એના દિવાન હતા. કેવા એ ભાઈ? 'ભગવાનજી' દિવાન હતા. લુહાણા એક એના દરબારના. ભગવાનજી! આ મહારાજનો મારા જેવો ત્યાગ છે. કારણ કે મારા આ પૈસા આવે તું રાખે છો. કામદાર-દિવાન હતા. અને મારે જોઈતું હોય તો હું તમને કહું છું. આપણે અને એ બેય સરખા છીએ. ... હતા. ઓલા ઘરે સમજાવવા આવ્યા ને? તો બધી વાત સાંભળી લીધી. સાંભળીને પૂછ્યું કે તમને પગે પૈસા મૂકે કે નહિ તમને કોઈ વખતે કોઈ તમારા ભગત? એનું શું કરો? તમારે તો પરિગ્રહ ખપે નહિ. તો કહે, અમે એમ ન લઈએ. અમારા માણસ લઈ લે. માણસ સાથે હોય એ લઈ લે. પછી જોતું હોય તો? એને કહીએ. ત્યારે કહે, 'ભગવાનજી'! હું ગુંજામાં નથી રાખતો આ રાજના, પૈસાને, હોં! આ ભગવાનજી બધું લે છે, દે છે એટલે મારા જેવા ત્યાગી છે આ. 'શ્યામલાલજી'!

મુમુક્ષુ :- બહુ ધીમું બોલતા.

ઉત્તર :- હા, ધીમું બોલતા. ઓલા તો ભાગી ગયા. હાય હાય. આપણે સમજાવવા આવ્યા. શેના ત્યાગી પણ? પૈસા રાખો, કામ કરાવો બીજા પાસે. અમે પણ પૈસા (રાખીએ છીએ પણ) હું ગુંજામાં નથી રાખતો. ગુંજા સમજો? જેબ. હું જેબમાં પૈસા નથી રાખતો રાજના. એમ તું પણ જેબમાં નથી રાખતો. આ મારો માણસ રાજના પૈસા લે છે અને હું કહું તો વાપરે છે. એમ તું ત્યાગી એવો છો. મારો અને તારો ત્યાગ સરખો છે. ઓલા બિચારા ભાગી ગયા. શરમાઈ ગયા. ... હતો. જસદણ દરબાર.

અહીં કહે છે, એક તો પરિગ્રહ રાખે અને વળી નામ ધરાવે ઊંચા. સમજ્યા? એવા પાખંડીઓ એ ધર્મના સ્થાન નથી. એમ કહે છે અહીં તો. આહાહા..! એ '**आयतन नहीं है,...**' સમજાય છે? '**परिग्रहधारी धर्मके आयतन नहीं है, तथा जैनमतमें भी जो सूत्रविरुद्ध प्रवर्तते हैं...**' દેખો! વીતરાગ ધર્મમાં પણ સિદ્ધાંત વિરુદ્ધની જેની શ્રદ્ધા-જ્ઞાન ને આચરણ છે '**वे भी आयतन नहीं है, वे सब 'अनायतन' हैं.**' એ ધર્મના સ્થાન નહિ, અનાયતન છે. આહાહા..! વીતરાગમાર્ગ છે, આ કાંઈ કોઈનો ઘરનો નથી. વીતરાગસ્વરૂપ જ પોતે પ્રભુ છે. એમાં કંઈપણ પરિગ્રહ રાખી અને સાધુ આદિ નામ ધરાવે. સમજાય છે? એ બધા ધર્મના અસ્થાન, અનાયતન છે.

**'બૌદ્ધમતમેં...'** બૌદ્ધમતમાં આયતનની વ્યાખ્યા આવે છે. અંદર ટીકાનો શ્લોક છે. **'પાંચ ઈન્દ્રિય, ઉનકે પાંચ વિષય,...'** દસ. **'એક મન,...'** અગિયાર અને **'એક ધર્માયતન શરીર...'** બારને બૌદ્ધમતમાં આયતન કહ્યા છે. પણ એ તો બધા કલ્પિત છે કહે છે. સાચાની એને ખબર નથી. **'ઐસે બારહ આયતન કહે હૈં વે ભી કલ્પિત હૈં,...'** એ આયતન નથી. આયતન તો આત્મા (છે), જેના ઘરમાં આનંદના કોળા પાકે. અતીન્દ્રિય આનંદના કણહલા પાકે. એવું જે આયતન તે નિજઘર આત્મા આયતન છે. સમજાણું કાંઈ? આહાહા..! ઘર મૂકીને વાત. બધી પરઘરની વાતું. અને પછી માને કે આ જૈનધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઈસલિયે જૈસા યહાં આયતન કહા વૈસા હી જાનના;...'** જેવા અહીંયાં ભગવાને કહ્યા એને આયતન (જાણવા). વસ્તુના સ્વરૂપનું ધ્યાન આનંદ વર્તે અને જેને પાંચ ઈન્દ્રિયો તાબે વર્તે, પાંચ ઈન્દ્રિયને તાબે પોતે ન થાય. ક્રોધ, માન, માયા જેને વશ વર્તે એટલે અભાવ વર્તે. એને તાબે ન થાય. એવા આત્માને ધર્મના સ્થાનક અને ધર્મના નિવાસના સ્થાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, **'જૈસા યહાં આયતન કહા વૈસા હી જાનના; ધર્માત્માકો ઉસીકા આશ્રય કરના,...'** ધર્માત્માએ આવા જીવોનો આશ્રય કરવો. **'અન્ય કી સ્તુતિ, પ્રશંસા વિનયાદિક ન કરના,...'** જે આત્માના ભાન વિનાના રાગમાં ધર્મ માનનારા, બહારમાં પરિગ્રહ રાખીને મુનિપણું માનનારા, એવાને-અન્યની સ્તુતિ ન કરવી, પ્રશંસા ન કરવી, વિનયાદિ ન કરવો. સમજાણું કાંઈ? જાણ કે આને ભગવાને ધર્માયતન કહ્યા છે. એ સિવાયના અન્યમતમાં તો છે જ નહિ, પણ જૈનમતમાં પણ આજ્ઞા સૂત્રથી વિરૂદ્ધ શ્રદ્ધા, વિરૂદ્ધ જ્ઞાન અને આચરણ જેના સૂત્રથી, આગમથી વિરુદ્ધ છે, આગમમાં જેને મુનિના લક્ષણ કહ્યા. સમજાય છે? ધર્માત્માના લક્ષણ કહ્યા એ છે નહિ અને બહારમાં ભેખમાં મુનિપણું માને છે એ બધા સ્તુતિ કરવા લાયક નથી. આહાહા..!

'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે ને? 'ગૃહસ્થો મોખમગ્ગો' ગૃહસ્થી મોક્ષમાર્ગમાં છે સમકિતી જ્ઞાની અને મોહી અણગાર સંસારી છે. મુનિ થયા છતાં જેને રાગનો પ્રેમ છે, રાગની રુચિ છે, પરવસ્તુનો પરિગ્રહનો સંગ્રહ છે. કહે છે કે એવા મિથ્યાદૃષ્ટિ ઉન્માર્ગે પડ્યા છે. અને ગૃહસ્થાશ્રમમાં રહ્યા સમકિતી અને જ્ઞાની છે તો એ માર્ગમાં છે. આવે છે ને શ્લોક? ઈ શ્લોક આવે છે. નિર્મોહોઃ સમકિતી નિર્મોહી છે. સંસારમાં હોવા છતાં, છ ખંડના રાજમાં દેખાય છતાં છ ખંડના રાજની મમતા નથી. સમજાણું કાંઈ? પ્રવૃત્તિની મમતા છે પણ એ રાગ અને આ ચીજ હું છું એવી મમતા દૃષ્ટિ છૂટીને આત્માનો અનુભવ થયો છે. એવા સમકિતી ગૃહસ્થાશ્રમમાં પણ રહ્યા મોક્ષમાર્ગમાં નિર્મોહી છે. નિર્મોહી છે ને? સમકિતી મિથ્યાત્વરહિત. મોહી અણગાર. એ સંસારમાર્ગમાં પડ્યા છે. આહાહા..! એવી વાત છે. લોકોને બાહ્ય ત્યાગમાં જ એટલું માન ગરી ગયું છે. અંદર વસ્તુ... ઓલા પંડિતજી નથી કહેતા કે સમકિતમાં તો સર્વનો ત્યાગ થયો. સમકિતમાં કોનો ત્યાગ નથી થયો? વિકલ્પનો ત્યાગ થયો. શુભરાગ પણ

મારો નહિ, એવો ત્યાગ થઈ ગયો. સમ્યગ્દર્શનમાં આત્મા પૂર્ણાનંદનો નાથ (તેના આશ્રયે), જેને તીર્થંકરગોત્રના ભાવનો ત્યાગ થઈ ગયો છે. નહિ. આ મારી ચીજ જ નથી ને. પછી પ્રવૃત્તિનો રાગ આસક્તિ છે. એ સ્વરૂપની સ્થિરતા કરશે તો આસક્તિ છૂટી જશે. સમજાય છે કાંઈ? પણ પહેલા હજી સમ્યગ્દર્શન-જ્ઞાનમાં રાગનો ત્યાગ નથી, પહેલો મિથ્યાત્વનો ત્યાગ નથી, એ પહેલા અવ્રતનો ત્યાગ ક્યાંથી આવ્યો? પહેલા તો મિથ્યાત્વનો ત્યાગ થવો જોઈએ.

મુમુક્ષુ :- ચારિત્રકા રાગ રહ ગયા...

ઉત્તર :- એ તો અસ્થિરતાનો રાગ છે. એ કાંઈ મિથ્યાત્વનો રાગ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'ધર્માત્માકો ઉસીકા આશ્રય કરના, અન્યકી સ્તુતિ, પ્રશંસા, વિનયાદિક ન કરના, યહ બોધપાહુડ ગ્રન્થ કરનેકા આશય હૈ.'** સમજાય છે કાંઈ? વળી **'જિસમેં...'** બહુરી એટલે વળી અથવા **'જિસમેં ઈસપ્રકારકે નિર્ગ્રંથ મુનિ રહતે હૈં ઐસે ક્ષેત્રકો ભી 'આયતન' કહતે હૈં, જો વ્યવહાર હૈ.'** નિશ્ચય પોતાનું ક્ષેત્ર આનંદનું ધામ એ આયતન. પુણ્ય-પાપના વિકલ્પ રહિત આત્મા તે આયતન. વ્યવહારે જ્યાં મુનિ વસે એને વ્યવહારે ધર્મનું આયતન કહે છે. સમ્મેદશિખર, શેત્રુંજય વગેરે જ્યાં મુનિઓ હતા અને મોક્ષ પધાર્યા છે એને વ્યવહારે ધર્મના આયતન કહેવામાં આવે છે. કારણ કે એ પણ એક શુભભાવમાં નિમિત્ત છે. શુદ્ધભાવમાં કારણ આત્મા છે અને શુભભાવમાં આ ધર્માયતન નિમિત્ત છે. શું કહ્યું? આત્માની પવિત્ર દશા જે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો આશ્રય-આધાર આત્મા છે અને શુભભાવનું નિમિત્ત તે આવા બહારના આચરણ છે. એટલે એને વ્યવહારે ધર્માયતન કહેવામાં આવે છે. નિશ્ચયથી ધર્માયતન જેને ભાનમાં આવ્યું છે એને ઓલા વ્યવહારે ધર્માયતન કહેવામાં આવે છે. પણ જ્યાં નિશ્ચયનું ભાન નથી એને વ્યવહાર ધર્માયતન પણ હોઈ શકતા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંથી વ્યવહાર આવ્યો? વ્યવહાર તો આંધળો છે. જાગ્યા વિના વ્યવહાર આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા..!

**'યહ બોધપાહુડ ગ્રન્થ કરનેકા આશય હૈ. જિસમેં ઈસપ્રકારકે નિર્ગ્રન્થ મુનિ રહતે હૈં ઐસે ક્ષેત્રકો ભી આયતન કહેત હૈં, જો વ્યવહાર હૈ.'** લ્યો! એ વ્યવહાર નાખ્યો. મંદિર, સમ્મેદશિખર આદિ છે. જ્યાં મુનિઓ વસતા, જ્યાં મુનિ મોક્ષ પધાર્યા છે. કારણ કે જે ઠેકાણે મોક્ષ પધાર્યા તે સ્થાનમાં ત્યાં બિરાજે છે. ઉપર. જે સ્થાનમાંથી મોક્ષ પધાર્યા સીધા એ સ્થાનમાં ઉપર ભગવાન બિરાજે છે. જેટલા સિદ્ધ થયા તે. જે ઠેકાણેથી સિદ્ધ થયા ત્યાં ઉપર બિરાજે છે. એટલે એ સ્મૃતિનું નિમિત્ત સ્થાન છે. સમજાય છે કાંઈ? ખરું સિદ્ધાયતન તો સિદ્ધ છે ઈ. પણ એ જ્યાંથી સિદ્ધ થયા એ વ્યવહાર સિદ્ધાયતન શુભભાવનું નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પ્રત્યેક સ્થાનથી થયા છે.

ઉત્તર :- પ્રત્યેક સ્થાન છે. જેમ કે ‘નેમિનાથ’ ભગવાન તો અહીંયાં ગિરનારથી મોક્ષ પધાર્યા. ગિરનારની શિખર છે ને? ત્યાં જ છે એ. એ ત્યાં જ બિરાજે છે. આઘે-પાછે હોઈ શકે નહિ. આ તો એક વ્યક્તિનું નામ છે. તીર્થંકર ‘નેમિનાથ’ ભગવાન કે ‘મહાવીર’ ભગવાન ક્યાં પધાર્યા? કે પાવાપુરી. તો જે ઠેકાણે મોક્ષ પધાર્યા તે સ્થાને ઉપર છે. અને સાદિઅનંત (કાળ) ત્યાં રહેવાના છે. એ નિમિત્ત છે એને સ્મૃતિમાં. સ્મૃતિ કરવામાં એ નિમિત્ત છે. એટલે એને વ્યવહાર આયતન કહેવામાં આવે છે. પુણ્યબંધના શુભભાવમાં એ નિમિત્ત છે. આહાહા..! કારણ કે પરક્ષેત્ર છે ને? તો પરક્ષેત્રનું લક્ષ જાય છે તો એને રાગ આવ્યા વિના રહે નહિ. પણ એ રાગ શુભ છે. સ્ત્રી, કુટુંબ આદિ, ધંધામાં લક્ષ જાય એ રાગ અશુભ છે. સમજાણું કાંઈ? આહાહા..!

જ્યાં રાગથી અને નિમિત્તથી ભિન્ન પડેલું આત્માનું જ્ઞાન (છે) એ વાસ્તવિક આત્માનું નિવાસસ્થાન એ (છે) પણ એને જ્યાં આગળ સંતો મોક્ષ પધાર્યા, અહીંયાં શેત્રુંજય લ્યો! ભીમ, પાંડવો, અર્જુન અને ધર્મરાજા-ત્રણ મોક્ષ પધાર્યા છે ત્યાંથી. જે સ્થાનેથી ગયા ત્યાં માથે બિરાજે છે. ત્યાં જાય તો સ્મૃતિમાં ખ્યાલ આવે. ઓહો..! પરમાત્મા અહીંયાં ઉપર બિરાજે છે. એવું શુભનું નિમિત્ત છે. એ શુભ કરે તો. એ કાંઈ શુભ કરાવતું નથી. ‘ભગવાનજીભાઈ’! એને વ્યવહારે આયતન કહેવામાં આવે છે. ઓલો નિશ્ચય હોય તો. નિશ્ચયનું ભાન જેને નથી એને તો વ્યવહાર-વ્યવહાર કહેવામાં આવતા નથી. કહો, ‘પ્રકાશદાસજી’! ત્યાં નથી નિશ્ચયની ખબર, નથી વ્યવહારની ખબર. વસ્તુ સ્થિતિ એવી છે. કોઈ વ્યક્તિ માટે છે આ?

ભગવાન અંતર અનંતા અનંત આનંદ અને ગુણનું ધામ, એવું જેને અંતરમાં પ્રગટ થયું છે એને અહીંયાં આયતન અને ધર્મના સ્થાન કહેવામાં આવે છે. એ ધર્મનું ક્ષેત્ર. બાહ્ય ધર્મનું ક્ષેત્ર એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ આમાં? પહેલેથી કીધું હોત તો આમ મંદિર થાત? પણ એ થવા કાળે થાય એમાં કરે કોણ? એમનો ભાવ નિમિત્ત કહેવાય. એ ભાવને લઈને ત્યાં થાય છે? મંદિરના રજકણો છે પુદ્‌ગલો. એની પર્યાયનો કાળ હોય ત્યારે ત્યાં રચાય છે. એને બીજો કોઈ મંદિરને રચે એ વાતમાં માલ કાંઈ નથી. પુદ્‌ગલ પરાવર્તનના પરિણમનમાં એમાં જ્યારે પર્યાયનો કાળ હોય છે (ત્યારે) મંદિર રચાય છે. જડ મંદિરને રચે છે, આત્મા નહિ. આહાહા..! ફક્ત ભાવ બનાવવાનો શુભભાવ નિમિત્ત કહેવાય. પણ શુભભાવ છે માટે ત્યાં રચાય છે અને રચાય છે માટે અહીંયાં શુભભાવ એને કારણે આવે છે એમ નથી. તો એ કર્તા થઈ જાય છે અને શુભભાવ કર્મ થઈ જાય એમ કર્તા-કર્મનો સંબંધ પર સાથે હોઈ શકે નહિ. એમ શુભભાવ કર્તા અને મંદિર કાર્ય એમ પણ નથી. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ? કર્તા-કર્મ અભેદ પોતામાં હોય છે. પરની સાથે કર્તા-કર્મ સંબંધ હોઈ શકે નહિ.

એ વ્યવહાર છે. એ પરક્ષેત્રમાં સિદ્ધ ભગવાન બિરાજે, સિદ્ધ ભગવાન જે ક્ષેત્રથી થયા, જે ક્ષેત્રથી મુનિ મોક્ષ પધાર્યા અરે..! કોઈ સર્વાર્થસિદ્ધ આદિમાં ગયો લ્યો ને! બે મુનિ સર્વાર્થસિદ્ધમાં ગયા. ‘પાલિતાણે’. ‘સહદેવ’ અને ‘નકુલ.’ ત્રણ ગયા મોક્ષ. એકસાથે પાંચ

(ધ્યાનમાં હતા). ત્રણને કેવળજ્ઞાન થઈને મોક્ષ પધાર્યા અને એકને વિકલ્પ જરી આવ્યો કે, અરે..! ભાઈને કેમ હશે? લોઢાના પહેરાવ્યાને? બાજુબંધ પહેરાવ્યા. નગ્ન મુનિ ધ્યાનમાં, આનંદમાં (હતા). ત્રણ તો અંદર ઉતરી ગયા. તેથી એને શું કહેવાય? સિદ્ધક્ષેત્ર. સિદ્ધક્ષેત્ર કહેવાય છે ને? પણ એ વ્યવહાર સિદ્ધક્ષેત્ર છે. આ પાલીતાણા સિદ્ધક્ષેત્ર કહેવાય. સિદ્ધક્ષેત્ર. પણ એ વ્યવહાર સિદ્ધક્ષેત્ર. નિશ્ચય સિદ્ધક્ષેત્ર આ (નિજાત્મા). સમજાણું કાંઈ? લ્યો! સિદ્ધક્ષેત્રમાં આપણે રહીએ તો આપણી મુક્તિ થાય. ધૂળમાંય થાય નહિ. એ તો પરક્ષેત્ર છે. ઓલા કહે છે ને કાશીમાં કરવત મૂકાવે તો કલ્યાણ થાય. તો આ કહે કે સિદ્ધક્ષેત્રમાં જાય તો કલ્યાણ થાય. બેય એક જાતની માન્યતાવાળા છે. એય..! 'પોપટભાઈ'! માર્ગ તો આવો છે 'ભગવાનજીભાઈ'! આંખમાં મેલ ન સામે એમ એક ન્યાયથી વિરુદ્ધ ન સામે એમાં. માર્ગની રીત છે એવી એને બરાબર માનવી જોઈશે. સમજાણું કાંઈ?

---

**आगे चैत्यगृहका निरूपण करते हैं :–**

**बुद्धं जं बोहंतो, अप्पाणं चेदयाइं अण्णं च।**
**पंचमहव्वयसुद्धं, णाणमयं जाण चेदिहरं।।८।।**

**बुद्धं यत् बोधयन् आत्मानं चैत्यानि अन्यत् च।**
**पंचमहाव्रतशुद्धं ज्ञानमयं जानीहि चैत्यगृहम्।।८।।**

**સ્વાત્મા-પરાત્મા-અન્યને જે જાણતાં જ્ઞાન જ રહે,**
**છે ચૈત્યગૃહ, તે જ્ઞાનમૂર્તિ, શુદ્ધ પંચમહાવ્રતે. ૮.**

**अर्थ :– जो मुनि 'बुद्ध' अर्थात् ज्ञानमयी आत्माको जानता हो, अन्य जीवोंको 'चैत्य' अर्थात् चेतनास्वरूप जानता हो, आप ज्ञानमयी हो और पाँच महाव्रतोंसे शुद्ध हो, निर्मल हो, उस मुनिको हे भव्य तू 'चैत्यगृह' जान।**

**भावार्थ :– जिसमें अपनेको और दूसरेको जाननेवाला ज्ञानी, निष्पाप–निर्मल इसप्रकार 'चैत्य' अर्थात् चेतनास्वरूप आत्मा रहता है, वह 'चैत्यगृह' है। इसप्रकारका चैत्यगृह संयमी मुनि है, अन्य पाषाण आदिके मंदिरको 'चैत्यगृह' कहना व्यवहार है।।८।।**

---

## ગાથા-૮ ઉપર પ્રવચન

હવે ચૈત્યગૃહ આવ્યું. લ્યો, 'શોભાલાલજી'! 'શોભાલાલજી'નું આવ્યું ચૈત્યગૃહ. ચૈત્યગૃહ બનાવ્યું છે ને એણે? એ ચૈત્યગૃહ એ નહિ. છે ને? આઠમી ગાથા. એ આયતનની વ્યાખ્યા થઈ આ ચાર ગાથામાં આયતન. હવે આ બીજો બોલ ચૈત્યગૃહ. ચૈત્યગૃહ કોને કહેવું?

**बुद्धं जं बोहंतो, अप्पाणं चेदयाइं अण्णं च।**

**पंचमहव्वयसुद्धं, णाणमयं जाण चेदिहरं।।८।।**

**અર્થ :-** '**જો મુનિ 'બુદ્ધ' અર્થાત્ જ્ઞાનમયી આત્માકો જાનતા હો,...**' એકલો જ્ઞાનમય જ ભગવાન છે. પુણ્ય-પાપ વિકલ્પ-ફિકલ્પ એનામાં છે નહિ. વ્યવહારનો વિકલ્પ ઊઠે એ પણ એનામાં નથી. એ તો જ્ઞાનની મૂર્તિ છે ચૈતન્ય. એમ '**જો મુનિ..**' પોતાના આત્માને જ્ઞાનમય એવું જાણે. વળી '**અન્ય જીવોંકો 'ચૈત્ય' અર્થાત્ ચેતનાસ્વરૂપ જાનતા હો,...**' એમ બીજાને પણ ચૈત્યસ્વરૂપ છે એ પણ જ્ઞાનની મૂર્તિ છે એમ જાણે. સમજાય છે કાંઈ? '**અન્ય જીવોંકો 'ચૈત્ય' અર્થાત્ ચેતનાસ્વરૂપ જાનતા હો,...**' જોયું! પોતાને પણ ચૈતન્યમય જાણે અને બીજા આત્માને પણ ચેતન્યમય જાણે. બીજા આત્માને શરીરવાળો, રાગવાળો જાણે નહિ. અને ઉપદેશ પણ ચૈતન્યને એ આપે. બીજાને કહે, તું ચૈતન્યમય છો. રાગ નહિ, પુણ્ય નહિ, વ્યવહાર નહિ. તું ચૈતન્યમય આત્મા છો. એવો ઉપદેશ આપે, એવું પોતે પોતાને માને અને બીજાના આત્માને ચૈતન્યમય જાણે અને ઉપદેશ ચૈતન્યમય તું છો, એમ બતાવે. સમજાણું કાંઈ?

'**આપ જ્ઞાનમયી હો ઔર પાંચ મહાવ્રતોંસે શુદ્ધ હો,...**' પંચ મહાવ્રતના પરિણામથી શુદ્ધ હોય. સંયમ છે. ચારિત્રદશા જ્યાં વર્તે છે. '**નિર્મલ હો, ઉસ મુનિકો હે ભવ્ય!**' જુઓ! '**जाण**' છે ને? અંદર '**जाण**' છે ને? 'કુંદકુંદાચાર્ય' કહે છે, '**जाण**'. '**जाण**' કહે છે કોને? કો'ક ભવ્યજીવને. એમ. '**जाण**' શબ્દ પડ્યો છે ને? '**णाणमयं जाण**' '**जाण**' હે આત્મા! તું જ્ઞાનમય છો. એ ચૈત્યઘર તારું આત્મસ્વરૂપ છે. જેમાં ચૈત્ય-જ્ઞાન વસે છે. એ ચૈત્યઘર તો આત્મા છે. બહારમાં પુસ્તક-બુસ્તક મૂકીને ચૈત્યઘર કહેવું એ તો ઓલો વ્યવહાર શુભભાવનું નિમિત્ત છે, પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'**ઉસ મુનિકો હે ભવ્ય! તૂ 'ચૈત્યગૃહ' જાન.**' એમ આવે છે ને? પાઠમાં છે '**जाण**'. આદેશ કરે છે. એને ચૈત્યગૃહ જાણ. આ પુસ્તક મૂક્યા અને ભગવાનના આ ચૈત્યગૃહ, પ્રતિમા મૂકી. ચૈત્ય એટલે પ્રતિમા. એનું ઘર આ. એ તો વ્યવહાર (છે). પરમાર્થે ચૈત્ય આનંદકંદ ભગવાન, જેમાં ચૈતન્યપણું જ રહે છે, ચૈતન્યપણું જ છે. એવા ચૈતન્યપણાનું જેને જ્ઞાન છે. તો બીજા આત્માઓ ચૈતન્યમય છે. સમજાણું? અને પંચ મહાવ્રત સહિત છે. સાધુપણું લેવું છે ને? ચારિત્ર સહિત છે. એને તું ચૈત્યગૃહ જાણ. સમજાણું કાંઈ? વાંધા ઉઠે છે ને કેટલાકને કે ચૈત્યગૃહ હોય. ભગવાનની પ્રતિમા ન હોય. ભઈ! બેય હોય. સાંભળને. વ્યવહારે બેય

હોય. નિશ્ચયમાં એકેય ન હોય. લે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકને જાણે તે સર્વને જાણે.

ઉત્તર :- પંચ મહાવ્રત આદિ સર્વને જાણે. મહાવ્રત વિકલ્પ છે એને જાણે.

મુમુક્ષુ :- ..બધાને?

ઉત્તર :- બધાને ચૈતન્યમય એમ જાણે. અને પોતામાં વિકલ્પ ઊઠે છે એ મહાવ્રતને જાણે. એથી મહાવ્રત સહિત છે એમ કહેવામાં આવે છે. એ વખતે મહાવ્રતનો વિકલ્પ ઉઠે એને જાણનાર છે ને? ખરેખર વિકલ્પનો કર્તા નથી. મહાવ્રત તો વિકલ્પ છે. એનો કર્તા નથી. તો એને જાણનાર છે. મહાવ્રત છે એને જાણે. એ મહાવ્રત સહિત, મહાવ્રતના જ્ઞાનસહિત (છે તેથી) એને મહાવ્રત સહિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આરે! ભાઈ!

મહાવ્રત છે ત્યાં તો ચારિત્ર છે. અંદર ચારિત્ર-સ્થિરતા હોય ત્યારે ઓલા મહાવ્રતના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. ચારિત્રની સ્થિરતા ન હોય તો મહાવ્રતના વિકલ્પને વ્યવહાર કહે કોણ? આનંદસ્વરૂપમાં સ્થિરતા છે, વીતરાગી આનંદ ઘણો પ્રગટ થયો છે એને ચારિત્ર કહીએ. અને પંચમહાવ્રતના વિકલ્પને વ્યવહારચારિત્ર કહીએ. વ્યવહાર ચારિત્ર એટલે ચારિત્ર નથી તેને ચારિત્ર કહેવું. એને જ્ઞાની જાણે કે આ છે ખરું. એ ભૂમિકામાં પંચ મહાવ્રત હોય. જાણે. માને નહિ કે મારા છે અને પોતાને આદરણીય છે. ફક્ત જાણે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિકલ્પનું જ્ઞાન કરે છે.

ઉત્તર :- જ્ઞાન જ જાણે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ બારમી ગાથામાં કહ્યું ને? જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું.

**'જિસમેં અપનેકો ઔર દૂસરેકો જાનનેવાલા જ્ઞાની, નિષ્પાપ - નિર્મલ ઈસપ્રકાર 'ચૈત્ય' અર્થાત્ ચેતનાસ્વરૂપ આત્મા રહતા હૈ,...'** દેખો!

**ભાવાર્થ :- 'જિસમેં અપનેકો ઔર દૂસરેકો જાનનેવાલા...'** પોતાને અને પરને જાણનાર જ્ઞાની, **'નિષ્પાપ - નિર્મલ...'** ચારિત્રસહિત છે ને. **'ઈસપ્રકાર 'ચૈત્ય' અર્થાત્ ચેતનાસ્વરૂપ આત્મા રહતા હૈ, વહ 'ચૈત્યગૃહ' હૈ.'** ચેતનાસ્વરૂપ જેમાં વસે એ ચૈત્યગૃહ આત્મા છે. **'ઈસપ્રકારકા ચૈત્યગૃહ સંયમી મુનિ હૈ,...'** અહીં તો વીતરાગી ચારિત્રસહિત લેવું છે ને? નિર્ગ્રંથમાર્ગ, મૂળ મોક્ષનો માર્ગ તો વીતરાગ છે. અને વીતરાગદશા છઠ્ઠે-સાતમે પ્રગટ થાય છે. ત્યાંથી જ એને મોક્ષનો માર્ગ ગણવામાં આવ્યો છે. ચોથે ગુણસ્થાને ઉપચારથી મોક્ષમાર્ગ છે. કારણ કે હજી ચારિત્ર આવ્યું નથી. બે ભાગ આવ્યા દર્શન-જ્ઞાન. સ્વરૂપના આચરણની સ્થિરતાનો અંશ છે પણ જે ચારિત્ર વીતરાગતા જે ત્રણ કષાયના અભાવની જોઈએ તે નથી. ત્યાં સુધી એને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે. ખરેખર છઠ્ઠે-સાતમે આનંદમાં ઝૂલનારા વીતરાગી સંતો, તેને તું ચૈત્યગૃહ જાણ.

**'અન્ય પાષાણ આદિકે મંદિરકો 'ચૈત્યગૃહ' કહના વ્યવહાર હૈ.'** લ્યો! આ ભગવાનની પ્રતિમા જે છે એ તો વ્યવહાર ચૈત્યગૃહ છે. શુભભાવમાં નિમિત્ત છે. શુદ્ધભાવમાં નિમિત્ત આત્મા છે. શુદ્ધભાવમાં નિમિત્ત એટલે કારણ આત્મા છે. શુભભાવમાં નિમિત્ત આ છે.

સમજાણું કાંઈ? વિશેષ કહેશે... હવે ચૈતન્યની વ્યાખ્યા કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૧, ગાથા ૮-૯, રવિવાર, અષાઢ વદ ૧૫, તા.૦૨-૦૮-૧૯૭૦

'અષ્ટપાહુડ' 'બોધપાહુડ'ની આઠમી ગાથા. ચૈત્યગૃહ કોને કહેવું? જૈનદર્શનમાં ચૈત્યગૃહ અને પ્રતિમાનું જે ઘર કહેવાય છે આ દેરાસર એ તો વ્યવહાર છે. નિશ્ચય ચૈત્યગૃહ હોય એને એ વ્યવહાર ચૈત્યગૃહનો શુભભાવ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે.

**बुद्धं जं बोहंतो, अप्पाणं चेदयाइं अण्णं च।**

**पंचमहव्वयसुद्धं, णाणमयं जाण चेदिहरं।।८।।**

**અર્થ :- 'જો મુનિ 'બુદ્ધ' અર્થાત્ જ્ઞાનમયી આત્માકો જાનતા હો,...'** આત્મા તો જ્ઞાન-ચૈત્યસ્વરૂપ છે. ચૈત્ય એટલે જ્ઞાન. જ્ઞાનસ્વરૂપ આત્મા (છે). ચૈત્યનો અર્થ, સ્થાનકવાસી પણ ચૈત્યનો અર્થ જ્ઞાન કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી રીતે.

અહીં 'કુંદકુંદાચાર્ય' ચૈત્યનો અર્થ જ્ઞાન કરે છે અને સ્થાનકવાસી ચૈત્યનો અર્થ જ્ઞાન કરે છે, બેયમાં ફેર છે. સમજાણું? એય..! 'ત્રંબકભાઈ'! ત્યાં તો ચૈત્ય પ્રતિમા છે. એનો અર્થ ત્યાં એ જ્ઞાન કરે છે. વ્યવહાર શબ્દ છે ચૈત્ય ત્યાં ૩૨ સૂત્રમાં ચૈત્ય આવે છે ત્યાં, એનો અર્થ એ જ્ઞાન કરે છે. પણ એ ખોટી વાત છે. ત્યાં પ્રતિમા છે. અને અહીંયાં ચૈત્યનો અર્થ જ્ઞાન છે. અત્યારે ચૈત્યગૃહ.

જેને આ આત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા છે એવું જેને ભાન થયું છે એવો આત્મા, એને અહીં ચૈત્યગૃહ કહેવામાં આવે છે. જ્ઞાનનું ઘર. આ ચૈત્યગૃહ તો પછી. આવું ચૈતન્યગૃહનું ભાન હોય કે ચૈતન્ય જ્ઞાન તો મારા સ્વભાવમાં છે. હું ચૈતન્યગૃહ છું. એય..! શેઠ! તમારું ચૈતન્યગૃહ એ નહિ, પાછું ઓલું પુસ્તવાળું નહિ. સમજાણું કાંઈ? આ પછી બીજી વાત.

ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાનની મૂર્તિ છે. એવું જેને ભાન થયું છે, અનુભવ થયો છે, એ ઉપરાંત **'અન્ય જીવોંકો 'ચૈત્ય' અર્થાત્ ચેતનાસ્વરૂપ જાનતા હો,...'** બીજા જીવને એ ચૈતન્યસ્વરૂપ જ જાણતા હોય. બીજા જીવો રાગવાળા છે અને આસ્રવવાળા છે અને બંધવાળા છે એમ ન જાણે. સમજાય છે કાંઈ? કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એને રાગવાળો, આસ્રવવાળો, બંધવાળો જાણવો એ વિપરીત મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? છોકરાઓ આવો આવો અંદર. બહાર ઝોલા ખાય છે. મોડા આવ્યા. કહો, સમજાણું કાંઈ?

ચૈત્યગૃહ. ચૈત્ય એટલે ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ તેને આત્મા કહીએ. પુણ્ય-પાપના વિકલ્પ છે એ તો આસ્રવ છે. એ સહિત આત્મા છે એમ માનવું એ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આવો આવો અંદર. ગરી જાવ. એ તો જ્યાં ત્યાં બેસાઈ જશે. જગ્યા ઘણી છે. મોટા ચણાનો બાજરો સમાય જાય ઝીણો ઝીણો. એવો શાસ્ત્રમાં લેખ છે, ભાઈ! મોટા ફળ હોય એમાં નાનો ઝીણો ગરી જાય. સમજાણું કાંઈ?

શું કહ્યું આ? જુઓ આ ચૈત્યગૃહ વ્યવહારે. કેટલાક તો પ્રતિમાને માનતા જ નથી. એ તો વ્યવહારને નહિ માનનારા એ પણ મિથ્યાદૃષ્ટિ છે. પણ એકલા વ્યવહારને માને છે, ચૈત્યગૃહ એ જ છે, મૂર્તિ અને પૂજા એ જ છે એમ માને અને ચૈતન્ય આત્માનું જ્ઞાન અને ભાન એનાથી રહિત નથી. પરથી રહિત છે એવો આત્મા એવું જેને ભાન નથી એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! 'શોભાલાલજી'! અહીં તો એવી વાત છે, ભાઈ! કોઈ પક્ષ-બક્ષની વાત અહીં છે નહિ.

મુમુક્ષુ :- સત્ય વાતનો તો પક્ષ છે.

ઉત્તર :- હા, પણ એ પક્ષ એટલે આ ફલાણાને સાચું કહેવું, ઓલાને ખરાબ લાગશે એ નથી. ... છે.

ચૈત્યગૃહ ભગવાન એકલું જ્ઞાન. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ૧૪ મી ગાથામાં લીધું છે ને? કે આ આત્મા વસ્તુ આસ્રવ અને કર્મ બેથી રહિત છે. છતાં '**बालिशानां**' અજ્ઞાનીઓને એ રાગ, આસ્રવ અને અજીવ સહિત ભાસે છે એ જ ભવનું બીજ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા... 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ની ૧૪મી ગાથામાં છે. સમજાણું? છે? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' નહિ હોય.

મુમુક્ષુ :- ગુજરાતી 'સમયસાર'માં છેલ્લું પાનું...

ઉત્તર :- 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' નથી આમાં? લ્યો! અહીં આવ્યું. ૧૪ મી ગાથા છે. 'અમૃતચંદ્રાચાર્ય' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहतोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

**'એ રીતે આ આત્મા...'** ભગવાનઆત્મા. અહીં જુઓ! ચૈત્યગૃહ ઈ કહેવું છે. આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો આત્મા છે. એને પુણ્ય-પાપ, રાગ, શરીર-ફરીર એનામાં છે નહિ. '**એ રીતે આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...**' રાગ અને શરીર સહિતપણું આત્માને ભાસે છે '**તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.**' પંડિતજી! બહુ ટૂંકું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા... આસ્રવ છે પણ એ તો જ્ઞાનનું જ્ઞેય છે. એ પછી ૯મી ગાથામાં આવશે. સમજાણું?

આસ્રવ છે, ભાવબંધ છે, દ્રવ્યબંધ છે પણ એ તો જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાનની ચીજ નથી. સમજાણું કાંઈ? આત્માની એ ચીજ નથી. 'શોભાલાલજી'! પરવસ્તુ છે. ભગવાનઆત્મા

જ્ઞાન ચૈતન્યસ્વરૂપ, એ ચૈતન્ય જેમાં વસે છે એ આત્મા ચૈત્યગૃહ છે. નિશ્ચયથી ચૈત્યગૃહ ભગવાનઆત્મા છે. સમજાણું? અને એવું જ અન્ય જીવનું ચૈત્ય કહીએ. બીજા જીવને એ એમ જાણે. બીજા જીવને પણ આસ્રવ અને રાગવાળો એ આત્મા (છે) એમ ન જાણે. આહાહા..! ચૈતન્યમૂર્તિ આત્મા એને આત્મા કહીએ. રાગ અને પુણ્ય એ તો બધો જ્ઞાનનો પરજ્ઞેય તરીકે વિષય છે. એની ચીજ નથી. એમ જે જાણતા હોય એ ઉપરાંત..

**'આપ જ્ઞાનમયી હો ઔર પાંચ મહાવ્રતોંસે શુદ્ધ હો,...'** ભાષા દેખો! 'શુદ્ધ' શબ્દ પડ્યો છે. મહાવ્રત છે તો અશુદ્ધ વિકલ્પ. પણ અંદર વસ્તુની-ચારિત્રની નિર્મળતા પ્રગટી છે એની સાથે વ્યવહારના વિકલ્પ છે એને વ્યવહારે શુદ્ધ કહેવામાં આવે છે. કેમકે અંદર શુદ્ધતા, જ્ઞાનમય આત્મા છું એમ સ્વરૂપના ભાન સહિત (છે) અને સ્વરૂપમાં ઠર્યો છે. ચારિત્રરૂપે વીતરાગભાવમાં અંદર ઠર્યો છે. એને પંચ મહાવ્રતના વિકલ્પને અહીં શુદ્ધ કીધા. કેમ? કે ઓલું શુદ્ધ તો ચારિત્ર છે. પણ વિકલ્પનો આરોપ કરીને એને શુદ્ધ કીધા. એવો જે જીવ તેને ચૈત્યગૃહ કહીએ. આહાહા..! 'હીરાભાઈ'! આ ફરીને લીધું. જરી આ બે ગાથા ચૈત્યની છે ખરી ને. ઓહો..હો..!

જ્ઞાન પણ એકાંત જ્ઞાન તે જ આત્મા અને ચૈત્યગૃહ છે એ તો નિશ્ચય છે. સમજાય છે કાંઈ? અને પંચ મહાવ્રતના વિકલ્પ સહિત, શુદ્ધતાની સ્થિરતા સહિત વર્તે છે માટે તેને શુદ્ધ કહેવામાં આવે છે અને તે ચૈત્યનું ઘર છે. લ્યો! **'આપ જ્ઞાનમયી હો ઔર પાંચ મહાવ્રતોં સે શુદ્ધ હો, નિર્મલ હો ઉસ મુનિકો હે ભવ્ય! તું ''ચૈત્યગૃહ'' જાન.'** એવા મુનિને જ્ઞાનનું ઘર જાણ. એ ચૈત્યનુંઘર એ મુનિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા ચૈત્યગૃહને જાણે નહિ અને એકલા ચૈત્યગૃહની પ્રતિમાને ચૈત્યગૃહ વ્યવહારે એકલું માને એ મિથ્યાદષ્ટિ છે. પણ ચૈતન્યને આવો માનીને આ ચૈત્યગૃહનો શુભભાવે એને વંદન આદિ વ્યવહારાદિ હોય તો એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

સ્થાનકવાસી જ્યાં ત્યાં ચૈત્ય આવે ત્યાં જ્ઞાન (અર્થ કરે). પણ એકલું જ્ઞાન એમ જ્યારે બીજી પ્રતિમા છે એવો વ્યવહાર ક્યાં ગયો? અને વ્યવહાર ન હોય તો ત્યાં એને નિશ્ચયનું પણ ભાન નથી. અને વ્યવહાર એકલો હોય એને પણ નિશ્ચયનું ભાન નથી. એ તો રાગ છે. એવો વ્યવહાર વચમાં આવે છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય તો વચમાં આવે. પણ એ તો વ્યવહાર છે. વ્યવહારનો અર્થ જ પરવસ્તુ છે એમ છે એ. શુભરાગ એ વ્યવહાર એટલે પરવસ્તુ, સ્વવસ્તુ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે.

**'શુદ્ધ હો, નિર્મલ હો, ઉસ મુનિકો હે ભવ્ય! તૂ ''ચૈત્યગૃહ'' જાન.'** એને તું ચૈત્યનું ઘર જાણ. ઓલા કેટલાક લોકો અહીંને માટે શું કહે છે? કે એ લોકો મૂળ સ્થાનકવાસી હતા. પ્રતિમાને માનતા નહોતા. એટલે હવે અત્યારે પ્રતિમાને માનવાથી ધર્મ થાય, સંવર-નિર્જરા થાય એમ માનતા નથી. એમ કહે છે. પંડિતજી! બીજા પંડિતો (એમ કહે છે કે) આ લોકો સ્થાનકવાસી પહેલા હતા એટલે મૂર્તિને માનતા નહોતા. અત્યારે પાછા મૂર્તિમાં સંવર-નિર્જરા માનતા નથી. માટે ખરેખર તો માનતા જ નથી.

મુમુક્ષુ :- એનાથી સંવર નિર્જરા માને તો માન્યું કહેવાય.

ઉત્તર :- તો માન્યું કહેવાય. ભગવાનની પ્રતિમાથી ધર્મ થયો એમ માને (તો માન્યું કહેવાય). પણ પ્રતિમાને આશ્રયે ધર્મ તો કોઈને ત્રણ કાળમાં ન થાય. સાંભળને. સાક્ષાત્ ભગવાન ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય, એની ભક્તિ અને એની વંદન-પૂજા એ બધો શુભભાવ છે, સંવર-નિર્જરા નહિ. પરદ્રવ્ય આશ્રયે જેટલો વ્યવહાર (થાય) તેમાં શુભભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ હોય ખરો. પણ એમાં એમ માની લે કે ત્યાં સંવર-નિર્જરા છે (તો એમ નથી). એવો કેટલાક આક્ષેપ કરે છે કે એ તો સ્થાનકવાસી હતા. પછી એ સ્થાનકવાસીમાં મૂર્તિ માને નહિ. એય..! તમે બધા એ છો ને? એ પણ હતા ને ત્યાં. કો'ક કો'ક હશે એવા દેરાવાસી. દેરાવાસી હતા? 'મોહનભાઈ' દેરાવાસી હતા. સમજાણું કાંઈ? બાકી તો ઘણા સ્થાનકવાસી હતા. આ 'વીરચંદભાઈ' દેરાવાસી હતા. સ્થાનકવાસી હતા? હા. હા. સ્થાનકવાસી હતા. સ્થાનકવાસી, હોં. આવો ફેર છે. એ લોકો ભગવાનની મૂર્તિ-પ્રતિમાને વંદન કરે, પગે લાગે પણ ધર્મ ન માને. પહેલેથી ધર્મના સંસ્કાર નહોતા માટે. સ્થાનકવાસીમાં હતા માટે ધર્મ નહોતા માનતા. એય..! 'ભગવાનજીભાઈ'! લ્યો! એ પણ દેરાવાસી છે. આ પૂર્વની અપેક્ષાની વાત છે. આહાહા..!

અહીં તો દેરું આ (છે). આત્મારૂપી દેરું એમાં ચૈતન્ય વસે છે તે દેરું છે, તે મંદિર છે. આહાહા..! એવું જાણીને અનુભવ અને સમ્યગ્દર્શન હોય, એને આવા પ્રતિમાનો વંદન, ભક્તિનો શુભ વ્યવહાર આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'જિસમેં અપનેકો ઔર દૂસરેકો જાનનેવાલા જ્ઞાની,...'** લ્યો! અપનેકો-દૂસરેકો-પોતે અને પર. જાણવાવાળું જે જ્ઞાન જેમાં વસે છે. **'નિષ્પાપ-નિર્મળ ઈસપ્રકાર 'ચૈત્ય'...'** કહીએ. જેમાં કાંઈ પાપ જરીએ નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના જેમાં વિકલ્પો નથી. એવો જે ચૈત્ય ભગવાન, **''ચેતનાસ્વરૂપ આત્મા રહતા હૈ, વહ 'ચૈત્યગૃહ''** હૈ.' જેમાં ચેતનાસ્વરૂપ... કોણે ગુજરાતી આપ્યું? ગુજરાતી છે ઈ? કીધું, આ પહોળું કેમ લીધું? કહો, સમજાણું કાંઈ? એ તો શબ્દ એક જ છે. જેમાં ભગવાન સ્વ-પરનો જાણનારો ગુણ, ચૈત્ય એવું વસે તે મુનિને ચૈત્યગૃહ કહેવામાં આવે છે.

**'ઈસપ્રકારકા ચૈત્યગૃહ સંયમી મુનિ હૈ,...'** આહાહા..! આ સમકિતી નહિ. ત્રણનું ભેગું લેવું છે ને? દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણની એક્તા થાય ત્યારે નિર્ગ્રંથ માર્ગ થાય. ત્યારે એની મુદ્રા દિગંબર નગ્ન હોય. એને કોઈ વસ્ત્ર-પાત્રની મુદ્રા હોય એવું રહે નહિ. એવી વસ્તુની મર્યાદા છે. મુનિપણું અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની ત્રણ કષાયના અભાવની સ્થિરતા પ્રગટે એને વસ્ત્ર, પાત્ર, આધાકર્મી આહાર, એને માટે કરેલો આહારનો વિકલ્પ એ હોઈ શકે નહિ. આ ઉદ્દેશિક-બુદ્દેશિક આહાર લે છે ને? ચોકા કરાવે. એ હોઈ શકે નહિ. સાચા મુનિને એ હોઈ શકે નહિ. એ સાચા મુનિ એ ચૈત્યગૃહ છે. આહાહા..!

કાલે આવ્યું નહોતું ઓલામાં? પીછલી રાત. પંડિતજી! 'છ ઢાળા'માં. પીછલી રાત એકાસન (સૂવે). પાછલી રાતમાં એક થોડી નિંદ્રા આવે. એક પોણી સેકન્ડની અંદર નિંદ્રા.

મુનિને એટલી દશા જ હોય છે. મુનિને પોણી સેકન્ડની અંદર નિંદ્રા (હોય). છઠ્ઠા ગુણસ્થાન જેટલી નિંદ્રા છે. સાતમું આવે ફટ્ટ નિંદ્રા ઉડી જાય. એવી એની દશા છે. સાધુ એટલે ભાવલિંગી મુનિ કોને કહે? સમજાણું કાંઈ? એને અહીં ચૈત્યગૃહ કહેવામાં આવે છે. જેની નિંદ્રા જ અલ્પ છે. ચૈતન્યનો જાગૃત ભાવ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પોણી સેકન્ડની અંદર. પીછલી રાત એકાસન (સૂવે). એમ છે ને? એકાસન. એક કરવટ. આમ હોય તો આમ અને આમ હોય તો આમ. એક કરવટ. એટલે સૂવે. પડખા ફેરવીને સૂવે એ મુનિને હોય નહિ.

મુમુક્ષુ :- એ તો આકુળતા છે.

ઉત્તર :- એ તો આકુળતા છે. આહાહા..! દશા તો જુઓ! એય..! 'પોપટભાઈ'! એવા જ્ઞાનમય અને વીતરાગમય મૂર્તિ એને ચૈત્યગૃહ-એ પ્રતિમાનું મકાન ને ઘર ને મંદિર કહેવામાં આવે છે. પ્રતિમાનું પછી લેશે. આના પછી તરત પ્રતિમા આવશે. સમજાણું કાંઈ?

**'અન્ય પાષાણ આદિકે મંદિરકો 'ચૈત્યગૃહ' કહના વ્યવહાર હૈ.'** જુઓ! ભગવાનની મૂર્તિ, ચૈત્ય પ્રતિમા, આ શાસ્ત્રના મંદિર એ બધા વ્યવહાર છે. વ્યવહાર એટલે જ્યારે શુભભાવ આવે ત્યારે એની ભક્તિ, વંદન આદિનો ભાવ હોય છે. સમકિતીને હોય છે, જ્ઞાનીને હોય છે અને મુનિને પણ હોય છે. એવો વ્યવહાર હોય છે. ક્યાં ગયા 'પ્રકાશદાસજી'? શું કહે છે સાંભળો! બે વાત (કરે છે), બે.

એકલી પ્રતિમાને ન માને, વ્યવહાર ન જ માને અને એકલો નિશ્ચય માને એ પણ નિશ્ચયાભાસ અજ્ઞાની છે. એક વાત. અને ચૈતન્ય પ્રતિમાને માને પણ નિશ્ચય જ્ઞાનાનંદ આત્મા છે એને અનુભવે અને માને નહિ તો એ પણ એકલો વ્યવહારાભાસી (છે). પણ ચૈતન્ય આત્મા... ઘર તો આનંદનું ઘર અને જ્ઞાનનું ઘર તો આત્મા છે. એવો અનુભવ છે, એવું મુનિપણું છે, એવો ચૈત્યગૃહ એને જે જ્ઞાની માને એ ઉપરાંત પછી જ્યારે વ્યવહાર જિનપ્રતિમા મંદિર આદિનો, ભક્તિનો ભાવ આવે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. કેવળીને વ્યવહાર ન હોય, મિથ્યાદષ્ટિને ન હોય, સમકિતીને હોય.

મુમુક્ષુ :- વ્યવહાર સમકિતીને જ હોય.

ઉત્તર : એને જ હોય. બીજા અજ્ઞાનીને વ્યવહાર ક્યાંથી આવ્યો? કેવળીને વ્યવહાર (હોય નહિ). સમકિતીને હોય એનો અર્થ? એ તો સમ્યગ્દર્શન છે એ તો નિશ્ચયમાં લીન છે પણ એને એ જાતનો રાગ આવે છે એટલે એને નિમિત્ત તરીકે હોય છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો સમ્યગ્દર્શનમાં વ્યવહારમાં લીન એ હોતો જ નથી. આહાહા..! પણ એને આ જાતની પર્યાયમાં શુભરાગનો વ્યવહાર આવે છે. એ ન આવે અને ન હોય એમ નથી અને હોય તે માટે સંવર-નિર્જરા છે એમ પણ નથી. આહાહા..! 'મોહનદાસજી'! આવી વસ્તુ છે. આહાહા..!

**'અન્ય પાષાણ આદિકે મંદિરકો 'ચૈત્યગૃહ' કહના વ્યવહાર હૈ.'** વ્યવહાર છે, નથી એમ નહિ. પણ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. શુભઉપયોગ આવે છે. છે અપરાધ. પણ અશુભથી બચવા માટે અથવા તે કાળે તે પ્રકારનો રાગ જ એને એ જાતનો હોય છે. એ

જાણવા માટે છે. ખરેખર આદરણીય અંદરમાં દૃષ્ટિમાં નથી પણ આવ્યા વિના રહેતો નથી. હવે બીજી ગાથા.

---

आगे फिर कहते हैं :–

चेइय बंधं मोक्खं, दुक्खं सुक्खं च अप्पयं तस्स।
चेइहरं जिणमग्गे, छक्कायहियंकरं भणियं।।९।।

चैत्यं बंधं मोक्षं दुःखं च आत्मकं तस्य।
चैत्यगृहं जिनमार्गे षड्कायहितंकरं भणितम्।।९।।

ચેતન સ્વયં, સુખ-દુઃખ-બંધન-મોક્ષ જેને [1]અલ્પ છે,
ષટ્કાયહિતકર તેહ ભાખ્યું ચૈત્યગૃહ જિનશાસને. ૯.

अर्थ :– जिसके बंध और मोक्ष, सुख और दुःख हो उस आत्माको चैत्य कहते हैं – अर्थात् ये चिह्न जिसके स्वरूपमें हो उसे 'चैत्य' कहते हैं, क्योंकि जो चैतनास्वरूप हो उसीके बंध, मोक्ष, सुख, दुःख संभव हैं। इसप्रकार चैत्यका जो गृह हो वह 'चैत्यगृह' है। जिनमार्गमें इसप्रकार चैत्यगृह छहकायका हित करनेवाला होता है। वह इसप्रकारका 'मुनि' है। पांच स्थावर और त्रसमें विकलत्रय और असैनी पंचेन्द्रिय तक केवल रक्षा ही करने योग्य हैं, इसलिये उनकी रक्षा करनेका उपदेश करता है, तथा आप उनका घात नहीं करता है यही उनका हित है; और सैनी पंचेन्द्रिय जीव हैं उनकी रक्षा भी करता है, रक्षाका उपदेश भी करता है तथा उनको संसारसे निवृत्तिरूप मोक्ष प्राप्त करनेका उपदेश करते हैं। इसप्रकार मुनिराजको 'चैत्यगृह' कहते हैं।

भावार्थ :– लौकिक जन चैत्यगृहका स्वरूप अन्यथा अनेक प्रकार मानते हैं उनको सावधान किया है कि – जिनसूत्रमें छहकायका हित करनेवाला ज्ञानमयी संयमी मुनि है वह 'चैत्यगृह' है; अन्यको चैत्यगृह कहना, मानना व्यवहार है। इसप्रकार चैत्यगृहका स्वरूप कहा।।९।।

---

## ગાથા-૯ ઉપર પ્રવચન

હવે બીજી ગાથા. 'આગે ફિર કહતે હૈં :-'

चेइय बंधं मोक्खं, दुक्खं सुक्खं च अप्पयं तस्स।
चेइहरं जिणमग्गे, छक्कायहियंकरं भणियं।।९।।

---

૧. અલ્પ = ગૌણ.

**અર્થ :- 'જિસકે બંધ ઔર મોક્ષ, સુખ ઔર દુઃખ હો ઉસ આત્માકો ચૈત્ય કહતે હૈં -'** એનો મૂળ તો અર્થ એવો છે જે આપણે ૩૨૦ ગાથામાં આવી ગયો છે. બંધ અને મોક્ષ, સુખ અને દુઃખ તેને જાણે છે. બંધને જાણનાર જ્ઞાન છે, મોક્ષને જાણનાર જ્ઞાન છે, કલ્પના સુખને જાણનાર જ્ઞાન છે, કલ્પના દુઃખ એને જાણનાર (જ્ઞાન) છે, એને ચૈત્ય કહીએ. સમજાણું કાંઈ? **'સુખ ઔર દુઃખ હો ઉસ આત્માકો ચૈત્ય કહતે હૈં - અર્થાત્ યે ચિહ્ન જિસકે સ્વરૂપમેં હો...'** સ્વરૂપમાં હોય એનો અર્થ? એના જ્ઞાનમાં એ હોય છે.

મુમુક્ષુ :- એ જાતનું જ્ઞાન.

ઉત્તર :- જ્ઞાન. બંધનું જ્ઞાન, મોક્ષનું જ્ઞાન. એ આપણે 'સમયસાર'ની ૩૨૦ ગાથામાં આવી ગયું છે. **'जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं'** જ્ઞાની બંધ-મોક્ષને જાણે અને ઉદય અને નિર્જરાને જાણે. નિર્જરા કરતો નથી, ઉદય કરતો નથી. હોય તેને જાણે, નિર્જરા થાય તેને જાણે. બંધ વિકલ્પ છે એમ જાણે. અને વિકલ્પ રહિત થાય ત્યારે મોક્ષ છે એમ જાણે. એવું જાણનાર સ્વરૂપ જેના ઘરમાં છે એવો આત્મા તેને ચૈત્યગૃહ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'बंधं मोक्खं, दुक्खं सुक्खं च अप्पयं तस्स'** જે આત્માને જાણવામાં આવે એમ લેવું. એય..! એને ચૈત્ય કહીએ. આણે વળી બીજો અર્થ કર્યો કે ચેતનસ્વરૂપ એવું ચૈત્ય.. એણે વળી આ ચૈત્યનો અર્થ કર્યો બહારમાં પ્રતિમા. આ પ્રતિમાથી જે વિરુદ્ધ હોય તે બંધને પામે અને બંધના ફળ દુઃખરૂપ પામે એમ લખ્યું છે. અને ચૈતન્ય પ્રતિમા અને આ પ્રતિમા બેને બરાબર જાણે-માને એને મોક્ષ હોય અને એના મોક્ષના ફળ તરીકે સુખ હોય. સમજાણું કાંઈ? શું કહ્યું એ?

એક તો ભગવાનઆત્મા ચૈતન્ય પ્રતિમા, ચૈતન્ય ઘર અને આ ચૈત્યઘર-મંદિર (આ) બેની જે વિરુદ્ધ થાય છે એ બંધને પામે અને બંધના ફળને દુઃખને પામે. અને આ ભગવાન ચૈતન્ય ઘર અને આ ચૈતન્ય પ્રતિમા એટલે ચૈત્ય પ્રતિમા એનાથી અવિરુદ્ધ એટલે જેવું છે તેવું સ્વરૂપ ચૈતન્યને જાણે અને આ પણ વ્યવહારે પ્રતિમા છે એવું પણ જાણે એને મોક્ષ થાય અને એના મોક્ષના ફળ તરીકે સુખ થાય. સમજાય છે કાંઈ?

**'चेइयं बंधं'** એમ બંધને ચેતે છે. એમ મૂળ તો વાત છે. **'चेइयं बंधं'** બંધને જાણે છે. **'चेइयं बंधं मोक्खं'** જાણે છે મોક્ષને. **'दुक्खं चेइयं'** દુઃખ છે એને જાણે છે. **'सुक्खं च अप्पयं तस्स'** પોતાના સ્વરૂપમાં તેને જાણે છે. એવો ચૈત્યગૃહ ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ? આ તો એકાંત પ્રતિમા અને જિનમંદિર અને ચૈત્યગૃહો, એને માનીને એમાં ચોવીસ કલાક રોકાય અને એમાં હેરાન થઈ જાય એને કહે છે કે, બાપુ! એ તો વ્યવહાર છે, પુણ્યબંધ છે. ધર્મ એ નથી. 'શોભાલાલજી'! ત્યાં ને ત્યાં ભગવાનની પ્રતિમા અને પૂજા કર્યા જ કરે. છ-છ કલાક, આઠ-આઠ કલાક. પણ આ ભગવાનઆત્મા છે એને તો જાણે નહિ. લક્ષ પણ નહિ. ચૈતન્ય ભગવાન જ્ઞાનનો સાગર જગતના ત્રણ કાળ, ત્રણ લોકને જેની જ્ઞાનની એક સમયની પર્યાય જાણી લે એવો એનો સ્વભાવ છે. શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય ત્રણ

કાળ, ત્રણ લોકને જાણે. એવું જાણવાનું ઘર એ ચૈતન્યઘર તે આત્મા છે. સમજાણું કાંઈ?

**'ચેતનાસ્વરૂપ હો ઉસીકે બંધ, મોક્ષ, સુખ, દુઃખ સંભવ હૈં.'** જાણનાર હોય એને બંધ, મોક્ષ અને સુખ-દુઃખનું જ્ઞાન હોય. જાણનાર ન હોય એને બંધ-મોક્ષ અને સુખ-દુઃખનું જ્ઞાન (ન હોય.) જડને છે કાંઈ? સમજાણું કાંઈ? જેના સ્વરૂપમાં ભાવબંધ જે વિકલ્પ ઊઠે છે એને પણ ભિન્ન તરીકે જાણે છે. એ ભાવબંધ સહિત છું એમ નહિ. સમજાણું કાંઈ? એમ રાગ વ્યવહારે પુણ્યનો, દયા, ભક્તિનો આવે છે એને જાણે છે. એ રાગસહિત હું આત્મા છું એમ નહિ. સમજાય છે કાંઈ? અને જરી દુઃખની કલ્પના અસહનશીલતાને લઈને થાય છે, પણ તે દુઃખ સહિત આત્મા છું એમ ન જાણે. એ દુઃખનો હું જાણનાર છું તેના જ્ઞાન સહિત હું છું. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતનાસ્વરૂપ હો...'** એ તો ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જાગૃત જ્યોત પ્રભુ. કોઈ સમયમાં એ જાણવાનું કામ ન હોય એમ છે નહિ. એને રાગનું કામ છે અને ફલાણાનું કર્તવ્ય છે, એ ચૈતન્યમાં નથી. કહો, સમજાણું કાંઈ? આવા ચૈત્યગૃહને તો જાણે નહિ. એકલા ચૈત્યગૃહ બહારમાં માનીને, ધર્મ માનીને બેસે. ન માને એવી તો વાત જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહાર નથી જ, પ્રતિમા નથી જ, પૂજા, પ્રતિમા, ભક્તિ જૈનશાસનમાં વ્યવહાર નથી, એમ માને એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. પણ એ છે, એ ધર્મ છે, એ ભગવાનની પૂજા નિર્જરા છે એવું એ લોકોમાં આવે છે. આસ્રવ ટળે ને સંવર ચાલ વધે જી. ભગવાનની પૂજાથી આસ્રવ ટળે. આવે છે કે નહિ? એય..! 'ચેતનજી'! આસ્રવ ટળે અને સંવર વધે. બિલકુલ આસ્રવ ટળે નહિ. એ તો પોતે આસ્રવ છે. ભગવાનની પ્રતિમા, વંદન આદિ પૂજા-ભક્તિ શુભભાવરૂપે આસ્રવ છે. હોય છે ખરો, પણ એ પોતે ધર્મ છે એમ માનનારને ચૈતન્યગૃહ તારું અહીં છે, ત્યાં નથી, એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- એ તો રાગભાવ, પાપ છે.

ઉત્તર :- એ રાગભાવ છે. નિશ્ચયથી તો પાપ છે. આહાહા..! ભારે. ન કરીએ તો? પણ ન કરે શું, આવ્યા વિના રહે નહિ. શુભભાવ, એ ચૈતન્યના શુદ્ધઉપયોગમાં જ્યાં સુધી રમે નહિ ત્યાં સુધી એવો ભાવ હોય છે. એ ભાવને ચૈતન્ય જાણે છે. એવા જાણનાર ચૈતન્યને ધરે તે ચૈત્યગૃહ છે. કહો, 'ભગવાનજીભાઈ'! ભારે વાત, ભાઈ! વ્યવહાર માને માંડ કે અમે મૂર્તિમાં નહોતા માનતા અને હવે માનવા લાગ્યા. માનવા લાગ્યા, તો કહે (છે, એ તો શુભભાવ છે). એય..!

**'ઈસપ્રકાર ચૈત્યકા જો ગૃહ હો વહ 'ચૈત્યગૃહ' હૈ.'** લ્યો! **'જિનમાર્ગમેં ઈસપ્રકાર ચૈતન્યગૃહ છહકાયકા હિત કરનેવાલા હોતા હૈ.'** છકાયનું હિત કરવાવાળો. એટલે કોઈપણ પ્રાણીને એ દુઃખ આપવાનો કે સુખ આપવાનો વિકલ્પ હોતો નથી. **'વહ ઈસપ્રકાર મુનિ હૈ. પાંચ સ્થાવર ઔર ત્રસમેં વિકલત્રય ઔર અસૈની પંચેન્દ્રિય તક કેવલ રક્ષા હી કરને યોગ્ય હૈં,...'** એવો ઉપદેશ કરે. એની રક્ષા કરવાનો ઉપદેશ કરે. છકાયનું હિત કરનારું કહેવું છે ને?

આવા મુનિ છકાયના હિત કરનારા (હોય છે). કોઈપણ પ્રાણી અસંજ્ઞી આદિને ન મારવા, એવી જાતનો એનો ઉપદેશ હોય છે.

**'કેવલ રક્ષા હી કરને યોગ્ય હૈં,...'** રક્ષાનો અર્થ? નહિ મારવા લાયક. ભાષા તો વ્યવહારે એમ કરે ને? રક્ષા ક્યાં કરી શકે છે? પરની કાંઈ રક્ષા કરી શકતો નથી. પણ પરને ન મારવું એ રક્ષા વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! પરદ્રવ્યની રક્ષા ક્યાં આત્મા કરે છે? એની સ્વતંત્ર પર્યાય છે. એનું રક્ષણ કરે? છકાયને બચાવે? બચાવી કોણ શકે? પણ બીજાને ન મારવાનો વિકલ્પ છે તે રક્ષા કરી એમ કહેવામાં આવે છે.

**'તથા આપ ઉનકા ઘાત નહીં કરતા હૈ...'** એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય મન વિનાના, એને પોતે ઘાત ન કરે **'યહી ઉનકા હિત હૈ;...'** એમ. એનું એટલું હિત. બીજાને દુઃખ ન આપ્યું. એકેન્દ્રિયથી મન વિનાના. એટલું એનું હિત કે ન મારવા. આ છકાયના હિતના કરવાવાળો છે એ સિદ્ધ કરે છે. **'ઔર સૈની પંચેન્દ્રિય જીવ હૈં ઉનકી રક્ષા ભી કરતા હૈ, રક્ષાકા ઉપદેશ ભી કરતા હૈ...'** પંચેન્દ્રિયને ન મારે અને પંચેન્દ્રિયને ઉપદેશ પણ કરે. ભગવાનઆત્માની રક્ષા કરો. પરને ન મારશો. એમ ઉપદેશ પંચેન્દ્રિય મનવાળાને કરે. એ છકાયનું હિત થઈ ગયું. એકેન્દ્રિયથી મન વિનાના પ્રાણીને, એને ન મારવાનો ઉપદેશ એ એનું હિત કહેવાય. પંચેન્દ્રિયને ન મારવાનો ઉપદેશ અને પોતે ન મારે એવો એક (પ્રકાર). છકાયના હિત કરનારા આ રીતે મુનિને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'તથા ઉનકો સંસારસે નિવૃત્તિરૂપ મોક્ષ પ્રાપ્ત કરનેકા ઉપદેશ કરતે હૈં.'** વળી પંચેન્દ્રિય જે ક્ષયોપશમવાળા જીવ છે એને મોક્ષનો ઉપદેશ કરે. **'ઇસપ્રકાર મુનિરાજકો ચૈત્યગૃહ કહતે હૈં.'** આહાહા..! સમજાણું કાંઈ? **'સંસારસે નિવૃત્તિરૂપ મોક્ષ પ્રાપ્ત કરનેકા ઉપદેશ કરતે હૈં.'** રાગથી નિવૃત્તરૂપ ભગવાનઆત્માનો સ્વભાવ છે એને ઓળખીને ઠરો. એ મોક્ષનું કારણ છે. એવો ઉપદેશ ચૈત્યગૃહ આપે. ચૈત્યગૃહ એવો ઉપદેશ આપે. આ ચૈત્યગૃહ કંઈ ઉપદેશ આપી શકતા નથી.

મુમુક્ષુ :- આ મૂક ઉપદેશ આપે.

ઉત્તર :- એ મૂક એટલે વ્યવહાર થયો ઈ. આ તો નિશ્ચય છે. ચૈત્યગૃહ જાણીને જાગૃત થઈ, ભાનથી ઉપદેશ કરે છે. થાય છે એને ઉપદેશ કરે એમ કહેવાય. લ્યો! **'મુનિરાજકો 'ચૈત્યગૃહ' કહતે હૈં.'**

**'ભાવાર્થ :- લૌકિક જન ચૈત્યગૃહકા સ્વરૂપ અન્યથા અનેક પ્રકાર માનતે હૈં...'** એકલી આ મૂર્તિને ધર્મ માને કે આ માને કે પુસ્તક મુકીને ભગવાન છે એમ માને કે શાસ્ત્ર લખીને પધરાવે એને ચૈત્યગૃહ છે એમ માને. પણ જેટલું એટલું માને એ ચૈત્યગૃહ ખોટું છે, એમ કહે છે. પધરાવ્યું છે અહીં જુઓ. 'સમયસાર'. આ વળી મોટું થાય છે પાછું. પરમાગમ. ભગવાનની સંતોની વાણી, વીતરાગીની વાણી. જુઓ! પરમાગમ છે. વ્યવહાર હોય છે. શુભભાવ ભક્તિનો ભાવ હોય છે. પણ એની મર્યાદા પુણ્યબંધ જેટલી છે. એની મર્યાદા સંવર-નિર્જરામાં નાખી દેવી (એ વિપરીતતા છે).

મુમુક્ષુ :- પાપ ન થાય એટલો તો સંવર થાય ને.

ઉત્તર :- ના ના, જરીએ નહિ. એ તો સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ શુદ્ધ સ્વભાવ ઉપર છે. માટે અશુભથી બચે છે એટલા શુભનો આરોપ એમાં અપાય છે. શુભ છે એ અશુભને ટાળે છે. એટલો અશુભરાગ સમ્યગ્દર્શન દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે માટે તેને શુભભાવમાં અશુભ ટળે છે એવો આરોપ દેવામાં આવે છે.

સમ્યગ્દર્શનની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. તેથી એને અશુભ ટળતા જે શુભ થાય છે, એથી શુભે અશુભને ટાળ્યો, એટલો રાગ ટળ્યો એ જ્ઞાનીના રાગને આમ ટળ્યો એમ કહેવામાં આવે છે. અજ્ઞાનીના રાગમાં અશુભ ટળ્યો એ હોઈ શકે નહિ. કારણ કે દૃષ્ટિ જ એકલી રાગ ઉપર છે અને જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે, વીતરાગી સ્વભાવ ઉપર છે. માટે વીતરાગી સ્વભાવ ઉપર દૃષ્ટિવંતને જે શુભભાવ આવે એ શુભભાવે અશુભથી બચાવ્યો છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિશ્ચયે કે વ્યવહારે?

ઉત્તર : વ્યવહારે. ત્યાં એટલો વ્યવહાર છે ને? નિશ્ચય તો અહીં આશ્રય છે. એટલો વ્યવહાર છે ને? અશુભથી બચ્યો છે શુભરાગને લઈને બચ્યો છે. ખરેખર તો સ્વભાવને આશ્રયે જ બચ્યો છે. કારણ કે શુભ વખતે સ્વભાવનો આશ્રય વધારે છે અને અશુભ વખતે સ્વભાવનો આશ્રય થોડો છે. વાત તો એમ છે. સમજાણું કાંઈ? આવે છે ને પ્રતિક્રમણાદિ? 'અમૃતચંદ્રાચાર્ય'. એ અશુભરાગ ક્રમે ક્રમે શુભરાગથી ઘટે છે. મોક્ષ અધિકારમાં છે અપડિકમણ... ક્રમે ક્રમે રાગ ઘટે છે. સમ્યગ્દૃષ્ટિ છે દ્રવ્ય ઉપર, વસ્તુ વીતરાગ સ્વરૂપ છે એની દૃષ્ટિ છે. એથી જે શુભ થયો એમાં શુભ પોતે અશુભને બચાવે છે એવો ત્યાં (વ્યવહાર છે). આત્મા શુભ-અશુભ બેયને બચાવે છે અને શુભ અશુભને બચાવે છે. એટલું ત્યાં કહેવામાં, જાણવામાં છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ! નિશ્ચય અને વ્યવહારના ઝઘડા! નિશ્ચય-વ્યવહારનયે જગત ભરમાયો છે. 'બનારસીદાસ'ના 'સમયસાર નાટક'માં આવે છે.

અજ્ઞાની '**ચૈત્યગૃહકા સ્વરૂપ અન્યથા અનેક પ્રકાર માનતે હૈં ઉનકો સાવધાન કિયા હૈ - જિનસૂત્રમેં છહકાયકા હિત કરનેવાલા જ્ઞાનમયી સંયમી મુનિ હૈ વહ 'ચૈત્યગૃહ' હૈ;...**' એ ચૈત્યગૃહનું ભાન કર્યા વિના એકલા પ્રતિમા ને મૂર્તિને માનીને ધર્મ માને એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, 'પ્રકાશદાસજી'! કહો, આ સ્થાનકવાસીને ઠીક પડે, આવો ઉપદેશ, હોં! એમ કહે છે.

મુમુક્ષુ :- અરે..! એનાથી તો તદ્દન વિરુદ્ધ છે.

ઉત્તર :- એનાથી બેય વિરુદ્ધ જાય છે. એનાથી નિશ્ચય વિરુદ્ધ છે અને વ્યવહાર વિરુદ્ધ છે. નિશ્ચય તો ત્યાં છે જ ક્યાં? રાગ વિના આત્મા નિર્મળાનંદ ચૈતન્ય છે તે ચૈત્યગૃહ છે તે નિશ્ચયથી તો છે જ નહિ. અને વ્યવહારની વાત જે પ્રતિમાદિનો શુભભાવ છે એને તો માનતા જ નથી. એ તો વ્યવહાર ને નિશ્ચય બેયથી ભ્રષ્ટ છે. એય..! વાત તો એવી છે. સમજાણું કાંઈ? અને આ સંપ્રદાયમાં રહેલા.. અહીં તો દિગંબરની જ વાત છે ને. દિગંબર સંપ્રદાયમાં રહેલા એકલા ચૈત્યગૃહ ભગવાનની પ્રતિમાને અને ઘરને જ માને અને આ ચૈત્યગૃહ ભૂલી જાય એ મિથ્યાદૃષ્ટિ છે. એ..! 'નાગરભાઈ'! આવો માર્ગ છે. લ્યો! માંડ માંડ

હજી પ્રતિમા અને મંદિરમાં આવ્યા ત્યાં કહે ધર્મ નથી. એય..! 'નેમિદાસભાઈ'! આ અમારે શેઠ પણ ત્યાં હતાં. ત્યાં સમ્મેદશિખર. પંડિતજી! જ્યારે સમ્મેદશિખરમાં ચોવીસ તીર્થંકરના પગલા ફેરવ્યા, આપણા દિગંબરના હતા, હોં! રાત્રે ફેરવ્યા. તે દિ' આ શેઠ ત્યાં હતા. ત્યાં હાજર હતા. એ રાત્રે ત્યાં હાજર હતા. પણ એ વખતે ઈ સ્થાનકવાસી હતા. હમણા દિગંબર થયા. અત્યારે તો 'પોરબંદર'માં ૪૫ હજારનું મંદિર બનાવ્યું. તમે તો સ્થાનકવાસી હતા. રાત્રે બદલાવ્યા તો એમાં શું? અમે તો મૂર્તિને માનતા નથી. શ્વેતાંબર-દિગંબરે મૂર્તિને ગમે તેમ કર્યું હોય. રાત્રે એના શેઠનો ફોન હતો. શેઠ હતો ને કો'ક? એ ટ્રસ્ટીને પૂછ્યું કે કેમ અહીં આવ્યા છો? આ તો તે દિ' સ્થાનકવાસી (હતા). એટલે કહે કે આજે રાત્રે પગલા ફેરવવા છે.

મુમુક્ષુ :- 'દેવીદાસભાઈ' સાથે હતા.

ઉત્તર :- 'દેવીદાસભાઈ' હતા એ. કહે અહીં શું કરવા આવ્યા છો? અહીં ખાનગી શ્વેતાંબરના. આ દિગંબરના પગલા છે એ રાતના ફેરવી નાખ્યા. શ્વેતાંબરના કરી નાખ્યા. સવારે જોવા આવ્યા ત્યારે શ્વેતાંબરના. આ હાજર હતા ત્યાં. પણ એ સ્થાનકવાસી ઢૂંઢીયા એટલે એને કહે કે તમે ગમે તેમ કરો બેય. હવે પછી દિગંબરમાં આવ્યા, હવે. અત્યારે ઘરે ૪૫ હજારનું મંદિર બનાવ્યું છે. 'પોરબંદર'. એકલાએ. તે દિ' એમ કહે કે જે થયું હોય એ તમારું. અમારે શું છે? અમે તો મૂર્તિને માનતા નથી. શ્વેતાંબરના હો કે દિગંબરના હો અમારે શું છે. આહાહા..! લોકો પક્ષને લઈને શું કરે છે? સત્ય વાત, અનાદિનો સનાતન માર્ગ તો આ છે. આહાહા..! નિશ્ચય સ્વભાવના ભાન સહિત એવા વીતરાગી પ્રતિમા, વીતરાગી પગલાદિ મુનિઓના હોય છે, પંચ પરમેષ્ઠીના હોય છે. હોય છે. એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું થાય? માણસને પક્ષ આડે અંધાપો આવી જાય. સત્ય સૂઝે નહિ.

**'અન્યકો ચૈત્યગૃહ કહના, માનના વ્યવહાર હૈ.'** જુઓ! છે ને? બીજા ચૈત્યગૃહ ભગવાનની પ્રતિમાના ... માને એ વ્યવહાર છે. **'ઈસપ્રકાર ચૈત્યગૃહકા સ્વરૂપ કહા.'** લ્યો!

---

**(३) आगे जिनप्रतिमाका निरूपण करते हैं :**

**सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं।**
**णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।१०।।**

**स्वपरा जंगमदेहा दर्शनज्ञानेन शुद्धचरणानाम्।**
**निर्ग्रन्थवीतरागा जिनमार्गे ईद्दशी प्रतिमा।।१०।।**

**દગ જ્ઞાન-નિર્મલ ચરણ ધરની ભિન્ન જંગમ કાય જે,**
**નિર્ગ્રંથ ને વીતરાગ, તે પ્રતિમા કહી જિનશાસને. ૧૦.**

**अर्थ :** जिनका चारित्र, दर्शन–ज्ञानसे शुद्ध – निर्मल है, उनकी स्व–परा अर्थात् अपनी और परकी चलती हुई देह है, वह जिनमार्गमें 'जंगम प्रतिमा' है; अथवा स्वपरा अर्थात् आत्मासे 'पर' यानी भिन्न है ऐसी देह है। वह कैसी है? जिसका निर्ग्रन्थ स्वरूप है, कुछ भी परिग्रहका लेश भी नहीं है ऐसी दिगम्बर मुद्रा है। जिसका वीतराग स्वरूप है, किसी वस्तुसे राग–द्वेष–मोह नहीं है, जिनमार्गमें ऐसी 'प्रतिमा' कही है। जिनके दर्शन ज्ञानसे निर्मल चारित्र पाया जाता है, इसप्रकार मुनियोंकी गुरु–शिष्य अपेक्षा अपनी तथा परकी चलती हुई देह निर्ग्रन्थ वीतरागमुद्रा स्वरूप है, वह जिनमार्ग में 'प्रतिमा' है, अन्य कल्पित है और धातु–पाषाण आदिसे बनाये हुए दिगम्बर मुद्रा स्वरूपको 'प्रतिमा' कहते हैं जो व्यवहार है। वह भी बाह्य आकृति तो वैसी ही हो वह व्यवहारमें मान्य है।।१०।।

## ગાથા-૧૦ ઉપર પ્રવચન

**'આગે જિનપ્રતિમાકા નિરૂપણ કરતે હૈં :'** જૈનદર્શનમાં સાચી જિનપ્રતિમા કોને કહેવી? સમજાણું કાંઈ?

**सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं।**
**णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।१०।।**

ભાષા જુઓ! 'કુંદકુંદાચાર્ય' કહે છે જૈનમાર્ગમાં તો આને પ્રતિમા કહી છે. આ બહારની પ્રતિમાને તો વ્યવહાર કહી છે. એ નિશ્ચય જિનમાર્ગમાં નથી. વ્યવહારમાં છે ઈ. આહાહા..! જુઓને ભાષા કેવી છે! ઓલામાં એમ હતું. '**चेइहरं जिणमग्गे, छक्कायहियंकरं**' નવમીમાં. આહાહા..! ભારે.

**અર્થ :-** કહે છે '**જિનકા ચારિત્ર, દર્શન-જ્ઞાનસે શુદ્ધ - નિર્મલ હૈ, ઉનકી સ્વ-પરા અર્થાત્ અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ, વહ જિનમાર્ગમેં 'જંગમ પ્રતિમા' હૈ;...**' એ ગુરુ અને શિષ્ય બેય જ્ઞાનાનંદમાં રમનારા. સ્વ અને પર. છે? ચાલતી દેહ. બેય. ગુરુ અને શિષ્ય બેય જંગમ પ્રતિમા. આહાહા..!

મુમુક્ષુ :- જંગમ પ્રતિમા એટલે?

ઉત્તર :- શરીર સહિત. શરીર સહિત જે ચૈતન્યબિંબ છે ને ચૈતન્યબિંબ? એનું ભાન. સ્થિર પ્રતિમા સિદ્ધ આદિને સ્થિર કહે. સિદ્ધ ભગવાન છે ને સ્થિર? એને સ્થાવર પ્રતિમા, સ્થિર પ્રતિમા (કહે છે). આ ચાલતી. ચાલતા છે ને. છે અંદર મહાન વીતરાગતા. ત્રણ કષાયનો અભાવ, સમ્યગ્દર્શન સહિત વીતરાગતા, પોતાનો આત્મા, એનો ચાલતો દેહ અને પોતાનો શિષ્ય. શિષ્ય આવા હોય એમ કહે છે. સમજાણું કાંઈ?

'**सपरा जंगमदेहा**' '**અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ,...**' એનો અર્થ કે પોતાનું જે શાસન છે ને? એમાં શિષ્યો છે ને? સાધુ હોય કે બધા હો એ ચૈતન્યગૃહ છે, જિનપ્રતિમા છે. વીતરાગભાવે તે છે. તેથી એને અહીંયાં ચાલતા દેહવાળાને જંગમ પ્રતિમા કહેવામાં આવે છે.

સમજાણું કાંઈ? લ્યો! આ 'સ્વરૂપચંદભાઈ' આવ્યા. આ પ્રતિમા કોને કહેવી એનું છે 'સ્વરૂપચંદભાઈ'! કહે છે, અહીં તો દર્શન, જ્ઞાન કરી શુદ્ધ આત્મા અને રાગરહિત વીતરાગ દશા, એવો આત્મા, તેને જૈનની જૈન પ્રતિમા કહેવામાં આવે છે. આ તો વ્યવહાર પ્રતિમા છે. આહાહા..! આ દેરાવાસી છે ને? કહો, સમજાણું કાંઈ? આ તો પૂર્વની અપેક્ષાની વાત છે.

અહીંયાં તો પ્રતિમા ભગવાનના માર્ગમાં એને કીધી, ચૈતન્ય પ્રતિમા ભગવાન. કેવી? કે દર્શન જ્ઞાન કરી શુદ્ધ નિર્મળ ચારિત્ર પાછું. ચારિત્ર વિના શું? વીતરાગ દશા... મહામુનિ સંત દિગંબર બાહ્ય દેહ નગ્ન દિગંબર, અંદરમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગતા. એને જંગમ દેહ કહેવામાં આવે છે. જંગમ પ્રતિમા. આહાહા..! હાલતી-ચાલતી વાત ઈ કે એકલા બહારમાં મંડી પડ્યા હતા ને એને માટે આ કહે છે. એકલી જિનપ્રતિમા ને જિન દેરા ને જિન ગૃહ ને એ જ ધર્મ છે અને એ જ સંવર નિર્જરા છે. એમ નથી. જેટલું પરદ્રવ્ય આશ્રિત લક્ષ જાય એમાં આસ્રવ જ ઉત્પન્ન થાય. સ્વદ્રવ્ય આશ્રય નિશ્ચય, પરદ્રવ્ય આશ્રય વ્યવહાર. આવી વાત છે. ત્રણ લોકના નાથ સાક્ષાત સમવસરણમાં બિરાજે, એનું વંદન, પૂજન, ભક્તિ, આરતી એ બધો શુભભાવ છે.

મુમુક્ષુ : થોડી શુદ્ધતા ખરી?

ઉત્તર : જરીએ શુદ્ધતા નથી. 'રતિભાઈ'!

---

## પ્રવચન નં. ૫૨, ગાથા ૧૦ થી ૧૩, સોમવાર, શ્રાવણ સુદ ૧, તા.૦૩-૦૮-૭૦

આ 'અષ્ટપાહુડ'. બોધપાહુડની વ્યાખ્યા છે. જિનપ્રતિમાનું કથન છે. સાચી જિન પ્રતિમા કોને કહેવી? જૈનમાર્ગમાં વીતરાગદેવે જિનપ્રતિમા આને કહી છે.

મુમુક્ષુ :- કઈ નયથી?

ઉત્તર :- સાચી નયથી. આ પ્રતિમા છે એ તો વ્યવહાર છે. મંદિર આદિ પ્રતિમા વ્યવહાર છે. એ તો નિશ્ચય હોય ત્યારે વિકલ્પ ઊઠે ત્યારે લક્ષ ત્યાં જાય એટલું. સમજાણું કાંઈ?

જિનપ્રતિમાનું નિરૂપણ.

**सपरा जंगमदेहा दंसणाणेण सुद्धचरणाणं।**
**णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।१०।।**

આચાર્ય પોતે (કહે છે), જિનમાર્ગમાં આને પ્રતિમા કહીએ. વીતરાગી આત્માની પર્યાય, રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન જેવું ચૈતન્યનું સ્વરૂપ રાગથી ભિન્ન છે એવું ભાન (થયું) અને એમાં સંયમની સ્થિરતા, વીતરાગતા (થઈ) એવા આત્માને જિનપ્રતિમા કહેવાય છે. 'શોભાલાલજી'! એ ક્રિયા જિનપ્રતિમા ને દેરાસર ને મંદિર ને ભક્તિ ને પૂજા કરે અને માને કે અમને ધર્મ થઈ ગયો.

મુમુક્ષુ :- એ તો મનોભાવના છે.

ઉત્તર :- આ તો માનસિક કલ્પના આવે ત્યારે એ વાત છે. આત્મિકમાં એ વાત નથી. સમજાણું કાંઈ? એ..! 'સ્વરૂપચંદભાઈ'! 'તત્ત્વાર્થસાર'માં ઈ છે. માનસિક વિકલ્પ ઊઠે છે ત્યાં સુધી એને સ્થાપના નિક્ષેપ ઉપર લક્ષ જાય. શુભભાવ હોય એટલી વાત. આત્મિક ભાવનામાં એનો અવકાશ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... '**જિનકા ચારિત્ર દર્શન-જ્ઞાનસે શુદ્ધ નિર્મલ હૈ ઉનકી સ્વ-પરા...**' જેને અંતરમાં દર્શન સમ્યક્ અનુભવ છે અને જેને સ્વનું જ્ઞાન છે-સ્વસંવેદન (જ્ઞાન છે) અને સ્વમાં લીનતા છે. સમજાય છે કાંઈ? એવો જે સંયમી મુનિ અને ધર્માત્મા, એને અહીંયા જિનપ્રતિમા કહી છે. જિનમાર્ગમાં એને જિનપ્રતિમા કીધી છે. ઓલો વળી ક્યાં ગયો? જિનમાર્ગ બહાર હશે? ખરેખર એ જિનમાર્ગ જ નથી. એ તો વ્યવહારમાર્ગ છે, રાગમાર્ગ છે. વ્યવહાર જિનમાર્ગ છે, નિશ્ચય જિનમાર્ગ નથી. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે જરી.

'**અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ, વહ જિનમાર્ગમેં 'જંગમ પ્રતિમા' હૈ;...**' ગુરુ અને શિષ્ય બેયની જિનપ્રતિમા કીધી અહીં તો. શિષ્ય પણ એવો હોય છે કે જે વિકલ્પ રહિત શ્રદ્ધા, જ્ઞાન અને સંયમવાળો છે એવો શિષ્ય અને પોતે ગુરુ, બેયના જંગમ દેહ, તેને જિનપ્રતિમા કહે છે. સમજાણું કાંઈ? કહો. પહેલા પ્રતિમામાં માનતા નહોતા. પાછું વળી આવું નીકળ્યું. આહાહા..! ખરેખર તો એ વ્યવહાર વિકલ્પ છે એ પરદ્રવ્ય છે. ઈ વસ્તુ જ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યને આશ્રયે દૃષ્ટિ-જ્ઞાન ને સ્થિરતા એ સ્વદ્રવ્ય અને એ જૈનમાર્ગ છે. પંડિતજી! આહાહા..! એવો માર્ગ છે.

કાલે રાત્રે એક વાત કહી હતી કે પરદ્રવ્યનો કર્તા આત્મા કેમ નથી? જેની સત્તા ભિન્ન છે એ ભિન્ન સત્તા પરનું કરી શકે નહિ. સમજાણું કાંઈ? ચૈતન્ય અને જડાદિ ભિન્ન સત્તાવાન પદાર્થ છે ને? તો ચૈતન્યને ચૈતન્ય લીધું. ભિન્ન સત્તાવાન પદાર્થ ભિન્ન સત્તાનું કરે એ બને નહિ. એક વાત. સમજાણું?

બીજી વાત. આસ્રવ તત્ત્વ છે અને સ્વભાવ તત્ત્વ છે એ ભિન્ન તત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઊઠે તે રાગ (છે) એ પર તત્ત્વ છે. સ્વભાવ તે ચૈતન્યતત્ત્વ છે. સ્વભાવ ચૈતન્યતત્ત્વ અને વિભાવ આસ્રવ પરતત્ત્વ એટલે પરસત્તા એટલે સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ આસ્રવ પરસત્તા એટલે આસ્રવનો કર્તા સ્વભાવ દૃષ્ટિવંત નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જેમ સ્વ અને પરદ્રવ્ય પરસત્તા છે એ સ્થુળ પરસત્તા થઈ. એથી એક સત્તા બીજી સત્તાનું કાંઈ કરે એમ નહિ. એમ ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવ સત્તાવાન પદાર્થ છે અને આસ્રવ છે એ ભિન્ન સત્તાવાળી ચીજ છે. એથી બે પદાર્થની વચ્ચે સ્વભાવદૃષ્ટિવંત પરસત્તાવાળા આસ્રવ દયા, દાન, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ (આવે) એનો એ કર્તા નથી. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ!

ત્રીજી વાત આગળ લઈએ તો દ્રવ્ય અને પર્યાય બે સત્તા ભિન્ન છે. જેમ પરસત્તા ભિન્ન છે, આસ્રવ સત્તા ભિન્ન છે માટે કર્તા નહિ. એમ એક દ્રવ્ય ત્રિકાળી (અને) એક સમયની

નિર્મળ વીતરાગી પર્યાય. બે સત્તા ભિન્ન છે માટે દ્રવ્ય પર્યાયનો કર્તા નથી. વીતરાગી પર્યાયનો પણ આત્મા કર્તા નથી. આહાહા..! એ..! 'સ્વરૂપચંદભાઈ'! આવું સ્વરૂપ છે. ભિન્ન સત્તાના ત્રણ પ્રકાર પાડ્યા. રાત્રે કહ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..! આવી વસ્તુ છે એને શ્રદ્ધા ને જ્ઞાનમાં પણ ન લે અને ઝઘડા... ઝઘડા... ઝઘડા... બહારમાં. આ મૂર્તિ હોય છે. હોય એને ઘરે. એ તો પરદ્રવ્ય છે. આ એના તરફનો વિકલ્પ ઉઠ્યો એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય નહિ. એથી તે પરદ્રવ્યનો કર્તા સ્વદ્રવ્યની શ્રદ્ધાવાળો નથી. અને આગળ જતાં દ્રવ્ય અને પર્યાય બે સત્તા ભિન્ન સિદ્ધ કરવી છે. ભિન્ન સત્તા છે એ બેય.

મુમુક્ષુ :- સાત દ્રવ્ય છે?

ઉત્તર :- છે ભલે જે હોય એ. દ્રવ્ય અને પર્યાય બે સત્તા ભિન્ન છે. સામાન્ય સત્તા અને એક વિશેષ સત્તા પર્યાય. બે ભિન્ન છે. એ અપેક્ષાએ ભિન્ન (છે) માટે ભિન્ન દ્રવ્ય પર્યાયનું કર્તા છે નહિ. મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. એય..! એ ગાથા આવશે આપણે ૩૨૦ મી ચાલશે. જરી માણસો ભેગા થાય ને ત્યારે. સમજાણું કાંઈ? હિન્દી-હિન્દી. આ હિન્દી લોકો આવશે ને? ૩૨૦ની 'જયસેનાચાર્ય'ની ટીકા. સૂક્ષ્મ વિષય ઘણો. એ ચાલશે આ ઝાઝા માણસ આવે ને. થોડું સાંભળે. ૧૫૦૦ પાના છપાણા છે. ૩૨૦ની 'જયસેનાચાર્ય'ની ટીકા. સૂક્ષ્મ.

આત્મા મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાયથી પણ ભિન્ન છે. મોક્ષની પર્યાયનો કર્તા આત્મા નહિ, ધ્રુવ નહિ. આવી વાત છે. એમ કે કર્તા હોય તો બે એક થઈ જાય છે. જેમ એક સત્તાવાળું દ્રવ્ય બીજા સત્તાવાળાને કાંઈ કરે તો બે એક થઈ જાય છે. 'હિંમતભાઈ'! જરી રાતે થોડી વાત કરી હતી. આ બહેનો નહોતા. એને ખ્યાલ આવે ને. ભગવાન આત્માની સ્વભાવની અને વિભાવની બે સત્તા જ ભિન્ન છે. બેય હોવાપણે ભિન્ન છે. એટલે હોવાપણે ભિન્ન (છે) એ સ્વભાવ એ વિભાવને કેમ કરે? સ્વભાવની પર્યાય તે વિભાવને કેમ કરે? શું કીધું સમજાણું? સ્વભાવનું દ્રવ્ય એક કોર રાખો. સ્વભાવિક પર્યાય જે છે.. જરી સૂક્ષ્મ પડે પણ સાંભળવું. સમજાય છે કાંઈ? આત્મા વસ્તુ સ્વભાવ દ્રવ્ય, ગુણ ને પર્યાય. એ નિર્મળ સ્વભાવ તે આત્મવસ્તુ. હવે પુણ્ય અને પાપના વિકલ્પ જે વિકાર દોષરૂપ ભાવ છે એની સત્તા જ ભિન્ન છે. સમજાણું કાંઈ? એ ઝીણું તો આવે. 'ચીમનભાઈ'! ભઈ, માર્ગ તો વીતરાગનો છે આ. વીતરાગનો એટલે વીતરાગભાવનો. આહાહા..!

ભગવાન આત્મા આસ્રવ સત્તાના હોવાપણાના ઉદયભાવથી તો વસ્તુ ભિન્ન છે. ઉદયભાવ તો આસ્રવતત્ત્વ, ભાવબંધ તત્ત્વ છે. અને જે જ્ઞાયકભાવ સ્વભાવ છે તે નિર્મળ અબંધ તત્ત્વ છે. આહાહા..! અબંધ તત્ત્વ, ભાવબંધતત્ત્વ બે ભિન્ન છે માટે તેનો એ કર્તા નથી. અને જો કર્તા થાય તો બે એક થઈ જાય છે.

ત્રીજી વાત. જે વીતરાગી પર્યાય થઈ તે કર્તા આસ્રવની નથી. પણ વીતરાગી પર્યાય અને વીતરાગી ત્રિકાળી દ્રવ્ય એ દ્રવ્ય વીતરાગી દ્રવ્ય છે. બેની સત્તાને ભિન્ન સિદ્ધ કરતા એક સત્તા-દ્રવ્ય સત્તા પર્યાયની કર્તા નથી. જો એક પર્યાયનો કર્તા થઈ જાય તો દ્રવ્ય અને પર્યાય બે એક થઈ જાય.

મુમુક્ષુ :- એકબીજા આલિંગન કરે છે?

ઉત્તર :- આલિંગન કરતા જ નથી. અડતા જ નથી એમ કહે છે. આહાહા..! સ્વભાવની પર્યાય વિભાવ દોષના પર્યાયને અડતી જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! રાત્રે કહ્યું હતું. તમે મોડા આવ્યા હતા? આવ્યા હતા. ભાઈ મોડા આવ્યા હતા જરી. એ વાત પહેલી થઈ હતી. સમજાણું કાંઈ?

વસ્તુ પોતે જે છે.. છોકરાને પૂછ્યું કીધું, પરનું કરે એનું કારણ? કે ક્રિયાવતી શક્તિ છે એમાં માટે. છોકરા ઓલા સાંજે આવ્યા ને .. આ ક્રિયાવતી શિખવ્યું છે ને સૌને. અગુરુલઘુ. એનો પર્યાય પરમાં જાય નહિ માટે (કર્તા નહિ). એ પણ કહ્યું. પણ સત્તા એનો મૂળ સિદ્ધાંત તો એ છે કે જેનું હોવાપણું ભિન્ન હોય એને બીજું હોવાપણું કાંઈ અડતું નથી. અડતું નથી માટે કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે ત્રણ સત્તા ભિન્ન થઈ. એક આખી બીજી ચીજ ભિન્ન અને દ્રવ્ય ભિન્ન, માટે પરનો કર્તા નહિ. એક સ્વભાવિક વસ્તુ અને એની નિર્મળ પર્યાય. એનાથી આસ્રવ પર્યાય તદ્દન ભિન્ન. પરદ્રવ્ય, ઉદયભાવ પરદ્રવ્ય, માટે પરદ્રવ્યનું સ્વદ્રવ્ય (કરે નહિ). એની નિર્મળ પર્યાય પણ પરદ્રવ્યને કરે નહિ. આસ્રવને કરે જ નહિ. સમજાણું કાંઈ? આ વાત છે.

વ્યવહારને જાણેલો પ્રયોજનવાન જે કીધું છે, એટલે કે એની જ્ઞાનની પર્યાય અલ્પ છે એમ એ જાણે છે. એમાં દોષ સંબંધીનું જ્ઞાન દોષને લઈને નહિ, દોષ છે માટે નહિ, દોષ પરદ્રવ્ય છે. એના જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરને જાણવાનો પોતાના પર્યાયનું અસ્તિત્વ એક છે. બે અસ્તિત્વ નથી. પરનું જાણવું અને સ્વનું જાણવું એવા બે ભાગ નથી. બે છે ઈ એકરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા અસ્તિત્વની પર્યાયમાં આસ્રવની પર્યાય બહારમાં જાણવામાં આવે એમ જે કહ્યું હતું પણ એથી વિશેષ તો એમ આવ્યું. જણાયેલો એ જ્ઞેય જ્ઞાનની પર્યાયમાં જણાય જાય છે. જાણવું એમ નથી. એય..! 'જ્ઞાનચંદજી'! જરી ઝીણું પડશે, હોં! પણ હવે સાંભળવું તો ખરા. એવી વાત છે. હમણા એ વિરોધ કર્યો હતો કે તમે જાણ્યા હુઆ કેમ લખ્યું એમાં? તો કહે, ભાઈ અમારે વધારે પસંદ છે.

મુમુક્ષુ :- અમારે કબુલ છે.

ઉત્તર :- કબુલ શું, એ એમ જ છે. એ તો ભાઈ 'જયચંદ્રપંડિતે' જાણેલો પ્રયોજનવાન બારમી ગાથામાં કહ્યું એટલે એનો અર્થ એમ થાય. જાણેલો, જણાયો થકો જણાય જાય છે. એમ. જણાય જાય છે એટલે સ્વ તરફની દૃષ્ટિ છે ત્યાં તેની પર્યાયમાં આ છે એમ જાણવું પણ પડતું નથી. જાણવું પડે છે ક્યાં? એને જાણે છે એ? જેમ કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણે છે? જાણવું પડે છે? એ પોતાની જ્ઞાનની પર્યાય જ એવી છે કે પર સંબંધીનું પોતાનું જ્ઞાન અને સ્વ સંબંધીનું પોતાનું, એને એકરૂપને પોતે જાણે છે. સમજાણું કાંઈ? ભારે કામ, ભાઈ!

પર્યાયને જાણવું એ પણ હજી વ્યવહાર. આહાહા..! સમજાણું કાંઈ? અને એ પર્યાય-વીતરાગી પર્યાય અને દ્રવ્ય, બેની સત્તા એક નથી. એક સામાન્ય સત્તા ધર્મ છે અને એક વિશેષ સત્તારૂપ ધર્મ છે. બે એક સત્તાપણે નથી. બેની સત્તા ભિન્ન છે. માટે ભિન્ન સત્તા છે

માટે દ્રવ્ય પર્યાયની કર્તા નથી. મોક્ષમાર્ગની પર્યાયની પણ દ્રવ્ય કર્તા નથી. મોક્ષની પર્યાયનું પણ દ્રવ્ય કર્તા નથી. આહાહા..! ભારે કામ આકરું. સમજાણું કાંઈ? એય..! 'નેમિદાસભાઈ'! આ બધું સમજવા જેવું છે.

અહીં કહે છે, મુનિ(ને) અંદર આત્માનું દર્શન આત્માનો સ્વઆશ્રય (છે). પરાશ્રય જેટલો ભાવ છે એને તો પરદ્રવ્ય ગણીને અહીં પહેલો જૈનમાર્ગમાં ગણ્યો નથી. નિશ્ચયમાર્ગમાં પરમ સત્યમાર્ગમાં વ્યવહારને ગણવામાં આવ્યો જ નથી. સમજાણું કાંઈ? તેથી આચાર્ય શું કહે છે? '**णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।**' જિનમાર્ગમાં આવી પ્રતિમા કીધી છે. તીર્થંકરોએ, અનંત કેવળીઓએ જિનમાર્ગમાં સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની રમણતા સંયમવાળી, એને જિનમાર્ગમાં જિનપ્રતિમા તીર્થંકરોએ કહી છે. ઓલો વળી બીજો માર્ગ ક્યાં? જિનમાર્ગ નહીં હોય? એ બીજો માર્ગ એ જિનમાર્ગ નિશ્ચય નહિ. એ વ્યવહાર છે એ જ્ઞાનમાં (જાણવા લાયક છે). જ્ઞાનની પર્યાય પોતાને જાણતાં એ છે એનું જાણવું પણ સાથે પોતાને કારણે ઉત્પન્ન થઈ જાય છે. એને એ જાણે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની પોતાની પર્યાયને જાણે છે. લોકાલોકને જાણવું તે અસદ્‌ભુત વ્યવહારનયનું કથન છે. એય..! ભાઈ! એમ આ સમ્યગ્દૃષ્ટિ પોતાની પર્યાયને જાણે છે એ બરાબર છે. સદ્‌ભુત વ્યવહારનયે. પણ દોષને જાણે છે એ અસદ્‌ભુત વ્યવહારનય છે. સમજાણું કાંઈ? માર્ગ એવી ચીજ છે કોઈ. સમજાણું કાંઈ? 'શ્રીમદ્' કહ્યું છે કે નહિ 'તું દે ઉપદેશને પ્રથમ લેહી ઉપદેશ, સબસે ન્યારા આગમ હૈ વો જ્ઞાનીકા દેશ.' એય..!

મુમુક્ષુ :- ન ખ્યાલ હોય તો જાણવું તો પડે ને.

ઉત્તર :- એ વાત કીધી ને. એ તો એના માટે તો કહેવાય છે આ. આ 'બોધપાહુડ' છે ને? આવી પ્રતિમાને જાણ એમ અહીં પાઠ છે. બોધનો અર્થ એ મૂકે છે. આવી પ્રતિમાને જાણ એમ કહે છે અહીં. ઓલી પ્રતિમા? એ તો વચ્ચે હોય. એનું જ્ઞાન પણ પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! એવી વાત છે જરી.

કહે છે, '**જિનકા ચારિત્ર, દર્શન-જ્ઞાનસે શુદ્ધ - નિર્મલ હૈ, ઉનકી સ્વ-પરા...**' સ્વ નામ પોતાની અને પર નામ શિષ્યની. બેયની વીતરાગભાવરૂપ પડિમા છે તેને જિનપ્રતિમા જિનમાર્ગમાં કહી છે. કહો, આ બધું આમ દેરાસર ને મંદિર ને આ શું આ? બધો વ્યવહાર છે. અવસ્તુ છે. સ્વવસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે. સમજાણું કાંઈ? જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ ભગવાન પરમાત્મા પોતે અવસ્તુ છે. એમ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ આસ્રવ અવસ્તુ છે. એમ દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. એય..! આહાહા..! પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે.

મુમુક્ષુ :- બે નય આવ્યા.

ઉત્તર :- એવું છે. ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો ફક્ત સત્તાની ભિન્નતા તે ભિન્નને કરે નહિ. એવી જે અંતર વીતરાગ પ્રતિમા ભાવ એને જૈનમાર્ગમાં જિનપ્રતિમા કીધી છે. અહીં તો જિનમાર્ગમાં એને

કીધી છે. ઓલો વ્યવહાર-ફ્યવહાર એ જૈનમાર્ગ નથી. એ તો બહારની વાત છે. એ જૈનમાર્ગ નથી. અરે..! ભારે ભાઈ! ઔપચારિક વિકલ્પ છે. જાણે, હોય છે ઈ, ઉપચાર છે. ઓલામાં આવ્યું છે ને? આપણે એમાં આવ્યું છે આ 'કળશટીકા'માં. પર્યાયનો કર્તા ઉપચાર છે. એમ આવ્યું છે. ખબર છે? શરૂઆતમાં. પર્યાયનો કર્તા હજી ઉપચાર છે. એનો અર્થ ઈ. લખ્યું છે એણે. છે ને પેલામાં ચિહ્ન કર્યું છે. પરનો કર્તા તો ક્યાં રહ્યો, પણ પર્યાયનો કર્તા ઉપચારથી છે. ઉપચાર કહો કે વ્યવહાર કહો કે અભૂતાર્થ છે. અરે..રે..! ભારે વાત. અજબ પ્યાલા છે, બાપુ! આ માર્ગના. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અગમ પ્યાલાના ગમ તો કરાવો.

ઉત્તર :- એ માટે તો આ વાત ચાલે છે. અગમ્યને જેણે ગમ્ય કર્યું. જુઓને! આ બોધની વ્યાખ્યા જ પહેલી છે. આવું છે... આવું છે... આવું છે... જિનપ્રતિમા એને તું જાણ. જિનપ્રતિમા તો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત છે તે જિનપ્રતિમા (છે). પણ આ સંભળાવનારને કહે છે, આવું હોય એને તું જિનપ્રતિમા જાણ. સમજાણું કાંઈ? માર્ગ એવો છે. 'અગમ પ્યાલા પીઓ મતવાલા ઈનહી અધ્યાત્મ વાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા.' કહે છે કે એને આ નક્કી કરવું પડશે. જેને ધર્મ કરવો હોય એને આ જાતની વસ્તુ છે એવું એણે જ્ઞાનમાં નક્કી કરવું પડશે.

**'અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ, વહ જિનમાર્ગમેં 'જંગમ પ્રતિમા' હૈ;...'** જુઓ! પોતાનો આત્મા અને સાથે દેહ. ઓલો શિષ્યનો આત્મા ને દેહ. ચાલતો, ચાલતો. એ જંગમ પ્રતિમા છે. જિનમાર્ગમાં એને પ્રતિમા કીધી. **'અથવા સ્વપરા અર્થાત્ આત્માસે 'પર' યાની ભિન્ન હૈ ઐસી દેહ હૈ.'** જુઓ! દેહને કહ્યું. દેહમાં નિર્ગ્રંથદશા છે ને? એક વસ્ત્રનો તાણો નહિ, ધાગો નહિ. નગ્ન મુનિ તદ્દન. જેવી માતાએ જન્મ્યા એવો દેહ. **'જિસકા નિર્ગ્રંથ સ્વરૂપ હૈ, કુછ ભી પરિગ્રહકા લેશ ભી નહીં હૈ ઐસી દિગમ્બર મુદ્રા હૈ.'** આહાહા..! એને પણ પ્રતિમા વ્યવહારે કહેવામાં આવે છે. દેહને, હોં! ઓલી નિશ્ચય.

**'જિસકા વીતરાગ સ્વરૂપ હૈ, કિસી વસ્તુસે રાગ-દ્વેષ-મોહ નહીં હૈ,...'** વિકલ્પ જ જ્યાં વસ્તુમાં નથી. નિર્વિકલ્પ ચીજ જ છે. દ્રવ્ય-ગુણ અને આખા પર્યાય પણ જેની નિર્વિકલ્પ છે. એવી પ્રતિમાને જિનપ્રતિમા જૈનશાસનમાં સાચી જિનપ્રતિમા એને કીધી છે. કહો, સમજાણું કાંઈ? પછી ઓલો વ્યવહાર છે એમ જણાવશે. પણ તું ત્યાં એકલો માની બેસે કે આને લઈને ધર્મ થાય અને આને લઈને મોક્ષ થાય. ભગવાનની પ્રતિમા પૂજવાથી અને દેવાથી સંવર નિર્જરા થાય, એમાં એકેય અંશમાં માલ નથી. 'શોભાલાલજી'! વાંધા આ ઉઠ્યા. ઓલાએ ધર્મ મનાવ્યો ત્યારે ઓલાએ ઉડાડી દીધી.

કહ્યું હતું. (સંવત) ૧૯૮૨માં કહ્યું હતું. સંપ્રદાયમાં હતા ત્યારે અમે. અમારા ઉપર પ્રતીતિ ઘણી એટલે કોઈ શંકા ન કરે. ભરોસો ઘણો અમારામાં એટલે કહેતા હશે કાંઈક. ૮૨માં સંપ્રદાયમાં કહ્યું હતું, હોં! નવ વર્ષ પહેલા. કીધું, જુઓ! બે મિત્ર હતા. એમાં એકે બીજાને સો રૂપિયા આપેલા. સો રૂપિયા સમજો છો ને? એક મિત્રે પોતાના મિત્રને સો રૂપિયા

આપેલા. બે મિત્રો. પછી બેય મરી ગયા. તો જેના બાપે આપેલા એને થયું કે મારા બાપે આના બાપને સો રૂપિયા આપ્યા હતા. બે મીંડા ચડાવ્યા. મીંડા સમજો છો ને? શૂન્ય. બે શૂન્ય ચડાવી. દસ હજાર. એણે કહ્યું કે ભાઈ દસ હજાર તારા બાપને મારા બાપે આપ્યા છે માટે લાવ. તમે પૈસાવાળા ઘણા છો. ઓલાએ જોયું. સો રૂપિયા તો લાગે છે. પણ જો કબુલ કરીશ તો દસ હજાર માગશે. (એટલે આણે કહ્યું), સો પણ નથી. ઓલાએ બે મીંડા ચડાવ્યા, આણે કાઢી નાખ્યા.

એમ દેરાવાસી શ્વેતાંબરે કીધું, ભગવાનને માથે મુદ્રા અને આ ને આ ચડાવીને મીંડા માગ્યા બે. સ્થાનકવાસીએ જોયું મૂર્તિ તો છે શાસ્ત્રમાં. પણ જો કબુલ કરશું તો આ બધું માગશે આ દસ હજારની જેમ. મૂર્તિ જ નથી. એકે કાઢી નાખી ને એકે ચડાવી દીધા. 'શોભાલાલજી'!

એ ભૂમિકાને યોગ્ય શુભભાવ હોય છે. એ શુભના અસંખ્ય પ્રકાર છે. એ પ્રકારનો શુભ હોય ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. દયાના પ્રકારનો શુભલક્ષ હોય તો પરને ન મારું એવો વિકલ્પ થાય છે. એવા અસંખ્ય પ્રકારના સહજ શુભભાવ હોય છે. સમજાણું કાંઈ? એનો એ કર્તા નથી. આહાહા..! જ્ઞાની શુભભાવનો કર્તા નથી. જેમ કેવળજ્ઞાની લોકાલોકના કર્તા નથી. પણ લોકાલોક છે ખરા. એમ સમકિતી શુભભાવનો કર્તા નથી. પણ શુભભાવ છે ખરો. જેમ લોકાલોક છે એમ શુભ છે. પર તરીકે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ તો વ્યવહારસે મુક્ત હૈ. વ્યવહાર એની પર્યાયમાં નથી. ગજબ વાત છે ને? વ્યવહાર પરદ્રવ્યમાં ગણી નાખ્યો છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, સ્વ પર શિષ્ય એવી જે પ્રતિમા એની. '**જિસકા વીતરાગ સ્વરૂપ હૈ, કિસી વસ્તુ રાગ-દ્વેષ-મોહ નહીં હૈ, જિનમાર્ગમેં ઐસી પ્રતિમા કહી હૈ.**' એને જ પ્રતિમા કહી છે. કહો. '**જિસકે દર્શન જ્ઞાનસે નિર્મલ ચારિત્ર પાયા જાતા હૈ, ઈસપ્રકાર મુનિયોંકી ગુરુ-શિષ્ય અપેક્ષા અપની તથા પરકી ચલતી હુઈ...**' એ ખુલાસો કર્યો. ઉપર જે સ્વપર હતું ને. '**નિર્ગ્રંથ વીતરાગમુદ્રા સ્વરૂપ હૈ, વહ જિનમાર્ગમેં પ્રતિમા હૈ,...**' વીતરાગમાર્ગમાં તો આ પ્રતિમા કહી છે. સાચી, સત્ય. ઉપચારિક તરીકે નિક્ષેપમાં નાખે. કહે છે, જુઓ! '**અન્ય કલ્પિત હૈ...**' અન્યમાં બીજા કલ્પિત માર્ગ કહીને.. પ્રતિમા સ્થાપી છે તે કલ્પિત છે.

'**ઔર ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગમ્બર મુદ્રા સ્વરૂપકો પ્રતિમા કહતે હૈં...**' ધાતુ-પાષાણ જે પરદ્રવ્ય છે એની આકૃતિને મૂર્તિ કહીએ. '**જો વ્યવહાર હૈ. વહ ભી બાહ્ય આકૃતિ તો વૈસી હી હો વહ વ્યવહારમેં માન્ય હૈ.**' એટલે શું કહ્યું? મુદ્રા જેવી દિગમ્બર છે એવી હોય તો વ્યવહાર માન્ય છે. એને કાંઈ વસ્ત્ર લગાવી દે, ટીલા-ટપકા કરી દે, શું કહે? બાજુબંધ ને દાગીના ને (લગાડે) એ તો વ્યવહાર પણ નથી. વ્યવહાર પણ નથી. સમજાય છે કાંઈ? છે એમાં?

'**ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગમ્બર મુદ્રા સ્વરૂપકો પ્રતિમા કહતે હૈં જો વ્યવહાર હૈ.**' લોકાલોક છે, કેવળજ્ઞાન જાણે છે પોતાની પર્યાયને. પરને જાણે છે એમ કહેવું

એ અસદ્ભુત વ્યવહારનય છે. એમ જ્ઞાનીને રાગ છે એમ કહેવું એ પણ અસદ્ભુત વ્યવહારનય છે. જ્ઞાનીને રાગ છે નહિ. જ્ઞાનીને તો પોતાનું અને પરનું જ્ઞાન પોતાને કારણે ઉત્પન્ન થયું છે, એ છે. કહે છે, **'ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગમ્બર મુદ્રા સ્વરૂપકો પ્રતિમા કહતે હૈં જો વ્યવહાર હૈ. વહ ભી બાહ્ય આકૃતિ તો વૈસી હી હો વહ વ્યવહારમેં માન્ય હૈ.'** સમજાય છે કાંઈ? ભગવાન આમ વીતરાગ મુદ્રા હતી પ્રભુની. વીતરાગ પોતે હતા ને. એવું વીતરાગપણું જ્યાં ભાસે. સમજાણું? ટીલું-ટપકું કરે તો એ વીતરાગમુદ્રા ન રહી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રતિમાને ટીલું કરે.

ઉત્તર :- પ્રતિમાને ટીલું કરે છે એમ કહ્યું અહીં. પ્રતિમા વીતરાગ મુદ્રા પ્રતિમા ન રહી. સમજાણું કાંઈ? એ કાંઈ વીતરાગ પ્રતિમા છે માટે શુભભાવ થાય છે એમ નથી. એ કાળે જ્યારે શુભભાવ હોય છે ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. એટલી મર્યાદા છે. એને દેખીને શુભભાવ થાય છે એમ નથી. એ તો પરવસ્તુ છે. પરને દેખીને શુભ કે અશુભ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, **'ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગમ્બર મુદ્રા સ્વરૂપકો પ્રતિમા કહતે હૈં જો વ્યવહાર હૈ. વહ ભી બાહ્ય આકૃતિ તો વૈસી હી હો વહ વ્યવહારમેં માન્ય હૈ.'** બહાર સ્વભાવ આકૃતિ સમજાય છે? એવો જ એનો સ્વભાવ. મુદ્રા. 'જિન પ્રતિમા જિન સારખી વંદે બનારસીદાસ.' 'બનારસીદાસ'નું. 'રંચ માત્ર દૂષણ લગે તો એ વંદનિક નાંહિ.' ટીલા-ટપકા કરે ને એને કેસર ચોપડે ને.. વ્યવહાર પણ હોઈ શકે નહિ. એવી વાત છે, ભાઈ! આ તો સત્યની વાત છે. આ કોઈ પક્ષની વાત નથી.

**'બાહ્ય આકૃતિ ઐસી હો...'** પ્રકૃતિ નામ જેવો એનો સ્વભાવ એવું આમ દેખાય. તદ્દન મુદ્રા. શુભભાવમાં લક્ષ ત્યાં જાય એટલું. બસ. તે પણ સમકિતી તો શુભભાવથી પણ મુક્ત છે. સમજાણું કાંઈ? કારણ કે એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવથી તો ભિન્ન તત્ત્વ છે. ભિન્ન છે તે આસ્રવતત્ત્વનો પણ કર્તા નથી. તો પ્રતિમા ને મંદિરને કરે એ તો એના શુભ વિકલ્પમાં પણ નથી. ભારે વાતું. સમજાણું કાંઈ? ક્યાં ગયા 'હીરાભાઈ'? ...

**'આગે ફિર કહતે હૈં :-'** જુઓ! આ જિનપ્રતિમા. આહાહા..! અહીં પાઠમાં એ રીતે **'जिणमग्गे एरिसा पडिमा।'** વીતરાગમાર્ગમાં તો વીતરાગી પડિમા અંદર એને જિનપ્રતિમા કીધી છે. પેલો તો વ્યવહાર છે, વ્યવહારનું જ્ઞાન કરાવે છે. જ્ઞાન પોતાથી થઈ જાય છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે બહુ.

आगे फिर कहते हैं :–

जं चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं।
सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा।।११।।

यः चरति शुद्धचरणं जानाति पश्यति शुद्धसम्यक्त्वम्।
सा भवति वंदनीया निर्ग्रन्था संयता प्रतिमा।।११।।

જાણે–જુએ નિર્મલ [1]સુદૃગ સહ, ચરણ નિર્મલ આચરે,
તે વંદનીય નિર્ગ્રંથ–સંયતરૂપ પ્રતિમા જાણજે. ૧૧.

अर्थ :– जो शुद्ध आचरणका आचरण करते हैं तथा सम्यग्ज्ञानसे यथार्थ वस्तुको जानते हैं और सम्यग्दर्शनसे अपने स्वरुपको देखते हैं इसप्रकार शुद्धसम्यक्त्व जिनके पाया जाता है ऐसी निर्ग्रन्थ संयमस्वरूप प्रतिमा है वह वंदन करने योग्य है।

भावार्थ :– जाननेवाला, देखनेवाला, शुद्धसम्यक्त्व, शुद्धचारित्रस्वरूप, निर्ग्रन्थ संयमसहित, इसप्रकार मुनिका स्वरूप है वही 'प्रतिमा' है, वही वंदन करने योग्य है; अन्य कल्पित वंदन करने योग्य नहीं है और वैसे ही रूपसदृश धातु–पाषाणकी प्रतिमा हो वह व्यवहारसे वंदने योग्य है।।११।।

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

जं चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं।
सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा।।११।।

**अर्थ :– 'જો શુદ્ધ આચરણકા આચરણ કરતે હૈં...'** શુદ્ધ આચરણ. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ શુદ્ધ આચરણ. વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતા. એને શુદ્ધ આચરણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'શુદ્ધ આચરણકા આચરણ કરતે હૈં તથા સમ્યજ્ઞાનસે યથાર્થ વસ્તુકો જાનતે હૈં...'** આચરે અને જેમ છે તેમ જાણે. **'ઔર સમ્યગ્દર્શનસે અપને સ્વરૂપકો દેખતે હૈં...'** લ્યો! દેખે એટલે માને. શુદ્ધ ચૈતન્યવસ્તુ નિર્મળ નિર્વિકલ્પ વીતરાગ, એવી દૃષ્ટિએ વસ્તુને દેખે–શ્રદ્ધે.

**'ઈસપ્રકાર શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...'** **'सुद्धसम्मत्तं'** છે ને? **'चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ'** અને એ ઉપરાંત **'सुद्धसम्मत्तं'** એમ. એ જુદું લીધું છે પાછું. **'ઈસપ્રકાર શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ ઐસી નિર્ગ્રન્થ સંયમસ્વરૂપ પ્રતિમા હૈ વહ વંદન કરને યોગ્ય હૈ.'** **'શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...'** શુદ્ધ સમ્યક્ત્વનો અર્થ જ આખું તત્ત્વ દ્રવ્યની દૃષ્ટિ, દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યમાં સંયમ. એ સમ્યક્. **'ઈસપ્રકાર**

૧. સુદૃગ = સમ્યગ્દર્શન.

**શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...**' આહાહા..! સમજાણું કાંઈ?

'**ઐસી નિર્ગ્રન્થ સંયમસ્વરૂપ પ્રતિમા હૈ...**' નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા છે. ભગવાનને જેમ ગ્રંથ નથી. તેમ બાહ્ય પ્રતિમાને ગ્રંથ-વસ્ત્રનો તાણો કે કાંઈ હોતો નથી. તો એને વ્યવહાર માને છે. ઢીલું કરીને કહીએ છીએ. ઢીલું જ છે. સમજાણું કાંઈ?

'**પ્રતિમા હૈ વહ વંદન કરને યોગ્ય હૈ.**' આ પ્રતિમા વંદનયોગ્ય નથી એમ આવ્યું આ હિસાબે તો. નિશ્ચયથી હોં! એય..! બે ભેદ કેમ પડી જાય? આ પ્રતિમા આવી. આહાહા..! ત્યારે ઓલા ઘણા સ્થાનકવાસી કહે છે ને? ૩૧ ગાથામાં આવે ને. ભગવાનની વ્યવહાર સ્તુતિ એ સ્તુતિ જ નથી. નિશ્ચય સ્તુતિ પોતાની છે. જુઓ! આમાં ક્યાં પ્રતિમા આવી? એમ કહે છે. સમજાય છે? જુઓ! આમાં આત્માની સ્તુતિ એને ભક્તિ કીધી છે. ભગવાનની સ્તુતિ ભક્તિ એ તો ના પાડી છે. પણ એ તો નિશ્ચયની વાત છે. આવું વચ્ચે હોય છે એક વિઘ્નરૂપ દશા. રાગ છે એ વિઘ્નરૂપ છે, કષાય છે, અગ્નિ છે, ભઠ્ઠી છે. આહાહા..! આવ્યું ને એ? 'છ ઢાળા'માં આવ્યું ને? 'રાગ આગ દાહ દહે સદા..' બળે છે અંદર. છેલ્લો બોલ છે. રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો. અગ્નિ છે-કષાય છે. ભગવાન પ્રત્યે ઉપયોગ છે ને? ઉપયોગ ભગવાન પ્રત્યે છે માટે તે રાગ છે અને કષાય છે માટે તે અગ્નિ છે. આહાહા..! અરે..! ભારે વાતું. એય...!

'**ઐસી નિર્ગ્રન્થ સંયમસ્વરૂપ પ્રતિમા હૈ વહ વંદન કરને યોગ્ય હૈ.**' આહાહા..! એય..! 'વજુભાઈ'! આવું કરશે તો પછી આ કોઈ ભગવાનની પ્રતિમાને માનશે નહિ. એ તો શુભરાગ આવે એ કાળે ત્યારે એનું લક્ષ હોય છે. એ છે એટલી ભૂમિકા. બસ એટલું. સમજાણું કાંઈ? બહુ જોર દેવા જઈશ તો દૃષ્ટિમાંથી ખસી જશે. સમજાણું કાંઈ? પર્યાય દૃષ્ટિનો વિષય નથી તો વળી મૂર્તિમાં, ભગવાનનું મંદિર એ દૃષ્ટિનો વિષય ક્યાંથી આવ્યો? નિર્મળ વીતરાગી પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી. સમજાણું કાંઈ? આહાહા..! વાત એવી છે. વસ્તુના ઘરની આ વાત છે. સમજાણું કાંઈ?

'**વહ વંદન કરને યોગ્ય હૈ.**' પાઠમાં એમ કહ્યું ને? '**सा होई वंदणीया**' એમ પાઠ છે ને? '**होई वंदणीया**' ત્યારે એમાંથી એ નીકળે કે આ જિનપ્રતિમા ને મંદિર ને એ વંદનીક નથી. નિશ્ચયથી વંદનીક છે જ નહિ. વ્યવહારનો અર્થ અભૂતાર્થ નયથી, ઉપચારથી કહેવામાં આવે છે. આવી વાત છે. એય..! આહાહા..!

**ભાવાર્થ :-** '**જાનનેવાલા, દેખનેવાલા, શુદ્ધસમ્યક્ત્વ, શુદ્ધચારિત્રસ્વરૂપ,...**' જાણવાવાળો, દેખવાવાળો, શુદ્ધ સમકિત, શુદ્ધ ચારિત્રસ્વરૂપ. બેય શુદ્ધ. શુદ્ધ નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચયસ્વરૂપમાં ઠરતાં શુદ્ધ ચારિત્ર થાય. '**નિર્ગ્રન્થ સંયમસહિત, ઈસપ્રકાર મુનિકા સ્વરૂપ હૈ વહી 'પ્રતિમા' હૈ,...**' એ પ્રતિમા છે. વીતરાગભાવ. અઠ્યાવીશ મૂળગુણ પ્રતિમા છે એમ અહીંયાં નથી કહ્યું. એનો વ્યવહાર છે એ જિનપ્રતિમા છે એમ નથી કહ્યું. એનો વ્યવહાર, હોં! જિન એટલે ઓલો વ્યવહાર બહાર ગયો. વિકલ્પ છે એ જિનપ્રતિમા છે એમ અહીંયા નથી કહ્યું. જિન એટલે વીતરાગ. વીતરાગમાર્ગમાં વીતરાગમાંથી શરૂ થાય છે.

સમજાણું કાંઈ?

**'નિર્ગ્રન્થ સંયમસહિત, ઈસપ્રકાર મુનિકા સ્વરૂપ હૈ વહી પ્રતિમા હૈ,...'** **'વહી પ્રતિમા હૈ,...'** એમ છે ને? **'सा होई वंदणीया णिग्गंथा'** **'सा होई'** એમ છે ને અંદર? પાઠમાં છે ને. **'सा होई वंदणीया'** એનો અર્થ કર્યો છે. તે જ હોય. **'અન્ય કલ્પિત વંદન કરને યોગ્ય નહીં હૈ...'** સમજાય છે? ખરેખર વીતરાગની પ્રતિમા અને મંદિર પણ નિશ્ચયથી વંદવા લાયક છે નહિ. અરે..! ભારે ભગવાન. પંડિતજી! આવી વાત છે. એય..! 'ઈશ્વરચંદજી'! એમ કે આ સવાર-સાંજ ભક્તિ કરે, થઈ ગયો ધર્મ હવે જાવ. પોતાનું સ્વરૂપ શું છે? ભક્તિ તો એને કહીએ. વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ ભક્તિ છે. આહાહા..! પછી એ વખતે વચમાં વ્યવહાર આવે છે. વ્યવહારનય છે ને એટલે આવે. એમાં એને વ્યવહારની હોંશ વર્તે (કે) આવે ને? આવે ને? એનો અર્થ કે વ્યવહારની હોંશ વર્તે છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એય..! ઉદાસભાવે આવે વચમાં. આવે. વાત એવી છે.

**'વૈસે હી રૂપસદશ...'** **'વૈસે હી રૂપસદશ ધાતુ-પાષાણકી પ્રતિમા હો વહ વ્યવહારસે વંદને યોગ્ય હૈ.'** જુઓ! શુભભાવ છે એટલે વ્યવહારથી વંદન કરવામાં આવે છે. વ્યવહાર જ હેય છે આખો. આહાહા..! હેયને વંદના યોગ્ય કહેવું એ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહાર એ શુભ છે, એમ પણ કહે. અભૂતાર્થનયે વ્યવહાર શુભ છે. આહાહા..! છે ને? 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં છે. એ નાખે એ લોકો બધા. તારા સ્વના જાગ્યા વિના, સ્વના આશ્રય વિના એ વ્યવહારને વ્યવહાર જાણનારો જાગે નહિ તો એને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી.

મુમુક્ષુ :- ત્યાં વ્યવહાર નથી.

ઉત્તર :- વ્યવહારેય ક્યાંથી આવ્યો? આહાહા..! શું થાય?

અંદર ભગવાન મહાપ્રભુ ચૈતન્યમૂર્તિ છે. વીતરાગનો કંદ અનંતા સિદ્ધ ભગવાન પેટમાં પડ્યા છે અંદર. અનંતા સિદ્ધ આત્મામાં પડ્યા છે. એવી સિદ્ધની દૃષ્ટિ, સિદ્ધનું જ્ઞાન અને સિદ્ધનું ચારિત્ર. એને અહીંયાં ખરેખર જિનમાર્ગમાં ચૈતન્ય પ્રતિમાની જિનપડિમા અને એને વંદન યોગ્ય નિશ્ચયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વૈસે હી રૂપસદશ ધાતુ-પાષાણકી પ્રતિમા હો વહ વ્યવહારસે વંદને યોગ્ય હૈ.'** જુઓ! ઓલામાં ના પાડી હતી ને વંદને યોગ્યની? (અહીં કહે છે), એ વ્યવહારે વંદન કરવા યોગ્ય છે. પણ એમાં હોંશ આવી જાય કે હા. આવે છે ને? પણ એ રાગ છે એ ખેદનું કારણ છે, દુઃખનું કારણ છે. એની હોંશ છે એને દ્રવ્યસ્વભાવનો અનાદર છે. સમજાણું કાંઈ?

आगे फिर कहते हैं :–

दंसणअणंतणाणं अणंतवीरिय अणंतसुक्खा य।
सासयसुक्ख अदेहा मुक्का कम्मट्ठबंधेहिं।।१२।।
निरुवममचलमखोहा णिम्मिविया [1]जंगमेण रूवेण।
सिद्धट्ठाणम्मि ठिया वोसरपडिमा धुवा सिद्धा।।१३।।

दर्शनानन्तज्ञानं अनन्तवीर्याः अनंतसुखाः च।
शाश्वतसुखा अदेहा मुक्ताः कर्माष्टकबंधैः।।१२।।
निरुपमा अचला अक्षोभाः निर्मापिता जंगमेन रूपेण।
सिद्धस्थाने स्थिताः व्युत्सर्गप्रतिमा ध्रुवाः सिद्धाः।।१३।।

નિઃસીમ દર્શન-જ્ઞાન ને સુખ-વીર્ય વર્તે જેમને,
શાશ્વતસુખી, અશરીર ને કર્માષ્ટબંધવિમુક્ત જે. ૧૨.
અક્ષોભ-નિરુપમ-અચલ-ધ્રુવ, ઉત્પન્ન જંગમ રૂપથી,
તે સિદ્ધ સિદ્ધસ્થાનસ્થિત, વ્યુત્સર્ગપ્રતિમા જાણવી. ૧૩.

अर्थ :– जो अनंतदर्शन, अनंतज्ञान, अनंतवीर्य और अनंतसुख सहित हैं; शाश्वत अविनाशी सुखस्वरूप हैं, अदेह हैं – कर्म नोकर्मरूप पुद्गलमयी देह जिनके नहीं है; अष्टकर्मके बंधनसे रहित हैं, उपमा रहित हैं – जिसकी उपमा दी जाय ऐसी लोकमें वस्तु नहीं है; अचल हैं – प्रदेशोंका चलना जिनके नहीं है; अक्षोभ हैं – जिनके उपयोगमें कुछ क्षोभ नहीं है, निश्चल हैं – जंगमरूपसे निर्मित हैं; कर्मसे निर्मुक्त होनेके बाद एक समयमात्र गमनरूप होते हैं, इसलिये जंगमरूपसे निर्मापित हैं; सिद्धस्थान जो लोकका अग्रभाग उसमें स्थित हैं; इसीलिए व्युत्सर्ग अर्थात् काय रहित हैं – जैसा पूर्व शरीरमें आकार था वैसा ही प्रदेशोंका आकार – चरम शरीरसे कुछ कम हैं; ध्रुव है – संसारसे मुक्त हो (उसी समय) एक समयमात्र गमन कर लोकके अग्रभागमें जाकर स्थित हो जाते हैं, फिर चलाचल नहीं होते हैं ऐसी प्रतिमा 'सिद्ध भगवान्' है।

भावार्थ :– पहिले दो गाथाओंमें तो जंगम प्रतिमा संयमी मुनियोंकी देहसहित कही। इन दो गाथाओंमें 'थिरप्रतिमा' सिद्धोंकी कही, इसप्रकार जंगम थावर प्रतिमाका स्वरूप कहा। अन्य कई अन्यथा बहुत प्रकारसे कल्पना करते हैं वह प्रतिमा वंदन करने योग्य नहीं है।

यहाँ प्रश्न :– यह तो परमार्थरूप कहा और बाह्य व्यवहारमें पाषाणादिककी प्रतिमाकी वंदना करते हैं वह कैसे? उसका समाधान :– जो बाह्य व्यवहारमें मतांतरके भेदसे अनेक रीति प्रतिमाकी प्रवृत्ति है, यहाँ परमार्थको प्रधानकर कहा है और व्यवहार है वहाँ जैसा प्रतिमाका परमार्थरूप हो उसीको सूचित करता हो वह निर्बाध है। जैसा परमार्थरूप आकार कहा वैसा ही

१. सं. प्रतिमें 'निर्मापिताः' 'अजगमेन रूपेण' ऐसी छाया है।

**आकाररूप व्यवहार हो वह व्यवहार भी प्रशस्त है; व्यवहारी जीवोंके यह भी वंदन करने योग्य है। स्याद्वाद न्यायसे सिद्ध किये गये परमार्थ और व्यवहारमें विरोध नहीं है।।१२–१३।। इस प्रकार जिनप्रतिमा का स्वरुप कहा!**

## ગાથા-૧૨-૧૩ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :–'

**दंसणअणंतणाणं अणंतवीरिय अणंतसुक्खा य।**
**सासयसुक्ख अदेहा मुक्का कम्मट्ठबंधेहिं।।१२।।**
**निरुवममचलमखोहा णिम्मिविया [१]जंगमेण रूवेण।**
**सिद्धट्ठाणम्मि ठिया वोसरपडिमा धुवा सिद्धा।।१३।।**

સિદ્ધની પ્રતિમાને હવે અહીંયાં કહે છે. આ સિદ્ધ પ્રતિમા સ્થાપે એ સિદ્ધ નહિ, હોં! સિદ્ધ ભગવાન. એ ચૈતન્ય પ્રતિમા. સિદ્ધ ભગવાન એ ચૈતન્ય પ્રતિમા. 'શ્રીમદ્'માં આવે છે, 'શ્રીમદ્'માં આવે છે ને? ચૈતન્ય પ્રતિમા થા, ચૈતન્ય પ્રતિમા થા. આવે છે. 'શ્રીમદ્' માં પાછળ. આમાં પાછળ આવે છે. જિન ચૈતન્ય પ્રતિમા થા. સમજાણું કાંઈ?

**અર્થ :– 'જો અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય ઔર અનંતસુખ સહિત હૈં;...'** એવા સિદ્ધ ભગવાન. **'શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ હૈં,...'** લ્યો! વધારે લીધું. નહિતર ઓલામાં અનંતા સુખ આવી ગયું હતું. પણ એ કેવું સુખ છે? એ શાશ્વત સુખ છે. અતીન્દ્રિય આનંદનું સુખ, સ્વનું સુખ. આહાહા..! પોતામાં સુખ છે એ માન્યતા છોડીને ક્યાંય પણ શુભ વિકલ્પ છે એમાં સુખ છે (એમ માને) તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. વ્યવહારનો જે વિકલ્પ આવે એમાં સુખ છે અથવા ઠીક છે એટલે એ છે તો મને લાભ થાય છે. એ છે તો જ્ઞાન થાય છે એમ પણ નથી. વ્યવહાર આવે છે માટે એનું અહીં જ્ઞાન થાય છે એમ નથી. એને આશ્રયે અહીં જ્ઞાન થયું એ તો પરાધીન જ્ઞાનપર્યાય થઈ. જ્ઞાનપર્યાય એવી પરાધીન છે નહિ. એય..! એવો માર્ગ છે. એ પોતાનો જ્ઞાનગુણ સ્વને દ્રવ્ય-ગુણને જાણે અને રાગને જાણવા સંબંધીનું જે જ્ઞાન એ પોતા સંબંધીનું પોતાને કારણે ઉત્પન્ન થયેલું છે. રાગને કારણે એ જ્ઞાન ઉત્પન્ન થયું છે એમ નથી. લોકાલોકને કારણે કેવળજ્ઞાન થયું છે એમ નથી. આહાહા..! એય..! એ કહે છે, જુઓ!

સુખ અને વધારે નાખ્યું પાછું. શાશ્વત સુખ છે. શાશ્વત સુખ થયું. અંદરથી આત્મા ફાટ્યો અંદરથી. આનંદનો ઘન, આનંદની મૂર્તિ એમાંથી પ્રગટેલું સુખ, એને સુખ કહીએ. બાકી ધૂળમાં પણ ક્યાંય નથી, પુણ્યમાં પણ સુખ નથી, વ્યવહાર રત્નત્રયમાં સુખ નથી, દોસ્તમાં સુખ નથી, પૈસામાં સુખ નથી. સમજાણું કાંઈ? જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ છે એવો ભાસ રહે ત્યાં સુધી તેણે આત્માનો અનાદર કર્યો છે.

સમજાણું કાંઈ?

**'શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ હૈં, અદેહ હૈં – કર્મ નોકર્મરૂપ પુદ્ગલમયી દેહ જિનકે નહીં હૈ;...'** જેને કર્મ અને નોકર્મ બેય નથી. નોકર્મ એટલે શરીરાદિ. ભાવકર્મ આદિ ત્રણે નથી. સમજાય છે કાંઈ? **'પુદ્ગલમયી દેહ જિનકે નહીં હૈં; અષ્ટકર્મકે બંધનસે રહિત હૈં,...'** એવો ચૈતન્યદેહ. અનંત જ્ઞાન-દર્શન-આનંદનો પ્રગટેલો અનંત ચૈતન્યદેહ, એ જિનપ્રતિમા છે. આહાહા..! નીચલા દરજ્જામાં ૨૮ મૂળગુણ આવે એને જિનપ્રતિમા નથી કીધી. દોષ છે એને જિનપ્રતિમા કહે? પંડિતજી! દોષરહિત જે દર્શન-જ્ઞાનની વીતરાગી દશા પ્રગટી છે એને જિનપ્રતિમા કીધી છે. વીતરાગી પ્રતિમા જોઈએ ને? એમાં રાગ આવે એ જિનપ્રતિમા ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? ધીરે ધીરે પચાવવા જેવું છે ભાઈ આ તો. એવી વાતું છે, બાપા!

મુમુક્ષુ :- દુકાનનો વહીવટ કે દિ' કરવો?

ઉત્તર :- વહીવટ કે દિ' કરતો હતો? એ.. દુકાનનો વહીવટ કે દિ' કરતો હતો એ? વિકલ્પ આવે. બસ. આ શેઠ રહ્યા બધા. કરોડો રૂપિયા ભેગા કરે છે. 'ખાનપુર'માં લાખો રૂપિયા આવે છે, ભેગા કરે. ભેગા કરી શકે છે? લઈ શકે છે? એ.. શેઠ! પણ સવારમાં 'શોભાલાલજી' આવ્યા હતા. એક મહિનામાં એણે આટલા દસ લાખ, વીસ લાખ કરી દેવા પડશે. બીડીમાં જેટલા આવે દરરોજ આવે.. દરરોજ આવે.. પચ્ચીસ હજાર, પચાસ હજાર.

મુમુક્ષુ :- લેણા હોય તો આવે ને.

ઉત્તર :- અહીં કહે છે, લેણું કોનું ને દેણું કોનું? પૈસા લે કોણ અને મૂકે કોણ? આહાહા..! આવી વાત છે.

અહીં તો એમાં જે અશુભ વિકલ્પ આવ્યો એ પણ વસ્તુમાં નથી. આ શુભ આવ્યો, એને દાનમાં દેવાનો ભાવ શુભ આવ્યો, કહે છે, લ્યો ને. એ વિકલ્પ આત્મામાં નથી. એને જિનપ્રતિમા કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'હિંમતભાઈ'! આ તમારે મંદિર તો થઈ ગયું હવે. ઘણા લોકો કહે છે કે 'ભાવનગર'માં હોંશ લોકોની ઘણી છે.

મુમુક્ષુ :- પ્રતિકુળ સંયોગ હોવા છતાં પણ...

ઉત્તર :- પ્રતિકુળ સંયોગ કાંઈ નહિ. લાઈનસર બધા કામ ચાલતા હતા. ત્યાં સળગ્યું એને ઘરે. અહીં તો વરઘોડાના ઠેકાણે વરઘોડો ને દીક્ષા ને બીક્ષા બનાવે એમાં કાંઈ નહિ. એ તો બધું થવાનું હોય ઈ થાય છે. એમાં શું છે. આહાહા..!

'શ્રીકૃષ્ણ' ને 'બળદેવ' જેવા સમકિતી યોદ્ધાઓ ઊભા અને આમ દ્વારકા સળગે. અરે..! એમાં રાણીઓ સળગે. જિનમંદિરો સળગે. 'દ્વારકા'માં જિનમંદિર હતા ને? જિનમંદિરો. 'દ્વારકા' સળગી ને? જિનપ્રતિમા, જિનમંદિરો, રાણીઓ, રાજકુમારો, રાજકુમારની સ્ત્રીઓ, હાથી, ઘોડા ઝળહળ... ઝળહળ.. ઝળહળ (સળગે). કાળ હોય ત્યારે ન થાય ત્યારે ક્યાં થાય? બીજે થાય? ઊભા રહ્યા જોઈને. બસ. ભાઈ! હવે ક્યાં જાશું? અરે..! જેની હાંકલે હજાર રાજાઓ ઊભા થાય. ખમ્મા અન્નદાતા. સમજાણું કાંઈ? જેને ગળફો નીકળે

કદાચ કોઈ વખતે, એ તો નિરોગી થયો. વાસણ-બાસણ ન હોય તો રાજા હાથ ધરે આમ. એય..! ક્યાં ગયા પણ આ પુણ્ય બધા? એમાં મા-બાપ સળગે. અરે..રે..રે..! આપણે બેઠા મા-બાપ (સળગે). કાઢો રે કાઢો. બહાર કાઢવા જાય ત્યાં હુકમ થયો, નહિ નીકળે. બેને કહ્યું હતું ને.

મુમુક્ષુ :- બેને કહ્યું હતું?

ઉત્તર :- હા. બેને કહ્યું હતું. એ તો અહીં બહુ .. આવી ગયેલો. પછી આણે માફી બહુ માંગી. નહિ, તમે બે બચશો. એમ કીધું. તમે સિવાય કોઈ નહિ. આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિને લબ્ધિ હોય છે.

ઉત્તર :- હા. તેજો લબ્ધિ હોય છે મિથ્યાદષ્ટિને વીતરાગના વચન ખોટા પાડવા મટે.

અહીં તો કહેવું છે કે એવા યોદ્ધાઓ ઊભા. રતનના કાંગરા, સોનાના ગઢ. એ ઘાસ સળગે એમ સળગે. બાપુ! એની પર્યાયનો કાળ હોય તેમ થાય. તું ઉદાસ. જગતથી ઉદાસ. આ વિકલ્પ આવે એનાથી પણ તું ઉદાસ છો. એવા સ્વરૂપને ભગવાને અહીં જિનસ્વરૂપ અને જિનપ્રતિમા કહી છે. આહાહા..!

'**અષ્ટકર્મ બંધનસે રહિત...**' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૩, ગાથા ૧૨ થી ૧૪, મંગળવાર, શ્રાવણ સુદ ૨, તા.૦૪-૦૮-૭૦

આ 'અષ્ટપાહુડ'માં 'બોધપાહુડ' ચાલે છે. ૧૨-૧૩ ગાથા છે ને? ૧૨-૧૩ ગાથા. જિન પ્રતિમા કિસકો કહતે હૈં? જૈનમાર્ગને વિષે જિનપ્રતિમા (કોને કહે છે?)

**અર્થ :- 'જો અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય ઔર અનંતસુખ સહિત હૈં;...'** જિસકો અનંતજ્ઞાન પ્રગટ હુઆ હૈ, અનંતદર્શન, અનંતઆનંદ ઔર અનંતવીર્ય, ઐસી દશા પ્રગટ હુઈ હૈ વહ જિનપ્રતિમા હૈ. જિન નામ વીતરાગી પ્રતિમા. વાસ્તવિક. '**શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ હૈ,..**' આત્મા ધ્રુવ શાશ્વત અનંત આનંદસ્વરૂપ હૈ, ઉસકી પર્યાયમેં અનંત આનંદ ધ્રુવપને પ્રગટ હુઆ, ઉસકો જિન વીતરાગ પ્રતિમા કહતે હૈં. સમજ મેં આયા?

'**અદેહ હૈ - કર્મ નોકર્મરૂપ પુદ્ગલમયી દેહ જિનકે નહીં હૈ;...**' જિન્હેં કર્મ નહીં હૈ, નોકર્મ શરીર નહીં હૈ ઔર માત્ર આત્મા ચૈતન્યઘન, ચૈતન્યપિંડ ચિત્સ્વરૂપ હૈ, ઉસે યહાં જિન પ્રતિમા કહનેમેં આયા હૈ. બાહર કિ જિનપ્રતિમા જો મંદિર આદિ હૈ વહ તો વ્યવહાર હૈ. વહ કોઈ વાસ્તવિક પ્રતિમા નહીં. 'વજુભાઈ'! આહાહા..! વહ કહતે હૈં, આગે કહેંગે.

'**અષ્ટકર્મકે બંધનસે રહિત હૈં,...**' ઐસા ભગવાન આત્મા-જૈસા સ્વભાવ વીતરાગભાવ થા, ઐસા પર્યાયમેં વીતરાગભાવ પૂર્ણ પ્રગટ હુઆ ઉસકો જિનપ્રતિમા કહતે હૈં. સમજ મેં આયા? કહતે હૈં, ભગવાન આત્મા વીતરાગ જિન પ્રતિમા ત્રિકાળ ધ્રુવ તો જિનપ્રતિમા હી

આત્મા હૈ. ઉસકા આશ્રય કરકે પર્યાયમેં વીતરાગતા પૂર્ણ પ્રગટ હો ઉસે યહાં જૈનદર્શન મેં નિશ્ચય સે સત્ય જિનપ્રતિમા કહને મેં આયી હૈ. સમજ મેં આયા? માત્ર બાહર કી પ્રતિમા, મંદિર ઉસે માને ઔર ઉસમેં રુક જાયે, વહ કોઈ વાસ્તવિક તત્ત્વ નહીં. વહ તો બીચમેં આનેવાલા શુભ વિકલ્પ હૈ, શુભરાગ હૈ. પર ઉપર લક્ષ જાતા હૈ. લેકિન વહ વાસ્તવિક પ્રતિમા નહીં. આહાહા..! જિનપ્રતિમા ન? જિનપ્રતિમા કા અર્થ ક્યા? 'શોભાલાલજી'!

ભગવાનઆત્મા જિનસ્વરૂપી આત્મા ત્રિકાલી, ઐસા ધ્રુવ, ઉસ ઉપર દૃષ્ટિ કરકે સ્થિરતા કરકે જૈસી શક્તિરૂપ જિનપ્રતિમા ધ્રુવ હૈ, ઐસી પર્યાયમેં વીતરાગતા પૂર્ણ પ્રગટ હોના ઉસકા નામ ભગવાન જિનપ્રતિમા કહતે હૈં. આહાહા..! સમજ મેં આયા? ઐસી જિનપ્રતિમા કી ખબર નહીં ઔર બાહર કી માત્ર જિનપ્રતિમા ઔર મંદિર, જાત્રા ઔર પૂજા મેં રુક જાયે ઉસે ધર્મ નહીં હોતા. પુણ્ય હો જાયે થોડા વિકલ્પ (હૈ તો). સમજ મેં આયા? વહ ધર્મ નહીં. ધર્મ તો આત્મા કા સ્વભાવ વીતરાગસ્વરૂપ, જિનબિંબ ચૈતન્ય જિનપ્રતિમા હી હૈ ધ્રુવ તો. ઉસકે આશ્રય સે વીતરાગી પર્યાય પૂર્ણ અનંત આનંદ આદિ પ્રગટ હોના, ઉસકા નામ ભગવાન (જિનપ્રતિમા કહતે હૈં).

**નઉપમા રહિત હૈં...**' ઉસકી ઉપમા ક્યા? જિનપ્રતિમા ઐસી પર્યાય પ્રગટ હુઈ, સિદ્ધ કી દશા (પ્રગટ હુઈ), ઉસકી ઉપમા ક્યા? ઉસકી ઉપમા ઉસકો લગે. ઉસકી ઉપમા દૂસરે સે લગે ઐસે હોતા નહીં. આહાહા..! **'ઐસી લોકમેં વસ્તુ નહીં હૈ;...**' ઐસી જગત મેં કોઈ ચીજ નહીં કિ સિદ્ધ પ્રતિમા કે સાથ ઉપમા દે સકે. સમજ મેં આયા? આહાહા..! દેખો! ઈસ 'બોધપાહુડ'મેં અકેલે નિશ્ચય જિનમાર્ગમેં ઉસકો પ્રતિમા હૈ, ઐસા લિખા હૈ. **'जिणमग्गे'** જિન પ્રતિમા ઉસકો કહા હૈ. ઐસા લિખા હૈ 'કુંદકુંદાચાર્ય'ને. સમજ મેં આયા? ઐસી જિન પ્રતિમા કી અંતરમેં પિછાન નહીં, પ્રતીતિ નહીં ઔર સ્વરૂપ ઓર કી એકાગ્રતા નહીં ઔર માત્ર બાહ્ય પ્રતિમા કી પૂજા-ભક્તિ આદિ (કરે), જાત્રા મેં.. સમ્મેદશિખર કી જાત્રા લાખ કરોડ, અરબ બાર કરે, ઉસમેં કોઈ ધર્મ હૈ નહીં.

મુમુક્ષુ :- ઐસી પ્રતિમાકે વંદન કરને સે નિકાચિત કર્મબંધ નહીં હોતા.

ઉત્તર :- ઐસી પ્રતિમા. 'ધવલ'મેં આતા હૈ ન? 'ધવલ' મેં. જિનબિંબ કા દર્શન. જિનબિંબ પીછે લેંગે. જિનબિંબ બાદમેં લેગે. જિનમુદ્રા, જિનબિંબ. યહાં તો જિનબિંબ કહો યા જિન પ્રતિમા કહો.

ભગવાનઆત્મા, શુભ વિકલ્પ જિસ ભાવ સે તીર્થંકરગોત્ર બંધતા હૈ, ઉસ ભાવસે ભી રહિત વસ્તુ હૈ. જિસ ભાવ સે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ભી જિનપ્રતિમા નહીં. વહ તો રાગ હૈ. આહાહા..! સમજ મેં આયા? કહતે હૈં, જિસકી કોઈ ઉપમા નહીં. ઔર **'અચલ હૈં - પ્રદેશોંકા ચલના જિનકે નહીં હૈ;...**' કંપ છૂટ ગયા અકંપ હો ગયે. વહાં અસંખ્ય પ્રદેશ સિદ્ધ કરતે હૈં. ભગવાન ચૈતન્યઘન કે અસંખ્ય પ્રદેશ વહાં અકંપ હો ગયે. ઐસે ચલના જિનકે નહીં હૈ.

**'અક્ષોભ હૈં - જિનકે ઉપયોગમેં કુછ ક્ષોભ નહીં હૈ,...**' જિસકી ઉપયોગ પરિણતિમેં કોઈ રાગ કા, વિકલ્પ કા ક્ષોભ નહીં હૈ. ઐસી વીતરાગ દશા (પ્રગટ હુઈ હૈ). ઐસે (ક્ષોભ)

‘**શુદ્ધદર્શનજ્ઞાનમયી શુદ્ધ ચેતના પરિણમનકો તો ‘હિત’ જાને,...**’ જુઓ! શુદ્ધ દર્શનજ્ઞાન, આત્મા દૃષ્ટા અને જ્ઞાતા એનો અવિનાશી સ્વભાવ, એ રીતે ‘**શુદ્ધદર્શનજ્ઞાનમયી શુદ્ધ ચેતના પરિણમનકો**...’ શુદ્ધ પવિત્રની પરિણતિ થવી ‘**તો હિત જાને,...**’ એને હિત માને. જુઓ! આત્માનો પવિત્ર સ્વભાવ, એની શ્રદ્ધા-જ્ઞાનને હિત જાણે. એનું આચરણ-ઠરવું એને હિત જાણે. ‘**ઈસકા ફલ સંસારકી નિવૃત્તિ હૈ...**’ એનું ફળ સંસારથી નિવૃત્તિ (છે). કહો, સમજાણું કાંઈ? પોતાનો જે અવિનાશી દર્શન-જ્ઞાન-શુદ્ધ સ્વભાવ, એની સન્મુખ થઈને શુદ્ધ પરિણતિ નામ નિર્મળ દશા કરવી, એ નિર્મળ દશાનું ફળ સંસારથી નિવૃત્તિ છે. મુક્તિની પ્રાપ્તિ છે. લ્યો, આવું તો કેટલું સાદિ ભાષામાં લખ્યું છે. ‘જયચંદ્ર પંડિત’. છતાં તકરારો (કરે), શુભ આમ થાય ને શુભથી આ થાય. અનાદિથી શુભાશુભથી તો સંસાર છે.

ચૈતન્ય સ્વભાવ શુદ્ધ વસ્તુ પવિત્ર છે. એને પવિત્રને આશ્રયે થઈને જે પવિત્રતા પ્રગટ થાય, એનાથી સંસારની નિવૃત્તિ થાય. શુભાશુભ ફળરૂપ સંસાર એની એનાથી-શુદ્ધભાવથી નિવૃત્તિ થાય. કહો, સમજાણું કાંઈ? ‘**ઈસકો જાને,...**’ જાણે કે આનું-શુદ્ધભાવનું ફળ તો સંસારની નિવૃત્તિ છે. ‘**ઔર અશુદ્ધભાવકા ફલ સંસાર હૈ ઈસકો જાને,...**’ પુણ્ય અને પાપના ભાવ જે અશુદ્ધ છે, એનું ફળ તો સંસાર છે. લ્યો! બે વાત કરી. શુદ્ધભાવનું ફળ સંસારથી નિવૃત્તિ. શુભાશુભ અશુદ્ધભાવનું ફળ સંસારની પ્રાપ્તિ. કહો, આને અંદર જાણે. પુણ્ય અને પાપના બેય ભાવ અશુદ્ધ છે, એનાથી સંસારની પ્રાપ્તિ છે. અને આત્માના સ્વભાવની શુદ્ધતાનું પરિણમન, વીતરાગી દશા એ સંસારની નિવૃત્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ?

‘**તબ શુદ્ધભાવકે ગ્રહણકા...**’ શુદ્ધભાવને અંગીકાર કરે. શુદ્ધભાવ, એનું ફળ સંસારની નિવૃત્તિ, અશુદ્ધભાવ(નું ફળ) સંસારની પ્રાપ્તિ (છે), એમ જાણીને શુદ્ધભાવને અંગીકાર કરે. સ્વ સામું જોઈને શુદ્ધ પરિણમન પ્રગટ કરે. સમજાણું કાંઈ? પર સામું, કર્મના નિમિત્ત સામું જોઈને સંસારના પરિણામ ઉત્પન્ન થાય છે. એનું ફળ સંસાર રખડવાનું છે. આહાહા..! આવું છે. આહાહા..! ‘**તબ શુદ્ધભાવકે ગ્રહણકા ઔર અશુદ્ધભાવકે ત્યાગકા ઉપાય કરે.**’ પોતાના પવિત્ર સ્વભાવ સન્મુખનો, શુદ્ધભાવને અંગીકાર કરવાનો પ્રયત્ન કરે અને પુણ્ય-પાપના અશુદ્ધભાવને છોડવાનો ઉપાય કરે, એમ કહે છે. જુઓ! આહાહા..! શુભ અશુભભાવ એવા અશુદ્ધભાવના ત્યાગનો ઉપાય કરે. રાખવાનો ઉપાય કરે એમ નહિ. આ મોટી તકરાર, વાંધા આવે એવા. આહાહા..!

‘**ઉપાયકા સ્વરૂપ જૈસે સર્વજ્ઞ-વીતરાગકે આગમમેં કહા હૈ...**’ ઉપાયનું સ્વરૂપ જેવું સર્વજ્ઞ વીતરાગ, એના શાસ્ત્રમાં કહ્યું એનો ઉપાય સાચો. જેને સર્વજ્ઞપણું નથી, ત્રણ કાળનું જ્ઞાન નથી અને વીતરાગતા જેને પ્રગટ થઈ નથી, એની વાણીમાં આગમ હોઈ શકે નહિ. આહાહા..! ‘**કૈસે કરે. ઈસકા સ્વરૂપ નિશ્ચય-વ્યવહારાત્મક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગ કહા હૈ.**’ લ્યો! ભગવાનના ઉપદેશમાં નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય

ચારિત્ર અને વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર-એ બેને-નિશ્ચય વ્યવહારને મોક્ષમાર્ગ કહ્યો. નિશ્ચય મોક્ષમાર્ગ એ સત્ય છે, વ્યવહાર મોક્ષમાર્ગ એ ઉપચારના આરોપિત કથન છે. સત્યાર્થથી.. ભાઈ! કારણ તે વ્યવહાર. '**શુદ્ધસ્વરૂપકે શ્રદ્ધાન - જ્ઞાન - ચારિત્રકો 'નિશ્ચય' કહા હૈ...**' શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, જ્ઞાનાનંદ અનંત ચૈતન્ય રત્નાકરનો ભંડાર, એવા શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન, એવા શુદ્ધ સ્વરૂપની રુચિ, એનું જ્ઞાન ને ચારિત્રને નિશ્ચય કહ્યો.

વ્યવહાર '**જિનદેવ સર્વજ્ઞ - વીતરાગ તથા ઉનકે વચન ઔર ઉન વચનોંકે અનુસાર પ્રવર્તનેવાલે મુનિ, શ્રાવક ઉનકી ભક્તિ વન્દના વિનય વૈયાવૃત્ય કરના 'વ્યવહાર' હૈ,...**' લ્યો! વ્યવહાર એ પુણ્યબંધનું કારણ છે. વ્યવહાર જિનદેવ.. એ પરદ્રવ્ય આવ્યું ને? પરદ્રવ્ય માટે વ્યવહાર થયો, એમ કહે છે. સ્વદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ નિશ્ચય છે, પરદ્રવ્યની શ્રદ્ધા આદિનો ભાવ એ વ્યવહાર છે. '**જિનદેવ સર્વજ્ઞ - વીતરાગ તથા ઉનકે વચન...**' એના વચનો. '**ઉન વચનોંકે અનુસાર પ્રવર્તનેવાલા...**' ભગવાનના વચનમાં કહેલું, એને અનુસારે, એને અનુસારે પ્રવર્તનારા મુનિ અને શ્રાવક. એમ કહે છે. જુઓ! આહાહા..! ભગવાનના વચનમાં જે કહ્યું, એને અનુસારે પ્રવર્તવાવાળા મુનિ અને શ્રાવક '**ઉનકી ભક્તિ વન્દના વિનય વૈયાવૃત્ય કરના...**' એમ કહ્યું. ભગવાનના આગમ પ્રમાણે મુનિ અને શ્રાવક હોય, એને વંદના અને ભક્તિ કરવી એ વ્યવહારભાવ, પુણ્યભાવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? કેટલું સમજવું ને સાંભળવું? શરતું કેટલી?

વ્યવહાર તો આને કહીએ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એના વચન અને એ વચનને અનુસારે પ્રવર્તવાવાળા મુનિ '**શ્રાવક ઉનકી ભક્તિ વન્દના વિનય વૈયાવૃત્ય કરના વ્યવહાર હૈ,...**' એ વ્યવહાર છે. એમ. ઓલો નિશ્ચય હતો. સ્વ ભગવાન આત્માની શુદ્ધ સ્વભાવની સ્વને આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર (થાય) એ નિશ્ચય. એ સત્ય વસ્તુ હતી. જોડે આવું પરદ્રવ્ય સર્વજ્ઞના કહેલા વચનો, સર્વજ્ઞદેવ અને એમના વચન અનુસાર પ્રવર્તવાવાળા પહેલા... છે ને? મુનિ અને શ્રાવક. સમજાણું કાંઈ? '**ક્યોંકિ વહ મોક્ષમાર્ગમેં પ્રવર્તાનેકો ઉપકારી હૈ.**' પહેલા ... છે ને? વીતરાગદેવ, વીતરાગની વાણી અને વીતરાગના દેવ અનુસાર પ્રવર્તવાવાળા મુનિ અને શ્રાવક, એ '**મોક્ષમાર્ગમેં પ્રવર્તાનેકો ઉપકારી હૈ.**' ઉપકારીને માનવા ન્યાય છે. અહીંયાં વ્યવહાર સિદ્ધ કરવો છે ને? સમજાણું કાંઈ? '**ઉપકાર લોપના અન્યાય હૈ.**' જિનેશ્વર દેવ, એની વાણી-આગમ, એને અનુસારે પ્રવર્તવાળા મુનિ ને શ્રાવક, એનો વિનય, વંદના આદિ યથાયોગ્ય કરવું એ ન્યાય છે. એ બધા ઉપકારી છે. સમજાણું કાંઈ? અને એનો ઉપકાર ઓળવવો એ અન્યાય છે. એવો ભાવ આવે છે કે નહીં? શુભભાવ વ્યવહાર આવો હોય છે એમ કહે છે. સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ, એનું નામ માત્ર પણ લાભદાયક છે. હવે આપણે અરિહંતની વ્યાખ્યા આવશે આ પછી. બોધપાહુડમાં રહી ગયું છે ને? ભાઈ! અરિહંતદેવ. અરિહંતનું સ્વરૂપ રહી ગયું છે. ૨૮ ગાથાથી અમુક સુધી છે.

વળી '**સ્વરૂપકે સાધક અહિંસા આદિ મહાવ્રત...**' જુઓ! અહીં સ્વરૂપ જે આત્માની

શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ, એમાં નિમિત્તરૂપે રાગની મંદતાના અહિંસ આદિના ભાવ હોય એને વ્યવહારે સાધક કહેવામાં આવે છે. '**મહાવ્રત તથા રત્નત્રયરૂપ પ્રવૃત્તિ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના શુભ વિકલ્પની પ્રવૃત્તિ '**સમિતિ, ગુપ્તિરૂપ પ્રવર્તના...**' લ્યો! એમાં રાગનો અંશ છે પણ એ આવ્યા વિના રહેતો નથી. વીતરાગ જ્યાં સુધી ન થાય, એને શુદ્ધભાવની ભૂમિકામાં, શુદ્ધ પરિણતિમાં, નિશ્ચયમાં આવો વ્યવહાર હોય છે.

'**મહાવ્રત તથા રત્નત્રયરૂપ પ્રવૃત્તિ,...**' રત્નત્રય એટલે વ્યવહાર. વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર મહાવ્રતનો વિકલ્પ આદિ. '**સમિતિ, ગુપ્તિરૂપ પ્રવર્તના...**' એ પણ રાગ છે. ઈર્યા-શોધીને ચાલવું એ બધો વિકલ્પ રાગ છે. પણ એવો વ્યવહાર નિશ્ચયવાળાને હોય છે. '**ઈનમેં દોષ લગને પર અપની નિંદા ગર્હાદિક કરના,...**' મહાવ્રતાદિમાં દોષ લાગ્યો હોય તો નિંદા ગર્હા કરવા. '**ગુરુઓંકા દિયા હુઆ પ્રાયશ્ચિત લેના,...**' આ બધો વ્યવહાર વિકલ્પ હોય છે, એટલી વાત. '**શક્તિકે અનુસાર તપ કરના,...**' શક્તિ અનુસાર એટલે શક્તિ પ્રમાણે. જેવી પોતાની શક્તિ હોય એના પ્રમાણમાં તપ કરવું. અપવાસ આદિ વ્યવહાર તપની વાત છે. '**પરિષહ સહના, દસલક્ષણધર્મમેં પ્રવર્તના ઈત્યાદિ શુદ્ધાત્માકે અનુકૂલ...**' નિમિત્ત. શુદ્ધાત્માની શ્રદ્ધા-જ્ઞાનની ભૂમિકામાં અનુકૂળ નામ નિમિત્ત '**ક્રિયારૂપ પ્રવર્તના, ઈનમેં કુછ રાગકા અંશ રહતા હૈ તબતક શુભકર્મકા બંધ હોતા હૈ,...**' રાગનો અંશ છે એટલું એને પુણ્યબંધન થાય. '**તો ભી વહ પ્રધાન નહીં હૈ,...**' પ્રધાનતા-ગણતરી નિશ્ચયની-સ્વભાવની છે એમ કહે છે. જરી રાગ હોય છે. એ રાગને શુદ્ધનો આરોપ અપાય છે.

'**ક્યોંકે ઈનમેં પ્રવર્તનેવાલેકે શુભકર્મકે ફલકી ઈચ્છા નહીં હૈ,...**' લ્યો! રાગ એવો આવે છે પણ એના ફળની ઈચ્છા ધર્મીને હોતી નથી. '**ઈસલિયે અબંધતુલ્ય હૈ,...**' એ અપેક્ષાએ. દૃષ્ટિ અને જ્ઞાન અને ચારિત્રની નિર્મળતાનું જોર છે ત્યાં જરી રાગનો ભાગ આવો આવે છે, એનાથી કાંઈ બંધ છે પણ એને પ્રધાનપણે ગણવામાં (આવ્યો છે). પ્રધાન આ શુદ્ધ રત્નત્રય (છે). તેથી એને અબંધતુલ્ય કહ્યું. '**ઈત્યાદિ પ્રવૃત્તિ આગમોક્ત 'વ્યવહાર મોક્ષમાર્ગ' હૈ.**' એ પણ આગમની આજ્ઞા વ્યવહાર પ્રમાણે મોક્ષમાર્ગ વ્યવહારે કહેવામાં આવે છે. '**ઈસમેં પ્રવૃત્તિરૂપ પરિણામ હૈં...**' એમાં રાગરૂપી પ્રવૃત્તિના પરિણામ છે. '**તો ભી નિવૃત્તિપ્રધાન હૈં, ઈસલિયે નિશ્ચયમોક્ષમાર્ગમેં વિરોધ નહીં હૈ.**' નિશ્ચય ભૂમિકામાં વ્યવહારનો ભાવ એવો હોય છે. એથી કંઈ નિશ્ચય વિરોધ આવતો નથી. આહાહા..!

'**ઈસપ્રકાર નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગકા સંક્ષેપ હૈ. 'ઈસીકો 'શુદ્ધભાવ' કહા હૈ.**' જુઓ! શુદ્ધભાવ તો શુદ્ધ જ છે. વ્યવહારને ઓલાને શુદ્ધ કહેવામાં (આવે છે). વ્યવહારે શુદ્ધ. મૂળ એમ છે. વ્યવહાર શુદ્ધ. શુભને વ્યવહાર શુદ્ધ કીધો. શુદ્ધને નિશ્ચય શુદ્ધ કીધો. આમાં ન સમજે તો ગોટા ઉઠાવે. એમ કહે કે જુઓ! આ બેયને શુદ્ધ કહ્યા. આહાહા..! '**ઈસીકો શુદ્ધભાવ કહા હૈ.**' એને શુદ્ધભાવ કહ્યો છે. એય..! કોને? બેયને. એક યથાર્થ અને એક આરોપિત. જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક નિશ્ચય અને એક આરોપિત. એમ

શુદ્ધભાવ યથાર્થ એ યથાર્થ. શુભને વ્યવહાર આરોપિત. આહાહા..! લ્યો! આમાં તો આવું ચોખ્ખું છે.

નિશ્ચય અને વ્યવહારથી નિર્જરા થાય. 'જય ધવલ'માં છે ને? એનો અર્થ શું? એ તો વ્યવહારનો આરોપ કરીને કથન કર્યું છે. આવી વસ્તુ (છે). માણસને અભિપ્રાય બંધાય જાય છે ને? એનાથી છૂટવું ભારે પડી જાય. ચારિત્રદોષ છે એ તો ટળી શકવાની એને દૃષ્ટિ છે તો ટળી શકે. પણ અભિપ્રાયને ટાળવો... આહાહા..! તેથી કહ્યું ને, દંસણ ભટ્ટા સિજ્ઝંતિ નહિ. ચરિત્ત ભટ્ટા સિજ્ઝંતિ. દર્શનભ્રષ્ટ છે તે કોઈ દિ' નહિ સિઝે. ચારિત્રભ્રષ્ટ-ચારિત્રનો દોષ હશે તો એના શ્રદ્ધા-જ્ઞાનમાં ખ્યાલ છે. એ ક્રમે ક્રમે છૂટી જશે. પણ જેની શ્રદ્ધા જ વિપરીત છે એ પુણ્ય પરિણામ એ જ નિર્જરા અને સંવર છે અને એ ધર્મ છે, એવા અભિપ્રાયવાળા દર્શનથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? સત્યથી વેગળા છે. ચારિત્રદોષ છે એ સત્યથી અસ્થિરતાની અપેક્ષાએ વેગળો છે. અભિપ્રાયની અપેક્ષાએ વેગળો નથી. દોષ છે. રાગ દોષ છે. સમજાણું કાંઈ?

**'ઈસમેં સમ્યગ્દર્શનકો પ્રધાન કહા હૈ,...'** જુઓ! પાછું એમાં પણ સમ્યગ્દર્શનની પ્રધાનતા. ત્રણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય અને વ્યવહાર. એમાં પણ સમ્યગ્દર્શનની મુખ્યતા. **'ક્યોંકિ સમ્યગ્દર્શનકે બિના સબ વ્યવહાર મોક્ષકા કારણ નહીં હૈ...'** જેને નિર્વિકલ્પ આત્માની શ્રદ્ધાનું ભાન નથી એને આવા બધા વ્યવહાર કોઈ મોક્ષનું વ્યવહાર કારણ પણ નથી. એમ કહે છે. આહાહા..! આઠ-આઠ વર્ષના છોકરા સમજતા. આહાહા..! આઠ વર્ષના બાળક રાજકુમાર કેવળ પામતા. સંસાર સમુદ્રનો દરિયો મોટો રખડવાનો અપાર. એમાંથી દુઃખ લાગ્યું. અરે..રે..! આ ભવજળસાગરમાંથી તરવું એ મારે કરવું. એ મારે કરવું. બાકી મારે કાંઈ કરવું નથી. સમજાણું કાંઈ? શુભાશુભ પરિણામનું ફળ તો સંસાર છે. કીધું ને? એ સંસારના ભવસાગરમાં ડૂબી રહ્યો છે. એનાથી હવે મારે તરવું એ કરવું છે. તરવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. એનાથી તરી શકે છે. ભારે! ટૂંકી વાતમાં મોટી વાત. જવાબદારી, શરતું મોટી.

**'સમ્યગ્દર્શનકે બિના સબ વ્યવહાર...'** જુઓ! ઉપર કહ્યું ને વ્યવહાર? જેને વ્યવહારે શુદ્ધ કીધો હતો એ બધા **'મોક્ષકા કારણ નહીં હૈ...'** ઓલામાં તો આરોપ આવતો. સમ્યગ્દર્શન આત્માનું ભાન, નિર્વિકલ્પ શ્રદ્ધા અને રાગ તે હેય છે એમ ભાન હતું. એને રાગમાં આરોપ આવતો. અજ્ઞાની તો કહે છે શ્રદ્ધા વિનાને આરોપ પણ હોતો નથી. **'સમ્યગ્દર્શનકે વ્યવહારમેં જિનદેવકી ભક્તિ પ્રધાન હૈ,...'** હવે સમ્યગ્દર્શનમાં પણ વ્યવહારમાં જિનદેવની ભક્તિ પ્રધાન છે. વીતરાગ તીર્થંકરદેવ કેવળજ્ઞાની સૂર્ય, જાગતી જ્યોત સૂર્ય, એ ઊગ્યો એ ઉગ્યો. આથમે નહીં. એવા પરમાત્મા જિનેન્દ્રદેવ એની ભક્તિ, વ્યવહારમાં મુખ્ય છે.

**'યહ સમ્યગ્દર્શનકો બતાનેકે લિયે મુખ્ય ચિહ્ન હૈ,...'** જિનેન્દ્રદેવની જેને અંતર શ્રદ્ધા આત્માની થઈ છે, એને આવા જિનેન્દ્રદેવ પ્રત્યેની ભક્તિ અને મુખ્યતા ગણવામાં (આવી

છે). વ્યવહારમાં. '**ઈસલિયે જિનભક્તિ નિરંતર કરના...**' વ્યવહારનો વિકલ્પ છે ને? એની શ્રદ્ધા નિરંતર રાખવી. '**જિન-આજ્ઞા માનકર આગમોક્ત માર્ગમેં પ્રવર્તના...**' વીતરાગની આજ્ઞા જાણવી, આજ્ઞા માનવી. આગમોક્ત-ભગવાનના આગમ પ્રમાણે માર્ગમાં પ્રવર્તવું. '**યહ શ્રીગુરુકા ઉપદેશ હૈ. અન્ય જિન-આજ્ઞા સિવાય સબ કુમાર્ગ હૈં,..**' જિનેન્દ્રની આજ્ઞા સિવાય જેટલા જગતમાં માર્ગ છે એ બધા કુમાર્ગ છે, પાખંડ માર્ગ, અન્ય માર્ગ છે. આહાહા..! '**ઉનકા પ્રસંગ છોડના;...**' એવાઓનો સંગ કરવો નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવે કહેલો માર્ગ શુદ્ધ અને શુભ, એ સિવાય બીજા કહનારાઓનો માર્ગ છોડવો, પ્રસંગ છોડવો, સંગ કરવો નહીં, પરિચય કરવો નહીં. સમજાણું કાંઈ? અને પોતાના ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતાના આત્માનું હિત કરવું. '**ઈસપ્રકાર કરનેસે આત્મકલ્યાણ હોતા હૈ.**' લ્યો! આવું કરે એને આત્મકલ્યાણ થાય. લ્યો! આખા ભાવપાહુડનો સાર કહ્યો. ૧૬૫ ગાથા ઘણા વખતથી ચાલતી હતી.

**जीव सदा चिदभाव एक अविनाशी धारै।**
**कर्म निमितकूं पाय अशुद्धभावनि विस्तारै।।**
**कर्म शुभाशुभ बांधि उदै भरमै संसारै।**
**पावै दुःख अनंत च्यारि गतिमैं डुलि सारै।।**
**सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब।**
**निजशुद्धभाव धरि कर्महरि लहै मोक्ष भरमै न तब।।**

જુઓ! પાછું લખાણમાં ચોખ્ખું કરી નાખ્યું. '**जीव सदा चिदभाव...**' પહેલું આવ્યું હતું. જીવ સદા ચેતના અવિનાશી સ્વભાવવાળો છે. '**जीव सदा चिदभाव एक अविनाशी धारै।**' આત્માનો ચિદાનંદ જ્ઞાન-દર્શન સ્વભાવ અવિનાશી અનાદિઅનંત, એને દૃષ્ટિમાં લે-ધારે. '**कर्म निमितकूं पाय**' અનાદિથી. આવ્યું છે એનો જ ખુલાસો કર્યો. કર્મનું નિમિત્ત પામીને અશુદ્ધભાવને વિસ્તારે. એ નિમિત્તને પામેનો અર્થ જ નિમિત્ત પોતે લક્ષમાં લે છે માટે નિમિત્ત કહેવાય છે. એમ. '**कर्म निमितकूं पाय अशुद्धभावानि विस्तारै।।**' પરના નિમિત્તના લક્ષે તો અશુદ્ધભાવનો-પુણ્ય-પાપનો જ વિસ્તાર થાય. એમાં સંસારની નિવૃત્તિનો ઉપાય થાય નહિ.

'**कर्म शुभाशुभ बांधि**' પુણ્યના, પાપના જે કાંઈ શુભ-અશુભભાવ કરે, શુભ-અશુભ બાંધે. વળી, '**उदै भरमै संसारे।**' વળી ઉદય આવે તો વળી ભ્રમમાં પડીને પુણ્ય-પાપના ભાવ કરે અને સંસારમાં રખડે. આહાહા..! '**पावै दुःख अनंत**' ચારેય ગતિનું દુઃખ છે. '**च्यारि गतिमैं डुलि सारै।।**' જુઓ! ચારેય ગતિમાં ડૂબશે એમ કહે છે. ઓલામાં કુછ સુખ, કહ્યું હતું ને?

મુમુક્ષુ :- બહુ સુખી કીધો હતો, હવે દુઃખ કીધું.

ઉત્તર :- એ તો લોકોને..આહાહા..!

'**गतिमैं डुलि** ' ચાર ગતિમાં ડોલતો ફરે. પરિભ્રમણ કરે. આહાહા..! '**सर्वज्ञदेशना पायकै**' પરમાત્મા સર્વજ્ઞદેવ. કેમકે આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. એને જ આત્મા પૂરો કહીએ અને એવી સર્વજ્ઞદશા જેને પ્રગટ થઈ એવા આત્માને આત્મા ખરેખર કહીએ. એવા ભગવાનની જે આજ્ઞા-દેશના. '**सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब।**' જુઓ! ત્યારે જ મિથ્યાત્વભાવ તજે. સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે આત્માને જાણે, શ્રદ્ધે તો મિથ્યાત્વ જાય. અજ્ઞાનીઓના કહેવા પ્રમાણે આત્માને માને, ધ્યાન કરે તો એને મિથ્યાત્વ જાય નહીં. સમજાણું?

'**सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब। निजशुद्धभाव धरि**' આત્માનો પવિત્ર સ્વભાવ સમ્યગ્દર્શનમાં ધાર્યો, એમ કહે છે. મિથ્યાત્વ છૂટ્યું. આ શુદ્ધ નિજ આત્મા પરમાનંદસ્વરૂપ જ્ઞાનનો સૂર્ય, આનંદનો સાગર એવો '**निजशुद्धभाव धरि**' ધારણ કરીને '**कर्महरि**' કર્મને ટાળીને '**लहै मोक्ष भरमै न तब।।**' એ મોક્ષ લે '**भरमै न तब**' એ ભરમાય નહિ અને સંસારમાં રહે નહિ.

**मंगलमय परमातमा, शुद्धभाव अविकार।**
**नमूँ पाय पाऊँ स्वपद, जाचूँ यहै करार।।**

'**मंगलमय परमातमा,**' પરમાત્મા તો મંગલમય પૂર્ણ શુદ્ધને પ્રાપ્ત એ મંગલમય છે. આત્મા શુદ્ધભાવ પોતે જ મંગલમયની મૂર્તિ છે. '**शुद्धभाव अविकार**' અને શુદ્ધભાવ તે વિકાર વિનાની ભાવ દશા છે. પુણ્ય-પાપનો ભાવ તો વિકાર છે. એ વિનાનો આત્માના સ્વભાવને આશ્રયે થતો અવિકારી શુદ્ધભાવ છે. '**नमूँ पाय पाऊँ स्वपद,**' એને નમન કરું છું. મારા સ્વપદને પામું '**जाचूँ यहै करार।।**' મારો કરાર એ છે કે મારા નિજપદને પામું, એ મારો કરાર છે. કરારનામું લખે છે ને? આ અમારે કરાર છે, કહે છે. '**नमूँ पाय पाऊँ स्वपद, जाचूँ यहै करार।।**'

**श्री कुन्दकुन्दस्वामिविरचित भावप्राभृतकी जयपुरनिवासी पं. जयचन्द्रजी छावड़ा कृत देशभाषामय वचनिका समाप्त।।**

હવે એ આવશે-બોધ પાહુડ છે ને? એની ૨૮મી ગાથા. ત્યાંથી આપણે બાકી રહ્યું છે. ૨૭ ગાથા થઈ ગઈ છે. બોધપાહુડની ૨૮મી ગાથા.

(१०) आगे अरहंतका स्वरूप कहते हैं :–

णामे ठवणे हि य संदव्वे भावे हि सगुणपज्जाया।
चउणागदि संपदिमे[1] भावा भावंति अरहंतं।।२८।।

नाम्नि संस्थापनायां हि च संद्रव्ये भावे च सगुणपर्यायाः[2]।
च्यवनमागतिः संपत् इमे भावा भावयंति अर्हन्तम्।।२८।।

[3]અભિધાન-સ્થાપન-દ્રવ્ય-ભાવે, [4]સ્વીય ગુણપર્યાયથી,
અર્હંત જાણી શકાય છે આગતિ-ચ્યવન-સંપત્તિથી. ૨૮.

अर्थ :– नाम, स्थापना, द्रव्य, भाव ये चार भाव अर्थात् पदार्थ हैं ये अरहंतको बतलाते हैं और सगुणपर्यायाः अर्थात् अरहंतके गुण–पर्यायों सहित तथा चउणा अर्थात् च्यवन और आगति व सम्पदा ऐसे ये भाव अरहंत को बतलाते हैं।

भावार्थ :– अरहंत शब्दसे यद्यपि सामान्य अपेक्षा केवलज्ञानी हों वे सब ही अरहंत हैं तो भी यहाँ तीर्थंकर पदकी प्रधानतासे कथन करते हैं इसलिये नामादिकसे बतलाना कहा। लोकव्यवहारमें नाम आदिकी प्रवृत्ति इसप्रकार है – जो जिस वस्तुका नाम हो वैसा गुण न हो उसको नामनिक्षेप कहते हैं। जिस वस्तुका जैसा आकार हो उस आकारकी काष्ठ–पाषाणादिककी मूर्ति बनाकर उसका संकल्प करे उसको स्थापना कहते हैं। जिस वस्तुकी पहिली अवस्था हो उसहीको आगेकी अवस्था प्रधान करके कहे उसको द्रव्य कहते हैं। वर्तमानमें जो अवस्था हो उसको भाव कहते हैं। ऐसे चार निक्षेपकी प्रवृत्ति है। उसका कथन शास्त्रमें भी लोगोंको समझानेके लिये किया है। जो निक्षेपविधान द्वारा नाम, स्थापना द्रव्यको भाव न समझे; नामको नाम समझे, स्थापनाको स्थापना समझे, द्रव्यको द्रव्य समझे, भावको भाव समझे, अन्यको अन्य समझे, अन्यथा तो 'व्यभिचार' नामक दोष आता है। उसे दूर करनेके लिये लोगोंको यथार्थ समझाने को शास्त्रमें कथन है। किन्तु यहाँ वैसा निक्षेपका कथन नहीं समझना। यहाँ तो निश्चयकी प्रधानतासे कथन है सो जैसा अरहंतका नाम है वैसा ही गुण सहित नाम जानना, जसी उनकी देह सहित मूर्ति है वही स्थापना जानना, जैसा उनका द्रव्य है वैसा द्रव्य जानना और जैसा उनका भाव है वैसा ही भाव जानना।।२८।।

---

१. सं. प्रतिमें 'संपदिम' पाठ है।

२. 'सगुणपज्जाया' इस पदकी छायामें 'स्वगुण पर्यायः' स. प्रतिमें है।

૩. અભિધાન = નામ,  ૪ સ્વીય = પોતાના.

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

'**અબ અરહંતકા સ્વરૂપ કહતે હૈં :-**' ત્યાંથી શરૂ થાય છે. જુઓ! આ અરિહંતને ઓળખાવે છે હવે. આમ અરિહંત-અરિહંત કરે એમ ન ચાલે, કહે છે. 'બોધપાહુડ'. અરિહંતનું સ્વરૂપ '**નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ...**' ચારથી એને સિદ્ધ કરે. 'બોધપાહુડ'. એ આવશે, લ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૪, ગાથા ૨૮ થી ૩૨, શનિવાર, પોષ સુદ ૫, તા.૦૨-૦૧-૭૧

૨૮. અરિહંતનું સ્વરૂપ શું છે? કહે છે આમ અરિહંત અરિહંત કરે પણ અરિહંતનું વાસ્તવિક સંયોગોનું શું સ્વરૂપ છે? સ્વભાવનું શું સ્વરૂપ છે? અરિહંત હોવા છતાં એને સંયોગ કઈ જાતના હોય છે? સ્વભાવ કેવો હોય છે? એને ઓળખે ત્યારે અરિહંતનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું કહેવાય. આમ તો ઘણા બધા અરિહંત કહે. ...

મુમુક્ષુ :- આત્મા પોતે અરિહંતપદ છે, પછી બીજું શું કામ છે?

ઉત્તર :- અરિહંત પણ કઈ રીતે અરિહંત છે? અરિહંત તો શક્તિરૂપે છે. પર્યાયમાં અરિહંતપણું થાય એની કેવી દશા હોય? એને સંયોગો કઈ જાતના હોય? સ્વભાવની પૂર્ણતા કેવી હોય? એને અહીંયાં અરિહંત તરીકે ઓળખાવે છે. બોધપાહુડના અગિયાર બોલ છે નિશ્ચયના. એમાં નવ બોલ ચાલ્યા ગયા છે. આ દસમો બોલ છે.

'**આગે અરહંતકા સ્વરૂપ કહતે હૈં :-**' અરિહંતનું સ્વરૂપ કહે છે.

**णामे ठवणे हि य संदव्वे भावे हि सगुणपज्जाया।**

**चउणागदि संपदिमे[1] भावा भावंति अरहंतं।।२८।।**

'**અર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ યે ચાર ભાવ અર્થાત્ પદાર્થ હૈં...**' આ વસ્તુના સ્વભાવની વાત છે. ચાર નિક્ષેપ જે ચાલે છે એ આ નહિ. આ તો અરિહંતના જે નામ છે એવા એના ગુણ હોય છે. એનું નામ નામનિક્ષેપ છે. એ ચાર છે. '**સ્થાપના,...**' એ અરિહંતના આકારાદિ. એના ગુણોની સ્વરૂપ સ્થિતિ, એને અહીંયાં સ્થાપના કહે છે. એનો '**દ્રવ્ય,..**' એનો આત્મા જે વસ્તુ છે એ દ્રવ્યઅરિહંત. ભાવ(અરિહંત) એની પર્યાય પ્રગટ થઈ તે. '**ચાર ભાવ અર્થાત્ પદાર્થ હૈં યે અરહંતકો બતલાતે હૈં.**' ચાર (ભાવ) અરિહંતને જણાવે છે. અરિહંત પરમેશ્વર કોને કહીએ. એટલે કે પરમાત્મા સર્વજ્ઞદેવ, જેને વાણી હોય છે એવા પરમાત્મા, કેવું એનું સ્વરૂપ છે એનું અહીં વર્ણન કરે છે. આમ તો બધા ઘણા અરિહંત-અરિહંત કરે. સંપ્રદાયમાં પણ અરિહંત-અરિહંત કરે. એની ઓળખાણ હોતી નથી.

વળી, '**ઔર સગુણપર્યાયાઃ અર્થાત્ અરહંતકે ગુણ-પર્યાયોં સહિત...**' એને ગુણ કેવા હોય, એની દશા કેવી હોય? એમ આ અરિહંતના સ્વરૂપનું વર્ણન છે. '**ચઉણા...**' અરિહંત

છે એ ક્યાંથી આવ્યા? અરિહંત છે ને? એ કાંઈ સિદ્ધ થયા નથી. હજી એને છેલ્લો અવતાર હોય છે. એ અરિહંતનો અવતાર થયો એ ક્યાંથી આવે? કાંઈ અદ્ધર સિદ્ધમાંથી આવે છે? એમ કહે છે. અરિહંતની વાસ્તવિક સ્થિતિ શું છે? ક્યાંથી આવે છે એ નરક અને સ્વર્ગમાંથી આવે છે. અરિહંત તીર્થંકર જે થાય, અહીં મુખ્ય તીર્થંકરની વાત છે, એ નરકમાંથી કા સ્વર્ગમાંથી આવે. આ 'શ્રેણિક' રાજા નરકમાંથી આવશે. બીજા 'મહાવીર' ભગવાન આદિ સ્વર્ગમાંથી (આવ્યા). એમ તીર્થંકરો કોઈ સ્વર્ગમાંથી, કોઈ નરકમાંથી (આવે છે). એનો અવતાર થાય અને અરિહંતની પૂર્ણ દશા થાય, એ ક્યાંથી આવ્યા હોય છે એ બતાવે છે. સમજાણું?

**'ચઉણા અર્થાત્ ચ્યવન ઔર આગતિ...'** અહીંથી જવું, ક્યાં જાય? એ બતાવે છે અને ક્યાંથી આવ્યા એ બતાવે છે. **'સમ્પદા...'** એની ઋદ્ધિ. રતનની વૃષ્ટિ આદિ. માતાના પેટમાં જ્યારે આવે ત્યારે ઈન્દ્રો રત્નની વૃષ્ટિ આદિ કરે એવી એને સંપદા હોય છે. આમ અરિહંત-અરિહંત કરે એમ ન ચાલે એમ અહીંયાં કહે છે. અહીં નિશ્ચયથી વાત છે ને. ચારે નિક્ષેપ અહીંયાં નિશ્ચયથી છે. **'યે ભાવ અરહંત કો બતલાતે હૈં.'**

**'અરિહંત શબ્દસે યદ્યપિ સામાન્ય અપેક્ષા કેવલજ્ઞાની હોં...'** કેવળજ્ઞાનીને પણ અરિહંત કહેવામાં આવે. **'સબ હી અરહંત હૈ તો ભી યહાં તીર્થંકર પદકી પ્રધાનતાસે કથન કરતે હૈં...'** તીર્થંકર અરિહંતપદ એનું કેવું હોય એની વાત છે. કેટલાક ભગવાન-ભગવાન કરે ને? કે ભગવાન આવ્યા. વૈકુંઠમાંથી આવ્યા હતા અને વૈકુંઠમાં ગયા. વૈકુંઠ ક્યું પણ? અને અહીં હોય તો એની દશામાં સ્થિતિ શું હોય? એની ખબર વિના ભગવાન માની લે એને ભગવાનનું ભાન નથી. **'ઈસલિયે નામાદિકસે બતલાના કહા.'** અરિહંતને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ (એમ) ચારથી ઓળખાવે છે. **'લોકવ્યવહારમેં નામ આદિકી પ્રવૃત્તિ ઈસપ્રકાર હૈ - જો જિસ વસ્તુકા નામ હો વૈસા ગુણ ન હો ઉસકો નામનિક્ષેપ કહતે હૈં.'** 'પાર્શ્વનાથ' કહે, 'મહાવીર' નામ કહે. નામ પાડે છે ને? 'મહાવીર', 'પાર્શ્વનાથ'.

મુમુક્ષુ :- બે નામ ભેગા હોય-'પાર્શ્વ-વીર'.

ઉત્તર :- હા. 'પાર્શ્વ-વીર'. 'પાર્શ્વ-વીર' બે નામી છે. .. નામ હોય પણ એના ગુણ ન હોય. પણ નામ હોય એ નામનિક્ષેપની અહીં વ્યાખ્યા નથી. અહીંયાં તો નામ છે એના ગુણો જ એવા અરિહંતના છે એના ગુણવાળાને નામ અરિહંતપણું લાગુ પડે છે.

વળી **'જિસ વસ્તુકા નામ હો (આકાર હો) વૈસા કાષ્ઠ-પાષાણાદિકકી મૂર્તિ બનાકર ઉસકા સંકલ્પ કરે ઉસકો સ્થાપના કહતે હૈં.'** એ અહીં નહિ. એ વાત અહીં નથી. અહીં તો એના ગુણોનું સ્વરૂપ શું છે? સ્થાપના, ગતિ શું, માર્ગણા શું એની સ્થાપનાની વાત છે. અહીં તો બીજી જ વાત છે વળી. મૂર્તિ હોય પણ એ પણ વ્યવહાર. નિશ્ચય અરિહંત કેવા છે એની અહીં વ્યાખ્યા છે.

વળી, **'જિસ વસ્તુકી પહિલી અવસ્થા હો ઉસહી કો આગેકી અવસ્થા પ્રધાન કરકે કહે ઉસકો દ્રવ્ય કહતે હૈં.'** ગયા કાળની અવસ્થા રાજા હોય અને રાજા ઊઠી ગયો હોય તોપણ

એને રાજા કહેવાય અને ભવિષ્યનો રાજા થવાનો હોય એ રાજકુમારને પણ રાજા કહેવાય. એ અહીં વાત નથી. અહીં તો એના દ્રવ્યનું સ્વરૂપ જ એનું જે વસ્તુનું છે એ કહે છે.

વળી, **'વર્તમાનમેં જો અવસ્થા હો ઉસકો ભાવ કહતે હૈં.'** અરિહંત પરમાત્મા ભાવ નિક્ષેપે એ પર્યાય પ્રગટ થઈ છે એવાને ભાવનિક્ષેપે અરિહંત ચાર નિક્ષેપની અપેક્ષાએ કહેવાય. અહીં આખું બીજું કહે છે. **'ઐસે ચાર નિક્ષેપકી પ્રવૃત્તિ હૈ.'** બહારમાં વ્યવહાર. **'ઉસકા કથન શાસ્ત્રમેં ભી લોગોંકો સમઝાને કે લિયે કિયા હૈ. જો નિક્ષેપવિધાન દ્વારા નામ, સ્થાપના દ્રવ્યકો ભાવ ન સમજે...'** જેનું નામ ભગવાન ... સમજાય છે કાંઈ?

અરિહંત, અરિહંતને કેમ કહેવા? કહે છે કે બહારનું નામનિક્ષેપ-સ્થાપના એ અહીં નથી. અહીં તો અરિહંત ભગવાનના જે ગુણો છે અને એમાં એનું બહારનું પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું હોય છે એ અહીં બતાવીને અરિહંતને ઓળખાવે છે. એકલા અરિહંત-અરિહંત કરે અને અરિહંતના સંયોગની દશા શું હોય? ક્યાંથી આવે? ક્યાં જાય? એના વર્તમાનમાં ગુણ હોય, પણ એની ખબર ન હોય તો એણે અરિહંતને જાણ્યા નથી.

અહીંયાં તો **'નામ કો નામ સમજે, સ્થાપનાકો સ્થાપના સમજે, દ્રવ્યકો દ્રવ્ય સમજે, ભાવકો ભાવ સમજે, અન્યકો અન્ય સમજે, અન્યથા તો 'વ્યભિચાર' નામક દોષ આતા હૈ.'** એ અહીં વાત નથી. કારણ કે **'ઉસે દૂર કરનેકે લિયે લોગોંકો યથાર્થ સમઝાને કો શાસ્ત્રમેં કથન હૈ.'** ચાર નિક્ષેપ. **'કિન્તુ યહાં વૈસા નિક્ષેપકા કથન નહીં સમજના. યહાં તો નિશ્ચયકી પ્રધાનતાસે કથન હૈ સો જૈસા અરહંતકા નામ હૈ વૈસા હી ગુણ સહિત નામ જાનના,...'** અરહંત. જેને અનંત આનંદ, અનંત જ્ઞાન-દર્શન પ્રગટ થયા છે. અરહંત પૂજનિક છે. અરિહંત કર્મના આઠ પ્રકારનો જેણે નાશ કર્યો છે. છે ચારનો નાશ, પણ અહીં તો આઠેયનો નાશ કહે છે. એવી ચીજ છે. કર્મ હતા, એનો નાશ થઈ, જેણે અનંત દર્શન-જ્ઞાન-આનંદ ત્રણ કાળના લોકને જાણ્યું, એવું જેનું અનંત આનંદાદિ સ્વરૂપ પ્રગટ્યું છે એને નામ તરીકે અરિહંત કહીએ. એને અરિહંત નામ અપાય. ગુણ વિના અરિહંત નામ અપાય નહિ. જરી 'બોધપાહુડ'માં નિશ્ચયથી કથન કરે છે.

**'જૈસા અરહંતકા નામ હૈ વૈસા હી ગુણ સહિત નામ જાનના, જૈસી ઉનકી દેહ સહિત મૂર્તિ હૈ વહી સ્થાપના જાનના,...'** એનો દેહ છે, આત્માના સ્વરૂપનો આકારાદિ છે અને જે એને ગતિ માર્ગણા આદિ હોય, કઈ ગતિમાં અરિહંત હોય છે કે મનુષ્યગતિમાં હોય. ગતિ જો કે એની નથી પણ સંયોગમાં ગતિ એને હોય છે. મનુષ્યગતિમાં અરિહંતપણું હોય છે. અરિહંતપણું અદ્ધરથી થાય છે એમ નથી. સમજાણું કાંઈ? કોઈ કહે ને, ભગવાન હતા. ઋષભદેવ ભગવાન. ભગવાને અવતાર ધારણ કર્યો. ક્યાંથી પણ? મોક્ષમાંથી આવ્યા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત જ ખોટી છે. કોણ ભગવાન દુઃખ દે. ભગવાન તો પોતાને કારણે નરકમાંથી કે સ્વર્ગમાંથી આવે. નરકમાંથી પણ (આવી) તીર્થંકર થાય. એ પોતાને કારણે, યોગ્યતાને કારણે થયા.

'શ્રેણિક' રાજા. અત્યારે નરકમાં છે. આવતી ચોવીસીમાં તીર્થંકર થશે. એ આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન પામ્યા હતા. 'શ્રેણિક' રાજા 'મહાવીર' ભગવાનના વખતમાં (થયા). સમ્યગ્દર્શન એટલે રાગ અને શરીરથી રહિત, ચૈતન્યના આનંદનો અનુભવ હતો જેને. એવું સમ્યગ્દર્શન ગૃહસ્થાશ્રમ અને રાજપદમાં પણ એ પામી શકાય છે. 'શ્રેણિક' રાજા જ સમ્યગ્દર્શન પામ્યા હતા. પણ નરકનું આયુષ્ય પહેલું બંધાઈ ગયું હતું. સાધુની અશાતના કરી હતી. ભાવલિંગી મુનિની ડોકમાં મરેલો સર્પ નાખ્યો હતો. કરોડો કીડીએ શરીરને ખોખું બનાવ્યું. એવો ઉપસર્ગ કર્યો હતો. તેથી સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું. 'શ્રેણિક' રાજાએ. સાતમી નરક. નીચે નરક છે. એમાંથી ધર્મ પામ્યા ત્યારે આયુષ્ય સાતમી નરકનું ૩૩ સાગરનું હતું એ ઘટાડી દીધું અને ચોર્યાસી હજાર વર્ષનું રહ્યું. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ અત્યારે પહેલી નરકમાં છે. પણ આત્મજ્ઞાન પામેલા, સમ્યગ્દર્શન પામેલા, અનુભવ આત્માનો (થયેલો). ભલે રાજપાટ ને રાણીઓ બધું હતું. એવા ભાનમાં એમણે તીર્થંકરગોત્રનો શુભભાવ આવ્યો. તીર્થંકરગોત્ર બાંધ્યું છે. તીર્થંકરગોત્ર બાંધીને પહેલી નરકમાં ગયા છે. નરકમાં અઢી હજાર વર્ષ તો થઈ ગયા. ૮૧૫૦૦ વર્ષ બાકી છે. ત્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. એ સમ્યગ્દર્શનના પ્રતાપ અને અનુભવની દશા. નરકમાંથી નીકળીને તીર્થંકર થાય. સમ્યગ્દર્શનનો અનુભવ છે.

પુણ્ય-પાપના ભાવ અને શરીર-વાણીથી ભિન્ન, ચૈતન્ય સ્વભાવ આનંદની મૂર્તિ ભગવાને જેવો જોયો, એવો અતીન્દ્રિય આનંદનો અનુભવ થઈને, સ્વાદ થઈને પ્રતીતિ થાય એને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન ત્યાં નરકમાં પણ અનુભવે છે. ત્યાંથી થઈને તીર્થંકર થશે. બીજા તીર્થંકરો સ્વર્ગમાંથી આવે છે. બધા નરકમાંથી નથી આવતા. કોઈ નરકમાંથી, કોઈ સ્વર્ગમાંથી (આવે). કારણ કે છેલ્લો અવતાર છે ને? કાંઈક હતા ત્યાંથી આવે કે નહિ? કાંઈ અદ્ધરથી ભગવાનમાંથી સિદ્ધમાંથી આવે? મોક્ષમાંથી અવતાર ધારણ કરે? એમ છે નહિ. કોઈ ગતિમાંથી આવે છે. એમ બતાવે છે. એય..! 'પ્રકાશદાસજી'! આમ અરિહંત-અરિહંત તો બધા કરે. ભગવાન-ભગવાન. પણ ભગવાન શું કહેવાય? કોને કહેવા? ક્યાંથી આવ્યા? ક્યાં જશે? વર્તમાનમાં શું છે? એ દશાનું જેને બરાબર જ્ઞાન ન હોય એ અરિહંતને ઓળખી શકે નહિ. ઓળખ્યા વિના એ અરિહંતનો ભક્ત થઈ શકે નહિ. વાડામાં તો બધા કહે અરિહંત-અરિહંત. પણ અરિહંત કેવા હોય એની એને ખબર નથી. સમજાણું?

વળી, '**સ્થાપના જાનના, જૈસા ઉનકા દ્રવ્ય હૈ વૈસા દ્રવ્ય જાનના...**' દ્રવ્ય વસ્તુ. ગુણસહિત, હોં! બધી. આનંદમૂર્તિ પ્રભુ અનંતજ્ઞાન-દર્શન-આનંદ એવા ભાવસહિત છે એને અહીંયાં અરિહંત કહેવામાં આવ્યા છે. '**ઔર જૈસા ઉનકા ભાવ હૈ વૈસા હી ભાવ જાનના.**' પ્રગટ પર્યાય. હવે '**પ્રથમ હી નામકો પ્રધાન કરકે કહતે હૈં:-**'

इस प्रकार ही कथन आगे करते हैं। प्रथम ही नामको प्रधान करके कहते हैं :-

दंसण अणंत णाणे, मोक्खो णट्ठट्ठकम्मबंधेण।
णिरुवमगुणमारूढो, अरहंतो एरिसो होइ।।२९।।

दर्शनं[1] अनंतं ज्ञानं मोक्षः नष्टाष्टकर्मबंधेन।
निरुपमगुणमारूढः अर्हन् ईदृशो भवति।।२९।।

નિઃસીમ દર્શન-જ્ઞાન છે, [2]વસુબંધલયથી મોક્ષ છે,
નિરૂપમ ગુણે આરૂઢ છે, - અર્હંત આવા હોય છે. ૨૯.

अर्थ :- जिनके दर्शन और ज्ञान ये तो अनन्त हैं, घातिकर्मके नाशसे सब ज्ञेय पदार्थोंको देखना व जानना है, अष्ट कर्मोंका बंध नष्ट होनेसे मोक्ष है। यहाँ सत्वकी और उदयकी विवक्षा न लेना, केवलीके आठों ही कर्मका बंध नहीं है। यद्यपि साता वेदनीयका आस्रव मात्र बंध सिद्धांतमें कहा है तथापि स्थिति-अनुभागरूप बंध नहीं है, इसलिये अबंधतुल्य ही हैं। इसप्रकार आठों ही कर्मबंधके अभावकी अपेक्षा भावमोक्ष कहलाता है और उपमारहित गुणोंसे आरूढ़ हैं - सहित हैं। इसप्रकार गुण छद्मस्थमें कहीं भी नहीं हैं, इसलिये जिनमें उपमारहित गुण हैं ऐसे अरहंत होते हैं।।२९।।

भावार्थ :- केवल नाममात्र ही अरहंत हो उसको अरहंत नहीं कहते हैं। इसप्रकारके गुणोंसे सहित हों उनका नाम अरहंत कहते हैं ।।२९।।

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

दंसण अणंत णाणे, मोक्खो णट्ठट्ठकम्मबंधेण।
णिरुवमगुणमारूढो, अरहंतो एरिसो होई।।२९।।

**अर्थ :- 'જિનકે દર્શન ઔર જ્ઞાન યે તો અનન્ત હૈં,...'** જેની દશા અંતરમાં સર્વજ્ઞપદ હતું, સ્વભાવમાં, આત્મામાં તો દરેકને સર્વજ્ઞપદ છે. દરેક આત્માના અંતર સ્વભાવમાં સર્વજ્ઞ શક્તિનું પદ તો અંદર પડ્યું જ છે. એ જેણે અંતરના આનંદના અનુભવમાં, અંતરના ધ્યાન દ્વારા જેણે અનંત જ્ઞાન અને અનંત દર્શન શક્તિરૂપે હતું તે પ્રગટરૂપે કર્યું, એને અરિહંત કહેવામાં આવે છે. ૨૯ છે. સમજાણું કાંઈ?

જુઓ! એ **'ઘાતિકર્મકે નાશસે સબ જ્ઞેય પદાર્થોંકો દેખના વ જાનના હૈ,...'** આમ ખુબી છે. એ અનંતજ્ઞાન જે પરમાત્માને પ્રગટે છે એ ઘાતિકર્મ એટલે એ જડકર્મ નિમિત્તરૂપે હતા, એનો અભાવ થઈને એ અનંતજ્ઞાન અને અનંતદર્શન પ્રગટ થાય છે. એવા અરિહંત

१. सटीक सं. प्रतिमें 'दर्शन अनंत ज्ञाने' ऐसा सप्तमी अंत पाठ है।
૨. વસુ = આઠ

અને એનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાવે છે. અરિહંત કાંઈ અદ્ધરથી ક્યાંયથી અવતરતા નથી. એને પહેલા માતા હોય છે, પિતા હોય છે. ગતિમાંથી આવે છે. ત્રણ જ્ઞાન તો માતાના પેટમાં લઈને આવે. પછી જ્યારે એ સાધુ થાય, અંતરના સાધુ, હોં! અંતર આનંદમાં સાધનારા એ સાધુ થઈને કેવળજ્ઞાન પામે. ત્યારે કહે છે '**ઘાતિકર્મકે નાશસે...**' કર્મ સિદ્ધ કર્યું. અરિહંતને અરિહંત થવા પહેલા ચાર ઘાતિકર્મ હતા. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. એ સર્વજ્ઞ વીતરાગ સિવાય આ વાત બીજે હોઈ શકે નહિ. વળી ઘાતિકર્મ અને એનો અભાવ, અભાવ થઈને અનંતજ્ઞાન-દર્શન પામે, એ સર્વજ્ઞ વીતરાગ સિવાય બીજે વાત હોતી નથી.

'**ઘાતિકર્મકે નાશસે સબ જ્ઞેય પદાર્થોંકો દેખના વ જાનના હૈ,...**' ત્રણકાળ, ત્રણલોક જેના જ્ઞાનમાં, જાણવામાં, દર્શનમાં દેખવામાં આવ્યા. એને અરિહંત કહીએ. સમજાણું કાંઈ? કોઈ એને જાણવાનું બાકી રહેતું નથી. ત્રણ કાળ, ત્રણ લોક, ભૂત, વર્તમાન અને ભવિષ્ય. અનંતા આત્માઓ, અનંતા પરમાણુ, એના દ્રવ્ય એટલે વસ્તુની, એની શક્તિની અને એની દશાની. એ દ્રવ્ય-ગુણ અને પર્યાય વસ્તુના ત્રણ પ્રકાર. એ સર્વને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં જાણે. એને અરિહંત કહેવામાં આવે છે. પણ એ અરિહંતપણું અહીં કર્મનો નાશ કરીને કીધું, જુઓ! એય..! ઓલા અરિહંત અને અર્હંતની તકરાર છે ને?

અહીં તો '**णट्ठट्ठकम्मबंधेण**' આઠ કર્મનો જેણે નાશ કર્યો છે. અહીં અરિહંતે આઠ કર્મનો નાશ કર્યો છે એમ સિદ્ધ કર્યું છે. કારણ કહેશે. પછી ચાર કર્મ બાકી મડદા પડ્યા છે એ તો. મરી ગયેલા છે. સમજાણું કાંઈ? અને બંધ છે એ પણ એક સમયની સ્થિતિ છે. એની સ્થિતિ છે જ નહિ. એ ખરેખર બંધ છે જ નહિ. અરિહંત અનંત જ્ઞાન-આનંદ, અનંત દર્શન, વીર્ય, જે અંતર અનંત ચતુષ્ટયમાં શક્તિ પડી હતી (તેને પ્રગટ કર્યા). વસ્તુમાં અનંત ચતુષ્ટય, અનંત જ્ઞાન-દર્શન-આનંદ અને વીર્ય પડ્યું જ છે. દરેક આત્મામાં. સમજાણું કાંઈ?

જેમ લીંડીપીપરના દાણામાં ચોસઠ પહોરી તિખાશ અને લીલો રંગ તો પડ્યો જ છે. પડ્યો છે તે પ્રગટે છે. કાંઈ બહારથી આવતો નથી. એમ આત્મામાં અંદર ભગવાનસ્વરૂપ પ્રભુ આત્મા, એની શક્તિના સત્ત્વમાં સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ અને અનંત વીર્ય તો અંદર પડ્યું જ છે. એને આત્મા કહીએ. પણ એને આત્મા કહેતાં અરિહંત ન કહીએ. અરિહંત તો એ ચાર ગુણ જે છે, એનું અંતર ધ્યાન કરી સમ્યગ્દર્શન-જ્ઞાન પામી, સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્રને પામી જેણે ચાર ઘાતિનો અભાવ કર્યો અને પોતાની પૂર્ણ દશાને પ્રગટ કરી, એવાને એકનો નાશ, એકની ઉત્પત્તિ, ધ્રુવનું રહેવું, એવાને અરિહંત કહેવામાં આવે છે. ફરીને. જેણે ચાર ઘાતિકર્મ જે જડ હતા તેનો વ્યય કર્યો. નિમિત્તથી (કથન કર્યું). અશુદ્ધતાનો અલ્પજ્ઞનો વ્યય કર્યો. અને પૂર્ણદશાને ઉત્પન્ન કરી અને ધ્રુવપણે કાયમ રહ્યા. એને અરિહંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ છે ને કાયમ આત્મા. પહેલું તો કહ્યું. અનંત ચતુષ્ટય ધ્રુવ તો ત્રિકાળ છે.

એમાં અંતરના ધ્યાન દ્વારા (જેણે પ્રગટ કર્યું), આવા અરિહંતને અરિહંત કહીએ. અંતરના અનુભવના આનંદ દ્વારા એ શક્તિની વ્યક્તતા પ્રગટ થઈ અને કર્મનો વ્યય એટલે અભાવ થયો. નવી વીતરાગી કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ, વસ્તુપણે શક્તિરૂપે સ્વરૂપ તો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. ભગવાન આત્માનું સત્ પણ એવું જ છે. સર્વજ્ઞપદ આદિનો ઉત્પાદ, કર્મનો વ્યય, ધ્રુવનું રહેવું. સમજાણું કાંઈ? આવા અરિહંતને આ રીતે ઓળખે તો (યથાર્થ છે). બાકી આમ તો બધા અરિહંત અરિહંત કરે છે. તુંબડીમાં કાંકરા વાગે ને? આ તે કાંકરા છે કે રૂપિયા છે? ખખડે તો ખરા રૂપિયા જેવું. રૂપિયા લાગે ખડખડ જેવું હોય. ભાન ન મળે એનું. પણ એ તો સૂકા બીજ થઈને છૂટા પડીને ખખડે છે. ઈ કાંઈ રૂપિયા ભર્યા નથી. તુંબડી હોય છે ને? એમ અરિહંત-અરિહંતના નામ તો બધા ઘણા કરે. પણ અરિહંતનું વાસ્તવિક સ્વરૂપ શું છે? એણે શું પ્રગટ કર્યું? એણે શું નાશ કર્યું? એને શું રહ્યું ત્રિકાળી? એવી ચીજના ભાન વિના અરિહંતને વાસ્તવિક રીતે ઓળખી શકતો નથી. આમ તો બધા ભગવાન ભગવાન કરે છે. સમજાણું કાંઈ?

ચાર '**ઘાતિકર્મકે નાશસે સબ જ્ઞેય...**' ત્રણ કાળ, ત્રણ લોક અનંત કાળ પહેલા ચીજ હતી, અનંત કાળ પછી થશે (એ) બધાને જાણે છે. '**દેખના વ જાનના હૈ, અષ્ટ કર્મોકા બંધ નષ્ટ હોનેસે મોક્ષ હૈ.**' દેખો! આઠ કર્મનો નાશ થયો. પાઠમાં એમ છે. એવા છે અરિહંત તીર્થંકર. સમજાણું કાંઈ? ત્યારે તેને મોક્ષ છે. એને મોક્ષ જ છે અત્યારે, એમ કહે છે. ભાવમોક્ષ થયો છે ને? 'મહાવીર ભગવાન આદિ અહીંથી થયા એ તો સિદ્ધ ભગવાન થઈ ગયા અત્યારે. અરિહંત ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. 'સીમંધર' પરમાત્મા તીર્થંકર દેવ આદિ વીસ તીર્થંકર (છે) એને પણ મોક્ષ થયો છે એમ આહીં કહે છે. કઈ રીતે? એ કહે છે, જુઓ!

'**યહાં સત્વકી ઔર ઉદયકી વિવક્ષા ન લેના,...**' ન લેવી. કહે છે કે એને કર્મની સત્તા થોડી પડી છે અને એનો ઉદય છે એ અહીં ન લેવું. કેવળીને ચાર કર્મ બાકી છે એ વાત અહીં ન લેવી. કર્મ ભિન્ન તત્ત્વ છે, ભગવાન આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? અખંડ આનંદ ચૈતન્યની ઝળહળ જ્યોતિ, જેની દશામાં પૂર્ણ કેવળદશા પ્રગટી, હવે કહે છે ચાર કર્મ બાકી હો, ભલે સત્તા હો, એનો પાક હો, એ અહીં ગણતરીમાં નથી. આત્મામાં એ વસ્તુ છે નહિ.

'**આઠોં હી કર્મકા બંધ નહીં હૈ.**' લ્યો. '**કેવલીકે આઠોં હી કર્મકા બંધ નહીં હૈ. યદ્યપિ સાતા વેદનીયકા આસ્રવ માત્ર બંધ સિદ્ધાંતમેં કહા હૈ...**' એક સમયનો વેદનીય કર્મ ભગવાનને બંધાય. પણ એ તો એક સમયની સ્થિતિ, એ તો અબંધ તુલ્ય છે. '**ઈસલિયે અબંધતુલ્ય હી હૈં.**' '**તથાપિ સ્થિતિ-અનુભાગરૂપ બંધ નહીં હૈ,...**' એના કર્મની સ્થિતિ નથી, રસ પણ નથી. જુઓ! આ અરિહંતને ઓળખાવે છે. અરિહંત અરિહંત (કરે) પણ આ રીતે ન ઓળખે તો એ અરિહંતદેવને જ ઓળખતો નથી. અરિહંતને ઓળખે નહિ ને એનો ભગત થાય અને શ્રદ્ધા થાય (એમ બને નહિ). વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા એને હોતા નથી. એમ કહે છે. પંડિતજી! આહાહા..! '**ઈસલિયે અબંધતુલ્ય હી હૈં.**' અરિહંતને એક સમયની

સ્થિતિ નથી એટલે અબંધતુલ્ય ગણવામાં આવ્યું છે.

'**ઈસપ્રકાર આઠોં હી કર્મબંધકે અભાવકી અપેક્ષા ભાવમોક્ષ કહલાતા હૈ...**' ભગવાન અરિહંતને તો ભાવમોક્ષ જ છે. '**ઔર ઉપમારહિત ગુણોંસે આરૂઢ હૈં...**' નિરૂપમ એવા ગુણો જેને પ્રગટ્યા એની ઉપમા શું? ઓહો..હો..! નિરૂપમ છે. નિરૂપમ શબ્દ છે ને? અરિહંતની દશા, જેને અનંત આનંદ અને અનંત શાંતિ પ્રગટી છે. જેને દુઃખમાત્રનો નાશ થઈ ગયો છે. એ દુઃખનો નાશ એ કર્મનો નાશ. એવા પરમાત્માને નિરૂપમ દશા પ્રગટી છે. એને ઉપમા કોઈની નથી.

'**ગુણોંસે આરૂઢ હૈં–**' ઉપમા વિનાના ગુણમાં આરૂઢ છે. '**ઈસપ્રકાર ગુણ છદ્મસ્થમેં કહીં ભી નહીં હૈં,...**' છદ્મસ્થ નામ ચાર જ્ઞાનના ધણી હોય એવાને પણ આવા ગુણ હોતા નથી. સમજાણું કાંઈ? '**ઈસલિયે જિનમેં ઉપમારહિત ગુણ હૈં ઐસે અરહંત હોતે હૈં.**' લ્યો! '**કેવળ નામમાત્ર હી અરહંત હો ઉસકો અરહંત નહીં કહતે હૈં.**' અરિહંત નામ તો ઘણાને આપે છે. મહાવીર નામ આપે, પાર્શ્વ-વીર આપે, ઋષભ આપે. અત્યારે ઘણા નામ આવે છે. નેમિચંદભાઈ એ નામ આપે છે તો એ નેમ થઈ ગયા?

કહે છે, વસ્તુનો સ્વભાવ જાણ્યા વિના અરિહંત અરિહંત કરે એ નહિ. '**ઈસપ્રકારકે ગુણોંસે સહિત હોં ઉસકા નામ અરહંત કહતે હૈં.**' જુઓ! જેમાં આવા ગુણ પ્રગટ્યા હોય એનું નામ અરિહંત કહેવાય. અમથું નામ અરિહંત કોઈનું આપે એ અરિહંત અહીં લેવા નથી.

---

**आगे फिर कहते हैं :–**

**जरवाहिजम्ममरणं, चउगइगमणं च पुण्णपावं च।**
**हंतूण दोसकम्मे, हुउ णाणमयं च अरहंतो।।३०।।**

**जराव्याधिजन्ममरणं चतुर्गतिगमनं पुण्यपावं च।**
**हत्वा दोषकर्माणि भूतः ज्ञानमयश्चार्हन्।।३०।।**

**જે પુણ્ય-પાપ જરા-જન્મ-વ્યાધિ-મરણ, ગતિભ્રમણને,**
**વળી દોષકર્મ હણી થયા જ્ઞાનાત્મ, તે અર્હંત છે. ૩૦.**

**अर्थ :– जरा – बुढ़ापा, व्याधि – रोग, जन्म – मरण, चारों गतियोंमें गमन, पुण्य–पाप और दोषोंको उत्पन्न करनेवाले कर्मोंका नाश करके, केवलज्ञानमयी अरहंत हुआ हो वह 'अरहंत' है।**

**भावार्थ :– पहिली गाथामें तो गुणोंके सद्भावसे अरहंत नाम कहा और इस गाथामें दोषोंके अभावसे अरहंत नाम कहा। राग, द्वेष, मद, मोह, अरति, चिंता, भय, निद्रा, विषाद,**

खेद और विस्मय ये ग्यारह दोष तो घातिकर्मके उदयसे होते हैं और क्षुधा, तृषा, जन्म, जरा, मरण, रोग और स्वेद ये सात दोष अघातिकर्मके उदयसे होते हैं। इस गाथामें जरा, रोग, जन्म, मरण और चार गतियोंमें गमनका अभाव कहनेसे तो अघातिकर्मसे हुए दोषोंका अभाव जानना, क्योंकि अघातिकर्ममें इन दोषोंको उत्पन्न करनेवाली पापप्रकृतियोंके उदयका अरहंतको अभाव है और रागद्वेषादिक दोषोंका घातिकर्मके अभावसे अभाव है।

यहाँ कोई पूछे – अर्हन्तको मरणका और पुण्यका अभाव कहा; मोक्षगमन होना यह 'मरण' अरहंतके है और पुण्यप्रकृतियोंका उदय पाया जाता है, उनका अभाव कैसे? उसका समाधान – यहाँ मरण होकर फिर संसारमें जन्म हो इसप्रकारके 'मरण' की अपेक्षा यह कथन है, इसप्रकार मरण अरहंतके नहीं है; उसीप्रकार जो पुण्यप्रकृतिका उदय पापप्रकृति सापेक्ष करे इसप्रकार पुण्यके उदयका अभाव जानना अथवा बंध – अपेक्षा पुण्यका भी बंध नहीं है। सातावेदनीय बँधे वह स्थिति–अनुभाग विना अबंधतुल्य ही है।

प्रश्न :– केवलीके असाता वेदनीयका उदय भी सिद्धांतमें कहा है, उसकी प्रवृत्ति कैसे है? उत्तर :– इसप्रकार जो असाताका अत्यन्तमंद – बिलकुल मंद अनुभाग उदय है और साताका अति तीव्र अनुभाग उदय है, उसके वशसे असाता कुछ बाह्य कार्य करेनेमें समर्थ नहीं है, सूक्ष्म उदय देकर खिर जाता है तथा संक्रमणरूप होकर सातारूप हो जाता है इसप्रकार जानना। इसप्रकार अनंत चतुष्टयसहित सर्वदोषरहित सर्वज्ञ वीतराग हो उसको नामसे 'अरहंत' कहते हैं ॥३०॥

## ગાથા–૩૦ ઉપર પ્રવચન

आगे फिर कहते हैं :–

**जरवाहिजम्ममरणं, चउगइगमणं च पुण्णपावं च।**
**हंतूण दोसकम्मे, हुउ णाणमयं च अरहंतो॥३०॥**

ગાથા. ૩૦મી. અર્થ :- '**જરા – બુઢાપા,...**' ભગવાનને વૃદ્ધાવસ્થા ન હોય. શરીર હોય. સંયોગમાં શરીર હોય. સંયોગ તરીકે. અરિહંત છે ને? સિદ્ધને શરીર ન હોય. અરિહંતને શરીર હોય, વાણી હોય, અવાજ નીકળે. પણ એ એના નહિ. સંયોગરૂપે ભાવ હોય. વૃદ્ધાવસ્થા ન હોય. એને–ભગવાનને '**રોગ,...**' ન હોય. તીર્થંકર અરિહંતને રોગ નહિ. કહો, સમજાણું કાંઈ? .. રોગ કેવો? એના શરીરને રોગ નહિ, હોં! આત્મામાં તો રોગ નથી, શરીરને રોગ ન હોય. કહેવાય છે ને? ગોશાળાનું. છ મહિના રોગ રહ્યો.. બિલકુલ જૂઠી વાત છે. અરિહંતના સ્વરૂપને એવું હોઈ શકે નહિ. આવે છે ને? .. ગોશાળાને .. ભગવાનના સમવસરણમાં. બે સાધુને બાળ્યા અને ભગવાનને નાખી લેશ્યા. છ મહિના ગોશાળાને શું

કહેવાય? ઝાડો રહ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તમારે હિન્દી ભાષામાં. આપણે શું કીધું? લોહીખંડ ઝાળો પડ્યો છ મહિના. ભાષા એની. બિલકુલ જૂઠી વાત. અરિહંતને .. અરિહંતને જાણતા જ નથી. એય! 'પ્રકાશદાસજી'! સમજાણું કાંઈ? એમ છે. છ મહિના સુધી લોહીખંડનો ઝાડો રહ્યો. પછી છ મહિના પૂરા થયા પછી બધા રોતા હતા. સાધુ હતા. એવું 'ભગવતી સૂત્ર'માં આવે છે. બધી કલ્પિત વાતું. ભગવાનની નહિ, સિદ્ધાંતની નહિ. તદ્દન ન્યાયથી વિરૂદ્ધ. અરિહંત કેવળી પરમાત્મપદની દશા એને વળી રોગ કેવા?.. રોતા હતા. અરે..! ભગવાન! હવે દેહ છૂટી જશે. ભગવાન કહે છે, .. બોલાવો. તમે મારે માટે આહાર બનાવ્યો છે. રેવતીને. એ લાવે નહિ, ઘોડા માટે બનાવ્યો એ લાવજો. એવું આવે છે. એય..! .. એ બધી કલ્પિત વાતું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બધે એવું જ ચાલે છે. સનાતન માર્ગમાંથી જુદા પડીને જ્યારે સંપ્રદાયનું બંધારણ બાંધ્યું ત્યારે શાસ્ત્રના આ બંધારણ બધા ઘરના કલ્પિત બાંધ્યા. વીતરાગ માર્ગથી વિરૂદ્ધ. એને રોગ હોતો નથી. સમજાણું કાંઈ? રોગ ન હોય એને. અરિહંત કોને કહે? આહાહા..! જેને સાતાનો જ ઉદય છે. અસાતાનો ઉદય સાતાપણે પરિણમી જાય છે. એવા સાક્ષાત્ ભગવાન અમૃતના સ્વાદીલા પૂર્ણ, એકલા અનંત અમૃતનો સ્વાદ જેને છે, એને દુઃખ ને રોગ ક્યાંથી આવે? બધું કલ્પિત છે. ભગવાનને નામે શાસ્ત્ર રચીને કલ્પિત કર્યું છે.

'**જન્મ-મરણ, ચારોં ગતિયોંમેં ગમન,...**' ન હોય એને. દેહ છૂટીને જન્મ હોય એ અરિહંત કહેવાય નહિ. મરણ ન હોય. મરણ તો એને કહીએ કે મરીને કોઈ ગતિમાં જાય તો. ભગવાનને મરણ હોય નહિ. બીજે ગતિમાં જાય અને ભવ હોય તો મરણ કહેવાય. ભગવાનને મરણ હોય નહિ. આહાહા..! વળી '**પુણ્ય-પાપ ઔર દોષોંકો ઉત્પન્ન કરનેવાલે કર્મકા નાશ કરકે,...**' પુણ્ય અને પાપને ઉપજાવનારા દોષના કર્મ જે છે એનો તો નાશ કર્યો છે. '**કેવલજ્ઞાનમયી અરહંત હુઆ હો વહ 'અરહંત' હૈ.**' એકલું જ્ઞાનની મૂર્તિ. ઝળહળ જ્યોતિ ચૈતન્યસ્વરૂપ અનંત આનંદનું ધામ, કેવલ્યજ્ઞાન, ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં પોતાની પર્યાયમાં જાણે. એવા આ ભગવાનને અરિહંત કહેવામાં આવે છે. એ અરિહંત વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. 'સીમંધર' પરમાત્મા વિદ્યમાન તીર્થંકરો. વિહરમાન ભગવાન. સમજાણું કાંઈ? પણ આ રીતે એને ઓળખવા જોઈએ. અરિહંત-અરિહંત કરે અને સમજે નહિ કાંઈ. સમજાણું? એ અરિહંતની શ્રદ્ધા જ એને સાચી નથી.

**ભાવાર્થ :- 'પહલી ગાથામેં તો ગુણોંકે સદ્‌ભાવસે અરહંત નામ કહા...'** પહેલી ગાથા હતી ને ૨૯? ગુણથી વાત કરી હતી. અનંત જ્ઞાન-દર્શન. આ ગાથામાં દોષના અભાવથી વાત કરી છે. નાસ્તિથી. એને દોષ આવા હોતા નથી. '**અરહંત નામ કહા. રાગ, દ્વેષ, મદ, મોહ, અરતિ, ચિંતા, ભય,...**' ભગવાનને રાગ ન હોય કે આ ગૌતમ શિષ્ય મારો છે અને એને હું ઉપદેશ આપું. એવો રાગ અરિહંતને હોઈ શકે નહિ. વાણી વાણીને કારણે છે એ

નીકળી જાય, ઈચ્છા વિના. ઈચ્છા હોય એ કેવળી નહિ, અરિહંત નહિ. રાગ નહિ, દ્વેષ નહિ. એને કોઈ દુષ્મન નથી. એને કોઈ જાતનો મદ-અભિમાન ન હોય. મોહ ન હોય, અરતિ ન હોય, ચિંતા ન હોય, ભય ન હોય, '**નિંદ્રા,...**' ન હોય ભગવાનને. અરિહંત સર્વજ્ઞને નિંદ્રા ન હોય. સમજાણું કાંઈ?

'**વિષાદ, ખેદ...**' ન હોય. '**ઔર વિસ્મય...**' ન હોય. '**યે ગ્યારહ દોષ તો ઘાતિકર્મકે ઉદયસે હોતે હૈં...**' એ ન હોય એને. ઘાતિકર્મના નાશથી અગિયાર દોષ ત્યાં હોતા નથી. '**ઔર ક્ષુધા, તૃષા,...**' ભગવાનને ક્ષુધા ન હોય. ભગવાનને રોગ થયો, ક્ષુધા લાગી, આહાર લાવ્યા. બધી વાતુ કલ્પિત. અરિહંતના સ્વરૂપની ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાનને ક્ષુધા ન હોય, આહાર ન કરે. આહાર લે નહિ, આહાર લાવે નહિ. એને '**તૃષા,...**' ન હોય. પાણી પીવે અને પાણી લેવા જાય એવું એને હોય નહિ.

'**જન્મ, જરા, મરણ,...**' જન્મ ન હોય એને. અવતાર શું હોય, ખલાસ થઈ ગયું. મરણ ન હોય. ભવ નથી. '**રોગ...**' ન હોય. પહેલા આવી ગયું. ભગવાનના શરીરને રોગ ન હોય. શરીરને, હોં! આત્મામાં ક્યાં છે? શરીરમાં પણ રોગ ન હોય એવા અરિહંતને અરિહંત કહીએ. ભાઈ! આ તો અરિહંતને રોગ થયો. લોહીખંડનો ઝાડો થયો. દવા લેવા ગયા, દવા લીધી. લીધી એટલે શરીર પુષ્ઠ થયું, દેવો ખુશ થઈ ગયા. ઓહો..હો...! એવું બધું આવે છે. ... સમજાણું કાંઈ? એ અરિહંતના સ્વરૂપને વિકૃત બનાવી દીધું છે. એવું સ્વરૂપ છે નહિ.

'**સ્વેદ...**' ન હોય. સ્વેદ જોઈએ. સ્વેદ, સ્વેદ. સ્વેદ એટલે પરસેવો. એમ જોઈએ. સ્વેદ ન હોય. ખેદ તો પહેલાં આવી ગયું છે. સ્વેદ એટલે પરસેવો ન હોય ભગવાન અરિહંતને. હજારો યોજનના વિહાર થાય ઉદયને લઈને. પસીનો નહિ. એવા અરિહંતના સ્વરૂપને અરિહંત કહેવામાં આવે છે. ઓછું, અધિક, વિપરીત કરે એને અરિહંતના સ્વરૂપની ખબર નથી. '**ચાર ગતિયોંમેં ગમનકા અભાવ કહનેસે તો અઘાતિકર્મસે હુએ દોષોંકા અભાવ જાનના,...**' લ્યો! ચાર ગતિમાં હવે જવાનું (નથી). અરિહંતપદથી છૂટે એટલે સિદ્ધ જ થાય.

'**અઘાતિકર્મસે હુએ દોષોંકા અભાવ જાનના, ક્યોંકિ અઘાતિકર્મમેં ઈન દોષોંકો ઉત્પન્ન કરનેવાલી પાપપ્રકૃતિયોંકે ઉદયકા અરહંતકો અભાવ હૈ...**' લ્યો! ભગવાનને પાપના પ્રકૃતિનો ઉદય નથી. '**ઔર રાગદ્વેષાદિક દોષોંકા ઘાતિકર્મકે અભાવસે અભાવ હૈ.**' રાગ-દ્વેષ અત્યારે નથી. ઘાતિકર્મનો નાશ છે ને. શું કહે છે? '**યહાં કોઈ પૂછે - અર્હંતકો મરણકા ઔર પુણ્યકા અભાવ કહા, મોક્ષગમન હોના યહ મરણ અરહંતકે હૈ...**' એ અરિહંતનું મરણ છે જ નહિ. '**પુણ્યપ્રકૃતિયોંકા ઉદય પાયા જાતા હૈ,...**' અરિહંતને પુણ્ય પ્રકૃતિનો ઉદય હોય છે. વાણી, અતિશય ઉદય છે. '**ઉનકા અભાવ કૈસે?**'

'**ઉસકા સમાધાન - યહાં મરણ હોકર ફિર સંસારમેં જન્મ હો ઈસપ્રકારકે મરણ કી અપેક્ષા યહ કથન હૈ, ઈસપ્રકાર મરણ અરહંતકે નહીં હૈ;...**' લ્યો! મરીને અવતરે એવું મરણ નથી. આ તો પંડિતમરણ, કેવળીમરણ. કેવળજ્ઞાનીનું મરણ. ઓહો..! '**પુણ્યપ્રકૃતિકા ઉદય**

**પાપપ્રકૃતિ સાપેક્ષ કરે ઈસપ્રકાર પુણ્યકે ઉદયકા અભાવ જાનના...**' પુણ્યપ્રકૃતિનો ઉદય પાપપ્રકૃતિ સાપેક્ષ હોય તો કરે એમ કહે છે. એ છે નહિ ભગવાનને. પુણ્યના ઉદયનો અભાવ જાણવો. '**બંધ – અપેક્ષા પુણ્યકા ભી બંધ નહીં હૈ.**' લ્યો! ભગવાનને પુણ્યનો પણ બંધ નથી. એ તો વીતરાગ કેવળજ્ઞાન થઈ ગયું.ઉદય હતો ને છૂટી ગયો. ઉદય છે પણ એ પુણ્યના ઉદય એ પોતાનું સ્વરૂપ નથી. એ તો પોતાનું સ્વરૂપ તો અંદર કેવળજ્ઞાન અરહંત સ્વરૂપ છે એમાં બિરાજે છે. પુણ્ય પણ નથી અને પાપ પણ નથી, એમ કહે છે. '**સાતાવેદનીય બંધે...**' થોડું. એ અબંધ સ્વરૂપ છે, લ્યો!

'**પ્રશ્ન : કેવલીકે અસાતા વેદનીયકા ઉદય ભી સિદ્ધાંતમેં કહા હૈ, ઉસકી પ્રવૃત્તિ કૈસે હૈ?**' આહાહા..! શાસ્ત્રમાં અરિહંતને અશાતાનો ઉદય તો કહ્યો છે, અગિયાર પરિષહ કહ્યા છે.

'**ઉત્તર :– ઈસપ્રકાર જો અસાતાકા અત્યન્ત મંદ–બિલકુલ મંદ અનુભાગ ઉદય હૈ...**' ઘણો મંદ ઉદય, ઘણો. આખા દરિયામાં જેમ એક બિંદુ (હોય). રાખનું બિંદુ હોય ને દરિયામાં? એવો એક જરીક ઉદય છે. બાકી તો સાતા... સાતા.. સાત... સ્ફટિક જેવું જેનું શરીર થઈ જાય છે. અરિહંત થતાં શરીર સ્ફટીક જેવું થઈ જાય. સમજાણું કાંઈ? એના શરીરમાં નજર નાખતાં પાત્ર જીવ હોય તો એને સાત ભવનું જ્ઞાન થાય. એકલું સ્ફટિક જેવું થઈ જાય. અંતર તો આનંદકંદ પૂર્ણ અનંત છે. એ શરીર જ જુદી જાતનું છે. સમજાણું કાંઈ? કેસરને રહેવાનો કોથળો ન હોય. કેસરને રહેવાની તો બરણી અને ડબ્બો હોય. એમ પૂર્ણાનંદ અને કેવળજ્ઞાન જેને–અરિહંતને પ્રગટ્યા છે એનું શરીર જ કોઈ જુદી જાતનો ડબ્બો હોય. આહાહા..! એને રોગ નહિ, ક્ષુધા નહિ, તૃષા નહિ. સ્વચ્છ શરીર. નિર્મળ... નિર્મળ... નિર્મળ... આરપાર દેખાય. એવું શરીર હોય છતાં એ અરિહંતનું એ શરીર નહિ. શરીર જડનું. પણ સંયોગ હોય તો આવો હોય. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! ભગવાનને રોગ, ભગવાનને દુઃખ, આહાર, પાણી. સાધારણ માણસ જેવા ઠરાવી દીધા. માણસ જેવું બનાવે... આવે છે ને કાંઈક ભજનમાં? નહિ? મનુષ્ય મને મનુષ્ય જેવો બનાવે. એવું આવે છે કાંઈક. અમે તો ઘણીવાર ભજન સાંભળ્યા તો હોય ને. 'સઘળી સંપદા લુંટાવે, મનુષ્ય મને મનુષ્ય જેવો બનાવે.' પરમેશ્વરને પણ મનુષ્ય જેવા બનાવી દીધા. એ ખાય, પીવે, એને રોગ થાય, એની દવા લાવે.

મુમુક્ષુ :– ત્યારે એના અનુયાયી...

ઉત્તર :– ... .. બાંધવા એવું બધું કલ્પિત લખ્યું. લોકોને ખબર ન મળે બિચારાને. જે પડ્યા એમાં પડ્યા. પરીક્ષા ન મળે, ઓળખાણ ન મળે. અને ઘણો વખત તો સંસારમાં રળવા ને ભોગ ને વિષય ને કષાયની અગ્નિમાં જાય. થોડો વખત મળે કલાક–બે કલાક એમાં આવું સંભળાવનાર મળે એમાં હા પાડીને ઘર ભેગા. પરીક્ષા તો કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

'**અસાતાકા અત્યંત–બિલકુલ મંદ અનુભાગ ઉદય હૈ ઔર સાતાકા અતિ તીવ્ર અનુભાગ ઉદય હૈ, ઉસકે વશસે અસાતા કુછ બાહ્ય કાર્ય કરનેમેં સમર્થ નહીં હૈ,...**' એવો

ઉદય ભગવાનને હોય કે જેને રોગ આવે એવું કાર્ય કરે એવો તો ઉદય એને હોય જ નહિ. સમજાણું કાંઈ? '**સૂક્ષ્મ ઉદય દેકર ખિર જાતા હૈ...**' થોડો ઉદય આવે તો ખરી જાય. '**તથા સંક્રમણરૂપ હોકર સાતારૂપ હો જાતા હૈ...**' અસાતાનો ઉદય હોય એ ભગવાનને સાતારૂપે થઈ જાય. એને રોગ-બોગ હોઈ શકે નહિ.

'**ઈસપ્રકાર અનંત ચતુષ્ટયસહિત સર્વદોષરહિત...**' ભગવાન તો અનંત ચતુષ્ટય, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ ચતુષ્ટય (સહિત છે). '**સહિત સર્વદોષરહિત સર્વજ્ઞ વીતરાગ હો ઉસકો નામસે 'અરહંત' કહતે હૈં.**' આને નામ નિક્ષેપે અરિહંત કહેવામાં આવે છે. આહાહા..! એનું નામ અરિહંત. આવા ગુણ અને આવી દશા જેની હોય એને નામે અરિહંત કહેવામાં આવે છે. નહિતર નામ પણ નહિ, કહે છે. લ્યો! આવા અરિહંતને નામથી ઓળખાવ્યા.

---

**आगे स्थापना द्वारा अरहंतका वर्णन करते हैं :–**

**गुणठाणमग्गणेहिं य, पज्जत्तीपाणजीवठाणेहिं।**
**ठावण पंचविहेहिं, पणयव्वा अरहपुरिसस्स।।३१।।**

**गुणस्थानमार्गमाभिः च पर्याप्तिप्राणजीवस्थानैः।**
**स्थापना पंचविधैः प्रणेतव्या अर्हत्पुरुषस्य।।३१।।**

**છે સ્થાપના અર્હંતની કર્તવ્ય પાંચ પ્રકારથી,**
**– ગુણ, માર્ગણા, પર્યાપ્તિ તેમ જ પ્રાણ ને જીવસ્થાનથી. ૩૧.**

**अर्थ :– गुणस्थान, मार्गणास्थान, पर्याप्ति, प्राण और जीवस्थान इन पाँच प्रकारसे अरहंत पुरुषकी स्थापना प्राप्त करना अथवा उसको प्रणाम करना चाहिए।**

**भावार्थ :– स्थापनानिक्षेपमें काष्ठ–पाषाणादिकमें संकल्प करना कहा है सो यहाँ प्रधान नहीं है। यहाँ निश्चयकी प्रधानतासे कथन है। यहाँ गुणस्थानादिकसे अरहंतका स्थापन कहा है।।३१।।**

---

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

હવે સ્થાપના ઓળખાવે છે. ઓલી સ્થાપના જુદી, હોં! ભગવાનની મૂર્તિ સ્થાપના એ વ્યવહારની સ્થાપના. એ શુભભાવનું લક્ષ છે એમાં એટલે. એ સ્થાપના વ્યવહાર. પ્રતિમા, મૂર્તિની. એ વ્યવહાર છે પણ નિશ્ચય નહિ. નિશ્ચય સ્થાપના જુદી.

**गुणठाणमग्गणेहिं य, पज्जत्तीपाणजीवठाणेहिं।**

**ठावण पंचविहेहिं, पणयव्वा अरहपुरिसस्स।।३१।।**

**અર્થ :- 'ગુણસ્થાન,...'** ભગવાનને ગુણસ્થાન ક્યું હોય એની પ્રરૂપણ સ્થાપન કરવું એ સ્થાપના. ભગવાન જાણે કયું ગુણસ્થાન હશે. કહેશે આગળ. તેરમું ગુણસ્થાન હોય. સ્થાપના સહિત. એનું નામ સ્થાપના, હોં! ભગવાનની મૂર્તિની સ્થાપના એ નહિ. ભગવાન સર્વજ્ઞપદ... ચૌદ ગુણસ્થાન હોય છે. જેમ મેડીએ જવાની નીસરણી હોય છે. એમ ઉત્તમપદ સિદ્ધપદને પામવામાં ચૌદ ગુણસ્થાનના પ્રકાર (છે). એમાં ચોથે ગુણસ્થાનથી ધર્મની દશા પ્રગટ થાય. તેરમે (ગુણસ્થાને) કેવળજ્ઞાન થાય. તેરમે પગથિયે, તેરમી ભૂમિકાએ. એને તેરમું ગુણસ્થાન ભગવાન (કહે છે). પછી મોક્ષ જવા પહેલા ... એ ચૌદમું છે. દેહ છૂટી જાય, સિદ્ધ થઈ જાય. અરિહંતને તેરમું ગુણસ્થાન હોય એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ કાંઈ ગુણસ્થાન અતીત થયા નથી. કેટલું આમાં યાદ રાખવું? કહે છે બધા પડખા જાણ્યા વિના અરિહંતને ઓળખી શકીએ નહિ. અને બધા પડખા જેટલા છે એના બધા સાજા ને તાજા જાણવા પડશે. ઓઘે ઓઘે માનીને બેઠો એને તો વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. એને નિશ્ચય સમકિત તો છે જ નહિ. જેની વ્યવહારશ્રદ્ધામાં હજી ભૂલ છે એને નિશ્ચય-સત્ય સમકિત તો હોઈ શકે નહિ. પણ વ્યવહારના માનનાર આવા અરિહંતને વ્યવહારે માને ત્યારે એને વ્યવહારશ્રદ્ધા-વિકલ્પ કહેવાય. અને એના રહિત થઈને આત્માનો અનુભવ કરે અને સમકિત, ત્યારે એને નિશ્ચય સમકિત કહેવાય-ચોથું ગુણસ્થાન ત્યારે ધર્મ થયો કહેવાય. સમજાણું કાંઈ?

**'ગુણસ્થાન, માર્ગણાસ્થાન,...'** મોટી વાત લીધી. માર્ગણા છે ચૌદ. તે માર્ગણામાં એને ગણવા એ વ્યાખ્યા ... ગતિ, જાતિ એ બધું એનામાં.. ગતિ મનુષ્ય હોય, જાતિ પંચેન્દ્રિય હોય. સમજાય છે? પણ બાહ્ય તરીકે. આમ તો અનીન્દ્રિય છે અંદર આવી સ્થિતિ હોય છે. અરિહંત હોવા છતાં શરીરનો સંયોગ હોય એ કઈ જાતનો હોય એના વર્ણનથી અરિહંતને ઓળખાવે છે. **'પર્યાપ્તિ,...'** ઓળખાવે. છ પર્યાપ્તિ. **'પ્રાણ,...'** દસ પ્રાણમાંથી એને પ્રાણ કેટલા હોય. **'ઔર જીવસ્થાન...'** કેટલા હોય. ક્યા જીવસ્થાનમાં હોય? જીવસ્થાન છે ને? પર્યાપ્ત, અપર્યાપ્ત, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઈન્દ્રિય, પંચેન્દ્રિય. એ બધો ખુલાસો આવશે.

**'ઈન પાંચ પ્રકારસે અરહંત પુરુષકી સ્થાપના...'** એને આ હોય... આ હોય.. આ હોય... આ હોય... તેરમું ગુણસ્થાન હોય, પંચેન્દ્રિય હોય. એને સ્થાપના નિક્ષેપ કહેવામાં આવે છે. ભગવાનની મૂર્તિની સ્થાપનાની અહીં વાત નથી. સમજાણું કાંઈ? નિશ્ચય સ્થાપનાની વાત છે. **'અથવા ઉસકો પ્રણામ કરના ચાહિયે.'** લ્યો, એમ છે. 'प्रणेतव्या' છે ને (સંસ્કૃતમાં)? આવા ભગવાનને ઓળખી, એનું સ્વરૂપ ગતિ, જાતિમાં શું છે એને જાણી એને જ પ્રણામ કરવો. એ સિવાય અરિહંતના સ્વરૂપને જાણ્યા વિના અરિહંત નામ ધરાવતા હોય અને એ પોતે અરિહંત કોણ છે એને ઓળખતો ન હોય અને પ્રણામ કરે, એ સાચા પ્રણામ

અરિહંતના છે નહિ.

'**ભાવાર્થ :- સ્થાપનાનિક્ષેપમેં...**' લ્યો! સ્થાપના ભગવાનની મૂર્તિ. '**કાષ્ઠ-પાષાણાદિકમેં સંકલ્પ કરના કહા હૈ...**' લાકડામાં, પથ્થર આદિમાં 'આ ભગવાન છે' એમ સ્થાપના કરવી. '**સો યહાં પ્રધાન નહીં હૈ.**' એ અહીં મુખ્ય વાત નથી. એ વાત ગૌણ છે અહીંયાં. આત્મામાં સ્થાપના કરવી. આત્મા કઈ ગતિમાં છે, ક્યા ગુણસ્થાનમાં છે, એ. '**યહાં નિશ્ચયકી પ્રધાનતાસે કથન હૈ. યહાં ગુણસ્થાનાદિકસે અરહંતકા સ્થાપન કહા હૈ.**' લ્યો! ગુણસ્થાન આવું છે, જાતિ આવી છે, પંચેન્દ્રિય શરીર છે, પર્યાપ્ત છે, પ્રાણ છે, એના પ્રમાણમાં. એ રીતે સ્થાપનાને આ રીતે ઓળખાવે છે. અહીં મૂર્તિની સ્થાપના નહિ.

---

आगे विशेष कहते हैं :–

**तेरहमे गुणठाणे, सजोइकेवलिय होइ अरहंतो।**
**चउतीस अइसयगुणा, होंति हु तस्सट्ठ पडिहारा।।३२।।**

त्रयोदशे गुणस्थाने सयोगकेवलिकः भवति अर्हन्।
चतुस्त्रिंशत् अतिशयगुणा भवंति स्फुटं तस्याष्टप्रातिहार्या।।३२।।

**અર્હત્ સયોગીકેવળીજિન તેરમે ગુણસ્થાન છે;**
**ચોત્રીશ અતિશયયુક્ત ને વસુપ્રાતિહાર્યસમેત છે. ૩૨.**

अर्थ :– गुणस्थान चौदह कहे हैं, उनमें सयोगकेवली नाम तेरहवाँ गुणस्थान है। उसमें योगोंकी प्रवृत्तिसहित केवलज्ञानसहित सयोगकेवली अरहंत होता है। उनके चौंतीस अतिशय और आठ प्रातिहार्य होते हैं, ऐसे तो गुणस्थान द्वारा 'स्थापना अरहंत' कहलाते हैं।

भावार्थ :– यहाँ चौंतीस अतिशय और आठ प्रातिहार्य कहनेसे तो समवसरणमें बिराजमान तथा विहार करते हुए अरहंत हैं और 'सयोग' कहनेसे विहारकी प्रवृत्ति और वचनकी प्रवृत्ति सिद्ध होती है। 'केवली' कहनेसे केवलज्ञान द्वारा सब तत्त्वोंका जानना सिद्ध होता है। चौंतीस अतिशय इसप्रकार हैं–जन्मसे प्रकट होने वाले दस :– १ – मलमूत्रका अभाव, २–पसेवका अभाव, ३–धवल रुधिर होना, ४–समचतुरस्रसंस्थान, ५–वज्रवृषभनाराच संहनन, ६–सुन्दर रूप, ७– सुगंध शरीर, ८–शुभ लक्षण होना, ९–अनन्त बल, १०– मधुर वचन, इसप्रकार दस होते हैं.

केवलज्ञान उत्पन्न होने पर दस होते हैं :– १– उपसर्गका अभाव, २–अदयाका अभाव, ३–शरीर की छाया न पड़ना, ४– चतुर्मुख दिखना, ५–सब विद्याओंका स्वामित्व, ६–नेत्रोंके पलक न गिरना, ७–शतयोजन सुभिक्षता, ८–आकाशगमन, ९–कवलाहार नहीं होना, १०– नख–केशोंका नहीं बढ़ना, ऐसे दस होते हैं।

चौदह देवकृत होते हैं :– १– सकलार्द्धमागधी भाषा, २–सब जीवोंमें मैत्रीभाव, ३–सब

**ऋतुके फल फूल फलना, ४–दर्पण समान भूमि, ५–कंटकरहित भूमि, ६–मंद सुगंध पवन, ७–सबके आनंद होना, ८–गंधोदकवृष्टि, ९– पैरोंके नीचे कमलरचना, १०–सर्वधान्य निष्पत्ति, ११–दसों दिशाओंका निर्मल होना, १२– देवोंके द्वारा आह्वानन शब्द, १३– धर्मचक्रका आगे चलना, १४– अष्ट मंगलद्रव्योंका आगे चलना।**

**अष्ट मंगल द्रव्योंके नाम १–छत्र, २–ध्वजा, ३–दर्पण, ४–कलश, ५–चामर, ६–भृङ्गार (झारी), ७–ताल (ठवणा) और स्वस्तिक (साँथिया) अर्थात् सुप्रतीच्छक ऐसे आठ होते हैं। चौंतीस अतिशयके नाम कहे ।**

**आठ प्रातिहार्य होते हैं उनके नाम ये हैं – १ – अशोकवृक्ष, २–पुष्पवृष्टि, ३ – दिव्यध्वनि, ४ – चामर, ५ – सिंहासन, ६– भामण्डल, ७–दुन्दुभि वादिंत्र और ८–छत्र ऐसे आठ होते हैं। इसप्रकार गुणस्थान द्वारा अरहंतका स्थापन कहा।।३२।।**

## ગાથા–૩૨ ઉપર પ્રવચન

'**આગે વિશેષ કહેત હૈં :–**' તેરમે ગુણસ્થાને.

**तेरहमे गुणठाणे, सजोइकेवलिय होइ अरहंतो।**
**चउतीस अइसयगुणा, होंति हु तस्सट्ठ पडिहारा।।३२।।**

લ્યો! અરિહંતને ઋદ્ધિ. ભગવાન અરિહંતને ...

**અર્થ :–** '**ગુણસ્થાન ચૌદહ કહે હૈં,...**' ગુણસ્થાનની દશા પગથિયા ચૌદ છે. '**ઉનમેં સયોગકેવલી નામ તેરહવાં ગુણસ્થાન હૈ.**' સયોગી કેવળી–યોગ હોય છે એવા એ કેવળી છે. એવી વાણી હોય છે. ગતિ .. એવા સયોગી કેવળી તેરમે ગુણસ્થાને હોય. એને અરિહંત કહીએ. જુઓ! બધા ભગવાન–ભગવાન ઠરાવે છે ને બધા? કબીરમાં, ફલાણામાં, ઢીકણામાં. એય..! 'પ્રકાશદાસજી'! એને ઓળખાવે છે. એ ઓળખતા નથી કે પરમાત્મા કોને કહેવાય. રાધાસ્વામી. આવે છે ને 'આગ્રા'માં? અમે આસમાનમાંથી આવ્યા છીએ. બનાવે છે ને મોટું કેટલા કરોડનું બનાવે છે, 'આગ્રા'માં. તે દિ' (સંવત) ૨૦૧૩માં ગયા ત્યારે સાડા ત્રણ કરોડનું બન્યું હતું. પછી તો અત્યારે ઘણા કરોડનું (બની ગયું હશે). આસમાનમાંથી આવ્યા તો આસમાન જેવો બંગલો જોઈએ. આસમાન કેવો વળી? કોઈ ગતિમાંથી આવ્યા હોય. કોઈ આકાશમાંથી આવે છે આત્મા?

પરમાત્મા થાય અરિહંત એ પણ કોઈ ગતિમાંથી આવે છે. કોઈ ગતિમાં હતા ત્યાંથી આવે છે. એવી જેને ખબર નથી ને ભગવાન–ભગવાનનું નામ ધરાવે એ બધા ગપ્પગોળા છે એમ કહે છે. સમજાણું કાંઈ? 'આગ્રા'માં છે ને? પંડિતજી! જોયું છે? 'આગ્રા'માં છે. દયાળબાગ. ગયા હતા ને તે દિ'. દયાળબાગ (સંવત) ૨૦૧૩ની સાલમાં ગયા હતા. ૨૦૧૩માં દયાળબાગ જોવા ગયા હતા. 'રાધાસ્વામી' થઈ ગયા. .. આસમાનમાંથી આવે છે

ને.. ગપ્પેગપ બધા. તમારામાંથી કેટલા જાય છે ત્યાં? ઈંદોરના કરોડોપતિઓ. ભાન ન મળે. જૈનમાં જન્મ્યા છતાં જૈનનું શું સ્વરૂપ છે એની ખબર ન મળે. જ્યાં-ત્યાં માથા ફોડે. રાધાસ્વામી આસમાનમાંથી આવ્યા છે. ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..? ..? અહીં છે પોતે પોતામાં. ..સિદ્ધ છે. એ સિદ્ધમાંથી આવે છે કાંઈ? ચાર ગતિમાંથી આવે. એની તો ખબર નથી. અરિહંત થાય એ કોઈ ચાર ગતિમાંથી આવે. સમજાણું કાંઈ? પરમેશ્વર હોય ભલે આ ભવમાં, પણ કોઈ ગતિમાંથી આવે. ત્યારે પરમેશ્વર થાય. કાંઈ પરમેશ્વર થયેલો પાછો અવતરતો હશે? બધા એવા પૈસાવાળા. ... શાતાશિલીયા ખાવા-પીવાની બધી અનુકૂળતા મળે. સહેજે-સહેજે વાતું કરતા કરતા ધર્મ થઈ જાય.

આ તો આત્મા અંતર સ્વરૂપ અંતર આનંદનું ધામ છે. એની અંતર દૃષ્ટિ અનંતકાળે એણે કરી નથી. વિકારનો વિકલ્પ છે દયા, દાન, વ્રત આદિનો એ પણ પુણ્યનો વિકાર છે, એ ધર્મ નથી. એનાથી પાર ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથે જોયો એવો જે અંતરાત્મા, એની અંદર જઈને સ્પર્શ કરવો, એનું નામ ધર્મ અને સમકિત છે. એ વાતું જગતને આકરી પડે. આહાહા..! અનાદિની એની દૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પ ને રાગ અને શરીર ઉપર છે. એની એક સમયની વર્તમાન પ્રગટ દશા ઉપર એની દૃષ્ટિ અનાદિની છે. પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા પોતે એક સમયની અવસ્થાથી પાર જુદો, રાગથી જુદો, નિમિત્તથી જુદો, એવા ભગવાનઆત્માની અંદર શ્રદ્ધા એ અપૂર્વ અનંતકાળે નહિ કરેલું એવું સમ્યગ્દર્શન છે. સમજાય છે?

કહે છે, અરિહંત ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર મનુષ્યદેહમાં મનુષ્યથી ભિન્ન અનુભવમાં, આનંદમાં હોય એને તેરમું ગુણસ્થાન હોય. ગુણસ્થાનના ચૌદ ભેદમાં એની તેરમી ભૂમિકા હોય. સમજાણું કાંઈ? પછી સિદ્ધ જ્યારે થાય. પરમેશ્વર બિરાજે છે મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન, એ તેરમે ગુણસ્થાને છે અત્યારે. સિદ્ધ થશે. હજી તો અબજો વર્ષ રહેશે. પાંચ અક્ષરવાળું સયોગી ગુણસ્થાન છૂટી સિદ્ધ થશે. પછી એને ગુણસ્થાન હોતું નથી. અહીં ગુણસ્થાન પર્યાય હોય છે એમ સિદ્ધ કરે છે. પર્યાયની દશા તેરમા ગુણસ્થાનની એને હોય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અને કેવળદર્શન થયું માટે સિદ્ધ થઈ ગયા એમ નથી. હજી એની તેરમી ભૂમિકા દશામાં વર્તે છે. આવી ઝીણી વાતું. અંતરના લક્ષે .. સમજ્યા વિના બહારમાં કળાકુટા કરીને મરી ગયો અનંત વાર. વાસ્તવિક તત્ત્વ અરિહંતનું (છે) એવું જ આ આત્માનું છે. આત્મા પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત. સર્વજ્ઞ ભગવાને જોયો એવો શાશ્વત જ્ઞાન ને આનંદનું સ્થાન છે ઈ. એવા સ્વભાવની અંતરમાં અનુભવની દૃષ્ટિ થવી એને સમકિત કહે છે, એને ધર્મની પહેલી દશા કહે છે. આગળ વધીને જ્યારે તેરમું કેવળ થાય તેને તેરમું ગુણસ્થાન કહે છે. સમજાણું કાંઈ?

એ કેવા હોય છે? '**સયોગકેવલી અરહંત હોતા હૈ.**' એને હજી યોગ હોય છે. પ્રદેશનું કંપન (હોય છે). જોયું! અરિહંત થયા, કેવળી થયા પણ યોગનું કંપન હોય. એટલો સંયોગ હોય એને અહીંયાં અરિહંત તરીકે ઓળખાવે છે. આહાહા..!

**'ઉસમેં યોગોંકી પ્રવૃત્તિસહિત કેવલજ્ઞાનસહિત સયોગકેવલી અરહંત હોતા હૈ.'** ભગવાનને પણ યોગની પ્રવૃત્તિ હોય છે. એકકોર ના કહે કે આત્મામાં નથી. પણ સંયોગરૂપે આવું હોય છે. કંપન પ્રદેશનું કંપન છે આત્મામાં. શરીર, વાણી નહિ. અંદર પ્રદેશનું કંપન છે. એ કંપન છે એ સયોગ છે, યોગવાળો. અને કેવળી છે. યોગવાળા છે અને કેવળી છે. એને અરિહંત તરીકે કહીએ. સમજાણું કાંઈ? શબ્દ પડ્યો છે ને? **'सजोइकेवलिय होइ अरहंतो।'** તેરમે ગુણસ્થાને એને સયોગી કંપન હોય. આહાહા..! એક કોર કહે કે સમ્યગ્દર્શનને કંપન પણ નથી. સમ્યગ્દર્શનની દશામાં કંપન રાગ એનો છે નહિ. એ વસ્તુની દૃષ્ટિના પરિણમનની અપેક્ષાએ વાત છે. પણ જોડે છે થોડું આવું કંપન અને જોગ, એવું અસ્તિપણે છે. સમજાય છે કાંઈ? એવા તેરમા ગુણસ્થાનવાળા સયોગી કેવળી (એમને) વાણી હોય છે. જેટલી શરીર ચાલવાની ક્રિયા કરે છે એમાં પ્રદેશ કંપે છે એવા સહિત ત્રિકાળ જ્ઞાન હોય એને અરિહંત કેવળી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! કેવી વસ્તુની સ્થિતિ!

એક કોર કહીએ તો આત્મા સમ્યગ્દર્શન પામ્યો, આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનું ભાન થયું, તો કહે છે કે એને એનામાં કંપન પણ નથી. એ કંપનનો સ્વામી નથી એટલે કંપન નથી. આહાહા..! એને રાગ પણ નથી, પુણ્ય પણ નથી, પાપ પણ નથી. એ તો જ્ઞાનાનંદ ઘનનો સ્વામી-ધણી છે. સમજાણું કાંઈ? પણ જોડે આવું હોય છે એનું એ જ્ઞાન કરાવે છે. તેરમા ગુણસ્થાન સુધી યોગની પ્રવૃત્તિ સહિત કેવળજ્ઞાન, એમ. કંપનની પ્રવૃત્તિ સહિત કેવળજ્ઞાની છે. પ્રદેશ જરી કંપે છે. એ સહિત કેવળજ્ઞાની. પછી જ્યારે મોક્ષ થવાની તૈયારી હોય ત્યારે પાંચ અક્ષર અ ઈ આ ૠ ઉ છૂટી જાય કંપન ત્યારે ચૌદમું ગુણસ્થાન કહેવાય. દેહ છૂટી જાય ત્યારે સિદ્ધ થાય. આવી પર્યાયના આવા ભેદ દશામાં છે એમ ઓળખાવે છે. દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળી અવિનાશી છે ઈ છે. પણ પર્યાયમાં આવા ભેદો અંદર હોય છે ત્યારે એણે આત્માને બરાબર જાણ્યો કહેવાય. આહાહા..! સમજાણું?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૫, ગાથા-૩૨, રવિવાર, પોષ સુદ ૬, તા.૦૩-૦૧-૭૧

'અષ્ટપાહુડ'માં બોધપાહુડ. ૩૨મી ગાથા. શું કહે છે? અરિહંતનું સ્વરૂપ વર્ણવે છે. એમાં અરિહંત નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એવા જે ચાર નિક્ષેપ છે એનું અહીં વર્ણન નથી (કે) જે વ્યવહારના ભેદ છે. કોઈનું અરિહંત નામ આપે અને અરિહંતના ગુણ ન હોય તોપણ નામનિક્ષેપે એને કહેવાય. અરિહંતની સ્થાપના-મૂર્તિ. એને સ્થાપના નિક્ષેપે મૂર્તિ કીધી. દ્રવ્ય (નિક્ષેપ)-ભવિષ્યમાં (અરિહંત) થવાની લાયકાત હોય તો એને દ્રવ્યનિક્ષેપ કહેવાય. વર્તમાન ભાવની પર્યાય પ્રગટ હોય એને ભાવનિક્ષેપ કહીએ. એ અહીં નહિ.

અહીંયાં તો જે અરિહંતનું નામ છે એવા એના ગુણ હોય એને નામનિક્ષેપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બોધપાહુડ' છે ને? નિશ્ચયનો અધિકાર (છે). એમ એની સ્થાપના, અરિહંતની સ્થાપના એ મૂર્તિ નહિ, પણ એના પુણ્યાદિનો શરીરનો યોગ કેવો છે એવી સ્થાપના એટલે એ દ્વારા એને ઓળખાવવું. કઈ ગતિમાં છે, કઈ જાતિમાં છે, કેવા અતિશય છે એ એની સ્થાપના છે. અહીંયાં ઈ અધિકાર છે. દ્રવ્ય અધિકારમાં અહીંયાં યોગ્યતા છે એ નહિ આવે. અરિહંતનો જે આત્મા છે, એનું શરીર કેવું હોય, એનાથી ભિન્ન, એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. શૈલી લીધી છે ને? બોધપાહુડની શૈલી લીધી છે. સમજાણું કાંઈ? નામ તો જેવું એનું નામ છે એવા એના ગુણ હોય. એને અહીંયાં નામ ગણવામાં આવ્યું છે.

'પ્રવચનસાર'માં પહેલા શરૂઆતમાં આવે છે ને? કે જેનું નામ પણ લાભદાયક છે. ભગવાનનું નામ-વર્ધમાન, એ પણ જેને લાભદાયક છે. એનો અર્થ એ કે જેવા એના ગુણ છે એવું એનું નામ છે. તો નામસ્મરણમાં એના ગુણો યાદ આવે. સમજાણું કાંઈ? એકલા નામનિક્ષેપથી અહીં વાત નથી. નામ એના ગુણો જે છે એ દ્વારા નામનો જે ભાવ છે એને ઓળખાવવામાં આવે છે.

અહીં અત્યારે આપણે સ્થાપનાની વાત ચાલે છે. સ્થાપનાનિક્ષેપ એટલે આ (બહારની) નિક્ષેપ નહિ. એનામાં સંયોગરૂપે અરિહંતની દશાના જ્ઞાન, દર્શન, આનંદમાં એનો શરીરનો, અતિશયનો, ગતિનો, જાતિનો એને સંયોગ કેવો હોય, એને અહીં સ્થાપના ગણવામાં આવે છે. કેમકે વાસ્તવિક અરિહંત નથી અને કોઈ અરિહંત મનાવે તો એને માટે કહે છે કે અરિહંતનો આત્મા તો આવો પણ એના સંયોગમાં આવું હોવું જોઈએ. 'ચંદુભાઈ'! એ રીતે અરિહંતને ઓળખાવ્યા છે. આમ તો બધા ભગવાન-ભગવાન કરીને ચાલી નીકળે છે. અમે અરિહંત છીએ, અમે કેવળી છીએ. અરિહંત કેવળી હોય એના આત્મામાં તો અનંત જ્ઞાન (હોય), ઈ આવી ગયું છે પહેલાં. સમજાણું? ૨૯ ગાથામાં આવી ગયું છે. અનંત દર્શન, અનંત જ્ઞાન (સહિત) આઠ કર્મનો નાશ (થયો હોય). '**णिरुवमगुणमारूढो, अरहंतो एरिसो होइ**' એવા એવા એનામાં સ્થાપનાના બીજા બોલ નાખ્યા છે. ગુણ તો એવા હોય પણ શરીર એનું એવું હોય. કેટલાક એમ કહે કે અમે ભગવાન છીએ. પણ ઘોડીએ ચડે, આહાર ખાય, પાણી પીવે, રોગ થાય તોપણ એમ કહે, એ ભગવાન છે. એમ નથી.

મુમુક્ષુ :- ભગવાન તો કાકડી ખાય.

ઉત્તર :- ભગવાન કાકડી ખાય. 'જૂનાગઢ'માં જ્યારે 'સહજાનંદસ્વામી' સ્વામિનારાયણના હતા ને? ત્યારે હાથીને હોદ્દે મોટો વરઘોડો નીકળ્યા. પોતાની હયાતીમાં. ત્યારે નવાબ દરબાર મુસલમાન (હતા). એ વરઘોડો નીકળ્યો. એના વખતમાં એની પુણ્યપ્રકૃતિ ઘણી હતી. મોટો વરઘોડો નીકળ્યો. માનનારા ઘણા. તેથી આમ હાથી ઉપર નીકળ્યા તો હાથી ઉપર કાકડી ખાય, 'સહજાનંદ' પોતે. એ માણસ એવો .. બ્રહ્મચારી ... એટલે કાકડી ખાયને નવાબને કહ્યું, સાહેબ! આજે પરમેશ્વર નીકળ્યા છે, કાકડી ખાય ખુદા તો ઐસા હી હોય. પેલો નવાબ એમ કહે. ખુદાને શું પડી છે? શેઠ! 'સહજાનંદ' થયા છે ને

સ્વામિનારાયણના ગુરુ. એ વખતે હાથીને હોદે નીકળેલા અને કંઈક દેવ સહાયક થયો. કોઈ પૂર્વનો મિત્ર હતો દેવ, દેવને લઈને બધું એવું બહાર દેખાય ... એને કાકડી ખાતા નવાબને ખબર પડી કે તો કહે, ખુદાને કહા. ખુદાને શું પડી છે જગતની? લ્યો, ઠીક! ખુદા ઐસા હી હોતા હૈ. આહાહા..!

અહીં કોઈ એમ કહે કે સાધારણ જ્ઞાન થાય અને કેવળજ્ઞાની મનાવે અને અરિહંતપણું મનાવે તો એ ખોટું છે એમ બતાવવા અરિહંતને સ્થાપના પણ આવી હોય. મનુષ્યગતિમાં હોય, પંચેન્દ્રિય જાતિમાં હોય. એનો સંયોગ એવો હોય. અહીં સિદ્ધની વ્યાખ્યા નથી, અહીં તો અરિહંતની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? દેવપણું પ્રગટ થયું છે. અનંતજ્ઞાન, દર્શન, આનંદ જ્યાં પ્રગટ થયા છે. છતાં વાણીનો યોગ છે અને ઉપદેશ છે, શરીર છે તો એની પુણ્યની સ્થિતિ કેવી હોય એની સ્થાપના દ્વારા ઓળખાવ્યું છે. આથી વિરૂદ્ધ કોઈ અરિહંત કહેવરાવે અને અરિહંત માને તો એ વિરોધ છે, એમ કહે છે. લ્યો!

૩૨નો અર્થ ફરીને લઈએ. '**ગુણસ્થાન ચૌદહ કહે હૈં, ઉનમેં સયોગકેવલી નામ તેરહવાં ગુણસ્થાન હૈ.**' એને તેરમું ગુણસ્થાન હોય. આમ કહે છે કે ગુણસ્થાન તો વ્યવહાર છે. એ આત્મામાં નથી, એમ નિશ્ચયમાં આવે. આવે છે કે નહિ? ગુણસ્થાન, માર્ગણાસ્થાન. આત્મામાં છે જ નહિ. અહીં કહે છે કે કેવળીને તેરમું ગુણસ્થાન છે. વ્યવહારની એની પર્યાયમાં એટલી હદ છે એવું એને ઓળખાવી છે.

દ્રવ્યે વસ્તુ જે અખંડ અભેદ છે એમાં ગુણસ્થાન સિદ્ધપદ ને પર્યાય-સંસારપર્યાય-પર્યાય કેવી એમાં? ગુણસ્થાન તો ભેદ છે, વ્યવહાર છે. નિશ્ચય અખંડ અભેદ દૃષ્ટિમાં એ છે નહિ. પણ જ્યાં કેવળીને પણ તેરમું ગુણસ્થાન છે એમ અહીં પાછું વર્ણવવું છે. આહાહા..! 'નવનીતભાઈ'! વ્યવહાર એની પર્યાય આટલા ગુણસ્થાનવાળી હોય. તેરમું ગુણસ્થાન એને હોય. કોઈ એમ જ કહી દે કે અમારે સાધારણ જ્ઞાન થયું, અરિહંત થઈ ગયા, કેવળી થઈ ગયા. સમવસરણ ઋદ્ધિ ન હોય, અતિશય ન હોય અને એ કહે અમને કેવળજ્ઞાન થઈ ગયું. 'શ્રીમદ્'માં આવે છે એવું, ભાઈ! અતિશય અને સમવસરણ તો એક બહારની ઋદ્ધિ છે. એથી ભગવાન ઓળખાય નહિ. એ તો બરાબર, એ બીજી વાત છે. જીવનો એનો સ્વભાવ અખંડ આનંદ પૂર્ણ એવી જે શક્તિ સર્વજ્ઞપદે હતી, સર્વજ્ઞપદે શક્તિ હતી એવી વ્યક્ત પર્યાયનું સર્વજ્ઞપણું પ્રગટ્યું, સમ્યગ્જ્ઞાન-દર્શન એ એનું ભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એમ તો 'સમંતભદ્રાચાર્યે' તીર્થંકરની અરિહંતની સ્તુતિ કરતા એમ કહ્યું. જાણે ગુફામાંથી ભગવાન નીકળતા હોય અને હાથ ઝાલ્યું કાંડુ. ઊભા રહો ભગવાન. તમે કેમ ભગવાન છો? 'સમંતભદ્રાચાર્ય'. .. કેવી રીતે છો? શું આ તમને સમવસરણ છે, આ અતિશય છે એ માટે તમે ભગવાન છો? હું એ રીતે ભગવાનને ઓળખતો નથી. 'સમંતભદ્રાચાર્ય' (કહે છે). હું એ રીતે ભગવાનને ઓળખતો નથી. પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. 'શ્રીમદ્'માં પણ એમ આવે. દેવ આવે, સમવસરણ થાય, નભોયાને

આકાશમાં વિહરે માટે ભગવાન તમે છો. એમ નથી. તમારું ભગવાનપણું તો અનંતદર્શન-જ્ઞાન-આનંદ અને પૂર્ણ શાંતિ (પ્રગટ થયા) એમાં તમારી ભગવાનતા છે. પણ એની સાથે વ્યવહાર આવો હોય એ અહીં જણાવે છે. આવો વ્યવહાર ન હોય અને એકલું આવું હોય એને અરિહંત કહેતા નથી. સમજાણું કાંઈ?

ગુણસ્થાનમાં ચૌદ ગુણસ્થાનની દશા હોય. જેમ મેડીએ ચડવાના પગથિયા ચૌદ હોય છે એમ મોક્ષને પામવામાં ચૌદ ગુણસ્થાનમાં ચૌદનો અભાવ થઈને મોક્ષ થાય છે. એ ચૌદ ગુણસ્થાનમાં ચૌદમી દશા તો છેલ્લી (દશા છે). પાંચ (અક્ષર) અ, આ, ઉ, .. કરે એટલી સ્થિતિ છે. ભગવાન જે અરિહંત છે એ તેરમે ગુણસ્થાને છે. સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાન દશા તેરમે થયેલી છે. એમ એને જાણવું જોઈએ. ગુણસ્થાન ક્યું છે એમ કહે છે. એ ગુણસ્થાનથી ઓળખાય એ સ્થાપના છે. એ સ્થાપના છે.

'**ઉસમેં યોગોંકી પ્રવૃત્તિસહિત કેવલજ્ઞાનસહિત...**' જુઓ! યોગની પ્રવૃત્તિ છે, હજી ભગવાનને કંપન છે. એના સહિત કેવળજ્ઞાન (છે). ભાષા જુઓ! એક બાજુ કહે કે સમ્યગ્દર્શનમાં વસ્તુ છે એ અભેદ દૃષ્ટિમાં આવી છે. તેથી સમકિતીને અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, કંપન એ એના છે જ નહિ. એનામાં છે જ નહિ. સદોષતા એ સમકિતીની પર્યાયમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? કારણ કે એ બધો સદોષ ભાવ છે. તેરમું ગુણસ્થાન પણ હજી સદોષ ભાવ છે. કંપન છે ને? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કેવી વ્યવસ્થા છે!

સમ્યક્ ચૈતન્યસ્વરૂપ અનાકુળ આનંદનું ધામ એવી પવિત્રતાનો પિંડ પ્રભુ, એવી જ્યાં દૃષ્ટિ અનુભવમાં થઈ તો કહે છે કે સમકિતીને તો નિર્મળ દ્રવ્ય, ગુણ અને પર્યાય હોય છે. વિકાર એ સમકિતીને નહિ. 'ચંદુભાઈ'! વિકાર સમકિતીને નથી. વિકાર દોષ છે. દોષ એનું સ્વરૂપ નથી. આહાહા..! સમકિતીની પર્યાયમાં દોષ નથી. મિથ્યાત્વ ગયા પછી અવ્રત અને પ્રમાદ, કષાય, યોગ રહ્યો એ એની પર્યાયમાં નથી. ભિન્ન છે એમ ત્યાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો વસ્તુની દૃષ્ટિને સિદ્ધ કરવા અને એની દૃષ્ટિ પ્રમાણે પરિણતિ નિર્મળ થઈ એમ વાત વર્ણવવા છે.

અહીં પાછું કહે છે કે એને કેવળજ્ઞાન પણ કંપન યોગવાળું હોય છે. જુઓ તો ખરા ભાષા! પર્યાયનું જ્ઞાન કરાવે છે, વ્યવહારનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ આમાં? બધે પડખેથી એની વસ્તુની સ્થિતિ સિદ્ધ થવી જોઈએ, એમ કહે છે.

કહે છે કે એના વિષે-તેરમા ગુણસ્થાન વિષે '**યોગકી પ્રવૃત્તિસહિત...**' યોગની પ્રવૃત્તિ એને-કેવળીને છે. '**કેવલજ્ઞાનસહિત સયોગકેવલી અરહંત હોતા હૈ...**' દેખો! સયોગ કેવળી. તેરમું ગુણસ્થાન કહ્યું. પણ હવે ગુણસ્થાનનું સ્વરૂપ (કેવું)? કે સયોગ કેવળી. સયોગ કેવળી એટલે યોગના કંપનની પ્રવૃત્તિ સહિત કેવળજ્ઞાની. એય..! અને આપણે શક્તિમાં તો એ આવ્યું.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને નથી તો કેવળીને ક્યાંથી આવ્યા?

ઉત્તર :- કેવળીને ક્યાંથી આવ્યા? કેવળી યોગમાં છે જ નહિ. કેવળી તો પોતાના કેવળજ્ઞાન આનંદમાં છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિષ્ક્રિય...?

ઉત્તર :- નિષ્ક્રિય છે. રાગરહિત છે એ નિષ્ક્રિય છે. યોગસહિત છે એ તો પર્યાયનું જ્ઞાન કરાવે છે. એ ભૂમિકામાં યોગનું પ્રવર્તન એની દોષની અવસ્થા છે એટલું. એ તો નિર્મળ દ્રવ્ય ને ગુણ ને પર્યાયને કાઢી નાખતા એ એનામાં નથી, એ જુદું. પણ વ્યવહાર એને જણાવતા એનામાં એ કંપન છે. કંપન સહિત, યોગ સહિત કેવળી છે. આહાહા..! પંડિતજી! આહાહા..!

એક બાજુ કહે કે જ્યાં સમ્યગ્દર્શન થયું એટલે પછી અવ્રત, પ્રમાદ, કષાય અને કંપન એનો એની પર્યાયમાં અભાવ છે. મુક્ત છે. ઉદયભાવથી રહિત છે. જ્ઞાની ઉદયભાવથી રહિત છે. આહાહા..! એ તો પારિણામિકભાવ અને નિર્મળ ક્ષયોપશમ-ક્ષાયિકભાવથી સહિત છે. સમજાણું કાંઈ? બાપુ! અરિહંતને આમ સમુચ્ચય ઓઘે ઓઘે ઓળખે એમ ન ચાલે. અરિહંતની વાસ્તવિક અંતર દશા અને એને સંયોગમાં થતી દશા અને સંયોગમાં જે રહેતી અનુકૂળતા, અતિશય આદિ એને અહીંયાં સ્થાપના તરીકે અરિહંતને ઓળખાવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ તો વિરોધ લાગે.

એક બાજુ કહે કે સમ્યગ્દર્શન થયું તો એના દ્રવ્ય-ગુણ-પર્યાય નિર્મળ જ હોય. એ નિર્મળમાં છે, મલિનમાં એ નથી. મલિન આદિ છે એ તો પરજ્ઞેય તરીકે છે. પરજ્ઞેય તરીકે એનું જ્ઞાન કરે છે. અહીં કહે છે કે એ સયોગ સહિતની પ્રવૃત્તિવાળું કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? શેઠ! ઝીણી વાતું છે થોડી. બધું .. જાય. ઓઘે-ઓઘે અરિહંત કહે, ભગવાન કહે એમ ન ચાલે, એમ કહે છે. એય..! 'જયંતિભાઈ'!

અરિહંતના ગુણો કેવા, એની પર્યાય કેવી, એની દશામાં શું શું બાકી છે કંપન આદિ અને એના અરિહંતના પુણ્યને લઈને અતિશયો આદિ, ગતિ આદિ, જાતિ આદિમાં શું છે? એ મનુષ્યગતિમાં છે એમ આગળ કહેશે. મનુષ્યગતિમાં અરિહંત કેવળી છે. વળી, ગતિ તો આત્મામાં છે નહિ. એ તો વસ્તુના સ્વભાવની દૃષ્ટિના, દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એ ગતિ આત્માને છે નહિ. પર્યાયમાં એને ઓળખાવતા અરિહંત મનુષ્યગતિમાં છે. આ..હા...! આ પડખાં કેટલા છે એટલી રીતે એને જાણવા જોઈએ. ત્યારે એનું પ્રમાણજ્ઞાન સાચું કહેવાય. આ તો આમ કહે છે? ક્યે ઠેકાણે ક્યાં કેમ કહ્યું છે એવું એણે બરાબર જાણવું જોઈએ ને? આચાર્ય પોતે પોકારે છે, અહીં બોધપાહુડ 'કુંદકુંદાચાર્ય', જુઓ! નિશ્ચયનો અધિકાર છે અહીં તો. આ પ્રતિમા ને આ નહિ. જિનપ્રતિમા આત્મા છે. ઠીક! સમજાણું કાંઈ? આ (બાહ્ય) પ્રતિમાનો અધિકાર આમાં ન આવે. એ વ્યવહાર ગૌણ થઈ ગયો. જિનમુદ્રા આત્મા છે. વીતરાગ સ્વભાવે આત્મા તે જિનમુદ્રા છે. જિનમુદ્રા બહારની દેખાય, મુનિપણાની બહારની (દેખાય) એ નહિ. આહાહા..! અંતરની વીતરાગતા એ જિનમુદ્રા છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, ભગવાન અરિહંતને યોગની પ્રવૃત્તિ સહિત કેવળજ્ઞાન સહિત **'સયોગકેવલી અરિહંત હોતા હૈ.'** લ્યો! સમજાણું કાંઈ? **'ઔર ચૌંતીસ અતિશય ઔર આઠ પ્રાતિહાર્ય હોતે હૈં, ઐસે તો ગુણસ્થાનદ્વારા...'** લ્યો! ચૌત્રીશ અતિશય ગુણ. એ પુણ્યના ગુણસહિત એનું વર્ણન (છે). એવું એને પુણ્ય હોય છે. અરિહંત અહીં તીર્થંકરની પ્રધાનતાથી વર્ણન છે. સામાન્ય કેવળીની વાત નથી. અરિહંત જે તીર્થંકર હોય એને પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ

આનંદાદિ હોય. સાથે ચોત્રીશ અતિશય હોય. અતિશય વ્યવહાર ન હોય અને એકલો નિશ્ચય હોય એમ ન હોય એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**ચૌંતીશ અતિશય...**' છે? પાઠમાં '**अइसयगुणा**' શબ્દ પડ્યો છે. એક કહે કે જોગ છે એ ગુણ નથી દોષ છે. ત્યારે આ કહે કે અતિશય તે ગુણ છે. કઈ અપેક્ષાએ? એ પુણ્યના ફળ તરીકેનો સંયોગ જ એવો એને હોય છે. અરિહંતપદ હોય અને આવું પુણ્ય ન હોય એમ બને નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? ... સમજાણું કાંઈ? અરિહંત પરમાત્મા એને કહીએ કે જેને અનંત જ્ઞાન-દર્શન-આનંદ તો અંદર હોય છે, પણ જેને હજી યોગની કંપન શૈલી હોય છે અને એને ચોત્રીશ અતિશય હોય છે. અતિશય એટલે કે બીજા કરતાં પુણ્યની ખાસ વિશેષતા. બીજાને જે પુણ્ય હોય એના કરતા અરિહંતના પુણ્ય જુદી જાતના હોય છે. એવા પુણ્યવાળા અને એવા પવિત્રવાળા બેને ગણીને અરિહંતનું સ્વરૂપ અહીં ગણ્યું છે. સ્થાપના તરીકે આ વર્ણન છે, સ્થાપના. સમજાણું કાંઈ? વળી આઠ પ્રતિહાર્ય હોય છે. ભગવાનને અરિહંતને આઠ પૂજાવા લાયક એવી ચીજ બહારમાં હોય છે. એ બધું હેઠે અંદર લેશે. '**ઐસે તો ગુણસ્થાન દ્વારા 'સ્થાપના અરહંત' કહલાતે હૈં.**' લ્યો! એ ગુણસ્થાન આદિ કરીને એની સ્થાપના અરિહંતની ઓળખાણ છે.

'**યહાં ચૌતીશ અતિશય ઔર આઠ પ્રાતિહાર્ય કહનેસે તો સમવસરણમેં બિરાજમાન તથા વિહાર કરતે હુએ અરહંત હૈ...**' ભગવાન અરિહંતપણું-તીર્થંકરપણું જેને પ્રગટે એને સમવસરણ-ધર્મસભા હોય છે. ઈન્દ્રની બનાવેલી એક ધર્મસભા હોય છે. એ એકલા બહારમાં બેઠા હોય દુકાને ને એવા અરિહંત હોય નહિ.

મુમુક્ષુ :- પથ્થરમાં બેસે.

ઉત્તર :- પથ્થરમાં પણ બેસે નહિ, કુંભારને ઘરે બેસે નહિ. સમજાણું કાંઈ?

અરિહંતની દશા, જેને ચાર જ્ઞાન ટળીને કેવળજ્ઞાન થયું. ચાર ઘાતિકર્મનો નાશ થયો. એવા નમો અરિહંતાણંની ઓળખાણ કરાવે છે. એવા અરિહંતને આમ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરે એમાં કાંઈ દાળિયા વળે નહિ. એવા ગડિયા તો અનંતવાર વાંચ્યા. એની ઓળખાણ ન મળે, એને કાંઈ આત્માનું ભાન, ધર્મ-બર્મ હોય નહિ, એમ કહે છે. વ્યવહારે પણ અરિહંત આવા હોય એવી જેને અંતર ગુણોની અને એના પુણ્યના અતિશયની સ્થિતિનું ભાન નથી, એને તો વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ?

કહે છે, સમવસરણ હોય છે-ધર્મસભા. પૂર્ણ પરમાત્મ દશા જ્યાં પ્રગટી, મહાવિદેહમાં પરમાત્મા બિરાજમાન છે અત્યારે. 'સીમંધર' ભગવાન અરિહંતપદે છે. 'મહાવીર' આદિ ભગવાન તો સિદ્ધપદે થઈ ગયા અત્યારે. એ હવે અત્યારે અરિહંત નથી. સમવસરણમાં હતા ત્યારે અરિહંત હતા. મનુષ્યપણું હતું. અત્યારે સિદ્ધપદ થઈ ગયા. એટલે અહીંયાં સમવસરણમાં મોટી ધર્મસભા હોય છે. એમાં બિરાજમાન તીર્થંકર વિહાર કરતા અરહંત. એને લીધા છે ને પાછા? અતિશયવાળા લીધા છે ને. ભગવાન પણ આમ ઉદય પ્રમાણે એનો વિહાર શરીરનો થાય, ગતિ થાય. એને ઈચ્છા હોતી નથી. વિહાર કરવાની ગતિનો એને ભાવ હોતો નથી. પણ એ શરીરાદિની ક્રિયા જ એવી અરિહંતને ઈચ્છા વિના દેહના ઉદયને કારણે

એવો વિહાર થાય. એવું અરિહંતનું સ્વરૂપ છે એમ વર્ણવે છે. સમજાણું કાંઈ?

**'ઔર 'સયોગ' કહનેસે વિહારકી પ્રવૃત્તિ...'** જુઓ! અરિહંતને સયોગી કેવળી કહ્યા ને? એને **'વિહારકી પ્રવૃત્તિ ઔર વચનકી પ્રવૃત્તિ સિદ્ધ હોતી હૈ.'** બેય. સર્વજ્ઞ પરમાત્મા અરિહંત દશા જેને પ્રગટી હોય એ વીતરાગ, એને વાણીનો યોગ હોય છે હજી. છે? **'સયોગ કહનેસે વિહારકી પ્રવૃત્તિ ઔર વચનકી પ્રવૃત્તિ સિદ્ધ હોતી હૈ.'** હોય છે ત્યાં. અરિહંતના સંબંધમાં વાણી અને વિહારની પ્રવૃત્તિ હોય છે. એ સિદ્ધ નથી કે એને વાણી ને વિહાર ન હોય. એમ અહીંયાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વિહારની પ્રવૃત્તિ, વચનની પ્રવૃત્તિ.

ભગવાન અરિહંત થાય ત્યારે ઈચ્છા વિના આખા શરીરમાંથી ૐ ધ્વનિ નીકળે. પૂર્ણપદ પ્રાપ્ત પરમાત્મા અરિહંત તીર્થંકરદેવ, એને ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળે અને શરીરમાં ઈચ્છા વિના ગતિ થાય. એવી પ્રવૃત્તિનો યોગ અરિહંતપદપણાના ભાવપદમાં પણ આવો સંબંધ હોય એને સ્થાપના નિક્ષેપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાનની જે સ્થાપના છે એ તો વ્યવહારમાં જાય છે. મૂર્તિની સ્થાપના. આ નિશ્ચય સ્થાપના એના શરીરની સ્થિતિ અને વાણી એ એની સ્થાપના છે. સમજાણું કાંઈ? કેટલા પ્રકાર! આહાહા..!

વળી ભગવાનને વાણી હોય છે ને? ઈચ્છા વિના વાણી નીકળે છે. ગણધરો-ઈન્દ્રો સાંભળે. ઊર્ધ્વલોકના સ્વામી ઈન્દ્ર હોય એ પણ સમકિતી જ્ઞાની હોય છે. એકાવતારી હોય છે. એક ભવે મોક્ષ જનારા. ઈન્દ્ર અને ઈન્દ્રાણી. એ પણ ભગવાનની વાણી સાંભળે છે. સમજાણું કાંઈ? એ વાણીનો યોગ હોય છે તો કેવળી પાસે ઈન્દ્રો પણ જાય છે. અત્યારે ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ઈન્દ્રો પણ ભગવાનના સમવસરણમાં ધર્મસભા સાંભળવા જાય છે એવો સંયોગ અરિહંતપદને હોય છે. સિદ્ધપદને એ હોતું નથી. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**''કેવલી' કહનેસે કેવલજ્ઞાન દ્વારા સબ તત્ત્વોંકા જાનના સિદ્ધ હોતા હૈ.'** સયોગી એ વિહાર અને વચનની પ્રવૃત્તિ હજી ભગવાનને છે, એમ કહેવું એ વ્યવહારનો વિષય જણાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વચન થયા એ જડ છે. વચન ક્યાં ભગવાનને છે? પણ એને યોગમાં સ્થાપનામાં બહારમાં એ સ્થિતિ વર્તે છે. એ રીતે એને ઓળખાવ્યા છે. કહે છે કે **'કેવલી કહનેસે કેવલજ્ઞાન દ્વારા સબ તત્ત્વોકા જાનના...'** ત્રણકાળ, ત્રણલોક ભગવાનના જ્ઞાનમાં જે જડ અને ચૈતન્યની દશા થઈ ગઈ, થશે, છે, બધી એક સમયમાં જાણવામાં પરમાત્માને વર્તે છે. એને અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ચૌંતીશ અતિશય ઈસપ્રકાર હૈ –'** હવે ચોત્રીશ અતિશયની વાત કરે છે. અતિશય એટલે? પુણ્યની બીજા કરતા અરિહંતને ખાસ વિશેષતા (હોય છે) એને અતિશય કહેવામાં આવે છે. **'જન્મસે પ્રકટ હોનેવાલે દસ...'** અરિહંત ભગવાનને દસ અતિશય તો જન્મથી હોય છે. **'મલમૂત્રકા અભાવ,...'** અરિહંત ભગવાન તીર્થંકરદેવ જન્મે ત્યારથી એને મળમૂત્રનો અભાવ હોય છે. પેશાબ ને ઝાડો એને ન હોય. સમજાણું કાંઈ? એ અરિહંતની સ્થિતિ અતિશયથી જુદી જાતની હોય છે. એને પેશાબ, ઝાડો હોય નહિ. આહાર કરે ખરા

પણ એને ઝાડો ને મળ હોય નહિ. ત્યાં સુધી જિન જન્મના કેવળ થયા પહેલા. સમજાણું કાંઈ? આહાર હોય પણ મળ અને મૂત્ર હોય નહિ. એવી જ અતિશય દશા છે. પવિત્રતા તો પૂર્ણ પ્રગટી છે અને પુણ્યના પ્રભાવ પણ પૂરા એની પાસે દેખાય છે. એના છે એમ કહેવું વ્યવહાર છે. અહીં તો સ્થાપના સમજાવવું છે ને. આહાહા..!

કહે છે, એને મળમૂત્રનો અભાવ (હોય છે). તીર્થંકરને જન્મથી પેશાબ અને ઝાડો ન હોય. એને અરિહંત કહેવામાં આવે છે. હજી જન્મના, જન્મના અરિહંત હજી. કેવળી થાય ત્યારે તો .. અરિહંત છે. હજી તો જન્મથી તીર્થંકરને પેશાબ ને ઝાડો નહિ. '**પસીનેકા અભાવ,...**' પરસેવો ન હોય એને. સામાન્ય માનવીને પરસેવો આવે છે. તીર્થંકરના શરીરમાં પરસેવો હોય નહિ. એનું એકદમ સ્ફટીક રત્ન જેવું શરીર હોય છે. જન્મથી જ પરમ ઔદારિક શરીર હોય છે. આહાહા..! જન્મથી તીર્થંકરનું પરમ ઔદારિક શરીર (હોય છે). જેને રોગ નહિ, મળ નહિ, મૂત્ર નહિ, વ્યાધિ આદિ હોય નહિ. આહાહા..! એવા અરિહંતને ઓળખવા. ત્યારે તો એ અરિહંતની એને વ્યવહાર શ્રદ્ધા સાચી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહાર વસ્તુ છે ને. એય..! વસ્તુ નથી? એ વ્યવહારધર્મ નથી. એ વ્યવહાર આત્માનું સ્વરૂપ નથી. પણ આવો વ્યવહાર હોય છે જોડે. સ્થાપના છે ને? એ નિશ્ચય સ્થાપના એ ..

'**ધવલ રુધિર હોના,..**' ભગવાનને લોહી ધોળું હોય છે. આના જેવું ન હોય એનું. જન્મથી એનું લોહી ધોળું-સફેદ હોય છે. નીચે ભગવાન નામ ધરાવે છે ને? અરિહંત છીએ, અમે કેવળી છીએ, તીર્થંકર છીએ. એમ ન હોય. તીર્થકરને તો ત્રણ કાળનું જ્ઞાન હોય. એને આવા અતિશય હોય, લોહી જેના ધોળા હોય, પસીનો એને હોય નહિ, ખાય છતાં પહેલેથી પેશાબ-ઝાડો હોય નહિ. એવી તો દશા એની પુણ્યને લઈને શરીરમાં હોય. એમ વર્ણવે છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પુણ્યના ફળ નથી? પણ એ ધર્મ નથી. એ આત્માને કલ્યાણનું કારણ નથી. પંડિતજી! અરિહંત કોને કહેવા? એની વાણી શું હોય, એની ખબર ન મળે. અને એમનેમ જીંદગી ગુમાવે. અરિહંત એટલે કોણ? એને પુણ્ય પ્રકૃતિ એટલી બધી હોય છે કે જેને શરીરમાં પરસેવો નહિ અને લોહી ધોળું હોય. આહાહા..!

'**સમચતુરસ્રસંસ્થાન,...**' હોય. સંસ્થાન એટલે શરીરનો આકાર. સમચતુરસ્ર-દેખાવ સરખો બધો. આમથી આમ... આમથી આમ... આમ થી આમ... બધે ચારેકોર સરખું હોય સમચતુરસ્ર. '**વજ્રવૃષભનારાચ સંહનન,...**' હોય. હાડકાની મજબુતાઈ પહેલા નંબરની એને હોય. વજ્ર. એય..! એને ઓળખાવે છે ને. આહાહા..! કેવળી હોય એને વજ્રવૃષભનારાચ સંહનન ન હોય તીર્થંકરને એમ બને નહિ. '**સુંદર રૂપ,...**' હોય એનું. દેવો પણ જેના રૂપને હજાર આંખોથી નિહાળે. શરીરનું, હોં! આત્માનું રૂપ તો અંદર અલૌકિક છે એની વાત જુદી. અહીં તો બહાર જ એની દશા એવી હોય કે ઈન્દ્ર, ભગવાનની માતા જ્યારે જન્મ આપે ત્યારે ઈન્દ્ર આવે. નમો રત્નકુખધારિણી. હે માતા! આવા રત્નને કૂખમાં તે રાખ્યું, તને પહેલો નમસ્કાર. પછી હજાર નેત્રો વડે કરીને આમ જોવે. તૃપ્તિ ન થાય. એવી તો એના અવયવોની સુંદરતાની આકૃતિ. દરેક અવયવો એના જાણે કુદરતે મોરની પાંખો જેમ જડાયેલી રંગીત

હોય છે ને? કુદરતે. કોઈએ કરી છે? મોરના પીંછા કેવા હોય, જુઓને! ... કળા ખીલે જ્યારે એ કોઈ શરીરથી બનાવ્યા છે એને? કુદરતી એના રંગ એવા છે. એમ ભગવાનનું શરીર કુદરતી એટલું સુંદર છે કે ઈન્દ્ર હજાર આંખ કરીને જોવે તોપણ તૃપ્તિ ન થાય. એવી પુણ્ય પ્રકૃતિના ફળ તરીકે અરિહંતને પરમઔદારિક શરીર હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સુગંધ શરીર,...**' હોય. શરીરમાંથી સુહાસ-સુગંધ નીકળે. આકરું લાગે, આ શું કહે છે તમારે? રોગમાં ન ગંધાય? શ્વાસ ગંધાયને કેટલાકને? શું કહે છે એનું નામ? લ્યો, આ આકરું આવ્યું કહે છે. અમે તો આ બધું ગામડામાં સાંભળ્યું હોય ને. ગંધ મારે એને આધરું લાગે. શું શબ્દ?

મુમુક્ષુ :- આધરું લાગે.

ઉત્તર :- આધરું લાગે, ગંધ મારે એ.

ભગવાનને શ્વાસ નથી પણ યોગમાં એને શ્વાસ સુગંધી હોય. ગુલાબના ફૂલમાં જેમ સુગંધ આવે એમ ભગવાન બેઠા હોય અને શ્વાસ નીકળે તો એવી સુગંધ આવે. એ તો અરિહંત પદે છે ને? સિદ્ધપદ થાય તો શરીર રહિત થઈ જાય. સમજાણું કાંઈ? આવું અરિહંતપદ વીતરાગ માર્ગમાં હોય, બીજે ક્યાંય હોઈ શકે નહિ. એમ સિદ્ધ કરવું છે. બીજા અન્યમતિઓ ભલે ભગવાન-ભગવાન કરે. અમારા ભગવાન આવા. એ બધી વાતું ગપ્પ છે. સર્વજ્ઞ પરમેશ્વરના મતમાં આવા સર્વજ્ઞ અને આવા એને પુણ્ય હોય છે. એ સિવાય તીર્થંકર માને એ વાત સાચી નથી. સમજાણું કાંઈ?

'**સુગંધ શરીર, શુભ લક્ષણ હોના,...**' શરીરના બધા લક્ષણ સારા હોય. ધજા ને વિમાન ને એવા બધા શરીરમાં એક હજાર ને આઠ લક્ષણ હોય. એક હજાર ને આઠ લક્ષણ શરીરમાં (હોય) '**અનન્ત બલ,...**' શરીરનું, હોં! ઓલું તો આગળ આવી ગયું પહેલું. આ તો શરીરમાં અનંત બળ હોય છે. તીર્થંકરનું શરીર એવું બળવાળું હોય છે. સમજાણું કાંઈ?

એકવાર વાત કહી હતી ને? નેમિનાથ ભગવાન અને કૃષ્ણ, વાસુદેવ (આદિ) સભામાં હજારો યોદ્ધાઓ બેઠા હતા. યાદવ કુળ, નેમિનાથ ભગવાન યાદવકુળમાં જન્મેલાને. સભા ભરાયેલી, નેમિનાથ ભગવાન બેઠેલા. ગૃહસ્થાશ્રમમાં રાજકુમાર તરીકે હતા. વાતો નીકળતા-નીકળતા નીકળી કે યોદ્ધા કોણ છે? કોઈ કહે કે પાંડવ મોટા યોદ્ધા, કોઈ કહે, વાસુદેવના બાપ વસુદેવ હતા. એનો દેખાવ રૂપાળા બહુ સુંદર અને લાખો રાણીઓ, બહાર નીકળ્યા હતા ને તો ઘોડે સવારી નીકળી ત્યારે એટલી સ્ત્રીઓ એને વશ થઈ ગઈ હતી. કોઈ કહે, વસુદેવનું બળ છે, કોઈ કહે કે વાસુદેવનું બળ છે. વાસુદેવ એટલે કૃષ્ણ. કોઈ કહે કે બળદેવનું બળ છે. (વાત) કરતા... કરતા... કરતા... કોઈ કહે, બધાના બળ ઠીક, બાપુ! ભગવાન બોલતા નથી પણ બળ એનું છે. નેમિનાથ ભગવાન બેઠા હતા. હજારો માણસોની સભા હતી. મોટા મોટા યોદ્ધાઓ ભેગા થયેલા. બીજા કહે, કૃષ્ણનું બહુ બળ છે, .. ભગવાનનું બળ બહુ છે. એમ કરતા કરતા ભગવાનને વળી જરી વિકલ્પ આવ્યો. .. છે ને? લ્યો, આ પગ હું મૂકું છું નીચે. ઉઠાવો પગને. સમજાણું? લટકી પડ્યા કૃષ્ણ પણ પગ ઊંચો ન થયો.

એટલું બળ છે. શરીરમાં એટલું અનંત બળ હોય છે. તીર્થંકરનું બળ એટલે! સમજાણું કાંઈ?

... લખાણ છે કે દસ હજાર સિંહનું બળ એવું તીર્થંકરનું બળ (હોય). એવું ક્યાંક આવે છે ને? ક્યાંક આવે છે, યાદ કેટલું હોય? મગજમાં રહી ગઈ હોય એ વાત. દસ હજાર સિંહ. એના કરતા તો ભગવાનના શરીરનું બળ વધુ. શરીરના રજકણ એવા જડ છે. આ જડ તો આત્માથી જુદા છે. પંડિતજી! માયકાંગલા જેવા શરીર એના ન હોય, એમ કહે છે. ઈન્દ્રો પણ એને દેખીને થંભી જાય. એના કેવળજ્ઞાન ને આનંદની વાત શું કરવી! ત્રણકાળ, ત્રણલોક જેને એક જ્ઞાનની દશામાં વર્તે છે. અને જોડે પુણ્યનો ડાબલો એવો હોય છે. કેસર કોથળે ન રહે. સમજાણું કાંઈ? કેસરને કોથળા ન હોય. કેસરને ડબ્બા ને બરણી હોય. એવા અરિહંત પરમાત્મા તીર્થંકર તરીકે જે આત્મા પ્રગટ થયા એના શરીર આવા માયકાંગલા ન હોય, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ છે. વસ્તુનું સ્વરૂપ હોય તેમ બતાવે કે નહિ? એય..! આહાહા..!

'**મધુર વચન,...**' હોય ભગવાનના. મીઠા... મીઠા... મીઠા.. સમજાય છે? એવા મીઠા વચનો જાણે કેરી મધુર ખાતા હોઈએ એવી વીતરાગની વાણી નીકળે. ગૃહસ્થાશ્રમમાં હોય તો મીઠા મધુરા વચન હોય. એવી વાણી હોય. વાણી જ એવી હોય છે, હોં! 'નેમિનાથ' ભગવાન. બહુ .. નેમિનાથ ભગવાનને. ગૃહસ્થાશ્રમમાં હતા ને. એક વાર ન્હાયા, સ્નાન કર્યું અને ધોતી છોડી દીધી. શ્રીકૃષ્ણએ રાણીને-રુકમણીને કહ્યું .. લઈ લ્યો. વાતું છે. અરે..! તમે કોણ કહેનાર નાથ? .. કૃષ્ણ તો આવું કરે, ફલાણું કરે, ઢીંકણું કરે. નાગશૈયા હોય છે ને? નાગશૈયા હોય છે. જેમ તમારે પાટીની શૈયા હોય છે ને આ? સુતરની પાટી. એમ વાસુદેવને નાગની શૈયા હોય છે. ફેણ માંડતા નાગો. સેંકડો નાગ આમ હોય એની પાટી હોય છે. એમાં એ સૂવે છે. એય..! આ કાથી વીંટે શું કહેવાય એ ખાટલાની? છે તમારે ખાટલી-બાટલી? હવે બધું ફરી ગયું. હવે તો લોઢાના પલંગ થઈ ગયા. નહિ? આમ થાય. પહેલા તો કાથી હતી. ..ની કાથી. આને નાગની પાટી હતી. મોટા સેંકડો નાગ. વજ્રનો ઢોલિયા હોય, હીરાનો. નાગ ફેણ ચારે કોર માંડીને આમ લાંબા થઈને પડ્યા હોય. એમાં વાસુદેવ સૂવે. એય..! શેઠ! નાગના શરીર સુંવાળા કેટલા હોય. અને વાસુદેવના શરીર.. મહા પુણ્ય છે ને?

રાણીએ કહ્યું, તમે મને કોણ કહેનાર? અમારા ધણી તો નાગશૈયામાં સૂવે. .. તો આમ થાય, .. થાય. ભગવાનને પણ થોડો વિકલ્પ ઉઠ્યો.. એય..! હજી તો સંસાર હતો ને, ગૃહસ્થાશ્રમમાં હતા. ગયા ત્યાં નાગશૈયામાં. નાગશૈયામાં સૂતા. હાથમાં એમનો શંખ હતો. બાર યોજન ધ્રુજી ઉઠ્યા. એટલો અવાજ. ધ્રુજારો થઈ ગયો. શ્રીકૃષ્ણ કહે, કોણ છે આ બીજો કૃષ્ણ? બીજો વાસુદેવ કોણ પાક્યો? મારી સિવાય કોઈ શંખ ફૂંકી શકે નહિ. અહીં જ્યાં આવ્યા ને જોયું, ભગવાન! અરે..! આહા..! નેમિનાથ ભગવાનને શું થયું આ? કોકે કહ્યું, રાણીએ આમ કહ્યું તો અમે આવ્યા અને આ બધું થયું છે. હવે આને કોઈ રીતે પરણાવો. પરણાવો એમ કહ્યું પછી બહુ બહુ કહેવા માંડ્યું ત્યારે પછી ૐ એટલું કહે છે. ૐ. પરણવાનું બહુ કહ્યું ત્યારે ૐ (કહ્યું). ઠીક, સ્વીકાર થયો, જાવ. એ પરણવા ગયા ત્યાં તો ઓલા પશુનો

(અવાજ સાંભળ્યો). પરણવા ગયા ત્યારે રાજાએ પશુ પૂર્યા હતા ને? એ દેખીને વૈરાગ્ય થઈ ગયો. અમારા લગ્નપ્રસંગે આ હિંસા, એ અમને શોભતું નથી. એ લગ્ન-પ્રસંગ અમને હોય શકે નહિ. સારથી! રથ પાછો વાળ. 'વીંછીયા'વાળા. 'પ્રેમચંદભાઈ'ના પૌત્ર. .. રથ પાછો વાળ. અન્નદાતા! અહીં આવીને ઊભા રાજા-રાણી. પાછો વાળ. આ લગન અમને હોય નહિ. જુઓ! એ સંસારમાં આવી જાતના વિકલ્પ (આવે છે). સમકિતી છે, ત્રણ જ્ઞાનના ધણી છે, ક્ષાયિકસમકિત છે. પણ એને આવો વિકલ્પ એ ગુણસ્થાને હોય છે. તેરમે ન હોય. અરિહંત થયા એને આવો વિકલ્પ હોતો નથી. પણ એને પુણ્યના યોગો આવા હોય છે એમ સાથે સ્થાપનાથી ઓળખાવ્યું. કહે છે દસ. એ દસ તો જન્મથી હોય. જન્મે ત્યારથી આવી પુણ્યની દશ વિશેષતા થાય.

હવે '**કેવલજ્ઞાન ઉત્પન્ન હોને પર દસ હોતે હૈં :- ઉપસર્ગકા અભાવ,...**' કેવળીને ઉપસર્ગ ન હોય. સમજાણું કાંઈ? એના સમવસરણમાં સાધુને કોઈ બાળે અને ભગવાનને કાંઈ લોહીખંડ ઝાડો થાય, ઉપસર્ગ (થાય) એ વાત બિલકુલ જૂઠી છે. એ ભગવાનની વાત છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એછેરું હોય.

ઉત્તર :- એછેરા-બછેરા હોય નહિ. વસ્તુ એવી ન હોય ને. એવું બને કોઈ દિ'? તીર્થંકર કોને કહેવાય? મહાપુણ્યવંત છે. લોકોને ખબર નથી. ઉપસર્ગનો અભાવ હોય. ભગવાનને કોઈ ઉપસર્ગ નાખે, પરિષહ આપે એમ ત્રણકાળમાં બને નહિ. જેના ઈન્દ્રો ભક્ત છે. સો ઈન્દ્રો, એની પુણ્યની પ્રકૃતિનો અપાર જેનો મહિમા છે એને ઉપસર્ગ હોઈ શકે નહિ. ઉપસર્ગ એટલે મનુષ્ય-દેવ અને તિર્યંચ કૃત. દેવ એને ઉપસર્ગ આપે, મનુષ્ય આપે (એવું હોય નહિ). સમજાણું કાંઈ? ગોસાળે કહ્યું છે ને કે સમવસરણમાં જઈને બે સાધુને બાળ્યા. અને ભગવાનને તેજોલેશ્યા નાખી. એ વાત ખોટી છે, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? એમ હોય નહિ કોઈ દિ'.

'**ઉપસર્ગકા અભાવ, અદયાકા અભાવ,...**' એના સમવસરણમાં કોઈને મારી નાખવાનો ભાવ થાય એવું હોઈ શકે નહિ. આહાહા..! એવી તો એના પુણ્યની અતિશયતા છે. સમજાણું કાંઈ? આત્માની તો વાત શું કરવી, પણ એના પુણ્યનો યોગ એવો છે. અરિહંત કોને કહે? તીર્થંકર કોને કહે? આમ નામ અરિહંત-અરિહંત કરે અને અરિહંતની દશાની ભાન ન મળે. એને વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ? એય..! 'જયંતિભાઈ'!

'**શરીર કી છાયા ન પડના,...**' જુઓ! શરીરની આમ છાયા પડે છે ને? એને છાયા ન પડે. સ્ફટિક જેવું શરીર. સ્ફટીક જેવું શરીર સોંસરવું હોય એમાં છાયા ક્યાંથી પડે? અહીં તો આમ ... તો હેઠે છાયા પડે. પડછાયો. પડછાયો ભગવાનને હોય નહિ. કારણ કે શરીર પરમઔદારિક, લોહી ધોળું-સફેદ. આમ નજર નાખે તો આખે આખું દેખાય. આંતરડા, અંદર આ છે એ બધું. આ વર્ણન કરીને શું કહે છે? કે કેવળી હોય તીર્થંકર, એને પુણ્યનો યોગ સંયોગે આવી સ્થાપનાનો હોય છે. આ સિવાય આડુંઅવળું અને વિરૂદ્ધ કહે એ અરિહંતના સ્વરૂપને અને એના ભાવને ઓળખતા નથી. સમજાણું કાંઈ?

**'ચતુર્મુખ દીખના,...'** સ્ફટીક જેવું શરીર છે ને? એટલે ચારે બાજુ મોઢું દેખાય. લાખો, કરોડોની સભા ભરી હોય. સ્ફટીક જેવું શરીર તો અહીં મોઢું હોય તો આમ દેખાય એમ ચારે બાજુ દેખાય. ચતુર્મુખી, હોં! ઓલા બ્રહ્મા ચતુર્મુખી નહિ. આ ભગવાન બ્રહ્મા છે. ઓલા બ્રહ્મા ચાર મુખવાળા પછી જગતને ઊપજાવ્યું એમ કહે છે ને? બધી વાતો ખોટી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા, પૂર્ણ જ્યાં દશા આનંદ અને કેવળજ્ઞાન પામ્યા, તો કહે છે કે એના શરીરમાં ચાર મુખ દેખાય. આહાહા..! ... .. કાચ છે ને? એટલે ચારે કોર દેખાય. એક પ્રતિમા સ્ફટીકની છે. આમ જોવે તો ચારે કોર દેખાય. સ્ફટીક જેવું હોય તો ચારે બાજુ મોઢું દેખાય. એવી દશા તીર્થંકરને પુણ્ય પ્રકૃતિ તરીકે સંયોગમાં હોય. એને સ્થાપના તરીકે ઓળખાવામાં આવે છે.

**'સબ વિદ્યાઓંકા સ્વામિત્વ,...'** કેવળજ્ઞાનમાં શું બાકી હોય? બધી વિદ્યા જાણે. ત્રણ કાળ, ત્રણ લોકની જેટલી મંત્ર-તંત્ર બધું કેવળજ્ઞાનમાં જાણે. સર્વ વિદ્યાનો ધણી છો તું. **'નેત્રોંકે પલક ન ગિરના,...'** આંખ જે આમ આમ થાય એ કેવળીને ન થાય. કેવળીની આંખ આમ જ રહે સદાય. દેવને એમ રહે છે. આ તો વળી કેવળી છે. દેવના પુણ્ય હોય છે. અભવિ હોય તો પણ દેવને ટિમકારો ન હોય, તો આ તો કેવળી છે. સમજાણું કાંઈ? જુઓ! આવી સ્થિતિ નિમિત્ત તરીકે સ્થાપના આવી હોય છે. એમ અરિહંતના જીવની ઓળખાણ આ રીતે બતાવે છે. આહાહા..!

**'શતયોજન સુભિક્ષતા,...'** સો યોજનમાં દુકાળ ન પડે. તીર્થંકર જ્યાં જ્યાં વિચરે સો યોજનમાં સુભિક્ષ હોય. સુકાળ હોય. એવો જેનો પુણ્યનો યોગ અને જગતના પ્રાણીનો પણ પુણ્યનો યોગ હોય. સમજાણું? **'આકાશ ગમન,...'** ભગવાન હેઠે ન ચાલે. ચાર કર્મ નાશ થઈ ગયા છે ને. પાંચશે ધનુષ ઊંચા. સિદ્ધ આઠ કર્મ રહિત તો ઠેઠ ઊંચા (બિરાજે છે). ભગવાનનું આકાશમાં ગમન હોય. .. આવે. **'કવલાહાર ન હોના,..'** એને ખોરાક ન હોય. કવળઆહાર ન હોય એને. એને રોગ થાય અને દવા લાવે અને દવા ખાય એવું ભગવાનને હોય નહિ. એમ માનનારા ભગવાનને ઓળખતા નથી. એના પુણ્યને ઓળખતા નથી તો એની પવિત્રતાને તો ઓળખે ક્યાંથી? સમજાણું કાંઈ? **'કવલાહાર નહીં હોના,...'** ભોજન ન હોય એને. તૃષા લાગે તો પાણી પીવે, રોગ થાય, દવા લાવીને દવા ખાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે ને. ... ત્યાં અમારા માટે આહાર કર્યો હોય એ લાવીશ નહિ. એને- ઘોડા માટે કર્યો હોય એ લાવજે. બધી વાતું કલ્પિત. એ બધી ભગવાનની વાતું નહિ. કલ્પિત કર્યું ને નામ ભગવાનને માથે ચડાવી દીધું. સમજાણું કાંઈ?

**'નખ-કેશોંકા નહીં બઢના,...'** લ્યો! ભગવાનને નખ અને કેશ જેટલા હોય એટલા રહે. આહાહા..! એ કેવળી થયા પછીની વાત છે. **'ચૌદહ દેવકૃત હોતે હૈં :-...'** છે તો એનો અતિશય. પણ દેવ એમાં નિમિત્ત છે. **'સકલાર્દ્ધમાગધી ભાષા,...'** ભગવાનની વાણીમાં અર્ધમાગધી ભાષા આવે છે. આમ તો ૐ આવે છે. પણ સમજવાને અર્ધમાગધી આવે છે.

સકળ અર્ધમાગધી ભાષા. બધી જગતની .. ભેગી આવે એકસાથે. ૐ ધ્વનિ. ભગવાનની ધ્વનિ તો ૐ હોય છે. આપણે જેમ બોલીએ એમ એ બોલે નહિ. હોઠ હાલે નહિ, કંઠ હાલે નહિ અને ૐ ધ્વનિ નીકળે. સમજાણું કાંઈ?

'**સબ જીવોંમેં મૈત્રીભાવ,...**' જ્યાં જ્યાં ભગવાન હોય ત્યાં કોઈ કોઈ ઉપર વેર રાખતા નથી. ઉંદર ને મીંદડી જોડે બેસે, સિંહ ને હરણ ભેગા બેસે. હરણને બીક નહિ અને સિંહને મારવાનો ભાવ નહિ. એવી જ અતિશયતાને લઈને એની એ જીવની યોગ્યતા એવી હોય છે. સકળ જીવમાં મૈત્રીભાવ. બધા ભગવાનઆત્મા મિત્ર છે. કોઈ ઉપર દ્વેષ વર્તે નહિ. સમવસરણમાં એવી તો પુણ્યની પ્રકૃતિ છે. આ કેવળજ્ઞાન તો ગુણ છે.

'**સબ ઋતુકે ફલ ફૂલ ફલના,...**' છએ ઋતુના એક ઋતુમાં ફળ હોય. સમજાણું? અહીં તો અમુક કેરી શ્રાવણ મહિને જ પાકે. એવું નહિ ત્યાં. ભગવાન જ્યાં જાય ત્યાં કારતક મહિને કેરી પાકે. રોજે રોજના ફળ (પાકે). ચક્રવર્તીને થાય છે. ચક્રવર્તીના પુણ્ય એટલા હોય છે કે સવારે ઘઉં વાવે અને નવ વાગે તૈયાર. સાંભળ્યું છે કે નહિ? આ 'ભરત' ચક્રવર્તી. 'ઋષભદેવ' ભગવાનના પુત્ર 'ભરત' ચક્રવર્તી. સોળ હજાર દેવ સેવા (કરે). ચક્રવર્તીને ગૃહસ્થાશ્રમમાં એટલા પુણ્ય હોય છે. સવારે ઘઉં વાવે અને નવ વાગે તૈયાર. લોટ થઈને લાડવા થાય દસ વાગે. આને તો ઘઉં ને અત્યારે તમારે શું કરે? ચક્કી લાવે.

મુમુક્ષુ :- 'અમેરિકા'થી લાવે.

ઉત્તર :- 'અમેરિકા'થી લાવે. ચક્કી લાવે. અહીં તો પહેલા ઘંટી હતી. ઘરે ઘંટી રાખે. ઘંટી, હોં! ગૃહસ્થ માણસ હોય એ ઘંટી રાખે. તાજેતાજો લોટ.

આ તો કહે છે, '**સબ ઋતુકે ફલ ફૂલ ફલના,...**' છએ ઋતુના ફળ એક ઋતુમાં ફળે. એટલો તો એમનો પુણ્યનો યોગ છે. પવિત્રતાની વાત શું કરવી, કહે છે. કેવળજ્ઞાની, કેવળદર્શન ત્રણકાળ ત્રણલોક હસ્તામલની પેઠે જાણે. ભૂત-વર્તમાન-ભવિષ્ય ત્રણકાળ જેના જ્ઞાનદર્પણમાં વર્તે છે. પણ પુણ્યના યોગમાં આવી વસ્તુ એને હોય છે. શરીર છે ને હજી? શરીર રહિત થયા નથી. શરીર રહિત થશે તો સિદ્ધ થઈ જાય. આ તો અરિહંતની વાત છે ને?

'**દર્પણ સમાન ભૂમિ,...**' ભગવાન જ્યાં વિચરે ત્યાં દર્પણ સમાન ભૂમિ હોય. કોલસા આમ દેખાય અને જમીન આડીઅવળી હોય એમ ન હોય. સમજાણું? અહીં તો અત્યારે છે ને, જુઓને! આરસપહાણની. આરસપહાણની ફર્શ. લોકોને અહીં રહેવા મકાન મળે નહિ. રસ્તામાં આરસપહાણની સડક હોય. આરસપહાણ, સમજ્યા ને? સંગેમરમર, એની સડક ત્યાં હોય. એના ઉપર ચાલે. અને તે પણ કલાકના સાંઈઠ માઈલથી ઓછું ન ચાલે. વધારે છે કાંઈક. સીત્તેર માઈલ ચાલે. ઓછું ચાલવા ન દે. કારણ કે આટલી સગવડતા સાધનની છે, આવી મોટરું છે. મોટરું છે તો માણસોને કામ આવે. કામ હોય. નહિંતર ખોટી થાય. એવું તો અહીં અત્યારે હોય છે. ચાલીને .. એક કલાકમાં. એવા તો પુણ્યશાળી. આ તો ભગવાન. એના પુણ્યની શી વાતું કરવી. આ તો બધા પાપી. પૂર્વના કોઈ પાપ કરીને (આવ્યા હોય). કોઈ પુણ્ય થોડાઘણા થયા હોય ને આ જન્મ્યા છે બધા. ભગવાન તો આત્માના ભાનસહિત, સમકિત સહિતના પુણ્ય બંધાયેલા, એના પુણ્ય તરીકે આ ફળ છે. આહાહા..!

‘**કંટકરહિત ભૂમિ,...**’ ભગવાન જ્યાં જ્યાં હોય ત્યાં કાંટા ન હોય. બહારના વિરોધિ કાંટા તો હોય જ નહિ. ભગવાન જ્યાં હોય ત્યાં કેટલાક વિરોધી સાથે ને સાથે હતા. એવું આવે છે. નહોતું આવ્યું? ‘પ્રકાશે’ નાખ્યું હતું. કેટલા વિરોધી? ચારસો વિરોધિ. ચારસો વિરોધી ભેગા સાથે ને સાથે ફરે. ભગવાનનો વિરોધ કરવા. સારી રીતે છાપામાં આવ્યું હતું. ‘દિલ્લી’વાળા છાપામાં આવ્યું હતું. અહીં તો કહે, બહારના કંટકો અને બહારના વિરોધી પણ એને હોય નહિ. ભગવાન પરમેશ્વર પૂર્ણાનંદનો નાથ. આહાહા..! ત્રણકાળ ત્રણલોક જેને જ્ઞાનમાં દર્પણની જેમ વર્તે છે. એના પૂર્વના બંધાયેલા પુણ્યને લઈને જમીન પણ કાંટા ને કાંકરા રહિત (હોય). કાંકરા તો ન હોય અને કાંટા પણ ન હોય. સુંવાળી જમીન.

‘**મંદ સુગંધ પવન,...**’ સુગંધ મંદ પવન વાય. એવી અતિશયતાને કારણે. ‘**સબકે આનંદ હોના,...**’ બધાને આનંદ આનંદ હોય. કોઈને દુઃખ હોય નહિ. આ તો બહારના સાતાની અપેક્ષાએ વાત છે, હોં! સર્વ આનંદ એટલે આત્માના આનંદની વાત નથી આ. ભગવાન .. આનંદ આવે તો મુક્તિ થઈ જાય. બહારમાં સાતાના કારણે અનુકૂળતા રહે, ભગવાન હોય ત્યાં સુધી. ‘**ગંધોદકવૃષ્ટિ,...**’ સુગંધી પાણીની વૃષ્ટિ. ‘**પૈરોંકે નીચે કમલરચના,...**’ ભગવાન ચાલે ત્યાં પગ નીચે ઈન્દ્રો કમળ રચે. સોનાના કમળ રચે એના ઉપર પગ આવે. એને તીર્થંકર કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

‘**સર્વધાન્ય નિષ્પત્તિ,...**’ દરેક ધાનની નિષ્પત્તિ હોય. ‘**દશોં દિશાઓંકા નિર્મલ હોના,...**’ આ જે આવું થાય એ કાંઈ ન થાય. ‘**દેવોંકે દ્વારા આહ્વાનન શબ્દ,...**’ પધારો.. પધારો... પધારો... એમ પોકાર દેવના થતા હોય. ‘**ધર્મચક્રકા આગે ચલના,...**’ ધર્મચક્ર નથી આવતું? નમોત્થુણંમાં આવે છે. ‘ધમ્મ-વરચાઉરંત-ચક્કવટીણં’. ધર્મના ચક્રવર્તી ભગવાન છે. અને ધર્મનું ચક્ર મોઢા આગળ ચાલે. એવાને તીર્થંકર કહીએ. ‘**અષ્ટ મંગલદ્રવ્યોંકા આગે રચના.**’ લ્યો! એ આઠના નામ લખ્યા છે.

આવા સ્થાપના તરીકે ઓળખાવ્યા છે, હોં! એના આત્મા તરીકે નહિ આ. આત્માનું પહેલું કહ્યું છે. અનંત જ્ઞાન દર્શન પહેલી વાત લીધી. એ ૨૯મી ગાથામાં આવ્યું. ત્યાં તો આઠ કર્મનો નાશ કર્યો છે એમ સિદ્ધ કર્યું. અરિહંતને આઠ કર્મ નથી. ચાર છે એના નથી. બંધ પણ નથી. કાંઈ નથી. એને અરિહંત તરીકે સ્થાપના તરીકે એને ઓળખાવ્યા છે. દ્રવ્યનિક્ષેપે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૬, ગાથા-૩૨ થી ૪૧, મંગળવાર, પોષ સુદ ૯, તા.૦૫-૦૧-૭૧

આ 'અષ્ટપાહુડ'માં બોધપાહુડ. એની આ ૩૨મી ગાથા છે. અરિહંત કોને કહેવા. ટીકા માટે થોડું ફાટી ગયું છે પાનું. ટીકાનું .. .. તેરમે ગુણસ્થાને.. આવી ને ગાથા? અહીં ૩૨મી ગાથામાં અરિહંતની વ્યાખ્યા છે. મંગળિક .. છે ને. બોધપાહુડ.

કહે છે કે અરિહંત, જેને નમો અરિહંતાણં કહે છે, એ અરિહંતનું સ્વરૂપ શું છે? દેવ-દેવ. જેને શરીર સહિત વાણી હોય એવા દેવ પરમાત્મા કેવા હોય એને ઓળખાવે છે. એને તો દશ અતિશય જન્મથી હોય. મળ મૂત્ર આદિ હોય નહિ. સમજાણું? બધા દશ આવી ગયા છે આપણે. અને દશ છે તે કેવળજ્ઞાન થયા પછી હોય. અને ચૌદ દેવકૃત હોય. એવા ચોત્રીસ તો વિશેષતા બીજા આત્માને પુણ્ય એવા ન હોય એવા પુણ્યનો યોગ અરિહંતને-તીર્થંકરને હોય છે. સાધારણ પ્રાણી કોઈ પરમાત્મા કહેવા માગે અને અમે પરમાત્મા (થયા છીએ એમ કહે તો) પરમાત્મા એમ છે નહિ. જેને પરમાત્મસ્વરૂપ પ્રગટ થયું છે અને જેને પુણ્યની પ્રકૃતિ પણ ઉત્કૃષ્ટ પ્રગટ થઈ છે એવા તીર્થંકર તો આવા હોય. ૩૪ અતિશય સહિત. એ ૩૪ નામ પાછળ આવી ગયા છે.

૧૪મો બોલ. '**૧૪ - અષ્ટ મંગલદ્રવ્યોંકા આગે ચલના.**' ત્યાં સુધી આવ્યું હતું. ભગવાન અરિહંત શરીરે-સશરીર હોય. જ્યારે જ્યારે વિહાર કરે ત્યારે આઠ મંગલ મોઢા આગળ ચાલે. આ ૩૪ અતિશયમાં એક એ અતિશય છે. એના આઠ નામ છે. ૩૪ અતિશયના ૧૪મા બોલના આમાં નામ છે. '**છત્ર,...**' ચાલે છે. છે એમાં? '..ભાઈ'! મંગળ-મંગળ દ્રવ્ય. '**છત્ર,...**' ૩૪ અતિશયના નામ આવી ગયા છે. આમાં ૩૪માં મંગળિકના નામ છે. પૂર્ણ પરમાત્મ દશા થાય અને એને પુણ્યની પ્રકૃતિનો ઉદય હોય. એ એવો હોય કે જેને ૩૪ તો વિશેષતા હતી. અતિશય એટલે વિશેષતા. સાધારણ પ્રાણી કરતાં એના ગુણ તો ઉત્કૃષ્ટ હોય જ પણ એની પુણ્ય પ્રકૃતિમાં વિશેષતાઓ અતિશય છે કે જે બીજાને એ હોઈ શકે નહિ.

એને મોઢા આગળ છત્ર હોય, છત્ર. ધર્મ છત્ર. ધર્મ '**ધ્વજા, દર્પણ,...**' હોય. અરીસો મોટો ઊંચો. '**કળશ, ચામર, ભૃંગાર (ઝારી),...**' મોટો કળશ ઊંચો. '**તાલ ઔર**

**સ્વસ્તિક...**' એવા આઠ તો મંગળિક મોઢા આગળ ચાલે. એને તીર્થંકર અને અરિહંત કહીએ. સમજાણું કાંઈ?

બીજા '**આઠ પ્રાતિહાર્ય હોતે હૈં..**' શોભા. છે ને આઠ પ્રાતિહાર્યના નામ? '**અશોકવૃક્ષ,...**' તીર્થંકર જ્યાં બિરાજે, પોતાનું કેવળજ્ઞાન, ત્રિકાળ જ્ઞાન થયું હોય, અનંત આનંદ આદિ દશા જેને પ્રગટી હોય પણ હજી શરીર છે. શરીર રહિત સિદ્ધ થયા નથી. ત્યાં સુધી એને આવા પુણ્યના યોગોનો પ્રસંગ એને હોય છે. '**અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ,...**' દેવો ઉપરથી પુષ્પવૃષ્ટિ કરે. એને કાંઈ નથી, હોં! પણ આવા પૂર્વના પુણ્યને લઈને આવો યોગ (હોય છે). એને-અરિહંતને પરમેશ્વર કહીએ. શરીરસહિત. અમથા પરમેશ્વર નામ ધરાવે આવા ભગવાન છીએ અને આમ (છીએ). (એ તો) એકેય ગુણ પણ પૂરા નથી અને પુણ્ય પણ પૂરા નથી. એને અરિહંત ને તીર્થંકર ન કહેવાય, એમ કહે છે. આ સ્થાપના છે, એમને સ્થાપે છે કે આવું એમનામાં હોય. એમ.

'**દિવ્યધ્વનિ,..**' હોય. પુષ્પવૃષ્ટિ હોય. દિવ્યધ્વનિ હોય. આમ આપણી જેમ ભાષા બોલે નહિ. પૂર્ણ દશા થઈ ગઈ છે. એ દિવ્યધ્વનિ ૐકાર છૂટે. વાણીમાં ૐ એવી ધ્વનિ છૂટે. બાર જાતની સભા પોતાની ભાષામાં સમજે. એને પરમાત્મા શરીર સહિત કહીએ. શરીર રહિત તો સિદ્ધ થઈ જાય. એને આ હોય નહિ. પણ શરીર સહિત જે પરમાત્મા તીર્થંકર હોય એ આવા પરમાત્મા હોય. જેને-તેને બધા પરમાત્મા ઠરાવી દે છે એને સમજાવવા (કહે છે કે) તમે માનો એવા પરમાત્મા છે નહિ. '**દિવ્યધ્વનિ,...**' હોય. અવાજ ૐ ધ્વનિ ઉઠે અંદરથી. ઈચ્છા વિના આખા શરીરમાંથી અવાજ નીકળે.

'**ચામર,...**' ઢાળે. દેવો ચામર ઢાળે. એને કાંઈ નથી, હોં! પણ પૂર્વના પુણ્યને લઈને દેવોનો આવો વૈભવ એનો અતિશય હોય છે. '**સિંહાસન,...**' હોય છે. મોટું રત્નજડિત સિંહાસન. એમાં બેસે નહિ, હોં! એના ઉપર હોય. નીચે સિંહાસન હોય. ઉપર હોય. '**ભામંડળ,...**' હોય. જેના શરીરનો ભા-પ્રકાશ આખા શરીરમાં મંડળ ચક્ર આખું દેખાય. પ્રકાશનું ચક્ર છે ને આ? .. આખા શરીરમાં ઓજસ દેખાય. એ પ્રકાશનો ઓજસ-તેજ બહાર આવ્યો. એને ભા-મંડળ-પ્રકાશનું મંડળ એવા અરિહંતને સહેજે શરીરમાં પુણ્ય પ્રકૃતિને કારણે આવું હોય છે. એને અરિહંતને પરમાત્મા કહીએ. જે-તે પરમાત્મા અને અરિહંત નામ ધરાવે એને ઓળખાવવા માટે આ વાત કરી છે. વળી, '**સિંહાસન, ભામંડળ, દુંદુભી વાજિંત્ર...**' સાડા બાર કરોડ વાજા વાગે. અને દુંદુભી વાજા એવા વાગે. અરે..! જીવો! સાંભળો-સાંભળો, આવી ભગવાનની વાણી. એવો દુંદુભીનો અવાજ હોય. વાજિંત્ર વાગે. '**ઔર છત્ર...**' ઓલામાં આવ્યું હતું. ઓલા આઠ મંગળમાં. આમાં પણ છત્ર આવ્યું.

'**ઈસપ્રકાર ગુણસ્થાન દ્વારા અરહંતકા સ્થાપન કહા.**' લ્યો! જેને પરમાત્મપદ, આત્મા સર્વજ્ઞપદ તો છે એ સ્વભાવમાં. એનું સ્વરૂપ જ સર્વજ્ઞસ્વરૂપ છે. પણ શક્તિએ અને સ્વભાવે સર્વજ્ઞ છે. દરેકનો આત્મા, હોં! એ સર્વજ્ઞપણું અંતરના ધ્યાનથી જેને પ્રગટ થાય છે, સર્વજ્ઞપણું, અરિહંતપણું પ્રગટ થાય છે એને સર્વજ્ઞસ્વભાવી વર્તમાન દશામાં ત્રિકાળ જાણે

એવું જ્ઞાન થાય છે. એને સ્થાપનામાં આ સ્થાપના છે. આ ભગવાનની સ્થાપના છે એ નહિ અહીંયા. એ તો વ્યવહારસ્થાપના છે-મૂર્તિ. આવા ૩૪ અતિશયો, આઠ પ્રાતિહાર્યો, આઠ મંગળો, એ બધી સ્થાપના એટલે એને આવું હોય છે. એને અરિહંત ને તીર્થંકર કહીએ. આમ અરિહંત અને તીર્થંકર જેને-તેને માની લે અને મનાવે, એમ નથી.

**'ઈસપ્રકાર ગુણસ્થાન દ્વારા અરહંતકા સ્થાપન કહા.'** હવે માર્ગણા દ્વારા સ્થાપે છે. તીર્થંકર દેવ કેવળજ્ઞાની પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળનું જ્ઞાન હોય, અનંત આનંદ હોય, અનંત વીર્ય હોય, અનંત દૃષ્ટાપણું હોય. એ તો એના અંતરમાં ગુણ હોય. પણ બહારની સ્થિતિમાં શું હોય એને? જ્યાં સુધી શરીર છે તો?

---

अब आगे मार्गणा द्वारा कहते हैं :–

**गइ इंदियं च काए, जोए वेए कसाय णाणे य।**
**संजम दंसण लेसा, भविया, सम्मत्त सण्णि आहारे।।३३।।**

गतौ इन्द्रिये च काये योगे वेदे कषाये ज्ञाने च।
संयमे दर्शने लेश्यायां भव्यत्वे सम्यक्त्वे संज्ञिनि आहारे।।३३।।

ગતિ-ઈન્દ્રિય-કાયે, યોગ-વેદ-કષાય-સંયમ-જ્ઞાનમાં,
દગ-ભવ્ય-લેશ્યા-સંજ્ઞી-સમકિત-આ'રમાં એ સ્થાપવા. ૩૩.

**अर्थ :– गति, इन्द्रिय, काय, योग, वेद, कषाय, ज्ञान, संयम, दर्शन, लेश्या, भव्यत्व, सम्यक्त्व, संज्ञी और आहार इसप्रकार चौदह मार्गणा होती हैं। अरहंत सयोगकेवलीको तेरहवाँ गुणस्थान है, इसमें 'मार्गणा' लगाते हैं। गति चारमें मनुष्यगति है, इन्द्रियजाति पाँचमें पंचेन्द्रिय जाति है, काय छहमें त्रसकाय है, योग पंद्रहमें योग–मनोयोग तो सत्य और अनुभय इसप्रकार दो और ये ही वचनयोग दो तथा काययोग औदारिक इसप्रकार पाँच योग हैं; जब समुद्घात करे तब औदारिकमिश्र और कार्माण ये दो मिलकर सात योग हैं; वेद–तीनोंका ही अभाव है; कषाय–पच्चीस सबहीका अभाव है; ज्ञान–आठमें केवलज्ञान है; संयम–सातमें एक यथाख्यात है; दर्शन–चारमें एक केवलदर्शन है; लेश्या–छहमें एक शुक्ल जो योगनिमित्त है; भव्य–दोमें एक भव्य है; सम्यक्त्व–छहमां क्षायिक सम्यक्त्व है; संज्ञी–दोमें संज्ञी है, वह द्रव्यसे है भावसे क्षयोपशमरूप भावमनका अभाव है; आहारक अनाहारक – दोमें 'आहारक' है वह भी नोकर्मवर्गणा अपेक्षा है किन्तु कवलाहार नहीं है और समुद्घात करे तो 'अनाहारक' भी है, इसप्रकार दोनों हैं। इसप्रकार मार्गणा अपेक्षा अरहंतका स्थापन जानना।।३३।।**

---

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

**गइ इंदियं च काए, जोए वेए कसाय णाणे य।**

**संजम दंसण लेसा, भविया, सम्मत्त सण्णि आहारे।।३३।।**

બોલ છે ૧૪. **અર્થ :- 'અરહંત સયોગકેવલીકો તેરહવાં ગુણસ્થાન હૈ, ઈસમેં માર્ગણા લગાતે હૈં.'** તીર્થંકર પરમાત્મા એવા હોય કે જેને તેરમી ભૂમિકા, તેરમું ગુણસ્થાન હોય. ચૌદમું ગુણસ્થાન પછી પાંચ અક્ષર રહે, દેહ છૂટી જાય (અને) સિદ્ધ થઈ જાય. પણ જ્યાં સુધી અરિહંતપણે છે ત્યાં સુધી એનામાં, કહે છે, ગુણસ્થાન તેરમું હોય. ચૌદ ગુણસ્થાનમાં. એને ચાર ગતિમાં મનુષ્યગતિ હોય. મનુષ્યગતિ છે. હજી શરીર છે ને? કેવળજ્ઞાન થયું, પરમાત્મા થયા, ત્રણ કાળનું જ્ઞાન થયું પણ શરીર સહિત છે તેથી એને મનુષ્યગતિ કહેવામાં આવે. આત્મામાં ગતિ નથી, ઉદયભાવ નથી એવું પહેલાં આવ્યું હતું. એ તો વસ્તુના સ્વરૂપમાં નથી. પણ ભાન થયા છતાં એને ગતિ બહારમાં હોય છે. કેવળજ્ઞાન થાય એ મનુષ્યગતિમાં હોય છે. એ કોઈ બીજી ગતિમાં હોતા નથી. એમ સિદ્ધ કરે છે.

**'ગતિ ચારમેં મનુષ્યગતિ હૈ,...' 'ઈન્દ્રિયજાતિ પાંચમેં પંચેન્દ્રિય જાતિ હૈ,...'** તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા, એની જાતમાં પંચેન્દ્રિયપણું, પાંચ ઈન્દ્રિય હોય છે. એ તો અણીન્દ્રિય હોય છે, પણ બાહ્યમાં એ પંચેન્દ્રિય જડ હોય છે. શરીરની પાંચ ઈન્દ્રિયો. પંચેન્દ્રિય જાતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'કાય છહમેં ત્રસકાય હૈ,...'** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ એવા છકાય છે. છકાયના જીવ છે. એમાં એ ત્રસકાયમાં ગણવામાં આવે છે. કેવળી તીર્થંકર ત્રસકાયમાં ગણવામાં આવે છે. **'યોગ પંદ્રહ...'** આ સ્થાપના. એની આ સ્થાપના છે. આ (બાહ્ય પ્રતિમાની) સ્થાપના નહિ. ગુણવાળા આવા આત્મા છે એને આવી ગતિ આદિ પંચેન્દ્રિય આદિ (છે) એ સ્થાપના છે. શેઠ! આ તો આખી બીજી જાતની વાત આવી.

ભગવાનને પણ પંદર યોગમાં મનોયોગ બે હોય છે. જ્યાં સુધી શરીર સહિત છે, કેવળજ્ઞાન થયું છે, પરમાત્મા તીર્થંકરદેવ થયા પણ એને હજી મનના બે યોગ હોય છે. સત્ય અને વ્યવહાર. સમજાણું કાંઈ? યોગ-બોગ આત્મામાં નથી. એ તો સમ્યક્ જ્યાં ભાન થયું ત્યારથી જ નથી. પણ સંયોગરૂપે છે એનું અહીં જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં ૐ ધ્વનિ-અવાજ નીકળે. એ સત્ય અને વ્યવહાર એ બે પ્રકારની વાણી તીર્થંકરદેવ કેવળજ્ઞાનીને હોય છે. આ તો ઓઘે ઓઘે સમજે નહિ, જૈન વાડામાં જન્મ્યા છતાં. તીર્થંકર કેવા હોય અને અરિહંત કેવા હોય (એની ખબર ન હોય અને) ભગવાનને અમે માનીએ. એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? મનના બે યોગ હોય છે. એમ વાણીના પણ બે યોગ હોય છે. સત્ય ભાષા અને વ્યવહાર. મનમાં પણ એને લઈને સત્ય વ્યવહાર વ્યવહારે છે. કાયયોગનું કંપન છે ને?

**'કાયયોગ ઔદારિક ઈસપ્રકાર પાંચ યોગ હૈં,...'** ભગવાનને કાયયોગ હોય છે. શરીરનો

યોગ હોય છે ને કંપન? '**જબ સમુદ્ઘાત કરે તબ ઔદારિકમિશ્ર ઔર કાર્માણ યે દો મિલકર સાત યોગ હૈ;...**' લ્યો! કાયયોગમાં ઔદારિક એ પાંચ થયા ને? બે મનના, બે વચનના અને એક ઔદારિકના એમ પાંચ. જ્યારે સમુદઘાત કરે (ત્યારે) આત્માના પ્રદેશ લોક પ્રમાણે ફેલાય. વેદનીય, આયુષ્ય અને નામ, ગોત્ર. આયુષ્ય પ્રમાણે સ્થિતિ કરવા માટે એમ થઈ જાય સહેજે. આત્માના પ્રદેશો છે એ ફેલાઈ જાય. જુઓ! આવી ઓળખાણ છે તીર્થંકરની. આમ ને આમ તીર્થંકર અને પરમાત્મા કહે. પણ સાથે કેટલી પુણ્ય પ્રકૃતિ, સ્થિતિ (હોય), (ક્યા) યોગવાળો જીવ હોય એની જેને ખબર નથી એને તીર્થંકરના સ્વરૂપની ખબર નથી. જેને તેને માની લે કે આ ભગવાન થઈ ગયા, લ્યો. નાગા હોય ને કાંઈ થઈ ગયું તો કહે ભગવાન થઈ ગયા. આવા પરમેશ્વર થઈ ગયા.

મુમુક્ષુ :- એ સિવાયના બીજા ભગવાન નથી.

ઉત્તર :- હોય જ નહિ, એમ કહે છે. દરબાર! આવું જેને પૂર્ણ સ્વરૂપ પ્રગટ્યું હોય એને કેવલજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણાનંદ અનંત આનંદ, અનંત બળ એ તો આત્માના ગુણ, પણ એ શરીરમાં કેવું હોય એની સાથે વાત કરે છે. સમજાણું કાંઈ?

આવા જેને ઔદારિકાદિ પાંચ યોગ હોય છે. લ્યો! સમુદ્ઘાત વખતે સાત હોય છે. '**વેદ-તીનોંકા હી અભાવ હૈ;,...**' વેદ ત્રણે ન હોય. સ્ત્રી, પુરુષ અને નપુંસક. પરમાત્માને ત્રણે વેદ હોય નહિ. એ તો વીતરાગ (તેનાથી) રહિત થઈ ગયા અંદર. શરીરનો-વેદનો આકાર હોય. શરીરનો-પુરુષનો આકાર હોય. અંદરમાં વેદ રહિત નિર્મળ પૂર્ણ આનંદ સર્વજ્ઞપદ કેવળજ્ઞાન પ્રગટ થયું છે. એને પરમાત્મા કહેવામાં આવે છે. '**કષાય-પચ્ચીસ સબહી કા અભાવ હૈ;...**' પચ્ચીસેય નથી. કષાય પચ્ચીસ પ્રકારના છે ને? અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન આદિ. એ એકેય નથી. અવિકારી દશા (થઈ ગઈ છે). સર્વજ્ઞ અકષાય વીતરાગી દશા પૂર્ણ થઈ ગઈ છે. એને અરિહંત અને તીર્થંકર કહેવામાં આવે છે. વળી '**જ્ઞાન-આઠ મેં કેવલજ્ઞાન હૈ;...**' પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એવા જ્ઞાનની દશાના આઠ ભેદ છે. એમાં કેવળજ્ઞાન એક જ હોય એને. ચાર જ્ઞાન હોય નહિ અને અજ્ઞાન હોય નહિ. કેવળજ્ઞાન ત્રિકાળ એક સમયમાં ત્રણકાળ જાણે. જુઓ! ઓલી માર્ગણાનો નિષેધ કર્યો છે. માર્ગણા આત્માને હોય નહિ. પહેલો નિષેધ કર્યો 'સમયસાર'માં. અહીં કહે છે કે એ વસ્તુમાં નથી પણ પર્યાયમાં આવા ભેદો હોય છે. ભારે વાત! કેવળજ્ઞાન હોય છે.

'**સંયમ-સાતમેં એક યથાખ્યાત હૈ;...**'ચારિત્ર હોય છે. સાત સંયમના ભેદ છે. અસંયમ, સંયમાસંયમ અને પાંચ સંયમ એમ સાત. યથાખ્યાત. જેવું સ્વરૂપ છે એવું સ્થિરતા, શાંતિ, આનંદ પૂર્ણ પ્રગટ થઈ ગયો. દેહ હોવા છતાં, વાણી હોવા છતાં, વિહાર હોવા છતાં. સમજાણું કાંઈ? '**દર્શન-ચારમેં એક કેવલદર્શન હૈ;...**' ભગવાનને દર્શન ચાર ન હોય. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ. દર્શનના ચાર ભેદ છે. દર્શન એટલે દેખવું. એના ચાર ભેદમાં ભગવાનને કેવળદર્શન એક જ હોય.

એવું જો અરિહંતનું સ્વરૂપ ગુણથી જાણે અને બાહ્યના યોગે પુણ્યપ્રકૃતિ આવી હોય તો

એ તીર્થંકર હોય અને એના ગુણ જે છે એને જાણે તો એવો જ હું છું, એમ પોતાના આત્માને એની સાથે મેળવે. હું પણ અરિહંતના આત્મા જેવો આત્મા છું. એવા ગુણવાળો છું-શક્તિએ અને પર્યાયમાં અપૂર્ણતા છે. તો એ અપૂર્ણતા દ્રવ્યસ્વભાવને આશ્રયે અપૂર્ણતા છોડીને પૂર્ણતા થાય છે. એવા અરિહંતના ગુણની સાથે આત્માને મેળવે તો એ આત્માનું જ્ઞાન યથાર્થ થાય અને યથાર્થ થઈને સમકિત પામીને કેવળજ્ઞાન પામે.

'**લેશ્યા-**' એ લેશ્યાના છ પ્રકાર છે. જેનાથી કર્મ બંધાય. ક્લેશ.. ક્લેશ. '**છહમેં એક શુક્લ જો યોગનિમિત્ત હૈ;...**' યોગ છે ને એટલે એને શુક્લલેશ્યા વ્યવહારથી કહેવામાં આવે છે. અહીં કહે, લેશ્યા-બેશ્યા ઉદયમાં-આત્મામાં છે જ નહિ. પણ સંયોગમાં એની અવસ્થામાં આવા પ્રકાર હોય છે. વળી '**ભવ્ય – દોમેં એક ભવ્ય હૈ;...**' ભવિ-અભવિ આત્મા નહિ એમ કહ્યું ઓલામાં. વસ્તુદૃષ્ટિએ તો ભવ્ય-અભવ્ય છે જ નહિ. આ તો પર્યાયમાં-અવસ્થામાં એ ભવિ જીવ હોય છે કેવળજ્ઞાની. ભવિ-અભવિ જીવના બે પ્રકાર છે. કેવળજ્ઞાન ભવિ જીવ હોય. સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વ-છહમેં ક્ષાયિક સમ્યક્ત્વ હૈ;...**' સમકિતના છ ભેદ છે. એમાં ક્ષાયિકસમકિત હોય છે, પર્યાયમાં. જે સમકિતની દશા પૂર્ણ આત્માની પ્રતીત, અનુભવથી થઈ છે એ દશા ત્યાં રહે છે અને સિદ્ધમાં પણ એ ચાલુ રહે છે. '**સંજ્ઞી – દોમેં સંજ્ઞી હૈ, વહ દ્રવ્યસે હૈ ભાવસે ક્ષયોપશમરૂપ ભાવમનકા અભાવ હૈ;...**' સંજ્ઞીપણું એને મનનો તો અભાવ છે. બાહ્યમાં જરી છે. '**આહારક અનાહારક – દોમેં આહારક હૈ...**' લ્યો! આહારક શેનો? કવળઆહાર ન હોય એને. નોકર્મના રજકણો એને સમયે સમયે આવે છે. કવળ એને ન હોય. ભગવાન અરિહંત થયા એને કવળ આહાર, પાણી, રોગ હોય નહિ. ભગવાન ખાય નહિ, ભગવાન પીવે નહિ.

મુમુક્ષુ :- ભગવાન ભૂખ્યા રહ્યા છે?

ઉત્તર :- ભૂખ્યા નથી. આનંદની તૃપ્તિ છે. અનંત આનંદ... આનંદ... આનંદ... જ્યાં પ્રગટ્યો છે. અમૃતનો સાગર જ્યાં અંદરમાં ડોલી રહ્યો છે. ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ જ્ઞાન ને આનંદનો ભંડાર આત્મા, એ અંદર પ્યાલા ફાટી, પાતાળ કૂવા ફાટી ગયા છે. એની દશામાં અનંત અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. એને આ દુઃખ ને ક્ષુધા ને તૃષા હોતી નથી. શરીર છતાં ક્ષુધા-તૃષા નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ભોગ...

ઉત્તર :- એ બધા ગપ્પેગપ. દરબાર! એનાથી ઓળખાય છે. આમ તો ઓઘે ઓઘે બધા છે ભગવાન. આવે છે ને શું ઓલામાં નહિ? 'ગઢડા'માં .. બોલે. 'જમોને શ્રાવક જીવન મોરારી...' બોલે. 'ગઢડા'માં બોલે. બહુ સાંભળ્યું. ઓલા સ્વામિનારાયણ બોલે ને? 'જમોને થાળ જીવન મોરારી...' પછી ઓલા બધા બનાવ્યા હોય. પૂરી બનાવી હોય, શીરો બનાવ્યો એવા નામ આપે. ભગવાન એવા ન હોય. સમજાય છે કાંઈ? ભગવાનને ભોગ ન હોય અને આહાર હોય નહિ. જીવન મોરારી.. બહુ ગાય. ત્યાં 'ગઢડા'માં સ્વામિનારાયણનું મંદિર છે ને

મોટું? બહુ ગાય. એવા ભગવાન ન હોય. સાંભળને.

ભગવાન પૂર્ણ આત્માની શક્તિ અમૃતના સાગર જ્યાં ફાટી ગયા છે. અનંત આનંદ આવે છે. એ ઈચ્છા નથી, રાગ નથી, વાણી પણ વાણીને કારણે સ્વતંત્ર નીકળે. શરીર પણ સ્વતંત્ર એને કારણે વિહાર, ગતિ કરે. એના આત્મામાં કાંઈ છે નહિ. આહાહા..! એને આહાર ન હોય. સમજાણું કાંઈ? '**નોકર્મવર્ગણા અપેક્ષા હૈ કિન્તુ કવલાહાર નહીં હૈ ઔર સમુદ્ઘાત કરે તો અનાહારક ભી હૈ,...**' આહારક પણ નથી એમ કહે. સમુદ્ઘાત વખતે તો આ કવળાહાર તો નથી પણ ઓલો કર્મનો આહાર પણ નથી. એ વખતે નથી એમ કહે છે. સમુદ્ઘાત વખતે.

'**ઈસપ્રકાર દોનોં હૈં. ઈસપ્રકાર માર્ગણા અપેક્ષા અરહંતકા સ્થાપન જાનના.**' અરિહંતની સ્થાપના આવી હોય. ભગવાનની મૂર્તિની સ્થાપનામાં આવું ન હોય. ત્યાં તો ભગવાનની મૂર્તિ હોય. શુભભાવ હોય, ભક્તિનું નિમિત્ત છે. ભક્તિનું નિમિત્ત શુભભાવમાં. અરિહંતની સ્થાપના તો એના શરીરમાં આવી ગતિ આદિ હોય એને સ્થાપના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

---

**आगे पर्याप्ति द्वारा कहते हैं :–**

**आहारो य सरीरो, इंदियमणआणपाणभासा य।**
**पज्जत्तिगुणसमिद्धो, उत्तमदेवो हवइ अरहो।।३४।।**

**आहारः च शरीरं इन्द्रियमनआनप्राणभाषाः च।**
**पर्याप्तिगुणसमृद्धः उत्तमदेवः भवति अर्हन्।।३४।।**

**આહાર, કાયા, ઈન્દ્રિ, શ્વાસોચ્છવાસ, ભાષા, મન તણી,**
**અર્હંત ઉત્તમ દેવ છે સમૃદ્ધ ષટ્ પર્યાપ્તિથી. ૩૪.**

**अर्थ :– आहार, शरीर, इन्द्रिय, मन, आनप्राण, अर्थात् श्वासोच्छवास और भाषा – इसप्रकार छह पर्याप्ति हैं, इस पर्याप्ति गुण द्वारा समृद्ध अर्थात् युक्त उत्तम देव अरहंत है।**

**भावार्थ :– पर्याप्तिका स्वरूप इसप्रकार है – जो जीव एक अन्य पर्यायको छोड़कर अन्य पर्यायमें जावे तब विग्रह गतिमें तीन समय उत्कृष्ट बीचमें रहे, पीछे सैनी पंचेन्द्रियमें उत्पन्न हो। वहाँ तीन जातिकी वर्गणाका ग्रहण करे–आहारवर्गणा, भाषावर्गणा, मनोवर्गणा, इसप्रकार ग्रहण करके 'आहार' जातिकी वर्गणासे तो आहार, शरीर, इन्द्रिय, श्वासोच्छवास इसप्रकार चार पर्याप्ति अन्तर्मुहूर्त कालमें पूर्ण करे, तत्पश्चात भाषाजाति मनोजातिकी वर्गणासे अन्तर्मुहूर्तमें ही भाषा, मन पर्याप्ति पूर्ण करे, इसप्रकार छहों पर्याप्ति अन्तर्मुहूर्तमें पूर्ण करता है, तत्पश्चात् आयुपर्यन्त पर्याप्त ही कहलाता है और नोकर्मवर्गणाका ग्रहण करता ही रहता है। यहाँ आहार नाम कवलाहारका नहीं जानना। इसप्रकार तेरहवें गुणस्थानमें भी अरहंतके पर्याप्त पूर्ण ही है, इसप्रकार पर्याप्ति द्वारा अरहंतकी स्थापना है।।३४।।**

## ગાથા-૩૪ ઉપર પ્રવચન

**'આગે પર્યાપ્તિ દ્વારા કહતે હૈં :-'** હવે પર્યાપ્તિ હોય કેટલી એ કહે છે.

**आहारो य सरीरो, इंदियमणआणपाणभासा य।**
**पज्जत्तिगुणसमिद्धो, उत्तमदेवो हवइ अरहो।।३४।।**

એવા ઉત્તમ દેવ અરિહંત સર્વજ્ઞ તીર્થંકર હોય છે.

**અર્થ :- 'આહાર, શરીર, ઈન્દ્રિય, મન, આનપ્રાણ અર્થાત્ શ્વાસોચ્છવાસ ઔર ભાષા-ઈસપ્રકાર છહ પર્યાપ્તિ હૈ,...'** માતાના ઉદરમાં તીર્થંકરનો જીવ કેવળજ્ઞાન થવા પહેલાં પૂર્વ ભવમાંથી આવે છે ત્યારે હજી સર્વજ્ઞ નથી. ત્યારે તો હજી ત્રણ જ્ઞાન છે. પણ ત્યારે એને માતાના ઉદરમાં છ પર્યાપ્તિ બંધાય છે. એમ કહે છે. એ છ પર્યાપ્તિ. **'ઈસ પર્યાપ્તિ ગુણ દ્વારા સમૃદ્ધ અર્થાત્ યુક્ત ઉત્તમ દેવ અરહંત હૈં.'** એવા અરિહંત પરમાત્માને છ પર્યાપ્તિ કહેવામાં આવે છે. હવે જરી સ્વરૂપ બતાવે છે.

**ભાવાર્થ :- 'પર્યાપ્તિકા સ્વરૂપ ઈસપ્રકાર હૈ - જો જીવ એક અન્ય પર્યાયકો છોડકર...'** અન્ય પર્યાયને પ્રાપ્ત હોય. એક શરીરમાંથી છૂટીને બીજા શરીરમાં આવે. ભગવાન પણ જ્યારે આવ્યા હતા, જ્યારે હજી પૂર્ણ નહોતા ત્યારે પૂર્વ ભવમાંથી આવ્યા હતા. 'ઋષભદેવ' ભગવાન આદિ સ્વર્ગમાંથી આવ્યા હતા અને આ 'શ્રેણિક' રાજા આવશે એ નરકમાંથી આવશે. આવતી ચોવીસીમાં 'શ્રેણિક' રાજા પહેલા તીર્થંકર થશે. એ પહેલી નરકમાં છે અત્યારે. નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. તીર્થંકર ગોત્ર બાંધ્યું. સમકિતી થયા. પણ પૂર્વનું આયુષ્ય બંધાઈ ગયેલું એટલે થોડી સ્થિતિ ચોર્યાશી હજાર વર્ષની રહી ગઈ. પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને ત્રણ લોકના નાથ તીર્થંકર થશે. એને છ પર્યાપ્તિ માતાના ઉદરમાં બંધાશે. હવે એનો ખુલાસો કરે છે.

એક ભવમાંથી બીજા ભવમાં આવે ત્યારે પર્યાપ્તની પર્યાયને પ્રાપ્ત હોય **'તબ વિગ્રહ ગતિમેં તીન સમય ઉત્કૃષ્ટ બીચમેં રહે,...'** એક ભવમાંથી આત્મા બીજે ભવે આવે, એક સમય, બે સમય, ત્રણ સમય, ત્યાં પણ .. અસંખ્ય સમય થાય. એમાં ત્રણ સમય રસ્તામાં રહે. કોઈ જીવ બીજા ભવમાંથી નીકળીને આ ભવમાં આવે ત્યારે ત્રણ સમય (જાય). ક બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાં ત્રણ સમય કોઈને ઉત્કૃષ્ટ રસ્તામાં થાય. કહો, સમજાણું કાંઈ?

**'પીછે સૈની પંચેન્દ્રિયમેં ઉત્પન્ન હો.'** આ કહે છે ને માતાના ઉદરમાં આવે ત્યારે પહેલા તો... શું કહેવાય? એવું કહે છે કેટલાક? શું કહેવાય? મોઢા આગળ. ત્યાં રહે. પછી આવે માતાના ઉદરમાં. ખોટી છે.

મુમુક્ષુ :- નેવા ઉપર.

ઉત્તર :- નેવા ઉપર આવે. નેવા ઉપર રહે અને પછી માતાના ઉદરમાં આવે. પાંચ

મહિને આવે. માતાના પેટમાં પાંચ મહિને જીવ આવે. એ બધી ખોટી વાત છે. પહેલે જ સમયે ત્યાં હોય છે. એ ભવ છોડી અને આ ભવમાં વચમાં કોઈ ત્રણ સમય રહે અને તરત જ અહીંયાં આવે છે. કહ્યું ને એકવાર કહ્યું તું. ભગવતી આરાધનામાં છે. તીર્થંકરનો જીવ પણ ઓલા ભવમાંથી સ્વર્ગમાંથી આવશે અને 'શ્રેણિક' રાજા નરકમાંથી આવશે. માતાના ઉદરમાં પહેલું તો એક ઋતુનું બિંદુ અને વીર્યનું બિંદું. બે બિંદુ હોય એમાં જીવ આવે. આ શરીરની ઉત્પત્તિ એમ થઈ છે. આત્મા તો અનાદિ છે. આત્માની કોઈ ઉત્પત્તિ, આત્માને જન્મ નથી. આ શરીર જે નવું થાય છે એમાં લોહી, માતાનું ઋતુ અને પિતાનું વીર્ય, એ બે બિંદુમાં જીવ પહેલો આવે ત્યારે ત્યાંથી માસિક ગણાય. સાત દિ' સુધી તો એ અંદર હલે. પ્રવાહી છે એટલે. બીજા સાત દિ'એ કાળું થાય. ત્રીજા સાત દિ'એ કઠણ થાય. આ શરીરની ઉત્પત્તિ. અંદર આત્મા તો અરૂપી ભગવાન ચૈતન્ય છે. એમ કરતાં કરતાં મોટું થાય. પાંચ મહિને પછી આ નાક ને કાન એવા આકાર જરી જરી ફૂટે. માતાના પેટમાં પાંચ મહિને આકાર લે. જીવ તો પહેલેથી આવ્યો છે. માતા ખાય ને જરી ખાય ને જરી ઊંચું થાય તો લોકો કહે હવે પાંચ મહિને જીવ આવ્યો. કોઈ સાત મહિને જન્મે, કોઈ નવ મહિને જન્મે, કોઈ આઠે પણ જન્મે છે. આઠમાં જન્મેલા ઘણા કરીને મરી જાય. સાતના અને નવના જન્મેલા રહે.

મુમુક્ષુ :- ગર્ભાશયના દુઃખ તો ઘણા છે.

ઉત્તર :- દુઃખ અનંતા છે, દુઃખ એના. ભગવાનને કાંઈ દુઃખ નથી. એ તો સ્ફટીક રત્ન જેવું અંદર (હોય). ઈન્દ્રો આવીને માતાના પેટને સાફ કરે. બહુ અલૌકિક વાતું બધી. તીર્થંકર અને સર્વજ્ઞ જે ભવમાં થવાના હોય એના તો ઈન્દ્રો આવીને એની માતાને છ મહિના પહેલા સાફ કરે. રાજા જેમ આવે અને પછી માણસ મોઢાઆગળ આવીને મકાન- બકાન, ગામ સાફ કરે છે ને? એમ ઈન્દ્રો આવીને માતાના પેટને સાફ કરે છે. એમાં પધારે ભગવાન જ્યારે. નવ મહિના રહે. એ તો અલૌકિક વાતું છે.

ત્રણ જ્ઞાન, આત્માનું જ્ઞાન લઈને આવે, અનુભવને લઈને આવે. તીર્થંકરનો આત્મા તો આત્માનું સમકિત લઈને આવે. આહાહા..! ભાન અંદરમાં છે. માતાના પેટમાં આવે તો એને આત્માનું ભાન છે. આત્માનું વેદન આનંદનું છે. આહાહા..! નવ મહિને જ્યારે જન્મ થાય ત્યારે ત્યાં પંચેન્દ્રિય ઊગે. '**વહાં તીન જાતિકી વર્ગણાકા ગ્રહણ કરે –**' ત્રણ જાતિનું. પંચેન્દ્રિયપણે જ્યારે માતાના પેટમાં ઊપજે ત્યારે '**આહારવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા,...**' પરમાણુ રજકણ સહિત ત્રણ પ્રકારના ત્યાં ગ્રહણ (થાય છે). ગ્રહણ કરે એનો અર્થ ત્યાં હોય. આ તો વ્યવહારે સમજાવવું છે ને.

''**'આહાર' જાતિકી વર્ગણાસે તો આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છવાસ ઈસપ્રકાર ચાર પર્યાપ્તિ અન્તર્મુહૂર્ત કાલમેં પૂર્ણ કરે,...**' ત્યાં માતાના પેટમાં. આહાહા..! ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે. પણ એના લોહી અને વીર્યના બિંદુમાં આ જાતનો આકાર થવા માંડે તો અંતર્મુહૂર્તમાં બે ઘડીની અંદર ચાર પર્યાપ્તિ બંધાય. આહાર, શરીર, પાંચેય ઈન્દ્રિયો બંધાય જાય. અને શ્વાસ. આહાહા..!

'**તત્પશ્ચાત ભાષાજાતિ મનોજાતિકી વર્ગણામેં...**' બે વર્ગણા. પહેલી ચાર કીધી. આહાર, શરીર, ઈન્દ્રિય અને શ્વાસ. પછી ભાષા બંધાય, પછી '**મનોજાતિકી વર્ગણાસે અન્તર્મુહૂર્તમેં હી ભાષા, મનઃપર્યાપ્તિ પૂર્ણ કરે, ઈસ પ્રકાર છહોં પર્યાપ્તિ અન્તર્મુહૂર્તમેં પૂર્ણ કરતા હૈ,...**' પૂર્ણ કરે એટલે જાણે આત્મા પૂર્ણ કરે એની જેમ. ભાષા શું થાય? એ પરમાણુમાં છ પર્યાપ્તિ આહાર લેવાની, શરીર થવાની, ઈન્દ્રિયો થવાની વગેરે. શ્વાસ થવાની, ભાષા અને મન. એના રજકણોમાં એ જાતની અવસ્થા ઉત્પન્ન થાય.

'**યહાં આહાર નામ કવલાહારકા નહીં જાનના.**' લ્યો! હવે ભગવાનને-કેવળીને આહારની છ પર્યાપ્તિ કીધી એમાં ભોજન કરે, પાણી પીવે એ ભગવાનને ન હોય. '**ઈસપ્રકાર તેરહવેં ગુણસ્થાનમેં ભી અરહંતકે પર્યાપ્તિ પૂર્ણ હી હૈ,...**' લ્યો! તેરમા ગુણસ્થાનમા અરિહંતની પર્યાપ્તિ (પૂર્ણ છે). '**ઈસપ્રકાર પર્યાપ્તિ દ્વારા અરહંતકી સ્થાપના હૈ.**' આ સ્થાપના કીધી. આવું એને હોય છે. સ્થાપ્યું એટલે આવું ત્યાં હોય છે.

---

**आगे प्राण द्वारा कहते हैं :–**

**पंच वि इंदियपाणा, मणवयकाएण तिण्णि बलपाणा।**
**आणप्पाणप्पाणा, आउगपाणेण होंति दह पाणा।।३५।।**

**पंचापि इंद्रियप्राणाः मनोवचनकायैः त्रयो बलप्राणाः।**
**आनप्राणप्राणाः आयुष्कप्राणेन भवंति दशप्राणाः।।३५।।**

**ઈન્દ્રિયપ્રાણો પાંચ, ત્રણ બળપ્રાણ મન-વચ-કાયના,**
**બે આયુ-શ્વાસોચ્છવાસપ્રાણો,-પ્રાણ એ દસ હોય ત્યાં. ૩૫.**

**अर्थ :– पांच इन्द्रियप्राण, मन–वचन–काय तीन बलप्राण, एक श्वासोच्छवास प्राण और एक आयुप्राण ये दस प्राण हैं।**

**भावार्थ :– इसप्रकार दस प्राण कहे उनमें तेरहवें गुणस्थानमें भावइन्द्रिय और भावमनका क्षयोपशमभावरूप प्रवृत्ति नहीं है इस अपेक्षा तो कायबल, वचनबल, श्वासोच्छवास, आयु ये चार प्राण हैं और द्रव्य अपेक्षा दसों ही हैं। इसप्रकार प्राण द्वारा अरहंतका स्थापन है।।३५।।**

---

## ગાથા-૩૫ ઉપર પ્રવચન

'**આગે પ્રાણ દ્વારા કહતે હૈં :-**' હવે પ્રાણ બતાવે છે, પ્રાણ. તીર્થંકરને પ્રાણ કેટલા હોય.

**पंच वि इंदियपाणा, मणवयकाएण तिण्णि बलपाणा।**
**आणप्पाणप्पाणा, आउगपाणेण होंति दह पाणा।।३५।।**

પાંચ તો ઈન્દ્રિયના પ્રાણ. આ પાંચ. સ્પર્શ, આંખ, નાક, જીભ અને કાન.

**અર્થ :-** '**પાંચ ઈન્દ્રિયપ્રાણ, મન-વચન-કાય કરી તીન બલપ્રાણ, એક શ્વાસોચ્છવાસ પ્રાણ ઔર એક આયુપ્રાણ...**' દસ પ્રાણ.

**ભાવાર્થ :-** '**ઈસપ્રકાર દસ પ્રાણ કહે ઉનમેં તેરહવેં ગુણસ્થાનમેં ભાવઈન્દ્રિય ઔર ભાવમનકા...**' તો અભાવ છે. શું કીધું? ભાવઈન્દ્રિય એટલે ખંડ ખંડ ઈન્દ્રિયથી જાણવું એ તો ત્યાં છે નહિ. અખંડ કેવળજ્ઞાન થઈ ગયું. ભાવઈન્દ્રિયનો અભાવ હોય છે. તેમ ભાવમનનો અભાવ હોય છે. ભાવમન એટલે ક્ષયોપશમભાવ નથી. એમ. સમજાણું કાંઈ? જુઓ! આ તો અરિહંત તીર્થંકરની દશા આવી હોય. એકલા ગુણ, પણ ગુણની સાથે આવી દશા, સંયોગે આવું હોય એને અહીં સ્થાપના કહેવામાં આવે છે. 'બોધપાહુડ'માં વાત જ એ જાતની કીધી છે.

'**ભાવઈન્દ્રિય ઔર ભાવમનકા ક્ષયોપશમભાવરૂપ પ્રવૃત્તિ નહીં હૈ ઈસ અપેક્ષા તો કાયબલ, વચનબલ, શ્વાસોચ્છવાસ, આયુ યે ચાર પ્રાણ હૈં...**' ભગવાનને ત્રણ પ્રાણમાં કાયબળ છે, વચનબળ છે અને શ્વાસ ને આયુ છે. લ્યો! વચનબળ. એ યોગ્યતા છે ને એને. ભાષા.. કાયબળ. કાય ચાલે છે ને જરી? અને શ્વાસ હોય ચાર. શરીર છે ત્યાં સુધી શ્વાસ હોય છે. આયુ હોય છે, દેહની સ્થિતિ હોય છે. એ ચાર પ્રાણ. દસ પ્રાણની અંદર ખરેખર તો ચાર પ્રાણ હોય છે. ભાવ અપેક્ષાએ. દ્રવ્ય અપેક્ષાએ દસેય હોય. પાંચ જડ ઈન્દ્રિય છે ને બહાર? પાંચ ઈન્દ્રિય.. હોય છે. મન વચન વર્ગણા હોય છે.

'**ઈસપ્રકાર પ્રાણ દ્વારા અરહંતકા સ્થાપન હૈ.**' એ તીર્થંકર આવા પ્રાણવાળા હોય એવું સ્થાપ્યું. અંતરમાં તો આનંદકંદ અને કેવળજ્ઞાનમય છે. સંયોગે આવી સ્થિતિ ઊભી છે. સમજાણું કાંઈ? બીજી રીતે આ બધું વર્ણન છે. અરિહંત ભગવાન કોઈ પુરુષ થઈ ગયા હશે. અરિહંત કોઈ પુરુષ થઈ ગયો હશે. પુરુષ નહિ અરિહંત તો ગુણરૂપ દશા છે. પુરુષ તો આ પંચેન્દ્રિય છે. હવે એમાંથી એને ગુણ પ્રગટ્યા છે, અનંત આનંદ અને કેવળજ્ઞાન આદિ એવા અતીન્દ્રિય ગુણવાળા છે. અને સંયોગમાં આવી સ્થિતિ એને પુણ્યને લઈને હોય છે. પછી જાય એટલે અશરીરી થઈ જાય. એની વાત નથી. સિદ્ધની અહીં વાત નથી.

---

**आगे जीवस्थान द्वारा कहते हैं :-**

**मणुयभवे पंचिंदिय जीवट्ठाणेसु होइ चउदसमे।**
**एदे गुणगणजुत्तो गुणमारूढो हवइ अरहो।।३६।।**

**मनुजभवे पंचेन्द्रियः जीवस्थानेषु भवति चतुर्दशे।**
**एतद्गुणगणयुक्तः गुणमारूढो भवति अर्हन्।।३६।।**

**માનવભવે પંચેન્દ્રિય તેથી ચૌદમે જીવસ્થાન છે,**
**પૂર્વોક્ત ગુણગણયુક્ત, 'ગુણ'-આરૂઢ શ્રી અર્હંત છે. ૩૬.**

**अर्थ :– मनुष्यभवमें पंचेन्द्रिय नामके चौदहवें जीवस्थान अर्थात् जीवसमास, उसमें इतने गुणोंके समूहसे युक्त तेरहवें गुणस्थानको प्राप्त अरहंत होते हैं।**

**भावार्थ :– जीवसमास चौदह कहे हैं–एकेन्द्रिय सूक्ष्म और बादर २, दोइन्द्रिय, तेइन्द्रिय, चौइन्द्रिय ऐसे विकलत्रय – ३, पंचेन्द्रिय असैनी सैनी २, ऐसे सात हुए; ये पर्याप्त अपर्याप्तके भेदसे चौदह हुए। इनमें चौदहवाँ 'सैनी पंचेन्द्रिय जीवस्थान' अरहंतके है। गाथामें सैनीका नाम न लिया और मनुष्यका नाम लिया सो मनुष्य सैनी ही होते हैं, असैनी नहीं होते हैं इसलिये मनुष्य कहनेमें 'सैनी' ही जानना चाहिये।।३६।। इस प्रकार जीवस्थान द्वारा 'स्थापना अरहंत'का वर्णन किया।**

## ગાથા-૩૬ ઉપર પ્રવચન

હવે જીવસ્થાન. ચૌદ જીવના સ્થાન છે. એમાં ક્યા સ્થાનમાં ભગવાન હોય એમ કહે છે.

**मणुयभवे पंचिंदिय जीवट्ठाणेसु होइ चउदसमे।**
**एदे गुणगणजुत्तो गुणमारूढो हवइ अरहो।।३६।।**

લ્યો! આ સ્થાપના પૂરી કરે છે.

**અર્થ :–** '**મનુષ્યભવમેં પંચેન્દ્રિય નામકે ચૌદહવેં જીવસ્થાન...**' કહીએ. જીવના ચૌદ ભેદનો એક ભેદ છે ત્યાં. પંચેન્દ્રિય મનુષ્યનો. '**જીવસમાસ, ઉસમેં ઈતને ગુણોંકે સમૂહસે યુક્ત તેરહવેં ગુણસ્થાનકો પ્રાપ્ત અરહંત હોતે હૈં.**' '**જીવસમાસ ચૌદહ કહે હૈં –** ' જીવનો સમાસ-જથ્થો. '**એકેન્દ્રિય સૂક્ષ્મ બાદર...**' એકેન્દ્રિય જીવમાં સૂક્ષ્મ બાદર હોય છે. '**દોઈન્દ્રિય,...**' જીવ. ઈયળ આદિ. '**તેઈન્દ્રિય,...**' કીડી આદિ. '**ચોઈન્દ્રિય...**' માખી આદિ. '**વિકલત્રય– પંચેન્દ્રિય અસૈની સૈની ઐસે સાત હુએ યે પર્યાપ્ત અપર્યાપ્તકે ભેદસે ચૌદહ હુએ. ઈનમેં ચૌદહવાં સૈની પંચેન્દ્રિય જીવસ્થાન અરહંતકે હૈ.**' એકકોર કહે માર્ગણા-ફાર્ગણા કાંઈ નથી. નિશ્ચય વસ્તુમાં નથી. પણ સંયોગમાં એવો ભાવ કેવળી થયા છતાં હોય છે. એ વાસ્તવિક સ્વરૂપ એનું બતાવે છે. જે-તે અરિહંત કહેવરાવે અને જે-તે તીર્થંકર અમે ભગવાન થઈ ગયા, એ બધા ખોટા છે એમ ઠરાવે છે. સાચા પરમાત્મદશા જેને પૂર્ણ થઈ હોય એને તો શરીર સહિતની આવી દશા હોય.

'**ગાથામેં સૈનીકા નામ ન લિયા ઔર મનુષ્યકા નામ લિયા સો મનુષ્ય સૈની હી હોતે હૈં, અસૈની નહીં હોતે હૈં ઈસલિયે મનુષ્ય કહનેમેં સૈની હી જાનના ચાહિયે.**' એ ગુણે કરી સહિત સ્થાપના અરિહંતનું વર્ણન કર્યું. આ તો સ્થાપના અરિહંતનું વર્ણન કર્યું આ બધું. આ સ્થાપના બીજી. ભગવાનની મૂર્તિ એ તો વ્યવહાર સ્થાપના છે. આ તો પરમાત્મદશા તીર્થંકરને પ્રગટી છે. એના શરીરમાં આવું હોય, અતિશયાદિ હોય એને અહીં સ્થાપના તરીકે કહેવામાં આવે છે.

आगे द्रव्यकी प्रधानतासे अरहंतका निरूपण करते हैं :–

जरवाहिदुक्खरहियं, आहारणिहारवज्जियं विमलं।
सिंहाण खेल सेओ, णत्थि दुगुंछा य दोसो य।।३७।।
दस पाणा पज्जती, अट्ठसहस्सा य लक्खणा भणिया।
गोखीरसंखधवलं, मंसं रुहिरं च सव्वंगे।।३८।।
एरिसगुणेहिं सव्वं, अइसयवंतं सुपरिमलामोयं।
ओरालियं च कायं णायव्वं अरहपुरिसस्स।।३९।।

जराव्याधिदुःखरहितः आहारनीहारवर्जितः विमलः।
सिंहाणः खेलः स्वेदः नास्ति दुर्गन्धः च दोषः च।।३७।।
दश प्राणाः पर्याप्तयः अष्टसहस्राणि च लक्षणानि भणितानि।
गोक्षीरशंखधवलं मांसं रुधिरं च सर्वांगे।।३८।।
ईदृशगुणैः सर्वः अतिशयवान् सुपरिमिलामोदः।
औदारिकश्च कायः अर्हत्पुरुषस्य ज्ञातव्यः।।३९।।

વણવ્યાધિ-દુઃખ-જરા, આહાર-નિહારવર્જિત, વિમળ છે,
[1]અજુગુપ્સિતા, [2]વણનાસિકામળ-શ્લેષ્મ-સ્વેદ, અદોષ છે; ૩૭.
દસ પ્રાણ, ષટ્ પર્યાપ્તિ, અષ્ટ-સહસ્ર લક્ષણ યુક્ત છે,
સર્વાંગ ગોક્ષીર-શંખતુલ્ય [3]સુધવલ માંસ-રુધિર છે; ૩૮.
– આવા ગુણે સર્વાંગ અતિશયવંત, [4]પરિમલમ્હેકતી,
ઔદારિકી કાયા અહો! અર્હત્પુરુષની જાણવી. ૩૯.

अर्थ :– अरहंत पुरुषके औदारिक काय इसप्रकार होता है – जो जरा, व्याधि और रोग इन संबंधी दुःख उसमें नहीं है, आहार–नीहार से रहित है, विमल अर्थात् मलमूत्र रहित है; सिंहाण अर्थात् श्लेष्म, खेल अर्थात् थूक, पसेव और दुर्गंध अर्थात् जुगुप्सा, ग्लानि और दुर्गंधादि दोष उसमें नहीं है।।३७।।

दस तो उसमें प्राण होते हैं वे द्रव्यप्राण हैं, पूर्ण पर्याप्ति है, एक हजार आठ लक्षण है और गोक्षीर अर्थात् कपूर अथवा चंदन तथा शंख जैसा उसमें सर्वांग धवल रुधिर और मांस है।।३८।।

इसप्रकार गुणोंसे संयुक्त सर्व ही देह अतिशयसहित निर्मल है, आमोद अर्थात् सुगंध जिसमें इसप्रकार औदारिक देह अरहंत पुरुषके है।।३९।।

---

૧. અજુગુપ્સિતા = જેના પ્રત્યે જુગુપ્સા ન થાય એવી, ૨. વણનાસિકામળ-શ્લેષમ-સ્વેદ = નાકના મેલથી, કફથી ને પરસેવાથી રહિત, ૩. સુધવલ = ધોળું ૪. પરિમલ = સુગંધ

**भावार्थ :– यहाँ द्रव्यनिक्षेप नहीं समझना। आत्मासे भिन्न ही देहकी प्रधानता से द्रव्य अरहंतका वर्णन है।।३७–३८–३९।। इसप्रकार द्रव्य अरहंतका वर्णन किया।**

## ગાથા-૩૭ થી ૩૯ ઉપર પ્રવચન

'**આગે દ્રવ્યકી પ્રધાનતાસે...**' નામ આવી ગયું હતું. સ્થાપના આવી હવે દ્રવ્ય. આ દ્રવ્ય નિક્ષેપ નથી. ભવિષ્યમાં થવાની યોગ્યતા એ અહીં નહિ. અહીં તો શરીરને દ્રવ્યપ્રધાન કહ્યું છે. ભગવાનઆત્મા તો અંદર પૂર્ણ પરમાત્મા છે પણ એનું શરીર હોય એને અહીંયાં દ્રવ્યે એનું દ્રવ્ય એને કહેવામાં આવે છે.

**जरवाहिदुक्खरहियं, आहारणिहारवज्जियं विमलं।**
**सिंहाण खेल सेओ, णत्थि दुगुंछा य दोसो य।।३७।।**
**दस पाणा पज्जती, अट्ठसहस्सा य लक्खणा भणिया।**
**गोखीरसंखधवलं, मंसं रुहिरं च सव्वंगे।।३८।।**
**एरिसगुणेहिं सव्वं, अइसयवंतं सुपरिमलामोयं।**
**ओरालियं च कायं णायव्वं अरहपुरिसस्स।।३९।।**

**અર્થ :–** '**અરિહંત પુરુષકે ઔદારિક કાય ઈસપ્રકાર હોતા હૈ–**' એનું ઔદારિક શરીર હોય એ એવું હોય છે કે '**જરા,...**' ન હોય એને. શરીરમાં વૃદ્ધાવસ્થા ન દેખાય. એવું ને એવું શરીર દેખાય. સમજાણું કાંઈ? અત્યારે અહીંયા ભગવાન નથી. મહાવિદેહમાં બિરાજે છે. અરિહંત 'સીમંધર' ભગવાન તીર્થંકર તરીકે મહાવિદેહમાં પાંચસો ધનુષનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. આવા બધા ગુણ અને સંયોગે બિરાજમાન છે. '**જરા,...**' ભગવાનના શરીરમાં વૃદ્ધાવસ્થા ન હોય. '**વ્યાધિ...**' રોગ ન હોય. વ્યાધિ એટલે રોગ. ભગવાનના શરીરમાં રોગ ન હોય. શ્વેતાંબર કહે છે ને એને રોગ થયો હતો. શું કહેવાય? ..ઝાડો. લોહીખંડવાળો. એ બધું કલ્પિત છે. ભગવાનને એવું હોય નહિ. આહાહા..!

'**ઈન સંબંધી દુઃખ ઉસમેં નહીં હૈ,...**' દુઃખ નથી. શરીરમાં રોગ પણ નથી. અતીન્દ્રિય આનંદમય છે. જેને અતીન્દ્રિય દશા આત્માની પૂર્ણ પ્રગટ થઈ. '**આહાર-નિહાર સે રહિત હૈ,...**' તીર્થંકર છે એ જન્મથી મળ મૂત્રથી રહિત હોય. આહાર હોય. કેવળજ્ઞાન થયા પછી એને આહાર પણ ન હોય. નિહાર, દસ્ત કે મળમૂત્ર હોય નહિ એને. આહાહા..! આવા અરિહંત તીર્થંકર કહેવાય.

મુમુક્ષુ :– આવું શરીર..

ઉત્તર :– એ તો હોય છે એને. શરીરનું સ્વરૂપ આવું એનું હોય છે એ કહે છે. જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી. આયુષ્ય છૂટે એટલે... '**આહાર-નિહાર સે રહિત હૈ,...**'

ભગવાન.

મુમુક્ષુ :- વિહાર હોતા હૈ.

ઉત્તર :- વિહાર નહિ, નિહાર. નિહાર એટલે જંગલ જાવું. ઝાડા. એવું ન હોય એને.

'**વિમલ અર્થાત્ મલમૂત્ર રહિત હૈં; સિંહાણ અર્થાત્ શ્લેષ્મ, ખેલ અર્થાત્ થૂંક, પરસેવો...**' ન હોય. તીર્થંકર ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા દેહસહિત જ્યારે થાય એને થૂક ન હોય, પરસેવો ન હોય. '**દુર્ગંધ અર્થાત્ જુગુપ્સા, ગ્લાનિ ઔર દુર્ગંધાદિ દોષ ઉસમેં નહીં હૈ.**' દુર્ગંધ ન હોય. સુગંધ... સુગંધ... સુગંધ... શરીરમાં સુંગધ. એવી તો જેના શરીરની દશા હોય છે. આત્મા તો પૂર્ણ પરમાત્મા થયો. આવા શરીરમાં એની વાસને ત્યાં રહેવું દેખાય છે, એમ કહે છે. આહાહા..! અરિહંતને પણ ઓળખ્યા નથી કહે છે.

આમાં તો આવે છે ને, 'પ્રવચનસાર'માં. જો અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે- એનો અરિહંતનો આત્મા એના ગુણ, એની પર્યાય એને જાણે તો આત્માની સાથે આત્માનું જ્ઞાન થાય. આત્માને મેળવે કે અહો..! એના જેવો જ હું છું. એના ગુણ જેવી શક્તિઓ મારામાં છે. મારી પર્યાયમાં અપૂર્ણતા છે પણ દ્રવ્યનો આશ્રય લઉં તો અપૂર્ણતા ટળીને પૂર્ણ થાઉં. એવું અરિહંતનું જ્ઞાન થતાં આત્માનું જ્ઞાન થાય છે.

'**દસ તો ઉસમેં પ્રાણ હૈં વે દ્રવ્યપ્રાણ હૈં,...**' એની વાત પહેલા આવી ગઈ. '**પૂર્ણ પર્યાપ્તિ હૈ,...**' ભગવાનને આહાર, શરીર, ઇન્દ્રિયાદિ પરમાણુ લેવાની પર્યાપ્તિ છ હોય છે. વળી '**એક હજાર આઠ લક્ષણ હૈ...**' એને. અરે..! શરીરમાં છત્ર ને ચામર ને વૈમાન ને એવા એક હજાર ને આઠ તો લક્ષણ હોય શરીરમાં. એવું એનું શરીર હોય. સમજાણું કાંઈ? ભગવાન નામ ધરાવે ને ઘોડીએ ચડીને જાય, જોડા પહેર્યા હોય ને. એ ભગવાન ન હોય. સમ્યગ્દર્શન પણ નથી ત્યાં ભગવાન કેવા?

મુમુક્ષુ :- સાફો બાંધ્યો છે.

ઉત્તર :- સાફો બાંધ્યો છે. આવે છે ને. .. પહેર્યો છે ને આવી મોજડી પહેરી છે. એવા ભગવાન ન હોય. ભગવાનની એને ખબર જ નથી.

પૂર્ણ આત્મા જ્યાં પ્રગટ થાય અને આનંદનો ભાવ પ્રગટ્યો હોય, એનું શરીર તદ્દન વસ્ત્ર વિનાનું હોય, આહાર વિનાનું હોય, પાણી વિનાનું હોય, રોગ વિનાનું હોય. એવી વાત છે. ધ્વનિ નીકળે તો ૐ ધ્વનિ અવાજ આવે. આપણી જેમ ભાષા બોલે એમ એને અવાજ ન હોય. પૂર્ણ દશા પ્રગટી છે ને? એવાને અરિહંતને પરમેશ્વર કહેવામાં આવે છે. ઘણું ચાલે છે ને અત્યારે, જુઓને! રાધાશ્યામમાં ક્યાંક આવે છે. રાધાશ્યામ ને? રાધાસ્વામી? રાધાસ્વામી. 'આગ્રા'માં જુઓને મોટા કરોડો રૂપિયાના મકાનો, આસમાની મકાનો. ઓહોહો..! આવા ભગવાન ત્યાંથી આવ્યા હતા અને પાછા ત્યાં ગયા. એને હતી બાયડી. રાધાસ્વામી કહે છે. બધા સુધરેલાને ખબર ન હોય માણસને .. 'ઇંદોર'ના પણ કેટલાક શેઠિયાઓ ત્યાં જાય છે. આ વસ્તુની ખબર નથી. અરિહંત કેવા હોય, તીર્થંકર પરમાત્મા કેવા હોય. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરે. પણ અરિહંતની ખબર ન મળે. અને જ્યાં ત્યાં

ભટકાય પછી આવા હોય ને સુધરેલ જેવા. વાતું કરીને એ ભગવાન થઈ ગયા. આપણને તારશે.

કહે છે કે અરિહંતના શરીરમાં તો એક હજાર અને આઠ તો લક્ષણ હોય. એમાં છે. ટીકામાં ક્યાંક હશે. ટીકામાં નામ છે. શું નામ છે, ખબર છે? સ્ત્રી વક્ષ, શંખ, .. કમળ, સ્વસ્તિક, અંકુર, તોરણ, ચામર, શ્વેત છત્ર, સિંહાસન, ધ્વજ, જતિ-ઓલું માથે, કુંભ, કુર્મ-કાચબો, ચક્ર, સમુદ્ર, સરોવર, વિમાન એવા બધા નામ છે. ઘણા નામ છે. એ આદિ ... લક્ષણામિ. એવા લક્ષણ ભગવાનને હોય છે. સરસ્વતી, લક્ષ્મી, વજ્ર, રતનદીપ એવા બધા ચિહ્નો શરીરમાં હોય છે. ટીકામાં છે.

મુમુક્ષુ :- થોડા ઘણા..

ઉત્તર :- થોડા ઘણા છે. થોડા થોડા લીધા, બધા નામ ક્યાંથી આવે. એક હજાર આઠમાં ઘણા નામ છે આપણે. પુસ્તક છે. એક હજાર ને આઠ લક્ષણનું પુસ્તક છે ને?

મુમુક્ષુ :- રેખા હોય છે?

ઉત્તર :- શરીરમાં હોય ચિહ્ન. પગમાં, હાથમાં. પવિત્ર પુણ્ય છે ને? પવિત્ર પૂરા છે અને પુણ્યમાં પણ પૂરા છે. એમ બતાવવું છે. ડાબલો જુદી જાતનો હોય એ. હીરા-માણેક મૂક્યા હોય એ ડાબલી જુદી જાતની હોય, એ કાંઈ સાધારણ ડાબલો ન હોય. એવા અરિહંતનો આત્મા અને એનું શરીર, જેના શરીરમાં એક હજાર ને આઠ તો લક્ષણ હોય છે. આહાહા..! વાડામાં બેઠા જન્મ્યા હોય એને જિન કેવા વીતરાગ હોય કેવળી, તીર્થંકર એની ખબર ન હોય હજી. ઓઘે-ઓઘે કહે, હે ભગવાન! ભલું કરજો. શિવપદ અમને દેજો પ્રભુ. ભગવાન કહે, શિવપદ તારું તારી પાસે છે. અમારી પાસે નથી કાંઈ. અમે તો ઉપદેશ સત્ય શું છે એવો માર્ગનો ઉપદેશ કર્યો છે. આહાહા..! ભગવાનના આશીર્વાદ ફળે તો મોક્ષ થઈ જાય. એવું કાંઈ છે નહિ એમ કહે છે. એના આશીર્વાદ હોય. એ તો વીતરાગ સર્વજ્ઞ પૂર્ણ પરમાત્મા છે. આવા પુણ્ય પ્રકૃતિના સંબંધવાળા છે.

વળી કહે છે, '**ગોક્ષીર અર્થાત્ કપૂર અથવા ચંદન તથા શંખ જૈસા ઉસમેં સર્વાંગ ધવલ રુધિર ઔર માંસ હૈ.**' જેનું લોહી ધોળું હોય. લાલ ન હોય. ગોક્ષીર-ચંદન જેવું. શંખ સરીખું. સર્વાંગ આખા શરીરમાં ધોળું લોહી. જુદી જાતના જેના લોહી ફરી ગયા. આત્મા તો ફરી ગયો. લોહી ફરી ગયું, કહે છે. લાલ લોહીને ઠેકાણે ધોળું લોહી. એવા તીર્થંકર પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત પરમાત્માનું શરીર આવું હોય, એમ કહે છે. આમાંથી આઘુપાછું બીજી રીતે શરીરને માને તો એ અરિહંતને ઓળખતા નથી-પરમાત્માને ઓળખતા નથી.

'**ઈસપ્રકાર ગુણોંસે સંયુક્ત સર્વ હી દેહ અતિશયસહિત નિર્મલ હૈ,...**' આખો દેહ જ નિર્મળ છે. એને રૂંવાટે રૂંવાટે જગતથી અતિશયતા બીજી દેખાય. '**આમોદ અર્થાત્ સુગંધ જિસમેં ઈસપ્રકાર...**' એક એક ગાથાના જુદા અર્થ કર્યા છે ને? પહેલા ૩૭ નો કર્યો, આ ૩૮ અને ૩૯. '**સુગંધ જિસમેં ઈસપ્રકાર ઔદારિક દેહ અરહંત પુરુષકે હૈ.**' સુગંધી દેહ હોય. એ તો ગુલાબનું ફુલ જેમ ગંધ મારે એવું એનું શરીર સુગંધ મારે. એવું તો જેનું શરીર હોય.

એને અહીંયાં દ્રવ્ય નિક્ષેપે (સમજાવ્યું છે). એ દ્રવ્ય નિક્ષેપ કહેવામાં આવે છે. દ્રવ્યનિક્ષેપ એટલે સમજાણું? ઓલો દ્રવ્યનિક્ષેપ અહીંયાં ન સમજવો.

'**યહાં દ્રવ્યનિક્ષેપ નહીં સમજના. આત્માસે ભિન્ન હી દેહકી પ્રધાનતા સે દ્રવ્ય અરહંતકા વર્ણન હૈ.**' લ્યો! આત્માથી જુદો દેહ છે આ. એનું આવું સ્વરૂપ થઈ જાય છે ત્યાં. એનું વર્ણન કરીને દ્રવ્યનું વર્ણન કર્યું. દ્રવ્યનિક્ષેપનું નહિ. ભવિષ્યમાં તીર્થંકર થવાના હોય એને તીર્થંકર કહેવા એ દ્રવ્યનિક્ષેપ છે. એ વાત નથી. આ તો એનું શરીર જ આવું હોય એને દ્રવ્ય કહેવામાં આવે છે. '**ઈસપ્રકાર દ્રવ્ય અરહંતકા વર્ણન કિયા.**'

---

**आगे भावकी प्रधानतासे वर्णन करते हैं :–**

**मयरायदोसरहिओ कसायमलवज्जिओ य सुविसुद्धो।**
**चित्तपरिणामरहिदो केवलभावे मुणेयव्वो।।४०।।**

**मदरागदोषरहितः कषायमलवर्जितः च सुविशुद्धः।**
**चित्तपरिणामरहितः केवलभावे ज्ञातव्यः।।४०।।**

**મદરાગદ્વેષવિહીન, [૧]ત્યક્તકષાયમલ સુવિશુદ્ધ છે,**
**મનપરિણમનપરિમુક્ત, [૨]કેવલભાવસ્થિત અર્હંત છે. ૪૦.**

**अर्थ :– केवलभाव अर्थात् केवलज्ञानरूप ही एक भाव होते हुए अरहंत होते हैं ऐसा जानना। मद अर्थात् मानकषायसे हुआ गर्व, राग–द्वेष अर्थात् कषायोंके तीव्र उदयसे होनेवाले प्रीति और अप्रीतिरूप परिणाम इनसे रहित हैं, पच्चीस कषायरूप मल उसका द्रव्यकर्म तथा उनके उदयसे हुआ भावमल उससे रहित हैं, इसीलिये अत्यन्त विशुद्ध हैं – निर्मल हैं, चित्तपरिणाम अर्थात् मनके परिणमनरूप विकल्पसे रहित हैं, ज्ञानावरणकर्मके क्षयोपशमरूप मनका विकल्प नहीं है, इसप्रकार केवल एक ज्ञानरूप वीतरागस्वरूप 'भाव अरहंत' जानना ।।४०।।**

---

## ગાથા–૪૦ ઉપર પ્રવચન

'**આગે ભાવકી પ્રધાનતાસે વર્ણન કરતે હૈં :–**' હવે ભગવાન આત્માનો ભાવ (કેવો હોય તે કહે છે). આ બધા ગુણ આવ્યા.

**मयरायदोसरहिओ कसायमलवज्जिओ य सुविसुद्धो।**
**चित्तपरिणामरहिदो केवलभावे मुणेयव्वो।।४०।।**

---

૧. ત્યક્તકષાયમલ = કષાયમળરહિત  ૨. કેવળ = એકલો; નિર્ભેળ; શુદ્ધ.

**અર્થ :–** '**કેવલભાવ અર્થાત્ કેવલજ્ઞાનરૂપી હી એક ભાવ હોતે હુએ...**' ભગવાનને તો કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવું કેવળજ્ઞાન ભાવ હોય છે. '**અરહંત હોતે હૈં ઐસા જાનના. મદ અર્થાત્ માનકષાયસે હુઆ ગર્વ,...**' ગર્વ જેને હોતો નથી. પૂર્ણાનંદ પ્રાપ્ત (છે, એને) ગર્વ અભિમાન શેનું? '**રાગ-દ્વેષ અર્થાત્ કષાયોંકે તીવ્ર ઉદયસે હોનેવાલે પ્રીતિ ઓર અપ્રીતિરૂપ પરિણામ ઈનસે રહિત હૈં,...**' ભગવાન આત્મામાં રાગ-દ્વેષ (નથી). આ મારો શિષ્ય છે અને આ મારો દુશ્મન છે, એવા વિકલ્પ ભગવાનને હોતા નથી. દુશ્મનને મારવા માટે ભગવાન અવતાર ધારણ કરે. ભક્તોની ભીડ ભાંગવા (આવે). એવા ભગવાન ન હોય, કહે છે.

મુમુક્ષુ :– દુશ્મન..

ઉત્તર :– હા. દુશ્મન ... પોતે ભગવાન દુશ્મનનું દમન કરવા જાગ્યો. રાગ ને દ્વેષનું દમન કરી અને ભગવાન પોતાના ચૈતન્ય સ્વરૂપનો આશ્રય લઈને પરમાત્મા થાય, એ પોતે દુશ્મનને દમન કર્યા કહેવાય. અરહંત રાગદ્વેષથી રહિત હોય.

વળી, '**પચ્ચીસ કષાયરૂપ મલ ઉસકા દ્રવ્યકર્મ તથા ઉનકે ઉદયસે હુઆ ભાવમલ ઉસસે રહિત હૈ,...**' કષાય જડ કર્મ પણ નથી અને ભાવ મેલ પણ નથી. તદ્દન કષાયરહિત અવિકારી પૂર્ણાનંદની પ્રાપ્તિ. એનું-દ્રવ્યનું સ્વરૂપ જ એવું હતું. સિદ્ધ સમાન એવી જ પર્યાય પૂર્ણ પ્રગટ થઈ. હવે કાંઈ કૃત બાકી રહ્યું નથી. '**ઈસલિયે અત્યંત વિશુદ્ધ હૈં – નિર્મલ હૈં,...**' આત્મા તદ્દન વિશેષથી નિર્મળ. '**ચિત્તપરિણામ અર્થાત્ મનકે પરિણમનરૂપ વિકલ્પસે રહિત હૈં,...**' ભગવાનને મનનો વિકલ્પ નથી. મન જ નથી. એકલું કેવળજ્ઞાન આમ જામી ગયું છે. આત્મા ઢીમ થઈ ગયો આનંદનો, એને મનના પરિણામ હોતા નથી.

'**જ્ઞાનાવરણકર્મકે ક્ષયોપશમરૂપ મનકા વિકલ્પ નહીં હૈ,...**' જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય એનાથી રાગનો વિકલ્પ થાય એવું એને છે નહિ. '**ઈસપ્રકાર કેવલ એક જ્ઞાનરૂપ વીતરાગસ્વરૂપ ભાવ અરહંત જાનના.**' લ્યો! એવાને અરિહંત ભગવાન કહેવામાં આવે. પર્યાયમાં અવસ્થા કેવળજ્ઞાનમય થઈ ગઈ છે. વીતરાગરૂપ દશા થઈ ગઈ. દુનિયામાં ભ્રમ ઘટો, એને માટે વિકલ્પમાત્ર નથી. એકલી વીતરાગ દશા (છે). એને અરિહંત કહેવામાં આવે છે. એને અરિહંત જાણવામાં આવે, એમ કહ્યું.

---

**आगे भाव ही का विशेष कहते हैं :–**

**सम्मद्दंसणि पस्सदि जाणदि णाणेणदव्य पज्जाया।**
**सम्मत्तगुणविसुद्धो भावो अरहस्स णायव्वो।।४१।।**

**सम्यग्दर्शनेन पश्यति जानाति ज्ञानेन द्रव्यपर्यायान्।**
**सम्यक्त्वगुणविशुद्धः भावः अर्हतः ज्ञातव्यः।।४१।।**

**દેખે દરશથી જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,**
**સમ્યક્ત્વગુણસુવિશુદ્ધ છે, – અર્હંતનો આ ભાવ છે. ૪૧.**

अर्थ :– 'भावअरहंत' सम्यग्दर्शनसे तो अपनेको तथा सबको सत्तामात्र देखते हैं इसप्रकार जिनको केवलदर्शन है, ज्ञानसे सब द्रव्य–पर्यायोंको जानते हैं इसप्रकार जिनको केवलज्ञान है, जिनको सम्यक्त्व गुणसे विशुद्ध क्षायिक सम्यक्त्व पाया जाता है, – इसप्रकार अरहंतका भाव जानना।

भावार्थ :– अरहंतपना घातियाकर्मके नाशसे होता है। मोहकर्मके नाशसे सम्यक्त्व और कषायके अभावसे परम वीतरागता सर्वप्रकार निर्मलता होती है। ज्ञानावरण, दर्शनावरण कर्मके नाशसे अनंतदर्शन–अनंतज्ञान प्रकट होता है, इनसे सब द्रव्य–पर्यायोंको एक समयमें प्रत्यक्ष देखते हैं और जानते हैं।

द्रव्य छह हैं – उनमें जीवद्रव्यकी संख्या अनंतानंत है, पुद्‌गल द्रव्य उससे अनंतानंत गुणे हैं, आकाश द्रव्य एक है वह अनंतानंत प्रदेशी है, इसके मध्यमें सब जीव–पुद्‌गल असंख्यात प्रदेशमें स्थित हैं, एक धर्मद्रव्य, एक अधर्मद्रव्य ये दोनों असंख्यातप्रदेशी हैं इनसे आकाशके लोक–अलोकका विभाग है, उसी लोकमें ही कालद्रव्यके असंख्यात कालाणु स्थित हैं। इन सब द्रव्योंके परिणामरूप पर्याय हैं वे एक–एक द्रव्यके अनंतानंत हैं, उनको कालद्रव्यका परिणाम निमित्त है, उसके निमित्तसे क्रमरूप होता समयादिक 'व्यवहारकाल' कहलाता है। इसकी गणनासे अतीत, अनागत, वर्तमान द्रव्योंकी पर्याय अनंतानंत हैं, इन सब द्रव्य–पर्यायोंको अरहंतका दर्शन–ज्ञान एकसमयमें देखता और जानता है, इसलिये अरहंतको सर्वदर्शी – सर्वज्ञ कहते हैं।

भावार्थ :– इसप्रकार अरहंतका निरूपण चौदह गाथाओंमें किया। प्रथम गाथामें नाम, स्थापना, द्रव्य, भाव, गुण, पर्याय सहित च्यवन, आगति, संपत्ति ये भाव अरहंतको बतलाते हैं। इसका व्याख्यान नामादि कथनमें सर्व ही आ गया, उसका संक्षेप भावार्थ लिखते हैं :–

गर्भ कल्याणक :– प्रथम गर्भकल्याणक होता है; गर्भमें आनेके छह महीने पहिले इन्द्रका भेजा हुआ कुबेर जिस राजाकी राणीके गर्भमें तीर्थंकर आयेंगे उसके नगरकी शोभा करता है, रत्नमयी सुवर्णमयी मन्दिर बनाता है, नगरके कोट, खाई, दरवाजे, सुन्दर वन, उपवनकी रचना करता है, सुन्दर भेषवाले नरनारी नगरमें बसाता है, नित्य राजमन्दिर पर रत्नोंकी वर्षा होती रहती है, तीर्थंकरका जीव जब माताके गर्भमें आता है तब माताको सोलह स्वप्न आते हैं, रुचकवरद्वीपमें रहनेवाली देवांगनायें माताकी नित्य सेवा करती हैं, ऐसे नौ महीने पूरे होने पर प्रभुका तीन ज्ञान और दस अतिशय सहित जन्म होता है, तब तीनलोकमें आनंदमय क्षोभ होता है, देवोंके बिना बजाए बाजे बजते हैं, इन्द्रका आसन कंपायमान होता है, तब इन्द्र प्रभुका जन्म हुआ जानकर स्वर्गसे ऐरावत हाथी पर चढ़कर आता है, सर्व चार प्रकारके देव देवी एकत्र होकर आते हैं, शची (इन्द्राणी) माताके पास जाकर गुप्तरूपसे प्रभुको ले आती है, इन्द्र हर्षित होकर

हजार नेत्रोंसे देखता है।

फिर सौधर्म इन्द्र, बालक शरीरी भगवानको अपनी गोदमें लेकर ऐरावत हाथी पर चढ़कर मेरुपर्वत पर जाता है, ईशान इन्द्र छत्र धारण करता है, सनतकुमार, महेन्द्र इन्द्र चँबर ढोरते हैं, मेरुके पांडुकवनकी पांडुकशिलापर सिंहासनके ऊपर प्रभुको बिराजमान करते हैं, सब देव क्षीरसमुद्रसे एक हजार आठ कलशोंमें जल लाकर देव–देवांगना गीत नृत्य वादिंत्र बड़े उत्साह सहित प्रभुके मस्तकपर कलश ढारकर जन्मकल्याणकका अभिषेक करते हैं, पीछे श्रृंगार, वस्त्र, आभूषण पहिनाकर माताके मंदिरमें लाकर माताको सौंप देते हैं, इन्द्रादिक देव अपने–अपने स्थान पर चले जाते हैं, कुबेर सेवाके लिये रहता है।

तदनन्तर कुमार – अवस्था तथा राज्य – अवस्था भोगते हैं। उसमें मनोवांछित भोग भोगकर फिर कुछ वैराग्यका कारण पाकर संसार – देह – भोगोंसे विरक्त हो जाते हैं। तब लौकान्तिक देव आकर, वैराग्यको बढ़ानेवाली प्रभुकी स्तुति करते हैं, फिर इन्द्र आकर 'तप कल्याणक' करता है। पालकीमें बैठाकर बड़े उत्सवसे वनमें ले जाता है, वहाँ प्रभु पवित्र शिलापर बैठकर पंचमुष्टिसे लोचकर पंच महाव्रत अंगीकार करते हैं, समस्त परिग्रहका त्यागकर दिगम्बररूप धारणकर ध्यान करते हैं, उसीसमय मनःपर्ययज्ञान उत्पन्न हो जाता है। फिर कुछ समय व्यतीत होनेपर तपके बलसे घातिकर्मकी प्रकृति ४७ तथा अघाति कर्मप्रकृति १६– इसप्रकार त्रेसठ प्रकृतिका सत्तामेंसे नाशकर केवलज्ञान उत्पन्न कर अनन्तचतुष्टयरूप होकर क्षुधादिक दोषोंसे रहित अरहंत होते हैं।

फिर इन्द्र आकर समवसरणकी रचना करता है सो आगमोक्त अनेक शोभासहित मणि–सुवर्णमयी कोट, खाईष वेदी चारों दिशाओंमें चार दरवाजे, मानस्तंभ, नाट्यशाला, वन आदि अनेक रचना करता है। उसके बीच सभामण्डपमें बारह सभाएँ उनमें मुनि, आर्यिका, श्रावक, श्राविका, देव, देवी, तिर्यंच बैठते हैं। प्रभुके अनेक अतिशय प्रकट होते हैं। सभामण्डपके बीच तीन पीठ पर गंधकुटीके बीच सिंहासनपर कमलके ऊपर अंतरीक्ष प्रभु बिराजते हैं और आठ प्रातिहार्य युक्त होते हैं। वाणी खिरती है, उसको सुनकर गणधर द्वादशांग शास्त्र रचते हैं। ऐसे केवलकल्याणकका उत्सव इन्द्र करता है। फिर प्रभु विहार करते हैं। उसका बड़ा उत्सव देव करते हैं। कुछ समय बाद आयुके दिन थोड़े रहने पर योगनिरोध कर अघातिकर्मका नाशकर मुक्ति पधारते हैं, तत्पश्चात् शरीरका अग्नि–संस्कार कर इन्द्र उत्सवसहित 'निर्वाण कल्याणक' महोत्सव करता है। इसप्रकार तीर्थंकर पंच कल्याणककी पूजा प्राप्त कर, अरहंत होकर निर्वाणको प्राप्त होते हैं ऐसा जानना।।४१।।

## ગાથા-૪૧ ઉપર પ્રવચન

'**આગે ભાવ હી કા વિશેષ કહતે હૈં :-**'

**सम्मद्दंसणि पस्सदि जाणदि णाणेण दव्वपज्जाया।**

**सम्मत्तगुणविसुद्धो भावो अरहस्स णायव्वो।।४१।।**

**અર્થ :-** '**ભાવઅરહંત સમ્યગ્દર્શનસે અપનેકો તથા સબકો સત્તામાત્ર દેખતે હૈં ઈસપ્રકાર જિનકો કેવલદર્શન હૈ,...**' લ્યો! આ કેવળદર્શનની વ્યાખ્યા છે. '**सम्मद्दंसणि**' એટલે કેવળદર્શન. કેવળદર્શન જેને ત્રણકાળ ત્રણલોકનું સ્વ અને પરનું બધું દેખવું થાય છે. એવો અરીસો જેમ સ્વચ્છ થઈને બધું પ્રકાશે છે. એમ આનું સ્વચ્છ થઈ લોકાલોકને દેખે છે. એવા અરિહંતને અરિહંત તીર્થંકર કહેવામાં આવે છે. વળી '**જ્ઞાનસે સબ દ્રવ્ય-પર્યાયોંકો જાનતે હૈં...**' જ્ઞાનથી ત્રણકાળના દ્રવ્ય એટલે વસ્તુઓ અને એની જે પર્યાયો-અવસ્થાઓ, ત્રણકાળની દશાઓ જડની-ચૈતન્યની. જે સમયે જ્યાં થાય, થઈ અને થશે, બધું કેવળજ્ઞાનમાં જાણે. એને જાણવાનું કાંઈ બાકી રહ્યું નથી. એમ જણાયા વિના રહ્યું નથી અને પૂર્ણ જાણવું થઈ ગયું છે. લ્યો! ત્રણકાળ જાણે, એમ કહે છે. ભવિષ્યનું અનંતું, ભૂતનું અનંતું, વર્તમાનનું અનંતું બધું એક સમયમાં ભગવાન જાણે. એને કેવળજ્ઞાનમય પરમાત્મા કહેવામાં આવે છે.

એવો જ આ આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એને પ્રગટ થઈ ગયો છે. આ અપ્રગટપણે છે. એનો અનુભવ કરીને પ્રતીત કરતાં સમ્યગ્દર્શન થાય. આહાહા..! એવો જ હું જ્ઞાન અને દર્શનથી પરિપૂર્ણ ભરેલો છું. વિકાર-બિકાર નથી. અલ્પજ્ઞપણું પણ હું નહિ. પરિપૂર્ણ જ્ઞાન-દર્શનનો સ્વભાવ જેનો, એવી અંતરમાં દૃષ્ટિ કરતાં એને સ્વભાવનો સ્વીકાર થતાં સમ્યગ્દર્શન થાય એને ધર્મનો પહેલો પાયો કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? તેથી આ અરિહંતને ભાવથી ઓળખાવે છે.

વળી, '**જિનકો સમ્યક્ત્વ ગુણસે વિશુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ પાયા જાતા હૈ,...**' લ્યો! એ ક્ષાયિક સમકિતી છે. ચોથે ગુણસ્થાનથી ક્ષાયિક સમકિત થઈ ગયું છે. ... કહો, સમજાણું કાંઈ? '**સમ્યક્ત્વ ગુણસે વિશુદ્ધ...**' છે. ગુણ શબ્દે પર્યાય છે આ. સમકિત ગુણ નથી પણ પર્યાયને ગુણ કહેવામાં આવે છે. '**ઈસપ્રકાર અરહંતકા ભાવ જાનના.**' આવા તીર્થંકરદેવ ભગવાનનો આત્મા આવા ભાવવાળો હોય એને જે ઓળખે અને એની વાસ્તવિક શ્રદ્ધા કરી, આત્મા તરફનું વલણ કરે તો એને સમ્યગ્દર્શન થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૭, ગાથા-૪૧, બુધવાર, પોષ સુદ ૧૦, તા.૦૬-૦૧-૭૧

૪૧મી ગાથા. અરિહંત પરમાત્મા સશરીરી કેવા હોય. કારણ કે જે ધર્મનું સ્વરૂપ બતાવનાર તો મૂળ સર્વજ્ઞ પરમાત્મા છે. ધર્મનુ મૂળ બતાવનાર તો સર્વજ્ઞ પરમેશ્વર છે. એ સર્વજ્ઞ પરમેશ્વરે બતાવ્યું છે, તો એનું શરીર અને વાણી સહિત એની દશા અંતરમાં કેવી હોય અને બાહ્યમાં પુણ્યનો પણ પ્રકાર કેવો હોય એનું વર્ણન કરે છે. વાસ્તવિક અરિહંત કહો, પરમાત્મા કહો, પરમેશ્વર કહો, સર્વજ્ઞદેવ કહો, એ કેવા હોય એ બોધ એનું જ્ઞાન કરાવે છે. બોધપાહુડ છે ને? ૪૧. એનો ભાવાર્થ છે.

**ભાવાર્થ :- 'અરહંતપના...'** અહીંયાં અર્હંત શબ્દ વાપર્યો છે. અરહંત-અરિહંત બે શબ્દ આવે છે ને? અહીંયા અરહંત શબ્દ વાપર્યો છે. જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન છે, (જાણવામાં) કોઈ બાકી નથી અને ઈન્દ્રોને પૂજ્ય છે. જગતમાં ઈન્દ્રો આદિ મોટા મહાપુરુષો કહેવાય, એના એ પૂજ્ય છે. એથી એને અરહંત કહેવામાં આવે છે. દેવને જાણવાની જ મૂળ તો પહેલી ભૂલ છે. કોને દેવ કહેવા અને કોને દેવનું સ્વરૂપ હોય છે. એ અરહંત એવા હોય છે. નમો અરિહંતાણં. એમ આવે છે ને? એ કોઈ પક્ષનો શબ્દ નથી. એ તો ગુણવાચક શબ્દ છે. જે આવા ગુણ પ્રગટ થયેલા હોય એને અરિહંત અને સર્વજ્ઞ પરમાત્મા કહીએ. એ સિવાય બીજાઓ અરિહંત ને સર્વજ્ઞ અને પરમાત્મા નામ ધરાવે એ સાચી વાત નથી. એમ સમજાવે છે.

**'અરહંતપના...'** એટલી વાત પહેલી. **'ઘાતિયાકર્મકે નાશસે હોતા હૈ.'** એક તો ઈ કે એને જીવની સાથે અનાદિના આઠ કર્મ હોય છે. એ વસ્તુમાંથી ચાર કર્મનો જેણે નાશ કર્યો હોય. ચાર બાકી હોય છતાં અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર થઈ શકે. એવા ઘાતિયાકર્મ. ઘાતિકર્મ એટલે આત્માના ગુણની વર્તમાન પર્યાય પોતે આત્મા હિણીપણે કરે ત્યારે તેને નિમિત્તરૂપે કર્મ હોય, એને અહીંયાં ઘાતિકર્મ કહેવામાં આવે છે. જુઓ! વાસ્તવિક અરિહંત કેવા હોય એને કર્મ પહેલા ચાર હતા. પણ આત્માના અનુભવ ને ધ્યાન દ્વારા જેણે ચાર કર્મને ટાળ્યા. ત્યારે જેનામાં કર્મ જ સંબંધરૂપે નથી અને કર્મ ટાળવા કેવી રીતે અને કેવો સ્વભાવ છે એની ખબર નથી, એને અરિહંતપણું હોઈ શકે નહિ.

**'મોહકર્મકે નાશસે...'** હવે ચારની વ્યાખ્યા કરે છે. ચાર ઘાતિકર્મ છે. આત્માની શાંતિ, આનંદ આદિ દશા,... ત્રિલોકનો નાથ ચૈતન્યરત્ન આત્મા છે, એના સ્વભાવમાં તો પૂર્ણ શાંતિ અને આનંદ પડ્યા છે. એને પૂર્ણ જ્ઞાન છે. એવો આત્મા, એણે આત્માનું અંદર ધ્યાન કરીને.. આ વિધિ એની. ધ્યાન દ્વારા એણે ચાર કર્મનો નાશ કર્યો. અજ્ઞાની પણ અનાદિથી ધ્યાન દ્વારા જ કર્મને બાંધે છે. ધ્યાનમાં ભલે ફેર હોય પણ ધ્યાન દ્વારા (કર્મ બાંધે છે). આર્ત ને રૌદ્ર ધ્યાન. આત્માના સ્વભાવનું ભાન છોડી અને આર્ત અને રૌદ્ર ધ્યાન અને ધ્યાતા સંસારને બાંધે છે. રખડે છે. વીતરાગ ધર્મ અને શુક્લધ્યાન ધ્યાવીને કેવળજ્ઞાન પામ્યા. ધ્યાન તો એણે પણ કર્યું. આને-સંસારીને પણ કરતા આવડે છે. અજ્ઞાનમાં-રાગમાં એકાકાર થઈ જવું એ પણ એક ઊંધું ધ્યાન છે. એ ધ્યાન દ્વારા આઠ કર્મ બાંધે અને રખડે.

અરિહંતને, અનાદિ પહેલા અરિહંત નહોતા ત્યારે આઠ કર્મ તો એને હતા. એમાંથી એણે ચારનો નાશ કર્યો. મોહકર્મ આવે એ ચારમાં પહેલી એક વ્યાખ્યા. મોહકર્મના નાશથી તો મિથ્યાત્વ અને કષાયનો અભાવ (થયો). એને-જીવને મિથ્યાત્વ નામ વિપરીત માન્યતા તો હતી અને કષાય હતો-ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ. એનો અભાવ કરી '**પરમ વીતરાગતા સર્વપ્રકાર નિર્મલતા હોતી હૈ.**' શ્લોકમાં '**સુવિસુદ્ધો**' આવ્યું હતું ને? '**कसायमलवज्जिओ य सुविसुद्धो**' એની વ્યાખ્યા થઈ. જેણે આત્માના આનંદસ્વરૂપમાં રમતાં, ધ્યાન કરતાં જેણે મોહકર્મનો નાશ કર્યો, એને લઈને મિથ્યાત્વ અને કષાયનો એને અભાવ થયો. વિપરીત માન્યતા અને કષાય-રાગ-દ્વેષનો નાશ થયો. પહેલા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ હતો. અનાદિથી અવસ્થામાં શુદ્ધ નહોતો. અનાદિથી દશામાં શુદ્ધ નહોતો. વસ્તુએ શુદ્ધ હતો. પણ એ અશુદ્ધતામાં વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ ને મોહકર્મને પહેલું ટાળ્યું. એને ટાળીને પરમ વીતરાગપણું તદ્દન રાગ અને વિકલ્પ વિના (પ્રગટ કર્યું). દુનિયાને તારું કે ઉગારું કે એવો વિકલ્પ પણ એને હોતો નથી. એને અરિહંત કહેવામાં આવે છે. '**પરમ વીતરાગતા સર્વપ્રકાર નિર્મલતા હોતી હૈ.**' તદ્દન જેની દશા કેવળજ્ઞાનમય (થઈ છે). અહીં તો મોહકર્મના અભાવની વાત છે. નિર્મળ થઈ છે. વીતરાગપણે નિર્મળ દશા થઈ છે. એ મોહના અભાવની વાત કરી.

હવે, '**જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મકે નાશસે અનંતદર્શન-અનંતજ્ઞાન પ્રકટ હોતા હૈ,...**' જ્ઞાનાવરણ, દર્શનાવરણી બીજું-ત્રીજું કર્મ કીધું. પહેલું મોહ કીધું. એનો નાશ કરીને પરમ વીતરાગતા પ્રગટ કરી. નવી દશા પ્રગટ કરી. અનાદિની નહોતી. એવા અરિહંતને અરિહંત કહેવામાં આવે છે. અને '**જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મકે નાશસે અનંતદર્શન-અનંતજ્ઞાન પ્રકટ હોતા હૈ,...**' જુઓ! એના વિશ્વાસમાં આવવું જોઈએ. અરિહંત આવા હોય. જે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે અને જાણે એને અરિહંત કહેવામાં આવે.

બૌદ્ધમાં આવે છે ને? કથામાં નહોતું આવ્યું? આજે આવ્યું હતું ને કાંઈક? 'ફતેહપુર'માં કહ્યું હતું, નહિ? બૌદ્ધના સાધુ સર્વજ્ઞ માનતા અને એમને સર્વજ્ઞ થયું. અને ચેલણા રાણી હતા જૈનધર્મી. સમ્યગ્દૃષ્ટિ આત્માના ભાનવાળા. 'શ્રેણિક' રાજા હતા બૌદ્ધ ધર્મી. એકવાર એના સાધુએ કીધું કે આ તમારી રાણીનો ધર્મ... કહે, ચાલો આપણે જઈએ. પછી 'શ્રેણિક' રાજા કહે, અમારા બૌદ્ધ ગુરુ સર્વજ્ઞ છે. તો અમે આહારનું આમંત્રણ આપીએ છીએ. કાલે અમારે ત્યાં ભોજન કરવા આવે. રાણીએ આમંત્રણ આપ્યું. 'ચેલણા' રાણી સમકિતી જ્ઞાની હતા. આત્માના ભાનવાળા. આહારનું (આમંત્રણ) આપ્યું તો એક બહાર મોજડી ઉતારેલી હતી એ લઈને કટકા કરીને કઢીમાં નાખી. અને એ કઢી એણે પીરસી. ખાધી. રાણી હોંશિયાર. બધો મસાલો-બસાલો નાખીને કઢી કરેલી. ખાધું. પૂરી ને કઢી બધો ઊંચો પકવાન. પછી જ્યાં ચાલવા માંડ્યા ત્યાં વળી મોજડી ન મળે. એલા! એક મોજડી ખોવાઈ ગઈ. ક્યાં ગઈ? સર્વજ્ઞ છો ને? હજી મોજડી ક્યાં ગઈ એની ખબર નથી. તમારા પેટમાં છે. રાણીએ કહ્યું કે તમારા પેટમાં મોજડી છે. અરે..! આ શું? જુઓ! આમ ઓક્યું ત્યાં ઝીણા

ઝીણા કટકા નીકળ્યા. મફતના સર્વજ્ઞ છીએ ને ત્રણકાળના જાણનારા છીએ. આ મોજડી પેટમાં પડી એનું તો ભાન નથી ને તમે અમને સમજાવવા આવ્યા. બૌદ્ધનો અનાદર કર્યો.

એવું જ આણે 'શ્રેણિક' રાજાએ મુનિનો અનાદર કર્યો. નગ્નમુનિ દિગંબર મુનિ તો હતા. ધ્યાનમાં-આનંદમાં હતા. એની ઉપર સર્પ નાખી આવ્યા. મારા ગુરુનો તેં અનાદર કર્યો તો તારા ગુરુનો હું અનાદર કરું. ઓલા 'શ્રેણિક' રાજા (કહે). નાખી આવ્યા પછી કહે, જુઓ! મેં તો આમ કર્યું છે. એ સર્પ-બર્પ કાઢી નાખ્યો હશે તારા ગુરુએ. અમારા ગુરુ સર્પ કાઢે નહિ. એ ધ્યાનમાં-આનંદમાં હોય. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં અનુભવમાં હોય એને સાધુ કહીએ. માટે સર્પ-બર્પ આવે ને કાઢી નાખે એ મુનિ મુનિ હોઈ શકે નહિ. ચાલ. રાણીને કહ્યું. એ ધ્યાનમાં હતા. સર્પ કાઢીને બોધ આપ્યો સમકિત પામ્યા ત્યાં. લ્યો! આ સર્વજ્ઞ. એવા સર્વજ્ઞ ન હોય. આ બધા કહે છે ને અમે ત્રિકાળ જ્ઞાતા છીએ, ત્રિકાળ વેતા છીએ. શેના ત્રિકાળ વેતા? એક સમયમાં જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હોય, એની દશા આહાર-પાણી વિનાની થઈ જાય, શરીર નિરોગી થઈ જાય એવી તો જેની શરીરની દશા હોય. એની તો ખબર ન મળે અને થઈ ગયા સર્વજ્ઞ પરમાત્મા.

કહે છે, '**જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મકે નાશસે અનંતદર્શન-અનંતજ્ઞાન પ્રકટ હોતા હૈ,...**' આ વિશ્વાસ ક્યાંથી લાવવો? સમજાણું કાંઈ? આત્માની જ્ઞાનની પર્યાય-એક સમયની દશા અનંત-અનંત ને ત્રણ કાળ ત્રણ લોકને જાણે. આટલામાં રહ્યા છતાં ત્રણકાળ ત્રણલોકને જાણે એ વિશ્વાસ કેટલો એનો? એવા કેવળજ્ઞાનીના માનનારનો, હોં! અહીં તો કહ્યું. સમજાણું કાંઈ? આવા અરિહંત હોય છે એને માને, એની માન્યતામાં જ્ઞાનની એક સમયની દશા ત્રણકાળ ત્રણલોક (જાણે, એમ વિશ્વાસ હોય). ભાષા તરીકે નહિ, એના ભાવમાં એ વાત આવવી જોઈએ કે ઓ..હો...! અરિહંતદેવ પરમાત્મા આવા હોય. અરિહંત હોય છે. એમ કહ્યું છે ને પહેલું?

એક સમયની અંદર જેને અનંતજ્ઞાન, અનંતદર્શન (પ્રગટ થયા છે). એવી જ શક્તિ મારી છે. ભગવાને પણ શક્તિમાંથી પ્રગટ કર્યું છે અને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક (જાણે). ક્ષેત્ર આટલું પોતે, જાણે અનંતક્ષેત્ર અને અનંતકાળ. આહાહા..! એવા આત્માની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય આટલું. એવા દેવને દેવ તરીકે કહે અને એવા દેવ માનનારા.. ઓ..હો..! જેને ત્રણકાળ ત્રણલોક ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું જણાઈ ગયું, એવો જેનો જ્ઞાનનો એક સમયનો પર્યાય, અવસ્થા છે એ તો. ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. આવી જેને શ્રદ્ધા અરિહંતની થાય, એને અંતરમાંથી જ્ઞાન ને દર્શન આવ્યું તો અંતરનું ધ્યાન કરું તો મને પણ પ્રગટ થાય, એવી એને શ્રદ્ધા થાય. સમજાણું કાંઈ? ભારે કામ. સર્વજ્ઞના જ વાંધા છે આખા. લોકોને જ્ઞાનની એક સમયની દશા બધું જાણે એના વાંધા છે. કાં તો ભવિષ્યની પર્યાય થાય ત્યારે જાણેને કાં તો આમ થાય ત્યારે જાણે, એમ કરીને બધા વાંધા. આહાહા..! એ અનંતજ્ઞાન ને અનંતદર્શનથી પરમાત્મા...

'**ઈનસે સબ દ્રવ્ય પર્યાયોંકો એક સમયમેં પ્રત્યક્ષ દેખતે હૈં ઔર જાનતે હૈં.**' એવો આત્માનો એક સમયનો જ્ઞાનનો, દર્શનનો પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા. એક સમયની

હાલત આટલી છે. આહાહા..! સમજાણું કાંઈ? એવું ત્રિલોકનાથ ત્રણ લોકનું તિલક સર્વજ્ઞ પરમેશ્વર આવી એક જીવની આવી દશા થાય છે. એવી એ જીવની તાકાત છે. એને વિશ્વાસ કરતાં એને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો સ્વભાવ અને આવી જેની પૂર્ણ દશાની પ્રગટતા! એવો આત્મા એક સમયની દશાના સામર્થ્યવાળો, એને અરિહંત કહીએ. એવા દેવનો જેને વિશ્વાસ અને પ્રતીત આવે છે, એને પોતાના આત્માની પ્રતીત આવે છે કે અહો..! હું પણ એક સમયમાં અનંતજ્ઞાન અને દર્શન પામી શકું એવો મારો આત્મા છે. અલ્પજ્ઞ અને અલ્પ દર્શનપણે રહું એ મારી ચીજ નહિ. રાગપણે રહું એ તો નહિ પણ અલ્પજ્ઞ અને અલ્પ દર્શીપણે રહેવું એ હું નહિ. આહાહા..!

આવા અરિહંતને માનનારની દૃષ્ટિ વસ્તુના સ્વભાવના સામર્થ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ? એથી આવા અરિહંત હોય એને બતાવે છે. એ સિવાય સાધારણ માણસો વર્તમાનમાં કાંઈ બધું જાણતા હોય, વર્તમાન એવું બધું સર્વજ્ઞ છીએ એમ  મનાવે, માને કાંઈક કો'કના મનની વાત જાણતો હોય, કોઈ જ્યોતિષી જાણતો હોય, કોઈ ઓલાથી જાણતો હોય, માટે સર્વજ્ઞ છે આ. એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- યોગ સમાધિથી...

ઉત્તર :- ના, ના. યોગ સમાધિ એ બધું તો અજ્ઞાન છે. આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે, એમાં એકાગ્ર થાવું એ યોગ અને સમાધિ છે. એ તો ભાન વિના ક્યાંથી યોગ-સમાધિ હોય એને? આમને આમ જડ થઈને બેસે. બાર-બાર વર્ષના મૌનપણા. જુઓને! હમણાં કોઈક ભાઈએ કહ્યું. કો'ક આવ્યો છે ત્યાં 'મુંબઈ'. હમણા કો'ક આવ્યું છે. બાર વર્ષથી મૌન હતું. બોલ્યો એટલે લોકોને આહાહા..! હજારો માણસ જોવા આવ્યું. ધૂળમાં પણ નથી. એકેન્દ્રિય જીવ મૌન જ છે. વાણી નથી. આ લીલોતરી લ્યો. એથી શું થયું? આહાહા..! મૌન એટલે શું?

આત્મા અંદર પુણ્ય અને પાપના વિકલ્પમાં અટકેલો એને છોડીને સ્વરૂપની સ્થિરતા પ્રગટ કરે એ મૌનમાંથી નીકળ્યો અને જાગૃત થયો. બહારના મૌનપણા એવા જડના અનંત વાર કર્યા. કાષ્ટ મૌન આવે છે. કાષ્ટમૌન. લાકડુ બેસે. આ 'રણછોડજી' હતા એ બહુ કરતા. 'રાજકોટ'. સમજાણું કાંઈ? વસ્તુ એમાં કાંઈ છે નહિ. ધૂળેય નથી. અંતર આનંદ સ્વરૂપ અને પૂર્ણ જ્ઞાન-દર્શનનો ભંડાર, એમાં એકાગ્ર થઈને મૌનપણું વિકલ્પનું કરી નાખે. આહાહા..! એને કેવળજ્ઞાન અને કેવળદર્શન અલ્પકાળમાં થાય. એને અરિહંત કહેવામાં આવે છે. આહાહા..!

હજી તો નમો અરિહંતાણં પહેલા શબ્દના ભાવમાં જ વાંધા. ધર્મ તો પછી. એક સમય આ કોને કહીએ! ભાઈ! એને પોતાને બેસવું કઠણ પડે. આવા અરિહંત હોય. શરીર પ્રમાણે એના આત્માનું ક્ષેત્ર હોય અને ભાવ તો ત્રણકાળ ત્રણલોકને જાણે એટલી પર્યાય હોય. આહાહા..! આવા તત્ત્વનો સ્વભાવ છે અને એની એવી પ્રતીત થવી એ અપૂર્વ વાત છે. સમજાણું કાંઈ? એમ ઓઘે-ઓઘે નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં... કરે. એવા તો ગડિયા અનંત વાર કર્યા. આ..હા...!

કહે છે કે, '**સબ દ્રવ્યપર્યાયોંકો...**' એક-એક કાળ. જેટલા જગતમાં ભગવાનના જ્ઞાનમાં આવ્યા હતા, એટલા બધા દ્રવ્યો પહેલા ભગવાન થયા હતા એના જ્ઞાનમાં (આવ્યા હતા) એવા આ જ્ઞાનમાં આવ્યા, કહે છે. સર્વ દ્રવ્ય, વસ્તુ અનંતી અને એની દરેક સમયની ભૂત-ભવિષ્ય અને વર્તમાનની બધી પર્યાય. એને (જાણવાનો) એક કાળ. એક તો સર્વ દ્રવ્ય, એની સમય સમયની ત્રણકાળની અવસ્થાઓ, એને એક એક કાળ અને પ્રત્યક્ષ. એક એક કાળ અને પ્રત્યક્ષ દેખે ને જાણે. આહાહા..! આવા અરિહંતને દેવ તરીકે કહેવામાં આવે છે. ઓઘે ઓઘે સમજ્યા વિના નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કોઈ અરિહંત થઈ ગયા હશે. ત્રણકાળના જાણનાર હશે. ત્રણકાળ શું, જાણવું શું? કાંઈ ખબર ન મળે. ભાન વિનાની પ્રતીતિ એ બધી પ્રતીતિ ખોટી છે. સમજાણું કાંઈ? આવો અભ્યાસ કાંઈ વકિલાતમાં આવતો હશે? 'મંગળદાસભાઈ'! 'ચિરંજીવી'ને નહિ આવ્યો હોય હજી તો. એ બેઠા છે ને, આવ્યા છે ને. તમારી પાછળ છે. આ તો અભ્યાસ નહિ આવ્યો હોય, એમ કહું છું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વાત સાચી છે. આ તો વિષય જુદો છે.

આહાહા..! જેટલા જગતના તત્ત્વો છે અનંત, એની સંખ્યા કહેશે, એ અનંતની ત્રિકાળી અનંતી અવસ્થાઓ, એક સમયમાં અનંતી ગુણની અવસ્થા એવી ત્રણકાળની, જેને એક ક્ષણમાં, એક સમયમાં, એક કાળમાં એટલે એક ક્ષણમાં (જાણે). નાનામા નાનો સમય. ક બોલીએ એમાં અસંખ્ય સમય જાય. એવો એક સમય. આ તે કાંઈ સામર્થ્ય! આહાહા..! આવા આત્માના જ્ઞાનની એક સમયની પર્યાયનું પ્રત્યક્ષપણું જેણે ત્રણકાળ ત્રણલોકની પર્યાય થાય એ જાણે ને દેખે. જ્ઞાનાવરણીયના નાશથી જાણે, દર્શનાવરણીયના નાશથી દેખે. પણ જેને હજી કર્મ જ નથી અને કર્મ શું છે એનું ભાન નથી, એને કર્મનો અભાવ થઈને કેવળજ્ઞાન થાય એમ બનતું નથી. અને થઈ ગયા ભગવાન થઈ જાય, લ્યો! અમે ભગવાન છીએ. કાંઈક બ્રહ્મચર્ય પાળતા હોય અને કાંઈક જરી પુણ્ય પ્રકૃતિ હોય. એમ નથી. ભાઈ! અરિહંતની વ્યાખ્યા ઝીણી બહુ છે.

હવે કહે છે કે દ્રવ્ય અને પર્યાય જે જાણે ભગવાન, એ ક્યા દ્રવ્યોને જાણે? '**દ્રવ્ય છહ હૈં – ઉનમેં જીવદ્રવ્યકી સંખ્યા અનંતાનંત હૈ,...**' આ આત્માઓ અનંતા અનંત છે. એક આત્મા નહિ. આહાહા..! એક બટાટાની રાય જેટલી કટકી, એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા અનંતા જીવ. એવો આખો લોક જીવથી ભર્યો છે. સમજાણું કાંઈ? જુઓ! અરિહંત આવા હોય કે આ બધા દ્રવ્યને જાણે, એમ કહે છે. અને એની અવસ્થાને પણ જાણે. આહાહા..! જેનો સ્વભાવ જાણવું, એ કોને ન જાણે અને કોને જાણવું બાકી રાખે? આહાહા..! એવો જેનો સ્વભાવ પ્રગટ થયો છે. ભલે દેહ હો, વાણી-વિહાર હો, પણ અંદરમાં તો ત્રણકાળનું જેને જ્ઞાન પ્રગટ થયું એવાને અરિહંત કહેવામાં આવે છે.

કહે છે, આ આત્મા જીવની જેટલી સંખ્યા છે જગતમાં, એ બધી અનંતાઅનંત છે. અનંતાઅનંત. આટલો અહીં ક્ષેત્રનો ભાગ છે એમાં સૂક્ષ્મ નિગોદના જીવ છે. અનંતા. એક એક નિગોદનું શરીર અનંતા જીવવાળું છે. એવો આખો લોક ભર્યો છે. અરે..! આવી

મહાસત્તા! એનું રાગ વિનાનું જ્ઞાન થઈ જાય અને આ બધાને જાણે! એ શું ચીજ છે! એ આત્મા કેવડો અને કેવો છે? સમજાણું કાંઈ? એ ત્રિલોકનું રતન છે, ત્રણલોકનો નાથ છે. એને આવા અલ્પકાળમાં રાગમાં રોકાવું એ એનું સ્વરૂપ નથી. એ તો ત્રણકાળ ત્રણલોકને સર્વ દ્રવ્યને જાણે એવું એનું સ્વરૂપ છે. આવો આત્મા જેને વિશ્વાસે આવે એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? સમ્યક્ નામ જેવો આત્માનો સ્વભાવ (છે) એવી પ્રતીત અને ભાન થાય. કે જેથી એને મોક્ષના માર્ગે ચડવાની કળા હાથ આવે. આહાહા..!

વળી, '**પુદ્ગલ દ્રવ્ય ઉસમે અનંતાનંત ગણે હૈં,...**' જીવની સંખ્યા છે અનંતી, એના કરતાં આ પરમાણુ અનંતા અનંતગુણા છે. કહો, સમજાણું કાંઈ? જુઓને! આ એક આત્મા છે અને આ બધા અનંતા અનંતા રજકણો છે. એવા એવા અનંતા આત્માઓ, એની દરેક પાસે કાર્મણ, તેજસ, ઔદારિક કે કોઈ પાસે વૈક્રિયક (શરીર છે). જીવની જેટલી સંખ્યા અનંતી. પેલા એક જ આત્મા કહે એમ નહિ. આ તો અનંતા આત્મા છે. એ બધા સર્વજ્ઞ થવાને લાયકવાળા છે. સમજાણું કાંઈ?

સર્વ જીવ છે સિદ્ધ સમ. 'આત્મસિદ્ધિ'માં આવે છે ને? 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' 'મંગળદાસભાઈ'! 'શ્રીમદ્'માં આવે છે. 'આત્મસિદ્ધિ'. 'સર્વ જીવ છે સિદ્ધ સમ.' ૨૯ વર્ષે 'આત્મસિદ્ધિ' બનાવી. બધા આત્માઓ સિદ્ધ સમાન છે. જે સમજે તે થાય. મારે એની તરવાર. બાંધે એની નહિ. બાંધી તો રાખે, એ શું કરે? મારે એની તરવાર. એમ જેનામાં આત્માની આવી શક્તિ છે એ પ્રગટ કરે તો એ અરિહંત થાય. સમજાણું કાંઈ? જે સમજે તે થાય. 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' જે સમજે તે સિદ્ધ થાય એમ કહે છે. સમજવાથી સિદ્ધ થાય એમ જ કહે છે એમાં તો. એની સમજણ, એની શ્રદ્ધા, એનું ચારિત્ર બધું એક જ છે. એ બધી સમજણ જ છે. આહાહા..!

એ અનંતાઅનંતગુણા તો પુદ્ગલો છે. એને પણ ભગવાનનું જ્ઞાન એક સમયમાં જાણે છે. આહાહા..! આત્મા કેવડો છે એની એને પ્રતીત નથી. ભાષા તરીકે નહિ, એને ભાવમાં એની મહત્તાની મોટપ આવવી જોઈએ. વળી '**આકાશ દ્રવ્ય એક હૈ...**' જીવ અનંત છે, એનાથી અનંતગુણા પુદ્ગલ છે. આકાશ એક છે. આ વ્યાપક - લોક અને અલોક. લોક છે આ છ દ્રવ્યવાળો અને ખાલી ભાગ, ખાલી ભાગ, ખાલી-ખાલી. જે ખાલીનો ક્યાંય અંત નથી. એમનેમ ચાલ્યું જ જાય છે ખાલી ભાગ, ખાલી... ખાલી... ખાલી... આહાહા..! વીતરાગનું તો દ્રવ્ય પણ એવું, ગુણ પણ એવા, પર્યાય પણ એવા અને ક્ષેત્ર પણ એવું જગતનું. સંખ્યા પણ આત્મા અને પરમાણુની જુએ તો રાડ નાખી જાય. આહાહા..! ઓલો તો એક જ આત્મા વ્યાપક કરીને ઠરી ગયા. જાવ આત્મા વ્યાપક છે, એક જ છે. અદ્વૈત્ય છે. એમ નથી.

અનંતા આત્માઓ છે અને અનંતા આત્માના અનંતા ગુણો છે. તેથી અનંતગુણા તો પરમાણુ જગતમાં છે. એ બધાને એક સમયમાં જાણે. રાગના અવલંબન વિના, મનના આશ્રય વિના એકલા ચૈતન્યની શક્તિની સમૃદ્ધિથી જાણે. એવું એને વિશ્વાસમાં આવવું જોઈએ. સમજાણું કાંઈ?

'**આકાશ દ્રવ્ય એક હૈ વહ અનંતાનંત પ્રદેશી** હૈ...' લ્યો! વસ્તુ એક પણ એના પ્રદેશ અનંત છે. પ્રદેશ સમજાય છે? પ્રદેશ શું કહેવાય?

મુમુક્ષુ :- જે જગ્યામાં એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ પુદ્ગલનો પરમાણુ રહે એને પ્રદેશ કહીએ.

ઉત્તર :- પ્રદેશ કહીએ. જે જગ્યામાં એક આ પરમાણુની જગ્યા જેટલી રોકે એટલા ભાગને પ્રદેશ કહીએ. એવા અનંત પ્રદેશી આકાશ છે. અનંતાઅનંત પ્રદેશી આકાશ. આકાશ ચાલ્યું જ જાય છે. કોઈ દિશાએ જાઓ, અંત ન આવે. શું છે આ તે ચીજ! આહાહા..! પછી શું? પછી શું? પછી શું? છેલ્લું શું? 'મંગળદાસભાઈ'! છેલ્લું શું? એમનેમ છે. તેથી આ બેઠકમાં કરે છે ને? શું કહેવાય એ? કોઈ નાના-મોટા ન કહેવાય. ગોળ થઈને બેસે બધા. એટલે કોઈ નાનો મોટો ન હોય.

અહીં કહે છે કે આકાશ અનંત પ્રદેશી, જેનો ક્યાંય અંત નહિ એ જ્ઞાનમાં જણાય. એ જ્ઞાનની દશામાં જણાય એને અરિહંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવા સ્વભાવવાળો આત્મા, એની પ્રતીત કરે અને સમ્યગ્દર્શન કરે એ અરિહંતનો ઉમેદવાર છે. અને (જેને) પ્રગટ થયું છે તે સાક્ષાત અરિહંત છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મનું રૂપ આકરું છે, ભાઈ! સાધારણ ઉપરથી માની બેસે (એમ નથી). અંદર એનો ભાવ (ભાસવો જોઈએ). આવો અનંત.. અનંત.. અનંત.. ક્ષેત્રથી જેનો અંત નથી એ પણ જ્ઞાનમાં જણાય. ત્યાં અંત આવી ગયો ને? જ્ઞાનમાં જણાઈ ગયું બધું.

મુમુક્ષુ :- અનંત થઈને જણાયું કે અંત થઈને જણાયું?

ઉત્તર :- એ બધું એટલે જેમ અનંત છે એવું જણાઈ ગયું. આહાહા..! આ તે કાંઈ વાત છે! જ્ઞાનના સ્વભાવમાં એક સમયની પર્યાયમાં અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. અનંત... દરેક દિશાએ બધું જણાઈ ગયું. જણાઈ ગયું માટે ત્યાં અંતવાળુ છે એમ છે નહિ. અનંતને અનંત તરીકે જાણ્યું. એવી આત્મામાં અરિહંત દશા પ્રગટ થતાં કેવળજ્ઞાન અને કેવળદર્શનની શક્તિ પ્રગટે છે, એમ કહે છે.

'**અનંતાનંત પ્રદેશી હૈ...**' કોણ? આકાશ. વસ્તુ એક અને અનંતા... અનંતા... અનંતા... પ્રદેશ જેના છે. આહાહા..! એથી પણ અનંતગુણા જેટલા આકાશના પ્રદેશ છે એથી અનંતગુણા તો એક જીવદ્રવ્યના ગુણ છે. આહાહા..! એક આત્મા છે આ, એની સંખ્યાએ ગુણ. સંખ્યાએ. જેમ જાણવું શ્રદ્ધવું, ઠરવું વગેરે. સંખ્યાએ એટલા ગુણ છે કે અનંતા અનંત પ્રદેશી આકાશ છે એનાથી અનંતગુણા ગુણ છે. આવડો મોટો તો આત્મા ક્ષેત્રમાં રહેલા ભાવથી છે અને એ એક એક ભાવની શક્તિ તો અનંતી અનંતી છે. આહાહા..!

સંવર, ચાવણં ને ચકવતીને આવે છે ને? નમોત્થુણંમાં આવે છે. સામાયિકમાં નમોત્થુણંનો પાઠ આવે ને? નમોત્થુણં, અરહંતાણં, ભગવંતાણં... કર્યું છે? સામાયિકના પાઠ આવે ને ? પહેલો નમો અરિહંતાણં, બીજો તિકખુત્તો, ત્રીજો ઈચ્છામી, ચોથું તસસૂતરી, પાંચમું લોગ્ગસ, છઠ્ઠું કરેમીભંતે, સાતમું નમોત્થુણં. સાત પાઠ આવે, સાત. અર્થ કોને આવડતા હોય? હજી પાઠ પણ ન કર્યો હોય. આ તો બધા વસ્તુના સ્વરૂપને જાણવાના મંત્રો છે એ બધા.

કહે છે, લોક અનંતાઅનંત પ્રદેશી છે. આહાહા..! **'ઈસકે મધ્યમેં સબ જીવ-પુદ્‌ગલ અસંખ્યાત પ્રદેશમેં સ્થિત હૈં,...'** લ્યો! જે અનંત અનંત આકાશ છે એની મધ્યમાં. કારણ કે મધ્ય જ ક્યાં? ચારે બાજુ અનંત છે. આમ ચારે બાજુ છે એમાં મધ્યમાં આ લોક-જગત છે. કહે છે, એના **'સબ જીવ-પુદ્ગલ અસંખ્યાત પ્રદેશમેં સ્થિત હૈં,...'** એ બધા જીવ અને પુદ્‌ગલો આકાશના અસંખ્યાત પ્રદેશમાં રહે છે. અનંતા અનંત પ્રદેશ તો ખાલી. ચારે બાજુ ખાલી... ખાલી... ખાલી... આહાહા..! એના જ્ઞાનનો વિષય તો કેટલો છે! ત્રણકાળ ત્રણલોકને જાણવાના આવા ભાવ પ્રગટ્યા હોય એને અરિહંત કહીએ. આમ અરિહંત-અરિહંત કરે. પરમાત્મા બીજા કહે. એ પરમાત્મા છે, પરમેશ્વર છે, ભાઈ એ તો ભગવાન છે. ભગવાન કઈ રીતે? વસ્તુની પ્રગટ દશા આવી હોય એને ભગવાન-પરમાત્મા સાક્ષાત્ કહેવામાં આવે. શક્તિએ તો છે.

**'ઈસકે મધ્યમેં સબ જીવ...'** અનંતા અનંતા જીવ અને એથી અનંતગુણા પુદ્‌ગલ, એ આકાશના અનંતા અનંતા પ્રદેશમાં વચલા અસંખ્ય પ્રદેશમાં આ લોક જીવ ને પુદ્‌ગલ વચમાં છે. વચમાં એટલે સમજાણું? મધ્યમાં. મધ્યમાં છે. ચારે બાજુ અનંત અનંત છે પછી એની મધ્યમાં... આહાહા..! અનંતાઅનંત આકાશમાં એક રાયના દાણા જેટલું જાણે લોક હોય એમ દેખાય. જેમાં અનંતા સિદ્ધો, અનંતા નિગોદો, અનંતાઅનંત પુદ્‌ગલો અને અનંતા અનંત આકાશના હિસાબે આ અસંખ્ય પ્રદેશી લોક છે એટલામાં આ બધું છે. બાકી તો ખાલી ખાલી (છે). આહાહા..! એને આકાશ કહે છે.

વળી **'એક ધર્મદ્રવ્ય, એક અધર્મદ્રવ્ય...'** છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ નામના બે પદાર્થ છે ભગવાને જોયેલા. જે ગતિ કરતાં (જીવ, પુદ્‌ગલને) ધર્માસ્તિકાયનું નિમિત્ત છે અને (ગતિ કરી) સ્થિર (રહેતાં એવા પદાર્થોને) અધર્માસ્તિકાયનું નિમિત્ત છે, એવા બે દ્રવ્યો છે. એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. **'દોનોં અસંખ્યાતપ્રદેશી હૈં...'** ઓલાને અનંતા અનંત હતા. આ અસંખ્યાત પ્રદેશી ધર્માસ્તિકાય લોક પ્રમાણે છે. **'ઈનમેં આકાશકે લોક-અલોકકા વિભાગ હૈ,...'** લ્યો! 'પંચાસ્તિકાય'માં આવતું હતું. ધર્માસ્તિ-અધર્માસ્તિ નામના બે દ્રવ્યો છે, વસ્તુ છે. એનાથી લોક અને અલોક બે ભાગ પડી ગયેલા છે. જ્યાં સુધી ધર્માસ્તિ, અધર્માસ્તિ (રહે છે) ત્યાં સુધી લોક પછી ખાલી અલોક. બે ભાગ પડી ગયા. ધર્માસ્તિ-અધર્માસ્તિના. 'પંચાસ્તિકાય'માં છે. સમજાણું?

**'વિભાગ હૈ,...'** એનાથી વિભાગ છે. એમ. એટલે? ધર્માસ્તિ, અધર્માસ્તિ બે દ્રવ્યો લોક પ્રમાણે છે અને પછી ખાલી છે. માટે બે વિભાગ છે, એમ એનો અર્થ. **'ઉસી લોકમેં હી કાલદ્રવ્યકે અસંખ્યાત કાલાણું સ્થિત હૈં.'** આ લોકની અંદર એક કાળદ્રવ્ય છે, (સંખ્યાએ) અસંખ્યાત. એક એક આકાશના પ્રદેશ ઉપર એક એક કાળાણું છે. અરૂપી પદાર્થ છે, અનંત ગુણનો સ્વામી છે. અનંતી ત્રણકાળની પર્યાય એમાં થાય છે. કાળાણુંને. આહાહા..! **'ઈન સબ દ્રવ્યોંકે...'** આ જેટલા પદાર્થ કીધા એના **'પરિણામરૂપ પર્યાય હૈ'** ભાષા જુઓ! એ દ્રવ્યના પરિણામરૂપ પર્યાય છે. એની વર્તમાન પરિણમનની એની અવસ્થાઓ **'એક-એક**

**દ્રવ્યકે અનંતાનંત હૈં,...**' એક એક વસ્તુની અનંતાઅનંત પર્યાય છે. ભારે લાગે. સાધારણ માણસને તો લાગે કે આ શું કહે છે આવું? બાપુ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

'**એક એક દ્રવ્યકે અનંતાનંત પર્યાય હૈં,...**' એ એક એક દ્રવ્યની અનંતાઅનંત પર્યાય-પરિણામ છે. એક સમયમાં અનંતી પર્યાય છે, અનંતા ગુણ છે માટે. ત્રણકાળની અનંતી પર્યાય છે. આહાહા..! '**એક-એક દ્રવ્યકે અનંતાનંત હૈં, ઉનકો કાલદ્રવ્યકા પરિણામ નિમિત્ત હૈ,...**' કોને? આ બધા દ્રવ્યોનું પરિણમન થાય એ પર્યાય થાય એમાં કાળદ્રવ્ય એને નિમિત્ત છે. '**ઉસકે નિમિત્તસે ક્રમરૂપ હોતા સમયાદિક 'વ્યવહારકાલ' કહલાતા હૈ.**' કાળને પણ સમય, બે સમય કહેવાય છે એ વ્યવહારકાળ. '**ઈસકી ગણનાસે અતીત, અનાગત, વર્તમાન દ્રવ્યોંકી પર્યાયેં અનંતાનંત હૈં,...**' એક આત્માના અનંતાઅનંત પર્યાય છે. એક પરમાણુના અનંતાઅનંત પર્યાય છે. આ તો વીતરાગ થવાની વાત છે. આમ કેમ છે, (એવા) વિકલ્પનો જેમાં અવકાશ નથી. એવું જ્ઞાન આવા બધા પદાર્થની પર્યાયોનું રાગ વિના જાણી શકે એવો તો આત્મા પોતે સ્વાવલંબી છે. સમજાણું કાંઈ?

'**ઈન સબ દ્રવ્ય-પર્યાયોંકો અરહંતકા દર્શન-જ્ઞાન એક સમયમેં દેખતા ઔર જાનતા હૈ,...**' એક સમયમાં ભગવાનનું જ્ઞાન ને દર્શન સશરીરી અરિહંત કેવળજ્ઞાની પણ સયોગી અરિહંત. એમ છે ને? '**ઈસલિયે અરહંતકો સર્વદર્શી-સર્વજ્ઞ કહતે હૈં.**' લ્યો! માટે તેવા ભગવાનને સર્વદર્શી અને સર્વજ્ઞ કહેવાય. સર્વદર્શી, સર્વજ્ઞાન એટલે કે આવા અનંતાઅનંત દ્રવ્ય, એની ત્રણકાળની પર્યાય સર્વને દેખે-જાણે માટે સર્વદર્શી અને સર્વજ્ઞ કહીએ. સમજાણું કાંઈ?

આવડો આત્મા મોટો, એને એક સમયમાં આવું બધું જણાય. એવડો જ આત્મા હું છું. મારા આત્મા અને ભગવાનમાં કાંઈ ફેર નથી. પર્યાયમાં ફેર ભાંગવા માટે દ્રવ્ય-ગુણમાં ફેર નથી, એવી દૃષ્ટિ કરતાં, દૃષ્ટિ કરતાં ફેર ભાંગીને પોતે પરમાત્મા થાય. આહાહા..!

સંસારના દુઃખો જુઓને આ. છોકરો મરી ગયો, એનો બાપ ગાંડો થઈ ગયો. કો'ક કહેતું હતું. કોનો? બીજાનો કાંઈક? 'લાલિયા' ગરાસિયાનો. એ પણ એક મરી ગયો હમણાં. ગરાસિયાનો છોકરો. એનો બાપ ગાંડો થઈ ગયો. એ પણ મરી ગયો. શું કહેવાય? શોક. ગરાસિયાની વાત. 'ચુડા' પાસે લાલિયાદ. 'અમેરિકા' ગયો હતો. આહાહા..! આ પણ છ મહિનાનું પરણેતર. પચાસ લાખ રૂપિયા. શું કરે? ધૂળ એના પચાસ લાખ. એની સ્થિતિ પૂરી થાય એટલે શોક લાગ્યો. થઈ રહ્યું. એના પિતાજી હશે. છોકરો ૨૩ વર્ષનો. આ તો દરબારે વાત કરી. એ સાચી વાત. એ 'લાલિયાદ'ના ગરાસિયાનો છોકરો 'અમેરિકા' ગયો હશે ત્યાં મરી ગયો ઓલામાં. એના બાપે સાંભળ્યું તો મગજ ફરી ગયું. આહાહા..!

અરે..! આપણે 'બાબુભાઈ' બ્રહ્મચર્યનું પાળતા (એમાં) એના બાપનું મગજ ફરી ગયું હતું. 'ફતેપુર' 'બાબુભાઈ'. નાની ઉંમર. ૩૬-૩૮ વર્ષની ઉંમર હતી. બાધા લીધી. પૈસાવાળો માણસ. બાધા લીધી જાવજીવનું બ્રહ્મચર્ય. આજ્ઞા લઈને, હોં! બાપુજી આજ્ઞા છે આપની? એમ કરીને. જ્યાં સાંભળ્યું ત્યાં તો પાગલ થઈ ગયા, મગજ ફરી ગયું. માણસને

સહન કરવાની શક્તિ નથી ને. આહાહા..! આવું તો અનંતું થાય તો આત્મા જાણે એવી તાકાતવાળો છે. આમાં વિસ્મય ક્યાંય છે નહિ. આહાહા..!

'**ઈસલિયે અરહંતકો સર્વદર્શી-સર્વજ્ઞ કહતે હૈં.**' હવે જરી વધારે અર્થકાર અરિહંતનો ખુલાસો કરે છે. લોકોને દેવમાં મોટી ભૂલ છે. કારણ કે દેવ અરિહંત એ સર્વજ્ઞ ધર્મના મૂળ છે. ધર્મના કથન કરનારા પરમાત્માએ ત્રણકાળ ત્રણલોક જોયા, એને વાણી દ્વારા એને આવ્યું, એવા અરિહંતની જેને હજી ખબર નથી એને ધર્મની ખબર હોતી નથી. આ તો વાત કરી આટલી. વિશેષ કહે છે, હવે જુઓ! ભાઈ! કેવા? 'જયચંદ્ર પંડિત' છે ને? '**ઈસપ્રકાર અરહંતકા નિરૂપણ ચૌદહ ગાથાઓંમેં કિયા.**' આપણે શરૂ થઈ ગયું ૨૮મી ગાથાથી. ૨૮ ગાથા થઈને? ૨૮થી શરૂ કરી.

'**પ્રથમ ગાથામેં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, ગુણ પર્યાય સહિત ચ્યવન, આગતિ, સંપત્તિ યે ભાવ અરહંતકો બતલાતે હૈં.**' એનું નામ એવા ગુણો. સ્થાપના આ ગતિ, સ્થિતિ, જાતિ આદિ બતાવીને? દ્રવ્ય - શરીર, ભાવ - એની શક્તિ, એના ગુણો અને એની પર્યાય ત્રણ કાળને જાણે. એનું ચ્યવન-અરિહંત ક્યાંથી આવ્યા? કારણ કે હજી પરમાત્મા તો આ ભવમાં થયા. એ કોઈક ગતિમાંથી આવે ને? એમ આગતિ. ચ્યવન એટલે અહીંથી જવું ક્યાં? આગતિ આવે ક્યાંથી? સંપત્તિ શેની? ઋદ્ધિ. સર્વજ્ઞ અને સર્વદર્શી થાય તો બહારની સંપદા કેવી એની ઋદ્ધિ હોય? એ '**અરહંતકો બતલાતે હૈં. ઈસકા વ્યાખ્યાન નામાદિ કથનમેં સર્વ હી આ ગયા,...**' બધું આવી ગયું, કહે છે. '**ઉસકા સંક્ષેપ ભાવાર્થ લિખતે હૈં :-**' એનો થોડો ભાવાર્થ કહેવામાં આવે છે.

'**પ્રથમ ગર્ભકલ્યાણક હોતા હૈ;...**' ત્યાંથી ઉપાડ્યું. એ અરિહંત તીર્થંકર જે થાય એ કોઈ ગતિમાંથી આવે. એ માતાના પેટમાં આવે ત્યારે ગર્ભ કલ્યાણક દેવો કરે. ઈન્દ્રો આવીને ગર્ભકલ્યાણક કરે એનું. આહાહા..! '**ગર્ભમેં આનેકે છહ મહીને પહિલે...**' ગર્ભમાં આવ્યા પહેલાં, છ મહિના પહેલાં '**ઈન્દ્રકા ભેજા હુઆ કુબેર...**' ઈન્દ્રનો હુકમ થાય ધનદને. એક લોકપાળ છે, લોકપાળ. હુકમ કરે એને. જાવ માતાના કુંખમાં છ મહિને ભગવાન આવવાના છે. આહાહા..! ત્રણ જ્ઞાન (અને) સમકિત લઈને. અરિહંત પછી થશે. પણ આત્માનું જ્ઞાન અને ત્રણ જ્ઞાન લઈને તો માતા પેટમાં તીર્થંકર આવે. સમજાણું કાંઈ? ઈન્દ્ર ધનદને હુકમ કરે, જાવ.

'**જિસ રાજાકી રાણીકે ગર્ભમેં તીર્થંકર આયેંગેં...**' જે રાજાની રાણીના ગર્ભમાં ભગવાન આવશે '**ઉસકે નગરકી શોભા કરતા હૈ,...**' અહીંયાં હોય છે ને મોટો રાજા આવ્યો હોય ત્યાં એના માણસો આવીને બધું સાફસૂફ વળાવે, ધોળ નખાવે. નખાવે છે કે નહિ? મોટો રાજા હોય. આહાહા..! જુઓ! આ તીર્થંકરના આત્માની વાત ચાલે છે, હોં! આવા તીર્થંકર હોય. જે સ્વર્ગમાંથી કે નરકમાંથી આવે ત્યારે છ મહિના પહેલા તો ઈન્દ્રો (ધનદને હુકમ કરે). ધનદ એટલે લોકપાળ છે મોટો. ધનદ શબ્દ છે ને? ધનનો દેનાર. એમ. રત્નની વૃષ્ટિ કરનાર. ધનદ-કુબેર. પણ આ ધનનો દેનાર રત્નની વૃષ્ટિ કરે. ભગવાનની માતાના

કૂખમાં આવે પહેલા છ મહિના...

**'નગરકી શોભા કરતા હૈ, રત્નમયી સુવર્ણમયી મન્દિર બનાતા હૈ,...'** (અહીંયાં તો) સાધારણના ઘરે આવ્યો હોય ને કહે અમે ભગવાન છીએ, ત્રિકાળ જ્ઞાની છીએ. એમ ન હોય, ભાઈ! ત્રિકાળ જ્ઞાનીનું તો અરિહંતપણું, તીર્થંકરપણું માતાના પેટમાં આવે એ પહેલાં તો નગરની શોભા કરે, રત્નમયી, સુવર્ણમયી મંદિર રચે. મંદિર એટલે મકાન. સોનાના અને રતનના મકાનો બનાવે નગરમાં. જુઓ! એટલા તો એના પુણ્ય હોય છે.

મુમુક્ષુ :- માતાની..

ઉત્તર :- હા. માતા પણ થોડા કાળમાં મોક્ષ જનારા.

**'નગરકે કોટ, ખાઈ, દરવાજે, સુન્દર વન, ઉપવનકી રચના કરતા હૈ,...'** ઠીક! મકાન બનાવે અને નગરમાં કોટ બનાવે. ખાઈ, દરવાજા, સુંદરવન, ઉપવન (બનાવે). આહાહા..! ભારે ભાઈ! લોકોને તો બેસવું કઠણ પડે. એવા તીર્થંકર હોય એનું પુણ્ય એટલું બધું હોય છે કે ઈન્દ્ર છ મહિના પહેલેથી હજી તો (આવી રચના કરે). હજી તો સ્વર્ગમાં કે નરકમાં એનો જીવ હોય, હોં! આ 'શ્રેણિક' રાજા લ્યોને, નરકમાં છે અત્યારે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ. પણ જ્યારે આવશે, (ત્યારે) ઈન્દ્રો હુકમ કરશે. છ મહિના બાકી રહેશે. જાવ, આ નગરમાં ફલાણે ઠેકાણે રાજાની રાણીને કૂંખે આવવાના છે. નગર રચો, સાફ કરો. કરે છે ને એ તો.

આ 'ભાણવડ' એકફેરે આવવાના હતા 'દિગ્વિજય'. ભારે આખા ગામને શણગાર્યું હતું. 'ઉપલેટા'વાળા હતા ભાઈ. 'ન્યાલભાઈ કોઠારી' ત્યાં હતા. (સંવત) ૧૯૮૮ની વાત છે. એ આવવાના હતા એટલે ગામમાં, પોતે મોટા મામલતદાર. ગામ શણગારેલું. કો'ક વિરોધી નીકળ્યો એનો. કે આ ભગત છે. ભાઈ કેવા? 'ન્યાલભાઈ'. ભગત છે. એને છે ને ઓલું? કેવું?

મુમુક્ષુ :- સુદેસણા

ઉત્તર :- હા. સુદેસણા ત્યાં 'લીંબડી'ના દરબાર આવ્યા હતા. દાદાસાહેબ હતા ને? એ ત્યાં ગયા હતા. એનો ઓલો છોકરો મરી ગયો હતો ને. એ કાંણે ભાંગવા ત્યાં ગયા હતા. ત્યાં બેસે. એમાં એવો વિરોધી નીકળ્યો. અહીં ગામ શણગાર્યું હતું. મામલતદાર પોતે અને બપોર થયા તો મારી પાસે આવ્યા 'ન્યાલભાઈ'. રોવે... રોવે... રોવે... રોવે... પોક મૂકીને રોવે. મહારાજ! શું છે પણ આ? ત્યાંથી કોઈ માણસે હુકમ કર્યો છે કે બે બોકડા મોકલો. હવે આ તો ભગત માણસ હતો. 'ન્યાલભાઈ'. હું ત્યાં અપાસરે હતો. ૧૯૮૮ની સાલની વાત છે. ૧૯૮૭નું ચોમાસું પૂરું થયું ને 'ભાણવડ'માં આવ્યા હતા. રોવે એટલે જવાબ ન દઈ શકે. એટલું રોવે આમ. સહી કરવી પડે. શું કરે? મામલતદાર. સહી કરવી પડી. કો'ક વિરોધી કે ભગત છે ને તો એને નાખું આ રાજાને નામે. રાજા-બાજા કાંઈ ન જાણે. બે બોકડા મગાવ્યા છે માંસ માટે. ખાવા માટે. બોકડા સમજો છો? બકરા-ઘેટા. આહાહા..! બહુ રોવે.

હવે ગામ શણગારેલું પણ એને બિચારાને રુદન... રુદન... અરરર..! આ નોકરી. હવે રાણી પાસે જાઈશ. 'ગોંડલ'ની રાણી હતી. એના ઉપર એને .... મારે આ નોકરી ન જોવે. આવી નોકરી. અરરર..! આ રાજાએ મગાવ્યું. શું કરે? સહી કરવી પડી. આહાહા..! આવી

નોકરી. જુઓને! કીધું નહિ? કાલે નહોતું કહ્યું? આ સીતાજીનું. સીતાજીને ઓલા સારથી (કહે).. અરે..રે..! આવી નોકરી! આવી મહા સતી સીતા ધર્માત્મા, અરે..રે..! એને વનમાં મૂકવાનું મારે હાથે! આ નોકરી! આહાહા..! ધિક્કાર છે આવી નોકરીને. પરમાત્મા પુરુષોત્તમ પુરુષની રાણી અને પેટમાં-ગર્ભમાં બે દીકરા. લવ અને કુશ. પેટમાં બે દીકરા. એ ચરમશરીરી. એ રાજકુમારો ચરમશરીરી. એ ભવે મોક્ષ જનારા. છેલ્લો દેહ હતો. એવા પ્રકાર બધે બહારના. ધિક્કાર આવી નોકરીને. એમ આ કહે છે કે નોકરી નથી કરવી. પછી રાણીએ એને 'જામનગર' મોકલ્યા હતા. અહીં તો કહેવું છે કે આવા પ્રકારની શોભા (કરે), દરબાર આવવાના હોય તો પહેલેથી શોભા થાય છે. આખા ગામને શણગારેલું, હોં!

એમ આ તો ભગવાન તીર્થંકરનો આત્મા જે નગરીમાં જે રાજાની રાણીને કૂખે આવે એ રાણી પણ કોણ? ધર્મમાતા. રત્નકૂખ ધારિણી. રતનને કૂખમાં રાખ્યો. કહે છે, દેવો '**સુંદર વન, ઉપવનકી રચના કરતા હૈ, સુંદર ભેષવાલે નરનારી નગરમેં બસાતા હૈ,...**' સુંદર જેનો વેષ. પાછું ઠેકાણા વિનાના માણસ હોય અને જેવા તેવા લુગડા પહેર્યા હોય એવા નહિ. એવા માણસ ત્યાં વસાવે. શેઠ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એટલું ઉત્કૃષ્ટ પુણ્ય છે ને! તીર્થંકર પવિત્રતામાં પૂરા અને પુણ્યમાં પણ પૂરા. તીર્થંકરની પ્રકૃતિનું આ બધું ફળ છે એમ કહે છે. પણ આવા હોય એને તીર્થંકર કહીએ, એમ. જ્યાં ત્યાં આવીને જન્મ્યા અને અમે ભગવાન થઈ ગયા અને કેવળી થઈ ગયા એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**સુંદર ભેષવાલે નરનારી નગરમેં બસાતા હૈ,...**' એવા હોંશિયાર હોય એ બધા ત્યાં રહે. સાધારણ ભલે હોય પણ સારા સારા માણસો બુદ્ધિવાળા, ભેખવાળા, રૂપવાળા એવા બધા વસે. વળી, '**નિત્ય રાજમંદિર પર રત્નોંકી વર્ષા હોતી રહતી હૈ,...**' નિત્ય રાજમંદિર ઉપર રત્નની વર્ષા પડે. એકલા હીરા ને માણેક ઝરે ઉપરથી. દુનિયાને બેસવું કઠણ. જેના આત્માને પૂર્ણાનંદની પ્રાપ્તિ આ ભવમાં થવાની છે અને પ્રકૃતિ તીર્થંકરની જેણે બાંધી છે એના ફળનું શું કહેવું! કહો, સમજાણું?

વળી, '**તીર્થંકરકા જીવ જબ માતાકે ગર્ભમેં આતા હૈ તબ માતાકો સોલહ સ્વપ્ન આતે હૈં,...**' લ્યો! સોળ સપના આવે, સોળ, હોં! '**રુચકવરદ્વીપમેં રહનેવાલી દેવાંગનાયેં માતાકી નિત્ય સેવા કરતી હૈ,...**' છપ્પન કુમારિકા, દેવીઓ. તેરમો રુચક દ્વિપ છે એમાં દેવાંગના વસે છે. એ આવીને માતાની હંમેશા સેવા કરે છે. આહાહા..! જુઓને! પુણ્ય તો કેટલા છે! આવી પવિત્રતા જ્યાં પ્રગટી છે તો એવા પુણ્ય સાથે હોય જ, એમ કહે છે. એ વિના તીર્થંકર નામ ધરાવે અને તીર્થંકર છે એમ કહેવરાવે, એ બધા લબાડ છે, એમ કહે છે. એય..! 'મોહનભાઈ'! આહાહા..! માતા-પિતા-માતાની સેવા કરવી.

'**ઐસે નૌ મહીને પૂરે હોને પર પ્રભુકા તીન જ્ઞાન ઔર દસ અતિશય સહિત જન્મ હોતા હૈ,...**' લ્યો! જન્મ થાય ત્યારે ત્રણ જ્ઞાન અને દસ અતિશય લઈને જન્મે. પહેલા દસ

અતિશય આવી ગયા છે કાલે. ૩૪ અતિશયમાં જન્મથી ૧૦ અતિશય હોય. આવા બને તીર્થંકરને, સત્શરીરીને અરિહંત કહેવામાં આવે. દરબાર! એવી વાતું છે આ. આ જે-તે નામ ધરાવે ને? બાવો થાય, નાગો થાય, અમને જ્ઞાન છે ને અમને આમ છે. એ બધી કલ્પિત વાતું ખોટી છે એમ સિદ્ધ કરવા આ કહે છે.

**'નૌ મહીને પૂરે હોને પર પ્રભુકા તીન જ્ઞાન ઔર દસ અતિશય સહિત જન્મ હોતા હૈ, તબ તીનલોકમેં આનંદમય ક્ષોભ હોતા હૈ,...'** ત્રણલોકમાં જરી ખળભળાટ થઈ જાય કે શું છે? શું છે? શાતાનો ઉદય થઈ જાય. **'દેવોંકે બિના બજાએ બાજે બજતે હૈં,...'** દેવના વાજા હોય ને કરોડો? ભગવાનનો અહીં જન્મ થાય તો વાજા વાગે. દેવના વગર વગાડ્યા, હોં! એની મેળાએ અવાજ નીકળે. કુદરતી પુરુષ છે ને? **'ઈન્દ્રકા આસન કંપાયમાન હોતા હૈ,...'** ઈન્દ્રનું આસન કંપે. કોઈ મહાપુરુષનો ક્યાંક મનુષ્યદેહમાં મનુષ્યક્ષેત્રમાં જન્મ થયો છે. એનું (આસન) કંપે (એટલે) ખબર પડે.

મુમુક્ષુ :- બધા તીર્થંકરને..

ઉત્તર :- બધા તીર્થંકરને, બધા ઈન્દ્રોને.

**'તબ ઈન્દ્ર પ્રભુકા જન્મ હુઆ જાનકર...'** ઈન્દ્ર પ્રભુનો જન્મ થયો જાણી **'સ્વર્ગસે ઐરાવત હાથી પર ચઢકર આતા હૈ,...'** સ્વર્ગમાંથી ઐરાવતી હાથી ઉપર. એ હાથી છે તો દેવ પણ હાથીનું રૂપ ધારણ કરે અને એના ઉપર ભગવાન પાસે આવે. **'સર્વ ચાર પ્રકારકે દેવ-દેવી એકત્ર હોકર આતે હૈ,...'** સર્વ ચાર પ્રકારના દેવ. સર્વ એટલે ઘણા આવવાના. દેવ-દેવી સાથે હોય. એ વખતે **'શચી (ઈન્દ્રાણી) માતાકે પાસ જાકર ગુપ્તરૂપસે પ્રભુકો લે આતી હૈ,...'** ભગવાનને ખાનગી લઈ જાય. પૂછ્યા વિના, હોં! બીજું પૂતળું ત્યાં મૂકે અને ભગવાનને લઈ જાય. એવી રીતે જેના જન્મ મહોત્સવ ઈન્દ્રો કરે છે. એ ગર્ભ અને જન્મ મહોત્સવની વાત આવી. પછી વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૮, ગાથા-૪૧ થી ૪૪, ગુરુવાર, પોષ સુદ ૧૧, તા.૦૭-૦૧-૭૧

આ 'અષ્ટપાહુડ'માં બોધપાહુડ. એની ગાથા-૪૧. એનો ભાવાર્થ ચાલે છે. અરિહંતનું સ્વરૂપ વર્ણવે છે. અરિહંત જે પરમાત્મા થાય, તીર્થંકરદેવ, એ એના માતાના ઉદરમાં આવે. કોઈ નરકમાંથી અને સ્વર્ગમાંથી (આવે). કોઈ અદ્ધરથી આવે એવું ન હોય, એમ કહે છે. મોક્ષમાંથી ન આવે એ પરમાત્મા. જેને આ ભવમાં પૂર્ણ પદ પ્રાપ્ત થવું છે, અરિહંત સર્વજ્ઞ તીર્થંકર, હોં! એ કોઈ નરકમાંથી પણ આવે. જેમ 'શ્રેણિક' રાજા નરકમાંથી આવશે. પહેલા તીર્થંકર થશે. 'ઋષભદેવ' ભગવાન આદિ બધા સ્વર્ગમાંથી આવ્યા હતા. માતાના ઉદરમાં ત્રણ જ્ઞાન લઈ, ક્ષાયિક સમકિત લઈને કેટલાક તો આવે છે. એમનું વર્ણન કરે છે. પછી એમનો જન્મ થાય છે. ગર્ભકલ્યાણક ઈન્દ્રો કરે છે. અહીં સુધી આપણે આવ્યું છે.

**'ચાર પ્રકારકે દેવ-દેવી એકત્ર હોકર આતે હૈં, શચી (ઈન્દ્રાણી) માતાકે પાસ જાકર ગુપ્તરૂપસે પ્રભુકો લે આતી હૈ,...'** માતા જ્યારે જન્મ આપે.. ભાષા તો શું કરે? માતા જન્મ આપે? પણ વ્યવહારમાં બોલવામાં શું આવે? દેવો આમ કરે... દેવો આમ કરે એમ આવે છે કે નહિ? કાલાજી! કરે છે? પણ બોલવામાં શું આવે? જ્યારે ભગવાનની માતા પ્રભુને જન્મ આપે છે ત્યારે ઈન્દ્રાણી માતા પાસે જાય, ગુપ્તરૂપે પ્રભુને લઈ જાય. ખાનગી લઈ જાય. **'ઈન્દ્ર હર્ષિત હોકર હજાર નેત્રોસેં દેખતા હૈ.'** હજાર નેત્ર કરીને ઈન્દ્ર ભગવાનને આમ જોવે છે. બધા તર્ક ઊઠે કે જોવું ને નેત્રથી ને આ બધું શું છે? એ બધું સહજ બને છે. એમ છે. સમજાણું કાંઈ? હજાર નેત્ર બનાવે. નેત્ર તો રજકણની અવસ્થા છે.

મુમુક્ષુ :- એટલા બધા બનાવી શકાય?

ઉત્તર :- ભાષા શું કહેવાય? એને એમ બને. મહાપુણ્યશાળી પુરુષ. ઈન્દ્ર એટલે? મહાપુણ્યવંત પ્રાણી છે. એકાવતારી છે. એક ભવ કરીને મોક્ષ જનાર દેવ છે. અને આ તો તીર્થંકર પરમાત્મા એ ભવે મોક્ષ જનાર છે. એના શરીરની સુંદરતા અને દરેક અવયવોની નમણાઈ એટલી સુંદર ને નમણાઈ હોય છે કે દેવ હજાર નેત્ર કરી દેખે તોપણ તૃપ્તિ થાય નહિ. આત્માના આનંદના રૂપની તો શું વાત કરવી! ભગવાનને એ વખતે પણ અતીન્દ્રિય આનંદ છે.

જન્મ્યા ત્યારે પણ અંતર આત્માનું ભાન લઈને જન્મ્યા છે. સમ્યગ્દર્શન સહિત છે. આત્માના આનંદના ભાન સહિત છે. પણ એમના શરીરની સ્થિતિ પણ એવી હોય છે કે ગોદમાં હજાર નેત્ર કરીને દેખે. અને ઈન્દ્ર પોતાની ગોદમાં લે. ઈન્દ્ર પોતાની ગોદમાં ઉપાડે. લ્યો! ગોદમાં લઈ શકે? 'ત્રંબકભાઈ'! એ 'ત્રંબકભાઈ'એ પ્રશ્ન કર્યો હતો હમણા કે આ બધું કરે.. કરે... આવે છે શું હશે આ?

મુમુક્ષુ :- બને છે આ બધું બહારથી.

ઉત્તર :- બને છે. બને છે એમાં નિમિત્તપણું કોણ છે એની વાત કરે છે. પંડિતજી! નહિતર એક રજકણને પણ કોઈ ફેરવી શકે છે? પણ તે વ્યવહાર કરનારનું નિમિત્ત કોણ

હતું? એટલું બતાવવા ભગવાનને હજાર નેત્રથી જોવે એમ કહ્યું. ગોદમાં લે. પહેલા દિવસનું શરીર છે ને હજી તો?

**'ઐરાવત હાથી પર ચઢકર...'** ઐરાવત નામનો હાથી હોય, એના ઉપર એ ચડે. ભગવાનને લઈને ચડે. **'મેરુપર્વતપર જાતા હૈ,...'** મેરુ પર્વત છે. જુઓ! આવા તીર્થંકર હોય. આમ ભગવાન-ભગવાન કરે અને ભગવાનમાં ઠેકાણા ન હોય. પુણ્યના નહિ ને પવિત્રતાના નહિ. એમ ઓળખાવે છે. બોધપાહુડ. અરિહંતની વાસ્તવિક પવિત્રતા કેટલી હોય અને એની પુણ્ય પ્રકૃતિ પણ અથાગ હોય છે. ઇન્દ્રો પણ જેની પાસે દાસ થઈને વર્તે છે. સમજાણું કાંઈ? **'મેરુપર્વત પર જાતા હૈ, ઈશાન ઇન્દ્ર છત્ર ધારણ કરતા હૈ,...'** શક્રેન્દ્ર જે છે, પહેલા દેવલોકના ઇન્દ્ર અને એની ઇન્દ્રાણી, એ બેય પતિ-પત્ની એકાવતારી છે. એક ભવે મોક્ષ જનારા છે. દેવનો છેલ્લો દેહ છે. ત્યાંથી પછી મનુષ્ય થઈ બેય મોક્ષ જશે. એવા શક્રેન્દ્ર પણ ભગવાનને ગોદમાં લઈ મેરુ પર્વતે જાય છે. **'ત્યારે ઈશાન ઇન્દ્ર છત્ર ધારણ કરતા હૈ,...'** બીજા દેવલોકનો ઇન્દ્ર. આ પહેલા દેવલોકનો ઇન્દ્ર છે શક્રેન્દ. ઓલો બીજો ઈશાન ઇન્દ્ર છત્ર માથે રાખે. **'સનતકુમાર મહેન્દ્ર ઇન્દ્ર ચંવર ઢોરતે હૈં,...'** ત્રીજા દેવલોકનો ઇન્દ્ર સનતકુમાર.

મુમુક્ષુ :- આ બધી નિમણૂક થઈ ગઈ હશે.

ઉત્તર :- બધું વ્યવસ્થિત જ છે. એવી પુણ્ય પ્રકૃતિ છે જેની. તીર્થંકર પરમાત્મા કોને કહે! એનો અવતાર કોણ? એ આત્મા કોણ? એનું શરીર કોણ? એના પુણ્ય કોણ? એ જુદી ચીજ હોય છે. અત્યારે અહીંયાં નથી એટલે એનું વર્ણન કરે છે. તમે જેને તેને તીર્થંકર માની લેશો એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'સનતકુમાર, મહેન્દ્ર...'** બે દેવલોક છે. ત્રીજું દેવલોક સનતકુમાર, ચોથું દેવલોક મહેન્દ્ર. એના બે ઇન્દ્રો ભગવાનને બે બાજુ ચામર ઢાળે છે. સુધર્મ ઇન્દ્ર ગોદમાં લે, ઈશાન ઇન્દ્ર છત્ર ઢાળે, ત્રીજા અને ચોથા દેવલોકના ઇન્દ્ર ચામર ઢાળે. એવી પુણ્ય પ્રકૃતિ હોય છે, એને લઈને એવું સહેજ બને છે. ત્યારે ઇન્દ્ર કરે છે એમ કહેવામાં આવે છે. વાત એવી છે.

મુમુક્ષુ :- બધું કહીને પછી એનો નકાર કરવો..

ઉત્તર :- હા, એ તો 'કમલભાઈ'એ પ્રશ્ન કર્યો સવારમાં એટલે આ ખુલાસો કરવો પડે. આ બધું કરે છે.. કરે છે.. ચાલે છે શું? હમણાં પ્રશ્ન કર્યો. કરે છે, એમ ભાષા તો બીજી શું થાય? ત્યાંથી આવ્યા, અહીંયાં જોયું, ભગવાનને લઈ ગયા. લઈ ગયા એટલે ભગવાનનું શરીર શરીરને કારણે જાય છે. પણ ગોદમાં લઈને જાય છે એમ એનો વ્યવહાર નિમિત્ત છે ને? એટલે નિમિત્તથી વાત થાય છે. નહિતર ભગવાનનું શરીર તો એની મેળે ચાલે છે. 'રતિભાઈ'! આવા ભગવાન હોય. તીર્થંકર અરિહંત. એની જૈનમાં રહેલાને ખબર ન મળે. કેવા તીર્થંકર હોય. પછી જેને તેને ભગવાન માને. એમ નથી એમ કહે છે.

**'સનતકુમાર, મહેન્દ્ર ઇન્દ્ર ચંવર ઢોરતે હૈં,...'** કહો, સમજાણું કાંઈ? આ સનતકુમાર. એય..! 'વજુભાઈ'! શું? એટલે? ત્રીજા દેવલોકના ઇન્દ્ર.

મુમુક્ષુ :- ભગવાનને પરસેવો તો થાતો નથી.

ઉત્તર :- પરસેવાની અહીં વાત ક્યાં છે? આ તો પુણ્યની ઋદ્ધિ એવી હોય છે. આ તો 'બેન'નું યાદ આવી ગયું-સનતકુમારનું. 'બેન' સનતકુમારમાં હતા ને બીજા ભવમાં? એટલે અહીંયાં એ યાદ આવી ગયું. સમજાણું કાંઈ? 'વજુભાઈ'ને એ જ કીધું. 'વજુભાઈ' સમજ્યા કે નહિ કાંઈ? સનતકુમારમાં 'બેન' હતા. એનો જીવ. આ પહેલા મહાવિદેહમાં હતા. એના પહેલા સનતકુમારમાં.

મુમુક્ષુ :- આપના મોઢે સાંભળવું હતું.

ઉત્તર :- આ તો સનતકુમાર શબ્દ આવ્યો ત્યાં 'બેન' યાદ આવ્યા. એટલે મેં તમને જરી... તમને કહ્યું, સમજ્યા હતા કાંઈ? નહિ? જુઓ! એમના બે ભાઈઓ છે આ. સમજાણું કાંઈ? એ ત્રીજા દેવલોકમાં 'બેન'ના જીવ હતા. મહાવિદેહમાં પછી ત્યાંથી ત્રીજા દેવલોકમાંથી આવ્યા છે.

એ '**સનતકુમાર, મહેન્દ્ર ચંવર ઢોરતે હૈં,...**' તીર્થંકરને. સમજાણું કાંઈ? આહાહા..! '**મેરુકે પાંડુકવનકી પાંડુકશિલા પર...**' મેરુ પર્વત છે ને વચમાં? આ જંબુદ્વિપ લાખ યોજનનો (છે એની) વચમાં '**મેરુકવનકી પાડુંકશિલાપર...**' પાંડુક વન છે. એમાં પાડુંક મોટી શીલા છે પત્થરની. '**સિંહાસન કે ઉપર પ્રભુકો બિરાજમાન કરતે હૈં,...**' આહાહા..! જુઓને! કેટલા પુણ્ય છે! ઈન્દ્રો હજી તો એક દિ'ના છે ત્યાં લઈને જાય છે. બીજાને હવા લાગે તો મરી જાય વચમાં. ખરું કે નહિ?

મુમુક્ષુ :- હજી તો કળશ ઢોળશે.

ઉત્તર :- હજી તો કળશ ઢોળશે પછી. આ તો એક દિ'ના બાળક છે. જન્મ્યા એવા લઈ જાય. એનું શરીર પણ એવું મજબુત હોય. આત્મા તો અંતર કેવળજ્ઞાનને પામશે. એવું તો લઈને આવ્યા છે, તૈયારી કરીને. ત્રિકાળ જ્ઞાન પરમાત્મા. સમજાણું?

પણ અહીંયાં એને પ્રભુને ત્યાં સ્થાપે-બેસાડે છે. '**સબ દેવ ક્ષીરસમુદ્રસે એક હજાર આઠ કલશોમેં જલ લાકર...**' જન્મેલા બાળકને કળશો પાણીનો નાખે તો મરી જાય. 'નવનીતભાઈ'! તદ્દન જન્મેલો હોય તો.

મુમુક્ષુ :- આ હશે કેવડા?

ઉત્તર :- આવડા. હોય તો નાના. આવડું શરીર હોય એ વખતે. બાળકપણે શરીર કેવડું મોટું હોય. સાત હાથનું. પણ આપણે આટલું હોય. પણ એને જરી મોટું હોય. સાત હાથના હતા ને? મહાવીર ભગવાનની વાત, હોં! આ તો સમ્મુચય વાત. પાંચશે ધનુષવાળાને એના પ્રમાણમાં હોય. એના પ્રમાણમાં શરીર હોય ને?

કહે છે કે '**ક્ષીરસમુદ્રસે સારે દેવ...**' એટલે ઘણા દેવ. બધા દેવ તો ક્યાંથી આવે.. '**ક્ષીરસમુદ્રસે એક હજાર આઠ કલશોંમેં...**' કળશ મોટો આઠ જોજનનો લાંબો મોટો. એવડો કળશ નહિ. આઠ યોજનનો આમ ઊંચું હોય. ચાર યોજનનો તો વચ્ચે પેટાળ હોય. એવો મોટો કળશ. એવા એક હજાર ને આઠ કળશ. આહાહા..!

મુમુક્ષુ :- ક્ષીરસમુદ્રનું પાણી ઠંડુ નહિ હોય.

ઉત્તર :- પાણી તો ઠંડુ હોય, ત્યાં ક્યાં ઊનું કરીને નાખે? અહીં કાંઈ તમારા ઓલા પાણીના નીકળે શું કહેવાય આ? નળમાં પાણી નીકળે ને એ જરી ઊના હોય છે. એવું ત્યાં ન હોય કાંઈ. પાણી ગમે એવું હોય નહિ. તીર્થંકર એટલે વજનારાચ સંઘેયણ. સમચતુરસ્ર સંસ્થાન. દેવ આમ હજાર આંખ કરે તોપણ તૃપ્તિ (ન થાય). ઇન્દ્ર! ઇન્દ્ર એટલે કોણ? અસંખ્ય દેવનો સ્વામી લાડો. એ આમ જોવે તો તૃપ્તિ થાતી નથી. એના પુણ્ય કેટલા! અવયવે અવયવે નમણતા. નમણાઈ ને સુંદરતા. એ પુણ્ય પ્રકૃતિનું વર્ણન કરે છે. આવું પુણ્ય હોય, આવા પવિત્ર હોય એને આવું હોય. એકલા એકલા ભગવાન કહી દે અને થઈ જાય એમ ભગવાન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**દેવ-દેવાંગના ગીત નૃત્ય વાજિંત્ર બડે...**' દેવ અને દેવાંગના, ગીત અને નાચવું. નાચે. વાજિંત્ર '**બડે ઉત્સાહ સહિત...**' પાછું એમ નહિ એં.. એં..કરીને. આપણે કરવું પડે છે, વેઠ છે, એમ નહિ. ઉત્સાહ સહિત. આહાહા..! ત્રણલોકના નાથ પરમાત્મા. એક સમયમાં જે ત્રણકાળ જાણશે અને જેની વાણીથી ઘણા જીવોના ઉદ્ધારનું નિમિત્ત થવાનું છે. એની .. વાત શી કરવી?

મુમુક્ષુ :- આ જ્ઞાનપુણ્ય ગણવું?

ઉત્તર :- પુણ્ય.

મુમુક્ષુ :- જ્ઞાનનું પુણ્ય?

ઉત્તર :- જ્ઞાનનું પુણ્ય નહિ. પુણ્ય હોય છે. જુદું. જ્ઞાનની ભૂમિકામાં આનંદની દશામાં બંધાયેલા પુણ્ય. પુણ્ય જુદું અને જ્ઞાન જુદું. પણ ધર્મદશા પ્રગટેલી હોય- આત્માનો આનંદ- એ ભૂમિકામાં હજી એવો શુભભાવ આવે એનું પુણ્ય બંધાઈ જાય. સારું અનાજ પાકે એમાં રાડા પણ સારા હોય. એ તો તમને ખબર હોય કે નહિ? કેમ દરબાર? સારા લોથા પાકે તો એના રાડા પણ સારા હોય. અહીં તો અત્યારે તો નહિ પણ (સંવત) ૧૯૭૩ની સાલની વાત છે. ૭૩ ભાઈ! બહુ વરસાદ આવેલો. દરબારને યાદ નહિ હોય. ૭૩ની સાલ ઘણા વર્ષ થઈ ગયા. કેટલા થયા? ૫૪. છ મહિના વરસાદ હતો. ચૈત્રથી આસો સુધી. અહીં 'દામનગર' ચોમાસુ હતું. ત્યાંથી ઊઠીને 'આહોદર'. 'બચુભાઈ'નું હતું, નહિ? 'આહોદર' ગયા તો રસ્તામાં રાડા જુઓ તો... ઓહો..! વરસાદ એવો આવેલો... એવો આવેલો.. વરસ થયા ૫૪. એય મોટા. મોટા લોથા પાકેલા, હોં! બગાડ નહિ ને વરસાદ એવો આવેલો. રસ્તામાં તો અમારે વિહાર કરીને જાવું. અનાજ.. અનાજ ખેતરો ઓહો..હો..! રાડા એવા અને દાણા મોટા આવા જુવારના. ૭૩ની વાત, દરબાર! અમે તો બધું ઘણું જોયું હોય ને. રસ્તામાં વિહાર હજારો ગાવ કર્યા છે ને? છ હજાર, સાત હજાર ગાવ વિહાર કર્યા છે. સમજાણું?

એ ૭૩માં એવા વરસાદ કે એના રાડા હતા, શેરડી જેવા જાડા, હોં! બાજરાના, જુવારના. બહુ વરસાદ હતો તો પછી અમારે 'દામોદરશેઠ'ને ઘરે ખેતર ખરા ને. 'દામોદરશેઠ'ના ઘરે ખેતર છે મોટા. ઘણી મોટી ઊપજ. ચાલીસ હજારની ઊપજ તો એ વખતે. એ વખતે, હોં! ૭૩ની સાલમાં. ચાલીસ હજાર. એક દસ હજારનું ગામ. બહુ

હોંશિયાર માણસને એટલે પછી ઓલા દસ-દસ રાડા મોટા સુતળીએ બાંધે. પડી ન જાય. બહુ વરસાદ ખરો ને? દસ-દસ રાડા (બાંધે). મોટા લોથા આવડા-આવડા. દસ દસ રાડાને સુતળી બાંધે. એટલે આમેય ન પડે અને આમેય ન પડે. આખું ખેતર બાંધે. બાંધી શકે કે નહિ?

મુમુક્ષુ :- કો'ક તો બાંધી શકે છે ને?

ઉત્તર :- કોઈ બાંધી શકતું નથી. પોતાને કારણે પરિણમે છે. પણ વ્યવહારથી ભાષા શું બોલાય? 'ત્રંબકભાઈ'! આહાહા..!

**'દેવ-દેવાંગના ગીત નૃત્ય વાજિંત્ર વડે ઉત્સાહ સહિત પ્રભુકે મસ્તકપર કલશ ઢારકર જન્મકલ્યાણકા અભિષેક કરતે હૈં,..'** પાણી નાખે આમ માથે. એક હજાર ને આઠ કળશ. જુઓ તો એ પુણ્યની વાત! એવા એને પુણ્ય હોય છે. કેસર હોય એ કાંઈ કોથળે ન રહે. કેસર તો અંદર ડબા કે બરણીમાં રહે. એમ એનો આત્મા જ એવો છે જ્યાં કે એનું શરીર જ કોઈ જુદી જાતનું હોય. પરમ ઔદારિક શરીર. હીરા જેવું એનું કઠણ શરીર હોય. ત્યારે એક હજાર અને આઠ કળશ માથે પડે (તોપણ) ભગવાન તો બેઠા હોય. આખી દુનિયાથી જુદી જાત છે આ. તીર્થંકર કોને કહે? અને એની પુણ્ય પ્રકૃતિ કોને કહે? સમજાણું કાંઈ?

**'પીછે શ્રૃંગાર, વસ્ત્ર, આભૂષણ પહિનાકર...'** પછી ભગવાનને.. હજી એક દિ' નું બાળક. એને શણગાર પહેરાવે, વસ્ત્ર, દાગીના પહેરાવી **'માતાકે મંદિરમેં લાકર...'** માતા જ્યાં હોય ત્યાં પાછા ઘરે.. **'માતાકો સૌંપ દેતે હૈં,...'** માતાને સોંપે. માતા! આહાહા..! **'ઈન્દ્રાદિક દેવ અપને-અપને સ્થાન પર ચલે જાતે હૈં,...'** ઈન્દ્ર પોતે પોતાના સ્થાનક વયા જાય. **'કુબેર સેવાકે લિયે રહતા હૈ.'** મોટો કુબેર છે એ સેવામાં-તહેનાતમાં રહે. **'તદનન્તર કુમાર-અવસ્થા...'** ભગવાનની કુમાર અવસ્થા થાય. એક તો એ બધા ક્ષત્રિય બધા હોય. દરબાર! જેટલા તીર્થંકરો બધા ક્ષત્રિય હોય, વાણિયા ન હોય. એટલે ક્ષત્રિય હોય એ તીર્થંકર થાય. તીર્થંકર હોય એ ક્ષત્રિય થાય.

મુમુક્ષુ :- બહારનું લઈ લીધું ને..

ઉત્તર :- ઈ તો આવે બહારનું બહારનું હોય. દરબાર ઠીક કહે છે. મૂળ જે તીર્થંકરો મહાપુણ્યશાળી છે ને? એટલે ક્ષત્રિય વીર્યવાળા હોય છે. અને પુણ્ય પ્રકૃતિ એના શરીરની સુંદરતા એટલી હોય છે કે ઈન્દ્રો પણ ચકિત થઈ જાય છે. એવા તીર્થંકરો થાય. અત્યારે ભગવાન બિરાજે છે ત્યાં. મહાવિદેહમાં 'સીમંધર' પરમાત્મા સાક્ષાત્ આ પ્રમાણે છે ત્યાં. આ પ્રમાણે બધું થઈ ગયું છે. સમજાણું કાંઈ? ભગવાન બિરાજે છે કેવળજ્ઞાનપણે. હજી અબજો વર્ષ રહેશે. આહાહા..!

ઈન્દ્રો આવીને માતાને પહેલી પગે લાગે. હે રત્નકૂખ ધારિણી! આવા રતનને કૂખમાં રાખનારી માતા! પ્રભુને તો ધન્ય છે પણ માતા તને પણ ધન્ય છે! આહાહા..! બે શંખનું મોતી. માતા ને પિતા પણ એવા એના હોય છે. અલ્પ ભવે મોક્ષ જનારા. ભગવાનને લઈને નહિ, હોં! એની પોતાની એવી લાયકાત હોય. માતા અને પિતા. માતા એ ભવમાં ન જાય.

સ્ત્રી છે ને. પિતા તો એ ભવે સીધા મોક્ષ જાશે. માતા-પિતા પણ બેય મોક્ષ જનારા હોય. આવો તીર્થંકર જેવો આત્મા, મહારતન જેની કૂખમાં સવા નવ મહિના રહે, એના પિતા (એવા હોય). એવી વસ્તુ છે ભાઈ આ તો. આત્માની મહત્તા આગળ બીજી મહત્તા શું છે? મહાપ્રભુ ચૈતન્ય છે. રત્નાકર ભગવાન અનંત ગુણના રતનથી ભરેલો છે. આહાહા..! એનું ભાન થઈને જ્યાં તીર્થંકરને કેવળજ્ઞાન થવાનું હોય છે, એ ભવમાં એની સેવામાં દેવ રાખે.

'**તદનન્તર કુમાર-અવસ્થા તથા રાજ્ય-અવસ્થા ભોગતે હૈં.**' કોઈ. કોઈ રાજ અવસ્થા ભોગવે. '**ઉસમેં મનોવાંછિત ભોગ ભોગકર...**' લ્યો! મનોવાંછિત સમકિતીને છે ને? એ તો ઈચ્છા હોય છે એ પ્રમાણે ત્યાં આવવાનું થાય. એ અપેક્ષાએ (કહ્યું). પણ કથન શું કરવું? કથન તો બધા (એવા થાય). મનોવાંછિત (તો શું) ભગવાનને ભોગની ઈચ્છા હશે? સુખબુદ્ધિ માને છે ક્યાંય? એ તો સમકિતી જ્ઞાની છે. આત્મામાં આનંદ માને છે. પણ હજી વીતરાગતા થઈ નથી તો થોડી ઈચ્છા હોય છે. '**મનોવાંછિત ભોગ ભોગકર ફિર વૈરાગ્યકા કારણ પાકર...**' વૈરાગ્યનું કાંઈ નિમિત્ત મળે, બસ, છૂટી જાય, નીકળી જાય.

મુમુક્ષુ :- કેવું નિમિત્તનું જોર આંહીં.

ઉત્તર :- નિમિત્ત મળે (એટલે) એ તો પોતે એવા (છે). નિમિત્ત તો બીજાને કેમ ન થયું? એને થઈ ગયું. જેમ 'ૠષભદેવ' ભગવાન. નિલાંજના દેવી ઈન્દ્રોએ મૂકી હતી. ભગવાન બેઠા હતા સિહાંસન ઉપર. અને આમ દેવીઓ નાચે. એમાં એક દેવી એવી મૂકી કે એ વખતે આયુષ્ય પૂરું (થઈ ગયું). એ વખતે પૂરું. ભગવાન જાણનાર કે, અહો..! આ દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું. અહીંયાં જ નાચતા. બીજી દેવી ગોઠવી દીધી. ખ્યાલમાં આવી ગયું. આહાહા..! આ તો એક નિમિત્ત (હતું). વૈરાગ્ય, એકદમ વૈરાગ્ય. જાતિસ્મરણ થયું તો ...

'**સંસાર - દેહ - ભોગોસેં વિરક્ત હો જાતે હૈં.**' લ્યો! ભગવાન પછી સંસારથી, રાગાદિ-દેહાદિ અને ભોગ, એનાથી વિરક્ત હોય. '**તબ લૌકાંતિક દેવ આકર,...**' લૌકાંતિક દેવ છે. પાંચમાં દેવલોકના બ્રહ્મચારી દેવ હોય છે. એને ઈન્દ્રાણી દેવી હોતી નથી. આઠ સાગરનું આયુષ્ય હોય છે. ઓછા-વત્તુ નહિ. આઠ સાગરોપમનું આયુષ્ય. સમજાણું કાંઈ? '**તબ લૌકાંતિક દેવ આકર, વૈરાગ્યકો બઢાનેવાલી પ્રભુકી સ્તુતિ કરતે હૈં,...**' વૈરાગ્યને વધારનારી પ્રભુની સ્તુતિ કરે. અહો! પ્રભુ! નીકળો પ્રભુ નાથ! જગતના ઉદ્ધાર માટે. જગત તલસી રહ્યું છે આપની દેશના સાંભળવા. ઉપદેશ આપે.

'**ફિર ઈન્દ્ર આકર 'તપ કલ્યાણક' કરતા હૈ.**' લ્યો! દીક્ષા કલ્યાણક. પહેલા ગર્ભ કલ્યાણક, બીજું જન્મકલ્યાણક પછી આ. તપ કલ્યાણકનો અર્થ મુનિપણું. મુનિપણું લે, નગ્ન થાય. '**પાલકીમેં બૈઠાકર બડે ઉત્સવસે...**' પાલખીમાં બેસાડે. '**બડે ઉત્સવસે વનમેં લે જાતા હૈ,...**' વનમાં જાય. '**વહાં પ્રભુ પવિત્ર શિલાપર બૈઠકર પંચમુષ્ટિસે લોચકર...**' લ્યો! આહાહા..! જુઓ! એ વખતનો સમય કેવો હશે? એ પ્રસંગને જોનારા, પ્રસંગની પ્રશંસા કરનારા.. વનમાં-જંગલમાં ચાલ્યા જાય છે. પછી .. લોચ કરે.

'**પંચ મહાવ્રત અંગીકાર કરતે હૈં,...**' લ્યો! પંચ મહાવ્રત. નમો સિદ્ધાણં. એટલો

અવાજ કરે. નમો સિદ્ધાણં કહી પંચ મહાવ્રત લે. '**સમસ્ત પરિગ્રહકા ત્યાગકર...**' વસ્ત્રની લંગોટી-તાણોવાણો પણ ન હોય એને. '**દિગંબરસ્વરૂપ ધારણકર ધ્યાન કરતે હૈં,...**' લ્યો! દિગંબર થઈ જાય. માતાએ જન્મ્યા એવા નિર્વિકારી-નિર્દોષ. આહાહા..! આવી દશા પ્રાપ્ત થયા વિના મુનિપણું હોઈ શકે નહિ. જુઓ! આ તીર્થંકર છે, મોક્ષ જાવું છે એને પણ ચારિત્ર લેવામાં આ સ્થિતિ હોય છે. એ નગ્ન દિગંબર થાય છે. સમજાણું? તીર્થંકરને પણ વસ્ત્ર સહિત દીક્ષા હોઈ શકે નહિ. તો બીજાને હોઈ શકે નહિ. વસ્ત્ર સહિત દીક્ષા અને સાધુ માને છે ને? એ વીતરાગના માર્ગથી વિરૂદ્ધ છે. મુનિ એવા ન હોય. મુનિ તો આત્માના આનંદમાં એટલી રમણતા હોય કે જેને વસ્ત્રનો વિકલ્પ લેવાની વૃત્તિ પણ ન હોય. સમજાણું કાંઈ?

'**દિગંબરસ્વરૂપ ધારણકર ધ્યાન કરતે હૈં,...**' અંતરમાં ધ્યેય ઉપર લક્ષ લઈ જાય, એકદમ. '**ઉસીસમય મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન હો જાતા હૈ.**' ચોથું જ્ઞાન ઊપજે, લ્યો! મતિ, શ્રુત ને અવધિ ત્રણ જ્ઞાન તો માતાના પેટમાં લઈને આવ્યા હોય. દીક્ષીત થાય એટલે ચોથું જ્ઞાન ઊપજે. '**ફિર કુછ સમય વ્યતીત હોનેપર તપકે બલસે ઘાતિકર્મકી પ્રકૃતિ...**' લ્યો! તપના બળથી. તપ એટલે ઈચ્છાનિરોધ. આનંદમાં રમતા રમતા અંતર અતીન્દ્રિય... '**ઘાતિકર્મકી પ્રકૃતિ ૪૭ તથા અઘાતિ કર્મપ્રકૃતિ ૧૬...**' ટાળે લ્યો! ૪૭ ઘાતિની ટાળે, ૧૬ અઘાતિને ટાળે. જુઓ! બધા ૪૭-૪૭નું ઘણો મેળાપ. પ્રકૃતિ ૪૭, આપણે શક્તિ ૪૭, નય ૪૭, ઉપાદાન-નિમિત્તના દોહરા ૪૭. કાંઈક અંદર રહસ્ય હશે. ૪૭-૪૭ બધું આવે છે ને? આના ૪૭. કહો, આ ઉપાદાન અને નિમિત્ત તો હમણા બનાવ્યા.

૪૭ ઘાતિ. જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની નવ, મોહનીયની અઠ્યાવીશ, અંતરાયની પાંચ. ૪૭. નાશ કરીને કેવળજ્ઞાન પામે. એની સાથે અઘાતિની સોળ જાય. '**ત્રેસઠ પ્રકૃતિકા સત્તામેંસે નાશકર કેવલજ્ઞાન ઉત્પન્ન કર...**' જુઓ! આટલી પ્રકૃતિ હોય, કર્મ બાકી હોય, એને આમ ટાળે. જુઓને! કેટલી આ વસ્તુનું અસ્તિત્વ સિદ્ધ કરે છે! અદ્ધરને અદ્ધર એમનેમ ભગવાન થાય, કર્મ-ફર્મ નહિ અને કર્મની પ્રકૃતિ કેટલી ને કાંઈ નહિ, એ બધું ગપ્પેગપ છે. સમજાણું કાંઈ?

'**અનંતચતુષ્ટયરૂપ હોકર...**' અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત બળ એવું ભગવાનને પ્રગટ થાય. પરમાત્મા અરિહંત થાય. ભલે હજી શરીર છે, સિદ્ધ થયા નથી પણ પરમાત્મ દશા પૂર્ણ થઈ ગઈ. '**ક્ષુધાદિક અઢાર દોષોંસે રહિત અરહંત હોતે હૈં.**' એ ભગવાનને આહાર ન હોય, પાણી ન હોય, રોગ ન હોય. 'રતિભાઈ'! આ રોગ કહે છે કે નહિ?

મુમુક્ષુ :- ઘરે વહોરવા આવે.

ઉત્તર :- ઘરે વહોરવા આવે એમ કહે છે. આહાર કરવો હોય તો ક્યાં જાય? ભગવાનને આહાર હોય નહિ. અરિહંત પરમાત્મા અતીન્દ્રિય આનંદ પૂર્ણ સ્વરૂપ (પ્રગટ થયું છે).

મુમુક્ષુ :- પાત્રા લે...

ઉત્તર :- પાત્રા પણ ન મળે, કાંઈ ન મળે. એક શરીર છે ને વાણી-ઉપદેશ નીકળે,

પૂર્વના કારણે. બાકી કાંઈ ન મળે. એને કરવું છે શું? એ તો સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ દશા છે. આહાહા..! એ આહાર લે અને એને રોગ થાય ને દવા લે. દવા લીધા પછી રોગ મટી જાય. શરીરને રોગ જ હોય નહિ. શરીર જ એવું હોય. જુઓને! પરમઔદારિક શરીર તો પહેલેથી લઈને આવ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- શરીર હોય ને રોગ ન હોય એવું હોય?

ઉત્તર :- હા. શરીર હોય તો રજકણ ન હોય? આ લોઢું છે એને રોગ ક્યાં છે? છે?

મુમુક્ષુ :- એ શરીર છે.

ઉત્તર :- તો એ પણ શરીર છે. બીજું શું? આને રોગ છે? રોગ આને થાય છે?

મુમુક્ષુ :- એ શરીરરૂપે પરિણમે...

ઉત્તર :- એ શરીરરૂપે જ પરિણમે છે. આ શરીરરૂપે પરિણમે એવા જ પરમાણુ.. હાડકાના.. વજ્ર મજબુત આમ. એને વળી રોગ કેવા? આહાહા..! વૃદ્ધાવસ્થા ન હોય ને. અબજો વર્ષ જાય તોપણ એનું શરીર એવું ને એવું દેખાય. જેવા પહેલા જોયા હતા એવા અત્યારે છે, એમ ને એમ લાગે. વૃદ્ધાવસ્થા દેખાય નહિ. વૃદ્ધાવસ્થા થાય નહિ. એવું તો શરીર છે. રોગ તો શેનો થાય? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી કલ્પિત વાતું. ભાઈએ સાંભળ્યું તો હોય ને.

કહો, સમજાણું કાંઈ? '**ક્ષુધાદિક...**' તૃષા. .. આવે છે ને .. બહાર. રોગ થયો ને રેવતીબાઈને ત્યાંથી લઈ આવ્યા. ખોટે ખોટી બધી કલ્પિત વાતું. એ તો હમણા કો'ક નીકળ્યો છે.

મુમુક્ષુ :- નામ-ઠામ આપીને ક્હે છે ને ખોટા?

ઉત્તર :- નામ ન આપે ખોટા? અદ્ધરથી નામ આપીને કહે, ફલાણા ભાઈ આમ લઈ ગયા હતા... અને ફલાણા ભાઈ લઈ ગયા હતા. વાણિયા પણ પહેલા નામ આપે. ભાવ વધારે લેવો હોય (તો એમ કહે) આ ભાવે ફલાણા લઈ ગયા છે. એમ હોય નહિ. ખોટે ખોટું.

મુમુક્ષુ :- ચોપડા બતાવે.

ઉત્તર :- ચોપડા કીધું ને. ચોપડામાં લખેલું (બતાવે). ખોટું લખે. આ પાંચ હજાર મણ ઘઉં આ ભાવે લઈ ગયા છે. લ્યો! આટલી કોથળી આ ભાવે લઈ ગયા. હોય ખોટે ખોટું. એય..! 'જાદવજીભાઈ'! કેમ દરબાર! સારા ભાવે દેવું હોય એટલે મોટાનું નામ નાખી અને કહે, આટલા ભાવે તલ લઈ ગયા છે. લખે એટલે કાંઈ સાચું થઈ ગયું? આહાહા..!

કહે છે, '**ક્ષુધાદિક...**' ૧૮ દોષ નથી. તૃષા નહિ, ક્ષુધા નહિ, રોગ નહિ. '**અરહંત હોતે હૈં.**' એને અરિહંત કહેવામાં આવે છે. જુઓ! હવે આને અરિહંત કીધા. અનંત જ્ઞાન-દર્શન-આનંદ પ્રગટ્યા હોય અને શરીર આવું હોય. ક્ષુધા-તૃષા ન હોય. ઈન્દ્રો જેને પૂજે એવું. એવા અરિહંત હોય.

'**ફિર ઈન્દ્ર આકર સમવસરણમકી રચના કરતા હૈ...**' ઈન્દ્ર આવીને ધર્મસભા રચે. આ

સમવસરણ છે ને આપણે? અહીં તો સાધારણ છે. ઈન્દ્ર આવીને ધર્મસભા રચે. '**સો આગમોક્ત અનેક શોભાસહિત...**' ઘણી શોભા. આગમોક્ત છે ને? સમવસરણનું બનાવ્યું છે ને? ભાઈએ-પંડિતજીએ આપણે બનાવ્યું છે ને? સ્તુતિ. એમાં ઘણું બધું લખ્યું છે. 'આદિપુરાણ' માંથી બનાવ્યું. '**આગમોક્ત અનેક શોભાસહિત મણિ-સુવર્ણમયી કોટ,...**' લ્યો! મણિ અને સોનાના તો કોટ હોય, ખાઈ હોય. વેદી હોય. ચાર દિશા. '**ચાર દરવાજે, માનસ્તંભ,...**' લ્યો! આવા મોટા ચાર માનસ્તંભ હોય. ભગવાન બિરાજે છે ત્યાં છે બધું.

'**નાટ્યશાલા, વન આદિ અનેક રચના કરતા હૈ. ઉસકે બીચ સભામંડપમેં બારહ સભા...**' બેસે. આહાહા..! સમજાણું? '**ઉનમેં મુનિ,...**' મુનિ પણ આવે, સભામાં બેસે. '**આર્યિકા,...**' સાધ્વી ન હોય પણ અર્જિકા પાંચમું (ગુણસ્થાન). '**શ્રાવક, શ્રાવિકા, દેવ, દેવી, તિર્યંચ બૈઠતે હૈં.**' લ્યો! ધર્મસભામાં સિંહ અને વાઘ ઢોર-પશુ આવે. નાગ અને વાઘ આમ બેઠા હોય. કાળા નાગ હોય આમ મોટા. શાંત... બધી અચિંત્ય પ્રકૃતિની વાત છે ભાઈ આ તો. '**અનેક અતિશય પ્રકટ હોતે હૈં.**' પ્રભુને. અતિશય એટલે વિશેષતા. પુણ્યની વિશેષતા બીજા કરતાં ઘણી હોય.

'**સભામંડપકે બીચ તીન પીઠ પર ગંધકુટીકે બીચ...**' આપણે અહીં છે ને? ત્રણ પીઠ હોય. પહેલી, બીજી અને ત્રીજી. એમાં ગંધકુટી માથે હોય છે. '**બીચ સિહાંસન પર..**' માથે હોય. '**કમલકે ઊપર અંતરીક્ષ પ્રભુ બિરાજતે હૈં...**' લ્યો! અદ્ધર બિરાજે છે. સિંહાસન ઉપર બિરાજે નહિ. સિંહાસનથી અદ્ધર ચાર પગ ઊંચા હોય. લ્યો! અંતરીક્ષ તો અહીં દિગંબરમાં હોય છે. અંતરીક્ષ ભગવાન અહીં છે. શ્વેતાંબર કહે, અમારું છે. અંતરીક્ષ તો દિગંબરમાં હોય. શ્વેતાંબરમાં આવી ઊંચી વાત ક્યાંય છે નહિ. એ તો જ્યાં હોય ત્યાં પૃથ્વીશિલા ઉપર બિરાજે છે, એવું આવે છે. આ અંતરીક્ષ તો અહીં છે. તકરાર, તકરાર, તકરાર... ભારે ભાઈ, તકરાર. ધર્મને નામે પણ આવા વેર-ઝેર.

'**અંતરીક્ષ પ્રભુ બિરાજતે હૈં ઔર આઠ પ્રાતિહાર્ય યુક્ત હોતે હૈં.**' વાણી દિવ્યધ્વનિ આદિ આવ્યું હતું ને? અશોકવૃક્ષ આદિ હોય. '**વાણી ખિરતી હૈ,...**' વાણી ખરે એમ લખ્યું છે, જોયું! વાણી બોલે એમ નથી લખ્યું. ૐ... એવો અવાજ-ધ્વનિ છૂટે. ૐ... એવો ધ્વનિ. એમ છ ઘડી ચાલે. '**ઉસકો સુનકર ગણધર દ્વાદશાંગ શાસ્ત્ર રચતે હૈં.**' એમાંથી મુનિઓ ગણધર જે છે એ વાણી સાંભળીને બાર અંગની રચના કરે. એવો એનો-ગણધરનો ક્ષયોપશમભાવ હોય છે.

'**ઐસે કેવલકલ્યાણકકા ઉત્સવ ઈન્દ્ર કરતા હૈ.**' આ કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. પહેલો ગર્ભનો, પછી જન્મનો, પછી દીક્ષાનો અને આ કેવળજ્ઞાનનો. '**ફિર પ્રભુ વિહાર કરતે હૈં. ઉસકા બડા ઉત્સવ દેવ કરતે હૈં.**' વિહાર કરે ત્યારે દેવ મોઢા આગળ છત્ર ચાલે.. આગળ ન આવ્યું? ઈન્દ્રો જેની સેવા કરે એવા તીર્થંકર.. આહાહા..! '**કુછ સમય બાદ આયુકે દિન થોડે રહને પર યોગનિરોધ કર...**' લ્યો! યોગનિરોધ થઈ જાય. ત્યાં કરવું છે ક્યાં અંદર?

યોગનિરોધ કંપન સ્થિર થઈ જાય. '**અઘાતિકર્મકા નાશકર મુક્તિ પધારતે હૈં,...**' લ્યો! એવા ભગવાનની વાત છે. શેઠિયા અત્યારે કહે છે ને? આ પચ્ચીસસો વર્ષમાં ભગવાનનો અઢી હજાર વર્ષ થાય તો જયંતીનો ઉત્સવ કરશે ને? હવે એ જયંતી નથી. આ તો મહાપ્રભુ કલ્યાણક છે એની વાતું છે. એ દુનિયાની સાથે એને કાંઈ મેળવાય એવું નથી. એક જણ એવા પણ બોલ્યા છે. ભગવાનને ૨૫૦૦ વર્ષમાં આવો... બીજાની જયંતી સો વર્ષની-બસ્સો વર્ષની-પાંચસો વર્ષની ઘણાની ઉજવાય છે. ભગવાનની જયંતી? ભગવાન કોણ છે આ તે? જયંતી કેવી? એના તો કલ્યાણક (હોય), મોટા ઈન્દ્રો આવીને ઉજવે એવા હોય એના. એની સાથે કોઈને મેળવાય નહિ. કોઈ રાજા, મહારાજા કોઈને મેળવાય નહિ. એવા પુરુષની સાથે. સૌની સાથે ગણાય જશે એમ લખે છે.

'**તત્પશ્ચાત શરીરકા અગ્નિ-સંસ્કાર...**' ભગવાન અઘાતિનો નાશ કરી મુક્તિ પધારે. '**તત્પશ્ચાત શરીરકા અગ્નિ-સંસ્કાર કર ઈન્દ્ર ઉત્સવસહિત...**' લ્યો, હવે શરીરને બાળે. ''**નિર્વાણ કલ્યાણક' મહોત્સવ કરતા હૈ.**' લ્યો! એ પાંચમું. ગર્ભ કલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળ અને નિર્વાણ. પંચ કલ્યાણકવાળા તીર્થંકરની વાત અહીં લીધી છે. એવા તીર્થંકર આવા હોય છે. બહુ સાંભળવું બિચારાને.. 'ચંદ્રકાંત' કહે, મારે અરિહંતનું સાંભળવું છે. પણ આમ થઈ ગયું કાલે. ગઈ કાલે એમનો આહાર હતો ને. ચૌવિહાર કરીને. કાલે તો સારું હતું. શરીરનો ક્યાં ભરોસો, ક્યે ક્ષણે પડે? આહાહા..!

અરે..! મોહમાં જિંદગી આમ ને આમ ચાલી જાય છે. આત્માનું શું કરવું એનું રહી (જાય અને) એમ ને એમ આ રળવું ને ખાવું ને આ વેપાર ને આ ધંધા ને. જિંદગી એમાં ચાલી જાય. એમાં અકસ્માતે દેહ છૂટી જાય. આહાહા..! એના ઉતારા ક્યાં થાય? કરવાનું એ કર્યું નહિ અને નહિ કરવાનું કર્યું. આહાહા..! આવા મનુષ્યદેહ મોંઘેરા. મોંઘેરા મનુષ્યદેહ છે. આહાહા..! અનંતે કાળે પ્રાપ્ત થાય. એવામાં જે કાંઈ આત્માનું કરવાનું છે. એનું કરે નહિ ને આ બધું થાય પછી ઘણા ઓરતા થાય. આહાહા..!

'**ઈસપ્રકાર તીર્થંકર પંચકલ્યાણકકી પૂજા પ્રાપ્ત કર,...**' લ્યો! '**અરહંત હોકર નિર્વાણકો પ્રાપ્ત હોતે હૈં...**' એ નિર્વાણને પામે. બહુ સરસ વ્યાખ્યા છે. છેકથી છેક સુધી. હવે ૧૧મો બોલ રહ્યો. છેલ્લો. બોધપાહુડનો.

आगे (११) – प्रव्रज्याका निरूपण करते हैं, उसको दीक्षा कहते हैं। प्रथम ही दीक्षाके योग्य स्थानविशेषको तथा दीक्षासहित मुनि जहाँ तिष्ठते हैं, उसका स्वरूप कहते हैं :–

सुण्णहरे तरुहिट्ठे, उज्जाणे तह मसाणवासे वा।
गिरिगुह गिरिसिहरे वा, भीमवणे अहव वसिते वा।।४२।।
[१]सवसासत्तं तित्थं, [२]वचचइदालत्तयं च वुत्तेहिं।
जिणभवणं अह वेज्झं, जिणमग्गे जिणवरा विंति।।४३।।
पंचमहव्वयजुत्ता, पंचिंदियसंजया णिरावेक्खा।
सज्झायझाणजुत्ता, मुणिवरवसहा णिइच्छन्ति।।४४।।

शून्यगृहे तरुमूले उद्याने तथा श्मसानवासे वा।
गिरिगुहायां गिरिशिखरे वा, भीमवने अथवा वसतौ वा।।४२।।
स्ववशासक्तं तीर्थं वचश्चैत्यालयत्रिकं च उक्तैः।
जिनभवनं अथ वेध्यं जिनमार्गे जिनवरा विदन्ति।।४३।।
पंचमहाव्रतयुक्ताः पंचेन्द्रियसंयताः निरपेक्षाः।
स्वाध्यायध्यानयुक्ताः मुनिवरवृषभाः नीच्छन्ति।।४४।।

મુનિ શૂન્યગૃહ તરુતલ વસે, [૩]ઉદ્યાન વા સમશાનમાં,
[૪]ગિરિકંદરે, ગિરિશિખર પર, વિકરાળ વન વા વસ્તીમાં. ૪૨.
નિજવશ શ્રમણના વાસ, તીરથ, શાસ્ત્રચૈત્યાલય અને,
જિનભવન મુનિનાં લક્ષ્ય છે – જિનવર કહે જિનશાસને. ૪૩.
પંચેન્દ્રિયસંયમવંત, પંચમહાવ્રતી, નિરપેક્ષ ને,
સ્વાધ્યાય–ધ્યાને યુક્ત મુનિવરવૃષભ ઈચ્છે તેમને. ૪૪.

अर्थ :– सूना घर, वृक्षका मूल, कोटर, उद्यान, वन, श्मशानभूमि, पर्वतकी गुफा, पर्वतका शिखर, भयानक वन और वस्तिका इनमें दीक्षासहित मुनि ठहरें। ये दीक्षायोग्य स्थान हैं।

स्ववशासक्त अर्थात् स्वाधीन मुनियोंसे आसक्त जो क्षेत्र उन क्षेत्रोंमें मुनि ठहरे। तथा जहाँसे मोक्ष पधारे इसप्रकारके तीर्थस्थान और वच, चैत्य, आलय, इसप्रकार त्रिकमें जो पहिले कहा गया है अर्थात् आयतन आदिक; परमार्थरूप, संयमी मुनि, अरहंत, सिद्ध स्वरूप उनके नामके अक्षररूप मंत्र तथा उनकी आज्ञारूप वाणीको 'वच' कहते हैं तथा उनके आकार धातु पाषाणकी प्रतिमा स्थापनको 'चैत्य' कहते हैं और वह प्रतिमा तथा अक्षर मंत्र वाणी जिसमें स्थापित किये

१. सं. प्रतिमें 'सवसा' 'सत' ऐसे दो पद किये हैं जिनकी सं. स्ववशा 'सत्त्वं' लिखा है।
२. 'वचचइदालत्तयं' इसके भी दो ही पद किये हैं 'वचः' 'चैत्यालयं।
૩. ઉદ્યાન = બગીચો, ૪. ગિરિકંદર = પર્વતની ગુફા.

जाते हैं इसप्रकार 'आलय'–मंदिर, यंत्र या पुस्तकरूप ऐसा वच, चैत्य तथा आलयका त्रिक है अथवा जिनभवन अर्थात् अकृत्रिम चैत्यालय मंदिर इसप्रकार आयतनादिक उनके समान ही उनका व्यवहार, उसे जिनमार्गमें जिनवर देव 'वेध्य' अर्थात् दीक्षासहित मुनियोंके ध्यान करने योग्य, चिन्तवन करने योग्य कहते हैं।

जो मुनिवृषभ अर्थात् मुनियोंमें प्रधान हैं उनके कहे हुए शून्यगृहादिक तथा तीर्थ, नाम मंत्र, स्थापनरूप मूर्ति और उनका आलय–मन्दिर, पुस्तक और अकृत्रिम जिनमन्दिर उनको 'णिइच्छंति' अर्थात् निश्चयसे इष्ट करते हैं। सूने घर आदिमें रहते हैं और तीर्थ आदिका ध्यान चिंतवन करते हैं तथा दूसरोंको वहाँ दीक्षा देते हैं।

यहाँ 'णिइच्छति' पाठान्तर 'णिइच्छंति' इसप्रकार भी है इसका कालोक्ति द्वारा तो इसप्रकार अर्थ होता है कि ''जो क्या इष्ट नहीं करते हैं? अर्थात् करते ही हैं।'' एक टिप्पणीमें ऐसा अर्थ किया है कि – ऐसे शून्यगृहादिक तथा तीर्थादिकको स्ववशासक्त अर्थात् स्वेच्छाचारी भ्रष्टाचारियों द्वारा आसक्त हो (युक्त हो) तो वे मुनिप्रधान इष्ट न करें, वहाँ न रहें।

कैसे हैं वे मुनिप्रधान? पाँच महाव्रत संयुक्त हैं, पांच इन्द्रियोंको भलेप्रकार जीतनेवाले हैं, निरपेक्ष हैं – किसी प्रकारकी वांच्छासे मुनि नहीं हुए हैं, स्वाध्याय और ध्यानयुक्त हैं, कई तो शास्त्र पढ़ते–पढ़ाते हैं, कई धर्म–शुक्लध्यान करते हैं।

भावार्थ :– यहाँ दीक्षा योग्य स्थान तथा दीक्षासहित दीक्षा देनेवाले मुनिका तथा उनके चिंतनयोग्य व्यवहारका स्वरूप कहा है।।४२–४३–४४।।

## ગાથા-૪૨ થી ૪૪ ઉપર પ્રવચન

(હવે ૧૧મો બોલ) '**પ્રવ્રજ્યાકા નિરૂપણ કરતે હૈં,...**' ચારિત્ર કેવું હોય. પ્રવ્રજ્યા એટલે ચારિત્ર. ભગવાનના માર્ગમાં ચારિત્ર કેવું હોય? '**ઉસકો દીક્ષા કહતે હૈં. પ્રથમ હી દીક્ષાકે યોગ્ય સ્થાનવિશેષકો...**' કે જેમાં દીક્ષા લે અને દીક્ષાવાળા રહે. '**દીક્ષાસહિત મુનિ જહાં તિષ્ઠતે હૈં, ઉસકા સ્વરૂપ કહતે હૈં :–**' છેલ્લો બોલ છે આ બોધ પાહુડનો.

**सुण्णहरे तरुहिट्ठे, उज्जाणे तह मसाणवासे वा।**
**गिरिगुह गिरिसिहरे वा, भीमवणे अहव वसिते वा।।४२।।**
**[1]सवसासत्तं तित्थं, [2]वचचइदालत्तयं च वुत्तेहिं।**
**जिणभवणं अह बेज्झं, जिणमग्गे जिणवरा विंति।।४३।।**
**पंचमहव्वयजुत्ता, पंचिंदियसंजया णिरावेक्खा।**
**सज्झायझाणजुत्ता, मुणिवरवसहा णिइच्छन्ति।।४४।।**

આહાહા..! 'બોધપાહુડ'માં દરેકની નિશ્ચયની સત્ય વાત વર્ણવી છે. કહે છે કે જૈનદર્શન એટલે પરમ પદાર્થની સ્થિતિવાળું દર્શન, જેવી વસ્તુની સ્થિતિ (છે) તેને જાણીને જૈનદર્શન જે છે, એમાં મુનિઓ કેવા હોય. એના સંતો કેવા હોય. પહેલા અરિહંતની વ્યાખ્યા કરી. હવે આ મુનિની વ્યાખ્યા કરી છે. એ '**સૂના ઘર,...**'માં રહે. આહાહા..! અહીં તો મોટા બંગલામાં. પાંચ-પાંચ લાખના બંગલા હોય.

મુમુક્ષુ :- ઈ પણ માણસ ન હોય તો સૂના કહેવાય ને.

ઉત્તર :- માણસો નથી. શહેરમાં મોટા મકાન. અરે..! એ કાંઈ વ્યવહારના પણ ઠેકાણા ન મળે. મુનિ તો જંગલમાં વસે. સૂના ઘરમાં વસે. આહાહા..! છેલ્લે થોડો એક શબ્દ આવશે. સમજાય છે? થોડી વાર આવે. જંગલમાંથી આહાર લેવા ત્યારે થોડી વાર વસ્તીમાં રહે. બાકી તો સૂના ઘર હોય. કોઈ ન હોય. એકલા ભૂત ને પ્રેત જ્યાં વસતા હોય ત્યાં રહે એકલા મુનિ. આહાહા..! સંસારી જ્યારે બંગલા ને મહેલમાં હિંડોળે હિંચકતા ને આમ હવા પાણી ચારેકોર. શું કહેવાય ઓલા સુગંધવાળી આવે. ઉનાળામાં નહિ આ બાંધે. તાટી. સુગંધી વાળાની તાટી. ત્યારે આ-મુનિ જૂના ઘરમાં રહે. બધા એવા મકાન-બંગલા ને હવા-પાણી આહાહા..! ઉજાસ... ઉજાસ... ઉજાસ.

દરબાર અહીં આવ્યા હતા ને? 'કૃષ્ણકુમાર'. આ મકાન તો નવ હજારનું છે. આ કાંઈ મોટું મકાન નથી. હવે એ તો મોટો કરોડ તાલુકાનો શાહુકાર. એને મોટો મહેલ હતો. પણ અહીં ઘરે આવ્યા. એ અને 'નિર્મળકુમાર' બેય આવ્યા હતા. (સંવત) ૧૯૯૭માં. ગયા. આ 'કૃષ્ણકુમાર' ગુજરી ગયા ને? 'ભાવનગર' દરબાર. આમ કરે ત્યાં આહાહા..! આ! દરબાર પોતે બોલ્યા 'કૃષ્ણકુમાર'. 'નિર્મળકુમાર' સાથે હતા. બેય આવ્યા હતા, ૧૯૯૭માં. અહીં ઊભા. હું અહીં બેઠો હતો. આ..હા...! આવા મકાન! મહારાજ! જંગલમાં વસો છો તમે? ગામમાં વસો તો લોકોને લાભ થાય. 'કૃષ્ણકુમાર' પોતે આવ્યા હતા. અહીં ઊભા હતા બેય. અહીં 'સમયસાર' આપ્યું હતું. 'લીલાધરભાઈ'એ આપ્યું હતું. 'લીલાધરભાઈ'એ ઓલું નાનું 'સમયસાર' છે ને પાતળા પાનાનું. બેયને આપ્યા હતા એક-એક. 'નિર્મળકુમાર'ને તો ક્યાં.. આ પણ કે દિ' વાંચ્યું હોય. બે આપ્યા હતા, બે. આહાહા..! આ મકાન! એની પાસે તો લાખોના ઘણા મોટા મકાનો હોય. પૂર્વનું પુણ્ય છે ને ભેગું? અંદર ગર્યા ત્યાં... આહાહા..! આવું મકાન જંગલમાં! મહારાજ જંગલમાં વસો છો. ગામમાં લાભ થાય (ગામમાં રહો તો). આમ નરમ હતા બિચારા. ચાલે સંસાર, શું કરે?

'**વૃક્ષકા મૂલ, કોટર,...**' મોટા મોટા સૂકા વૃક્ષ હોય ને એમાં કોટર-ખાલી ભાગ હોય. આવા ખાલા ખાડા હોય. અંદરમાં બેસે. માથે ઝાડનો બંગલો. ઝાડનો બંગલો માથે હોય. આહાહા..! છે ને મોટા કોટર. અત્યારે પણ મોટા મોટા છે. એક તો ત્યાં 'ભરૂચ'માં એક છે. વડ વૃક્ષ. મોટું એક માઈલમાં ફેલાયેલું. 'ભરૂચ'માં. એક માઈલમાં. એટલી કોણ જાણે ડાળ લાંબી, મોટું થડ. 'કબીરવડ'. નામ સાંભળ્યું છે. જોયું નથી. સાધુને ગોતવા ગયા હતા. આ તો ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૦-૬૫ની. ૬૦-૬૫ની વાતું છે. સાધુ આવ્યા હતા ને આ 'બરવાળા'ના? મેં કીધું, ક્યાં છે? 'કબીરવડ'માં. ત્યાં મોટો કબીર વડ છે. એવા ઝાડ

હોય મોટા એમાં નીચે ખાલી ભાગ હોય. આવા મુનિ હોય. બહારમાં આવી સ્થિતિ હોય. બંગલામાં રહે, રંગેલા પાત્રા રાખે, જેવા જોવે એવા આહાર સવારે ચા, બપોરે રોટલા ને સાંજના ભજિયા ને પુરી. ચાર-ચાર વાર (જમે). એય..! '...જી'! કેટલી વાર રહે? ચાર-ચાર વાર ખોરાક લે ને? સવારમાં ચા, બપોરે.. આ 'ચેતનજી' છે ને, ભેગા નહોતા? આહાહા..! ભાઈ! મુનિ તો એને કહે કે જેને અતીન્દ્રિય આનંદના ઊભરા પ્રગટ્યા છે અંદર. આનંદની મોજ, અતીન્દ્રિય આનંદની મોજું પ્રગટી. એને મુનિ કહેવાય. અને તે પણ અતીન્દ્રિય આનંદ ઉગ્ર થઈ ગયો છે. આહા..!

કહે છે, એ વૃક્ષના મૂળના કોટરમાં રહે. '**ઉદ્યાન વન,...**'માં રહે. મોટા ઉદ્યાન રાજાના હોય. બહાર પડ્યા રહે. વનમાં રહે. '**સ્મશાનભૂમિ,...**'માં રહે. લ્યો. આહાહા..! મડદાંને બાળતા હોય. વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય. '**પર્વતકી ગુફા,...**' પર્વતમાં ગુફા હોય ને? એવામાં મુનિ રહે. '**પર્વતકા શિખર,...**' પર્વતની ઉપર છેક ટોચે જઈને ધ્યાનમાં બેસે. જ્યાં સિંહ ને વાઘ ચારે કોરથી ત્રાડ મારતા હોય. મોટા સિંહ હોય તો પણ શાંત... શાંત... શાંત... 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં.' લ્યો! એવું આવે છે ને 'શ્રીમદ્'માં?

**એકાકી વિચારતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.**
**અડોલ આસનને મનમાં નહિ ક્ષોભતા. (પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.)**

જુઓ! 'શ્રીમદ્' ભાવના ભાવે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગૃહસ્થાશ્રમમાં રહ્યા ભાવના ભાવે છે કે, અહો...! આ દશા અમને ક્યારે આવે? સમજાણું કાંઈ?

**અડોલ આસન ને મનમાં નહિ શોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**

સિંહ અને વાઘ આવે, તો શરીર અમારે જોતું નથી. એને જોતું હોય તો અમારો મિત્ર છે. આહાહા..! એવી મુનિની દશા હોય, બાપા! પંડિતજી! 'શ્રીમદ્' ગૃહસ્થાશ્રમમાં ભાવના ભાવે છે.

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.**
**સર્વ ભાવનું બંધન તીક્ષ્ણ છેદીને વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.**

આહાહા..! મડદાને ઉપાડીને મહાણમાં લઈ જાય. અમે ચાલીને મહાણમાં જઈશું. એવી વીતરાગદશા મુનિને હોય છે. સમજાણું કાંઈ? શરણ... શરણ... શરણ.. ભગવાનઆત્મા છે. એ શરણમાં વિશેષે નિવૃત્તિથી અંદર જવાને જંગલમાં વનવાસ લઈશું. આહાહા..! સમજાણું?

રાજકુમારો હોય છે મોટા. ઈન્દ્રાણી જેવી તો દેવી હોય એને. રૂપશીલા અને મણિશીલા. લાદીને ઠેકાણે રત્નની તો શીલાઓ નીચે હોય છે. રાણીઓ ૩૨-૩૨ રાણીઓ, હજાર-હજાર રાણીઓ. માતા! મને ક્યાંય ચેન પડતું નથી. મારી ચેનની દશા મારામાં છે. માતા! રજા દે. આહાહા..! મારો ભગવાન મારી પાસે છે. મારી રાણી-મારી નિર્મળ પરિણતિ મારી પાસે છે. આહા..! મેં એના વિરહ અનંત કાળ વેઠ્યા. હવે એ વિરહને છોડું છું. માતા! એકવાર રજા આપ. આહાહા..! જુઓ! એ વૈરાગ્ય કેવો હશે! 'ક્ષણ લાખેણી રે જાય. માતા એક ક્ષણ પણ સ્વરૂપ સાધન માટે લાખેણી જાય છે.' એવી એ દશા મુનિની. આહાહા..!

ધન્ય જેના અવતાર, ધન્ય જેના માતા-પિતા ને કુટુંબ જેના ધન્ય થઈ ગયા. આહાહા..! સમજાણું કાંઈ? એ મુનિદશાઓ બાપુ બીજી જાતની છે. આ જેને-તેને માની બેસે મુનિ-સાધુ છે, એની એને ખબર નથી. આહાહા..!

કહે છે પણ મુનિ આવામાં રહે. શેમાં? '**પર્વતકા શિખર, ભયાનક વન...**' જેમાં ભૂત અને પિશાચ રાડ્યું પાડતા હોય, પોકાર કરતા હોય. એવા વનમાં વસે છે. શું અમારી પાસેથી લઈ જાય. મડદાને વીજળીનો ભય હોય? એમ અહીં તો શરીર મડદાં છે. અમે તો ચૈતન્ય અમૃતના સાગરને સાધવા નીકળ્યા છીએ. આહાહા..! મડદાને વીજળીનો ભય (ન હોય). આપણે કહે છે. નથી કહેતા? મડદાને વીજળીનો ભય હોય કાંઈ કે વીજળી પડશે. પણ મરી ગયો, હવે શું છે? એમ શરીર જ્યાં મરી ગયેલું મડદું જ્યાં ભાળ્યું છે. મારે ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..! એવી દશા. ભયાનક વનમાં જઈ સંતો આત્માને સાધે છે. અરે..રે..! કેટલો ફેર પડી ગયો આખો! મુનિપણાની દશા ક્યાંની ક્યાય મનાઈ. આહાહા..! શિયાળે વાઘના ચામડા પહેર્યા. શિયાળ-શિયાળ હોય છે ને? શિયાળને શું કહે? ગિધડ. ગિધડ વાઘના ચામડા પહેરે તો કાંઈ વાઘ થઈ જાય? એમ પામર દૃષ્ટિવાળા અને પામર ભાવવાળા સાધુના વેશ પહેરે એટલે કાંઈ સાધુ થઈ જાય? જુઓ! એ મુનિની વ્યાખ્યા કરી. અરિહંતની વ્યાખ્યા કરી. મુનિ, ગૂઢ મુનિની વ્યાખ્યા આવી હોય છે. 'કુંદકુંદાચાર્ય'ની શૈલી જ કોઈ અલૌકિક! અલૌકિક!!

કહે છે, '**ભયાનક વન ઔર વસ્તિકા...**' વસ્તિમાં ભીક્ષા માટે થોડીવાર ગયા હોય. '**ઈનમેં દીક્ષાસહિત મુનિ ઠહરેં.**' દીક્ષા નગ્નપણું ધારણ કરી એવામાં રહે. આહાહા..! '**યે દીક્ષાયોગ્ય સ્થાન હૈં.**' એને દીક્ષાયોગ્ય સ્થાન કહે. દીક્ષા દેવાના સ્થાન પણ આવા હોય છે. વળી, '**સ્વવશાસક્ત અર્થાત્ સ્વાધીન મુનિયોંસે આસક્ત...**' મુનિ સ્વતંત્ર જે ક્ષેત્રમાં રહે એ '**જો ક્ષેત્ર ઉન ક્ષેત્રોમેં મુનિ ઠહરે. તથા જહાંસે મોક્ષ પધારે ઈસપ્રકારકે તીર્થસ્થાન...**' ત્યાં પણ મુનિ જાય. તીર્થસ્થાનમાં. લ્યો! આ પૂછ્યું હતું એકવાર. ઓલા સંતબાળ છે ને? ભાઈ? સંતબાળ બહુ પ્રતિમાનો વિરોધ કરતા ને? પ્રતિમા નથી, નથી. પહેલા અમે આવ્યા ત્યારે આવ્યા હતા. '..' કહે, શું કરે છે આ? શાસ્ત્રમાં પ્રતિમા નથી નથી, એમ કહે છે. મેં કીધું, આ રહ્યું. આ તે દિ' બતાવ્યું હતું, કહ્યું હતું. જિનભવન. આ છે ને એમાં? '**जिणमग्गे.. जिणमग्गे** ...' જિનભવન છે કે નહિ? આ મૂર્તિ ન હોય તો જિનભવન આવ્યું ક્યાંથી? (સંવત) ૧૯૯૧માં જ્યારે આવ્યા ને ત્યારે (આ બતાવ્યું હતું). એ વખતે મૂર્તિનો બહુ વિરોધ કરેલો ને? પછી તો એણે કબુલ કર્યું કે મૂર્તિ છે ખરી. ૮૫ વર્ષ પહેલા ભગવાન પછી ૮૫ વર્ષ, એ વખતે બરાબર જોગ એવો. અહીં નીકળવું અને ત્યાં એણે કહ્યું, એટલે લોકોને એમ થઈ ગયું કે ઓહો..! મૂર્તિ નથી, મૂર્તિ નથી. 'કલ્યાણજી' એ કહે આ શું સંતબાળ કરે છે? નથી ક્યાંય? અરે..! 'કુંદકુંદાચાર્ય'ના પાઠમાં છે, કીધું. આ ગાથા તે દિ' કહી હતી. આ છે ને? '**जिणभवणं अह वेज्झं, जिणमग्गे जिणवरा**' ૪૩મી ગાથા. ક્યાં ગયા 'વાસુદેવ'? શું કીધું? સાંભળવામાં મોડું થયું. તમારા મકાનમાં કહ્યું હતું આ. (સંવત) ૧૯૯૧. આ ગાથા

કીધી હતી. 'કલ્યાણજી'ને એ આવ્યા હતા ને. પહેલા વહેલા આવ્યા ને. બહારથી આવ્યા હતા. આ શું કહે છે? એવું જ છે. તીર્થંકરનું મંદિર છે, પ્રતિમાઓ પણ છે. ન માને... આણે ટીકામાં બહુ લખ્યું છે. લોકાશાનું સૂત્ર છે ને? ટીકામાં. લોકાશા નથી માનતા. નરકમ્ ગચ્છંતિ. .. વિપરીત છે એ તો તદ્દન ખોટી વાત છે.

કહે છે, **'તીર્થસ્થાન ઔર વચ, ચૈત્ય, આલય, ઈસપ્રકાર ત્રિક જો પહિલે કહા ગયા હૈ અર્થાત્ આયતન આદિક; પરમાર્થરૂપ, સંયમી મુનિ, અરહંત, સિદ્ધ સ્વરૂપ ઉનકે નામકે અક્ષરરૂપ મંત્ર...'** અક્ષરરૂપ મંત્ર હોય ને? આ પુસ્તક. **'તથા ઉનકી આજ્ઞારૂપ વાણીકો વચ કહતે હૈં...'** વચન. વચનની પ્રતિમા સ્થાપે ને? આપણે વચન સ્થાપ્યા ને અહીં ? 'સમયસાર'. **'તથા ઉનકે આકાર ધાતુ પાષાણકી પ્રતિમા સ્થાપનકો ચૈત્ય કહતે હૈં...'** લ્યો! એક દિ' મોડું થઈ ગયું. કેમ થયું? સમજાણું કાંઈ? ભાઈ તો કહે, કાલે આવશે. એમ કહ્યું.

કહે છે કે વીતરાગની વાણીનું પણ જ્યાં સ્થાન હોય એ પણ એક ધર્મસ્થાન કહેવામાં આવે છે. દીક્ષાને યોગ્ય સ્થાન છે અને તેમાં ધ્યાન કરવાને માટે મુનિ પણ વસે છે. એમ પાષાણની પ્રતિમા ભગવાનની. એવા મંદિરો હોય ત્યાં પણ ધ્યાન કરવાનું એ સ્થાન છે. દીક્ષા દેવાનું પણ એ સ્થાન છે. જુઓ! પ્રતિમા 'કુંદકુંદાચાર્ય' પોતે સ્થાપે છે. નવું નથી. અનાદિની મૂર્તિ છે. પણ એની મર્યાદા એટલી કે ભક્તિભાવ આવે એ શુભભાવ થાય. એટલી વાત. ધ્યાન માટે એકાગ્ર ...

**'પ્રતિમા તથા અક્ષર મંત્ર વાણી જિસમેં સ્થાપિત કિયે જાતે હૈં ઈસપ્રકાર આલય-'** ત્રણ લીધું ને? વચ-ચૈત્ય અને આલય. વચનો, ભગવાનની વાણીના વચનો, એ જ્યાં રહે એનું પણ સ્થાન, પ્રતિમાનું સ્થાન અને બેયનું સ્થાન એમ કરીને આયતન કહ્યું. એવા આયતનમાં મુનિ વસે અથવા એનું ધ્યાન કરે. **'આલય-મંદિર, યંત્ર યા પુસ્તકરૂપ ઐસા વચ, ચૈતન્ય તથા આલયકા ત્રિક હૈ...'** લ્યો! **'અથવા જિનભવન અર્થાત્ અકૃત્રિમ ચૈત્યાલય મંદિર...'** મેરુ પર્વત આદિમાં શાશ્વત મંદિર હોય છે ત્યાં પણ મુનિ ધ્યાન કરવા જાય છે. શાશ્વત પ્રતિમાઓ હોય છે. મણિરત્નની પ્રતિમા હોય છે. સમજાણું કાંઈ? મણિરત્નના મંદિરો અને મણિરત્નની પ્રતિમાઓ. જિનભવન એવા હોય છે. લ્યો!

**'જિનભવન અર્થાત્ અકૃત્રિમ ચૈત્યાલય મંદિર ઈસપ્રકાર આયતનાદિક ઉનકે સમાન હી ઉનકો વ્યવહાર, ઉસે જિનમાર્ગમેં જિનવર દેવ 'વેધ્ય' અર્થાત્ દીક્ષાસહિત મુનિયોંકે ધ્યાન કરને યોગ્ય, ચિન્તન કરને યોગ્ય કહતે હૈં.'** લ્યો! દીક્ષા દેવા લાયક છે, દીક્ષા દેનારા ત્યાં ધ્યાન કરે અને દીક્ષાવાળા એનું ચિંતવન, ભક્તિ આદિ પણ કરે. એ માટે આને જિનભવન આદિ કહેવામાં આવ્યા છે. આ મુનિ આવા હોય. એવામાં ધ્યાનમાં-આનંદમાં રહે એને મુનિ કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૯, ગાથા-૪૨ થી ૪૮, શુક્રવાર, પોષ સુદ ૧૨, તા.૦૮-૦૧-૭૧

આ 'અષ્ટપાહુડ'માં બોધપાહુડ છે. મુનિની વ્યાખ્યા છે. પહેલા અરિહંતની વ્યાખ્યા કરી હતી કે અરિહંત ગુણમાં અને પુણ્ય આદિ પ્રકૃતિના સંયોગમાં કેવા હોય. અને મુનિ કેવા હોય? (એમનું) વાસ્તવિક સ્વરૂપ એની શ્રદ્ધા ને ઓળખાણ કરાવે છે.

'**જો મુનિવૃષભ અર્થાત્ મુનિયોંમેં પ્રધાન હૈં...**' સાધુમાં જે મુખ્ય સાચા સાધુ છે, તે શૂન્ય ગ્રહાદિક, એમાં રહે. શૂન્ય મકાનાદિ હોય એમાં એ રહે. '**ઔર તીર્થ, નામ મંત્ર, સ્થાપનરૂપ મૂર્તિ ઔર ઉનકા આલય – મંદિર, પુસ્તક ઔર અકૃત્રિમ જિનમંદિર ઉનકો 'ણિઈચ્છતિ' અર્થાત્ નિશ્ચયસે ઈષ્ટ કરતે હૈં.**' એવામાં એકાંતમાં રહે, એમ કહે છે. નગ્ન દિગંબર નિર્ગ્રંથ મુનિ હોય છે. ત્રણ કષાયનો અંદર નાશ થયો હોય છે અને બાહ્યમાં તદ્દન નગ્ન દશા હોય છે. એ આવા શૂન્ય ગૃહાદિમાં વસે છે. એવી મુનિની દશા-સ્થિતિ અનાદિની આ છે. એમાંથી ફેરફાર કર્યો છે એ બધો મુનિમાર્ગ નથી.

'**સૂને ઘર આદિમેં રહતે હૈં ઔર તીર્થ આદિકા ધ્યાન ચિંતવન કરતે હૈં.**' તીર્થના સ્થાન જ્યાં ભગવાન આદિ મોક્ષ પધાર્યા હોય, મહા મુનિઓ જ્યાં મોક્ષે પધાર્યા હોય એવા સ્થાનમાં પોતાનું ધ્યાન કરે અથવા ધ્યાન કરવાને ત્યાં એકાંતમાં જાય. '**તથા દૂસરોંકો વહાં દીક્ષા દેતે હૈં.**' બીજાને પણ મુનિપણાની દીક્ષા એવા સ્થાનમાં દે. ''**ણિઈચ્છતિ' પાઠાન્તર 'ણિઈચ્છતિ' ઈસપ્રકાર ભી હૈ ઉસકા કાલોક્તિ દ્વાર તો ઈસપ્રકાર અર્થ હોતા હૈ કિ 'જો ક્યા ઈષ્ટ નહીં કરતે હૈં? અર્થાત્ કરતે હી હૈ.**' ધર્માત્મા સંત-મુનિ આનંદમાં મસ્ત એવા સાધકજીવ આવા સ્થાનને કેમ ન ઈચ્છે? એમ. એવા સ્થાનમાં એકાંતમાં જ એ વસતા હોય. સમજાણું કાંઈ?

'**એક ટિપ્પણીમેં ઐસા અર્થ કિયા હૈ કિ – ઐસે શૂન્યગૃહાદિક...**' ત્રીજો અર્થ કર્યો છે. એક એવો અર્થ કર્યો (કે) શૂન્યગૃહાદિમાં ઈચ્છે અને રહે. બીજો અર્થ એવો કર્યો કે શૂન્યગૃહાદિમાં કેમ ન રહે? કેમ ન ઈચ્છા એવા ને? એમ અર્થ કર્યો. એનો ને એનો ત્રીજો અર્થ બીજો છે. '**ઐસે શૂન્યગૃહાદિક તથા તીર્થાદિકકો સ્વવશાસક્ત અર્થાત્ સ્વેચ્છાચારી ભ્રષ્ટાચારિયોં...**' ભ્રષ્ટ સાધુ જ્યાં રહેતા હોય એવામાં સાચા મુનિ ન રહે, એમ કહે છે. અત્યારે તો આખી વાત બધી ફરી ગઈ છે. મુનિ તો અનાદિ સનાતન જૈન માર્ગમાં વીતરાગી દશા જેને પ્રગટી હોય છે અને બાહ્યમાં તદ્દન નગ્ન દિગંબર વસ્ત્રનો કટકો હોય નહિ. એ આવા સ્થાનમાં વસે અને એવા સ્થાનમાં બીજા ભેખધારીઓ, ભ્રષ્ટ આચારવાળા હોય તો એમાં વસે નહિ. '**સ્વવશાસક્ત અર્થાત્ સ્વેચ્છાચારી ભ્રષ્ટાચારિયોં દ્વારા આસક્ત હો (યુક્ત હો) તો વે મુનિપ્રધાન ઈષ્ટ ન કરેં, વહાં ન રહેં.**' ભ્રષ્ટ આચાર્યો હોય, શ્રદ્ધા ભ્રષ્ટ હોય એવા સાધુની વસ્તી હોય એમાં જાય નહિ. તદ્દન નિવૃત માર્ગ છે જ્યાં.

'**કૈસે હૈં વે મુનિપ્રધાન? પાંચ મહાવ્રત સંયુક્ત હૈં,...**' વિકલ્પ હોય છે તો અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એવો એને વિકલ્પ નામ શુભરાગ હોય. રાગ હોય તો આટલો હોય. '**પાંચ ઈન્દ્રિયોંકો ભલે પ્રકાર જીતનેવાલે હૈં,...**' પાંચેય ઈન્દ્રિય જેણે જીતી.

અતીન્દ્રિય આનંદના સ્વભાવનું એ સાધન કરતો હોય છે. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા, એનું એ સાધન કરતો હોય છે. એને ઈન્દ્રિયના વિષયનો સંગ, પ્રસંગ હોય નહિ.

વળી કેવા છે? '**निरपेक्ष हैं – किसी प्रकारकी वांच्छासे मुनि नहीं हुए हैं,...**' માન મળે, મોટપ થશે, આચાર્ય થશું, સંઘમાં પૂજાશું એવી ઈચ્છાથી સાધુ થાય એ સાધુ છે નહિ. સમજાણું કાંઈ? '**निरपेक्ष हैं – किसी प्रकारकी वांच्छासे मुनि नहीं हुए हैं, स्वाध्याय और ध्यानयुक्त हैं,...**' અહો..! જેને આત્માના આનંદનું અંતરમાં ધ્યાન હોય છે. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો મોટો ભંડાર પડ્યો છે, એનું એને ધ્યાન હોય છે. ત્યાં એની લગની લાગી હોય છે. એમાં ન રહી શકે તો શાસ્ત્રની સ્વાધ્યાય કરે. બે જ એને હોય, ત્રીજું હોય નહિ. આહાહા..! આવી મુનિની દશા, જેને ગણધર નમસ્કાર કરે છે.

'**स्वाध्याय और ध्यानयुक्त हैं,...**' શાસ્ત્રની સ્વાધ્યાય (હોય). અંતરમાં ધ્યાનમાં, આનંદમાં રહી ન શકે. કરવું તો આત્માનું ધ્યાન એ જ એનું કર્તવ્ય છે. અંતરમાં અતીન્દ્રિય આનંદમાં લીન થઈને રહેવું એ મુનિનું મુખ્ય કર્તવ્ય અને આચરણ છે. આહાહા..! ધ્યાનમાં ન રહી શકે તો ભગવાનના શ્રીમુખે કહેલા-દિવ્યધ્વનિથી આવેલા એવા શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. '**कई तो शास्त्र पढते-पढाते हैं,...**' કોઈ એવું શાસ્ત્ર હોય (તો એ) પોતે ભણે અને બીજાને પણ ભણાવે. '**कई धर्म – शुक्लध्यान करते हैं.**' લ્યો! અંતર ધર્મધ્યાન-ધર્મધ્યાન. આનંદના સ્વભાવનું ધ્યાન એ ધર્મધ્યાન. ઉત્કૃષ્ટપણે શુક્લધ્યાન. ઘણી જ આનંદની ઉગ્રતા અને એકાગ્રતા એ શુક્લધ્યાન. આ ધ્યાન છે. આ યોગ ને બોગ એ બધા વાતું કરે છે ને. ૐ... ૐ... કરો ને જાપ કરો ને આમ કરો ને તેમ કરો. એ બધા વિકલ્પ છે. એમાં કાંઈ તત્ત્વ છે નહિ. સમજાણું કાંઈ? પોતે જ આનંદની મૂર્તિ અનાકુળ સ્વભાવનો સાગર પ્રભુ છે. અચિંત્ય, અતુલ, અનંત સાગર સ્વભાવ આત્મા છે. આહા..! એમાં એકાગ્ર થઈ ધ્યાનમાં લીન રહે. ન રહી શકે તો સ્વાધ્યાય કરે. બસ, બે સિવાય ત્રીજું એને હોઈ શકે નહિ. કહો, આવા સાધુ હોય છે વીતરાગના. એટલે સાચા સાધુની આવી રીત હતી. સમજાણું કાંઈ? આ વસ્ત્ર-પાત્ર સહિત સાધુ માને છે એ બધું વીતરાગમાર્ગથી વિરૃદ્ધ છે અને એકલા નગ્ન થઈને ફરે અને આત્માનું ધ્યાન-જ્ઞાન, સમ્યક્ અનુભવ ન હોય એ પણ સાધુ છે નહિ. સમજાણું કાંઈ?

'**यहां दीक्षा योग्य स्थान...**'ની વાત કરી. તીર્થસ્થાન, એકાંતસ્થાન એ બધા દીક્ષાને યોગ્ય સ્થાન છે. '**दीक्षासहित दीक्षा देनेवाले मुनिका तथा उनके चिंतवनयोग्य व्यवहारका स्वरूप कहा है.**' તીર્થ આદિ, મૂર્તિ આદિ, મંત્ર આદિ ભગવાનના કહેલા અક્ષરો, મંત્રનો વિચાર કરે ધ્યાન કરે. એ વ્યવહાર કહ્યો, એ વ્યવહાર છે. અંતરમાં આનંદનું ધ્યાન કરવું એ નિશ્ચય છે અને આવા વિકલ્પનું ધ્યાન, એ વ્યવહાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ધર્મ ધ્યાન અને શુક્લધ્યાનમાં શું ફેર?

ઉત્તર :- શુક્લધ્યાનમાં કીધું. ઉગ્ર નિર્મળતા. ઘણી ઉગ્ર નિર્મળતા. અત્યારે એ નથી. ધર્મધ્યાન હોય અત્યારે. બહુ ઉજળું, શુક્લ એટલે ઉજળું. આનંદ, અતીન્દ્રિય આનંદમાં એટલો મશગુલ હોય છે કે જેને આનંદની દશામાં બહુ સૂક્ષ્મ વિકલ્પ બાકી રહી ગયો હોય છે.

એટલી એને અંદર આત્માના સ્વભાવની, આનંદની-ધ્યાનની ઉજ્જવળતા હોય છે. આ બધા ધ્યાનની વાતું કરે છે ને? જુઓને અત્યારે. ઘણા યોગની વાત કરે છે. આમ યોગ કરો, ફલાણું કરો, ઢીંકણું કરો.

મુમુક્ષુ :- ધોળો રંગ દેખાતો હશે ને?

ઉત્તર :- શુક્લ એટલે ઉજળો. આનંદની ઉજળાઈ. અતીન્દ્રિય આનંદ ભગવાન. એ વાત એવી છે કે સ્વસંવેદનનું એને ભાન થાય. આ તો આનંદ આત્મા આનંદની ખાણ આખી, સાગર છે. એ આત્મામાં મીટ માંડીને એકાગ્રતાથી વિશેષ પવિત્રતાનું ધ્યાન અને વિશેષ પવિત્રતા (પ્રગટ થાય) એને શુક્લધ્યાન કહે છે. થોડી પવિત્રતાને ધર્મધ્યાન કહે છે. સમજાણું કાંઈ? વાત જ આખી (જુદી). આત્માની, આત્માની વાત છે આ તો, ભાઈ! આહા..!

વ્યવહારની વાત કરી નાખી વચમાં. તીર્થ ને મંત્ર અક્ષરો ને એનો વિચાર કરે કે અહીંથી ભગવાન મોક્ષ પધાર્યા હતા. તીર્થસ્થાન. સમજાય છે? જેમ આ શેત્રુંજય. પાંડવો ત્યાં મોક્ષ પધાર્યા. પાંચ પાંડવમાં ત્રણ તો ત્યાંથી જ મોક્ષ પધાર્યા છે. ત્યાં સીધા માથે-સિદ્ધમાં બિરાજે છે. તે ક્ષેત્રમાં સીધા બિરાજે છે. પંડિતજી! એ સીધા બિરાજે છે ત્યાં. જ્યાં મોક્ષ પધાર્યા છે ને ત્યાં સીધા બિરાજે છે માથે. સિદ્ધ છે ને? તો જ્યાંથી મુક્ત થાય છે ત્યાં જ ઉપર રહે છે. નથી સમજતા. નથી સમજ્યા. જે સમયે જે ક્ષેત્રથી મુક્ત થાય તે સ્થાનમાં ઉપર રહે. સીધેસીધા ત્યાં છે. એમ વાત છે.

મુમુક્ષુ :- એક શ્રેણિક રહ્યા.

ઉત્તર :- એ વળી બીજી વાત છે. એ વિગ્રહ નહિ, અમે તો બીજી વાત કહીએ છીએ. અહીંથી જાય છે તો ત્યાં જ ઉપર રહે. એ જ ક્ષેત્રમાં છે. ત્યાંના ઉપરના ક્ષેત્રમાં જ ભગવાન છે. આગળ-પાછળ નથી રહેતા. એનો નીચે વિચાર કરે કે, અહો..! અહીંથી પરમાત્મા (સિદ્ધાલયમાં પધાર્યા). મોક્ષ તો અહીં થયો હતો. ત્યાં ઉપર બિરાજે છે. એ તો એક સમય અવિગ્રહ એ તો ગતિની વાત છે. પણ આ તો ઉપર ક્ષેત્રમાં તે જ ઠેકાણે ક્ષેત્રમાં બિરાજે છે. સમજાણું કાંઈ?

તીર્થનું કારણ તો આ છે કે ભગવાન જ્યાંથી મોક્ષ પધારે,.. પાંડવો ત્યાંથી મોક્ષ પધાર્યા ત્યાં ઉપર જ બિરાજે છે. 'નેમિનાથ' ભગવાન અહીં ગીરનારથી મોક્ષ પધાર્યા છે તો ત્યાં જ ઉપર બિરાજે છે. ત્યાં જ એ સ્થાનમાં જ ઉપર બરાબર છે, સાદિઅનંત. ત્યાં નીચે વિચાર કરે કે, અહો..! પ્રભુ અહીંથી મોક્ષ પધારીને ઉપર આનંદસ્વરૂપમાં બિરાજે છે. એવો વિકલ્પ આવે-શુભ વિકલ્પ. પોતાનું ધ્યાન અંદર જામે નહિ પછી એવા વિકલ્પોનું વ્યવહાર ધ્યાન આવે. એ છે પુણ્યબંધનું કારણ. અને સ્વભાવમાં ધ્યાન છે શુદ્ધતાનું કારણ. આનંદમગ્ન આત્મામાં અંતર. એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ અનાદિઅનંત શાશ્વત સ્વભાવ, એનું અંતર ધ્યાન, એનું નામ વાસ્તવિક પવિત્રતા અને એનું નામ સંવર ને નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

(११) आगे प्रव्रज्याका स्वरूप कहते हैं :–

गिहगंथमोहमुक्का, बावीसपरीसहा जियकषाया।
पावारंभविमुक्का, पव्वज्जा एरिसा भणिया।।४५।।

गृहग्रंथमोहमुक्ता द्वाविंशतिपरीषहा जितकषाया।
पापारंभविमुक्ता प्रव्रज्या ईदृशी भणिता।।४५।।

ગૃહ-ગ્રંથ-મોહવિમુક્ત છે, પરિષહજયી, અકષાય છે,
છે મુક્ત પાપારંભથી, - દીક્ષા કહી આવી જિને. ૪૫.

अर्थ :– गृह (घर) और ग्रंथ (परिग्रह) इन दोनोंसे मुनि तो मोह ममत्व, इष्ट –अनिष्ट बुद्धिसे रहित ही हैं, जिसमें बाईस परीषहोंका सहना होता है, कषायोंको जीतते हैं और पापारूप आरंभसे रहित हैं – इसप्रकार प्रव्रज्या जिनश्वरदेवने कही है।

भावार्थ :– जैनदीक्षामें कुछ भी परिग्रह नहीं, सर्व संसारका मोह नहीं, जिसमें बाईस परीषहोंका सहना तथा कषायोंका जीतना पाया जाता है और पापरंभका अभाव होता है। इसप्रकार दीक्षा अन्यमतमें नहीं है ।।४५।।

## ગાથા-૪૫ ઉપર પ્રવચન

હવે પ્રવજ્યાનું (વિવરણ). પ્રવ્રજ્યા કેવી હોય? મુનિની પ્રવ્રજ્યા-દીક્ષા કેવી હોય? વર્ણન આવે ને? આવે તો થોડું થોડું આવે. સર્વજ્ઞના પંથમાં મુનિ કેવા હોય? જિનેશ્વરની આજ્ઞામાં કેવા મુનિ હોય એની આ વ્યાખ્યા છે.

गिहगंथमोहमुक्का, बावीसपरीसहा जियकषाया।
पावारंभविमुक्का, पव्वज्जा एरिसा भणिया।।४५।।

'કુંદકુંદાચાર્ય' મુનિ દિગંબર સંત હતા. ભગવાન પાસે આઠ દિ' ગયા હતા. 'સીમંધર' ભગવાન પાસે. એ આવીને આ લખે છે. ભગવાને તો આવી પ્રવ્રજ્યા કીધી છે, ભાઈ! દીક્ષા અને સાધુપદ તો આવું હોય છે.

**અર્થ :–** જેને '**ગૃહ (ઘર)...**' ન હોય. એને મકાન ન હોય. ઘરના બંગલા બાંધીને રહે અને અમે સાધુ છીએ. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ફરી ગયું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આધા નથી, ઘર નથી. એ તો આધા નથી, ઘર નથી. અમારું ઘર ક્યાં છે, એ તો કો'કનું ઘર છે. હમણાં હતા ને? ઉતર્યા હતા ને 'બાબુભાઈ'ના મકાનમાં. 'અમદાવાદ'. ત્યાં બે સાધુ ગુરુ-શિષ્ય છે. એક લાખ રૂપિયા ભેગા કર્યા ત્યાં મકાન કરવા માટે. જાવજીવ ત્યાં રહેવું. બે ગુરુ-શિષ્ય સિવાય ત્રીજાનો હક્ક નહિ. ત્યારે વાત કરતા હતા. 'બાબુભાઈ' કહેતા હતા. આ 'ગોપાળદાસ'. તમારી જ જમીન છે ને ત્યાં એ? એની જમીન પાસે જ છે.

એ 'પૂનમભાઈ' કરાવવાના છે. નહિ? એની જોડે એ જમીન છે. 'બાબુભાઈ'ની સામે. અમે ઘણી વાર ત્યાં જ 'બાબુભાઈ'ને ઘરે જ ઉતરીએ છીએ ને. એ કહેતા હતા, અહીંયાં સાધુ ઘર કરીને રહેવાના છે. એક લાખ રૂપિયા ભેગા કર્યા છે. એના આશ્રિતો અહીં મકાન કરશે. પછી જાવજીવ અહીં રહેશે. વિહાર નહિ, ચોમાસુ નહિ. સદાય અહીં. અરે..! ભગવાન! હજી તો વસ્ત્ર સહિત જ મુનિપણું હોય નહિ, એમાં વળી પાછા ઘર બાંધીને રહે.

મુમુક્ષુ :- ઘર સહિત મુનિપણું.

ઉત્તર :- ઘરસહિત મુનિપણું. અરે..! ભગવાન! બાપા! મુનિ તો કેવા હોય. અનગાર. એને આગાર-ઘર હોય નહિ. અહો..! જેની આનંદની દશા..

મુમુક્ષુ :- પંચમકાળમાં આવી ઝીણવટ કોને છે?

ઉત્તર :- પંચમકાળ હોય કે ચોથો કાળ હોય. સુખડી તે કાંઈ ગોળની થાતી હશે કે ગારાની થાતી હશે? એ કહેતા હતા હમણાં. 'નાગનેશ'માં 'મોહનલાલજી' સાધુ. 'બરવાળા'માં. સાધુના .. આહાર માગશો તો સાધુ નહિ થાય પછી આવા. કરવા દોને બિચારા એવા તો એવા, એમ કહેતા. આહાહા..! જે સાધુ થાય બિચારા એટલું તો રાખશે, પાળશે. દીધું એટલું પુણ્ય અને ખાધુ એટલું અન્ન. એમ. ધૂળમાંય નથી. મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..!

સાધુપદ કહેવરાવવું અને સાધુપદ પાળવું નહિ. સાધુપદમાં જે દૃષ્ટિ, જ્ઞાન જોઈએ તે હોય નહિ, ચારિત્ર હોય નહિ. ભ્રષ્ટ છે. કીધું ને? એની તો આ વ્યાખ્યા છે. માર્ગ તો આવો છે, ભાઈ! એને શ્રદ્ધા કરાવે છે. બીજા સાધુ નથી એને સાધુ માનવા એ મિથ્યાત્વ છે. અસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને અસાધુ માને તો મિથ્યાત્વ. આવે છે. પડિક્કમણામાં આવે છે 'રતિભાઈ'. પચ્ચીસ મિથ્યાત્વ. જુઓ! આહાહા..!

**'ગૃહ (ઘર) ઔર ગ્રંથ (પરિગ્રહ)...'** નથી. પાછો કોઈ વસ્ત્રનો એક કટકો પણ હોય નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પૈસા તો હોય ને?

ઉત્તર :- પૈસા હોય. લ્યો! કોણ કો'ક કહેતું હતું ને કે હું ગયો ત્યારે પૈસા ગણતા હતા. તમે. (હરખચંદજી મહારાજ) 'ભાવનગર'. પૈસા રાખતા હતા. અમારે 'પાલેજ'માં આવે. દુકાને લાભ લેતા. સોગઠી આવે છે ને મરણ વખતે? શું કહેવાય? હિરણકણ. મરતા હોય ને ત્યારે જરી ઘસીને આપે. બોલે જરી.. એવી સોગઠી આવે છે. એવી એક જણ પાસેથી લીધી. મેં કીધું, આ સાધુ શું કરતા હશે આનું? એ તો ઘણા વખતની વાત છે. (સંવત) ૬૭ની-૧૯૬૭. પણ તે દિ' તો આપણે અજાણ્યા. આપણને તો કાંઈ ખબર નહિ કે શું હશે આ. ઓલા વેચવા નીકળે છે ને? કાબુલી. એની પાસે સોગઠી હતી. તો સોગઠી (લીધી). મેં કીધું, આ શું કરે છે? ૬૭ની વાત છે. આહાહા..!

કહે છે કે, જેને ઘર ન હોય. જેને ઘર ન હોય પણ પછી એને વસ્ત્રના કટકાનો પરિગ્રહ પણ ન હોય, એમ કહે છે. સમજાણું? **'ઇન દોનોંસે મુનિ તો મોહ મમત્વ,...'** પાછું બે તો ન હોય. પણ પાછું એનો મોહ-મમત્વ પણ ન હોય. એમ. એ ચીજ છોડી હોય પણ ચીજ

ન હોય પણ અંદર મોહ અને મમત્વ હોય તો એ સાધુ છે નહિ. **'ઇન દોનોંસે મુનિ તો મોહ મમત્વ, ઇષ્ટ - અનિષ્ટ બુદ્ધિસે રહિત હી હૈં,...'** આહાહા..! ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિ જ નથી જેને. અનુકૂળતામાં ઇષ્ટ અને પ્રતિકૂળતા અનિષ્ટ (એવું છે નહિ). ઓહો..! પરમેશ્વર થયા પોતે. પંચપદમાં ભળ્યા. નમો લોએ સવ્વસાહૂણં. એને ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ હોય નહિ. મિથ્યાત્વ હોય નહિ અને ઇષ્ટ-અનિષ્ટના રાગ-દ્વેષ પણ હોય નહિ. એવી જેની દશા. આહાહા..!

**'જિસમેં બાઈસ પરીષહોંકા સહના હોતા હૈ,...'** તાપ, ટાઢ, તડકા, ક્ષુધા, તૃષા આનંદથી સહન કરે. આનંદથી સહન કરે, હોં! વેઠથી, દુઃખથી નહિ. અતીન્દ્રિય આનંદમાં મસ્ત હોય. ક્ષુધા, તૃષા, તાપ, તડકા એ બધાને શાંતિ... શાંતિ... શાંતિ... જ્ઞાતા-દૃષ્ટાપણે સહન કરે. કષ્ટ લાગે અને સહન કરે એ સહન કર્યું ન કહેવાય. એ તો દ્વેષ થયો. વળી **'કષાયોંકો જીતતે હૈં...'** કષાય ક્રોધ-માન-માયા તદ્દન જીત્યા છે. ક્ષમા. આનંદની દશા. સ્થિરતા, સરળતા, વીતરાગતા જ્યાં અંદર પ્રગટી હોય. ઓ..હો..!

વળી **'પાપરૂપ આરંભસે રહિત હૈં-'** એને માટે બનાવેલો આહાર-પાણી આદિ પાપારંભ એને હોતો નથી. આહાર-પાણી એને માટે કર્યા હોય એ લે નહિ. એને માટે મકાન આદિ કર્યા હોય એ લે નહિ, ચોકા એને માટે કર્યા હોય તો લે નહિ. આહાહા..! **'પાપરૂપ આરંભસે રહિત હૈં - ઇસપ્રકાર પ્રવ્રજ્યા જિનેશ્વરદેવને કહી હૈ.'** **'भणिया'** છે ને અંદર? **'एरिसा भणिया'** આવી દીક્ષા અને સાધુપદ.. બાપા! આહાહા..! ભગવાનના માર્ગમાં ભગવાને તો આમ કહ્યું છે. સમજાણું કાંઈ?

**'જૈનદીક્ષામેં કુછ ભી પરિગ્રહ નહીં,...'** વીતરાગી દીક્ષામાં એક વસ્ત્રનો તાણો નહિ ને પાત્રનો કટકો નહિ. પાત્રી નાની રાખો, શાકનું પાત્ર જુદું, દાળનું જુદું. એને હોતા નથી. **'સર્વ સંસારકા મોહ નહીં,..'** આખા સંસારનો (મોહ નથી). વીતરાગતા અંદરમાં પ્રગટી છે. સર્વ સંસારનો મોહ ઊડી ગયો છે. **'જિસમેં બાઈસ પરીષહોંકા સહના તથા કષાયોંકા જીતના પાયા જાતા હૈ ઔર પાપરંભકા અભાવ હોતા હૈ. ઇસપ્રકાર દીક્ષા અન્યમતમેં નહીં હૈ.'** આવું સાધુપદ અન્યમતમાં હોઈ શકે નહિ. જિનેશ્વર વીતરાગ માર્ગમાં એ હોય. બાકી બીજે હોય નહિ. કહો, સમજાણું કાંઈ?

**'ઇસપ્રકાર દીક્ષા અન્યમતમેં નહીં હૈ.'** અન્યમાં નગ્ન (થઈને) ફરે પણ એને દૃષ્ટિની ખબર નથી અને શાંતિની ખબર નથી. આવી દીક્ષા જૈન પરમેશ્વરના માર્ગ સિવાય બીજે હોતી નથી.

आगे फिर कहते हैं :-

**धणधण्णवत्थदाणं, हिरण्णसयणासणाइं छत्ताइं।**

**कुद्दाणविरहरहिया पव्वज्जा एरिसा भणिया।।४६।।**

धनधान्यावस्त्रदानं हिरण्यशयनासनादि छत्रादि।

कुदानविरहरहिता प्रव्रज्या ईदृशी भणिता।।४६।।

ધન-ધાન્ય-[1]પટ, [2]કંચન-રજત, આસન-શયન, છત્રાદિનાં,

સર્વે કુદાન વિહીન છે, -દીક્ષા કહી આવી જિને. ૪૬.

अर्थ :- धन, धान्य, वस्त्र इनका दान, हिरण्य अर्थात् रूपा, सोना आदिक, शय्या, आसन आदि शब्दसे छत्र, चामरादिक और क्षेत्र आदि कुदानोंसे रहित प्रव्रज्या कही है।

भावार्थ :- अन्यमती, बहुतसे इसप्रकार प्रव्रज्या कहते हैं :- गौ, धन, धान्य, वस्त्र, सोना, रूपा (चांदी), शयन, आसन, छत्र, चंवर, और भूमि आदिका दान करना प्रव्रज्या है। इसका इस गाथामें निषेध किया है - प्रव्रज्या तो निर्ग्रंथस्वरूप है, जो धन, धान्य आदि रखकर दान करे उसके काहेकी प्रव्रज्या? यह तो गृहस्थका कर्म है, गृहस्थके भी इन वस्तुओंके दानसे विशेष पुण्य तो होता नहीं है, क्योंकी पाप बहुत है और पुण्य अल्प है, वह बहुत पापकार्य तो गृहस्थको करनेमें लाभ नहीं है। जिसमें बहुत लाभ हो वही काम करना योग्य है। दीक्षा तो इन वस्तुओंसे रहित है ।।४६।।

## ગાથા-૪૬ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

**धणधण्णवत्थदाणं, हिरण्णसयणासणाइं छत्ताइं।**

**कुद्दाणविरहरहिया पव्वज्जा एरिसा भणिया।।४६।।**

ઓહો..! જુઓ તો ખરા શું કહે છે.

**અર્થ :- 'ધન્ય, ધાન્ય, વસ્ત્ર ઈનકા દાન,...'** મુનિ દાન એનું ન આપે. મુનિ પાસે એ હોય નહિ, એમ કહે છે. જુઓ! (પેલા કહે), ભગવાને દાન આપ્યા. આહાહા..! જુઓને એ માટે તો સ્પષ્ટ કરે છે. અર્ધુ ફાલક આપ્યું. એના વખાણ અમરચંદજી કરે. જૈન કરુણા છે એવી. સાધુપદમાં વસ્ત્ર પોતા પાસે હોય નહિ એ વસ્ત્ર આપે કોને? આ તો 'મહાવીર' ભગવાનને ઈન્દ્રે એક વસ્ત્ર આપ્યું હતું. એમાં એને શું કીધું.. એના મામાનો મિત્ર બ્રાહ્મણ કો'ક આવ્યો (એ કહે). મહારાજ! હું રહી ગયો વર્ષીદાનમાં. પછી અડધું ફાડીને આપ્યું. ભગવાન 'મહાવીરે' છદ્મસ્થમાં, હોં! એવી પ્રવ્રજ્યા હોય નહિ, બાપુ! સાધારણ સાધુને વસ્ત્ર ન હોય ને આપે નહિ તો ભગવાન 'મહાવીર' તીર્થંકરે (આપ્યું)! એટલો વિરોધ કરી નાખ્યો

૧. પટ = વસ્ત્ર    ૨. કંચન-રજત = સોનું-રૂપું.

છે! આહાહા..! પાછા એ સાધુનું અનુમોદન એના મોટા કરે. ત્યાં 'આગ્રા'માં 'અમરચંદ' ભણેલા કહેવાય છે. ઘણું વાંચન. ભગવાને અર્ધ વસ્ત્ર આપ્યું. જુઓ કરુણા! જૈનદર્શનની કરુણા તો, જુઓ! ઓહો..! ક્યાં સુધી એની કરુણા જાય છે એમ કે મુનિ... અહીં 'કુંદકુંદાચાર્ય' કહે છે કે ધન, ધાન્ય, વસ્ત્ર એની પાસે હોય નહિ. હોય નહિ તો દાન કોને કરે એ? વર્ષીદાન પણ નથી. એની પાસે ક્યાં હતું કાંઈ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રોકાય શેના? વૈરાગ્યથી બહાર આવીને ક્યાંથી રોકાય દાન દેવા?

મુમુક્ષુ :- નેમિનાથ ભગવાન કેટલા મહિના રોકાણા હશે?

ઉત્તર :- અહીં ગિરનાર ગયા પછી બાર મહિને પાછા ઘરે ગયા હશે. વૈરાગ્ય થયો. બાર મહિને વર્ષીદાન આપે. ખોટી વાત છે ઈ અહીં આમાં કહેવું છે. સમજાય છે? બાર મહિના દાન આપે એમાં રોકાતા હશે? વૈરાગ્ય થયો જાણે અંદરથી. આહાહા..! હે સારથી! પરણવા ગયા છે. અને આમ જોવે છે ઓલા પંખીને કકળતા. હરણીયા પૂર્યા છે. અરે...! સારથી આ શું છે? પ્રભુ! આપના લગ્ન પ્રસંગે રાજાઓને માટે ખોરાક માટે આ પૂર્યા છે. અરે..! ત્રણ જ્ઞાનના ધણી છે. ક્ષાયિક સમકિતી છે. હજી તો રાજકુમાર હતા. રથમાં બેઠા હતા. પરણવા જતા અવાજ સાંભળીને કહે, સારથી! રથ ફેરવ, રથ ફેરવ. અમારે આ સંયોગ પ્રસંગ ન હોય. અમે મુનિ થવા માગીએ છીએ. આહાહા..! સાથે 'શ્રીકૃષ્ણ', વાસુદેવ હતા. બળદેવ, શ્રીકૃષ્ણ સાથે ભાઈઓ હતા. મોટા ભાઈઓ હતા અને આ નાના હતા. રથ ફેરવે ત્યાં ખબર પડે છે કે, અરે..! પ્રભુ! આ શું થયું? બસ, અમારા (નિમિત્તે) આ પશુઓ પૂર્યા. અમારી આ સ્થિતિમાં આવા લગન ન હોય, અમને લગન ન હોય. ત્યાંથી પછી વર્ષીદાન દેવા રહ્યા બહારને માટે? કહે છે કહો, આવો વૈરાગ્ય થઈ ગયો એ વર્ષીદાન દેવા રહેતા હશે? બાર મહિના સુધી આપતા હશે?

મુમુક્ષુ :- લૌકિક વ્યવહાર થાય...

ઉત્તર :- લૌકિક વ્યવહાર થાય.. દરબારને ઠીક બેસે છે. એ તો લૌકિક વ્યવહાર પાછો થઈ ગયો. બહારમાં આવો વૈરાગ્ય થયો અને પાછા રોકાવા જાય? એવું શ્વેતાંબરમાં આવે છે. બાર મહિના દાન કર્યું. બિલકુલ નહિ. એ તો અંતરના દાન જ્યાં... આહાહા..!

સારથી પોકાર કરે છે, પ્રભુ! અહીંયાં સુધી આવ્યા. બળદેવ, વાસુદેવ સાથે. આ 'રાજેમતિ' ગોખમાં વાટ જુવે છે, રોવે છે. ફેરવ રથ ફેરવ. પાછો ફેરવ. આહાહા..! ઈન્દ્ર જેને પૂજે એવા પુરુષ એકદમ (પાછા) ફરે છે. અમારે આ ન હોય. એ લગન અને એ પ્રસંગ અમારે ન હોય. મુનિપણું લઈ લીધું. નગ્નમુનિ દિગંબર, એ કરોડો-અબજોના દાગીના હતા એ ઉતાર્યા. ફટ-ફટ. અબજો રૂપિયાના. એક પછી એક. તોરણ.. શું આવે છે ને? 'તોડ્યા કંકણ, દોરડા ને તોડ્યા નવતર હાર' એ તો મોટા મહાપુરુષો છે. શ્રીકૃષ્ણ જેવા મહાપુરુષો એમના ભાઈ છે. એ બધા તીર્થંકર થવાના. મોક્ષ જવાના છે બધાય. બળદેવ મોક્ષ ગયા કે સ્વર્ગમાં ગયા ભલે. સમજાણું? 'રામચંદ્રજી' મોક્ષ પધાર્યા. એ માહ્યલા જાતના બધા છે.

એક પછી એક ઉતારે છે. આપણને નાટકમાં દેખાવ આપે છે. નાટકમાં આપે છે. એમાં

ઓલો 'શાંતિલાલ' હતો એ ભારે આપતો, ભાઈ! ઓલો 'શાંતિલાલ' હતો ને? ગાયક. 'અજમેર'નો. ઓહો..! એ 'રાજેમતિ' થતી. એના ભાઈ 'હીરાલાલ'ના. બહુ ગાય બિચારો નાની ઉંમરમાં ગુજરી ગયો. 'શાંતિભાઈ' નહિ? આપણે અહીં આવ્યો હતો એકવાર. અહીંયાં એક મહિનો રહ્યો હતો. બહુ કંઠ, એવો કંઠ. ઓલામાં ઉતારતા હતા.. શું કહેવાય તમારે? રેડિયો. પણ નાની ઉંમરમાં રોગ થયો. મરી ગયા બિચારા. એવું ગાયને 'રાજેમતિ' થાય તે દિ' અને ઓલો 'મૂળચંદ' થાય એની સખી. 'મૂળચંદ' રૂપાનો વેપારી. ચાંદીનો વેપારી છે ને? હાર પહેરાવ્યો ને એ થાય સખી. પછી જુઓ ઈ બે જણા વચ્ચે વાત ચાલે. ત્યાં આપણે ક્યાંક થયું હતું. 'રાજકોટ' કે ક્યાંક નાટક (થયું હતું). વૈરાગ્યનું નાટક. હાર ઉતારે. 'તોડ્યા કંકણ..' શું કીધું? નવતર હાર. નવતર હાર. નગ્ન મુનિ થઈ જાય. આહાહા..!

ઈન્દ્રો આવીને લોકાંતિક દેવો પ્રશંસા કરે છે, પ્રભુ! જગતના પ્રાણી આપની દેશનાની વાટ જુવે છે. આહાહા..! એવું જ સાધુપણું સાધારણનું હોય. એ ભગવાન હતા તો શું છે. સમજાણું કાંઈ? એ વસ્ત્રના દાન, ધાનના દાન પણ ન હોય એને. ભગવાને અડધું વસ્ત્ર આપ્યું એ વાત જ તદ્દન કલ્પિત.. કલ્પિત... ગલ્પિત.. છે. કલ્પિત-ગલ્પિત. ગળાની બનાવેલી છે. ભગવાનને વસ્ત્ર કેવા? અડધું વસ્ત્ર દાનમાં આપે એવું કેવું? અરે..રે..! વાડા બાંધીને જગતને મારી નાખ્યા. સ્વાર્થી લોકોએ પોતાનો સ્વાર્થ પોષવા વાડા બાંધ્યા. માર્ગ રહી ગયો એક બાજુ. એય..! 'જયંતિભાઈ'! એમાં હતા ને એ બધા પૂરા?

**'ધન, ધાન્ય, વસ્ત્ર,...'**નું દાન એ ન હોય એને. **'હિરણ્ય અર્થાત્ રૂપા, સોના આદિક, શય્યા, આસન આદિ શબ્દસે છત્ર, ચામરાદિક ઔર ક્ષેત્ર આદિ કુદાનોંસે રહિત...'** એવું એને હોય નહિ. અન્યમતમાં ઠરાવે છે ને આ ક્ષેત્રદાન ને ભૂદાન ને જુઓને, અત્યારે નથી ચાલતું? ગૌદાન. આવે છે. એમાં હશે અંદર. એમાં છે. ગૌદાન. ટીકામાં છે.

મુમુક્ષુ :- ગૌધન.

ઉત્તર :- હા, એ ગૌધન. બસ એ. એ છે. ભાવાર્થમાં છે. આ છે. જુઓ ગૌધન એમાં છે.

**'અન્યમતી, બહુતસે ઈસપ્રકાર પ્રવ્રજ્યા કહતે હૈં :- ગૌ,...'** દાન. ગાયુના દાન દેવા. એ મરતા નરકમાં જાય તો ત્યાં પછી ગાય આવીને એને પૂછડું પકડે. આ તો નરકમાં જવું ને? એ તો નક્કી થઈ ગયુંને પહેલું? ત્યાં ગાય આવે અને પૂછડું પકડીને ઉતારે, ગાયના દાન કર્યા હોય. એવી વાતું ગપ્પેગપ ચાલે. હમણા પણ ક્યાંક થયું હતું. કેવું આ ગામ? બે દિ' રહ્યા ને ત્યાં નહોતું? 'સાબલી'. અમે તો ગાયને દેવ માનીએ. ૩૫ દેવ, પુત્ર દેવ અને અમે એને પૂજ્ય માનીએ. મેં કીધું, પણ દેવ હોય તો મારી નાખે છે ને? ગાયને મારી નાખે છે તો દેવ..? તો કહે, એ તો ન માને એ મારે. એમ કે ન માને એ મારે. પણ દેવ છે એને શું કરવા મારવા દે એના દેવ હોય તો? ગપ્પેગપ મારેલા. આહાહા..! 'ધંધુકા'માં તો એક ગાયને મુસલમાને એવું કરેલું... યાદ છે ને? શણગારીને ગામમાં ફેરવી પહેલી. હિન્દુનું મન દુઃખાવવા. અને રાત્રે પછી બાંધી પગના ઝીણા ઝીણા કટકા કર્યા. આહાહા..! પછી મુસલમાનને ઘરે ઘરે વહેંચ્યું. આહાહા..! આ વળી ગૌદાનના દાન. આ વળી ગૌને મારી

નાખવામાં ધર્મ માને. આહાહા..! ગજબ વાતું છે!

'**ગૌ, ધન,...**' ધનનું દાન. લ્યો! લક્ષ્મીનું દાન. કુદાન, હોં! '**ધાન્ય,...**'નું દાન. આ મકર સંક્રાંતિમાં આપે છે ને? ધાન અડદના. વસ્ત્રનું દાન. ધોતિયા આપે, પહેરણ આપે. તૈયાર લુગડા અત્યારે બહુ બને છે. 'મુંબઈ'માં તો બહુ તૈયાર મળે ઘણા. ઘણું તૈયાર મળે. કેટલાકને તો આ જૂના ફાટી ગયેલા લઈ લે. એ વેચનાર હોય છે ને? સાંધીસુંધીને સારા કરે. વેચવા બેસે. આ 'રાજકોટ'માં પણ બેસે છે. '**સોના, રૂપા (ચાંદી), શયન, આસન,...**' ખાટલા અને ગોદડાના દાન, એમ કહે છે. આસનના દાન. '**છત્ર, ચંવર,...**'ના દાન. '**ઔર ભૂમિ આદિકા દાન કરના પ્રવ્રજ્યા હૈ.**' એમ અન્યમતિ કહે છે. '**ઈસકા ઈસ ગાથામેં નિષેધ કિયા હૈ–**' મુનિને કાંઈ દાન કેવા? પોતે એક આહાર-પાણી લેવા જાય એટલો આહાર લે. બસ. બાકી કાંઈ એને દેવાનું-લેવાનું ન હોય. આહાહા..! આવી દશા કર્યા વિના મુનિપણું થશે નહિ અને મુક્તિ જાય એને આવી દશા પ્રગટ થાય જ. એટલે એ માટે વાત કરે છે કે અંતે તારે આ દશા ગ્રહણ કરવી પડશે. જો મુક્તિને-મોક્ષને (પ્રાપ્ત કરવો હોય તો અને) સંસારનો નાશ કરવો હોય તો. એની પહેલી ઓળખાણ બતાવે છે. સમજાણું કાંઈ?

'**પ્રવ્રજ્યા તો નિર્ગ્રંથસ્વરૂપ હૈ,...**' નિર્ગ્રંથસ્વરૂપ. બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ. બાહ્યમાં વસ્ત્ર નહિ, અંતરમાં રાગ નહિ. એવી આનંદની દશામાં ઝૂલતા. જેને ઈન્દ્રના આમંત્રણ પણ તુચ્છ લાગે છે. જેને મોક્ષના આમંત્રણ મળ્યા છે. સિદ્ધ થવાને આમ તૈયારી જેની છે. એવા મુનિની દશાને પ્રવ્રજ્યા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જો ધન્ય, ધાન્ય આદિ રખકર દાન કરે ઉસકે કાહેકી પ્રવ્રજ્યા?**' લક્ષ્મી રાખે, અનાજ રાખે. વસ્ત્ર રાખે અને પછી આપે બીજાને દાન. આહાહા..! આચાર્યની કથનીમાં ઘણું દર્દ છે. શ્વેતાંબરમાં બધો ગોટો ઉઠ્યો હતો ને એની સામે આ બધી વાત છે. '**યહ તો ગૃહસ્થકા કર્મ હૈ, ગૃહસ્થકે ભી ઈન વસ્તુઓંકે દાનસે વિશેષ પુણ્ય તો હોતા નહીં હૈ,...**' એવા સોના-રૂપા..

મુમુક્ષુ :- આદિ શબ્દમાં ..

ઉત્તર :- એ નાખ્યું ને. નાખ્યું ને અંદર. અંદર આવ્યું. શયન, આસન. શયન-આસન આવ્યું.

'**ક્યોંકી પાપ બહુત હૈ ઔર પુણ્ય અલ્પ હૈ, વહ બહુત પાપકાર્ય તો ગૃહસ્થકો કરનેમેં લાભ નહીં હૈ.**' એવા પાપ કરવાનું તો ગૃહસ્થને પણ હોય નહિ તો મુનિને તો હોય જ નહિ. બાગ-બગીચા આપવા ને આ કરવું ને તે કરવું.

મુમુક્ષુ :- અન્યમતમાં હોય છે.

ઉત્તર :- હા, અન્યમતમાં લખ્યું છે ને. એ અન્યમતમાં એવું છે. બાકી અહીંયાં હોય નહિ. આ માર્ગમાં-વીતરાગમાર્ગમાં હોય નહિ. સાધુ-સંત કોને કહે! આહાહા..! એની નગ્ન દશા, દિગંબર દશા, બાળક જેવી દશા.

'**જિસમેં બહુત લાભ હો વહી કામ કરના યોગ્ય હૈ. દીક્ષા તો ઈન વસ્તુઓંસે રહિત હૈ.**' લ્યો! ગૃહસ્થને પણ એવા મોટા પાપવાળા દાન ન હોય તો મુનિને તો શેના હોય? એમ કહે

છે. '**દીક્ષા તો ઈન વસ્તુઓંસે રહિત હૈ.**' એવી વસ્તુ એને હોય નહિ.

---

**आगे फिर कहते हैं :–**

**सत्तूमित्ते य समा, पसंसणिंदा अलब्धिलब्धिसमा।**

**तणकणए समभावा, पव्वज्जा एरिसा भणिया।।४७।।**

**शत्रौ मित्रे च समा प्रशंसानिन्दाऽलब्धिलब्धिसमा।**

**तृणे कनके समभावा प्रव्रज्या ईदृशी भणिता।।११।।**

**નિંદા-પ્રશંસા, શત્રુ-મિત્ર, અલબ્ધિ ને [1]લબ્ધિ વિષે,**

**તૃણ-કંચને સમભાવ છે, - દીક્ષા કહી આવી જિને. ૪૭.**

**अर्थ :– जिसमें शत्रु–मित्रमें समभाव है, प्रशंसा–निन्दामें, लाभ – अलाभमें, और तृण–कंचनमें समभाव है। इसप्रकार प्रव्रज्या कही है।**

**भावार्थ :– जैनदीक्षामें राग–द्वेषका अभाव है। शत्रु – मित्र, निंदा – प्रशंसा, लाभ – अलाभ और तृण – कंचनमें समभाव है। जैन मुनियोंकी दीक्षा इसप्रकार ही होती है ।।४७।।**

---

## ગાથા-૪૭ ઉપર પ્રવચન

'**આગે ફિર કહતે હૈં :–**'

**सत्तूमित्ते य समा, पसंसणिंदा अलब्धिलब्धिसमा।**

**तणकणए समभावा, पव्वज्जा एरिसा भणिया।।४७।।**

આહાહા..! 'શત્રુ-મિત્ર પ્રત્યે પણ વર્તે સમદર્શિતા.' આવે છે ને 'શ્રીમદ્'માં? 'શત્રુ-મિત્ર પ્રત્યે પણ વર્તે સમદર્શિતા. માન અમાને વર્તે તે જ સ્વભાવ જો.' સંસાર કે મોક્ષ હોય પણ સમભાવ વર્તે છે. આહાહા..! એવું મુનિપણું ક્યારે અમને આવશે? એમ 'શ્રીમદ્' પણ ભાવના ભાવે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' આવે છે ને? સંસાર-મોક્ષ આવે છે ને એમાં? 'ભવ મોક્ષે પણ વર્તે સમભાવ જો.' ભવ મોક્ષે. ભવ હો કે મોક્ષ હો, જેને વીતરાગતા જ વર્તે છે. અમારે 'મખનભાઈ' કહેતા એક ફેરી કે એ ભવ-મોક્ષે પણ વર્તે સમભાવ, માટે જ ભવ થયો. એ એમ કહેતા. આ .. હતા ને? હમણા 'ગઢડે' ગયા છે. 'ભવ મોક્ષે પણ વર્તે સમભાવ' ત્યારે એને ભવ કરવો પડ્યો. અરે..! તમે સમજતા નથી. ભવ નહિ એકલો મોક્ષ જોઈએ. એ વાત ક્યાં છે એમાં, સાંભળને. ભવ હોય કે મોક્ષ હોય વીતરાગતા અહીંયાં વર્તે છે, એમ કહે છે. એવી શૈલી. નહિતર આમ તો લાખોના મોતીના વેપાર હતા. 'શ્રીમદ્'ને. નાની ઉંમર હતી.

---

**૧. લબ્ધિ = લાભ.**

૩૩ વર્ષે દેહ છૂટી ગયો. એમણે 'અપૂર્વ અવસર'માં આવું નાખ્યું છે, લ્યો! 'ભવ મોક્ષે પણ વર્તે સમભાવ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' બાહ્ય અને અભ્યંતર તદ્દન નિર્ગ્રંથ દશા-વીતરાગપણું. બાહ્યમાં લંગોટીનો કટકો નહિ. 'નગ્ન ભાવ મૂંડ ભાવ સહ અસ્નાનતા' 'શ્રીમદ્'માં આવે છે. 'અપૂર્વ અવસર'માં બહુ સારી વાત છે.

કહે છે, '**જિસમેં શત્રુ-મિત્રમેં સમભાવ હૈ,...**' લ્યો! આહાહા..! છરે કરીને છેદનાર આવે અને ચંદન કરીને ચોપડવા આવે, બેય પ્રત્યે સમભાવ છે. બેય પ્રત્યે સમભાવ. ગરમીમાં ચંદનથી લેપ કરવા આવે અને કુહાડેથી છેદે-શસ્ત્રથી છેદે (તોપણ સમભાવ છે). એવી પ્રવ્રજ્યા. એનું નામ સાધુપણું અને એનું નામ મુનિપણું. સમજાણું કાંઈ? બે-બે બોલ લીધા છે. '**પ્રશંસા - નિંદામેં,..**' દુનિયામાં પ્રશંસાના ઢગ આવતા હોય તોપણ સમભાવ. કોની પ્રશંસા? નિંદા હોય તોપણ સમભાવ છે. નિંદામાં દ્વેષ નથી, પ્રશંસામાં રાગ નથી. શત્રુ પ્રત્યે દ્વેષ નથી, મિત્ર પ્રત્યે રાગ નથી, એમ કહે છે. આહાહા..!

'**લાભ - અલાભમેં,...**' શિષ્યોનો લાભ મળે, આહારનો લાભ મળે. અને આહારાદિનો લાભ ન મળે તોપણ સમભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન 'ઋષભદેવ' ભગવાનને, જુઓને છ મહિના સુધી આહાર મળ્યો નહિ. છ મહિનાના અપવાસ હતા પહેલા. બાર મહિના. વીતરાગ.. વીતરાગ... અતીન્દ્રિય આનંદના અંતરથી મીણા ચડ્યા છે. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે આત્મા. એમાં અગ્રપણે સ્થિર થઈને થંભી ગયા છે. આહાહા..! એનું નામ મુનિપણું ને સાધુપણું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અને તે ચારિત્ર છે ને પાછું અહીં તો. ચારિત્ર એટલે તો બહુ ઉગ્ર (દશા છે). અંદરથી રાગ ઘટીને સ્વરૂપમાં લીનતા થઈ. એકલા આનંદના પ્યાલા ફાટ્યા છે. આહાહા..!

કહે છે કે જેને લાભ અને અલાભમાં સમભાવ છે. રાજાઓના રાજા આમ ચક્રવર્તી આવીને વંદન કરે તોપણ સમભાવ છે. અને દુનિયા નિંદા કરે તોપણ સમભાવ (છે). સિદ્ધ ભગવાન છે, લ્યો! છે એને કાંઈ? કે ભાઈ આ જૈનધર્મ વધે તો ઠીક આ મારી નિંદા કરનારા નીકળ્યા એ શિષ્ય નહિ. એવો વિકલ્પ ઊઠે છે એને? બસ, આ વીતરાગ મુનિ પણ એવા જ છે. આહાહા..!

'**તૃણ-કંચનમેં સમભાવ હૈ.**' લ્યો! એ તરણા હોય કે ઢગલા દેખાય આમ દિશા બિશાએ ગયા ને સાધુ તો નીચે હીરા દેખાય. અબજો રૂપિયાના હીરા આમ દેખાય. કો'કનું... શું કહેવાય એ? ચરૂ. ચરૂ દેખાય છે. એકલા હીરા છે. તોપણ સમભાવ છે. લાવ લઈએ થોડું, ગામમાં આવીને દાન તો આપશું. એવો વિકલ્પ ન આવે. આહાહા..! સમજાણું? એવી હીરા-માણેકની ખાણ દેખે તોપણ સમભાવ. સડેલા તરણા દેખાય તોપણ સમભાવ. એવું જેનું સ્વરૂપ છે. સ્વરૂપમાં સ્થિર થયો એટલે એને એવો જ સમભાવ આવે છે. આહાહા..! અહીં તો એક શિષ્ય જરી સરખો થયો તો આમ .. શિષ્ય ન સરખો થયો હોય તો પેટ બળે છે, છાતી બળે છે અંદર. કાળજા આમ સડસડે છે. આહાહા..!

'**તૃણ-કંચનમેં સમભાવ હૈ.**' એવું જેનું જ્ઞાતા-દૃષ્ટાનું સ્વરૂપ જ્યાં અનુભવમાં આવ્યું

અને આગળ વધીને જ્યાં ચારિત્રની લીનતા પ્રગટી, ખલાસ થઈ ગયું. જ્ઞેયોમાં બે પ્રકાર જ નથી ને. આ ઠીક-અઠીક એવું છે નહિ. ઐસે સમભાવ '**ઈસપ્રકાર પ્રવ્રજ્યા કહી હૈ.**' પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે આવી પ્રવ્રજ્યા-સાધુપણું કીધું છે. આહાહા..! અહીં તો આહાર માટે તકરાર કરે. વહેંચો આહાર, નહિતર તકરાર. એની માટે આ. સારા ઘરે આહાર હોય ત્યાં જઈએ. એ કહેશે, હોં! જુઓ! એ જ આવે છે હવે. હવે એ જ આવે છે.

'**જૈનદીક્ષામેં રાગ-દ્વેષકા અભાવ હૈ.**' અંતરમાં જેને રાગ અને દ્વેષ નથી. વીતરાગતાના આનંદ અંદર પ્રગટ્યા છે, આનંદની ખાણ પ્રગટી છે, એ આનંદની ખાણના વેદનમાં જેને રાગ-દ્વેષનો બિલકુલ અભાવ છે. વળી પ્રશંસાને આવી ગયું છે જાતે જેથી... '**શત્રુ-મિત્ર,...**' ઓલામાં શત્રુ શબ્દ છે. '**નિંદા-પ્રશંસા, લાભ-અલાભ ઔર તૃણ-કંચનમેં સમભાવ હૈ.**' આહાહા..! '**જૈન મુનિયોંકી દીક્ષા ઈસપ્રકાર હી હોતી હૈ.**' આવી વીતરાગતાનું જ્ઞાન પણ કરવાથી જેને નિર્જરા થાય, એમ કહે છે. સમજાય છે કાંઈ? વીતરાગતા હોય એની તો વાત શું કરવી? આવી વીતરાગતા હોય એવું જે અંતરમાં જ્ઞાન ને શ્રદ્ધામાં લે એને પણ નિર્જરા ને અશુદ્ધતા ટળે છે. સમજાણું કાંઈ?

---

**आगे फिर कहते हैं :–**

**उत्तममज्झिमगेहे, दारिद्दे ईसरे णिरावेक्खा।**
**सव्वत्थ गिहिदपिंडा, पव्वज्जा एरिसा भणिया।।४८।।**

**उत्तममध्यमगेहे दरिद्रे ईश्वरे निरपेक्षा।**
**सर्वत्र गृहितपिंडा प्रव्रज्या ईदृशी भणिता।।४८।।**

**નિર્ધન-સધન ને ઉચ્ચ-મધ્યમ સદન અનપેક્ષિતપણે,**
**સર્વત્ર [૧]પિંડ ગ્રહાય છે, -દીક્ષા કહી આવી જિને. ૪૮.**

**अर्थ :– उत्तम गेह अर्थात् शोभा सहित राजभवनादि और मध्यमगेह अर्थात् जिसमें अपेक्षा नहीं है। शोभारहित सामान्य लोगोंका घर इनमें तथा दरिद्र–धनवान इनमें निरपेक्ष अर्थात् इच्छारहित हैं, सब ही योग्य जगह पर आहार ग्रहण किया जाता है। इसप्रकार प्रव्रज्या कही है ।**

**भावार्थ :– मुनि दीक्षासहित होते हैं और आहार लेनेको जाते हैं तब इसप्रकार विचार नहीं करते हैं कि बड़े घर जाना अथवा छोटे घर वा दरिद्रीके घर या धनवान के घर जाना, इसप्रकार वांछारहित निर्दोष आहारकी योग्यता हो वहाँ सब ही जगहसे योग्य आहार ले लेते हैं, इसप्रकार दीक्षा है ।।४८।।**

---

૧. પિંડ = આહાર.

## ગાથા-૪૮ ઉપર પ્રવચન

'**આગે ફિર કહતે હૈં :-**' જુઓ! મુનિની પ્રવ્રજ્યાનો બોલ.

**उत्तममज्झिमगेहे, दारिद्दे ईसरे णिरावेक्खा।**
**सव्वत्थ गिहिदपिंडा, पव्वज्जा एरिसा भणिया।।४८।।**

**અર્થ :-** '**ઉત્તમ ગેહ અર્થાત્ શોભા સહિત રાજભવનાદિ...**' ત્યાં તો મોટા રાજમંદિર છે, શોભાવંત છે માટે ત્યાં આહાર લેવા જાઉં, એવું છે નહિ. '**ઔર મધ્યમગેહ...**' શોભારહિત સામાન્ય ઘર (હોય). સાધારણ ગાયું હોય. .. હોય, એવા ઘરે ન જાવું કે એવા જ ઘરે જાવું એવો કાંઈ આગ્રહ છે નહિ. નિર્દોષ આહાર-પાણી મળે ત્યાં ચાલ્યા જાય. લઈને જંગલમાં વયા જાય. આહાહા..! જેની નિવૃત્તિ... નિવૃત્તિ... નિવૃત્તિ... રાગ તો બળીને રાખ થાય છે. આનંદની શીતળતા જ્યાં વધે છે. આહાહા..! એવી દશા! એને ભગવાન પ્રવ્રજ્યા કહે છે. એને સાધુપદ કહે છે.

'**શોભારહિત સામાન્ય લોગોંકા ઘર ઇનમેં તથા દરિદ્ર - ધનવાન...**' બેયની અપેક્ષા નથી જેને. દરિદ્રીને ત્યાં જઈએ તો માન આપે, ધનવાનને ત્યાં જઈએ તો સારો આહાર મળે, એવી પણ જ્યાં અપેક્ષા નથી. જુઓ! એ સાધુપદની દશા! આહાહા..! નમુનો દેખવો મુશ્કેલ છે અત્યારે તો. ધનવાન અને ગરીબ '**ઇનમેં નિરપેક્ષ અર્થાત્...**' જેની અપેક્ષા નથી કે ગરીબ માણસ તો મને આદર આપશે આહાર દેવામાં, તવંગરમાં સારા આહાર મળશે. બેય અપેક્ષા નથી. જેમ હોય તેમ થશે. મળવાનું હશે એ મળશે, થવાનું હશે એ થશે. સમભાવમાં ઝુલતા મુનિ. 'એગંત સુખી મુનિ વીતરાગી.' એ સુખી છે. બાકી બધા દુઃખી છે. દુઃખી હશે આ? આ 'ન્યાલભાઈ' ને બધા સુખી હશે? શરીર તો બધું જાડું થાય છે. દુઃખી હોય તો સુકાઈ જાય. પણ અંદર સુકાઈ જાય છે, આકુળતાથી બળે છે. આકુળતા અંદર હોય છે એમાંથી સળગે, બળે છે. આ પૈસા મારા, આ વેપાર કરું, આનું આ કરું. આહાહા..! આકુળતાની અગ્નિ સળગે છે. આત્માની શાંતિ ત્યાં બળે ને ઝળે છે.

મુનિને તો.. આહાહા..! ધન્ય ધન્ય અવતાર! અનાકુળ આનંદના ઉભરા આવ્યા છે. એની શાંતિ આગળ જગતના ચક્રવર્તીના રાજ તરણા જેવા જેને લાગે છે. આહાહા..! સડેલા તરણા જેવા ઇન્દ્રના ઇન્દ્રાસનો (લાગે છે). એવો સમભાવ. અમૃત સમામૃતનો અનુભવ, વીતરાગભાવનો અમૃતનો અનુભવ. આહાહા..! આ તો એની સામે વિકાર આવે એ આકુળતાનું વેદન છે. આ સમભાવ સમામૃત વેદન છે. વીતરાગના અમૃત ભાવનું વેદન છે. એ સ્વરૂપ છે, એ ધર્મ છે, એ આત્મા છે, એ શાંતિ છે અને દીક્ષા છે. આહાહા..! હજી તો કેવી દીક્ષા હોય એ સાંભળી ન હોય ને થઈ ગઈ દીક્ષા. મુંડાવીને બેસે (એટલે) થઈ ગયા સાધુ. પછી જય નારાયણ બધા કરે. એવી વાત છે, બાપુ! આહાહા..! આવો માર્ગ મુનિનો!

'**સબ હી યોગ્ય જગહ પર આહાર ગ્રહણ કિયા જાતા હૈ.**' આહાર જે નિર્દોષ. પેટને જોઈએ ખાડો પૂરવા. ખાડો તો ગમે તે રીતે પુરાય. ગારાથી પુરાય, કાંકરાથી પુરાય, કાંકરીથી

પુરાય. એમ નિર્દોષ આહાર હોય જ્યાં, ગમે ત્યાંથી લઈ લે. **'સબ હી યોગ્ય જગહ પર...'** ધનવાન હોય કે દરિદ્રી હોય એમ. સુંદર ઘર હોય કે સાધારણ ઘર હોય. નિર્દોષ આહાર લઈને વનમાં ચાલ્યા જાય. આહાહા..! જંગલમાં મકાન તો નથી પણ માણસનો પગરવ નથી. એવા સ્થાનમાં આનંદમાં મહાલતા હોય છે. એવી પ્રવ્રજ્યાને સાધુપદ કહેવામાં આવે છે. આ સુખરૂપ આનંદ છે. એના બાપે પૂછ્યું હતું એક વખત.

મુમુક્ષુ :- આનંદ એવો જ હોય ને.

ઉત્તર :- એના બાપે આને પૂછ્યું હતું. પોરની વાત છે. મહારાજ આવું કહે છે કે સાધુ જંગલમાં રહે. જંગલમાં રહે એને કેમ ગોઠતું હશે? એકલા કેમ ગોઠતું હશે? એવું પૂછ્યું એના બાપે આને. અરે..! પપ્પા! એ મુનિ તો અતીન્દ્રિય આનંદમાં મસ્ત હોય છે. ગોઠે શું, ગોઠે શું, શું કરો છો? આ તો એના દાદા બેઠા છે. પણ ઓલા એના બાપને કહ્યું. પપ્પા! શું કહો છો આ? આનંદમાં નહિ ગોઠતું હોય એમને? સિદ્ધ એકલા હશે કે કેમ હશે? પાછો વકીલની જેમ તર્ક આપ્યો. સિદ્ધ ભગવાન એકલા છે ત્યાં. નહિ ગોઠતું હોય તેને. 'હિંમત દરબાર!' એવો છે આ.

સિદ્ધ ભગવાનને નહિ ગોઠતું હોય ત્યાં એકલાને. અશરીરી પરમાત્મા થયા એને. પપ્પા! તમારે ધાંધલ જોવે છે. આ દેવું ને દેવું.. આ ને આ ધાંધલ માટે તમને નિવૃત્તિ ગોઠતી નથી. વાત તો સાચી કે નહિ? એક છોકરો બોલે તોપણ સાચું. સાચું છે એમાં કાંઈ... બધા લે ને દે, ભેગા થાય, લગન થાય, આ માણસ થાય, માંડવા નાખે ને ઢીંકણું થાય એ ધૂળેય નથી હવે. આનંદમાં મસ્ત છે. આહાહા..! નહિ ગોઠતું હોય? ધાંધલમાં ગોઠતું હશે.

અહીં કહે છે, **'સબ હી યોગ્ય જગહ પર આહાર ગ્રહણ કિયા જાતા હૈ. ઈસપ્રકાર પ્રવ્રજ્યા કહી હૈ.'** લ્યો! ભાવાર્થ આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૦, ગાથા-૪૮ થી ૫૧, શનિવાર, પોષ સુદ ૧૩, તા.૦૯-૦૧-૭૧

પ્રવ્રજ્યા દીક્ષા. બપોરે સમકિતની વ્યાખ્યા મુખ્ય છે. જૈનશાસનમાં વીતરાગની આજ્ઞા પ્રમાણે સમકિત પછી ચારિત્ર કેવું હોય એની વ્યાખ્યા છે.

**'મુનિ દીક્ષાસહિત હોતે હૈં...'** એટલે કે એને અંતરમાં આનંદ ને વીતરાગતા પ્રગટી હોય છે. દીક્ષાસહિત એટલે એને ચારિત્ર દશા અંદરમાં હોય છે. વીતરાગ અને પરમ આનંદનું પરમ ઘણું વેદન હોય છે. **'ઔર આહાર લેનેકો જાતે હૈં તબ ઈસપ્રકાર વિચાર નહીં કરતે હૈં કિ બડે ઘર જાના અથવા છોટે ઘર...'** જાવું. એવો વિકલ્પ એને હોતો નથી. **'દરિદ્રકે ઘર યા ધનવાન કે ઘર જાના, ઈસપ્રકાર વાંછારહિત નિર્દોષ આહારકી યોગ્યતા હો...'** નિર્દોષ આહાર હોય. એને માટે બનાવેલો ન હોય એવી યોગ્યતા હોય. **'વહાં સબ હી જગહસે યોગ્ય**

**આહાર લે લેતે હૈં, ઈસપ્રકાર દીક્ષા હૈ.'** બહુ ઝીણી વાત છે. દીક્ષાની. ચોકા કરીને આહાર લે છે એ કાંઈ દીક્ષા નથી. વ્યવહારે પણ જ્યાં સાધુપદ નથી.

આત્માના અનુભવ સહિત એક રજકણ ને રાગના કણનો પણ જ્યાં સ્વામી નથી, એવો અંતરાત્મા પોતાના નિજાનંદનો સ્વામી છે. એવું અંતરમાં સ્વભાવભાવમાં પ્રગટ થયું હોય છે. સમજાણું કાંઈ? એ ઉપરાંત એને રાગની ઘણી જ અભાવ દશા થઈ ગઈ છે. એવી દીક્ષામાં ચારિત્ર (સહિત) નગ્નમુનિ જંગલમાં વસે. મુનિઓની દશા તો જંગલમાં વસે, વનવાસમાં હોય. આહાર માટે આવે તો નિર્દોષ આહાર હોય ત્યાં ગમે ત્યાંથી લઈને ચાલ્યા જાય. એવી દશા. એવી દશા જ મુનિની છે. એ સિવાય મુનિની દશા બીજી હોતી નથી. એમ શ્રદ્ધા અને જ્ઞાન કરાવે છે. નવતત્ત્વમાં સંવર-નિર્જરાનું જ્ઞાન જોઈએ ને? નવ તત્ત્વમાં સંવર નિર્જરાવાળા આવા સાધુ હોય એવા સાધુને એ સંવર-નિર્જરા તરીકે માને.

---

**आगे फिर कहते हैं :–**

**णिग्गंथा णिस्संगा, णिम्माणासा अराय णिद्दोसा।**
**णिम्मम णिरहंकारा, पव्वज्जा एरिसा भणिया।।४९।।**

**निर्ग्रंथा निःसंगा निर्मानाशा अरागा निर्देषा।**
**निर्ममा निरहंकारा प्रव्रज्या ईदृशी भणिता।।४९।।**

**નિર્ગ્રંથ ને નિઃસંગ [1]નિર્માનાશ, નિરહંકાર છે,**
**નિર્મમ, અરાગ, અદ્વેષ છે, – દીક્ષા કહી આવી જિને. ૪૯.**

**अर्थ :– कैसी है प्रव्रज्या? निर्ग्रन्थस्वरूप है, परिग्रहसे रहित है, निःसंग अर्थात् जिसमें स्त्री परद्रव्यका संग – मिलाप नहीं है, जिसमें निर्माना अर्थात् मान कषाय भी नहीं है, मदरहित है, जिसमें आशा नहीं है, संसारभोगकी आशारहित है, जिसमें अराग अर्थात् रागका अभाव है, संसार – देह – भोगोंसे प्रीति नहीं है, निर्द्वेषा अर्थात् किसीसे द्वेष नहीं है, निर्ममा अर्थात् किसीसे ममत्वभाव नहीं है, निरहंकारा अर्थात् अहंकाररहित है, जो कुछ कर्मका उदय होता है वही होता है – इसप्रकार जाननेसे परद्रव्यमें कर्तृत्वका अहंकार नहीं रहता है और अपने स्वरूपका ही उसमें साधन है, इसप्रकार प्रव्रज्या कही है।**

**भावार्थ :– अन्यमती भेष पहिनकर उसी मात्रको दीक्षा मानते हैं वह दीक्षा नहीं है, जैनदीक्षा इसप्रकार कही है ।।४९।।**

---

**૧. નિર્માનાશા = માન અને આશારહિત.**

## ગાથા-૪૯ ઉપર પ્રવચન

**'આગે ફિર કહતે હૈં :-'**

**णिग्गंथा णिस्संगा, णिम्माणासा अराय णिद्दोसा।**

**णिम्मम णिरहंकारा, पव्वज्जा एरिसा भणिया।।४९।।**

ભગવાન તીર્થંકરદેવે આવી પ્રવ્રજ્યા કીધી છે, એમ કહે છે. પદે પદે એમ કીધું, જુઓ દરેકમાં. '**एरिसा भणिया**' ગણધરોએ, તીર્થંકરોએ અહો..! સંસારથી છૂટવાનો માર્ગ, મોક્ષના માર્ગની જેની દશા, મોક્ષની નજીક જે વર્તે છે એવા મુનિઓની દશા ભગવાને આવી કહી છે.

**અર્થ :- 'કૈસી હૈ પ્રવ્રજ્યા? નિર્ગ્રંથસ્વરૂપ હૈ, પરિગ્રહસે રહિત હૈ,...'** જેમાં એક રાગ નહિ અને વસ્ત્રનો તલમાત્ર પણ કટકો નહિ. આહાહા..! એવી નિર્ગ્રંથ દશા જેની હોય છે. સમજાણું? ટીકાકારે તો થોડો બીજો અર્થ કર્યો છે. નિ-ર્ગ્રંથ. નિ-વિશેષે શાસ્ત્રના જ્ઞાનના સહિત છે. ગ્રંથ એટલે. નિર્ગ્રંથ. નિ-વિશેષે, અતિશયથી. જેને અંતર આત્મજ્ઞાન ઘણું ઉગ્ર હોય. ટીકામાં છે. લખ્યું છે? ઈ હમણાં વાંચ્યું.

બે અર્થ કર્યા. એક તો નિર્ગ્રંથ. જેને રાગનો ગ્રંથ નથી અને વસ્ત્રના ટુકડાનો બાહ્ય ગ્રંથ નથી. એવી દશા મુનિની હોય છે. અને બીજી નિર્ગ્રંથ. નિ-અતિશયથી, વિશેષથી જેને વીતરાગના શાસ્ત્ર, એનું ભાવજ્ઞાન સહિત એ હોય છે. બુદ્ધિ વિનાના, જ્ઞાન વિનાની પ્રવ્રજ્યા હોય એવી પ્રવ્રજ્યા હોતી નથી, એમ કહે છે. જેને રાગના વિકલ્પથી ભિન્ન પડી આત્મજ્ઞાન જેને આત્મામાં થયું છે, એવું તો સમ્યગ્દર્શનમાં ગૃહસ્થાશ્રમમાં એ તો હોય છે. સમજાણું કાંઈ? પણ આ તો એ ઉપરાંત પ્રવ્રજ્યામાં.. આહાહા..! વીતરાગપણામાં ડોલતા હોય છે. વીતરાગ વીતરાગ પરિણતિમાં નિર્મળ આનંદમાં જે ઝૂલતા હોય છે. આહાહા..! એવી પ્રવ્રજ્યાને દીક્ષા કીધી છે.

**'નિઃસંગ અર્થાત્ જિસમેં સ્ત્રી પરદ્રવ્યકા સંગ - મિલાપ નહીં હૈ,...'** સ્ત્રી તો નહિ પણ એને નોકરચાકર કોઈ સંગ કરે, ચાકરી કરે એવું એને હોતું નથી. એમ મૂળ તો કહેવું છે. '**णिस्संगा**' કોઈ નોકર કામ કરે કે માણસ એક રાખે. શરીરની વૃદ્ધાવસ્થા થઈ છે માટે એક માણસ જોઈએ. એવો સંગ મુનિને હોતો નથી. આહાહા..! શિષ્ય પણ એને નથી. શિષ્ય ક્યાં હતો? શિષ્ય ન હોય. પરમાર્થે સંગ નથી અંદરમાં. રાગનો સંગ નથી વળી પરનો ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ પરદ્રવ્ય થઈ ગયા?

ઉત્તર :- પરદ્રવ્ય જ છે. રાગ પરદ્રવ્ય છે તો વળી શિષ્ય તો ક્યાંય દૂર રહી ગયો. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ, સમ્યગ્દર્શનનો અને સમ્યક્ચારિત્રનો અપૂર્વ અને અલૌકિક માર્ગ છે. બેય માર્ગ ક્યાંય અન્યમતમાં એવા હોતા નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ, તીર્થંકર કેવળજ્ઞાની પરમાત્મામાં આવો માર્ગ હોય છે.

સમજાણું કાંઈ?

જેને માણસનો પણ સંગ નથી. સમીપ નહીં રહેતો. શું શબ્દ કીધો છે? સમીપ રહે પણ શરીરનો સંગ નહિ. એવું આવે છે. 'મુનિ જો .. સર્વે જાને સમીપ હૈ પણ નહિ શરીરનો સંગ.' શરીરનો સંગ નથી. શરીર પરદ્રવ્ય છે. આત્મા અંદર સ્વ ભિન્ન છે. આહાહા..! 'એકાકી વિચરવું...' એક જ આસને. એકાંતે વસુ એક જ આસને. અંદર આનંદમાં. એવો માર્ગ અંતર (પ્રગટ થયો છે), જેને મુક્તિ-મોક્ષ નજીકમાં છે એને આવી ચારિત્ર દશા સમ્યગ્દર્શન સહિત અનુભવ સહિત હોય છે.

'**જિસમેં નિર્માના અર્થાત્ માન કષાય ભી નહીં હૈ, મદરહિત હૈ,...**' મદ નથી મદ. અમે આટલું ભણ્યા છીએ, અમે આવા ત્યાગી થયા છીએ, અમે નગ્ન રહીએ છીએ એવો એને મદ હોતો નથી. નિર્માન.. નિર્માન.. નિર્માન... આહાહા..! '**મદરહિત હૈ, જિસમે આશા નહીં હૈ,...**' બે શબ્દ છે. '**નિર્માનાશા**' એક શબ્દમાં બે છે. આશારહિત છે. સંસારભોગની આશા રહિત છે. અહો..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની અંતરમાં જેની રુચિ થઈ છે. અતીન્દ્રિય આનંદના જેને અંતરમાં સ્વાદ આવ્યા છે એને પરની આશા શું હોય? આહા..! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય અનાકુળ શાંતરસ પ્રભુનો, એ તો અંતરના વેદનમાં અંતરમાં ઉગ્રપણે વર્તે છે. એને આશા શેની? ભાવના હોય તો અંદરમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન પામવાની હોય છે. જુઓ! આ વીતરાગ માર્ગનું મુનિપણું! એની એણે શ્રદ્ધા અને ઓળખાણ તો કરવી પડશે ને? જેને ને તેને માની બેસે છે કે આ સાધુ છે ને મુનિ છે.

'**સંસારભોગકી આશારહિત હૈ,...**' રાગની આશા નથી અને ભોગના અનુકૂળથી આશા નથી. આનંદના ભોગવટામાં અહો..! પ્રભુ! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યો છે. એને આ ચામડાને ચૂંથવાના ભોગનો ભાવ હોતો નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પણ ભોગની રુચિ નથી. આ તો આસક્તિનો અભાવ બતાવે છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મ જ્યાં પામ્યો આત્મા, અપૂર્વ આનંદના સ્વાદમાં આવ્યો, એને ક્યાંય રુચિ ભોગમાં સુખબુદ્ધિ લાગતી નથી. ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ જ્યાં દુઃખના નિમિત્ત છે. સુખ તો ભગવાન આત્મામાં છે. આત્મામાં આનંદ છે, અનાકુળ શાંતિ આત્મામાં છે. એવું તો સમ્યગ્દર્શન થતાં ચોથે ગુણસ્થાને શ્રદ્ધા અને ભાન (થઈને) આનંદનો સ્વાદ આવ્યો છે. ભાસીને શ્રદ્ધા થઈ છે કે આ આત્મા તો આનંદસ્વરૂપ છે. એમાં વિકલ્પ અને દુઃખ છે નહિ. એવા આત્માનું જ્યાં આત્મજ્ઞાન થાય અને આત્મદર્શન થાય અને એની શ્રદ્ધા થાય, એને આત્મામાં આનંદ ભાસે ત્યાં બીજે ક્યાંય આનંદ હોતો નથી. બીજે ક્યાંય પણ જો આનંદ ભાસે તો એ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ? કેમકે ક્યાંય નથી અને માને છે અને જ્યાં છે ત્યાં માનતો નથી. આહાહા..!

આત્માના આનંદ આગળ એને ક્યાંય સુખબુદ્ધિ, અનુકૂળતાના ઢગ અને ગંજ પડ્યા હોય, ઉત્પન્ન થતી નથી. એવી તો દૃષ્ટિ સમકિતીની હોય છે. સમજાણું કાંઈ? અહીં તો આસક્તિનો ત્યાગ બતાવે છે. સમકિતીને હજી થોડી આસક્તિ હોય. રુચિ નહિ પણ આસક્તિ. એ સંસાર દેહના આસક્તિની જેને પ્રીતિ નથી. ભોગની આશા નથી. એ આશા

તૂટી ગઈ છે. 'આશા ઔરનકી ક્યા કિજે, જ્ઞાન સુધારસ પીજે આશા ઔરનકી ક્યા કીજે.' આત્માના આનંદનો નિર્વિકલ્પ સુધારસ, આનંદનો રસ, એને જ્યાં અનુભવમાં આવ્યો, એ આશા કોની કરે? સમજાણું કાંઈ? આહાહા..!

'**જિસમેં અરાગ અર્થાત્ રાગકા અભાવ હૈ, સંસાર – દેહ – ભોગોંસે પ્રીતિ નહીં હૈ,...**' સંસારની કોઈપણ ગતિ, ભોગ અને દેહ, એમાં જેને પ્રીતિ નથી. '**નિર્દોષ અર્થાત્ કિસીસે દ્વેષ નહીં હૈ,...**' વળી નિર્દોષ છે.'**કિસીસે દ્વેષ નહીં હૈ,...**' અણગમો જ નથી. જ્ઞાતા-દૃષ્ટા આનંદમાં રહે છે. એને કોઈ અણગમો થતો જ નથી. ચાલતા કાંટા વાગે, કાંકરા વાગે, સર્પ કરડે, વીંછી કરડે... આહાહા..! કહે છે, મુનિને ત્યાં અણગમો નથી. જુઓ તો દશા! એટલી વીતરાગતા સમભાવ પ્રગટ્યો છે. જેને વીંછીના કરડમાં (દ્વેષ નથી). જંગલમાં હોય, આકરા વીંછી ક્યાંક રાત્રે કરડે, સર્પ આવીને કરડે (પરંતુ) અણગમો નથી. સમભાવ-સમભાવ. સમામૃત સેવીએ. સમભાવમાં અમૃતનું સેવન કરનારને પ્રતિકૂળતાનો દ્વેષ નથી. આ વસ્તુસ્થિતિ છે, હોં! એવી. આહાહા..! એટલી મુનિને સમભાવની વીતરાગ દશા પ્રગટી છે. એને મુનિ અને ચારિત્ર કહીએ. આહાહા..!

'**નિર્મમા અર્થાત્ કિસીસે મમત્વભાવ નહીં હૈ,...**' આ મારું છે, એવું ક્યાં પણ? મારો છે એ તો આત્મા-આનંદ છે. પરવસ્તુ મારી છે એ તો બુદ્ધિ છે નહિ. પોતાને મમ નામ મારો એ તો સચેતન પ્રભુ છે. આત્મા આનંદ ને જ્ઞાનવાળો એ આત્મા મારો છે. એ સિવાય કોઈ ચીજ મારી છે નહિ. આહાહા..! જુઓ! આ વીતરાગ માર્ગના સાધુ! સમકિત ઉપરાંત લેવું છે ને અહીં તો? આસક્તિનો પણ ત્યાગ. '**નિરહંકારા...**' આ મારું નથી. એ અહં. હું એનો કર્તા નથી. '**જો કુછ કર્મકા ઉદય હોતા હૈ વહી હોતા હૈ ઈસપ્રકાર જાનનેસે પરદ્રવ્યમેં કર્તૃત્વકા અહંકાર નહીં રહતા હૈ...**' શરીરને આમ રાખું, આમ બોલું, દુનિયાને આ રીતે સરખા રહે એમ રાખું, એવો અહંકાર નથી. જેમ કર્મનો ઉદય હોય તો તેમ શરીરની ક્રિયા થાવ. આહાહા..!

'**જો કુછ કર્મકા ઉદય હોતા હૈ વહી હોતા હૈ ઈસપ્રકાર જાનનેસે પરદ્રવ્યમેં કર્તૃત્વકા અહંકાર નહીં રહતા હૈ...**' મેં આ શિષ્યોને સુધારી દીધા, મેં આને તારી દીધા, એવો એને અહંકાર હોતો નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! અંદર જ્ઞાન અને આનંદની જ્યાં લહેર ઉઠતી હોય છે, એને આ પરનું કર્તાપણું અને પરનું હું કરું છું, એ હોય ક્યાંય? એવી ઉદાસ ઉદાસ વીતરાગ દશા. નગ્ન દશા. જંગલમાં વસતા હોય છે આનંદમાં. સમજાણું કાંઈ? એને ચારિત્ર અને એને સંવર, નિર્જરાની ઉત્કૃષ્ટ દશાના સેવનારા કહેવામાં આવે છે. આહાહા..! અહીં તો હજી એને સંવર-નિર્જરા કોને કેટલી હોય અને કેવી દશા હોય એની ખબર ન મળે અને કહે કે મને સમકિત છે. આહાહા..!

'**ઈસપ્રકાર જાનનેસે પરદ્રવ્યમેં કર્તૃત્વકા અહંકાર નહીં રહતા હૈ...**' શરીરમાં પણ જેવો કર્મનો ઉદય (હોય) એ પ્રમાણે રોગતા-સરોગતા હોય. કંઠ અને કળા એ બધી કર્મના ઉદયને લઈને છે, એમ કહે છે. એમાં એને અહંકાર હોતો નથી. એમ કહે છે મૂળ તો. સમજાણું? આ

મારે કંઠદશા બહુ ઊંચી છે. કંઠ તો જડ છે. મીઠી ગાયન ભક્તિ નીકળે છે. એ તો જડ છે. એમાં એનું અહંપણું અને કર્તાપણું (નથી). (એમાં) હું છું એવું નથી એટલે એનું કર્તાપણું એમાં નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'ઔર અપને સ્વરૂપકા હી ઉસમેં સાધન હૈ,...'** જુઓ! એક આનંદ પ્રભુ, અતીન્દ્રિય સ્વભાવનો સાગર આત્મા, એનું અંતરમાં ઘોલન અને સાધન હોય છે. આહાહા..! જુઓ! આમાં પંચમહાવ્રતના વિકલ્પનું પણ સાધન નહિ. (વિકલ્પ) હો. એ દૂર દૂર (વર્તે છે). સ્વરૂપનું સાધન છે. આહાહા..! સાધુ છે ને? સ્વ-રૂપ. એ સ્વરૂપ. સ્વરૂપ કેવું? આત્માનું સ્વરૂપ, હોં! શરીરનું નહિ. આહાહા..! સ્વ ચૈતન્યનું સ્વ-પોતાનું રૂપ જાણવું, દેખવું, શ્રદ્ધા, આનંદ એવા જે ત્રિકાળી સ્વભાવનું રૂપ એ ચૈતન્યનું સ્વરૂપ છે. આહા..! એનું સાધન છે. એ સ્વરૂપનું સાધન છે સાધુને, એમ કહે છે. વ્યવહારનું, રાગનું, નિમિત્તનું સાધન એને છે નહિ. એ તો જાણે છે કે આ છે રાગાદિ. સાધન એનું નથી. આહાહા..!

સાધે તે સાધુ. કોને સાધે? રાગને? પોતાનો સ્વભાવ, જ્ઞાનાનંદ સ્વરૂપ. જેમાં જ્ઞાન ને આનંદ જ પૂર્ણનો પુંજ પ્રભુ છે ઈ. જ્ઞાન આનંદનો પૂર્ણનો પુંજ છે ઈ. એનું સાધન અંદર કરે તેને સાધુ કહેવાય. આહાહા..! એ વાત એવી ચીજ છે એને વિચારમાં લેવી એને મુશ્કેલ પડે છે. આવું બેસવું. આ તો જે-તે સાધુ થઈ ગયા. આકરી વાત છે, ભાઈ! અને આવા પુરુષાર્થ વિના એને મુક્તિ કેમ મળે? આવી દશા જ્યાં વીતરાગપણું જ એકલું ઘોળાય છે. એકલો અવિકારી સ્વભાવ એના જ ઘોલનમાં, રમણતામાં પડ્યો છે એને પોતાના સ્વરૂપનું જ સાધન છે. કહો, આમાં વિકલ્પનું સાધન છે એ નથી. નિમિત્તને મેળવવા ને (એવું કાંઈ નથી). સમજાણું કાંઈ? એવી પ્રવ્રજ્યા ભગવાને કહી છે. આહાહા..! આવી દીક્ષા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા પરમેશ્વર વીતરાગદેવે આવી કીધી છે. કહો, 'રતિભાઈ'! આવી પ્રવ્રજ્યા છે. સાધુ (કહે પણ) સાધુની ખબર ન મળે. જે-તે જય નારાયણ!

**'અન્યમતી ભેષ પહિનકર ઉસી માત્રકો દીક્ષા માનતે હૈં...'** જુઓ! નગ્નપણું ધારણ કરે ને દીક્ષા માને. **'વહ દીક્ષા નહીં હૈ, જૈનદીક્ષા ઈસપ્રકાર કહી હૈ.'** આહા..!

---

**आगे फिर कहते हैं :-**

**णिण्णेहा णिल्लोहा, णिम्मोहा णिव्वियार णिक्कलुसा।**
**णिब्भय णिरासभावा, पव्वज्जा एरिसा भणिया।।५०।।**

**निःस्नेहा निर्लोभा निर्मोहा निर्विकारा निःकलुषा।**
**निर्भया निराशभावा प्रव्रज्या ईदृशी भणिता।।५०।।**

**નિઃસ્નેહ, નિર્ભય, નિર્વિકાર, અકલુષ ને નિર્મોહ છે,**
**આશારહિત, નિર્લોભ છે, – દીક્ષા કહી આવી જિને. ૫૦.**

**अर्थ :– प्रव्रज्या ऐसी कही है – निःस्नेहा अर्थात् जिसमें किसीसे स्नेह नहीं, जिसमें परद्रव्यसे रागादिरूप सच्चिक्कणभाव नहीं है, जिसमें निर्लोभा अर्थात् कुछ परद्रव्यके लेनेकी वांछा नहीं है, जिसमें निर्मोहा अर्थात् किसी परद्रव्यसे मोह नहीं है, भूलकर भी परद्रव्यमें आत्मबुद्धि नहीं होती है, निर्विकारा अर्थात् बाह्य–आभ्यन्तर विकारसे रहित है, जिसमें बाह्य शरीरकी चेष्टा तथा वस्त्राभूषणादिकका तथा अंग–उपांगका विकार नहीं है, जिसमें अंतरंग काम–क्रोधादिकका विकार नहीं है। निःकलुषा अर्थात् मलिनभाव रहित है। आत्माको कषाय मलिन करते हैं अतः कषाय जिसमें नहीं है। निर्भया अर्थात् जिसमें किसी प्रकारका भय नहीं है, अपने स्वरूपको अविनाशी जाने उसको किसका भय हो, जिसमें निराशभावा अर्थात् किसीप्रकारके परद्रव्यकी आशाका भाव नहीं है, आशा तो किसी वस्तुकी प्राप्ति न हो उसकी लगी रहती है परंतु जहां परद्रव्यको अपना जाना ही नहीं और अपने स्वरूपकी प्राप्ति हो गई तब कुछ प्राप्त करना शेष न रहा, फिर किसकी आशा हो? प्रव्रज्या इसप्रकार कही है।**

**भावार्थ :– जैनदीक्षा ऐसी है। अन्यमतमें स्व–पर द्रव्यका भेदविज्ञान नहीं है, उनके इसप्रकार दीक्षा कहाँसे हो ।।५०।।**

## ગાથા–૫૦ ઉપર પ્રવચન

'**આગે ફિર કહતે હૈં :–**' આ આઠ બોલ હતા એમાં. '**णिग्गंथा णिस्संगा, णिम्माणासा अराय णिद्दोसा। णिम्मम णिरहंकारा**' આઠ હતા. એમાં આઠ બોલની વ્યાખ્યા હતી. આમાં સાત બોલ છે. અહો..! 'કુંદકુંદાચાર્ય' જંગલમાં વસી અને આ એક શાસ્ત્ર રચવામાં નિમિત્ત કહેવાણા.

**णिण्णेहा णिल्लोहा, णिम्मोहा णिव्वियार णिक्कलुसा।**
**णिब्भय णिरासभावा, पव्वज्जा एरिसा भणिया।।५०।।**

એવી પ્રવ્રજ્યા કીધી. ૪૮માંથી ચાલ્યું આવે છે એ. ૪૭માંથી. છેક ૪૬. ૪૫. '**पव्वज्जा एरिसा भणिया**' છેકથી આવે છે. ૪૫થી આવે છે. શરૂ કર્યું ત્યાંથી ચાલે છે. '**पव्वज्जा एरिसा भणिया**' પરમાત્મા સર્વજ્ઞદેવ પ્રવ્રજ્યા આને કહે છે, સાધુ આને કહે છે. આહાહા..! શરૂઆત કરી ત્યાંથી જ ચાલ્યું આવે છે.

વળી, '**પ્રવ્રજ્યા ઐસી કહી હૈ – નિઃસ્નેહા અર્થાત્ જિસમેં કિસીસે સ્નેહ નહીં,...**' રાગની ચિકાશ નથી. આહાહા..! એમ કહે છે. આ મારો શિષ્ય છે, આ મારો ભક્ત છે, એવી રાગની ચિકાશ મુનિને, ધર્માત્મા–વીતરાગભાવમાં રમતાને હોતી નથી. સ્નેહ–સ્નેહ. આ મારા

સ્નેહીઓ છે એમ નથી કહેતા? સંસારમાં એમ કહે છે ને? આ મારા સ્નેહીઓ છે. એનો અર્થ રાગી થયો પોતે. સ્નેહ કોની સાથે? સ્નેહ તો ચિકાશ છે. ચિકાશ તો રાગ છે અને રાગ તો બંધનું કારણ છે. આહાહા..!

**'નિઃસ્નેહા અર્થાત્ જિસમેં કિસીસે સ્નેહ નહીં, જિસમેં પરદ્રવ્યસે રાગાદિરૂપ સચ્ચિક્કણભાવ નહીં હૈ,...'** લ્યો! એવો અર્થ કર્યો. જુઓને! રાગ અને દ્વેષની ચિકાશતા ભગવાન આત્મા સિવાય પરદ્રવ્યમાં એને હોતી નથી. પોતામાં પડ્યો છે એને પરમાં ક્યાં ચિકાશ? આહાહા..! દેહમાં રહ્યા છતાં દેહથી ભિન્ન સાધન કરે છે, એમ કહે છે. દેહનો એને સ્નેહ હોતો નથી. દેહનો સ્નેહ હોતો નથી, એમ કહે છે. ભાઈ! આ ધર્મનું સાધન છે માટે જરીક એને સ્નેહ કરવો. ઘણાં લખે છે હમણા .. આવું કરવું... આવું કરવું.. દેહની સ્ફુરતા સારી હોય તો મનની સ્ફુરણા સારી થાય. તો ધર્મ થાય. કહે છે, જેને રાગનો ચિકાશભાવ હોતો નથી.

**'જિસમેં નિર્લોભા અર્થાત્ કુછ પરદ્રવ્યકે લેનેકી વાંછા નહી હૈ,...'** લોભ જેને નથી. ઈચ્છા જ નથી. અમૃતના સાગર જ્યાં ઉછળ્યા (ત્યાં) અમૃતથી તૃપ્તિ છે. અમૃતની તૃપ્તિ છે. અહો..! ભગવાન અમૃતનો સ્વભાવ પૂરો ભર્યો છે. એવી સ્થિરતામાં રમે એને અમૃતના વેદનમાં પરનો લોભ ક્યાં છે? સમજાણું કાંઈ? જે ચીજની શ્રદ્ધા-જ્ઞાન થઈ છે એ ચીજની ભાવના હોય કે આ વધે ને એકાગ્ર થાઉં. પરવસ્તુમાં તો સ્નેહ છે જ નહિ. લોભ જ નથી.

**'પરદ્રવ્યકે લેનેકી વાંછા નહીં હૈ,...'** આહાહા..! આહારાદિ લે છે ને? લેતો જ નથી. કીધું ને? 'નિર્જરા અધિકાર'માં. ન ઈચ્છઈ. આહાર-પાણીને ઈચ્છતો જ નથી. એ તો આવી જાય છે જરી વિકલ્પ. વિકલ્પની ઈચ્છા નથી. મુનિ-ધર્માત્માને ઈચ્છાની ઈચ્છા નથી. આહાહા..! અરે..! સમકિતીને સમકિતમાં પણ ઈચ્છાની ઈચ્છા હોતી નથી. આહાહા..! એવો માર્ગ વિકટ અને સહજ ઘરનો. પણ સમજે નહિ એટલે એવું લાગે. આવી વાતું ઊંચું-ઊંચું નિશ્ચય-નિશ્ચય કરી કરીને માને. આ વ્યવહાર છે એને માનતો નથી. આમાં વ્યવહાર છે એ તો જાણવા યોગ્ય છે. આદરવા યોગ્ય છે? ઈ વ્યવહારનો પણ એને લોભ નથી. આહાહા..!

**'જિસમેં નિર્મોહા અર્થાત્ કિસી પરદ્રવ્યસે મોહ નહીં હૈ,...'** એટલે? ભગવાન આત્માની સાવધાનીમાં પરમાં જેની સાવધાનતાનો અભાવ થઈ ગયો છે. પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદનું ધામ, એની અંતરમાં ધર્મીને સાવધાની વર્તે છે. એને પરમાં સાવધાની હોતી નથી. **'કિસી પરદ્રવ્યસે મોહ નહીં હૈ,...'** આહાહા..! 'નિયમસાર'માં આવે છે ને કે વેરી પ્રત્યે રાગ નહિ અને ધર્માત્મા હોય તો ધર્મી પ્રત્યે પણ રાગ નહિ. એવું આવે છે. એક શ્લોક આવે છે. એવો કળશ આવે છે ક્યાંક. 'નિયમસાર'. આ અમારા સાધર્મી છે એવો જેને રાગ નથી. આ મારા દેવ-ગુરુ છે. આહાહા..! એવો શ્લોક આવે છે, સમભાવની વ્યાખ્યામાં. ધર્મી જીવો પ્રત્યે પણ જેને સ્નેહ નથી. વિષમભાવ ત્યાં નથી. સમભાવ છે તો જાણે છે. એક શ્લોક છે ક્યાંક. નિર્મોહા.

**'ભૂલકર ભી પરદ્રવ્યમેં આત્મબુદ્ધિ નહીં હોતી હૈ,...'** પોતાનો નિજ સ્વભાવ

ભગવાન, એવો આનંદનો ધામ જેને અંતરમાં પોતાની ચીજ બેઠી છે. દૃષ્ટિ થઈ છે, ભાન થયા છે, એને પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ થતી નથી. આહાહા..! આત્મામાં આત્મબુદ્ધિ થઈ છે એને રાગમાં અને શરીરમાં પોતાની બુદ્ધિ થતી નથી, એમ કહે છે. ભારે માર્ગ, ભાઈ! અહીં તો જરી લખતા આવડે, બોલતા આવડે, સમજાવતા આવડે ત્યાં કહે, અમને આવડે છે આ. અરે..! ભગવાન! એ તો બધી ભાષાની ક્રિયાઓ છે. પરને જણાવવું એ પણ એક વિકલ્પ છે. સમજાણું? એમાં આત્મબુદ્ધિ કરે કે આ મારાથી થાય છે, એવું ધર્મીને હોતું નથી. આહાહા..! શુભરાગનો કણ ભગવાનની ભક્તિનો ઊઠે એમાં આત્મબુદ્ધિ નથી. પંચ મહાવ્રતના વિકલ્પમાં આત્મબુદ્ધિ નથી. શેમાં આત્મબુદ્ધિ કરે? ઈ આત્મા ક્યાં છે? રાગનો ભાગ છે એ આત્મા ક્યાં છે તે એમાં આત્મબુદ્ધિ હોય? આત્મા તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એમાં આત્મબુદ્ધિ હોય. સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં ફેર પડી ગયો છે.

વીતરાગમૂર્તિ પ્રભુ અકષાય સ્વભાવનું રૂપ તે ચૈતન્ય છે. એમાં જેને આત્મબુદ્ધિ થઈ છે. એનાથી વિપરીતમાં એને પોતાપણાની (બુદ્ધિ થતી નથી). આત્મા એટલે? પોતાપણાની બુદ્ધિ-આ મારા (એમ) પોતાપણાની બુદ્ધિ એને હોતી નથી. આત્મબુદ્ધિ એટલે પોતાપણું- આ મારું છે. સમજાણું કાંઈ? માણસો નથી કહેતા? આ મારા અંગત માણસો છે, આ મારા સ્નેહી-સગા છે, સગા-સ્નેહી છે. અને ખરે ટાણે અમારી પાસે આવીને ઊભા રહે છે. અમને સાથ આપનારા છે. સાચું હશે એ? આહાહા..! સાથી-સથવારો તારો આનંદના સ્વભાવનો છે. બીજા સથવારા કોના? સાથ કોના? સ્નેહ કોના? આહાહા..!

જુઓને! આ રોગે ચારેકોરથી ઘેરાઈ જાય. પછી આમ થઈ જાય કે હાય.. હાય.. ઝાવા નાખે. આ દવાથી મટશે... આ દવાથી મટશે... આ દવાથી મટશે... કેટલી દવા રાખે ઘરમાં. કબાટ ભરી રાખે. અત્યારે તો રોગ એવા છે. એકે એક શીશી. લખીને રાખે. આવું થાય તો આ લેવું.. આવું થાય તો આ લેવું... આવું થાય તો આ લેવું. 'મગનભાઈ'! કાલે 'ચંદ્રકાંતભાઈ' કહેતા હતા કે ફલાણું હોય તો બે ગોળી લઉં.. ફલાણું હોય તો બે ગોળી લઉં. શું કરે બિચારા? અરે..રે..! પ્રભુ! તારે ક્યાં ગોળો કેવો ને ગોળી કેવી? એ થાય પછી વિકલ્પ અને વિકલ્પનો કર્તા નથી. આહાહા..! માર્ગ તો માર્ગ છે ને!

કહે છે, એને '**પરદ્રવ્યમેં આત્મબુદ્ધિ નહીં હોતી હૈ,...**' કેટલું ભર્યું છે એમાં! નિર્મોહમાં. નિર્મોહ કીધું ને. પરમાં સાવધાની નથી એટલે પરમાં આત્મબુદ્ધિ નથી. આહાહા..! આ વેપાર-ધંધા ચાલતા હોય તોપણ ધર્મીને ક્યાંય આત્મબુદ્ધિ નથી. આત્મબુદ્ધિ એટલે પોતાપણાનો ભાવ નથી. પોતાપણાનો ભાવ તો આત્મા આનંદ છે ત્યાં પોતાપણાનો ભાવ છે. આહાહા..! જ્યાં આત્મા છે ત્યાં પોતાપણાનો ભાવ છે. આનંદ ને જ્ઞાન. જ્યાં આત્મા નથી ત્યાં પોતાપણાનો ભાવ, પોતાપણું નથી ત્યાં પોતાપણાનો ભાવ કેમ હોય? આહાહા..! વ્યવહારના વિકલ્પ ઊઠે ત્યાં પણ પોતાપણાનો ભાવ નથી. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યમાં...**' ભૂલ કરીને પણ '**આત્મબુદ્ધિ નહીં હોતી હૈ,...**' એમ. ભુલાઈ જાય વાત જુદી પણ અંદરમાં પોતાપણાની બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. આહાહા..! એવો માર્ગ છે. સમ્યગ્દર્શનમાં એમ હોય છે. આ તો વળી આસક્તિ રહિતની વીતરાગતાના જોરની દશાની

વાત ચાલે છે. આહાહા..! એવો ધર્મની સરાણે ચડેલો આત્મા, જેમાંથી ઝગઝગાટ શાંતિ અને વીતરાગતા પ્રગટ હોય. આહા..! કહે છે કે એને પરદ્રવ્યમાં કોઈ રાગ ને રજકણના અંશમાં પોતાપણાની બુદ્ધિ નથી. એટલે કે આત્મબુદ્ધિ નથી. એટલે કે એ હું છું એવી બુદ્ધિ નથી. આહાહા..!

હું છું ત્યાં તે નથી અને તે છે ત્યાં હું નથી. હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું નથી. એવી ધર્મબુદ્ધિમાં પણ શરૂઆત સમ્યગ્દર્શનમાં આવું હોય છે. આ તો મુનિ (છે). એને તો હજી અસ્થિરતાનો ભાગ હજી સમકિતીને આવતો, હુંપણાપણે નહિ પણ અસ્થિરપણે આવતો, એ ભાવ પણ જેને નાશ થઈ ગયો છે. એવી મીઠી દશા, અહો..! મુક્તિને સંસારને કાંઠે આવીને ઊભો છે. મોક્ષમાં પગલું મૂકવાની તૈયારી છે હવે. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવી એનું નામ મુક્તિ. એ પૂર્ણાનંદમાં પગ મૂકવાની તૈયારી છે. એને દીક્ષા અને પ્રવ્રજ્યા કહે છે. સમજાણું કાંઈ? જુઓને! જંગલમાં મુનિઓ રહીને કેવું શાસ્ત્ર રચ્યું! ઓહોહો..!

મુમુક્ષુ :- બોધપાહુડ એટલે બોધ જ કર્યો.

ઉત્તર :- બોધ કરાવે છે. વાસ્તવિક ચારિત્ર આવું (હોય) એનું જ્ઞાન (કરાવે છે).

વળી, '**બાહ્ય-આભ્યંતર વિકારસે રહિત હૈ,...**' દીક્ષા હોય. '**જિસમેં બાહ્ય શરીરકી ચેષ્ટા...**' શરીરની ચેષ્ટામાં રાગ દેખાય એવું એને હોય નહિ. આહાહા..! પાંચ ઇન્દ્રિયોની ચેષ્ટા. આંખની,.. જેમાં રાગના કણ નથી એની ચેષ્ટા શરીરની જુદી જાતની થઈ ગઈ હોય. સમજાણું કાંઈ? '**શરીરકી ચેષ્ટા તથા વસ્ત્રાભૂષણાદિકકા...**' શરીરની ચેષ્ટા વિકારી હોય નહિ, એમ કહે છે. વસ્ત્ર આભુષણ. વસ્ત્ર તો મુનિને હોતા નથી. એને વિકાર હોય નહિ. વસ્ત્ર રાખવું એ તો વિકારનું કારણ છે. આભૂષણાદિ. દાગીનાઓ પહેરે છે ને? હીરા લટકાવે અહીં. આ કરે ને આ કરે. આહાહા..! મડદાને શણગારે છે. માંસનો માળખો-માળખો. આ માંસ ને હાડકાનો માળખો છે આખો. એને વસ્ત્ર અને આભૂષણથી કરતો નથી. આભૂષણાદિકનો વિકાર નથી એમ કહે છે. '**તથા અંગ-ઉપાંગકા વિકાર નહીં હૈ,...**' એમ કહે છે. અંગ નામ આખું શરીર અને ઉપાંગ નામ એના બે હાથ-પગ ને માથુ આદિ. એમાં પણ ક્યાંય વિકૃતિ-વિકાર આંખની ચેષ્ટામાં, ચાલની ચેષ્ટામાં, વાણીની ચેષ્ટામાં ક્યાંય વિકાર મુનિને દેખાતો નથી. આહાહા..! જુઓ! આવી દશા ચારિત્રની અંગીકાર કરશે તે દિ' મુક્તિ થાશે. સમજાણું કાંઈ? આવું ચારિત્ર હોય એવું એની દૃષ્ટિમાં પહેલું નક્કી કરવું પડશે. આવા ચારિત્ર વિના એને મુક્તિ ને મોક્ષ થાય, ત્રણ કાળમાં ન થાય. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી કાંઈ મુક્તિ થઈ જાય એમ છે નહિ. એને આવું ચારિત્ર હોય. આહાહા..! સમજાણું?

'છ ઢાળા'માં આવે છે ને? ભાઈ! શું? લેશ ન સંયમ. ચારિત્ર મોહવશ. 'સુરનાથ જજે હૈં.' પણ ભાવના તો એ છે. એમ આવે છે ને કાંઈક? ચારિત્રની ભાવના હોય છે. ચારિત્રની ભાવના હોય છે. ઓ..હો..! ક્યારે હું સ્થિર થાઉં? મારી ભૂમિ આનંદની-જ્ઞાનની, એ ભૂમિમાં ક્યારે હું તદ્દન નિરંતર રમું? નિરંતર રમવું એ ચારિત્ર છે. સમજાણું કાંઈ? એવી ભાવના

સમકિતીને તો કાયમ હોય છે. એને આ ભાવના હોતી નથી કે આ બહારમાં રાગ કરું, આમાં વધુ.. ને આમાં વધું.

'**જિસમેં અંતરંગ કામ-ક્રોધાદિકકા વિકાર નહીં હૈ.**' એટલે બહારમાં આ નહિ. શરીરની ચેષ્ટામાં વસ્ત્ર આભૂષણાદિમાં અંગ-ઉપાંગમાં વિકાર નહિ. એ બહારમાં આવી ગયું. '**અંતરંગ કામ-ક્રોધાદિકકા વિકાર નહીં હૈ.**' અહો..! વિષયની મીઠાશ! કામની મીઠાશની વૃત્તિ ઊઠે એ ધર્મીને-મુનિને હોતી નથી. આહાહા..! આનંદની મીઠાશ આગળ એને કામની મીઠાની વૃત્તિ ઉઠતી નથી. આહાહા..! જુઓ! આ વીતરાગી માર્ગ! '**ક્રોધાદિકકા વિકાર નહીં હૈ.**' ક્રોધ પણ નથી, માન-માયા-લોભ પણ નથી. એ તો પોતે વીતરાગી બાળક છે. પૂર્ણ વીતરાગ થવાના કામી છે. રાગ થવાના કામી નથી.

વળી '**નિઃકલુષા અર્થાત્ મલિનભાવ રહિત હૈ. આત્માકો કષાય મલિન કરતે હૈં અતઃ કષાય જિસમેં નહીં હૈ.**' લ્યો! ક્રોધ, માન, માયા, રાગ, પ્રેમ, લોભ એ આત્માને મલિન કરે છે. મુનિને મલિન કરે એવા ભાવ હોતા નથી. નિર્મળ કરે એવા ભાવ હોય છે. આહાહા..! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અવિકારી ભાવ વધારી ઉછાળા મારતો વીતરાગભાવ વધીને કેવળજ્ઞાનને પામવાનો અભિલાષ હોય છે. સમજાણું કાંઈ? પૈસા કાંઈક હોય, પાંચ-દસ લાખ, એમાં બે-ચાર લાખ પેદા કરે તો આમ જાણે હરખના પાર ન હોય. જાણે ઓહો..હો...! શું કરીએ? શું કર્યું અમે જાણે, શું વધી ગયા? સોજામાં વધી ગયા. શું કીધું 'શ્રીમદ્'માં? 'અધિકાર વધતાં શું વધ્યું, વધવાપણું સંસારનું. એ કહ્યું. વધ્યો એ સંસાર વધ્યો છે. લક્ષ્મી વધી, આબરૂ વધી, શરીર સારા, છોકરા સારા, આબાળગોપાળ હામ, દામ ને ઠામ. એમ બધું કહે છે ને? વાતું. હામ, દામ ને ઠામ કહે છે ને? ભાઈ, એને તો હામ, દામ ને ઠામ ત્રણેય છે. ધૂળેય નથી, સાંભળને હવે, હામ નામ હોંશિયારી, દામ નામ પૈસો, ઠામ નામ રહેવાના મકાન ને ઠામ. બસ, આ છે ને મૂડી ઘરની? હામ, દામ ને ઠામ. હામ તો પુરુષાર્થ પોતાનો કરે એ આમ છે. દામ પોતાની લક્ષ્મી, ઠામ પોતાનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર. અહીં હામ, દામ ને ઠામ છે. આહાહા..! ભારે આકરું! માણસને (એમ લાગે) આવો ધર્મ ભારે મોંઘો . મોંઘો નથી પણ તું માની બેઠો છો. તારા ઘરની ચીજ છે. ઘરમાંથી કાઢવું છે, ક્યાંય બહારથી લાવવું નથી. પણ એને ઘરની કિંમત નથી. એ પર ઘરની કિંમતમાં રઝળ્યો છે. આહાહા..!

વળી, '**નિર્ભયા અર્થાત્ જિસમેં કિસી પ્રકારકા ભય નહીં હૈ,...**' ભય કોનો? આહાહા..! સોનાની ઈંટ હતી ને? આવે છે ને ગોરખને? મછંદર. 'ચેત મછંદર ગોરખ આયા.' મછંદરને એક સોનાની ઈંટ મળી ગઈ હતી ક્યાંકથી. જોળીમાં રાખ્યા કરે. પછી જ્યાં જ્યાં જાય ત્યાં, દિશાએ જાય ત્યાં. એ ગોરખ! ધ્યાન રાખજે આનું. ધ્યાન રાખજે. એક વાર દિશાએ ગયા તો નાખી દીધી. ગોરખ! ધ્યાન રાખજે. આપણે કોઈ.. એ ભય કૂવામાં નાખી દીધો છે ભાઈ હવે નહિ નડે આપણને. 'ચેત મછંદર ગોરખ આયો.' આ કરીને બેઠો. ઈંટ એક આવી સોનાની પકડી .. હીરા ને માણેક પકડ્યા. એ ભય છોડી દીધો છે. ગોરખ! અહીં

તો ભય તો નથી ને રસ્તામાં? ભય નથી. ભય તો નાખી દીધો, સાહેબ! શું કર્યું? ભય કૂવામાં નાખી દીધો. નિર્ભય છે ચાલો. આપણે ચાલો. એવું આવે છે. ગુરુને સમજાવતો હતો શિષ્ય. ગુરુ જરી લોભમાં પડી ગયેલો. આહાહા..!

આમાં પણ આવે છે ને આપણે? 'આત્માનુશાસન'. કર્તા કોણ? 'ગુણભદ્રાચાર્ય'. 'ગુણભદ્રાચાર્ય'નું. એના ભાઈનું હતું ને? ભાઈને આમ થઈ ગયું. લબ્ધિ પ્રગટી હતી એના ભાઈને. એક રસાયણ. રસાયણ તૈયાર કરેલું. લ્યો, આ થોડી રસાયણ. અર..ર..! આટલા વર્ષની મહેનત મારી. આ કર્યું હતું તેં સાધુ થઈને? રસાયણને માટે ચમત્કાર કરવા? આ માટે તારું સાધુ? છોડ તારું રસાયણ. તુંબડી ભરીને રસાયણ લાવેલો બિચારો. લોઢાને અડે તો સોનું થઈ જાય. એવો રસ-રસ. એવું કાંઈક કર્યું હશે. પેલો કહે, અર..ર..ર..! આટલા વર્ષની (મહેનત ગઈ). હવે મૂકને પડતી તારી. પેશાબની ધારા કરી પત્થર ઉપર (અને કહ્યું), લે આ સોનું લે. પકડ. કેટલુંક લેવું છે તારે? શું છે પણ આ? ક્યાં ગયો તું? ભૂલીને અહીં રખડવા આવ્યો? કોઈ ચમત્કાર જોવે છે ને ધૂળ જોવે છે ને આ જોવે છે. આત્મા ચૈતન્ય ચમત્કાર પ્રભુ છે. એના ચમત્કારના ગાણા ગાતો નથી અને આ શું ગાણા તારા રસના? રસકૂંપી.. રસકૂંપી... આહાહા..! 'શુભચંદ્રાચાર્ય'નું. સમજાણું? આહાહા..! ભય જ નથી, અહીં કહે છે.

**'જિસમેં નિરાશભાવ અર્થાત્ કિસીપ્રકારકે પરદ્રવ્યકી આશાકા ભાવ નહીં હૈ,...'** સાધન પરદ્રવ્યથી નથી પછી પરદ્રવ્યની આશા શી? સાધન તો સ્વદ્રવ્યનું છે અંદર. આહાહા..! એમ કહે છે. ભગવાનઆત્મા જ પોતે સ્વરૂપનું સાધન છે. એટલે પરના સાધનમાં પરનું કાંઈ સાધન છે નહિ. માટે એની આશા હોતી નથી. **'આશા તો કિસી વસ્તુકી પ્રાપ્તિ ન હો ઉસકી લગી રહતી હૈ પરંતુ જહાં પરદ્રવ્યકો અપના જાના હી નહીં...'** નિજ સ્વરૂપ આગળ પરદ્રવ્ય પોતાનું માન્યું નથી. પોતાનો ભગવાન નિધાન આનંદ અને જ્ઞાનનો પોતાનો ભાવ, પોતાપણે જ્યાં જાણ્યો, અનુભવ્યો. **'પરંતુ જહાં પરદ્રવ્યકો આપના જાના હી નહીં ઔર અપને સ્વરૂપકી પ્રાપ્તિ હો ગઈ તબ કુછ પ્રાપ્ત કરના શેષ ન રહા,...'** શું પામવું? પામવો હતો એ પામી ગયો આત્મા. પોતાની ચીજ આનંદસ્વરૂપ છે એને શ્રદ્ધા જ્ઞાનમાં પામ્યો. સ્થિરતામાં પામે છે. કરવું છે શું એને? **'ફિર કિસકી આશા હો? પ્રવ્રજ્યા...'** આનંદમાં ડોલતા સંતોની હોય છે, કહે છે. આહાહા..! આ તો કિંમત ઘટાડી નાખી.

**'જૈનદીક્ષા ઐસી હૈ. અન્યમતમેં સ્વ-પર દ્રવ્યકા ભેદવિજ્ઞાન નહીં હૈ,...'** જુઓ! શું કીધું? રાગથી ને પરનું અસ્તિત્વ માન્યું હોય અને પોતાનું અસ્તિત્વ જુદું માન્યું હોય તો પરથી ભેદજ્ઞાન એને હોય. પણ પર અને સ્વની કાંઈ ભેદજ્ઞાનની ખબર નથી એટલે પરમાં જ પોતાપણું માન્યું હોય, એને આવી દીક્ષા હોય શકે નહિ, એમ કહે છે. **'અન્યમતમેં સ્વ-પર દ્રવ્યકા ભેદવિજ્ઞાન નહીં હૈ,...'** અન્યમતમાં સ્વરૂપ દ્રવ્યનું અને ભેદજ્ઞાન નથી. આત્મા નામ પોતાનું સ્વરૂપ શું છે એનું ભાન નથી અને પર રાગાદિથી ભેદજ્ઞાન નથી. રાગાદિ શરીરથી જુદો નથી પડ્યો. એટલે એને પ્રવ્રજ્યા એવી હોતી નથી. **'ઉનકે ઈસપ્રકાર દીક્ષા કહાંસે હો.'** આવી દીક્ષા જેને બે દ્રવ્ય માન્યા હોય, વિકાર-અવિકાર એવા બે તત્ત્વ માન્યા હોય, એમાં

નિજ સ્વરૂપ વિકાર રહિત જાણ્યું હોય, વિકાર મારો નથી એમ અનુભવ્યું હોય એને પ્રવ્રજ્યા સ્થિરતાની હોય. પણ જેને હજી સ્વ-પરનું ભાન નથી. સ્વમાં શું તાકાત છે, પર શું છે? મારાથી ભિન્ન ચીજ. એને ભેદજ્ઞાન ન હોય તો એને દીક્ષા અને પ્રવ્રજ્યા હોતી નથી. આહાહા..! જુઓને!

---

आगे दीक्षाका बाह्यस्वरूप कहते हैं :–

**जहजायरूवसरिसा, अवलंबियभुय णिराउहा संता।**
**परकियणिलयणिवासा पव्वज्जा एरिसा भणिया।।५१।।**

यथाजातरूपसदृशी अवलंबितभुजा निरायुधा शांता।
परकृतनिलयनिवासा प्रव्रज्या ईदृशी भणिता।।५१।।

જન્મ્યા પ્રમાણે રૂપ, [1]લંબિતભુજ, [2]નિરાયુધ, શાંત છે,
પરકૃત [3]નિલયમાં વાસ છે, -દીક્ષા કહી આવી જિને. ૪૯.

अर्थ :– कैसी है प्रव्रज्या? यथाजातरूसदृशी अर्थात् जैसा जन्म होते ही बालकका नग्नरूप होता है वैसा ही नग्नरूप उसमें है। अवलंबितभुजा अर्थात् जिसमें भुजा लंबायमान की है, जिसमें बाहुल्य अपेक्षा कायोत्सर्ग खड़ा रहना होता है, निरायुध अर्थात् आयुधोंसे रहित हैं, शांता अर्थात् जिसमें अंग–उपांगके विकार रहित शांतमुद्रा होती है। परकृतनिलयनिवासा अर्थात् जिसमें दूसरेका बनाया निलय जो वस्तिका आदि उसमें निवास होता है, जिसमें अपनेको कृत, कारित, अनुमोदना, मन, वचन, काय द्वारा दोष न लगा हो ऐसी दूसरेकी बनाई हुई वस्तिका आदिमें रहना होता है – ऐसी प्रव्रज्या कही है।

भावार्थ :– अन्यमती कई लोग बाह्यमें वस्त्रादिक रखते हैं, कई आयुध रखते हैं, कई सुखके लिये आसन चलाचल रखते हैं, कई उपाश्रय आदि रहनेका निवास बनाकर उसमें रहते हैं और अपनेको दीक्षासहित मानते हैं, उनके भेषमात्र है, जैनदीक्षा तो जैसी कही वैसी ही है।।५१।।

---

૧. લંબિતભુજ = નીચે લટકતા હાથવાળી, ૨. નિરાયુધ = શસ્ત્રરહિત, ૩. નિલય = રહેઠાણ..

## ગાથા-૫૧ ઉપર પ્રવચન

**'આગે દીક્ષાકા બાહ્યસ્વરૂપ કહતે હૈં :-'**

**जहजायरूवसरिसा, अवलंबियभुय णिराउहा संता।**

**परकियणिलयणिवासा पव्वज्जा एरिसा भणिया।।५१।।**

ઓહોહો..! '**एरिसा**' બધે ઠેકાણે આવે છે, હોં! ઓહો..હો..! એક અક્ષર પણ વધારે ન નાખવો. એને ઠેકાણે ગાથાદીઠ આ નાખે છે. જોર છે એનું. આવી દીક્ષા હોય, આવું મુનિપણું હોય, આવી પ્રવ્રજ્યા હોય. બાકી બધી પ્રવ્રજ્યા માનનારા મૂંઢ છે, એમ કહે છે. '**કૈસી હૈ પ્રવ્રજ્યા? યથાજાતરૂપસદશી અર્થાત્ જૈસા જન્મ હોતે હી બાલકકા નગ્નરૂપ હોતા હૈ વૈસા હી નગ્નરૂપ ઉસમેં હૈં.**' યથાજાત. માતાએ જન્મ આપ્યો એવી દીક્ષા એની હોય-નગ્ન. આહાહા..! હળવાફૂલ જેવા. ફૂલ આવું હશે? વનસ્પતિનું ફૂલ આવું હોય ને? હળવું ફૂલ જેવું. માતાએ જન્મ્યા એવું શરીર નગ્ન. કોને ક્યાં મૂકવું, કોને ક્યાં રાખવું, કોની પાસે સંભાળ. કાંઈ ન મળે. આત્મા ભગવાન છે એની સંભાળ કરે છે. શરીરની નગ્ન દશા થઈ ગઈ છે. '**जहजायरूवसरिसा**' સરીખું એમ લીધું ને? '**જન્મ હોતે હી બાલકકા નગ્નરૂપ હોતા હૈ વૈસા હી નગ્નરૂપ ઉસમેં હૈ.**' ઉપમા આપી છે ને? ઉપમા આપી છે. જેવો જન્મેલો બાળક હોય એવી જેની નગ્ન દશા હોય. આહાહા..! ૨૫-૨૫ વર્ષના યુવાન રાજકુમારો, એ મહેલ ને મકાન, હીરા ને માણેક જડેલા મહેલ મૂકી-છોડીને ચાલ્યા જાય. અરે..! અમારું જ્યાં છે ત્યાં આ ક્યાં છે? આ ઘર કેવા અને મહેલ કેવા? બાયડી કેવી? આહાહા..!

'**जहजायरूवसरिसा**' ઉપમા આપી છે ને? જેવો બાળકને જન્મ આપે માતા, એવી તો જેની-મુનિની નગ્ન દશા હોય છે. અનાદિનું સ્વરૂપ આવું છે. આ વસ્ત્ર-પાત્ર મુનિને મનાવી વિપરીત દષ્ટિ મિથ્યાત્વના સેવન કર્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર, વીતરાગે અરિહંતા 'નિમમં' આવ્યું હતું. 'સમયસાર'માં છેલ્લે. ભગવાને તો બાહ્યવેશ નગ્નપણું એની મમતા છોડીને અંતર ચારિત્રમાં આરોહણ કર્યું છે. છેલ્લી ગાથાઓમાં. અરિહંતે તો આવું કર્યું, ભાઈ! જેની મુક્તિ નક્કી છે. તીર્થંકરને તો એ ભવમાં મુક્તિ નક્કી છે. છતાં નગ્નપણાના વેશનું અહંપણું છોડીને સ્વરૂપમાં ઠર્યા હતા. આહાહા..! નગ્નપણું એ કાંઈ મુક્તિનું કારણ નથી. પણ નગ્નપણું જોયા વિના રહેતું નથી. પણ કોઈ પાછું એમ કહે કે નગ્નપણું મુક્તિનું કારણ નથી. તો પછી ગમે તે વેષ હોય અને મુક્તિ થાય અને સાધુ થાય, એમ હોતું નથી. ભારે! સાધુ થાય એની દશા નગ્ન થઈ જાય. તદ્દન નગ્ન દશા. માતાનું... જુઓને! ઉપમા આપી છે.

બાળક આઠ વર્ષનો જેમ જન્મ્યો અને જેમ નિર્વિકારી દેખાય એવી જેની ૨૫-૨૫ વર્ષની ઉંમર ને રાજકુમાર હોય, જંગલમાં ચાલ્યા જાય. મોરપીંછી કમંડળ (હાથમાં)... આહાહા..! ચાલતા સિદ્ધ જાણે! આનંદના ઘોલનમાં એકલા જંગલમાં વસવું. કોઈનો જ્યાં

સાથ નથી. સાથ છે એ પોતા પાસે પોતાના આનંદનો છે. આહાહા..! એવી અંતરની દશા, એને બાહ્યની નગ્ન દશા થઈ જાય, થઈ જાય ને થઈ જાય. નગ્ન દશા ન થાય અને એમ માની બેસે કે અમને મુનિપણું થઈ ગયું છે (તો તે જૂઠું છે). ત્યારે કોઈ કહે, એવું બધું જોર શેનું બહારનું આપ્યું? બહારનું જોર નહિ એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? તેથી પહેલો બોલ એ આપ્યો છે, જુઓ! '**जहजायरूवसरिसा**' જેમ જન્મ્યો હોય બાળક અને એવું જ એનું સ્વરૂપ નગ્નમુનિ. આહાહા..! ચામડા કોરા કડાક માથે વસ્ત્રનો ધાગો નહિ. નિર્વિકારી મુદ્રા જેની દેખાય. જેને દેખતા બીજાને એમ થાય કે આહાહા..! નિર્વિકાર... નિર્વિકાર.. નિર્વિકાર... ઇન્દ્રિયો બધી શિથિલ થઈને વૈરાગ્યની ઝલક આપતી હોય એવી દશા જેની હોય એમ કહે છે. આહાહા..! '**सरिसा**' કહીને ઉપમા એ આપી છે જુઓને. જેવો બાળક જન્મે એવી દશા થઈ ગઈ હોય છે. અંતરમાં વીતરાગતા ઉપર કીધી એ. ઉપર એ પહેલું કીધું. પછી આ લીધું. અંદરમાં પહેલું ઓલું હોય તો આ કહેવાય. ઓલું પહેલું છે એ ન હોય અને પછી એકલો નગ્ન થાય તો એને કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'અવલંબિતભૂજા અર્થાત્ જિસમેં ભુજા લંબાયમાન કી હૈ, જિસમેં બાહુલ્ય અપેક્ષા કાયોત્સર્ગ ખડા રહના હોતા હૈ,...'** આમ ધ્યાનમાં જ રહે છે, એમ કહેવું છે. એવી દશા. હાથમાં કાંઈ કામ કરવું બાકી નથી. અંદરમાં સ્થિર થઈ ગયા છે. એવી દશાને, એવી ભાવવાળી નગ્નદશાને ભગવાને મુનિપણું અને પ્રવ્રજ્યા કીધી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૧, ગાથા-૫૧ થી ૫૪, રવિવાર, પોષ સુદ ૧૪, તા.૧૦-૦૧-૭૧

આ 'બોધપાહુડ'ની ૫૧મી ગાથા. પ્રવ્રજ્યા નામ દીક્ષા એટલે સાધુપણું કેવું હોય એને જાણવું પડશે કે નહિ? અરિહંતદેવને પહેલા ઓળખાવ્યા. ધર્મને પહેલો ઓળખાવ્યો. હવે આ ગુરુ કેવા હોય? પ્રવ્રજ્યા ચારિત્ર. મોટો ગોટો ઉઠ્યો છે ને એને માટે આ ચાર (વાત કહી) સ્પષ્ટીકરણ-ચોખ્ખું કરે છે.

મુમુક્ષુ :- ચોખ્ખું કરવાની બહુ જરૂર છે.

ઉત્તર :- (કોઈ) એમ કહે સાધુપણાનું અમારે શું કામ? પણ સાધુપણું કેવું હોય એને જાણવું જોઈએ ને? ચારિત્રપર્યાય કેવી હોય. આત્માનું જ્ઞાન સમ્યગ્દર્શન સહિત અંતરનો આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનની મૂર્તિ, એની અંતરમાં સમ્યગ્દર્શનરૂપ શ્રદ્ધા, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન. એ ઉપરાંત ચારિત્ર પ્રવ્રજ્યા કેવું હોય એની વ્યાખ્યા કરે છે.

**'કૈસી હૈ પ્રવ્રજ્યા? યથાજાતરૂપસદશી અર્થાત્ જૈસા જન્મ હોતે હી બાલકકા નગ્નરૂપ હોતા હૈ વૈસા હી નગ્નરૂપ ઉસમેં હૈ.'** આહાહા..! જેવો માતાએ જન્મ્યો એવું એનું શરીરનું નગ્નપણું હોય. કપડાનો ધાગો ન હોય, પાત્ર ન હોય. એવા અંતરમાં ગુણ ભાન સહિત એવી

જેની નગ્ન દશા હોય છે. 'જયંતીભાઈ'! જૈનમાં આવા સાધુ હોય, એમ કહે છે. આ બધા વસ્ત્ર ને પાત્ર રાખીને સાધુ માને છે એ મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે.

વળી, '**અવલંબિતભુજા અર્થાત્ જિસમેં ભુજા લંબાયમાન કી હૈ,...**' ઓહો..હો...! સાધુ તો તદ્દન વીતરાગમૂર્તિ છે. એને તો ધ્યાન જ કરવાનું હોય, એમ કહે છે. હાથ લાંબા કરી ધ્યાનમાં જ ઊભા હોય. એને શું કરવાનું હોય બીજું? આહાહા..! બાહુલ્યતાથી પ્રાયે ઘણું કરીને. '**અવલંબિતભુજા...**' આહાહા..! જેને આત્મા આનંદરૂપે સાધવો છે અને તેની ચારિત્ર પ્રવ્રજ્યા દશા પ્રગટ થઈ છે એને બીજું શું હોય? ભુજા આમ લાંબી કરીને ધ્યાનમાં- આનંદમાં ઊભા હોય. જુઓ! આ પ્રવ્રજ્યા.

મુમુક્ષુ :- શિષ્યને સમજાવે કે દિ'?

ઉત્તર :- સમજાવવું હતું કે દિ' ત્યાં? એ તો વાણી આવે, વિકલ્પ હોય ને આવી તો આવી. એમાં એ વસ્તુ ક્યાં છે. મુનિને કરવાનું તો આ છે. આહાહા..! પોતાનો આત્મા પૂર્ણ આનંદનું ધામ, વીતરાગ સ્વભાવી, એને જેણે અંદરમાં સાધ્યો છે અને જેને સંસારનો કાંઠો નજીક થઈ ગયો છે, મોક્ષને કિનારે આમ નજીક આવી ગયા. અલ્પ કાળમાં કેવળ લેશે એવી દશા મુનિની હોય. આહાહા..!

કહે છે, '**જિસમેં બાહુલ્ય અપેક્ષા કાયોત્સર્ગ ખડા રહના હોતા હૈ,...**' એવી પ્રવ્રજ્યા મુનિપણાની. વીતરાગમાર્ગમાં કેવળીએ એમ કહ્યું છે. પરમેશ્વર વીતરાગદેવે આવું કહ્યું છે. આ બધી ગડબડ થઈ ગઈ. '**નિરાયુધ...**' દંડ રાખે હાથમાં. દંડ-આયુધ. એ ન હોય એને, એમ કહે છે. કહેવાનો આશય ઈ છે. હાથમાં દંડ રાખે છે ને મોટો? એને આયુધ કહે. અહીં કહેવાનો આશય ઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાકડી હોય જ નહિ એને. આહાહા..! રાખી હતી કે નહિ લાકડી? આ બે જણા રહ્યા.

મુમુક્ષુ :- એમાં પાછા ભગવાન ચિતરાવે.

ઉત્તર :- આરે.. આરે..! બાપુ! ચારિત્ર કેવી દશા! આહાહા..! ધન્ય અવતાર છે! જેને સંસાર એકાદ ભવ રહ્યો હોય છે એવી દશા એની હોય. કલેશિત સંસાર, દુઃખરૂપ સંસાર, ચાર ગતિ દુઃખરૂપ છે. એનો જ્યાં અંત આવ્યો છે એવી ચારિત્ર દશા હોય છે. આહાહા..! વીતરાગ સ્વભાવમાં ઝૂલતા, અતીન્દ્રિય આનંદમાં મહાલતા, કહે છે કે એને દંડ આદિ કોઈ આયુધ હોતું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! શરીર ચાહે તો શ્વાસ ચાલતા હોય, દમ ચાલતા હોય... આહાહા..! મુનિને, પણ શરીરમાં જેને અંશે મમતા નથી. આહાહા..! શરીરથી જુદો નાળિયેરનો ગોટો જેમ જુદો હોય છે, એવો અંદર જુદો (પડી ગયો છે). શરીરના સ્પર્શનો કાંઈ સંબંધ જ નથી. આહા..! એવી રીતે ચૈતન્યની સાધક દશા જ્યાં ચારિત્રની પ્રગટી છે, કહે છે કે એને આયુધમાં દંડ આદિ ન હોય. હાથમાં લાકડી મોટી રાખે

છે ને? એ સાધુને ન હોય. વસ્ત્ર ન હોય, પાત્ર ન હોય અને દંડ પણ ન હોય, એમ કહે છે. આહાહા..! એવી દશામાં જંગલમાં સંતો રહેતા હોય છે.

'**શાંતા અર્થાત્ જિસમેં અંગ-ઉપાંગકે વિકાર રહિત શાંતમુદ્રા હોતી હૈ.**' અંગ અને ઉપાંગમાં ક્યાંય વિકૃત અવસ્થા ન દેખાય. જેવું બાળક નિર્વિકારી દેખાય, એવા જેના અંગ અને ઉપાંગ નિર્વિકારી શાંત... શાંત... શાંત (છે). અંતરમાં શાંતિ ઘણી જામી ઉગ્ર થઈ ગઈ છે. શરીર પણ આમ શાંત.. શાંત દેખાય. આહાહા..! શાંત અંગ અને ઉપાંગ. એમ. આખું શરીર અને ઉપાંગ હાથ-પગ આદિ. ચેષ્ટામાં ક્યાંય વિકાર ન દેખાય.

વળી '**પરકૃતનિલયનિવાસા...**' આ આવ્યું, ભાઈ! રાત્રે કહ્યું હતું. અત્યારે બહુ ચાલે છે. સાધુ માટે વસ્તી જોઈએ. નગ્નમુનિ માટે, હોં! શ્વેતાંબરાદિ તો મુનિ છે જ નહિ. સાધુ જ નથી એટલે પ્રશ્ન છે નહિ. પણ દિગંબર મુનિઓને માટે કાંઈક વસ્તી જોઈએ, આમ જોઈએ એમ પત્રોમાં બહુ આવે છે. '**પરકૃતનિલયનિવાસા અર્થાત્ જિસમેં દૂસરેકા બનાયા નિલય જો વસ્તિકા આદિ ઉસમેં નિવાસ હોતા હૈ,...**' શ્રાવકે કરેલા ઘરમાં પોતા માટે. સાધુ માટે નહિ. આમ તો કહે સાધુ માટે કર્યું હોય તો એણે કર્યું એમ નથી. એ નહિ. એ કહે છે, જુઓ! સર્પ-સર્પ રહે ને? સર્પનો દાખલો છે. પંડિતજી! એમાં સર્પનો દાખલો છે. સર્પ. સર્પ જેમ કોઈનું બિલ કરેલું હોય અને એમાં જાય. એવી વાત છે. ઉંદરે બિલ કર્યા હોય એમાં સર્પ જાય. પોતા માટે કર્યું હોય નહિ. બિલ એને માટે-સર્પ માટે કોણ કરે? એને માટે '**દૂસરેકા બનાયા નિલય જો વસ્તિકા આદિ...**' ઓરડી, વસ્તિકા એવું કોઈપણ સ્થાન, એમાં ન હોય.

'**જિસમેં અપનેકો કૃત, કારિત, અનુમોદના, મન, વચન, કાયા દ્વારા દોષ ન લગા હો...**' જુઓ! મન, વચન અને કાયા, કરવું, કરાવવું અને અનુમોદવું. '**દોષ ન લગા હો ઐસી દૂસરેકી બનાઈ હુઈ વસ્તિકા આદિમેં રહના હોતા હૈ - ઐસી પ્રવ્રજ્યા કહી હૈ.**' આમ તો પરે જ કરેલું હોય. અહીં તો કહે છે, કરેલું, કરાવેલું અને અનુમોદેલું ન હોય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સાધુ માટે રહેવાના મકાન કરે, ઓરડી કરે. બહુ જંગલમાં નહિ રહી શકે. એ બધું એને માટે કરેલું ખપે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- શ્રાવક માટે પૌષધ બનાવે.

ઉત્તર :- શ્રાવક નામ આપે પૌષધનું. છે તો સાધું માટે. પૌષધ નામ આપે. અમારે તકરાર ઘણી મોટી થઈ હતી. (સંવત) ૧૯૬૮માં. ૬૮ની સાલમાં આ મોટો પ્રશ્ન ઉઠ્યો હતો. સાધુ માટે કરેલો અપાશ્રય સાધુ વાપરે તો નિર્ગ્રંથપણાથી ભ્રષ્ટ થાય. એવી ૬૮ની સાલમાં મોટી ચર્ચા ચાલી. સંવત્ ૧૯૬૮. કેટલા વર્ષ થયા? ૫૯. ૫૯ વર્ષ થયા. આપણે સાંભળેલું નહિ. દીક્ષા લેવાનો ભાવ થયો. ગુરુ પાસે ત્રણ મહિના ઘરને વિશે રાખીને રહ્યા હતા. કોઈનું મકાન ગૃહસ્થ હતા એને ઘરે કે હું ત્રણ મહિના અહીં જમીશ. પૈસા તમને આપવાના. અપાસરાની સામે એક મકાન હતું. 'પાળિયાદ-પાળિયાદ' એ બિચારા સારા હતા બેન. હોંશિયાર. એક વખત આહાર કરતો. ત્રણ મહિના ત્યાં પૈસા દઈને રહ્યા. ત્યાં ભણતા ત્રણ મહિના ભણતા. એમાં એ વાત આવેલી. 'પાલેજ' જવા નીકળ્યો ત્યાં વચ્ચે 'બોટાદ' આવ્યું.

ત્યાં 'ગુલાબચંદ ગાંધી' 'રાજકોટ'ના હતા. 'ગુલાબચંદ ગાંધી' મળ્યા. એ સાધુ હતા. એ કહે, સાધુ માટે અપાસરો કરે તો સાધુ નહિ. ... મેં કીંધું, આ શું? આપણે કોઈ દિ' સાંભળેલું નહિ. 'રતિભાઈ'! ઓળખતા હતા તમે? 'મૂળી'માં હતું એક ફેરી ચોમાસું, પણ ઘણા વર્ષ (પહેલાની) વાત છે. (સંવત) ૧૯૭૦માં તો ગુજરી ગયેલા. ૭૦માં તો ભાદરવા સુદ ચોથે 'રાજકોટ' ગુજરી ગયા. પણ 'મૂળી'માં હતું. બહુ કડક હતા. ભાષા પણ કડક હતી. સાધુને બગલા-બગલી તરીકે બોલાવે. ધોળા કપડા પહેરે ને એટલે બગલા-બગલી સાધુડા (એમ કહે). એય..! ખબર હતી કે નહિ તમને? ૬૯માં 'વઢવાણ' ચોમાસુ હતું. 'સુંદર વોરા'ના અપાસરા સામે. એ પહેલું સાંભળ્યું મેં. સાધુ માટે અપાશ્રય કરેલું વાપરે તો સાધુ નહિ. આ શું? આપણને કાંઈ ખબર નહિ. ખુબ ચર્ચા ચાલી. ચાલો ભાઈ મહારાજ પાસે. મહારાજ શું કહે છે. ગાડુ જોડીને ઘણા ગયા. 'ભગવાનજીભાઈ' હતા ને? કચ્છી. 'મૂળી'વાળા. 'મૂળી'વાળા. 'રતિભાઈ' નહિ જાણતા હોય. 'ભગવાનભાઈ' હતા 'ભગવાનજી' 'મૂળી'વાળા. 'કચ્છી-કચ્છી'. પાછળ રહેતા. ઘણા વર્ષ થયા. બધા ગયા, પૂછવા ગયા. આ શું કહે છે આ? સાધુ માટે કરેલું... એય..! પછી તીખા થઈ ગયા. 'મૂળચંદજી' હોં અમારે. એય..! ... કોણ આવું કહે છે? એ ગમે તે હોય પણ આનો અર્થ શું છે કીધું આ? એ સાધારણ દોષ કહેવાય, ફલાણું કહેવાય, ઢીંકણું કહેવાય. એમાં સાધુપણું જાય નહિ. એણે તો એમ કહ્યું.

પછી મેં પ્રશ્ન કર્યો ૧૯૬૯માં. છેલ્લું ચોમાસું હતું. મહારાજ! આ સાધુ માટે મકાન કર્યું હોય એ વાપરે તો નવ કોટીમાં કોટી કઈ તૂટે? કરણ, કરાવણ, અનુમોદન, મન, વચન અને કાયા. ૧૯૬૯ની વાત છે. દીક્ષા લીધા પહેલા. કીધું, આનું શું? 'હીરાજી મહારાજ' બિચારા ભદ્રિક હતા. એણે એમ કહ્યું કે 'ખુશાલભાઈ'એ તમારે માટે મકાન કર્યું હોય. એમ દાખલો આપ્યો એણે. એ તમે વાપરો એમાં તમારે શું દોષ? એવો દાખલો આપ્યો. 'હીરાજી મહારાજ' આમ જાણે ને, કુટુંબને જાણે.

જુઓ! ભાઈ! આપણને બેસતું નથી. એને માટે કરેલું હોય અને વાપરે તો એમાંથી કરણ.. ભલે કરણ-કર્યું નથી પણ અનુમોદનનો એને દોષ લાગે. કોટી તૂટે. નવ કોટી રહેતી નથી એને. પાપના ત્યાગની નવ કોટી રહેતી નથી. આ તો ૧૯૬૯ની વાત છે. દીક્ષા લીધા પહેલાની વાત છે. સમજાણું? આ 'મૂળચંદજી' થોડા તપી ગયા, તીખા થઈ ગયા. એને થયું, આ માંડ માંડ દીક્ષા લ્યે છે એમાં વળી આ ક્યાં લાકડું નાખ્યું?

અહીં તો નિવાસ. એને માટે ઓરડી હોય. પાત્ર-વસ્ત્ર તો હોય નહિ. પણ ઓરડી ક્યાંક કરાવે, ક્યાંક એને સુવાનું સ્થાન બનાવે, એવા મકાન સાધુને (હોય નહિ).

મુમુક્ષુ :- મકાન તો બનાવવા જોઈએ ને નહિ તો આહાર ક્યાં કરે?

ઉત્તર :- આહાર કરે ક્યાં? જંગલમાંથી આવીને હાથમાં લઈને આહાર કરીને વયા જાય. આહાર ક્યાં કરવો? પાત્રા છે તો લઈને જાય? પાત્રા લઈને માગવા જાય એ તો ભિખારી કહેવાય. સાધુ હોય નહિ એ. ભીક્ષુ એટલે કે એકદમ જેને માટે બનાવેલો નથી. નિર્દોષ આહાર (માટે) જ્યાં ખડા થઈને ઊભા રહ્યા એટલો લે, એનું નામ ભીક્ષુ. ભીક્ષા માગે એ ભીક્ષુ? યાચના કરવી એ ભીક્ષુ છે? એ તો ભિખારી છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું ને?

યાચના પરિષહનો અર્થ માગવું એ પરિષહ નથી. માગ્યા વિના મળે એનું નામ પરિષહ છે. આહાહા..! પંડિતજી! આવો માર્ગ. એને ખબર નથી હજી. સાધુપદ કેવું હોય એની ખબર ન મળે. તો ધર્મ કેમ થાય અને ધર્મીની આગળ વધીને કેવી દશા હોય, એની ખબર ન મળે એને ધર્મ કઈ રીતે થાય? 'જયંતીભાઈ'!

મન, વચન ને કાયાએ કરવું, કરાવવું, અનુમોદનનો દોષ ન લાગ્યો હોય. આહાહા..! એવી વસ્તિકા દોષ ન હોય. પાઠમાં મૂક્યું છે, જુઓ! '**परकियणिलयणिवासा**' એમ કાઢે કે એ તો પરકૃત છે. શ્રાવકે પોતા માટે કર્યું છે. સાધુએ ક્યાં કર્યું છે? પણ કરેલું એને માટે છે...

મુમુક્ષુ :- કોઈએ કર્યું હોય ...

ઉત્તર :- એને માટે કર્યા હોય. એને માટે કરે છે ને અત્યારે તો? બધું એના માટે કરે છે રહેવાનું. ઓલું પોતાના માટે કર્યું હોય. પોતાના કુટુંબ માટે. એમાંથી મકાનમાં થોડી જગ્યા ખાલી હોય, શૂન્ય ઘર હોય. એમાં રહે.

મુમુક્ષુ :- એને જવાનું બે-ચાર દિ'એ હોય.

ઉત્તર :- એને ગામમાં તો થોડું જવાનું હોય. એને જંગલમાં જ (રહેવાનું) હોય.

**ભાવાર્થ :- 'અન્યમતિ કઈ લોગ બાહ્યમેં વસ્ત્રાદિ રખતે હૈં,...'** જુઓ! વસ્ત્ર, પાત્ર, દંડ રાખે છે. '**કઈ આયુધ રખતે હૈં,...**' દંડ આદિ. '**સુખકે લિયે આસન ચલાચલ રખતે હૈં,...**' પાટુ રાખે આ બધી. અહીંથી અહીં લઈ જાય અને અહીંથી અહીં પાટ લઈ જાય. '**કઈ ઉપાશ્રય આદિ રહનેકા નિવાસ બનાકર ઉસમેં રહતે હૈં...**' લ્યો! ઉપાશ્રયનું નામ એમાં આવ્યું. '**ઔર અપનેકો દીક્ષાસહિત માનતે હૈં, ઉનકે ભેષમાત્ર હૈ,...**' સાધુ નથી, ચારિત્ર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**જિનદીક્ષા તો જૈસી કહી વૈસી હી હૈ.**' વીતરાગની દીક્ષા એવી છે. 'રાજકોટ'માં બહુ ખળભળાટ થાતો. ઓલા સાધુ રહ્યા હતા ને? એના ભાઈના મકાનમાં રહ્યા હતા. 'ગુલાબચંદજી'. 'અમૃતલાલ'. એના ભાણેજ 'અમૃતલાલ'. નહિ? કેવા કહેવાય? 'જસાણી.' એના મકાનમાં રહેતા. આ બાજુનું મકાન જાળીવાળું છે ઓલી કોર ત્યાં રહેતા. ત્યાં ગુજરી ગયા. ઓલી કોર પેસવાનું મકાન છે. ત્યાં ગુજરી ગયા. અમે ત્યાં જોયું છે. ત્યાં રહેતા હતા. ત્યાં ગુજરી ગયા. એ સખત કહે, હોં! બહુ કહે.

મુમુક્ષુ :- આયુષ્ય ત્યાં પૂરું થઈ ગયું.

ઉત્તર :- ત્યાં જ દેહ છૂટી ગયો. પડિક્કમણું કરતાં દેહ છૂટી ગયો.

કહે છે, '**અપનેકો દીક્ષાસહિત માનતે હૈં,...**' એ દીક્ષા ન કહેવાય. જૈનની દીક્ષા તો નગ્ન મુનિ... આ..હા..હા...! હળવા... હળવા... હળવા... એક મોરપીંછી અને કમંડળ-બે ધર્મના ઉપકરણ તરીકે હોય. આવું ચારિત્રપણું (છે). એથી વિરૂદ્ધ માને તો એની શ્રદ્ધા મિથ્યાત્વ છે, એમ કહે છે. એને જૈનની શ્રદ્ધા નથી. એમ કહે છે.

आगे फिर कहते हैं :–

**उवसमखमदमजुत्ता, सरीरसंकार वज्जिया रुक्खा।**
**मयरायदोसरहिया, पव्वज्जा एरिसा भणिया।।५२।।**

उपशमक्षमदमयुक्ता शरीर संस्कार वर्जिता रूक्षा।
मदरागदोषरहिता प्रव्रज्या ईदृशी भणिता।।५२।।

ઉપશમ-ક્ષમા-[1]દમયુક્ત, તનસંસ્કારવર્જિત [2]રૂક્ષ છે,
મદ-રાગ-દ્વેષવિહીન છે,-દીક્ષા કહી આવી જિને. પર.

अर्थ :– कैसी है प्रव्रज्या? उपशमक्षमदमयुक्ता अर्थात् उपशम तो मोहकर्मके उदयका अभावरूप शांतपरिणाम और क्षमा अर्थात् क्रोधका अभावरूप उत्तमक्षमा तथा दम अर्थात् इन्द्रियोंको विषयोमें नहीं प्रवर्ताना–इन भावोंसे युक्त है, शरीरसंस्कारवर्जिता अर्थात् स्नानादि द्वारा शरीरको सजाना इससे रहित है, जिसमें रूक्ष अर्थात् तेल आदिका मर्दन शरीरके नहीं है। मद, राग, द्वेष, रहित है, इसप्रकार प्रव्रज्या कही है।

भावार्थ :– अन्यमतके भेषी क्रोधादिरूप परिणमते हैं, शरीरको सजाकर सुन्दर रखते हैं, इन्द्रियोंके विषयोंका सेवन करते हैं और अपनेको दीक्षासहित मानते हैं, वे तो गृहस्थके समान हैं, अतीत (यति) कहलाकर उलटे मिथ्यात्वको दृढ़ करते हैं; जैनदीक्षा इसप्रकार है वही सत्यार्थ है, इसको अङ्गीकार करते हैं वे ही सच्चे अतीत (यति) हैं ।।५२।।

## ગાથા-પર ઉપર પ્રવચન

‘આગે ફિર કહતે હૈં :-’

**उवसमखमदमजुत्ता, सरीरसंकारवज्जिया रुक्खा।**
**मयरायदोसरहिया, पव्वज्जा एरिसा भणिया।।५२।।**

આહા...હા...! ‘કુંદકુંદાચાર્ય’ ગાથાદીઠ (કહે છે), પ્રવ્રજ્યા ભગવાને આવી કહી છે, પ્રભુ! તું એને ઓળખ. સમજણ કર. એ વિના પ્રવ્રજ્યા-ચારિત્ર હોઈ શકે નહિ. આહાહા..!

**અર્થ :- ‘કૈસી હૈ પ્રવ્રજ્યા? ઉપશમક્ષમદમયુક્તા અર્થાત્ ઉપશમ તો મોહકર્મકે ઉદયકા અભાવરૂપ...’** શાંત પરિણામ. જેના ત્રણ કષાય તો નાશ થઈને શાંતરસ, ચૈતન્યનો શાંત... શાંત... શાંત... શીતળરસ આત્માનો શાંત અકષાય છે, એ જેને પ્રગટ્યો છે. આ કષાયઅગ્નિથી બળી રાગ ને પુણ્ય-પાપથી રહે છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભ રાગ એ કષાયઅગ્નિથી જીવો બળી રહ્યા છે. શાંતિ... શાંતિ... શાંતિ... દેખે તો એને ખબર પડે કે આ કષાય ભઠ્ઠી અગ્નિ છે. ઝળે છે. શુભ-અશુભભાવ, પુણ્ય-પાપનો ભાવ, શુભ-અશુભભાવ એ

**૧. દમ = ઈન્દ્રિયનિગ્રહ, ૨. રૂક્ષ = તેલમર્દન રહિત.**

અગ્નિ પેઠે ઝળે છે. આહાહા..! આ દુકાને બેઠા હોય ને મજા માણતો હોય. એ કહે છે, એ ઝળે છે, અગ્નિમાં સળગે છે એનું ભાન નથી એને. દુકાને બેઠા હોય ને છોકરાને કહેતા હોય કે બેટા! જાવ ફલાણું કરો, ઢીંકણું કરો. આજ પચાસ હજારની પેદાશ થઈ છે. ફલાણું કરો. એમાંથી થોડુંક આમ કરો. એમાં કષાયઅગ્નિ સળગી છે, એમ કહે છે. છાતીમાં ઝળહળ ઝળહળ થાય. ઝીણવટથી બળે. પણ આત્માની શાંતિની ખબર નથી એટલે બળવું એને ખબર પડતી નથી. સમજાણું કાંઈ? શાંત... શાંત... વિકલ્પ ઊઠે તો ત્યાં બળતરા છે. આહાહા..! 'ગુલાબચંદ ગાંધી'ને જોયા હતા ને તમે? 'પરસોત્તમભાઈ'! એ ત્યાં હતા ને ચોમાસામાં. શાંત. આહાહા..!

મુનિ, સમ્યગ્દર્શનમાં 'શાંતદશા તિનકી પહિચાની, કરે કર જોડી બનારસી વંદન.' આવે છે ને? શાંત. સમ્યગ્દર્શનમાં પણ શાંતિ હોય છે. એક કષાયનો અભાવ (થયો છે). એટલે શાંત અકષાય સ્વભાવ (છે) એનો અંશ-ઝળક-નમુનો તો એને આવી ગયો છે. મુનિને તો... આહાહા..! કહે છે કે શાંત મુદ્રા જેની હોય અને અંતર મોહના અભાવથી શાંત પરિણામ જેના હોય છે.

'**ક્ષમા અર્થાત્ ક્રોધકા અભાવરૂપ ઉત્તમક્ષમા...**' મુનિને હોય છે ને દસ પ્રકારનો ધર્મ? ઉત્તમક્ષમાનો અર્થ એ કે આત્માના અનુભવમાં આનંદના સ્વાદ સહિત જેને ક્ષમા (પ્રગટ થઈ છે). બાળકપણ એને ચાળો કરી જાય, અપમાન કરી જાય તોપણ શાંતિ-શાંતિ. અરે..! હું તો નિરપરાધી અંદર બેઠો છું. આ કેમ કરે? આવું કેમ કરે છે? એમ એને હોતું નથી.

'શ્રીકૃષ્ણ' 'વાસુદેવ' જંગલમાં સૂતા છે અને બાણ વાગે છે. સમ્યગ્દૃષ્ટિ છે. 'શ્રીકૃષ્ણ-વાસુદેવ' વનમાં, કોસંબી વનમાં તૃષાએ એકલો ટળવળે. કોઈ નહિ પાણીનો પાનાર. ત્રણ ખંડના ધણી. એ સૂતા ને જ્યાં બાણ વાગ્યું ને એકદમ ઊભા થયા, ફડાક દઈને. અરે..! કોણ છે? નિરપરાધીને બાણ મારનાર છે કોણ? આવે ને? વિકલ્પ છે ને ત્યાં? હું જંગલમાં છું, નિરપરાધી છું. આહાહા..! જેની આઠ-આઠ હજાર દેવ સેવા કરતા. વયા ગયા. 'નવનીતભાઈ'! આઠ હજાર.

મુમુક્ષુ :- ઈ સેવક કેવા કે સામા ઊભા ન રહે એ?

ઉત્તર :- કોણ ઊભા રહેતા હતા? એ તો પુણ્ય હોય તો રહે. પુણ્ય ફરે તો એનો સગો દીકરો અને બાયડી પણ વઈ જાય. એમાં શું છે પણ? આહા..!

'તરસે તડફડે ત્રિકમો નહિ કોઈ પાણીનો પાનાર.' ધર્મી જીવ સમકિતી જ્ઞાની ધર્માત્મા છે. આહાહા..! એના જ મોટા ભાઈએ બાણ (ચલાવ્યું). એના વિરહે બાર વર્ષથી બિચારો જગંલમાં રહેતો (હતો). ન ફરે જિનના વચન. વીતરાગના વચન ન ફરે. ભગવાને પહેલું કહ્યું હતું કે, હે જરતકુમાર! તારા હાથે 'શ્રીકૃષ્ણ'નું મૃત્યુ થશે. અરે..! જેના વિરહે બાર-બાર વર્ષ હું રહ્યો, અરે..! કર્મ આવીને આ જોગ મને? રોવે.. રોવે... રોવે. પેલો તો કહે, કોણ છે નિરપરાધીને કે મારેય મારવું છે. એ મુનિને ન હોય, એમ અહીં તો સિદ્ધ કરવું છે. નિરપરાધિને મારનાર આ જંગલમાં કોણ છે? ખડો થા. મુનિને ન હોય, એમ કહે છે. આહાહા..!

'**ક્રોધકા અભાવરૂપ ઉત્તમક્ષમા...**' આહાહા..! પણ આ તો જેને જન્મ-મરણ ટાળવા હોય એને સારું લાગે એવું છે. આ જન્મ-મરણના અવતાર કરવા હોય-દેવના, ઢોરના, નારકીના. એને આ અંદર રુચે એવું નથી. આહાહા..! ચોર્યાસીના અવતાર એકલા દુઃખના દાવાનળે અવતાર ગયા છે. એને શાંત કરવા માટે આવી ચારિત્ર દશા ઉપશમરસની હોય છે. એ દાવાનળનું શાંતપણું ચારિત્રથી હોય છે. સમજાણું કાંઈ?

'**દમ અર્થાત્ ઈન્દ્રિયોંકો વિષયોમેં નહીં પ્રવર્તાના-**' દમ-દમ. અરે..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઈન્દ્રિયના વિષયનો એને અભાવ હોય છે. અમૃતસાગર જ્યાં અંદર ઉછળે છે. મુનિને તો અમૃતસાગર ભગવાનઆત્મા, અમૃતનો ભરેલો, આનંદનું અમૃત સ્વરૂપ એનું છે, એમાં ડૂબકી મારીને અમૃતના સ્વરૂપે ઝીલતા સંતોને ઈન્દ્રિયના વિષયો કેમ હોય? આહાહા..! સમજાણું કાંઈ? જેને જન્મ-મરણ ટાળવા હોય એને આ સ્થિતિ પ્રગટ કરવી પડશે. એવી પહેલી શ્રદ્ધા તો કર. સમજાણું કાંઈ? અરે..! ચોર્યાસીના અવતારમાં રખડતા રઝળતા રાંકને કોઈ શરણ નથી. શરણ તો ચૈતન્યમૂર્તિ ભગવાન છે. એના જેણે શરણા લીધા કહે છે કે એને ચારિત્રની દશા જ્યાં ઉગ્રપણે શાંતિ પ્રગટી, કોણ અપરાધ કરનાર છે એ પણ જેને જોવું નથી. કોણ આ છે? એકાંતમાં બેઠા શાંતને કોણ પથ્થર મારે છે? શાંત.. શાંત... એવી જેની ચારિત્રદશા છે.

વળી કહે છે, '**શરીરસંસ્કારવર્જિતા...**' કહીએ. એ સ્નાન અને દંત ધોવન આદિ ન હોય એને. આવે છે ને? અદંત ધોવન આદિ પ્રસિદ્ધ જો. અદંત ધોવન આદિ પ્રસિદ્ધ છે. દાંત ધોવે નહિ. આહાહા..! પેલા કહે, દાંત ધોતા નથી. જુઓ! સાધુ ગંધાય છે. પૈસા ચોંટી જાય એટલું ચીકણું છે. એ ક્યાં સાધુ હતા? સાધુને તો અંદર સુગંધ મારે શરીરમાં, દાંત ન ધોવે તોપણ. સમજાણું કાંઈ? એવું પુણ્ય હોય છે ભેગું. આવે છે ને? 'સમયસાર નાટક'માં આવે છે. શરીરમાં સુગંધ હોય. આવે છે એક ઠેકાણે.

મુમુક્ષુ :- ચૌદ ગુણસ્થાનનું કથન છે ને એમાં આવે છે.

ઉત્તર :- એમાં આવે છે. ચૌદ ગુણસ્થાનમાં છઠ્ઠામાં હશે. છઠ્ઠું છે. .. વસ્તુ ન ગ્રહે. જુઓ! એમાં આવ્યું. અગિયાર પ્રતિમાનું છે. એ શ્રાવકનું. એને માટે ન હોય, એમ કહે છે. સાધુને અઠ્યાવીશ મૂળગુણ છે.

**पंच महाव्रत पालै पंच समिति संभालै,**
**पंच इंद्री जीति भयौ भोगी चित चैनको ।**
**षट आवश्यक क्रिया दर्वित भावित साधै,**
**प्रासुक धरामैं एक आसन है सैनको ।।**
**मंजन न करै केश लुंचैन तन वस्त्र मुंचै,**
**त्यागै दंतवन पै सुगंध स्वास वैनको ।**
**मंजन न करै केश लुंचै तन वस्त्र मुंचै,**

**त्यागै दंतवन पै सुगंध स्वास वैनको।**

એમ છે. '**દંતવન નહીં કરતે, તો ભી વચન ઔર શ્વાસમેં સુગંધ હી નિકલતી હૈ,...**' ચારિત્રદશા પ્રગટી ત્યાં પુણ્ય એવા હોય છે એના. આહાહા..! સમજાણું? નગ્નપણાની નિંદા કરે છે ને કેટલાક? આ તેરાપંથીના સાધુ જોઈને ને બીજાને જોઈને. ... અહીં તો કહે છે, નગ્નમુનિ દિગંબર એને એટલી દશા શાંત થઈ ગઈ છે કે દંતધોવન ન કરે તોપણ એના શ્વાસમાં અને વાણીમાં સુગંધતા હોય છે. આહાહા..! જુઓ! આ 'બનારસીદાસ' કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવું બહું ઝીણું ચાલે?

ઉત્તર :- ચાલે. આરો ક્યો હતો અહીં? ... છે, એય..! આવું બહુ ઝીણું ચાલે અત્યારે? એમ કહે છે. ઝીણું ક્યાં, વસ્તુની સ્થિતિ જ એવી છે ત્યાં. આરો કાળ ચોથો હોય કે પાંચમો હોય કે બીજો, ત્રીજો-ચોથો હોય, લ્યો ને. વસ્તુ તો આ છે. આહાહા..!

કહે છે કે, જેને પાંચ ઇન્દ્રિયનું દમન (હોય છે). '**શરીરસંસ્કારવર્જિતા અર્થાત્ સ્નાનાદિ દ્વારા શરીરકો સજાના ઈસસે રહિત હૈ,...**' આહાહા..! શરીરના સંવારના રહિત છે. વળી '**જિસમેં રૂક્ષ અર્થાત્ તેલ આદિકા મર્દન શરીરકે નહીં હૈ.**' જુઓ! આ તેલ ને આવે છે ને? મર્દન કરે. સાધુ ઘણા તેલ રાખે. અન્યમતિના બાવા રાખ ચોપડે. આ રાખ ન ચોપડે તો પછી તેલ રાખે. ઘણી જાતના તેલ આવે છે. બે-બે, ત્રણ-ત્રણ જાતના તેલ રાખે. એમ સાંભળ્યું હતું. કો'ક કહેતું હતું. રાત્રે ચોપડી દે. હવે એ તો વસ્ત્રનો બાપ થયો. સાધુને તેલમર્દન હોય નહિ. આહાહા..! ચિકાશ શરીરને કરે અને પવન ન લાગે એટલે દુઃખ ન લાગે, એવું એને હોય નહિ.

કહે છે, '**મદ, રાગ, દ્વેષ, રહિત હૈ,...**' અભિમાન નથી જેને. આહાહા..! નિર્માની... નિર્માની પુતળા છે. '**ઈસપ્રકાર પ્રવ્રજ્યા કહી હૈ.**' લ્યો! આવું ચારિત્રપણું ત્રિલોકનાથ તીર્થંકરદેવે, કેવળજ્ઞાનીએ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આવું વર્ણન કર્યું છે. આહાહા..! આવી રીતે માનતા નથી એ ભગવાન પણ માનતા નથી. 'જાદવજીભાઈ'! આવી ચારિત્રદશા છે. '**અન્યમતકે ભેષી ક્રોધાદિરૂપ પરિણમતે હૈં,...**' ધાર્યું ન થાય (એટલે) ક્લેશ કરે.

મુમુક્ષુ :- ...સાધુને વ્હોરાવતા આવડતું નથી.

ઉત્તર :- કહે છે ને. .. એક ફેરી ગ્યા હતા ત્યાં. ક્યું ગામ? 'વિંછીયા' પાસે કીધું ને. 'વિંછીયા' પાસે નહિ પેલું? 'હાલોડા' હાલોડા.. હાલોડા. નહિ? એ 'અમરાપુર' નામ પાડ્યું. ત્યાં દેરાવાસીના ઘર છે. સ્થાનકવાસીના કેટલાક હોય? પણ દેરાવાસી કેટલાક ઘર આ 'બેચરભાઈ'નું સાસરું. વહોરવા ગયા અને એમાં એ લોકોને બહુ ખબર નહિ એટલે આમ વાળ્યું હશે ઓલા ઉપર. વાળેલું હોય એ લે નહિ. સાધુ માટે વાળ્યું હોય ને આમ માથે. લીલોતરીના કટકા હોય. અને પછી આહાર ન લે અને પછી તીખા થઈ જાય એવા. એય..! કો'ક દિ' આવીએ, ગૃહસ્થને આવું ભાન ન મળે. પણ તું શું કરવા એમ કહે છો? એમ કરે. પણ આપણે એમ ન કહેવાય. તમને મળ્યું નહિ. એને .. બે-ચાર વર્ષે આવ્યા હોય. એથી

શું? આપણે તો સમતા રાખવી જોઈએ. વહોરાવાનું ભાન નથી તમને. કેવી રીતે સાધુને વહોરાવવું. પોતાને સગવડતા ન થઈ એની બધી બળતરા.

મુમુક્ષુ :- ઘડીકમાં ક્રોધ ચડી જાય.

ઉત્તર :- જોયું ને? તમને તો ખબર છે બધી.

'**શરીરકો સજાકર સુંદર રખતે હૈં,...**' આ વિભૂષા કરે. મોઢા ધોવે, પગ ધોવે, હાથ ધોવે, શરીર ધોવે. '**ઇન્દ્રિયોંકે વિષયોંકા સેવન કરતે હૈં ઔર અપનેકો દીક્ષાસહિત માનતે હૈં, વે તો ગૃહસ્થકે સમાન હૈં,...**' એ તો ગૃહસ્થ છે. '**અતીત (યતિ) કહલાકર ઉલટે મિથ્યાત્વકો દઢ કરતે હૈં;...**' અતીત કહેવાય ને? એનો કોઈસાથે સંબંધ ન હોય. એ તો યતિ છે. એને માટે કરેલું હોય એ ક્યારે આવશે...

મુમુક્ષુ :- અતીત છે ને.

ઉત્તર :- અતીત છે ને પણ આ તો ખરો અતીત છે. એમ. અતીત એટલે બધાથી છૂટી ગયો છે. એમ. વેગળો થઈ ગયો છે અતીત. રાગથી, દ્વેષથી, આવી સદોષ ક્રિયાથી અતીત છે-દૂર થઈ ગયો છે. એવા અતીત નામ ધરાવે અને ઊલટા મિથ્યા દઢ કરે, મિથ્યા દઢ કરે. આહાહા..!

'**જૈનદીક્ષા ઈસપ્રકાર હૈં વહી સત્યાર્થ હૈ, ઈસકો અંગીકાર કરતે હૈં વે હી સચ્ચે અતીત (યતિ) હૈં.**' અતીત-વેગળા થઈ ગયા બધાથી. એના માટે બનાવેલા મકાનથી, ... વેગળા... વેગળા... વેગળા... એનું નામ અતીત કહેવાય. બાવા અતીત નામ ધરાવે તો શું થઈ ગયું?

---

**आगे फिर कहते हैं :–**

**विवरीयमूढभावा, पणट्ठकम्मट्ठ णट्ठमिच्छत्ता।**
**सम्मत्तगुणविसुद्धा, पव्वज्जा एरिसा भणिया।।५३।।**

**विपरीतमूढभावा प्रणष्टकर्माष्टा नष्टमिथ्यात्वा।**
**सम्यक्त्वगुणविशुद्धा प्रव्रज्या ईदृशी भणिता।।५३।।**

**જ્યાં મૂઢતા-મિથ્યાત્વ નહિ, જ્યાં કર્મ અષ્ટ વિનષ્ટ છે,**
**સમ્યક્ત્વગુણથી શુદ્ધ છે, - દીક્ષા કહી આવી જિને. ૫૩.**

**अर्थ :– कैसी है प्रव्रज्या? – कि जिसके मूढभाव, अज्ञानभाव विपरीत हुआ है अर्थात् दूर हो गया है। अन्यमती आत्माका स्वरूप सर्वथा एकांतसे अनेकप्रकार भिन्न–भिन्न कहकर वाद करते हैं, उनके आत्माके स्वरूपमें मूढ़भाव है। जैन मुनियोंके अनेकांतसे सिद्ध किया हुआ यथार्थ ज्ञान है इसलिये मूढ़भाव नहीं है। जिसमें आठकर्म और मिथ्यात्वादि प्रणष्ट हो गये हैं,**

**जैनदीक्षामें अतत्त्वार्थश्रद्धानरूप मिथ्यात्वका अभाव है, इसीलिये सम्यक्त्वनामक गुण द्वारा विशुद्ध है, निर्मल है, सम्यक्त्वसहित दीक्षामें दोष नहीं रहता है; इसप्रकार प्रव्रज्या कही है।।५३।।**

## ગાથા-૫૩ ઉપર પ્રવચન

**'આગે ફિર કહતે હૈં :-'**

**विववरीयमूढभावा, पणट्ठकम्मट्ठ णट्ठमिच्छत्ता।**
**सम्मत्तगुणविसुद्धा, पव्वज्जा एरिसा भणिया।।५३।।**

જુઓ! પાછું સમકિત લાવ્યા.

**અર્થ :- 'કૈસી હૈ પ્રવ્રજ્યા? - કિ જિસકે મૂઢભાવ, અજ્ઞાનભાવ વિપરીત હુઆ હૈ અર્થાત્ દૂર હો ગયા હૈ.'** મૂઢભાવ, અજ્ઞાનભાવ નીકળી ગયો છે. મૂઢભાવ હોય અને પ્રવ્રજ્યા હોય એમ બની શકે નહિ. વિરુદ્ધ. શ્રદ્ધાના ઠેકાણા ન મળે. કોને સમકિત કહેવું અને કોને મિથ્યાત્વ કહેવું, કાંઈ ભાન ન મળે ને દીક્ષા લઈ લે. '**અન્યમતી આત્માકા સ્વરૂપ સર્વથા એકાંતસે અનેકપ્રકાર ભિન્ન-ભિન્ન કહકર વાદ કરતે હૈં,...**' કહો, કોઈ એકાંત નિત્ય માને, એકાંત અનિત્ય માને. કહો, સમજાણું? કોઈ એકાંત શુદ્ધ જ માને. દ્રવ્યે શુદ્ધ અને પર્યાય શુદ્ધ માને. એકાંત અશુદ્ધ જ માને. પર્યાય અશુદ્ધ અને વસ્તુ પણ અશુદ્ધ. એ બધું એકાંત છે. એની એને ખબર નથી. એવા એકાંત માનનારાઓ મૂઢભાવ સહિત એને ચારિત્ર હોય નહિ.

**'સર્વથા એકાંતસે અનેકપ્રકાર ભિન્ન-ભિન્ન કહકર વાદ કરતે હૈં, ઉનકે આત્માકે સ્વરૂપમેં મૂઢભાવ હૈ.'**

આત્મા ભગવાને, સર્વજ્ઞ પરમેશ્વરે નિત્યાનિત્ય (કહ્યો છે). હમણાં 'દિલીપે' પ્રશ્ન કર્યો હતો. ભૂતાર્થ અને નિત્યમાં શું ફેર? ભૂતાર્થ છતો-છતો-છતો જ્ઞાયકભાવ ત્રિકાળ. એમ અપેક્ષા બતાવવી છે. છે તો નિત્ય. પણ નિત્યની અપેક્ષાએ કાયમ રહેવું એટલું. આ તો અંદર વસ્તુ છતો ભાવ છે. ત્રિકાળ જ્ઞાયકભાવ. શુદ્ધ ભાવ. જ્ઞાયક લીધો છે ને ત્યાં? સમજાણું? ત્રિકાળ જ્ઞાયકભાવ શુદ્ધ એ ભૂતાર્થ છે. એને ને એને ત્રિકાળ રહે છે એ અપેક્ષાએ નિત્ય કહ્યું. ભાવ.. ભાવ... સમજાણું કાંઈ? ત્રિકાળ ભાવને ભૂતાર્થ કહે. ટકવાને નિત્ય કહે. સમજાણું કાંઈ? ભૂતાર્થ આવે છે ને? '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवा**' સમ્યગ્દષ્ટિ ક્યારે થાય? છતો ત્રિકાળી જ્ઞાયકભાવ, પરમાનંદ ભાવ, શુદ્ધ ધ્રુવ ભાવ (છે) એનો આશ્રાય કરે તો સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથામાં જ્ઞાયકભાવ લીધો છે.

મુમુક્ષુ :- ત્યાંથી તો શરૂ કરી.

ઉત્તર :- શરૂ કરી. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' આવ્યું હતું ને? જ્ઞાયકભાવ એમ આવ્યું. ભાવ શબ્દ પડ્યો છે એમાં. ચૈતન્યભાવ. પૂર્ણ પૂર્ણ ચૈતન્યની ખાણ, સ્વભાવ સાગર આનંદાદિ ધ્રુવ પદાર્થ અવિનાશી. એનો આશ્રય, આવા સ્વરૂપનો

આશ્રય કરે એને સમકિત (કહીએ). અજ્ઞાનીને એના તત્ત્વની ખબર હોતી નથી. કોઈ પર્યાયમાં ભૂલ, કોઈ દ્રવ્યમાં ભૂલ, કોઈ ગુણમાં ભૂલ, કોઈ એકાંત નિત્ય માને, કોઈ એકાંત અનિત્ય માને, એકાંત શુદ્ધ માને વગેરે. અજ્ઞાનીઓને સાચી શ્રદ્ધા હોતી નથી. તેથી એને પ્રવ્રજ્યા પણ હોતી નથી. ભલે નાગા થઈને ફરે.

જુઓ! આ વસ્તુ આવી છે. જેને શાંતિ અને મુક્તિનો માર્ગ જાણવો હોય તો. જે માર્ગે જાવું છે એ માર્ગનું એને જ્ઞાન તો કરવું પડે કે નહિ પહેલું? ધૂળમાંય સખ નથી આમાં. સમજાણું? શરીર સારા હોય ત્યારે ધર્મ થાય નહિ અને શરીર બગડે ત્યારે પછી મુંઝાય જાય. એય..! 'કપૂરભાઈ'! ક્યાં ગયા? 'કપૂરભાઈ'નું કહું છું. શરીર સારું હતું ત્યારે (કાંઈ કર્યું નહિ), હવે શું કરવું? છોકરા પાસે જાવું કે એકલા રહેવું? છોકરા પાસે જાય તો પરાધીનતા થાય થોડી, એકલા રહે તો આ બધું શરીર સરખું રહે નહિ. છોકરો, છોકરાની વહુ, એને સ્વતંત્ર રહેવું હોય. આ ડોસો એની પાસે બેઠો હોય. 'કપૂરભાઈ'! ભાઈને એમ થાય. વહુને એમ થાય આખો દિ' ડોસો (ઘરમાં હોય). અમારે સ્વતંત્ર શી રીતે બેસવું? શી રીતે કરવું? આ કહે, ત્યાં જઈએ તો આમ થાય, એકલા રહીએ તો આમ થાય. હવે કરવું શું? સૂડી વચ્ચે સોપારી. 'સોનગઢ' રહેવું. વાત સાચી. ભાઈએ કહ્યું હતું-તમારા ભત્રીજાએ. 'ચીમનભાઈ'એ કહ્યું હતું હવે શું પડ્યા છો ત્યાં? ત્યાં રહ્યું નહિ કાંઈ હવે. કોણ જાણે હજી કાંઈક એક મકાન છે ને ઢીકણું છે.. મરી જાશે ત્યારે ક્યાં ત્યાં મકાન સાથે આવશે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જેને મૂઢભાવ જરીએ ન હોય, એમ કહે છે. કેમ હશે આ? સ્વભાવ કેવો હશે? આત્માની શક્તિ કેવી હશે? આવું સ્વરૂપ ભગવાન વર્ણવે છે. એક સમયમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ. એવી એવી તો અનંતી શક્તિ, અને અનંત શક્તિનું એક સમયમાં એનું નિર્મળ પરિણમન. આહાહા..! કોઈપણ વાતમાં મૂંઝવણ હોય, મૂઢતા હોય એને ધર્મ હોઈ શકે નહિ. સમકિત ન હોય તો પછી પ્રવ્રજ્યા હોય જ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**આત્માકે સ્વરૂપમેં મૂઢભાવ હૈ.**' પરમેશ્વર તીર્થંકરદેવે કહ્યું એ સિવાય બીજા અજ્ઞાનીઓએ જે કહ્યું એમાં બધું વિપરીત.. વિપરીત... ને વિપરીત... સમજાણું કાંઈ? જૈનમાં પણ જૈન પરમેશ્વરને શું કહેવું એના ભાન વિના એ પણ મૂઢભાવમાં પડ્યા હોય છે. એ મૂઢને પ્રવ્રજ્યા હોઈ શકે નહિ. આહાહા..! '**જૈન મુનિયોંકે અનેકાંતસે સિદ્ધ કિયા હુઆ યથાર્થ જ્ઞાન હૈ...**' વસ્તુનું સ્વરૂપ હું આત્મા છું, હું અનંત ગુણનો પિંડ છું. અનંત પરદ્રવ્યો છે. એ વસ્તુ મારામાં નથી, એનામાં હું નથી. એવું અનેકાંતપણું જે વસ્તુનું છે, એને એણે સાધીને સ્વરૂપનું સાધન કર્યું છે. એક ગુણમાં બીજો ગુણ નથી. એક ગુણમાં એક સમયની પર્યાય પણ એક ગુણમાં નથી. એવું અનેકાંત નામ એ સ્વપણે છે અને પરપણે નથી. એવું દ્રવ્ય, ગુણ, પર્યાય વગેરે વગેરે... આહાહા..! એવું જે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો એવો આત્મા જેને સમજણમાં આવ્યો છે. એને સમકિત હોય અને એને ચારિત્ર આવે તો પ્રવ્રજ્યા કહેવાય. મૂઢતાને ભાન ન મળે અને ચારિત્ર-પ્રવ્રજ્યા લઈને બેસે એ તો બધા અજ્ઞાની છે, કહે છે. લ્યો!

'**મૂઢભાવ નહીં હૈ.**' શેનો મૂઢભાવ હોય? વસ્તુ જાણી છે, આવી છે. સમજાણું? આવો

પણ આટલા ક્ષેત્રમાં? આવું મોટું! આવી શક્તિવાળું! એકલો વીતરાગભાવ! આ કષાયભાવ વર્તે છે? તો કહે, ના. એથી તો રહિત છે એનો સ્વભાવ. પ્રગટે છે પર્યાયમાં તો પૂર્ણ શાંતિ અને વીતરાગતા પ્રગટે છે. શું હશે આ? કેવું હશે શું? જે શક્તિમાં છે એ બહાર આવે છે. એવા જ્ઞાનીને, જૈન મુનિને એમ કહ્યું ને? '**જૈન મુનિયોંકે અનેકાંતસે સિદ્ધ કિયા હુઆ યથાર્થ જ્ઞાન હૈ ઈસલિયે મૂઢભાવ નહીં હૈ.**' એને મૂઢતા હોતી નથી. કેમ હશે આમાં? આનું સાચું હશે? આનું સાચું હશે? જૈનમાં પણ કેટલાય ફિરકા પડ્યા. આનું સાચું? એવી જૈન મુનિને અનેકાંત સાધતા એવી શંકા હોતી નથી, મૂઢતા હોતી નથી.

'**જિસમેં આઠ કર્મ ઔર મિથ્યાત્વાદિ પ્રગટ હો ગયે હૈં,...**' એમણે જરી આખો અર્થ કરી નાખ્યો છે. '**पणट्ठकम्मट्ठ णट्ठमिच्छत्ता**' બધું મિથ્યાત્વની સાથે કરી નાખ્યું. પણ ખરેખર તો '**पणट्ठ कम्मट्ठ**' આઠ કર્મ જ નથી જેને. મુનિને આઠ કર્મ કેવા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આઠ કર્મ છે.

'**पणट्ठ कम्मट्ठ**' એમ જોઈએ. આઠ કર્મ નથી જેને. ચારિત્રવંતને કર્મ કેવા? આહાહા..! એ પહેલા આવી ગયું છે. આઠ કર્મ ... ચાર કર્મ બાકી છે પણ એના નથી. ઉદય પણ એનો નથી. એક સમયનો બંધ પડે એ પણ એનો નથી. અરિહંતની વ્યાખ્યામાં છે. એમ આ ચારિત્રની વ્યાખ્યામાં આવ્યું.

મુમુક્ષુ :- આઠેય કર્મમાં...

ઉત્તર :- નહિ, નહિ. આઠેય નથી. કર્મ જ નથી આત્મામાં પછી પ્રશ્ન ક્યાં? સાધુપદને તો મોક્ષતત્ત્વ કહ્યું છે. આહાહા..! 'પ્રવચનસાર'. મોક્ષતત્ત્વ. અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો, જેના આનંદની મીઠાશ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલા મીંદડા જેવા લાગે. આહાહા..! આ હાડકા અને માંસના ચૂંથણા એમાં જે સુખબુદ્ધિ, એ તો એની ઊડી ગઈ હોય છે. સમજાણું કાંઈ? પણ ઈન્દ્રના ઈન્દ્રાસનો જેને.. ધાનના ઢોકળા નથી એ. માણસ તો ધાનનું ઢોકળું છે. બે દિ' ન ખાય તો એં... એં.. થઈ જાય છે. ઓલાને તો હજારો વર્ષે આહારની ઈચ્છા થાય. એવા દેવ-દેવી, એના ભોગ પણ સડેલા કૂતરા અને મીંદડાના કલેવર હોય ને. આહાહા..! એવા લાગે એને. દ્વેષ નહિ, હોં! એવું એનું સ્વરૂપ છે.

ભગવાનઆત્મા આનંદનું ધામ, એની જેને ચારિત્રની દશા પ્રગટી, કહે છે, આઠ કર્મ પ્રણષ્ટ (થઈ ગયા). વસ્તુમાં નથી પણ પર્યાયમાં જરી નબળાઈ છે એ નબળાઈનું ત્યાં જ્ઞાન છે પણ સ્વીકાર નથી. સ્વીકાર તો સ્વભાવનો છે. આહાહા..! અને મિથ્યાત્વ નષ્ટ થયું છે. આઠ કર્મ ગયા. ખરેખર એણે એમ લીધું. આઠેય કર્મનું મૂળ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ ગયું તો બધું ગયું. મિથ્યાત્વ (એટલે) ભ્રમણા મિથ્યાત્વ. અતત્ત્વ શ્રદ્ધાનનો નાશ થયો છે. તત્ત્વ શ્રદ્ધાનમાં આત્મા પરમેશ્વરે કહ્યો એવો રાગ રહિત, પુણ્ય રહિત, વિકલ્પ રહિત, નિર્વિકલ્પ સ્વરૂપનું ભાન (છે), વિકલ્પ છે એનું પણ જ્ઞાન. છે એનું જ્ઞાન. મારામાં છે એમ નહિ. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વકા અભાવ હૈ,...**' જુઓ! '**જૈનદીક્ષામેં...**' સાધુ નામ ધરાવે અને તત્ત્વાર્થ શ્રદ્ધાનની ખબર ન મળે. છ દ્રવ્ય છે, નવ તત્ત્વ છે એની ખબર ન હોય. નામ પણ ન આવડે. અને સાધુ થયા. શું શીખે? '**જૈનદીક્ષામેં અતત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વકા અભાવ હૈ, ઈસીલિયે સમ્યક્ત્વનામક ગુણ દ્વારા વિશુદ્ધ હૈ,...**'

પછી લીધું ત્રીજું પદ. '**सम्मत्तगुणविसुद्धा**' આહાહા..! જેને આત્મા સ્વરૂપ ભગવાને પરમાત્માએ કહ્યો, એવા વીતરાગ સ્વભાવની અંતર એને પ્રતીતિ અને સમ્યગ્દર્શન હોય છે. આહા..! '**सम्मत्तगुणविसुद्धा**' એમ લીધું છે ને? નિર્મળ છે સમકિત. એવી દશામાં ચારિત્રદશા હોઈ શકે. જ્યાં સમકિત જ નથી ત્યાં ચારિત્ર અને પ્રવ્રજ્યા હોઈ શકે નહિ. '**સમ્યક્ત્વસહિત દીક્ષામેં દોષ નહીં રહતા હૈ;...**' આત્માનો સ્વભાવ પરિપૂર્ણ પ્રભુ (છે) એનું જ્યાં શ્રદ્ધાન અને ભાન છે ત્યાં ચારિત્રમાં દોષ સમકિતીને કારણે હોઈ શકે નહિ. એમ કીધું ને? '**સમ્યક્ત્વસહિત દીક્ષામેં દોષ નહીં રહતા હૈ;...**' સમકિત ફોજદાર છે. ચોરને આવવા ન દે, હિણપને થવા ન દે. સમકિતે આત્મા પૂર્ણાનંદને સ્વીકાર્યો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને? સિદ્ધ કેમ સંસારને ઈચ્છતા નથી? આસ્રવને, સંસારને, બંધને. શ્રદ્ધાનું જોર છે, શ્રદ્ધાનું બળ છે. આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ (છે), એની શ્રદ્ધાના જોરે આસ્રવ સંસાર એને ઉત્પન્ન થતો નથી. પંડિતજી! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. શ્રદ્ધાનું જોર છે એ. સિદ્ધને શ્રદ્ધાનું જોર છે તો આસ્રવ બંધની ઈચ્છા નથી. એટલું શ્રદ્ધામાં (જોર છે). પરિપૂર્ણ આત્મા, ભગવાનઆત્મા. એવી જેને અંતરમાં સ્વભાવના ભાન સહિતની શ્રદ્ધા થઈ છે એને '**દીક્ષામેં દોષ નહીં રહતા હૈ;...**' એને દીક્ષામાં દોષ હોઈ શકે નહિ.

'**ઈસપ્રકાર પ્રવ્રજ્યા કહી હૈ.**' આવું ચારિત્રપણું ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યું છે. આહાહા..! કેટલી ચોખવટ કરી છે, જુઓ! આવું (સ્પષ્ટ હોવા) છતાં ગોટા વાળે છે અત્યારે. હવે શું કહેવા માગે છે? કે કાળ હલકો અને સંઘયણ હળવું હોય તો આવી પ્રવ્રજ્યા હોય? એમ કહે છે. કાળ હળવો છે ને? કાળ હલકો છે ને? સંઘયણની એવી મજબુતાઈ નથી ને. કહે છે, છએ સંઘયણમાં પ્રવ્રજ્યા હોય છે, સાંભળને. કેમ પંડિતજી! એમ કહે છે ને કેટલાક? સંઘયણ આવા નથી. હમણા આવ્યું હતું એક. પણ અહીં તો ભગવાન કહે છે કે છએ સંઘયણમાં પ્રવ્રજ્યા હોય છે. સાધુપણાને શું વાંધો છે? ભલે તેનું છેલ્લું સંઘયણ હોય. પણ સાધુપણું પ્રગટ થઈ શકે છે. એમ અહીં સિદ્ધ કરે છે. કેટલાક એમ કહે છે કે સંઘયણ અત્યારે મોળા છે. એમ કહે છે ને? પેલો પંથ નીકળ્યો ને. અત્યારે આટલું પાળી શકાય નહિ. માટે અમે આ કરીએ છીએ. ખોટી વાત તદ્દન. આ માટે તો આ શબ્દ લીધો.

आगे फिर कहते हैं :–

जिणमग्गे पव्वज्जा, छहसंहणणेसु भणिय णिग्गंथा।
भावंति भव्वपुरिसा, कम्मक्खयकारणे भणिया।।५४।।
जिनमार्गे प्रव्रज्या षट्संहननेषु भणिता निर्ग्रंथा।
भावयंति भव्यपुरुषाः कर्मक्षयकारणे भणिता।।५४।।

નિર્ગ્રંથ દીક્ષા છે કહી ષટ્ સંહનનમાં જિનવરે;
ભવિ પુરુષ ભાવે તેહને; તે કર્મ ક્ષયનો હેતુ છે. ૫૪.

अर्थ :– प्रव्रज्या जिनमार्गमें छह संहननवाले जीवके होना कहा है, निर्ग्रंथस्वरूप है, सब परिग्रहसे रहित यथाजातस्वरूप है। इसकी भव्यपुरुष ही भावना करते हैं। इसप्रकारकी प्रव्रज्या कर्मके क्षयका कारण कही है।

भावार्थ :– वज्रऋषभनाराच आदि, छह शरीरके संहनन कहे हैं, उनमें सबमें ही दीक्षा होना कहा है, जो भव्यपुरुष हैं वे कर्मक्षयका कारण जानकर इसको अंगीकार करो। इसप्रकार नहीं है कि दृढ़ संहननन वज्रऋषभ आदि हैं उनमें ही दीक्षा हो और असंसृपाटिक संहननमें न हो, इसप्रकार निर्ग्रंथरूप दीक्षा तो असंप्राप्तसृपाटिका संहननमें भी होती है।।५४।।

## ગાથા-૫૪ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

जिणमग्गे पव्वज्जा, छहसंहणणेसु भणिय णिग्गंथा।
भावंति भव्वपुरिसा, कम्मक्खयकारणे भणिया।।५४।।

જુઓ! ભગવાન 'કુંદકુંદાચાર્ય' સ્પષ્ટ કરે છે. કેટલાક કહે છે, જેવું સંઘયણ પહેલા હતું એવું નથી માટે અત્યારે સાધુપણું એવું ગોતવા બેસો તો નહિ મળે. એટલે જે પ્રમાણે છે એ ઠીક છે. એને અહીં ખુલાસો કરે છે.

'**પ્રવ્રજ્યા જિનમાર્ગમેં છહ સંહનનવાલે જીવકે હોના કહા હૈ,...**' પરમેશ્વરે તો સંઘયણ ભલે છેલ્લું હોય. હાડકાની મજબૂતાઈનો છેલ્લો ભાગ હોય તો ચારિત્ર હોઈ શકે છે. પણ આવું હોય ચારિત્ર. સમજાણું કાંઈ? સંઘયણ મોળું હોય માટે ચારિત્રમાં કાંઈક ગોટા વાળે કે વસ્ત્ર રાખવા ને પાત્ર રાખવા, એને માટે કરેલા આહાર-પાણી લેવા. સંઘયણ મોળું (છે) માટે શું કરે? બિલકુલ મિથ્યાત્વભાવ છે. પંડિતજી! છ સંઘયણના નામ આપ્યા છે. જુઓ! '**નિર્ગ્રંથસ્વરૂપ હૈ,...**' ભલે સંઘયણ છેલ્લું હો. સાધુપદ તો આત્માના અનુભવ સહિત પહેલા લીધું. જુઓ! સમકિત સહિત. પ્રવ્રજ્યા અને પછી અહીંયાં સંઘયણની વાત લીધી. સંઘયણ એટલે હાડકાની મજબૂતાઈ મોળી હોય તો? કે મોળીમાં પણ ચારિત્ર હોઈ શકે છે.

મુમુક્ષુ :- ઉનકે લિયે લિખા હૈ.

ઉત્તર :- હા. છે ને પાઠ છે ને. '**छहसंहणणेसु**' છએ સંઘયણમાં સાધુપદ હોય છે. માટે તું એમ કહે કે વજનારાચ સંઘયણ અને એ વખતના સાધુપણા અત્યારે ન હોય. એમ ન હોઈ શકે. વજનારાચમાં પણ આવા સાધુ હોય. છેલ્લા સંઘણમાં પણ આવા સાધુ હોય. એ સાધુપણામાં ફેરફાર હોય નહિ. સમજાણું?

'**સબ પરિગ્રહસે રહિત યથાજાતસ્વરૂપ હૈ.**' નગ્ન મુનિ દિગંબર. ભલે છ સંઘયણ ગમે તે હોય. '**ઈસકી ભવ્યપુરુષ હી ભાવના કરતે હૈ.**' એ ભવ્યપુરુષ તો આવા આત્માની, ચારિત્રની ભાવના ભાવે છે. અને ચારિત્ર છે એની જ એકાગ્રતા છે, એમ કહે છે. '**ઈસપ્રકારકી પ્રવ્રજ્યા...**' શબ્દ ફર્યો હવે '**કર્મકે ક્ષયકા કારણ કહી હૈ.**' લ્યો! '**पव्वज्जा एरिसा भणिया**' એમ હતું અત્યાર સુધી. આવું ચારિત્ર. આહાહા..! શાંતિ... શાંતિ... શાંતિ... સંઘયણ ભલે મોળું હો. મનુષ્યના દેહમાં ભલે રોગાદિ હો. એને નડે છે ક્યાં ઈ પરદ્રવ્ય? નાળિયેરનો ગોટો જેમ છૂટો પડ્યો હોય છે, એમ શરીરના રજકણોથી ભગવાન અંદર ભિન્ન પડ્યો હોય છે. એના ભાનમાં એને ચારિત્રની દશા કર્મના ક્ષયનું કારણ કહી છે. આવું ચારિત્ર એ કર્મના ક્ષયનું કારણ છે. એ સિવાય ચારિત્ર હોઈ શકે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૨, ગાથા-૫૪ થી ૫૬, સોમવાર, પોષ સુદ ૧૫, તા.૧૧-૦૧-૭૧

આ 'બોધપાહુડ' છે. પ્રવ્રજ્યાનો અધિકાર. ૫૪ ગાથા ચાલે છે. શું કહે છે? જેને આત્માનું કલ્યાણ કરવું હોય (એને માટે આ વાત છે). અનાદિથી ચાર ગતિમાં રખડે છે એ દુઃખી છે. પોતાનો આત્મા સ્વભાવ એનો આનંદ છે. ચૈતન્યસ્વરૂપ છે એ અનાદિ અવિનાશી આનંદસ્વરૂપી આત્મા છે. એના ભાન વિના જે એનામાં નથી એવી ચીજ શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવો એ બધાં મારા છે અને એ હું છું, એમ માનીને દુઃખી થઈને મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડે છે. સમજાય છે કાંઈ? પોતાનો જે નિજ સ્વભાવ.. 'બોધપાહુડ' છે ને એનું પહેલું જ્ઞાન કરાવ્યું છે. એ ઉપરાંત અહીં તો પ્રવ્રજ્યાની વાત છે.

ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. વસ્તુ છે ને? પદાર્થ છે ને? છે એ વસ્તુ પોતાના નિજ ગુણથી ખાલી ન હોય. એ આત્મા પોતાના અનંત આનંદ, અનંત જ્ઞાન એવા સ્વભાવથી ભરેલું તત્ત્વ છે પણ એની એને (ખબર નથી). અનંત કાળમાં અનંત અનંત પરિભ્રમણના ચોર્યાસીના અવતાર કર્યા. અનાદિનો છે. છે એની ઉત્પત્તિ ન હોય, છે એનો નાશ ન હોય. છે એના ભાન વિના વિપરીત શ્રદ્ધા, રાગ-દ્વેષ, અજ્ઞાન કરીને ચોર્યાસીના અવતારમાં રખડી રહ્યો છે.

અહીં માણસપણું મળે તો એને એમ લાગે કે આપણને કાંઈક ઠીક મળ્યું છે આ. પણ માણસપણું એ તો જડપણું છે. આ તો જડ-માટી છે. આત્મા તો જુદી ચીજ છે. એટલે

માણસમાં કાંઈક અનુકૂળતા બહારની સામગ્રી જરીક હોય (તો) અજ્ઞાની (સુખ) માની લે. અનુકૂળ તો નિજાનંદ સ્વરૂપ એ અનુકૂળ છે અંદર. બહારની કોઈ ચીજ અનુકૂળ છે નહિ. શરીર તો માટી, જડ થઈને રહેલું, આ તો અજીવ થઈને રહેલું છે. આહાહા..! એ કાંઈ જીવનું થઈને જીવમાં રહ્યું નથી. શરીર શરીરપણે અજીવ થઈને અજીવપણે રહેલું છે. એ કાંઈ આત્માનું થઈને રહ્યું નથી. આ તો માટી જડ ધૂળ છે. એમાં પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ ખરેખર તો મલિન, વિકાર, ઝેર, દુઃખ છે. વિકાર છે, દુઃખ છે પણ ભાન નથી ને. દુઃખ શું છે એની એને ખબર નથી.

આત્મા પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો, જોયો અને એવો છે. એ તો અતીન્દ્રિય આનંદનું ધામ, ચૈતન્યના નૂરનું પૂર એ તો ચૈતન્ય છે. પણ એની તરફની સાવધાની કોઈ દિ' અનંત કાળમાં (કરી નથી). બાહ્યનો ત્યાગી થયો તોપણ નહિ અને ભોગી થયો તોપણ નહિ. એણે અનંત કાળમાં નિજ સ્વરૂપના સામર્થ્યની ઉપર દૃષ્ટિ કોઈ દિ' આપી નથી. એથી આ અજ્ઞાનમાં ચાર ગતિમાં દુઃખી છે, એ દુઃખી, હોં! કોઈ કહે કે અમને પૈસા ઠીક છે, શરીર ઠીક છે માટે અમે સુખી છીએ. એ તો જડ છે. જડનું લક્ષ કરે છે તે રાગ કરે છે. અને રાગ છે એ તો દુઃખ છે. એને અનાદિથી ખબર નથી. એથી આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એનું પહેલું ભાન કરી, એની ઓળખાણ કરી, એની કિંમત કરી, એની અધિકતા, બીજી ચીજ પુણ્ય-પાપ, શરીરથી અધિક નામ ભિન્ન છું, એવું ભાન કરીને સમ્યગ્દર્શન કરવું એ પહેલામાં પહેલી ધર્મની શરૂઆત છે. એટલે દુઃખથી મુક્ત થવાનો પહેલામાં પહેલો એ ઉપાય છે. એ ઉપરાંત અહીં તો વાત ચાલે છે. સમજાણું કાંઈ?

પ્રભુઆત્મા જ્ઞાન અને આનંદ છે. એ પુણ્ય-પાપના ભાવ વિકલ્પ શુભ-અશુભ થાય એનાથી એ ચીજનું હોવાપણું ભિન્ન છે. એવું ભાન થાય ત્યારે તેને આત્માનો સાક્ષાત્કાર, આત્માની દૃષ્ટિ અને આત્મા જેવો છે તેવો તેણે સ્વીકાર કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત! એ આત્માને આવું સમ્યગ્દર્શન થતાં સ્વરૂપનો સ્વીકાર થયો. અરે..! હું તો શુદ્ધ આનંદ પવિત્ર અનાદિઅનંત. શરીર, વાણી તો હું નહિ પણ પુણ્ય અને પાપના વિકલ્પો, ભાવ, રાગ છે બેય. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપરાગ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાની વૃત્તિ ઊઠે એ પુણ્ય રાગ છે. બેય વિકાર, બેય દુઃખ, બેય ઝેર છે. એનાથી ભિન્ન અમૃતસ્વરૂપ ભગવાન, એવા નિજ આત્માનો અનુભવ કરીને શ્રદ્ધા કરવી, એ પ્રથમમાં પ્રથમ સંસારના પરિભ્રમણને મુક્ત થવાનો પહેલો એ ઉપાય છે. સમજાણું કાંઈ? અહીં તો એ ઉપરાંત વાત હવે ચાલે છે.

પ્રવ્રજ્યા. સાધુપદ કોને કહેવું? સમજાય છે કાંઈ? બાયડી, છોકરા છોડીને બેઠો કે દુકાન છોડીને બેઠો માટે સાધુ છે, એમ નથી. અંતરમાં આનંદસ્વરૂપનું સાધન કરતાં એને એટલો બધો રાગ ઘટી જાય છે કે જેને અંતરના આનંદના ઊમળકા (ઉઠે છે). શાંતિનું સરોવર પ્રભુ આત્મા છે, એમાંથી ઘણી શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગતા એને અંતર પ્રગટી હોય છે. એને અહીંયાં પ્રવ્રજ્યા અને સાધુપદ કહેવામાં આવે છે. ઝીણી વાતું, ભાઈ! એણે પોતાની કોઈ દિ' નજર કરી નથી. એની કિંમત એણે પોતાની કોઈ દિ' કરી નથી. બીજાની કિંમત

આંકી. આ સારા, આ સારા... આ સારા... આ... પણ હું સારો કોણ છું એની એણે કોઈ દિ' ખબર કરી નથી. મુર્ખાઈમાં એણે અનંત કાળ આમ ને આમ ગાળ્યા. સમજાણું કાંઈ?

એ હવે કહે છે કે આત્માનું જ્યાં ભાન થાય છે. અરે..! હું તો શાંત અનાકુળ આનંદ છું. મારી મોજૂદગીમાં-હયાતીમાં અનંત બેહદ અપરિમીત જ્ઞાન અને આનંદ છે. એવા સમકિતની પહેલી ભૂમિકા ધર્મની પ્રગટ થતાં પછી પ્રવ્રજ્યા ધારણ કરે છે. સાધુપદ. આવા ભાન વિના સાધુ થાય એ બધા ચાર ગતિમાં રખડવા માટે છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ! ૫૪.

**અર્થ :-** '**પ્રવ્રજ્યા જિનમાર્ગમેં...**' વીતરાગ પરમેશ્વરે ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું પ્રત્યક્ષ જ્ઞાન હતું, એ ભગવાન એમ કહે છે કે '**છહ સંહનનવાલે જીવકે હોના કહા હૈ,...**' હાડકાની મજબૂતાઈ છ પ્રકારની હોય છે. આ હાડકા છે ને હાડકા? એની મજબૂતાઈ, કઠણાઈ.. કઠણાઈ.. એના છ પ્રકાર છે. એક વ્રજનારાચ સંઘયણ. એવા હાડકા મજબૂત હોય કે માથે ઘણ પડે તોપણ તૂટે નહિ, એવું સંઘયણ-હાડકાની મજબૂતાઈ થાય છે. કહે છે કે એવી મજબૂતાઈ હોય તો જ ચારિત્ર હોય, તો જ મુનિપણું અંતર આનંદની રમણતામાં ચારિત્ર પ્રગટે, એવું કાંઈ નથી. હાડકાના છ પ્રકારની મજબૂતાઈનો છેલ્લો નંબર હોય તોપણ આત્માના આનંદમાં રમતો આત્મા (પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે). આહાહા..!

બાહ્ય તો જેની નગ્ન દશા હોય છે, અભ્યંતરમાં જેને આનંદના રસનો ખજાનો ખીલી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉદાસ છે. અંતરનો આનંદનો ખજાનો, અતીન્દ્રિય ખજાનો ભર્યો છે ભગવાનઆત્મા, એનો ખજાનો તો સમ્યક્ અનુભવ થતાં ખીલી ગયો. પણ ચારિત્ર અહીં તો કહે છે... ઓહો..હો...! સ્વરૂપ ચારિત્ર એટલે? એ આનંદસ્વરૂપ આત્મામાં રમવું, ચરવું એનું નામ ચારિત્ર. ચારિત્ર કોઈ શરીરની ક્રિયા અને બાહ્યનો વેશ-ભેખ-બેખ એ કોઈ ચારિત્ર છે નહિ. સમજાણું કાંઈ? એવી ચારિત્ર દશા, હાડકાના છ પ્રકારની મજબૂતાઈ છે એમાંથી ગમે તે પ્રકારનો હોય તોપણ એમાં આત્માની શાંતિ અને આનંદ અને ચારિત્ર દશા પ્રગટ થઈ શકે છે. કોઈ એમ કહે કે ભાઈ અમને હાડકા મજબૂત નથી એથી અત્યારે આવું ચારિત્ર ભગવાન કહે છે એવું ન હોય. તો કહે છે કે એ જૂઠ્ઠા છે. સમજાણું કાંઈ? વસ્તુ સ્વરૂપ તો અંતર છ સંઘયણમાંથી કોઈપણ જીવને '**હોના કહા હૈ,...**' ભગવાને તો.

'**નિર્ગ્રંથસ્વરૂપ હૈ, સબ પરિગ્રહસે રહિત યથાજાતસ્વરૂપ હૈ.**' જેવો માતાએ જન્મ્યો એવી જેની દશા, સમ્યગ્દર્શનના અનુભવપૂર્વક આત્માના વેદનના ભાનપૂર્વક, એવી દશા જેની થઈ જાય છે. કહે છે, માતાએ જન્મ્યો એવો એ હોય છે. એક વસ્ત્રનો કટકો પણ ન હોય, પાત્ર ન હોય એવા વનવાસમાં આનંદમાં વસનારા, આત્માની અતીન્દ્રિય,... એય...! આહાહા..! એય..! એના બાપે કીધું હતું ને? શું આ મહારાજ કહે છે? સાધુ જંગલમાં વસે. એના બાપે પૂછ્યું એને. એય..! 'જાદવજીભાઈ'! તમારા દીકરાએ પૂછ્યું એને, કે આ મહારાજ કહે છે, સાધુ જંગલમાં વસે છે. ગોઠતું કેમ હશે? એને કેમ ગોઠતું હશે? આ જવાબ આપે છે. બાર વર્ષ થયા. પપ્પા! એ મુનિને અતીન્દ્રિય આનંદ હોય છે. કેમ ગોઠતું હોય

(શું), તમને આ ઘોંઘાટ ગોઠે છે માટે તમને ખબર નથી, એમ કહ્યું.

મુમુક્ષુ :- અમારો બધો ઘોંઘાટ છે?

ઉત્તર :- ધૂળેય ઘોંઘાટ જ છે. શું છે બીજું આખો દિ'? એય..! એને તો ધંધો જ પૈસા દેવા-લેવાનો છે. એને કાંઈ બીજો ધંધો નથી. હૂંડીનો વ્યાજ વટાવનો છે એના બાપને.

મુમુક્ષુ :- એય ઘોંઘાટ?

ઉત્તર :- એ પણ ઘોંઘાટ છે. આ દીધા પૈસા દોઢ ટકે ને ટકે. હવે તો બહુ વધી ગયું છે. પહેલા તો આઠ આના, બાર આના સાંભળતા. આ તો એક જણો કહે, બે ટકામાં કરોડપતિ આપે છે. એમ વળી કો'ક કહેતું હતું. ઓલા 'પ્રભુભાઈ' નથી? 'ભાવનગર' નથી રહેતા? મોટા, મોટી પાર્ટી. પી. 'પ્રભુદાસ'. કો'ક કહેતું હતું કાલે. આપણે તો સાંભળીએ. પચાસ લાખ ગામમાંથી લીધા અને પાંસઠ લાખ બેંકમાંથી લીધા. દોઢ-બે-બે ટકા આપે. ભારે વધી ગયો ભાવ. તમારે પણ કાંઈક હશે તો ખરું ને? વધારો થયો હશે. તારો બાપ બધું કરતો હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હશે કાંઈક બીજું. આ તો ઈ બધી ઘોંઘાટની મમતા છે. આહાહા..! વિકલ્પની જાળું. પણ ભાન નથી એને કે હું તે કોણ છું? એ વૃત્તિઓનું ઉત્થાન એકલી વિકલ્પની જંજાળ, કષાયની અગ્નિમાં સળગી રહ્યો છે. ભાન નથી એને. આહાહા..! સનેપાતિયો સનેપાતમાં દાંત કાઢે. વાત, પિત્ત ને કફ ત્રણેયનું વકરી ગયેલું હોય એને સન્નિપાત કહે છે. સન્નિપાત એટલે જોડાણ. વાત, પિત્ત ને કફ. એની ઉગ્રતા, વિકૃતા (થવી) એને સન્નિપાત કહે છે. દાંત કાઢે. સુખી છે? મન મૂંઢાઈ ગયું છે. ભાન ન મળે, ભાન. એમ આ શું સુખી છે? સુખ તો આત્માના આનંદમાં સુખ છે. એનું તો ભાન (પણ નથી). ગંધની પણ ખબર નથી. ક્યાં હતું સુખ લાંબુ? સમજાણું કાંઈ?

એવો જવાબ આપ્યો એના બાપને છોકરાએ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે એને. ગોઠતું હશે.. ગોઠતું હશે.. શું પૂછો છો? વળી એક દલીલ આપી પાછી. વકીલ જેવો થઈ ગયો એ છોકરો. પપ્પા! સિદ્ધ ભગવાન એકલા રહે છે કે નહિ? એમ જવાબ આપ્યો પાછો. સિદ્ધ પરમાત્મા છે. નમો સિદ્ધાણં. અરિહંત પછી સિદ્ધ થઈ ગયા. શરીરરહિત. એકલાને નહિ ગોઠતું હોય ત્યાં એમ ને? એય..! 'કાંતિભાઈ'! બહુ ઝપટ મારે છે. એકલાને નહિ ગોઠતું હોય ત્યાં. સિદ્ધ પરમાત્મા અશરીરી થઈ ગયા ભગવાન, એને તો કોઈ બેકલું છે નહિ. એને નહિ ગોઠતું હોય. તમને ઘોંઘાટ જોવે છે માટે આવી વાતું કરો છો. નિવર્તવું નથી તમારે. ઠીક, બેટા. શું કરે? છોકરો આવું બોલે એને બાપ શું કહે? સાચી વાત, સાચી વાત બાપા તારી. આહાહા..! અરે..! તને કહે છે કાંઈ...

ભગવાનઆત્મા સત્ શાશ્વત સિદ્ધ અને જ્ઞાન અને આનંદનો કંદ આત્મા છે. એ આનંદનું જ્યાં સમ્યક્ ભાન થયું ત્યારે એ ગૃહસ્થાશ્રમમાં રાગમાં હોવા છતાં એને આત્માના આનંદની સુખ અને મજા છે. એ છન્નું હજાર સ્ત્રીઓના વૃંદમાં પડ્યો. એને ભોગનો વિકલ્પ આવે એને ઝેર, કાળો નાગ જાણે છે. આહાહા..! અરે..! અમારા આનંદ આગળ આ શું?

સમજાણું કાંઈ? અમે તો અતીન્દ્રિય આનંદના ધામ એવો અમે આત્મા, એને આ વિકલ્પની વૃત્તિઓ અગ્નિ, રાગની, ઝેરની કાળો નાગ દેખે છે. આહાહા..! અજ્ઞાની એને સુખ માને છે. બેયમાં ફેર આટલો છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, પ્રવ્રજ્યા સાધુપદ તો એને ભગવાને કહ્યું કે, જેના અંતરમાં આનંદના ઊભરા, અતીન્દ્રિય આનંદ ફેલાઈ જાય છે, આમ ફૂલી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અને બાહ્યમાં યથાજાતરૂપ છે. જેવો માતાએ જન્મ્યો એવો નગ્ન. આ વસ્ત્ર ને પાત્ર રાખીને સાધુપદ માને છે એ વીતરાગની આજ્ઞાની બહાર છે. સમજાણું કાંઈ? એવો માર્ગ છે. આહાહા..!

'**ઈસકી ભવ્યપુરુષ હી ભાવના કરતે હૈં.**' જે કોઈ ધર્માત્મા આત્માની મુક્તિના મોક્ષ આનંદ, એની જેને ભાવના છે તે આવા સ્વભાવને ભાવે છે. અજ્ઞાની પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, અજ્ઞાન, વિકારને ભાવે છે. દુઃખને ભાવે છે અને દુઃખના ફળમાં જવાના છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે ભવ્ય પુરુષ જે કોઈ આત્મા નિજ ઘરના સંભાળવાળો આત્મા, પરઘરની સંભાળ જેણે અંતરમાં રુચિથી છોડ્યા છે. આહાહા..! પુણ્ય અને પાપના ભાવની પણ સંભાળ જેણે છોડી છે. આહાહા..! જેનો આત્મા પ્રભુ! એ વિકારના વિકલ્પની પાછળ અતીન્દ્રિય આનંદનું તત્ત્વ ધામ, એને સ્પર્શીને આનંદનો સ્વાદ જે લે છે, એ ભવ્ય પુરુષો આવી ભાવના કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઈસપ્રકારકી પ્રવ્રજ્યા કર્મકે ક્ષયકા કારણ કહી હૈ.**' આવું સાધુપદ કર્મના નાશનું કારણ છે. લુગડાં ફેરવીને બેસે, નાગા થઈને ફરે કે બાયડી-છોકરા મૂકીને બેસે. દયા પાળીએ, વ્રત પાળીએ માટે સાધુ છીએ. એ સાધુપદ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? પરમેશ્વરે એવું કહ્યું. જુઓ! '**भणिया**' શબ્દ છે ને છેલ્લો? કર્મ ક્ષયનું કારણ છે એમ કહ્યું છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જે સો ઈન્દ્રના પૂજનિક અને પૂર્ણ આનંદની અને જ્ઞાનની જેને પ્રાપ્તિ છે, એ ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. સમજાણું કાંઈ?

'**ઈસપ્રકારકી પ્રવ્રજ્યા કર્મકે ક્ષયકા કારણ કહી હૈ.**' એકલા નગ્ન થઈને ફરે કે પંચ મહાવ્રત પાળે, લ્યો ને. અહિંસા, સત્ય, દત્ત એ તો વિકલ્પ છે, રાગ છે, વિકાર છે. એ ધર્મ નથી. આહાહા..! ભગવાનઆત્મા તો વિકલ્પના રાગ રહિત નિર્વિકલ્પ પ્રભુ છે. સમજાણું કાંઈ? આહાહા..! સાંભળ્યું પણ ન હોય કોઈ દિ' કે હું કોણ છું. કહે છે કે આવી પ્રવ્રજ્યા ભગવાને કર્મના નાશનું કારણ કહ્યું. લ્યો!

'**ભાવાર્થ :- વજ્રઋષભનારાચ આદિ, છહ શરીરકે સંહનન કહે હૈં,...**' હાડકાના છ પ્રકારની મજબૂતાઈ છે. છે ને? વજ્ર, ઋષભ અને નારાચ. વજ્રના પાટા, વજ્રની ખીલી, વજ્રના જેવા હાડકા ત્રણ હોય છે અંદર. વજ્ર, ઋષભ, નારાચ. હાડકા વજ્ર જેવા, એના પાટા અંદર હોય હાડકાના અને એમાં અંદર ખીલી હોય. એવા પહેલા નંબરના હાડકાની મજબૂતાઈને વજ્રઋષભનારાચ કહે છે. એમ કરતા કરતા પછી (નીચે) ઉતરે છે. ખીલી ન હોય. પાટા હોય. પાટા પણ અડધા હોય. એમ કરતા કરતા સંઘયણની મજબૂતાઈના છેલ્લા નંબરના હાડકા હોય છે. જેમ કોથળામાં એકલી સોપારી ભરી હોય એમ એવા હાડકા ભિન્ન-

ભિન્ન ભર્યા હોય આમાં. છેલ્લા નંબરનું હાડકું, હોં ઈ. કહે છે કે એમાં પણ ભલે હાડકા એવા હોય. પંચમકાળમાં આવા હાડકા (હોય) માટે આવું ચારિત્ર ન હોય, એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ છે. એ છેલ્લાનું નામ આપ્યું. છેલ્લા સાધુ. છેલ્લે એક સાધુ. પાંચમા આરાના છેડે એનું નામ. એ સાધુ. એ પણ છેલ્લું સંઘયણ હશે ને આનંદ... આનંદ.. નગ્ન દશા. અતીન્દ્રિય આનંદમાં મોજ માણતો સાધુ હશે. છેડે છે ને? એનો દાખલો આપ્યો છે. ખબર છે. પંચમકાળને છેડે એક સાધુ થશે, એક અર્જિકા, એક શ્રાવક અને એક શ્રાવિકા છેલ્લે થશે.

મુમુક્ષુ :- અંતમાં સંભવ છે તો મધ્યમાં કેમ નથી?

ઉત્તર :- એમ. એ વખતે પણ હાડકાની છેલ્લી સ્થિતિ... લોકો એ બહાને એમ કહે છે કે અમારે આવી મજબૂતાઈ નથી માટે અમે વસ્ત્ર સહિત મુનિપણું પાળીએ ને આ કરીએ. બધી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાદૃષ્ટિ છે. કલ્પિત વાતું છે. વસ્તુ ભગવાનઆત્મા એને સંઘયણ કાંઈ નડતું નથી. શરીર આ તો પર ચીજ છે, માટી-જડ છે. હાડકા પણ હાડકાપણે થઈને રહ્યા છે, ચૈતન્ય ભગવાનમાં અંદરમાં નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા ચૈતન્ય, એની આનંદની ભાવના, સાધુની (ભાવના) ભાવનારને કહે છે કે '**છહ શરીરકે સંહનન કહે હૈં, ઉનમેં સબમેં હી દીક્ષા હોના કહા હૈ,...**' બધામાં ચારિત્ર અંતર રમણતા આનંદમાં. આહાહા..! આ તે કોને કહેવું? જેને ઈન્દ્ર પૂજે, ગણધર જેને વંદન કરે. નમો લોએ સવ્વસાહૂણં.

'**જો ભવ્યપુરુષ હૈં વે કર્મક્ષયકા કારણ જાનકર ઈસકો અંગીકાર કરો.**' જુઓ! ઓ..હો..! આત્માના સમ્યગ્દર્શન સહિત '**ભવ્યપુરુષ હૈં વે...**' ચારિત્ર અંગીકાર કરો. આહાહા..! અને એવી ચારિત્રદશા વિના મુક્તિ અને મોક્ષ કોઈ દિ' ત્રણકાળમાં કોઈને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? '**ઈસપ્રકાર નહીં હૈ કિ દૃઢ સંહનન વજ્રૠષભ આદિ હૈ ઉનમેં હી દીક્ષા હો ઔર અસંસૃપાટિક સંહનનમેં ન હો,...**' સંસૃપાટિક સંહનન છેલ્લું છે અને આ ૠષભનારાચ પહેલું છે. એમ કે પહેલા ત્રણ મજબૂતાઈમાં સાધુપદ હોય અને આ નીચે ત્રણમાં સાધુપદ ન હોય, એમ છે નહિ.

'**ઈસપ્રકાર નિર્ગ્રંથદશારૂપ દીક્ષા તો અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનનમેં ભી હોતી હૈ.**' છેલ્લું સંઘયણ હોય તો આત્મા અંદર અનુભવ સમ્યગ્દર્શન કરી અને સ્વરૂપની રમણતાના આનંદમાં ચરતો હોય, રમતો હોય એવી ચારિત્ર દશા છેલ્લા સંઘયણવાળાને પણ હોઈ શકે છે. માટે હાડકાની મજબૂતાઈ નથી એમ બહાનું કાઢીને આવી ચારિત્રદશા ન પાળે અને બીજે પાળીને ચારિત્ર નામ ધરાવે, કહે છે કે એ વસ્તુનું સ્વરૂપ છે નહિ. આહાહા..! ભારે... આહાહા..! ભારે ભાઈ! હેં? આહા..!

ભગવાન બિરાજે છે મહાવિદેહમાં તીર્થંકર ત્રિલોકનાથ મનુષ્યપણે બિરાજે છે. ત્યાં ગયા

હતા અને ત્યાંથી આવીને આ કહ્યું છે. ભગવાન આમ કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા વર્તમાન મનુષ્યદેહે પાંચસો ધનુષ્યનો દેહ છે. કરોડ પૂર્વની દેહની આયુષ્યની સ્થિતિ છે. વર્તમાન સમવસરણમાં બિરાજે છે. ત્યાં રહ્યા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ રચ્યું છે. ભાઈ! પ્રભુ! '**भणिया**' એમ આવ્યું છે ને? જુઓ! '**कम्मक्खयकारणे भणिया**' પરમેશ્વરે તો આમ કહ્યું છે. આહાહા..! પોતે મુનિ છે. સમર્થ છે. અરે..! આનંદના સાગર ભર્યા છે તારી પાસે, ભાઈ! એની ખબરું ન મળે. નિજની ખબર ન મળે. પરની બધી માંડી. આમ રળાય ને આમ ખવાય ને આમ શરીર રહેવાય અને ધૂળ રહેવાય. એકલી મૂઢતા અને અજ્ઞાન. કેટલી દવાઓ રાખો છો, ખબર છે ને. જુઓ! ડબો રાખે છે. કારણ કે એક તો હાર્ટનું દર્દ, બ્લડપ્રેશરનું. શું કહેવાય ઓલું? ડાયાબીટીસનું. ડાયાબીટીસ એમાંથી આ બધું થયું છે. પૈસા તો ઘણા છે. પણ મદદ કરતા નથી કાંઈ. છોકરા પણ મદદ કરતા નથી. ટેલિફોન આવ્યો અહીંયાં વયા આવો પછી તમને નાખીએ ન્યાં હોસ્પિટલમાં. અહીં ઘરે કોણ સાચવે તમને? આવું છે. એ કરતા અહીં સારું છે, પડ્યા ઈ.

મુમુક્ષુ :- ત્યાં બધા સાધન (હોય ને)...

ઉત્તર :- ધૂળેય સાધન નથી. હવે સાધન કોને કહેવા? એ તો પરમાણુની જે અવસ્થા થવાની હોય એ થઈને રહેશે. લાખ ઉપાય કરે. ડોક્ટર હોય તો મરી જાય છે. એં... એં.. એં... કરે. ડોક્ટર નહોતો આવ્યો ઓલો સર્જન 'હેમંતકુમાર'? પટ્ટણીના સાળાનો દીકરો. ઓપરેશન કરતા હતો કો'કનું ત્યાં પોતે ઉડી ગયા, મરી ગયા. સર્જન. મોટી હોસ્પિટલમાં. આપણે આવી ગયા છે બે-ત્રણ વાર અહીં. દેહની સ્થિતિ તો (જે થવાની હોય તેમ જ થાય). જડ છે, આ તો માટી છે. એની જે સમયની જે અવસ્થા જે પ્રકારે થવાની, થવાની, થવાની ને થવાની. રોકી રોકાય નહિ અને ટાળી ટળે નહિ. શું થાય? આહાહા..!

હમણાં જુઓ ને એક છોકરો ન મરી ગયો? 'ભગવાનજીભાઈ'ની ભાઈની દીકરીનો દીકરો. પચાસ લાખ રૂપિયા. છોકરો. છ મહિનાનું પરણેતર. ભાઈ ગયા છે ને? 'ભગવાનજીભાઈ' ત્યાં 'આફ્રિકા' ગયા. છ મહિનાનું પરણેતર. સાડી ત્રેવીસ વર્ષની ઉંમર. શોટ લાગ્યો. એ જ લાગવાનું હતું. એમાં કાંઈ ધ્યાન રાખે તો ન લાગે (એવું કાંઈ નથી).

મુમુક્ષુ :- લોકો તો એમ કહે છે કે ધ્યાન બરાબર ન રાખ્યું.

ઉત્તર :- ધૂળમાં ધ્યાન રાખે. પરમાં શું કરે? એ તો એની અવસ્થા થવાની છે ત્યાં? ધ્યાન તારામાં રાખે કે પરમાં રાખે? ઊડી ગયો એક સેકન્ડમાં. ફડાક. જે સ્થિતિ હોય એ જ પ્રમાણે થવાનું. એમાં ફેરફાર કરવા કોઈ સમર્થ છે નહિ.

મુમુક્ષુ :- અમને એમ થયું કે દવાખાનામાં જ્યારે જવાનું થયું ત્યારે...

ઉત્તર :- એ તો જવાનું હોય ત્યારે જવાય, થવાનું હોય એ થાય. એમાં છે નહિ બીજું કાંઈ. એ પરમાણુની જે પર્યાય જે કાળે થવાની એ થવાની. ડોક્ટર પોતે મરી જાય છે ને. આહાહા..! કહે છે, ડોક્ટરે ઓપરેશન કર્યું નહિ ભાઈ આપણે? 'મનુભાઈ'ને. બે વર્ષનું પરણેતર. શું કહેવાય? વાલ. વાલ કહેવાય છે ને? તેર ડોક્ટરો ભેગા થયા હતા. .. હવે

હાલતા-ચાલતા-ફરતા.. કરતા કરતા કરતા છેલ્લે હાથ જોડીને .. હવે મારું કાંઈ નથી. 'મનુભાઈ'. આપણે 'શિવલાલભાઈ'ના દીકરા ... શું થાય? .. નાની ઉંમર. ગુજરી ગયા. એકદમ ... ... આહાહા..! એ દેહના પરમાણુ અજીવના પરઘરના છે. એને કેમ રહેવું અને કેમ ટકવું, કેમ જવું એ એને આધીન છે. તારી કલ્પના અને તારા ભાવને આધીન છે નહિ. શ્રદ્ધાના ભાન નથી હજી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, આવી પ્રવ્રજ્યા '**સંહનનમેં ભી હોતી હૈ.**' ઓહો..! તારો સ્વભાવ પ્રગટ કરવામાં કોઈ પરની જરૂર છે નહિ, એમ કહે છે. એકલો ભગવાન આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ છે. અનંત બળનો ધણી એ છે. પણ પામર થઈને બેઠો. ગળિયા બળદ જેવા. ઓલા છપ્પનીયાના ઢોર હતા ને? સાંગડા નાખીને ઊભા કરે. પણ પગમાં કસ નહિ એટલે પડે. આહાહા..!

આ તો મેં ૮૧માં જોયું હતું, 'ગઢડા'. (સંવત) ૧૯૮૧માં જરી તાણ હતી ને વરસાદની? જ્યાં વ્યાખ્યાન ચાલતા ત્યાં માણસ આવે. વરસાદ નહિ તો ઢોરને ઊભા કરે. વ્યાખ્યાન સાંભળીને જાય ત્યારે. અમે જોયું કે ઊભા કર્યા અને ક્યાંક ત્યાં જાય ને પડે. પગમાં કસ ન મળે. શું કરે? છપ્પનિયાના ઢોર તો બિચારા. એ તો જોયેલું. તે દિ' દસ વર્ષની ઉંમર. છપ્પનમાં. ગાયું આમ. હારબંધ ૫૦-૫૦ ગાયું રોવે. ચાર-ચાર દિ', પાંચ-પાંચ દિ', છ-છ દિ' ઘાસ ન મળે. જોયું નજરે, હોં! તે દિ'. દસ વર્ષની ઉંમર. ભરવાડ ગાય ઉપર ધાબળો નાખી એ રોવે. નદીને કાંઠે, હોં! બહાર. આહાહા..! એ છપ્પનિયાના દેખાવ અનંત વાર એવા પ્રસંગ બન્યા અજ્ઞાનમાં. એ ક્યાં નવો પ્રસંગ છે. એ જાણે કે એને થયું. તું પણ ગયો હતો અનંત વાર, સાંભળને! સમજાણું કાંઈ? ગાયું રોવે તો બધા ચીપડા થઈ ગયેલા હોય. રોવે એટલે ... બહુ નહિ એટલે સુકાઈ જાય અંદર. ૨૫-૫૦ ગાયું ઊભી હોય. નજરે જોયું છે, હોં! આહાહા..! કેટલા વર્ષ થયા? ૭૦-૭૧ થયા. ૫૬ ને ૭૧ વર્ષ થયા. નજરે જોયેલું. 'ઉમરાળા'ની બહાર નીકળીને નદીને કાંઠે ગાયુંના ટોળા ઊભા હોય. ખડ ન મળે, એક તરણું ન મળે. એમાં ફાગણ ને ચૈત્ર છેલ્લા આવ્યા. ઊભા ઊભા સુકાઈ ગયા બિચારા. ખડ નહિ. પાણી શેનું પણ ભાવે? એવા અવતાર મિથ્યાત્વમાં આત્માના ભાન વિના, આત્મા શું છે એના સમ્યગ્દર્શન વિના, મિથ્યાત્વના એવા અનંતા અવતાર કર્યા. જરી કાંઈ અનુકૂળતા આવી ત્યાં હું પહોળો ને શેરી સાંકડી થઈ ગઈ. જાઓ. આહાહા..! અમે જાણે શું છીએ! ધૂળેય નથી, સાંભળને!

આત્મા અંતર આનંદનું ધામ પ્રભુ છે. એનું સાધન કહે છે પરના કારણની જરૂર નથી, એમ કહે છે. હાડકા ભલે નબળા હોય પણ પોતાનું ચારિત્ર સાધન એવામાં પણ કરી શકે છે. એમ કહે છે. આહાહા..!

आगे फिर कहते हैं :–

**तिलतुसमत्तणिमित्तसम, बाहिरग्गंथसंगहो णत्थि।**

**पव्वज्ज हवइ एसा, जह भणिया सव्वदरसीहिं।।५५।।**

तिलतुषमात्रनिमित्तसमः बाह्यग्रंथसंग्रहः नास्ति।

प्रव्रज्या भवति एषा यथा भणिता सर्वदर्शिभिः।।५५।।

તલતુષપ્રમાણ ન બાહ્ય પરિગ્રહ, રાગ તત્સમ છે નહીં;

– આવી પ્રવ્રજ્યા હોય છે સર્વજ્ઞ જિનદેવે કહી. ૫૫.

अर्थ :– जिस प्रव्रज्यामें तिलके तुषमात्रके संग्रहका कारण – ऐसे भावरूप इच्छा अर्थात् अंतरंग परिग्रह और उस तिलके तुषमात्र बाह्य परिग्रहका संग्रह नहीं है इस प्रकारकी प्रव्रज्या जिसप्रकार सर्वज्ञ देवने कही है उसीप्रकार है, अन्यप्रकार प्रव्रज्या नहीं है ऐसा नियम जानना चाहिये। श्वेताम्बर आदि कहते हैं कि अपवादमार्गमें वस्त्रादिकका संग्रह साधुको कहा है वह सर्वज्ञके सूत्रमें तो नहीं कहा है। उन्होंने कल्पित सूत्र बनाये हैं उनमें कहा है वह कालदोष है।।५५।।

## ગાથા-૫૫ ઉપર પ્રવચન

**'આગે ફિર કહતે હૈં :-'** ૫૫.

**तिलतुसमत्तणिमित्तसम, बाहिरग्गंथसंगहो णत्थि।**

**पव्वज्ज हवइ एसा, जह भणिया सव्वदरसीहिं।।५५।।**

સર્વદર્શી ભગવાને આમ કહ્યું, એમ કહે છે. જુઓને! આહાહા..! ઓલામાં '**भणिया–भणिया**' કીધું. અહીં કર્મક્ષયનું કારણ '**भणिया**' કહ્યું. '**भणिया**' તો આવ્યું. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' મહારાજ. જગતની કરુણાનો વિકલ્પ ઉઠ્યો છે ને. અરે..! ભાઈ! સર્વદર્શી ત્રિલોકનાથ પરમાત્માએ પ્રવ્રજ્યા એવી કીધી છે, સાધુપદ એવું હોય છે કે જેને કંઈ મમતા જરીએ નથી. આહાહા..!

**'તિલકે તુષમાત્રકે સંગ્રહકા કારણ – ઐસે ભાવરૂપ ઇચ્છા અર્થાત્ અંતરંગ પરિગ્રહ...'** ન હોય. એક તલનો છોડ. છેડો-છેડો. તલનો છેડો. કૂચાનો છેડો. તલનું ફોતરું હોય છે ને ઉપર? અંદર તેલ હોય. ફોતરું એનું કૂચાનો છેડો-અંશ. એટલો પણ પરિગ્રહ મુનિ હોય એને હોય નહિ. એવી મુનિદશા વિના મુક્તિ ત્રણ કાળમાં પ્રાપ્ત થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'તિલકે તુષમાત્રકે સંગ્રહકા કારણ –...'** ઇચ્છા લેવી છે ને? ઓલો પરિગ્રહ બહાર લેશે પછી. એક તલના છોડ જેટલો સંગ્રહ કરવાની જે ઇચ્છા, એમ કહે છે. એ અંતરંગ પરિગ્રહ (છે), એ એને હોતો નથી. આહાહા..! **'ઔર ઉસ તિલકે તુષમાત્ર બાહ્ય પરિગ્રહકા સંગ્રહ**

**નહીં હૈ...**' બે વાત લીધી. અંદરમાં વૃત્તિ ઇચ્છાની એટલી નથી કે તલનો એક કટકો છોડનો-છોડ એટલે એના ફોતરાનો રાખું એવી ઇચ્છા જ નથી જેને. અને બહારમાં એક વસ્ત્રનો કટકો પણ જેને છે નહિ. આહાહા..! ચક્રવર્તીઓ, ભરત ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રીઓ, છ ખંડનો ધણી, એણે પણ આ છોડીને આવી દશા ધારણ કરી હતી. ત્યારે તે મુક્તિને પામ્યા. સમજાણું કાંઈ?

'ભરત' ચક્રવર્તી, જેને ઘરે છન્નું કરોડ તો પાયદળ, છન્નું કરોડ તો ગામ, છન્નું હજાર રાણી, બોંતેર હજાર નગર, અડતાળીસ હજાર પાટણ. આત્માનું સમકિત લઈ ભાન કર્યું હતું પહેલેથી. અહો..! અમે તો આત્મા છીએ, આનંદ છીએ. આ વિકલ્પમાત્ર એ અમારી ચીજ નથી. શરીરમાત્ર રાગ-ફાગ એ અમારી ચીજ નથી. એવું ભાન તો પ્રથમ ગૃહસ્થાશ્રમમાં ભગવાનની હયાતીમાં થઈ ગયેલું. સમજાણું કાંઈ? 'ઋષભદેવ' ભગવાનના પુત્ર. ભગવાન પછી મોક્ષ પધાર્યા પછી ચારિત્ર થયું. સમજાણું કાંઈ? પણ એવી દશા. પાંચસો ધનુષનો દેહ. બે હજાર હાથ ઊંચા. નગ્ન મુનિ. એક વસ્ત્રનો કટકો નહિ. આ બાહુબલી, લ્યો ને. બાહુબલી એના ભાઈ નાના. સત્તાવન ફૂટની પ્રતિમા છે ને ત્યાં? 'શ્રવણબેલગોલા'. એ બીજા નંબરના પુત્ર. ભગવાન 'ઋષભદેવ'ના પહેલા પુત્ર 'ભરત' ચક્રવર્તી અને બીજા 'બાહુબલી'. સવા પાંચસો ધનુષનો દેહ હતો આમનો. છે ને ત્યાં? હજાર વર્ષની મૂર્તિ છે. અંદરમાં ઊતરી ગયા છે. આનંદનો અનુભવ કરે છે.

મુમુક્ષુ :- આખી જાળ વીંટાઈ ગઈ તોપણ ખબર ન પડી.

ઉત્તર :- તોપણ ખબર ન પડી. વેલડીયું વિંટાણી. આ વેલડી છે ને. બહારમાં નગ્ન એવી સ્થિતિ છે ને. 'જવાહરલાલ નહેરુ' એક વાર જોવા ગયા હતા. જોઈને એ પણ ખુશ થઈ ગયા. નહિતર એ તો કાંઈ બહુ... આહાહા..! આ! નિર્દોષ જેની બહાર દશા દેખાય છે. ત્યારે 'ઈન્દિરા' સાથે હતી. ઘણા વર્ષ પહેલા. છે, હજાર વર્ષની મૂર્તિ છે. 'શ્રવણબેલગોલા'. ભાઈ! ગયા નથી તમે? ત્યાં જઈ આવ્યા. ઓલે પણે ગયા નથી. 'મુડબિદ્રી'. અમે તો બે વાર જઈ આવ્યા ત્યાં. આહા...! ધ્યાનમાં ઉતરી ગયા છે. એ તો એ ભવે મોક્ષ ગયા. એ ભવે દેહ છૂટી ગયો. 'ભરત' ચક્રવર્તી મોક્ષ ગયા.

કહે છે, જેને તલના કટકાનો છૂતો એટલે ફોતરું, એટલું રાખવાની ઇચ્છા નથી અને બહારમાં ચીજ નથી. એમ કહે છે. આહાહા..! આવી દશા વિના ચારિત્ર ન હોય, ભાઈ! એમ કહે છે. ચારિત્ર એટલે આનંદનું સાધન. મુક્તિના જેને કાંઠા નજીક આવ્યા છે. આહાહા..!

'શ્રીમદ્'માં આવે છે ને મૂઢભાવ, નગ્નભાવ, મૂઢભાવ સહ અસ્નાનતા. એણે ભાવના ભાવી છે. આત્માનું ભાન હતું 'શ્રીમદ્ રાજચંદ્ર'ને. લાખો રૂપિયાના મોતીના વેપાર હતા. હું એ નહિ, એ મારી ચીજ નહિ, એમ અંતરના અનુભવમાં હતું અને ભાવના કરી હતી આની. લ્યો. આહાહા..! ઓહો..! 'નગ્નભાવ મૂઢભાવ સહ અસ્નાનતા, અદંત ધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો..' જુઓ! ભાષા કેવી લીધી છે! એવું મુનિપણું તો પ્રસિદ્ધ છે. આવું તો વીતરાગમાર્ગમાં પ્રસિદ્ધ છે, એમ કહે છે. 'અદંત ધોવન...' દાતણ કરે (નહિ). આનંદકંદમાં ઝૂલતો પ્રભુ, ચારિત્ર એટલે શું! એ તો પરમેશ્વરના મહેલમાં ગરી ગયો. આહાહા..! સમજાણું

કાંઈ? કહે છે, **નગ્નભાવ, મૂઢભાવ સહ અસ્નાનતા.** અંતરના આનંદના ઊભરા આવે છે એને આ બહારની ચીજનો કંઈપણ સંયોગ સંબંધ હોતો નથી. આહાહા..! અરે..! ચારિત્ર કેવું હોય એવું એણે સાંભળ્યું નહિ. હજી ધર્મ કેવો હોય, ચારિત્રનો ધર્મ. કરે તો ક્યાંથી? પણ એ ચારિત્ર, ધર્મ સમકિત સહિતનું કેવું હોય એવું એણે સાંભળ્યું નથી. એને રુચ્યું નહિ, એને ગોઠ્યું નહિ, એને બેઠું નહિ.

કહે છે, ઐસે '**સર્વજ્ઞ દેવ કહી હૈ...**' દેખો! જેને તિલતુષમાત્ર બહારનો પરિગ્રહનો કણ ન હોય એને સંગ્રહવાની ઇચ્છા ન હોય. એવી પ્રવ્રજ્યા સર્વજ્ઞદેવે કીધી છે. છે? આહા..! ત્રિલોકનાથ સાક્ષાત્ ભગવાન, 'મહાવીર' પરમાત્મા તો મુક્તિએ પધાર્યા. ભગવાન બિરાજે છે. શરીરપણે છે હજી. અરિહંત 'સીમંધર' પરમાત્મા. એમ ફરમાવે છે કે ભગવાન આમ કહે છે. આત્માના સમ્યક્ અનુભવના સાક્ષાત્કાર સહિત, સમકિતના અનુભવ સહિત ચારિત્ર હોય તો આવું હોય એમ ભગવાને કહ્યું છે. સમજાણું કાંઈ?

'**જિસપ્રકાર સર્વજ્ઞ દેવને કહી હૈ ઉસીપ્રકાર હૈ, અન્યપ્રકાર પ્રવ્રજ્યા નહીં હૈ ઐસા નિયમ જાનના ચાહિયે. શ્વેતાંબર આદિ કહતે હૈં કિ અપવાદમાર્ગમેં વસ્ત્રાદિકકા સંગ્રહ સાધુકો કહા હૈ વહ સર્વજ્ઞકે સૂત્રમેં તો નહીં કહા હૈ.**' બહુ ફરી ગયું, અત્યારે ઘણું ફરી ગયું. નાના નાના છોકરાને હજી કાંઈ ભાન હોય. બા.. બા કરે. ખાવું છે એમ કહે તો વળી કંદોઈની દુકાને લઈ જાય. એવું સાંભળ્યું હતું. આ સાધુ. અર..ર..! બાપા! સાધુ કોને કહે! હજી એને શ્રદ્ધાની ખબર નથી, સાધુ કેવા હોય? સમજાણું? એનું એને જ્ઞાન નથી. એને સાધુપણું આવે ક્યાંથી? સમજાણું?

મુમુક્ષુ :- પહેલા એને .. પછી તૈયાર કરે.

ઉત્તર :- તૈયાર શું કરે ધૂળમાં? અજ્ઞાન છે ને. આહાહા..! સાધુપણું નામ ધરાવે છે અને અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ નામ ધરાવે એ તો મિથ્યાત્વને પોષે છે. જેને તેને મુંડા ભેગા કરવા ચાલો. અહીં તો કહે છે, ભગવાને તો આવું કહ્યું છે, બાપુ! કહો, 'શાંતિભાઈ'! આવો માર્ગ કહ્યો છે. શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી, તુલસી આદિ છે ને? એ બધા કહે છે કે અમારે તો વસ્ત્રનો સંગ્રહ કહ્યું છે ભગવાને. એ અજ્ઞાનીના કરેલા શાસ્ત્રોમાં કહ્યું છે. ભગવાનના શાસ્ત્રમાં એ છે નહિ. આહાહા..! ભારે કામ આકરું પડે માણસને. વાડાની વાત આવે એટલે આકરી પડે, હોં!

મુમુક્ષુ :- આત્મા રહી જાય.

ઉત્તર :- રહી જાય, બાપુ! વસ્તુ તો આ છે એમ છે. વસ્તુની સ્થિતિ તો જેમ છે એમ છે. કોઈ બદલાવા માગે એટલે કાંઈ બદલી જાય? આહાહા..!

'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ?' એવું કહ્યું. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે. ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો, સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી' એમાં પણ આવ્યું, જુઓ! 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' એક દેહ સિવાય કાંઈ નહિ. એમ તો એમાં પણ આવ્યું. અપૂર્વ અવસરમાં આવે છે. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો. અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ. દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' આહાહા..!

જુઓ! આ ગૃહસ્થાશ્રમમાં હતા. લાખોના વેપાર મોતીના હતા. બાપુ! આ નહિ. આ નહિ. અમને આવું મુનિપણું ક્યારે હશે? બાહ્યમાં અને અભ્યંતરમાં. આહાહા..! ધન્ય અવતાર, ધન્ય ભવ, ધન્ય કાળ કે અમે આ રાગરહિત નિર્ગ્રંથ દશા ક્યારે ધારણ કરીએ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્રમાં તો આત્માનું સમકિત, નિર્વિકલ્પ આત્માનો અનુભવ તેને કહ્યું છે. ભગવાનઆત્મા આનંદનો કંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ, એની અંતરમાં અનુભવ કરીને પ્રતીત કરવી એને પહેલી ધર્મની સમકિત દશા કીધી છે. આહાહા..! અને એના ઉપરાંત ચારિત્ર તો આને કીધું. '**ઉન્હોંને કલ્પિતસૂત્ર બનાયે હૈં ઉનમેં કહા હૈ વહ કાલદોષ હૈ.**' અરે..! કાળ આવો આવ્યો કે માર્ગને આખો ફેરવી નાખ્યો. એમ આચાર્ય કહે છે. બાપુ! માર્ગ તો છે એ રહેશે. કોઈના ફેરવ્યા ફરે નહિ. પણ એનો આત્મા ફરી ગયો. સમજાણું કાંઈ?

---

आगे फिर कहते हैं :–

**उवसग्गपरिसहसहा, णिज्जणदेसे हि णिच्च [१]अत्थइ।**
**सिल कट्ठे भूमितले, सव्वे आरुहइ सव्वत्थ।।५६।।**

उपसर्गपरीषहसहा निर्जनदेशे हि नित्यं तिष्ठति।
शिलायां काष्ठे भूमितले सर्वाणि आरोहति सर्वत्र।।५६।।

**ઉપસર્ગ-પરિષહ મુનિ સહે, નિર્જન સ્થળે નિત્યે રહે,**
**સર્વત્ર કાષ્ઠ, શિલા અને ભૂતલ ઉપર સ્થિતિ તે કરે. ૫૬.**

अर्थ :– उपसर्ग अथवा देव, मनुष्य, तिर्यंच और अचेतनकृत उपद्रव और परीषह अर्थात् दैव–कर्मयोगसे आये हुए बाईस परीषहोंको समभावोंसे सहना इसप्रकार प्रव्रज्यासहित मुनि हैं, वे जहाँ अन्य जन नहीं रहते ऐसे निर्जन वनादि प्रदेशोमें सदा रहते हैं, वहाँ भी शिलातल, काष्ठ, भूमितलमें रहते हैं, इन सब ही प्रदेशोमें बैठते हैं, सोते हैं, 'सर्वत्र' कहनेसे वनमें रहें और किंचित्काल नगरमें रहें तो ऐसे ही स्थान पर रहें।

भावार्थ :– जैनदीक्षावाले मुनि उपसर्ग–परीषहमें समभाव रखते हैं, और जहाँ सोते हैं, बैठते हैं, वहाँ निर्जन प्रदेशमें शिला, काष्ठ, भूमिमें ही बैठते हैं, सोते हैं, इसप्रकार नहीं है कि अन्यमतके भेषीवत् स्वच्छन्दी प्रमादी रहें, इसप्रकार जानना चाहिये ।।५६।।

---

१. पाठान्तर – अच्छेइ ।

## ગાથા-૫૬ ઉપર પ્રવચન

વળી કહે છે કેવી હોય છે પ્રવ્રજ્યા? ઓહો..હો...! ચોખવટ તે ચોખવટ છે ને. સાંભળી ન હોય સાંભળી.

**उवसग्गपरिसहसहा, णिज्जणदेसे हि णिच्च [१]अत्थइ।**

**सिल कट्ठे भूमितले, सव्वे आरुहइ सव्वत्थ।।५६।।**

નિર્જન દેશમાં મુનિ વિચરે. વનવાસ. માણસનો પગરવ નહિ. અમે એકલા આત્માનું સાધન કરશું. માણસનો પગરવ નહિ. માણસના વસવાટ નહિ, માણસનો વસવાટ તો નહિ પણ માણસનો પગરવ નહિ. એમાં અમે સિદ્ધપદના સાધન ચારિત્રને ત્યાં સાધશું. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો મોટા બંગલા પાંચ-પાંચ લાખના (બનાવે). આહાહા..! અરે..! સાધુને વનવાસ હોય, બાપુ! એવી સ્થિતિ જ એની થઈ જાય છે. ત્યાં એને આત્મા સિવાય ક્યાંય ચેન પડતું નથી. સમજાણું કાંઈ?

રાજકુંવરો જ્યારે દીક્ષીત થાય છે ને. આહાહા..! આમાં આવ્યું ને ભાઈ નહિ? 'પ્રવચનસાર'માં. માતા-પિતાની, રાણીની રજા લે છે. હે માતા! શરીરની જનેતા તું છો. આત્માની જનેતા તું નહિ. મા! આહાહા..! મારો આત્મા કાંઈ તેં જણ્યો નથી. આ શરીરની જનેતા તું છો મા. અમે હવે અમારા સ્વરૂપનું (સાધન કરવા વનમાં જઈએ છીએ). રાજકુંવરો, હોં! જેને (ઘરે) નીચે નીલમણીની શીલા લાદીને ઠેકાણે પાથરી હોય. ઉદાસ..ઉદાસ. મસાણમાં મડદાને ઉપાડીને લઈ જાય. માતા! અમે જાતે મસાણમાં જઈ ધ્યાન કરશું. આહાહા..! એ ચારિત્ર દશા, બાપા! ચારિત્ર એટલે શું! સમજાણું કાંઈ?

કહે છે, માતા! અમે આનંદમાં રહેવા માટે હવે વનવાસ જાશું, મા! ફરી મા ન કરીએ, હોં! અમે હવે ફરીને અવતાર નહિ લઈએ. પ્રભુ! માતા! રોવું હોય એટલું રોઈ લે. બીજી મા ન કરીએ. હવે અમે ગર્ભમાં નહિ આવવાના. આહાહા..! અમે આનંદના સ્વરૂપના ડગલામાં પડતાં અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરશું. અમને હવે અવતાર ન હો. એવું ચારિત્ર અંગીકાર કરે છે એને ચારિત્ર કહીએ. લાલા-પેઠા કરીને નામ બનાવે સાધુ ને સાધ્વી. પંડિતજી! આહાહા..! જેના વૈરાગ્ય ઉછળી ગયા હોય છે. જેને રજકણે રજકણે શાંતિ જેના શરીરમાં દેખાય. આહાહા..! અકષાય સ્વભાવ પ્રગટ્યો છે. અકષાય પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિના સાધનમાં પડ્યો છે. આહાહા..! પ્રગટ કરવો છે મોક્ષ કેવળ. એને કાંઈ બીજું જોઈતું નથી. આહાહા..!

કહે છે એને '**ઉપસર્ગ,...**' આવે. લ્યો!

**उवसग्गपरिसहसहा, णिज्जणदेसे हि णिच्च [१]अत्थइ।**

**सिल कट्ठे भूमितले, सव्वे आरुहइ सव्वत्थ।।५६।।**

**અર્થ :- 'ઉપસર્ગ અર્થાત્ દેવ, મનુષ્ય, તિર્યંચ ઔર અચેતનકૃત...'** દેવના ઉપસર્ગ આવે તો સહન કરે. ભૂતડા હા હો.. કરે જંગલમાં. મુનિ તો જંગલમાં બેઠા હોય. સિંહની ત્રાડું આવતી હોય. આ..હા..! પડ્યા હોય છે. મનુષ્યનો ઉપસર્ગ હોય, કોઈ અચેતનનો. ઝાડ

પડ્યું, ભીંત પડી. એ અચેતન છે. **'ઔર પરીષહ અર્થાત્ દેવ-કર્મયોગસે આયે હુએ બાઈસ પરીષહોંકો સમભાવોંસે સહના...'** શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિરસમાં જેમ પૂરણપોળી ઊની કરીને તાજા ઘીમાં નાખીને ઊની-ઊની આમ ચીપીયેથી ઉપાડે છે ને? હાથમાં ન રહે એવી ઊની હોય ને પૂરણપોળી? પૂરણપોળી. ઘીમાં નાખે. હોય ઊની. એટલે શું કહેવાય તમારે એ? ચીપીયો. ચીપીયો નહિ સાણસી. ઓલામાં નાખે ને? બોળે. રસથી તરબોળ થઈ ગયેલી હોય. શેના? ઘીના રસથી. આહાહા..! આવું કર્યું છે ને? કરે છે ને? મહેમાન આવે ત્યારે. પહેલા તો જુવાન મરી જાય તો સુખડી નહોતા ખવડાવતા પણ આવી રોટલી ખવડાવતા. (સંવત) ૧૯૫૭ની વાત છે. '૫૭ની સાલ. આહા..! આ તો નજરે જોયેલી. અમારા ઘરની વાત છે. મોટા ભાઈ ગુજરી ગયા હતા. તો સુખડી ન ખવડાવાય, પણ આ સુખડીનો બાપ છે. આ શું છે? સુખડીમાં તો મર્યાદિત ઘી આવે.

અહીં તો કહેવું છે, આત્મા આનંદના રસમાં એટલો ઝબોળાઈ જાય કે આનંદના ટપકા પડતા હો, અંદર ઝરતા હોય. અતીન્દ્રિય આનંદ ઝરતો હોય એને ચારિત્ર કહેવામાં આવે છે. એવી મહેમાનગતિ આત્મા પોતાને માટે કરે અને એ મોક્ષના માંડવા જેણે નાખ્યા અને અંદર શાંતિના સાગર ઉછળ્યા છે એને પ્રવ્રજ્યા ચારિત્ર કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૩, ગાથા-૫૬ થી ૬૦, બુધવાર, પોષ વદ ૨, તા.૧૩-૦૧-૭૧

'બોધપાહુડ'. પ્રવ્રજ્યાની વ્યાખ્યા છે. ઓહો..! પ્રવ્રજ્યા એટલે સાધુપણું ચારિત્ર કોને કહીએ. એ ચારિત્રવંતને જ મુક્તિ અને મોક્ષ થાય છે. મોક્ષ એટલે આત્માની પરમ આનંદ દશા. અતીન્દ્રિય પરમ આનંદસ્વરૂપ આત્મા, એની મોક્ષ દશા એટલે અતીન્દ્રિય પૂર્ણ આનંદની દશા પ્રાપ્ત (થાય) એને મોક્ષ કહીએ. મોક્ષ ચારિત્રવંતને હોય છે. ચારિત્ર સમ્યગ્દષ્ટિ હોય તો હોઈ શકે. એ આવશે.

**'ભાવાર્થ :- જૈનદીક્ષાવાલે મુનિ...'** જૈન એટલે આત્માની વીતરાગતા જેણે પ્રગટ કરી છે. વસ્તુનો સ્વભાવ આત્મા તો વીતરાગ નિર્દોષ જિનસ્વરૂપ જ છે. પણ તેને અંતરમાં ધ્યાન કરી, એકાગ્ર કરીને જેણે વર્તમાન દશામાં વીતરાગપણાની દીક્ષા મુનિ થયા છે એ **'ઉપસર્ગ-પરીષહમેં સમભાવ રખતે હૈં,...'** એને દેવ, મનુષ્ય અને તિર્યંચ તરફથી પ્રતિકૂળતા (થાય) એ ઉપસર્ગ, એમાં સમભાવ રહે. અને કર્મના ઉદયથી કોઈ ક્ષુધા, તૃષા આદિ હોય એમાં પણ સમભાવ રહે. અમૃતના સ્વાદિયાને આમાં પરિષહમાં સમભાવ હોય છે એમ કહે છે. મુનિ એટલે આત્માનો અમૃતસ્વભાવ, અતીન્દ્રિય અમૃતસ્વભાવ, એનો જ્યાં સ્વાદ છે, ચૈતન્યની જાતનો અને એ પણ મુનિને લાયક ઉગ્ર આત્માના આનંદના અતીન્દ્રિય સ્વાદિયો જીવ, તેને અનુકૂળ-પ્રતિકૂળતામાં સમભાવ હોય છે, એમ કહે છે.

'**और जहां सोते हैं, बैठते हैं, वहां निर्जन प्रदेशमें...**' ઓહો..! જ્યાં મનુષ્યનો પણ પગરવ નથી. ધ્યાન આનંદ.. આનંદ... આનંદ... જેને મનુષ્યના કોલાહલમાં પણ રહેવું રુચતું નથી. ઘોંઘાટમાં રહેવું ગોઠતું નથી. એને આત્માના આનંદમાં રહેવું ગોઠે છે, એમ કહે છે. તમારે જેમ મકાન ને બાયડી-છોકરા વિના ચાલતું નથી, એમ એને જંગલ વિના ચાલતું નથી, એમ કહે છે. આહાહા..! જ્યાં આત્માનો આનંદ સાધે છે, એમાં પણ સાધુને યોગ્ય અતીન્દ્રિય આનંદના સ્વાદને સાધે છે, એને તો નિર્જન એકાંત-એકાંત (હોય), જ્યાં કોઈ શબ્દ નથી, માણસનો પગરવ નથી, એવા આત્માના ધ્યાનમાં રહે છે, એમ કહે છે. સમજાણું?

વળી, '**निर्जन प्रदेशमें शिला,...**' હોય કોઈ પત્થરની. એમાં બેસે. '**काष्ठ,...**' ની હોય. અથવા નીચે '**भूमिमें ही बैठते हैं, सोते हैं, ईसप्रकार नहीं है कि अन्यमतके भेषीवत् स्वच्छंदी प्रमादी रहे,...**' એમ કહે છે, વીતરાગ સ્વભાવનું ભાન છે અને દશા પ્રગટી છે એને અન્યમતિના ભેખવાળા જેમ ગમે તે ખાય-પીવે, પલંગ (ઉપર) સૂવે, લુગડાં પહેરે, જંગલમાં ન રહે અને નગરમાં બાગ-બગીચા રાખીને સૂવે. એવો માર્ગ વીતરાગનો નથી. એમ કહે છે.

---

**आगे अन्य विशेष कहते हैं :–**

**पसुमहिलसंढसंगं कुसीलसंग ण कुणइ विकहाओ।**
**सज्झायझाणजुत्ता पव्वज्जा एरिसा भणिया।।५७।।**

**पशुमहिलाषंढसंगं कुशीलसंगं न करोति विकथाः।**
**स्वाध्यायध्यानयुक्ता प्रव्रज्या ईदृशी भणिता।।५७।।**

**સ્ત્રી-[૧]ષંઢ-પશુ-[૨]દુઃશીલનો નહિ સંગ, નહિ વિકથા કરે,**
**સ્વાધ્યાય-ધ્યાને યુક્ત છે, - દીક્ષા કહી આવી જિને. ૫૭.**

**अर्थ :– जिस प्रव्रज्यामें पशु – तिर्यंच, महिला (स्त्री), षंढ (नपुंसक) इनका संग तथा कुशील (व्यभिचारी) पुरुषका संग नहीं करते हैं; स्त्री कथा, राजा कथा, भोजन कथा और चोर इत्यादिकी कथा जो विकथा है उनको नहीं करते हैं, तो क्या करते हैं? स्वाध्याय अर्थात् शास्त्र–जिनवचनोंका पठन–पाठन और ध्यान अर्थात् धर्म – शुक्ल ध्यान इनसे युक्त रहते हैं। इसप्रकार प्रव्रज्या जिनदेवने कही है।**

**भावार्थ :– जिनदशा लेकर कुसंगति करे, विकथादिक करे और प्रमादी रहे तो दीक्षाका अभाव हो जाय, इसलिये कुसंगति निषिद्ध है। अन्य भेषकी तरह यह भेष नहीं है। यह मोक्षमार्ग है, अन्य संसारमार्ग हैं।।५७।।**

---

**૧. ષંઢ = નપુંસક, ૨. દુઃશીલ = કુશીલજનો.**

## ગાથા-૫૭ ઉપર પ્રવચન

**'આગે અન્ય વિશેષ કહતે હૈં :–'**

**पसुमहिलसंढसंगं कुसीलसंग ण कुणइ विकहाओ।**

**सज्झायझाणजुत्ता पव्वज्जा एरिसा भणिया।।५७।।**

ઓહોહો..! બધે એ જ શબ્દ મૂકે છે. ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ આમ પ્રવ્રજ્યા કહ્યું છે, ભાઈ! મુક્તિના માર્ગના પંથડા આકરા છે. સંસારના માર્ગમાં તો અનાદિથી દુઃખી થઈને ચાર ગતિમાં રખડી રહ્યો છે. ઘડીક મનુષ્ય (ભવ) મળે અને વળી મનુષ્ય મરીને જાય કીડે, કાગડે, ઢોરમાં. કારણ કે આત્માનું ભાન નથી. મિથ્યાત્વભાવમાં ઘૂંટી ઘૂંટીને પડ્યો છે અંદર. આહાહા..! એના ફળમાં મોટા રાજા હોય એ મરીને ઢોરમાં, પશુમાં, નરકમાં જાય. આવા નરકના અને ચાર ગતિના પડદાના ભવ અનંત કર્યા છે.

જેણે મુનિપણું ભવના અભાવ માટે લીધું છે, એ જીવ '**પશુ – તિર્યંચ, મહિલા (સ્ત્રી),...**' નો સંગ ન કરે. કહે છે. એકાંત-એકાંત. '**તિર્યંચ, (સ્ત્રી), ષંઢ (નપુંસક)...**' એનો સંગ ન હોય એને. સ્વભાવના સંગ આડે પરનો સંગ ક્યા હોય એને? આહાહા..! ભગવાન આત્મા પોતે રાગથી ભિન્ન અસંગ તત્ત્વ છે. ત્યાં પરનો સંગ ક્યાં છે? એવું અસંગ તત્ત્વ પ્રભુ, નિજ સ્વરૂપ એના સાધનમાં પડેલો, એને પશુ ને તિર્યંચ ને સ્ત્રીનો સંગ ન હોય, એને નપુંસકનો સંગ ન હોય. ષંઢ એટલે નપુંસક. આ પાવૈયા ને હિજડા થાય છે ને? બહુ વિકારી એનો આત્મભાવ હોય છે. એવાઓનો સંગ ધર્માત્મા ન કરે. આહાહા..! '**ઈસકા સંગ તથા કુશીલ (વ્યભિચારી) પુરુષકા સંગ નહીં કરતે હૈં;...**' બાકી રહ્યો પુરુષ. પુરુષમાં જે વ્યભિચારી પુરુષો છે, (જે) એકલા વિષયની વાસનામાં જ ગદગદ થઈને પડ્યા છે, એવા વ્યભિચારી પુરુષો, એનો પણ સંગ મુનિ કરે નહિ. '**સ્ત્રી કથા, રાજા કથા, ભોજન કથા, ઔર ચોર ઈત્યાદિકી કથા જો વિકથા હૈ ઉનકો નહીં કરતે હૈં,...**' સ્ત્રી આવી હોય, રાજા આવા હોય, ભોજન આવું હોય, ચોર આમ ચોરી કરે એવી વિકથા એને ન કરે. એ પાપ કથા બધી છે. '**તો ક્યા કરતે હૈં?**'

'**સ્વાધ્યાય અર્થાત્ શાસ્ત્ર-જિનવચનોંકા...**' સર્વજ્ઞ પરમાત્માએ કહેલા સિદ્ધાંતો, શાસ્ત્રો એનો સ્વાધ્યાય કરે. પોતાના આત્માની વાત જે વીતરાગદેવે કરી છે, એના શાસ્ત્રનો સ્વાધ્યાય '**પઠન-પાઠન..**' કરે. ભણે-ભણાવે. એમાં શુભભાવમાં ચિત્તને રોકે. '**ધ્યાન અર્થાત્ ધર્મ-શુક્લ ધ્યાન ઈનસે યુક્ત રહતે હૈં.**' આત્માનો ધર્મ એટલે સ્વભાવ, એના ધ્યાનમાં મસ્ત રહે. શુક્લ-ઉજળું ધ્યાન ઉગ્ર. '**ઈસપ્રકાર પ્રવ્રજ્યા જિનદેવને કહી હૈ.**' લ્યો! આવું ચારિત્રનું સાધુપણું-મુનિપણું ભગવાને આવું કહ્યું છે.

**ભાવાર્થ :– 'જિનદીક્ષા ઔર કુસંગતિ કરે,...'** સાધુ નગ્ન મુનિ દિગંબર થઈ અને કુસંગ એવા સ્ત્રી, પશુ, વ્યભિચારી પુરુષો આદિનો સંગ કરે '**પ્રમાદી રહે તો દીક્ષાકા અભાવ હો**

**જાય,...**' આનંદસ્વરૂપ વીતરાગભાવનો તો એમાં અભાવ થઈ જાય છે. ભગવાનઆત્માનું સ્વરૂપ જ અતીન્દ્રિય આનંદ અને વીતરાગસ્વરૂપ છે. એવું જે ભાન થયું એ આવા જો સંગ કરે તો એ ભાન ચાલ્યું જાય. જૈનદીક્ષા રહે નહિ. દુનિયાથી વિરૂદ્ધ છે, ભાઈ! બધું આ તો. દુનિયામાં જે રચ્યાપચ્યા પડ્યા છે, આ જ બધું સર્વસ્વ માનીને બેઠા છે ને? શરીર ને પૈસા ને આબરૂ ને ધૂળ ને ધાણી, માંસ ને હાડકા ને ચામડા. જગતની ચીજ છે આ તો. એ ચીજમાં જે રચ્યાપચ્યા છે, એવા જીવોનો સંગ મુનિ ન કરે, એમ કહે છે. કારણ કે એ એની વાતું કરશે કે આમાં આમ હોય, આમાં મજા પડે, આમાં ઢીંકણું. બીજું શું લાવશે એની પાસેથી? સમજાણું? '**ઇસલિયે કુસંગતિ નિષિદ્ધ હૈ.**' માટે કુસંગનો ધર્માત્માને નિષેધ છે. '**અન્ય ભેષકી તરહ યહ ભેષ નહીં હૈ.**' બીજા ભેખની જેમ ભેખ નથી કે એય..! શું કહેવાય પીવે એ? ગાંજો, ચરસ ને એ બધું કરે. કસુંબા કાઢે, અફીણના. સ્ત્રીઓના સંગો કરે, પરિચય કરે. એવો માર્ગ વીતરાગ આત્મસ્વરૂપના સાધકજીવનો છે નહિ.

'**યહ મોક્ષમાર્ગ હૈ, અન્ય સંસારમાર્ગ હૈં.**' ભેખ નથી, આ વીતરાગ તો મોક્ષમાર્ગ છે. આત્મા પુણ્ય-પાપના રાગરહિત સ્વરૂપને જ્યાં સાધે છે એવા આનંદના અનુભવી જીવો એ તો મોક્ષમાર્ગમાં છે અને બીજો તો સંસારમાર્ગ છે. સંસારમાં સ્ત્રી, પુરુષ, ષંઢ આદિ સંગમાં રહેવું અને કુકથા કરવી એ સંસાર માર્ગ છે.

---

**आगे फिर विशेष कहते हैं :–**

**तववयगुणेहिं सुद्धा, संजमसम्मत्तगुणविसुद्धा य।**
**सुद्धा गुणेहिं सुद्धा, पव्वज्जा एरिसा भणिया।।५८।।**

**तपोव्रतगुणैः शुद्धा संयमसम्यक्त्वगुणविशुद्धा च।**
**शुद्धा गुणैः शुद्धा प्रव्रज्या ईदृशी भणिताः।।५८।।**

**તપવ્રતગુણોથી શુદ્ધ, સંયમ-સુદૃગગુણસુવિશુદ્ધ છે,**
**છે ગુણવિશુદ્ધ, - સુનિર્મળા દીક્ષા કહી આવી જિને. ૫૮.**

**अर्थ :– जिनदेवने प्रव्रज्या इसप्रकार कही है कि – तप अर्थात् बाह्य – अभ्यंतर बारह प्रकारके तप तथा व्रत अर्थात् पाँच महाव्रत और गुण अर्थात् इनके भेदरूप उत्तरगुणोंसे शुद्ध हैं। 'संयम' अर्थात् इन्द्रिय–मनका निरोध, छहकायके जीवोंकी रक्षा, 'सम्यक्त्व' अर्थात् तत्त्वार्थश्रद्धानलक्षण निश्चय–व्यवहाररूप सम्यग्दर्शन तथा इनके 'गुण' अर्थात् मूलगुणोंसे शुद्ध, अतिचार रहित निर्मल है और जो प्रव्रज्याके गुण कहे उनसे शुद्ध है, भेषमात्र ही नहीं है; इसप्रकार शुद्ध प्रव्रज्या कही जाती है। इन गुणोंके बिना प्रव्रज्या शुद्ध नहीं है।**

**भावार्थ :– तप व्रत सम्यक्त्व इन सहित और जिनमें इनके मूलगुण तथा अतीचारोंका शोधना होता है इसप्रकार दीक्षा शुद्ध है। अन्य वादी तथा श्वेतांबरादि चाहे – जैसे कहते हैं वह दीक्षा शुद्ध नहीं है ।।५८।।**

## ગાથા-૫૮ ઉપર પ્રવચન

**'આગે ફિર વિશેષ કહતે હૈં :-'**

**तववयगुणेहिं सुद्धा, संजमसम्मत्तगुणविसुद्धा य।**

**सुद्धा गुणेहिं सुद्धा, पव्वज्जा एरिसा भणिया।।५८।।**

ઓહોહો..! બધે ઠેકાણે કહ્યું. ભગવાને તો આમ કહ્યું છે, ભાઈ!

**અર્થ :- 'જિનદેવને પ્રવ્રજ્યા ઈસપ્રકાર કહી હૈ કિ - તપ અર્થાત્ બાહ્ય - અભ્યંતર બારહ પ્રકારકે તપ...'** કરે. બાહ્ય-અભ્યંતર છે ને? અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વિસ્તાર. **'વ્રત અર્થાત્ પાંચ મહાવ્રત...'** અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. જેની દશા તદ્દન નગ્ન દિગંબર હોય બાહ્યમાં. અંતરમાં જેને વીતરાગતા નિર્ગ્રંથતા પ્રગટી હોય. એવા પંચમહાવ્રતવાળા **'ઔર ગુણ અર્થાત્ ઈનકે ભેદરૂપ ઉત્તરગુણોંસે...'** મહાવ્રતના ભેદ ઉત્તરગુણ. **'શુદ્ધ હૈ.'** એનાથી શુદ્ધ હોય, નિરતિચાર હોય, એમ કહે છે.

**'સંયમ અર્થાત્ ઈન્દ્રિય - મનકા નિરોધ,...'** હોય. પાંચ ઈન્દ્રિય અને મનને રોક્યું હોય, આત્માના આનંદમાં જેનો ઝુકાવ હોય. આહાહા..! સમજાણું કાંઈ? મન અને ઈન્દ્રિયની પ્રવૃત્તિ રોકી હોય, એમ કહે છે. અણીન્દ્રિય અને મન વિનાનો આત્મા, એના જ્ઞાન-ધ્યાનમાં તત્પર હોય. આહાહા..! જુઓ! આ ચારિત્ર. વળી **'છહકાયકે જીવોંકી રક્ષા,...'** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ જીવ છે અને ત્રસ, એને મારવાનો વિકલ્પ હોય નહિ. ત્રસ એક શબ્દ વાપર્યો છે. છકાયની જીવની દયાનો ભાવ હોય. એકેન્દ્રિય ફૂલની પાંખડી પણ દુભાવવાનો ભાવ એને હોય નહિ. ફૂલની પાંખડીમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ છે. સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વ અર્થાત્ તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ નિશ્ચય-વ્યવહારરૂપ સમ્યગ્દર્શન...'** સહિત હોય, લ્યો! એકલું નગ્નપણું દિગંબરપણું નહિ. આત્મા પૂર્ણાનંદ પ્રભુ, અનંત ગુણનો સાહેબો નાથ, એનું એને સમ્યગ્દર્શન, અનુભવ સાક્ષાત્કાર થયો હોય. સમજાણું કાંઈ? તત્ત્વ એટલે આત્મા, જડ આદિ તત્ત્વો બધા એમાં આત્મતત્ત્વનું એને ભાન થયું હોય તો એ દીક્ષા દીક્ષા (છે). બાકી આત્માના ભાન વિનાની દીક્ષાઓ રણમાં પોક મૂકવા જેવી છે. નાગા ફરે કે બાવા થાય. સમજાણું કાંઈ?

જુઓ! **'તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ...'** નિશ્ચય અને વ્યવહાર બેય છે. નિશ્ચય આત્માનું ભાન. સમ્યગ્દર્શન એટલે ધર્મની પહેલી શરૂઆત. વસ્તુ જે આત્મા અણીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે, એની એકાગ્રતામાં અતીન્દ્રિય આનંદના સ્વાદની જેને પ્રતીતિ છે કે હું આત્મા અતીન્દ્રિય આનંદ છું. એનું નામ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન વિના મુનિપણું હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ નિશ્ચય-વ્યવહાર...'** નિશ્ચયમાં સમ્યગ્દર્શન આ. સ્વસ્વભાવનો આશ્રય લઈ અને જ્ઞાન ને આનંદનું જેને પ્રગટ પર્યાયમાં વેદન-અનુભવ થાય અને એમાં પ્રતીત વર્તે તેને સમ્યગ્દર્શન કહીએ. એવા સમ્યગ્દર્શન વિના

સાધુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અને વ્યવહાર સમ્યગ્દર્શન. સાચા દેવ-ગુરુ અને શાસ્ત્ર, નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ એ વ્યવહાર સમ્યગ્દર્શન. એવું હોય છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય, નિશ્ચય સમ્યગ્દર્શન અને વ્યવહાર આ રાગ, એમાં સમ્યગ્દર્શનનો આરોપ છે, એવું એને હોય છે. આત્માનું જ્ઞાન હોય છે તો આ બાજુ શાસ્ત્રનું જ્ઞાન પણ હોય છે. અહીં આત્મામાં સ્થિરતા હોય છે તો આ બાજુ પાંચમહાવ્રતના વિકલ્પ પણ હોય છે. એ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

વળી '**ઈનકે 'ગુણ' અર્થાત્ મૂલગુણોંસે શુદ્ધ, અતિચાર રહિત નિર્મલ હૈ...**' લ્યો! બધા ઉત્તરગુણો સમિતિ-ગુપ્તિ આદિ. શાંતપણે બધી નિર્મળતા વીતરાગદશા એવી પ્રગટી હોય છે કે બધા એના ગુણોની નિરતિચારતા હોય છે. એટલે અતિચારના દોષોનો ખંડ એને હોતો નથી. વળી, '**ઔર જો પ્રવ્રજ્યાકે ગુણ કહે ઉનસે શુદ્ધ હૈ, ભેષમાત્ર હી નહીં હૈ;...**' એમ. નગ્ન સાધુ થયા, બાયડી-છોકરા છોડ્યા માટે સાધુ, એમ નહિ. એ તો બહારની ચીજ છે. એની સાથે શું સંબંધ? આહાહા..! અભ્યંતર જેને ગુણ પ્રગટ્યા છે. કળી જેમ ખીલે છે, એમ ભગવાનઆત્મામાં અનંત શક્તિ ગુણરૂપ આત્મા પદાર્થ વસ્તુ છે. એમાં એકાગ્ર થતાં એ ખીલે છે. શાંતિ, આનંદ, સ્વચ્છતા, નિર્મળતા, સમ્યક્, ચારિત્ર આદિ. એવી દશાથી જીવ પર્યાય, અવસ્થામાં આત્મા ખીલે છે. એને પ્રવ્રજ્યા કહીએ. એકલા ભેખમાત્ર લઈને બેસે અને આ વસ્તુ ન હોય તો એ સાધુ નથી, પ્રવ્રજ્યા નથી, મુનિ નથી.

મુમુક્ષુ :- ભેષ હોય ત્યાં અનુમાન તો કરાય ને?

ઉત્તર :- ધૂળેય કરાય નહિ. એવા ભેખ તો ઘણાએ ધારણ કર્યા. એમાં શું થયું? નટ પણ એવો ભેખ ધારણ કરે છે. અંતરની દશાના ભેખ ને આનંદસહિત રાગ-વિકલ્પના અભાવ કરીને નિર્વિકલ્પનો આનંદ ભેખ પ્રગટ કર્યો નથી, એનો બાહ્ય ભેખ કાંઈ આત્માને લાભદાયક છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ પ્રવ્રજ્યાનો છેલ્લો બોલ છે ને?

'**ભેષમાત્ર હી નહીં હૈ; ઈસપ્રકાર શુદ્ધ પ્રવ્રજ્યા...**' એવી શુદ્ધ પ્રવ્રજ્યા. આહાહા..! અસંગ પ્રભુ આત્મા, રાગના સંગ વિનાનો. શરીર-બરીર તો થોથા ઉપર ક્યાંય રહી ગયા. સર્પને માથે કાંચળી હોય ને? કાંચળી. એ જુદી છે. સર્પ જુદો છે. એમ કાંચળી જુદી છે, ભગવાન જુદો છે અંદર. આહાહા..! એવું જેને અંતરમાં આત્માના મૂળ ભાવનો અનુભવ ને તત્ત્વદૃષ્ટિ થઈ છે, એ ઉપરાંત સ્વરૂપની નિર્મળતા છે એને સાધુ કહીએ. કહો, પંડિતજી! આ તો કહે, નાગા થયા ને પાંચ મહાવ્રત પાળે છે. મહાવ્રત પણ કે દિ' હતા ભાન વિના? ભારે વાત આકરી બાપા. એણે એ પંથને અંતરમાં જોયો નથી, જાણ્યો નથી. એ વિના બહારના ભેખમાત્રથી કાંઈ આત્માને લાભ નથી. '**ઈન ગુણોંકે બિના પ્રવ્રજ્યા શુદ્ધ નહીં હૈ.**' અભ્યંતરના આનંદ ને અનુભવની દૃષ્ટિ વિના, આત્માના અનુભવની દૃષ્ટિ અને સ્થિરતા વિના પ્રવ્રજ્યા શુદ્ધ કહેવાય નહિ.

**ભાવાર્થ :- 'તપ વ્રત સમ્યક્ત્વ ઈન સહિત...**' ઈચ્છાનો નિરોધ અને અમૃતસ્વરૂપ ભગવાન આત્માનો ઊભરાવો એટલે ભરતી (આવે છે). અંતર આનંદસ્વરૂપ છે એની દશામાં

ભરતી આવે અને ઈચ્છાની ઉત્પત્તિ ન થાય, એવી દશાને તપ કહેવામાં આવે છે. આવા ભાન વિના આ અપવાસ-બપવાસ કરે એ બધી લાંઘણું છે. સમજાણું કાંઈ? શેઠ! આહાહા..! જ્યાં ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સચેત સાહેબો. એકલો જ્ઞાનનો સાગર એવો અંતર સ્વભાવ છે, એવી સત્તાનો અનુભવ નથી, એનું વેદન નથી, એનું ભાન નથી. એવાઓ આ બધી દીક્ષા લઈને બેસે, સાધુ-ભેખ (ધારણ કરે), એમાં કાંઈ માલ નથી. સમજાણું કાંઈ? આહાહા..! લોકો બહાર ભેખ ધારણ કરે ત્યાં થઈ ગયા જાણે.. આહાહા..! થઈ ગયા.

મુમુક્ષુ :- ઉઘાડે પગે ચાલે.

ઉત્તર :- ઉઘાડે પગે ચાલે, આ લોચ કરાવે. ઉઘાડે પગે તો આ બધા ઢોર ચાલે છે. લોચ કરાવે. ઘેટા પણ કરે છે. છ મહિને નથી કાઢતા? આ ઘેટા. ઘેટા સમજો છો? ઘેટાને શું કહે છે? ભેડ. કાતરે. ઘેટાને છ મહિને કાતરથી કાપે. એવી વાગે, ક્યાંક તો લોહી નીકળે. આ ભેડ જોયા છે ને ભેડીયા. ભાન વિનાના બહાર લોચ કરે એમાં દાળીયા શું થઈ ગયા? એ તો સંયોગની-જડની ક્રિયા છે. ચૈતન્ય જાગૃત જ્યોત ભગવાન અંદર છે એનું તો અનુભવ સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી અને સ્વરૂપમાં જે સ્થિરતા જોઈએ એટલી શાંતિ નથી. અંતરની શાંતિ, એ વિના તારા ભેખ શું કામના? એમ કહે છે. આહાહા..!

'**તપ, વ્રત સમ્યક્ત્વ ઈન સહિત...**' હોય એમ કહે છે. તપ એટલે આ ઈચ્છાનો નિરોધ અને અમૃતસ્વરૂપ આત્માનું તપવું, પ્રગટ થવું. સોનું જેમ ગેરુથી શોભે ને ઓપે છે. સોનાને ગેરુ લગાડતાં ઓપે ને શોભે છે એમ ભગવાનઆત્મા આનંદસ્વરૂપમાં ઈચ્છાનો અભાવ કરીને આનંદથી શોભે છે. અતીન્દ્રિય આનંદથી તપે છે એવી દશાને તપ કહેવામાં આવે છે. બાકી અપવાસ કર્યા, આઠમ કરી, ઢીકણું કર્યું ને ફીકણું કર્યું ને, પોષા કર્યા બધી લાંઘણું છે. સમજાણું કાંઈ? ભારે કામ.

'**મૂલગુણ તથા અતિચારોંકા શોધના હોતા હૈ ઈસપ્રકાર દીક્ષા શુદ્ધ હૈ.**' પંચ મહાવ્રતાદિ, અઠ્યાવીશ મૂળગુણ, નાના-મોટા દોષો હોય એથી રહિત હોય તેને તેનું સાધુપણું શુદ્ધ કહેવામાં આવે છે. '**અન્યવાદી તથા શ્વેતાંબરાદિ...**' સ્થાનકવાસી, દેરાવાસી આદિ '**ચાહે જૈસે કહતે હૈ વહ દીક્ષા શુદ્ધ નહીં હૈ.**' એ દીક્ષા છે જ નહિ, એમ કહે છે. એય..! 'જયંતિભાઈ'! ભારે કામ આકરું. બધા લુગડા લઈને ફરે છે ને? પોટલા. બાંધ્યા હોય અને આમ ચાલે. આ પ્રવ્રજ્યા-સાધુની. મજૂર છે.

મુમુક્ષુ :- હવે તો માણસ ભેગા રાખે છે.

ઉત્તર :- માણસ રાખે તોપણ બાંધે કેટલાક. પાછળ બાંધે, માણસ બે રાખે, સાયકલ સાથે રાખે. પોટલું સાથે રાખે કોક. અરે..! ભગવાન! શું થઈ ગયું આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું તો ઠીક. એને માટે કરે છે .. એનો પ્રશ્ન નથી.

શ્વેતાંબર આદિ અન્યવાદિ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલું આત્મતત્ત્વ, એવું જેને જ્ઞાન નથી એવા અન્યમતિઓ અને શ્વેતાંબર, સ્થાનકવાસી આદિ. એ બધાની દીક્ષા એ દીક્ષા

નથી. એનું સાધુપણું એ સાધુપણું નથી. આકરું કામ ભારે. માણસને આકરું લાગે.

आगे प्रव्रज्याके कथनका संकोच करते हैं :–

**एवं [१]आयत्तणगुणपज्जंत्ता, बहुविसुद्ध सम्मत्ते।**
**णिग्गंथे जिणमग्गे, संखेवेणं जहाखादं।।५९।।**

एवं [२]आयतनगुणपर्याप्ता बहुविशुद्धसम्यक्त्वे।
निर्ग्रन्थे जिनमार्गे संक्षेपेण यथाख्यातम्।।५९।।

સંક્ષેપમાં આયતનથી [૩]દીક્ષાંત ભાવ અહીં કહ્યા,
જ્યમ શુદ્ધસમ્યગ્દરશયુત નિર્ગ્રંથ જિનપથ વર્ણવ્યા. ૫૯.

अर्थ :– इसप्रकार पूर्वोक्त प्रकारसे आयतन अर्थात् दीक्षाका स्थान जो निर्ग्रंथ मुनि उसके गुण जितने हैं उनसे पज्जता अर्थात् परिपूर्ण अन्य भी जो बहुतसे गुण दीक्षामें होने चाहिये वे गुण जिसमें हों इसप्रकारकी प्रव्रज्या जिनमार्गमें प्रसिद्ध है। उसीप्रकार संक्षेपसे कही है। कैसा है जिनमार्ग? जिसमें सम्यक्त्व विशुद्ध है, जिसमें अतीचार रहित सम्यक्त्व पाया जाता है और निर्ग्रंथरूप है अर्थात् जिसमें बाह्य अंतरंग – परिग्रह नहीं है।

भावार्थ :– इसप्रकार पूर्वोक्त प्रव्रज्या निर्मल सम्यक्त्वसहित निर्ग्रन्थरूप जिनमार्गमें कही है। अन्य नैयायिक, वैशेषिक, सांख्य, वेदान्त, मीमांसक, पातंजलि और बौद्ध आदिक मतमें नहीं है। कालदोषसे भ्रष्ट हो गये और जैन कहलाते हैं इसप्रकारके श्वेताम्बरादिकोमें भी नहीं है।।५९।।

इसप्रकार प्रव्रज्याके स्वरूपका वर्णन किया।

---

१. पाठान्तर :– आयत्तणगुणपव्वज्जंता।

२. संस्कृत सटीक प्रतिमें 'आयतन' इसकी सं. 'आत्मत्व' इस प्रकार है।

૩. દીક્ષાંત = પ્રવ્રજ્યા સુધીના..

## ગાથા-૫૯ ઉપર પ્રવચન

**'આગે પ્રવ્રજ્યાકે કથનકા સંકોચ કરતે હૈં :-'** અગિયારમો બોલ છેલ્લો છે ને આ? અહીં તો બધી નિશ્ચયથી વાત કરી હતી. પ્રતિમા કોણ? કે ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એ પ્રતિમા. આ પ્રતિમા તો વ્યવહાર છે શુભભાવનું કારણ છે. સમજાણું કાંઈ? એ બધું આવ્યું હતું ને? આયતન કોણ? દેરાસર મંદિર કોણ? મંદિર આત્મ ભગવાન આનંદનો કંદ એ પોતે મંદિર આયતન છે. આ મંદિરો તો બહારની વાત, શુભભાવ પુણ્ય હોય. પુણ્યભાવમાં નિમિત્ત થાય. ત્યાં બધું ધર્મ-બર્મનું આયતન છે? આયતન તો અહીં છે અંદર. આહાહા..! ભારે. અગિયાર બોલનું વર્ણન એવું આવ્યું. છેલ્લું આ ચારિત્રનું વર્ણન પ્રવ્રજ્યાનું આવ્યું.

**एवं [१]आयत्तणगुणपज्जंत्ता, बहुविसुद्धसम्मत्ते।**
**णिग्गंथे जिणमग्गे, संखेवेणं जहाखादं।।५९।।**

**અર્થ :- 'ઈસપ્રકાર પૂર્વોક્ત પ્રકારસે આયતન અર્થાત્ દીક્ષાકા સ્થાન...'** વર્ણન આવ્યું હતું ને પહેલું? દીક્ષા ક્યાં દેવી? કોઈ જિનમંદિર હોય, જંગલ હોય, અકૃત્રિમ પ્રતિમા અને મંદિર હોય ત્યાં આગળ દીક્ષા દેવી, રહેવાના સ્થાન. **'જો નિર્ગ્રંથ મુનિ ઉસકે ગુણ જિતને હૈં...'** દીક્ષાના ઠેકાણા અને નિર્ગ્રંથ મુનિના ગુણ. **'જિતને હૈં ઉનસે પજ્જતા અર્થાત્ પરિપૂર્ણ...'** વસ્તુ છે. મુનિપણાની. **'અન્ય ભી જો બહુતસે ગુણ દીક્ષામેં હોને ચાહિયે વે ગુણ જિસમેં હોં ઈસપ્રકારકી પ્રવ્રજ્યા જિનમાર્ગમેં...'** કહી છે. લ્યો! વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે આવી પ્રવ્રજ્યા કીધી છે. **'પ્રસિદ્ધ હૈ.'** લ્યો! એ તો કહે છે, આવો જૈનનો માર્ગ પ્રસિદ્ધ છે. બાહ્યમાં મુનિ તો એવા હોય. જંગલવાસી, વનવાસી, દિગંબર સંત આત્મધ્યાની, આત્મામાં રહેનારા એ તો પ્રસિદ્ધ છે, એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? **'પ્રસિદ્ધ હૈ. ઉસીપ્રકાર સંક્ષેપસે કહી હૈ.'** પ્રસિદ્ધ છે એને અહીંયાં થોડું ટૂંકામાં કહ્યું.

**'કૈસા હૈ જિનમાર્ગ? જિસમેં સમ્યક્ત્વ વિશુદ્ધ હૈ,...'** લ્યો! ત્યાંથી લીધું. **'विसुद्धसम्मत्ते' 'बहुविसुद्धसम्मत्ते' 'વિશુદ્ધ હૈ, જિસમેં અતિચાર રહિત સમ્યક્ત્વ પાયા જાતા હૈ...'** ઓલું આવ્યું હતું ને? **'बहुविसुद्धसम्मत्ते'** અતિચારરહિત સમકિત. એમ. આત્માના અનુભવની સમકિત દશા નિર્દોષ અને નિરઅતિચાર હોય. લ્યો, આ પહેલો ધર્મનો પાયો! **'વિશુદ્ધ હૈ, જિસમેં અતિચાર રહિત સમ્યક્ત્વ પાયા જાતા હૈ.'** એટલે અતિચાર રહિત. દેવ-ગુરુ-ધર્મની પણ વ્યવહાર શ્રદ્ધા સાચી હોય અને નિશ્ચય આત્માની શ્રદ્ધા સાચી હોય, આત્મા અનુભવ થઈને.

વળી, **'કૈસા હૈ જિનમાર્ગ?' 'નિર્ગ્રંથરૂપ હૈ...'** નિર્ગ્રંથ. ગ્રંથ નામ અંતરમાં રાગની ગાંઠ નહિ અને બહારમાં વસ્ત્ર-પાત્રનો પરિગ્રહ નહિ. એને નિર્ગ્રંથ માર્ગમાં ગણવામાં આવ્યા છે. આહાહા..! નિ-ર્ગ્રંથ. **'નિર્ગ્રંથરૂપ હૈ અર્થાત્ જિસમેં બાહ્ય અંતરંગ-પરિગ્રહ નહીં હૈ.'** બાહ્યમાં તલના ફોતરા જેટલો પરિગ્રહ નહિ. અભ્યંતરમાં રાગનો કણ નહિ. એવી વીતરાગ

દશા જેને અંતર પ્રગટી છે એને જૈનમાર્ગમાં નિર્ગ્રંથ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બધા વાડા બાંધીને બેઠા એને ભારે આકરું પડે. અમારા સાધુ નહિ? કહે છે લ્યો! તમારા શાસ્ત્રમાં એમ કહ્યું હશે, અમારા શાસ્ત્રમાં આમ કહ્યું છે.

મુમુક્ષુ :- બેમાંથી ક્યા બરાબર એ તો નક્કી કરવું જોઈએ ને?

ઉત્તર :- શાસ્ત્ર તમારા ને અમારા નહિ. સત્ય શું છે એ નક્કી કર ને. આહાહા..!

ભગવાનઆત્મા 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' શેમાં આવે છે?

મુમુક્ષુ :- 'શ્રીમદ્'માં.

ઉત્તર :- 'શ્રીમદ્'માં. 'આત્મસિદ્ધિ.' 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન...' ભગવાનઆત્મા શુદ્ધ પવિત્ર છે, અંદર પૂર્ણ પવિત્ર છે. બુદ્ધ નામ જ્ઞાનનો ઘન છે. આહાહા..! અને ચૈતન્યઘન નામ અસંખ્ય પ્રદેશી છે. 'સ્વયં જ્યોતિ...' સ્વયં જ્યોત, ચૈતન્યજ્યોત અનાદિઅનંત અવિનાશી ભગવાનઆત્મા છે. અને સુખનું ધામ છે. સુખનું સ્થાન છે. આનંદનું ધામ છે. આનંદનું ઠેકાણું, અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર છે. એ ખેતરમાંથી અતીન્દ્રિય આનંદ પાકે એવું ખેતર છે આત્માનું. 'કર વિચાર તો પામ. આનું જ્ઞાન કર તો પમાય. જ્ઞાન કર્યા વિના એ મળે એવું નથી. આહાહા..! પણ સંસાર આડે નવરાશ ન મળે. કહો, સમકિત આવું હોય પહેલું તો, એમ કહે છે. સમજાણું?

**ભાવાર્થ :- 'ઈસપ્રકાર પૂર્વોક્ત પ્રવ્રજ્યા નિર્મલ સમ્યક્ત્વસહિત...'** જુઓ! પહેલું એ આવ્યું. આહાહા..! '**નિર્ગ્રંથરૂપ...**' બે ચારિત્ર. અંતર આત્મા શુદ્ધ, બુદ્ધ, જ્ઞાનઘન, જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ આનંદ એવો આત્મા છે, એમ કહે છે. ક્યાં ગયા? નથી આવ્યા? આનંદ નામ આવે ત્યાં દાંત કાઢે. એનું નામ 'આનંદ' છે ને? આનંદસ્વરૂપ ચૈતન્ય છે. આહાહા..! પણ શી રીતે બેસે? .. તણખા મારતો જીવ. એ પાંચ પૈસા મળ્યા, પાંચ હજાર મળ્યા ત્યાં ખુશી ખુશી થઈ જાય. ધૂળ-ધૂળમાં. એને આત્મા આવો છે (એ કેમ બેસે?) આહાહા..! આબરૂ કાંઈક ઠીક હોય, શરીર કાંઈક ઠીક હોય, વાણી બોલવાનો કંઠનો કણી ઠીક હોય તો એને એમ થાય કે આપણે બહુ ઠીક છે. ભારે ભાઈ!

મુમુક્ષુ :- છાપરે ચડ્યો

ઉત્તર :- છાપરે ચડ્યો વીંછી. એક તો જાણે વાંદરો હોય ચપળ, એને કરડ્યો હોય વીંછી, એને આવ્યો ભૂત, એણે પીધો હોય દારૂ. પછી જોઈ લ્યો વાંદરાની કળા. વાંદરા હોય ને? બંદર-બંદર. વાંદરા સમજો છો? એ પોતે ચપળ હોય બેઠો-બેઠો. આમ-આમ કર્યા જ કરતો હોય. એની ચપળાઈ જ એટલી બધી હોય. એમાં જો વીંછી કરડ્યો હોય એને... આહાહા..! કૂદાકૂદ કરે. એમાં જો ભૂત વળગ્યું હોય અને એમાં જો દારૂ પાયો હોય એને. કહો, શેઠ!

મુમુક્ષુ :- આ ચાર પ્રકાર હશે?

ઉત્તર :- ચાર પ્રકાર છે. એક તો આત્માની ઊંધી શ્રદ્ધા, ઊંધી શ્રદ્ધા વાંદરા જેવો છે.

માન્યતાના ઠેકાણા ન મળે. એમાં જાણપણાનો ઉઘાડ કાંઈક થયો હોય. સમજાણું? એમાં કાંઈક પુણ્યનો ઉદય લઈને બહારમાં સગવડતા હોય, એમાં શરીરની નિરોગતા હોય. દારૂ પીધો. આહાહા..! દાખલો નહોતો આપ્યો ઓલા ચારનો? ક્યો?

મુમુક્ષુ :- વાંઝિયાને પુત્ર...

ઉત્તર :- એ. વાંઝિયાનો પુત્ર હતો એ. યાદ તરત રાખે છે. વાંઝિયાનો પુત્ર હતો. એણે સસલાના શીંગડાનું વહાણ બનાવ્યું. સસલાના શીંગડાનું વહાણ બનાવ્યું અને આકાશના ફૂલ ભર્યા અને મૃગજળમાં તરવા મૂક્યું. ચારેય ખોટા. એય..! વાંઝિયાને દિકરો ન હોય, સસલાને શીંગડા ન હોય, શીંગડાનું વાહન ક્યાંથી બનાવે? આકાશના ફુલ ન હોય ક્યાંથી ભરે વહાણમાં? મૃગજળમાં પાણી ન હોય તો શેમાં ફરે વહાણ? ચારેય ખોટા. એમ અજ્ઞાનીના બધાય ખોટા. આહાહા..!

એક તો મિથ્યાત્વને લઈને-ઊંધી માન્યતાને લઈને ચપળાઈનો પાર ન મળે. આહાહા..! એમાં વળી કાંઈક જાણપણાનો ઉઘાડ થઈ ગયો હોય, એમાં વળી કાંઈક જગતમાં આબરૂ ને કીર્તિ થોડી વધી હોય અને નિરોગ પાડા જેવું શરીર હોય. ચારેય એને સરખા મળી ગયા. આહાહા..!

અહીં તો ભગવાનઆત્મા.. જુઓ! '**સમકિતસહિત નિર્ગ્રંથરૂપ...**' હોય, એમ કહ્યું છે. આહાહા..! અરે..! બહારની આબરૂ કોની? બાપા! પૈસા કોના? શરીર કોનું? સમજાય છે? આત્મા અંતર વસ્તુ ભગવાને કહી, એનો વિચાર કરી, નિર્ણય કરીને જેણે સમકિત પ્રગટ કર્યું. એવો નિર્મળ સમકિત સહિત હોય અને એમાં પાછું નિર્ગ્રંથપણું આવે, કહે છે. આહાહા..! રાગ રહિત દશા પ્રગટ કરે. આનંદ... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદમાં મહાલતો મુક્તિમાં જાશે. સમજાણું કાંઈ?

'**નિર્મલ સમ્યક્ત્વસહિત નિર્ગ્રંથરૂપ...**' જેમાં વસ્ત્રનો ધાગો ન હોય. '**જિનમાર્ગમેં કહી હૈ.**' વીતરાગમાર્ગમાં તો ચારિત્રને આવું કહ્યું છે. એય..! 'નવલચંદભાઈ'! શું છે આમાં હવે? વસ્ત્ર સહિત મુનિ માને એ વીતરાગના માર્ગથી બહાર છે, એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- પણ અશુભથી તો બચે.

ઉત્તર :- મિથ્યાત્વથી ક્યાં બચ્યો છે? મિથ્યાત્વ તો પડ્યું છે મોટું. આહાહા..! દુનિયાને માર્ગની ખબર ન મળે, બાપુ! તરવાનો ઉપાય શું છે (એની ખબર ન મળે). આહાહા..! અનાદિ સર્વજ્ઞ પરમેશ્વરથી આ માર્ગ ચાલ્યો આવે છે, કહ્યો છે ઈ. એમાં કાંઈ પણ ગડબડ કરી તો વીતરાગમાર્ગથી વિરાધક થઈને મિથ્યાત્વમાં જાશે. સમજાણું કાંઈ?

'**જિનમાર્ગમેં કહી હૈ.**' આવી સમકિત સહિત, આત્માના અનુભવના ભાન સહિત સ્વરૂપની રાગ રહિત દશા, તેને વીતરાગમાર્ગમાં સાધુ અને નિર્ગ્રંથપદ, ચારિત્રપદ કહ્યું છે. આહાહા..! '**અન્ય નૈયાયિક, વૈશેષિક,...**' મત છે અન્યમતમાં. '**સાંખ્ય, વેદાંત, મીમાંસક, પાતંજલિ ઔર બૌદ્ધ આદિક મતમેં નહીં હૈ.**' એને આવો માર્ગ હોતો નથી. એક એક આત્મા પરમાનંદની મૂર્તિ અને એમાં આનંદ સાથે અનંતા ગુણો અને એ ગુણોની અનંતી

અવસ્થા, આવું સ્વરૂપ જ વસ્તુનું છે. એવું વસ્તુનું સ્વરૂપ અન્યમાં અન્યે જાણ્યું નથી. માટે તેમાં આવી દીક્ષા અને સાધુપણું હોઈ શકે નહિ.

'**કાલદોષસે ભ્રષ્ટ હો ગયે...**' લ્યો! કાળના દોષે (ભ્રષ્ટ થયા). વીતરાગમાર્ગ અનાદિનો છે. નિર્ગ્રંથ દિગંબર આત્મા આનંદસહિત ચાલ્યો આવતો હતો. એમાં શ્વેતાંબર મત નવો નીકળ્યો. બે હજાર વર્ષ પહેલા. કાળદોષથી જૈનમતથી તો ચ્યુત થઈ ગયા. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આવો આત્મા અને આવો માર્ગ કહ્યો, એનાથી ભ્રષ્ટ થઈ ગયા. '**જૈન કહલાતે હૈં...**' અને અમે જૈન છીએ એમ કહે. એ જૈન નથી. 'ત્રંબકભાઈ'! આકરું પડે પણ માણસને, હોં! શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી અત્યારે આ છે ને? એ બધા એમાં આવી ગયા, ત્રણેય. જૈનમતથી તો ત્રણેય ભ્રષ્ટ છે. 'જાદવજીભાઈ'! આવું છે. હવે તો આવી ગયા. હવે તો વાંધો નથી. પહેલાં શરૂઆતમાં આકરું લાગ્યું.

મુમુક્ષુ :- લાગવું હોય તો લાગે, ન લાગવું હોય તો ન લાગે. પણ એ લોકો ભ્રષ્ટ તો છે, એમાં કાંઈ વાંધો નહિ. એ વાત તો છે.

ઉત્તર :- તારા દાદાનો એ ધર્મ હતો.

મુમુક્ષુ :- મારા દાદા કેવા? અને એનો ધર્મ એ હતો તે હતો પણ હવે તો અહીંયાં આવી ગયા ને? હવે ક્યાં વાંધો છે.

ઉત્તર :- ઠીક! આહાહા..!

'**કાળદોષસે...**' શું કહેવાય? શું કહેવું? એવા જીવો પાક્યા કે વીતરાગમાર્ગને વિરોધ કરી નાખ્યો, ચ્યુત થઈ ગયા. અને કહેવા લાગ્યા કે અમે પણ જૈન છીએ, અમે જૈન છીએ. દિગંબર નિહ્નવ છે. આહાહા..! કેવું લખ્યું, જુઓ! 'બનારસીદાસે' નાટક લખ્યું છે ને? પ્રકરણ રત્નાકરમાં છે તો નિહ્નવનું પણ બહુ સારું છે માટે છાપ્યું છે. પ્રકરણ રત્નાકર. આવડા-આવડા મોટા પુસ્તક છે. બધા જોયા. એકે એક જોયા. હજારો. આહાહા..! 'રાણપુર'માં હતો. એમાં લખેલું કે આ દિગંબર નિહ્નવનું છે. જૈનમાંથી નીકળેલા નિહ્નવ છે. નિહ્નવ એટલે ચોર, સત્યના. એ ગોપવનારા છે. એમણે આ બનાવ્યું. પણ છે સારું માટે આમાં છાપી નાખ્યું.

અરે..! ભગવાન! બાપુ! આમાં શ્વેતાંબર-દિગંબર ક્યાં (છે)? વસ્તુ શું છે? અને વસ્તુનો ધર્મ કઈ રીતે પ્રગટ થાય એવી ચીજ છે એ તો. ભગવાન આત્મા તે શું છે? અને એની દશા પ્રગટ થાય, જેવો પોતે આનંદઘન પ્રભુ છે, સચ્ચિદાનંદ એ આત્મા સત્ સત્ છે. સત્ નામ શાશ્વત અને ચિદ્ઘન. ચિદ્ અને આનંદ એનું સ્વરૂપ છે. આ તો પુણ્ય-પાપ અને વિકલ્પ કરે એ તો મેલ ને બગાડ કરી નાખ્યો છે બધો. આવું સ્વરૂપ છે. એવું ન હોય તો બીજું સ્વરૂપ હોય શી રીતે? સમજાણું કાંઈ?

વસ્તુ સ્વતંત્ર ચૈતન્ય છે. વસ્તુ છે, તત્ત્વ છે તો તત્ત્વનો ભાવ કેવો હોય એનો? અનાદિ અવિનાશી આનંદ, શાંતિ વગેરે એનો ભાવ હોય. પણ એની દશામાં અનાદિથી ઊંધાઈને લઈને એની એને ખબર નથી. એક તો સંસારના ભોગમાં પડ્યા એને આની ખબર ન મળે

અને ભોગ છોડીને બાહ્ય ક્રિયા કે અમે ત્યાગી થઈને નીકળ્યા છીએ, એને એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

'**કાલદોષસે ભ્રષ્ટ હો ગયે ઔર જૈન કહલાતે હૈં...**' અમે જૈન છીએ. '**ઈસપ્રકાર શ્વેતાંબરાદિકોમેં ભી નહીં હૈ.**' એમાં પણ આવું સાધુપણું હોઈ શકે નહિ. નવા સવાને જરી આકરું લાગે. એમાં અર્થ નથી. એમાં શબ્દાર્થ છે. પાઠ જ છે.

---

**आगे बोधपाहुडको संकोचते हुए आचार्य कहते हैं :–**

**रूवत्थं सुद्धत्थं जिणमग्गे जिणवरेहिं जह भणियं।**
**भव्वजणबोहणत्थं छक्कायहियंकरं उक्तम्।।६०।।**

**रूपस्थं शुद्धयर्थ जिनमार्गे जिनवरैः यथा भणितम्।**
**भव्यजन बोधनार्थं षट्कायहितंकरं उक्तम्।।६०।।**

**રૂપસ્થ સુવિશુદ્ધાર્થ વર્ણન જિનપથે જ્યમ જિન કર્યું,**
**ત્યમ ભવ્યજનબોધન – અરથ ષટ્કાયહિતકર અહીં કહ્યું. ૬૦.**

**अर्थ :–** जिसमें अंतरंग भावरूप अर्थ शुद्ध है और ऐसा ही रूपस्थ अर्थात् बाह्यस्वरूप मोक्षमार्ग जैसा जिनमार्गमें जिनदेवने कहा है वैसा छहकायके जीवोंका हित करनेवाला मार्ग भव्यजीवोंके संबोधनके लिये कहा है। इसप्रकार आचार्यने अपना अभिप्राय प्रकट किया है।

**भावार्थ :–** इस बोधपाहुडमें आयतन आदिसे लेकर प्रव्रज्यापर्यन्त ग्यारह स्थल कहे। इनका बाह्य–अन्तरंग स्वरूप जैसे जिनदेवने जिनमार्गमें कहा वैसे ही कहा है। कैसा है यह रूप? छहकायके जीवोंका हित करनेवाला है, जिसमें एकेन्द्रिय आदि असैनी पर्यन्त जीवोंकी रक्षाका अधिकार है, सैनी पंचेन्द्रिय जीवोंकी रक्षा भी कराता है और मोक्षमार्गका उपदेश करके संसारका दुःख मेटकर मोक्षको प्राप्त कराता है, इसप्रकारका मार्ग (–उपाय) भव्यजीवोंके संबोधनके लिये कहा है। जगतके प्राणी अनादिसे लगाकर मिथ्यामार्गमें प्रवर्तनकर संसारमें भ्रमण करते हैं, इसीलिये दुःख दूर करनेके लिये आयतन आदि ग्यारह स्थान धर्मके ठिकानेका आश्रय लेते हैं; अज्ञानी जीव इस स्थान पर अन्यथा स्वरूप स्थापित करके उनसे सुख लेना चाहते हैं, किन्तु यथार्थके बिना सुख कहाँ? इसलिये आचार्य दयालु होकर जैसे सर्वज्ञने कहे वैसे ही आयतन आदिका स्वरूप संक्षेपसे यथार्थ कहा है? इसको बाँचो, पढ़ो, धारण करो और इसकी श्रद्धा करो। इसके अनुसार तद्रूप प्रवृत्ति करो। इसप्रकार करनेसे वर्तमानमें सुखी रहो और आगामी संसारदुःखसे छूटकर परमानन्दस्वरूप मोक्षको प्राप्त करो। इसप्रकार आचार्यका कहनेका अभिप्राय है।

यहाँ कोई पूछे – इस बोधपाहुडमें व्यवहारधर्मकी प्रवृत्तिके ग्यारह स्थान कहे। इनका विशेषण किया कि – ये छहकायके जीवोंके हित करनेवाले हैं। किन्तु अन्यमती इनको अन्यथा स्थापित कर प्रवृत्ति करते हैं वे हिंसारूप हैं और जीवोंके हित करनेवाले नहीं हैं। ये ग्यारह ही स्थान संयमी मुनि और अरहन्त, सिद्धको ही कहे हैं। ये तो छहकायके जीवोंके हित करनेवाले ही हैं इसलिये पूज्य हैं। यह तो सत्य है, और जहाँ रहते हैं, इसप्रकार आकाशके प्रदेशरूप क्षेत्र तथा पवर्तकी गुफा वनादिक तथा अकृत्रिम चैत्यालय ये स्वयमेव बने हुए हैं, उनको भी प्रयोजन और निमित्त विचारकर उपचारमात्रसे छहकायके जीवोंके हित करनेवाले कहें तो विरोध नहीं है, क्योकि ये प्रदेश जड़ हैं, ये बुद्धिपूर्वक किसीका बुरा–भला नहीं करते हैं तथा जड़को सुख–दुःख आदि फलका अनुभव नहीं है, इसलिये ये भी व्यवहारसे पूज्य हैं, क्योंकि अरहंतादिक जहाँ रहते हैं वे क्षेत्र–निवास आदिक प्रशस्त हैं, इसलिये उन अरहंतादिके आश्रयसे ये क्षेत्रादिक भी पूज्य हैं; परन्तु प्रश्न–गृहस्थ जिनमंदिर बनावे, वस्तिका, प्रतिमा बनावे और प्रतिष्ठा पूजा करे उसमें तो छहकायके जीवोंकी विराधना होती है, यह उपदेश और प्रवृत्ति की बाहुल्यता कैसे है?

इसका समाधान इसप्रकार है कि – गृहस्थ अरहन्त, सिद्ध, मुनियोंका उपासक है; ये जहाँ साक्षात् हों वहाँ तो उनकी वंदना, पूजन करता ही है। जहाँ ये साक्षात् न हों वहाँ परोक्ष संकल्प कर वंदना – पूजन करता है तथा उनके रहनेका क्षेत्र तथा ये मुक्त हुए उस क्षेत्रमें तथा अकृत्रिम चैत्यालयमें उनका संकल्प कर वन्दना व पूजन करता है। इसमें अनुरागविशेष सूचित होता है; फिर उनकी मुद्रा, प्रतिमा तदाकार बनावे और उसको मंदिर बनाकर प्रतिष्ठा कर स्थापित करे तथा नित्य पूजन करे इसमें अत्यन्त अनुराग सूचित होता है, उस अनुरागसे विशिष्ट पुण्यबन्ध होता है और उस मन्दिरमें छहकायके जीवोंके हितकी रक्षाका उपदेश होता है तथा निरन्तर सुननेवाले और धारण करनेवालेके अहिंसा धर्मकी श्रद्धा दृढ़ होती है, तथा उनकी तदाकार प्रतिमा देखनेवालेके शांत भाव होते हैं, ध्यानकी मुद्रा स्वरूप जाना जाता है और वीतरागधर्मसे अनुराग विशेष होनेसे पुण्यबन्ध होता है, इसलिये इनको भी छहकायके जीवोंका हित करनेवाला उपचारसे कहते हैं।

जिनमन्दिर वस्तिका प्रतिमा बनानेमें तथा पूजा–प्रतिष्ठा करनेमें आरम्भ होता है, उसमें कुछ हिंसा भी होती है। ऐसा आरम्भ तो गृहस्थका कार्य है, इसमें गृहस्थको अल्प पाप कहा, पुण्य बहुत कहा है; क्योंकि गृहस्थके पदमें न्यायकार्य करके न्यायपूर्वक धन उपार्जन करना, रहनेके लिये मकान बनवाना, विवाहादिक करना और यत्नपूर्वक आरंभ कर आहारादिक स्वयं बनाना तथा खाना इत्यादिक कार्योंमें यद्यपि हिंसा होती है तो भी गृहस्थको इनका महापाप नहीं कहा जाता है। गृहस्थके तो महापाप मिथ्यात्वका सेवन करना, अन्याय, चोरी आदिसे धन उपार्जन करना, त्रस जीवोंको मारकर मांस आदि अभक्ष्य खाना और परस्त्री–सेवन

करना ये महापाप हैं।

गृहस्थाचार छोड़कर मुनि हो जावे तब गृहस्थके न्यायकार्य भी अन्याय ही हैं। मुनिके भी आहार आदिकी प्रवृत्तिमें कुछ हिंसा होती है उससे मुनिको हिंसक नहीं कहा जाता है, वैसे ही गृहस्थके न्यायपूर्वक अपने पदके योग्य आरंभके कार्योंमें अल्प पाप ही कहा जाता है, इसलिये जिनमंदिर, वस्तिका और पूजा-प्रतिष्ठाके कार्योंमें आरंभका अल्प पाप है; मोक्षमार्गमें प्रवर्तनेवालोंसे अति अनुराग होता है और उनकी प्रभावना करते हैं, उनको आहारदानादिक देते हैं और उनका वैयावृत्यादि करते हैं। ये सम्यक्त्वके अंग हैं और महान पुण्यके कारण हैं, इसलिये गृहस्थको सदा ही करना योग्य हैं। और गृहस्थ होकर ये कार्य न करे तो ज्ञात होता है कि इसके धर्मानुराग विशेष नहीं है।

प्रश्न :- गृहस्थको जिसके बिना चले नहीं इसप्रकारके कार्य तो करना ही पड़ें और धर्मपद्धतिमें आरम्भका कार्य करके पाप क्यों मिलावे, सामायिक, प्रतिक्रमण, प्रौषध आदि करके पुण्य उपजावे। उसको कहते हैं - यदि तुम इसप्रकार कहो तो तुम्हारे परिणाम तो इस जातिके हैं नहीं, केवल बाह्यक्रिया मात्रमें ही पुण्य समझते हो। बाह्यमें बहु आरंभ परिग्रहीका मन, सामायिक प्रतिक्रमण आदि निरारंभ कार्योंमें विशेषरूपसे लगता नहीं है यह अनुभवगम्य है, तुम्हारे अपने भावोंका अनुभव नहीं है; केवल बाह्य सामायिकादि निरारंभ कार्यका भेष धारणकर बैठो तो कुछ विशिष्ट पुण्य नहीं है, शरीरादिक बाह्य वस्तु तो जड़ हैं, केवल जड़की क्रिया का फल तो आत्माको मिलता नहीं है। अपने भाव जितने अंशमें बाह्यक्रियामें लगें उतने अंशमें शुभाशुभ फल अपनेको लगता है; इसप्रकार विशिष्ट पुण्य तो भावोंके अनुसार है।

आरंभी-परिग्रहीके भाव तो पूजा, प्रतिष्ठादिक बड़े आरंभमें ही विशेष अनुराग सहित लगते हैं। जो गृहस्थाचारके बड़े आरंभसे विरक्त होगा सो उसे त्यागकर अपना पद बढ़ावेगा, जब गृहस्थाचारके बड़े आरंभ छोड़ेगा तब उसीतरह धर्मप्रवृत्तिके बड़े आरंभ भी पदके अनुसार घटावेगा। मुनि होगा तब आरंभ क्यों करेगा? अतः तब तो सर्वथा आरम्भ नहीं करेगा, इसलिये मिथ्यादृष्टि बाह्यबुद्धि जो बाह्य कार्यमात्रहीको पुण्य-पाप-मोक्षमार्ग समझते हैं उनका उपदेश सुनकर अपनेको अज्ञानी नहीं होना चाहिये। पुण्य-पापके बंधमें शुभाशुभ भाव ही प्रधान है और पुण्य-पापरहित मोक्षमार्ग है, उसमें सम्यग्दर्शनादिकरूप आत्मपरिणाम प्रधान है। (हेयबुद्धि सहित) धर्मानुराग मोक्षमार्गका सहकारी है और (आंशिक वीतराग भाव सहित) धर्मानुरागके तीव्र-मंदके भेद बहुत हैं, इसलिये अपने भावोंको यथार्थ पहिचानकर अपनी पदवी, सामर्थ्य पहिचान-समझकर श्रद्धान-ज्ञान और उसमें प्रवृत्ति करना; अपना भला-बुरा अपने भावोंके आधीन है, बाह्य परद्रव्य तो निमित्तमात्र है, उपादान कारण हो तो निमित्त भी सहकारी हो और उपादान न हो तो निमित्त कुछ भी नहीं करता है, इसप्रकार इस बोधपाहुडका

**आशय जानना चाहिए।**

**इसको अच्छी तरह समझकर आयतनादिक जैसे कहे वैसे और इनका व्यवहार भी बाह्य वैसा ही तथा चैत्यगृह, प्रतिमा, जिनबिंब, जिनमुद्रा आदि धातु–पाषाणादिका भी व्यवहार वैसा ही जानकर श्रद्धान और प्रवृत्ति करनी। अन्यमती अनेक प्रकार स्वरूप बिगाड़ कर प्रवृत्ति करते हैं उनकी बुद्धि कल्पित जानकर उपासना नहीं करनी। इस द्रव्यव्यवहारका प्ररूपण प्रव्रज्याके स्थलमें आदिसे दूसरी गाथामें बिंब[१] चैत्यालयत्रिक और जिनभवन ये भी मुनियोंके ध्यान करने योग्य हैं इसप्रकार कहा है सो गृहस्थ जब इनकी प्रवृत्ति करते हैं तब ये मुनियोंके ध्यान करने योग्य होते हैं; इसलिये जो जिनमन्दिर, प्रतिमा, पूजा, प्रतिष्ठा आदिकके सर्वथा निषेध करनेवाले वह सर्वथा एकान्तीकी तरह मिथ्यादृष्टि हैं, इनकी संगति नहीं करना। (मूलाचार पृ.४९२ अ. १० गाथा ९६ में कहा है कि ''श्रद्धाभ्रष्टोंके संपर्ककी अपेक्षा (गृहमें) प्रवेश करना अच्छा है क्योंकि विवाहमें मिथ्यात्व नहीं होगा, परन्तु ऐसे गण तो सर्व दोषोंके आकर हैं उसमें मिथ्यात्वादि दोष उत्पन्न होते हैं अतः इनसे अलग रहना ही अच्छा है'' ऐसा उपदेश है)।**

## ગાથા-૬૦ ઉપર પ્રવચન

**'આગે બોધપાહુડકો સંકોચતે હુએ આચાર્ય કહતે હૈં :-'** પૂરું કરે છે.

**रूवत्थं सुद्धत्थं जिणमग्गे जिणवरेहिं जह भणियं।**
**भव्वजणबोहणत्थं छक्कायहियंकरं उत्तं।।६०।।**

ભાષા તો બધે ભગવાન ભગવાન કરે છે. ગાથા બીજી અને નવમી આમાં આવી હતી. પહેલા આવી ગયા છે. છ કાય જીવની. બીજી ગાથા અને નવમી ગાથા બે ગાથા. બોધપાહુડમાં છે.

**અર્થ :- 'જિસમેં અંતરંગ ભાવરૂપ અર્થ શુદ્ધ હૈ ઔર ઐસા હી રૂપસ્થ અર્થાત્ બાહ્યસ્વરૂપ મોક્ષમાર્ગ જૈસા જિનમાર્ગમેં જિનદેવને કહા હૈ...'** શું કહે છે? એનો એટલો અર્થ. **'અંતરંગ ભાવરૂપ અર્થ શુદ્ધ હૈ ઔર ઐસા હી રૂપસ્થ...'** પોતાનું શુદ્ધ રૂપ એમાં સ્થ-રહેલું. **'બાહ્યસ્વરૂપ મોક્ષમાર્ગ...'** અને બાહ્ય નગ્નપણું. **'જૈસા જિનમાર્ગમેં જિનદેવને કહા હૈ...'** લ્યો! બહારનું રૂપ નગ્ન, અંતરનું રૂપ વીતરાગીપણું. **'ભાવરૂપ અર્થ શુદ્ધ હૈ ઔર ઐસા હી રૂપસ્થ...'** અને રૂપસ્થ કહીએ બાહ્ય સ્વરૂપ મોક્ષમાર્ગ. એમ. મુનિનું રૂપ નગ્ન-દિગંબર હોય. માતાએ જન્મ્યો એવો. અનાદિઅનંત સર્વજ્ઞના માર્ગમાં આવો માર્ગ છે. મહાવિદેહમાં એ જ છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં માર્ગ આ જ એકલો છે. દિગંબર મુનિ,

**१. गाथा २ में बिंबकी जगह 'बच' ऐसा पाठ है।**

નિર્ગ્રંથ મુનિ, એ સિવાય બીજો જૈનમાં ફાટો મહાવિદેહમાં નથી. કાળદોષને લઈને (અહીંયાં) આ બધા વાંધા-ફાટા પડી ગયા. સમજાણું કાંઈ?

**'જિસમેં અંતરંગ ભાવરૂપ અર્થ શુદ્ધ હૈ...'** શુદ્ધ અર્થ કર્યો. જેવો છે એવો. વીતરાગે કહ્યું એવું આમાં કહ્યું છે. અને **'રૂપસ્થ...'** બાહ્ય સ્વરૂપ નગ્ન-દિગંબર. એવો **'મોક્ષમાર્ગ જૈસા જિનમાર્ગમેં જિનદેવને કહા હૈ વૈસા છહકાયકે જીવોંકા હિત કરનેવાલા...'** કોઈ જીવને દુઃખ ન થાય એ માટે આ માર્ગ કહ્યો છે. આ તો. સમજાણું કાંઈ? **'છહકાયકે જીવોંકા હિત કરનેવાલા માર્ગ ભવ્યજીવોંકે સંબોધનકે લિયે કહા હૈ.'** લાયક પ્રાણીને સમજાવવા માટે આ કહ્યું છે. બીજી કોઈ વાત આમાં છે નહિ. **'ઈસપ્રકાર આચાર્યને અપના અભિપ્રાય પ્રકટ કિયા હૈ.'**

'કુંદકુંદાચાર્યદેવ' સંવત્ ૪૯માં અહીંયાં મનુષ્યક્ષેત્રમાં અહીંયાં ભરતમાં વિચરતા હતા. ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' પરમાત્મા વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાં ગયા હતા. એ વખતે હતા અને અત્યારે પણ છે. મોટું આયુષ્ય છે. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યાં. કહે છે, **'ભવ્યજીવોંકે સંબોધનકે લિયે કહા હૈ.'** સમજાવવા માટે. બીજો કોઈ હેતુ છે નહિ. સાચી ઓળખાણ કરે, સાચી શ્રદ્ધા કરે અને પછી ચારિત્ર અંગીકાર કરે. એવો મોક્ષમાર્ગ ભવ્યજીવોને સંબોધન અર્થે. **'ઈસપ્રકાર આચાર્યને અપના અભિપ્રાય પ્રકટ કિયા હૈ.'** મેં મારા ઘરનું કહ્યું નથી, એમ કહે છે. જેવો માર્ગ છે પરમાત્માનો, વીતરાગનો માર્ગ જે અનાદિ ચાલ્યો આવે છે એવો માર્ગ મેં આમાં સંતોએ કહ્યો એ કહું છું. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'ઈસ બોધપાહુડમેં આયતન આદિસે લેકર પ્રવ્રજ્યાપર્યન્ત ગ્યારહ સ્થલ કહે. ઈનકા બાહ્ય-અંતરંગ સ્વરૂપ જૈસે જિનદેવને જિનમાર્ગમેં કહા વૈસે હી કહા હૈ.'** ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવું બાહ્ય અને અભ્યંતર સ્વરૂપ કહ્યું છે એવું આમાં કહ્યું છે. **'કૈસા હૈ યહ રૂપ - છહકાયકે જીવોંકા હિત કરનેવાલા હૈ, જિસમેં એકેન્દ્રિય આદિ અસૈની પર્યંત જીવોંકી રક્ષાકા અધિકાર હૈ,...'** આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ એકેન્દ્રિય જીવની તો રક્ષાની વ્યાખ્યા છે. મન વિનાના અસંજ્ઞી પ્રાણી, એને નહિ મારવાનો ઉપદેશ આમાં છે.

વળી, **'સૈની પંચેન્દ્રિય જીવોંકી રક્ષા ભી કરાતા હૈ...'** કોઈ પ્રાણીને સંજ્ઞીવાળાને પણ ન હણવો એવો ઉપદેશ છે. **'ઔર મોક્ષમાર્ગકા ઉપદેશ કરકે સંસારકા દુઃખ મેટકર મોક્ષકો પ્રાપ્ત કરાતા હૈ,...'** લ્યો! **'મોક્ષમાર્ગકા ઉપદેશ કરકે સંસારકા દુઃખ...'** મેટી... શું છે? આમાં કેમ ભેટી જેવું થઈ ગયું છે? સંસારના દુઃખો મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષના દુઃખો, અનંત દુઃખ આકુળતા છે. અને આત્માના આનંદની ખબર નથી તો એવી આકુળતા એને દેખાતી નથી-લાગતી નથી. આહાહા..! સમજાણું? આકુળતામાં મુંઝાયેલો છે ને? એટલે આકુળતા મને છે, આકુળતા મને છે એની ખબર નથી એને. આહાહા..!

સર્પની વાત નહોતી કરી? ચુડાની. કંદોઈ કાંઈ ભજીયા કે કાંઈક કરતા હશે. તાવડો મોટો તેલનો (ચડાવેલો). જૈન (હતા). ઉપરથી સર્પ ચાલ્યો જાતો હતો. એને ધુમાડો લાગ્યો તો

પડ્યો કડાઈમાં. ધગધગતું તેલ. 'કુંવરજીભાઈ'. આ લોકો તો બધા દેરાવાસી થઈ ગયેલા. 'કુંવરજી' એક સ્થાનકવાસી હતા. એ આવતા. આ બધા ભાઈઓ દેરાવાસી. એ તો આવતા અહીંયાં. અને મુહપતિ બાંધીને સામાયિક પણ કરતા. એ એરણ ને ઉપરથી પડ્યો સર્પ. અડધો પડ્યો કડાઈમાં અને અડધો બહાર. ધગધગતું તેલ. અને આ લોકો બિચારા જૈન. રાડ (પાડી ગયા). પછી તાવેથો હોય ને? શું કહેવાય એ? ભજીયા કાંઈક કરતા હશે. એમાંથી આમ કાઢ્યો એને. અડધો પડ્યો હતો અંદર અને અડધો બહાર. આમ કાઢ્યો. કાઢ્યા ભેગો મુંઝાઈ ગયો. ક્યાં જાવું ને ક્યાં નહિ. ચુલામાં ગરી ગયો. અગ્નિ સળગતી હતી ધગ.. ધગ.. ધગ.. હેઠે. કારણ કે આમ થઈ ગયો હતો. એ જાણે કે અહીં હશે, અહીં હશે. ભાન ન મળે ને. ચૂલમાં અગ્નિમાં ગરી ગયો, બળીને રાખ. આહાહા..! અગ્નિ ધગધગતી બળતી હતી અને તેલનું કડાયું હતું. એમાં ગરી ગયો કાઢ્યો ત્યાં. કારણ કે એટલી બળતરા કે સામું બળતરાનું સ્થાન ક્યું એ ખબર ન મળે.

એમ અનાદિનો અજ્ઞાની મિથ્યાદર્શનમાં બળી રહ્યો છે. એને ભાન નથી કે આ બળવું મારે કેમ છે? ઉલટાનું બળતરા જ્યાં રાગ અને અજ્ઞાન છે ત્યાં ગરે છે પાછો. સમજાણું કાંઈ ? એક તો મિથ્યાશ્રદ્ધા અજ્ઞાનભાવથી બળી રહ્યો છે એ. અને એમાંથી બળતરામાં ભાન નથી તો આ બળતરા કેમ ટાળવી એની ખબર નથી. પણ જેમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ ગાઢ થાય છે એમાં ઝંપલાવે છે. સર્પ જેવું છે. એ લોકો બિચારા જૈન હતા ને તો ત્રાસ થઈ ગયો. આ ત્રાસ થયો નથી. આહાહા..! કહો, અનાદિના (સંસારનું) દુઃખ મેટી '**મોક્ષકો પ્રાપ્ત કરાતા હૈ, ઈસપ્રકાર માર્ગ (-ઉપાય) ભવ્યજીવોંકે સંબોધનકે લિયે કહા હૈ.**' ભવ્ય માટે કહ્યો છે. લાયક પ્રાણી હોય એને સમજાવવા. અભવિ માટેની આ વાત નથી.

'**જગતકે પ્રાણી અનાદિસે લગાકર મિથ્યામાર્ગમેં પ્રવર્તનકર સંસારમેં ભ્રમણ કરતે હૈં,...**' જગતના પ્રાણી-જીવો, સત્તા હયાતીવાળું તત્ત્વ હોવા છતાં, ભાન વિના અનાદિથી અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... મિથ્યા માર્ગ-વિપરીત માર્ગ, ઊલટી શ્રદ્ધા-જ્ઞાન ને રાગ-દ્વેષ, એવા માર્ગમાં પ્રવર્તી સંસારમાં ભમે છે. '**ઈસીલિયે દુઃખ દૂર કરનેકે લિયે આયતન આદિ ગ્યારહ સ્થાન ધર્મકે ઠિકાનેકા આશ્રય લેતે હૈં;...**' અગિયાર બોલ કહ્યા આખા બોધપાહુડમાં. દુઃખ મટાડવાને આ આયતન કહ્યા. એ અગિયાર ઠેકાણા છે.

'**ગ્યારહ સ્થાન ધર્મકે ઠિકાનેકા આશ્રય લેતે હૈં; અજ્ઞાની જીવ ઈસ સ્થાન પર અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે ઉનસે સુખ લેના ચાહતે હૈં, કિન્તુ યથાર્થકે બિના સુક કહાં?**' યથાર્થ વિના સુખ ક્યાંથી મળે? વાસ્તવિક આત્મા શું? પ્રતિમા શું? મંદિર શું? ધર્મ શું? મોક્ષમાર્ગ શું? સમ્યગ્દર્શન શું? ચારિત્ર શું? એવા સ્થાન ને યથાર્થ ભાન વિના એને સુખ મળે નહિ, દુઃખ ટળે નહિ.

'**ઈસલિયે આચાર્ય દયાલુ હોકર જૈસે સર્વજ્ઞને કહે વૈસે હી આયતન આદિકા સ્વરૂપ સંક્ષેપસે યથાર્થ કહા હૈ.**' આચાર્ય દયાળુ થઈને સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જેવા સ્થાન ધર્મના આયતન આદિ સ્વરૂપ કહ્યું એ યથાર્થ કહ્યું છે, લ્યો! '**ઈસકો બાંચો, પઢો,**

**ધારણ કરો ઔર ઈસકી શ્રદ્ધા કરો.**' અનાદિનો રખડેલો પ્રાણી દુઃખી... દુઃખી... દુઃખી (છે). પોતાની જાત શું છે એની ખબર નથી. ચોર્યાસીના અવતારમાં (રખડે છે). પૈસાવાળાને માણસો સુખી કહે છે. ધૂળમાંય સુખી નથી. બળતરા છે. અજ્ઞાન ને મિથ્યાશ્રદ્ધાથી સળગી રહ્યા છે. શેઠ! ક્યાં સુખ છે? જુઓને આ. આહાહા..! આનંદ ને સુખ તો આત્મામાં છે. એનું તો જેને ભાન નથી. અજ્ઞાની મૂઢ થઈને જ્યાં ત્યાં ઝાવા નાખે. આહાહા..! કહે છે કે, અનાદિનો.. આહાહા..! દુઃખી સંસારમાં રખડી રહ્યો છે. એને આ વાત અમે કીધી છે માટે વાંચો, એનો વિચાર કરો, નિર્ણય કરો, શ્રદ્ધા કરો અને પછી સ્વરૂપમાં પ્રવર્તો. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ છે ત્યાં અંદર જા. એ વિના તને શાંતિ ક્યાંય છે નહિ. લ્યો!

'**ઈસપ્રકાર કરનેસે વર્તમાનમેં સુખી રહો...**' આત્માનો આનંદસ્વભાવ છે એનું ભાન કરીને ત્યાં રહે તો વર્તમાનમાં સુખ થાય. '**ઔર આગામી સંસારદુઃખસે છૂટકર...**' ભવિષ્યમાં સંસારનું દુઃખ એને રહે નહિ. '**પરમાનંદસ્વરૂપ મોક્ષકો પ્રાપ્ત કરો. ઈસપ્રકાર આચાર્યકા કહનેકા અભિપ્રાય હૈ.**' આ 'બોધપાહુડ'માં તો નિશ્ચયની બહુ વાતો આવી છે. નિશ્ચયની. પ્રતિમા, મંદિર એ બધું નિશ્ચય આત્મા... આત્મા.. આત્મા.. ઉતાર્યું છે. આ બહારનું બધું વ્યવહાર. શુભભાવનું નિમિત્ત છે. નિશ્ચયથી આ ન હોય તો આ બધો વ્યવહાર એનો ખોટો. એની વિશેષ વ્યાખ્યા કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૪, ગાથા-૬૦, ગુરુવાર, પોષ વદ ૩, તા.૧૪-૦૧-૭૧

આ 'બોધપાહુડ'ની ગાથા-૬૦. એનો ભાવાર્થ ચાલે છે. નીચે છે નીચે. '**યહાં કોઈ પૂછે...**' ૧૫૪ પાનું. હિન્દી. '**ઈસ બોધપાહુડમેં વ્યવહારધર્મકી પ્રવૃત્તિકે ગ્યારહ સ્થાન કહે.**' ધર્મના વ્યવહારની પ્રવૃત્તિના અગિયાર સ્થાન કહ્યા. પોતે મુનિ છે ને આત્મધ્યાની! આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એનું જેને ધ્યાન અને સ્થિરતા આનંદની વિશેષ થઈ ગઈ છે, એવા મુનિને જ જિનપ્રતિમા કીધી છે. સમજાણું કાંઈ? આ જિનપ્રતિમા તો વ્યવહાર છે. આ પણ વ્યવહાર છે. મુનિ જે છે એ બીજાને જિનપ્રતિમા નિશ્ચયથી છે. એટલે કે એનું મુનિપણું જે આનંદસ્વરૂપ (છે), જેવો એનો-આત્માનો નિર્દોષ સ્વભાવ છે, નિર્દોષ કહો કે વીતરાગ કહો, એવું એનું સ્વરૂપ જ આત્માનું છે. વસ્તુ સ્વરૂપ છે એ કાંઈ સદોષ હોય નહિ. સદોષ તો એની દશામાં-હાલતમાં અનાદિથી ભૂલને લઈને સદોષ છે. વસ્તુ પોતે આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ (છે) એ તો નિર્દોષ છે. નિર્દોષ કહો કે રાગરહિત કહો કે વિકારરહિત કહો, એવો એનો ત્રિકાળી અવિનાશી સ્વભાવ (છે). એનું જેને અંતર ભાન થયું અને એને શાંતિની વિશેષ ઉગ્રતા વેદનમાં આવી, એવા મુનિને જ જિનપ્રતિમા કહે છે. જિનપડિમા, જિનમુદ્રા

એ બધું મુનિને લાગુ પાડ્યું છે અને કાં અરિહંતને. બસ, બેને. સાક્ષાત્ અરિહંત પરમાત્મા, જેને પૂર્ણ નિર્દોષતા જેવી છે એવી પ્રગટ થઈ છે. એવા અરિહંતને, સાક્ષાત્ અરિહંતને જ અરિહંત કીધા છે. આ પ્રતિમા ને મંદિર એ બધા શુભભાવમાં..

મુમુક્ષુ :– વ્યવહારનો વ્યવહાર

ઉત્તર :– એ વ્યવહારનો વ્યવહાર છે. કીધું ને.

**'વ્યવહારધર્મકી પ્રવૃત્તિકે ગ્યારહ સ્થાન કહે. ઈનકા વિશેષણ કિયા...'** એનું વિશેષણ કર્યું. એટલે? કે જિનપ્રતિમા આદિ... આત્મા વીતરાગમૂર્તિ છે, એવી જેને દશા પ્રગટ થઈ તે ખરેખર વીતરાગમુદ્રા, જિનપ્રતિમા આદિ કહેવામાં આવે છે અને એને તીર્થ કહેવામાં આવે છે. બાહ્ય તીર્થો તો વ્યવહાર તીર્થ છે. જોકે આ પણ તીર્થ બીજાને માટે વ્યવહાર છે. એની અપેક્ષાએ એનું નિશ્ચયતીર્થ છે. જેણે તરવાનો ઉપાય અંતરના સ્વભાવમાંથી શુદ્ધતા જે પવિત્ર છે, એમાંથી પવિત્ર પરિણતિ અવસ્થા જેણે પ્રગટ કરી એ જ તીર્થ છે. બહારના તીર્થો તો વ્યવહાર શુભભાવ હોય છે ત્યારે એને હોય છે. એટલી વાત.

હવે અહીં તો કહે છે કે અગિયાર સ્થાનકમાં.. એ બધા બોલ આવી ગયા છે પહેલા. એનું વિશેષણ કર્યું કે એ અગિયાર સ્થાનક કેવા છે? કે **'છહકાયકે જીવોંકે હિત કરનેવાલે હૈં.'** જીવ છ પ્રકારના છે. પૃથ્વી જીવ છે. આ પથ્થર નીકળે છે ને સચેત ખાણમાંથી? અંદર જીવ છે. જેમ આ શરીર છે પણ અંદર જીવ છે. એ પૃથ્વીનું ઉપરનું શરીર દળ છે પણ અંદર એકેન્દ્રિય જીવ છે. પૃથ્વી, હીરા, માણેક સીધા નીકળે છે. એમાં અંદર શરીર છે એના રજકણો, અંદર જીવ છે અરૂપી ભિન્ન છે. એ છકાયમાં એકેન્દ્રિય પૃથ્વીકાય કહેવાય. પાણી. પાણીના બિંદુ સચેત (છે). કૂવામાં જે બિંદુ છે એ છે શરીર ઉપર પણ અંદર અરૂપી જીવ છે. જેમ આ શરીર દેખાય છે અને અંદર જીવ છે એમ એકેન્દ્રિય જળકાય કહેવાય. પાણીના જીવ છે. અગ્નિ. આ દિવાસળી સળગાવે ત્યાં ભડકો થાય. એ દેખાય છે શરીર, અંદર એકેન્દ્રિય જીવ છે. એમ વાયુ અને વનસ્પતિ. વાયુ પણ અંદર જીવ છે. આ વનસ્પતિ. અને ત્રસ. બે ઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઈન્દ્રિય. એ **'છહકાયકે જીવોંકે...'** એ છકાય થયા. આ અગિયાર સ્થાનક એના જીવના હિતના કરવાવાળા છે.

**'અન્યમતી ઈનકો અન્યથા સ્થાપિત કર પ્રવૃત્તિ કરતે હૈં વે હિંસારૂપ હૈ...'** જેમાં એકલી હિંસા થાય અને આત્માનો સ્વભાવ બિલકુલ પ્રગટે નહિ અને એને અહીંયાં ઉથાપ્યા છે. **'ઔર જીવોંકે હિત કરનેવાલે નહીં હૈ. યે ગ્યારહ હી સ્થાન સંયમી મુનિ ઔર અર્હંત, સિદ્ધકો હી કહે હૈં.'** લ્યો! જેની અતીન્દ્રિય દશા, સ્વરૂપ પોતાનું અતીન્દ્રિય છે એવી અતીન્દ્રિય દશા, દશા એટલે હાલત વર્તમાનમાં પ્રગટ થઈ ગઈ છે એવી સંયમી મુનિ અને અરિહંત ને સિદ્ધ. અર્હંત શબ્દ વાપર્યો છે. અરિહંત શબ્દ નથી વાપર્યો. અર્હંત એટલે પૂજનિક અને પરમાત્મા સદેહે અને દેહરહિત સિદ્ધ. એને અહીયાં અગિયાર સ્થાનકમાં મુખ્યપણે ગણવામાં આવ્યા છે.

**'યે તો છહકાયકે જીવોંકે હિત કરનેવાલા હી હૈં...'** છકાયના જીવના હિત કરવાવાળા છે

મુનિ, અરિહંત ને સિદ્ધ. **'ઈસલિયે પૂજ્ય હૈં.'** એથી એ પૂજ્ય છે. બીજાને માટે ... **'યહ તો સત્ય હૈ,...'** અરિહંત પરમાત્મા, સિદ્ધ અને મુનિ એ જ સત્ય છે અને તે જ પૂજ્ય છે. **'ઔર જહાં રહતે હૈં ઈસપ્રકાર આકાશકે પ્રદેશરૂપ ક્ષેત્ર...'** એવા અરિહંત પરમાત્મા અથવા સિદ્ધ ભગવાન કે મુનિ આત્મજ્ઞાની, ધ્યાની જે ક્ષેત્રમાં વસે એ પણ પૂજ્ય છે. **'તથા પર્વતકી ગુફા વનાદિક...'** વન આદિમાં મુનિઓ વસે **'તથા અકૃત્રિમ ચૈત્યાલય...'** શાશ્વત મંદિરો હોય છે. મેરુ પર્વત આદિમાં શાશ્વત પ્રતિમાઓ અનાદિના (છે). જેમ આ ચંદ્ર સૂર્ય અનાદિના છે. એવા ત્યાં અનાદિના ચૈત્યાલય એટલે પ્રતિમાઓ છે, મંદિરો છે. **'યે સ્વયમેવ બને હુએ હૈં,...'** એ તો એની મેળે બનેલા છે. કોઈએ કર્યા નથી.

**'ઉનકો ભી પ્રયોજન ઔર નિમિત્ત વિચારકર ઉપચારમાત્રસે છહકાયકે જીવોંકે હિત કરનેવાલે કહેં તો વિરોધ નહીં હૈ,...'** કેમ? કેમ કે એ કાંઈ કોઈને હણતા નથી. **'ક્યોંકિ યે પ્રદેશ જડ હૈં, યે બુદ્ધિપૂર્વક કિસીકા બુરા-ભલા નહીં કરતે હૈં તથા જડકો સુખ-દુઃખ આદિક ફલકા અનુભવ નહીં હૈ, ઈસલિયે યે ભી વ્યવહારસે પૂજ્ય હૈં,...'** તીર્થસ્થાન, વનાદિક આદિ જ્યાં મુનિ .. ધ્યાનમાં હોય છે એવા મુનિ મોક્ષ પધાર્યા હોય એ સ્થળ. એ સ્થાન પણ વ્યવહારે પૂજનિક કહેવાય. એમાં સ્મૃતિનું કારણ છે ને? એથી.

**'ક્યોંકિ અરિહંતાદિક જહાં રહતે હૈં...'** અરિહંત, સિદ્ધ, મુનિઓ જે સ્થાનમાં રહે **'વે ક્ષેત્ર-નિવાસ આદિક પ્રશસ્ત હૈં,...'** શુભ-પ્રશસ્ત છે. **'ઈસલિયે ઉન અરહંતાદિકે આશ્રયસે યે ક્ષેત્રાદિક ભી પૂજ્ય હૈં;...'** લોકોમાં પણ એમ હોય છે ને, જુઓને! અમારા પિતાજી અહીં બેસતા, અહીં માળા ગણતા. આ 'ચંદુભાઈ' છે ને? 'ચંદુભાઈ'. કેળવણી અધિકારી. 'ચંદુભાઈ' ગુજરી ગયા ને? પટેલ હતા 'ગોંડલ'માં. આખા ગોંડલ રાજના. પોતે મોટા હતા. અને એનો બાપ હતો માસ્તર, નિશાળના. આ હતા આખા ગોંડલના મોટા ઉપરી. વિદ્યા અધિકારી હતા. આખા રાજમાં એનું બહુ માન હતું. મોટા બંગલા આપ્યા હતા, બહુ થોડી કિંમતે. અમે એક ફેરી એના મકાનમાં રહ્યા હતા. ત્યારે કહેતા કે મારા પિતાશ્રી અહીં બેસતા. બહુમાન છે ને. મારા પિતાશ્રી અહીં માળા ગણતા. આ એનું સ્થાન છે. યાદ કરતા. પોતે તો મોટા અધિકારી હતા. પિતાશ્રી તો માસ્તર હતા પણ એના ઉપર ભક્તિ-પ્રેમ હતો. મારા પિતાશ્રી અહીં નહાતા, અહીં સ્નાન કરતા, અહીં માળા ગણતા. રાજ તરફથી મળેલા મોટા બંગલા છે. બહુ થોડી કિંમતે. પચ્ચીસ હજાર લીધા હતા. બે-ત્રણ લાખનો બંગલો છે. અત્યારે દસ લાખનો બંગલો થાય. ... પણ એ કહેતા એના મકાનમાં રહ્યા ત્યારે કે આ મારા પિતાશ્રી અહીં બેસતા. મેં કીધું, આના પિતાશ્રી નાના હતા. બેય અહીં આવ્યા હતા. 'બેચરભાઈ'. એ સ્થાનને સંભારતા, લ્યો!

એમ પરમાત્મ દશા જેને પ્રગટ થઈ અને સિદ્ધલોકમાં જે સ્થાનમાં હોય છે, અને નીચે અરિહંતાદિ હોય સશરીરી, મુનિઓ આદિ આત્મધ્યાની, જ્ઞાની જ્યાં આત્માના અમૃતના સાધનો કરી રહ્યા છે અંતરના, એવા સ્થાનને પણ વ્યવહારે પૂજનિક કહેવામાં આવે છે.

**'પરંતુ પ્રશ્ન-ગૃહસ્થ જિનમંદિર બનાવે,...'** વીતરાગના મંદિરો બનાવે છે. પ્રતિમાઓ.

'**વસ્તિકા,...**' રહેવાને માટે (સ્થાન). '**પ્રતિમા...**' વસ્તિકા (તો) શું કોઈ બ્રહ્મચારી, ત્યાગી આદિ (માટે બનાવી હોય). મુનિ માટે કરે એ વસ્તિકાની વાત નથી અહીંયાં. મુનિ માટે કરે એ વસ્તિકા મુનિને ખપે નહિ. પણ કોઈ ત્યાગી, બ્રહ્મચારી આદિ હોય, સાધર્મી જીવો આદિ, એના માટે વસ્તિકા બનાવી હોય, પ્રતિમા બનાવે. '**પ્રતિષ્ઠા પૂજા કરે ઉસમેં તો છહકાયકે જીવોંકી વિરાધના હોતી હૈ,...**' તમે કહો છકાયના હિતને માટે આ બનાવ્યું છે અને આમાં છકાયની વિરાધના થાય છે. મંદિર બનાવવામાં પાણીના જીવ મરે, પૃથ્વીના મરે, વનસ્પતિના જીવ મરે છે ને? કષાયના રક્ષક તમે કહો છો (તો) ક્યાં આવ્યું એમાં? આવો વિખવાદ થાય છે. '**વહ ઉપદેશ ઔર પ્રવૃત્તિ કી બાહુલ્યતા કૈસે હૈ?**' તમે તો એકદમ આત્મા... આત્મા... આત્મા.. પવિત્ર આનંદકંદ, બસ, એને અંતર દશા પ્રગટી એ મુનિ, એ પ્રતિમા, એ અરિહંત, એ સિદ્ધ એ બધું આત્મામાં નાખી દીધું. ત્યારે આ બધી પ્રવૃત્તિ છે એ શું છે? એમ પોતે પ્રશ્ન ઉઠાવીને એનો ઉત્તર આપે છે.

'**ઉસમેં તો છહકાયકે જીવોંકી વિરાધના હોતી હૈ,...**' પ્રતિષ્ઠા જુઓને! આ બધા અત્યારે ગજરથ ચાલે છે મોટા. મોટો વાંધો ઉઠે છે. તકરારો મોટી ચાલે છે. 'બુંદેલખંડ'માં ગજરથ. 'પપોરાજી'માં કેટલાય મંદિરો (છે) તોપણ નવા મંદિર કરે છે. લોકો પછી ચાલે તો ચાલે મેળ વિનાના. પણ કહે છે સાધારણ જેની જરૂર છે એ ઠેકાણે કરે છે તોપણ એને છકાયના જીવની હિંસા તો થાય છે. એ ઉપદેશ ચાલે છે અને આ પ્રવૃત્તિ જે છે એની '**બાહુલ્યતા કૈસે?**' આ બધું શું છે ત્યારે આ? એવો પ્રશ્ન કર્યો. સ્થાનકવાસી પ્રતિમા અને મંદિરને માનતા નથી ને? પ્રશ્ન કરે, છકાયના જીવની હિંસા (નહિ) કરનારા મંદિરો આદિ (બનાવો) અને આ મંદિરમાં તો છકાયની હિંસા થાય. એય..! 'ચંદુભાઈ'!

'**ઈસકા સમાધાન ઈસપ્રકાર હૈ કિ– ગૃહસ્થ અરહંત, સિદ્ધ, મુનિયોંકા ઉપાસક હૈ;...**' સાચા ગૃહસ્થ જે છે એ પરમાત્મા અરિહંતદેવ સર્વજ્ઞ, મુનિઓ અને સિદ્ધ એના એ સેવક હોય છે. આત્માની દશા પૂર્ણ આનંદ જ્યાં સુધી થઈ નથી, એવા ગૃહસ્થીઓ ધર્મને સમજનારા, માનનારા, એ આવા પરમાત્મા અરિહંત, સિદ્ધ અને મુનિના તો સેવક હોય છે. ઉપાસક જોઈએ. એક શબ્દ પડ્યો રહ્યો છે. શું કહેવાય એને? કાનો? '**યે જહાં સાક્ષાત્ હોં...**' અરિહંત, સિદ્ધ અને મુનિઓ, ધર્માત્મા. સાચા, હોં! સાચા મુનિની વાત છે. '**વહાં તો ઉનકી વંદના, પૂજન કરતા હી હૈ.**' સાક્ષાત્ કરે.

'**જહાં યે સાક્ષાત્ ન હોં વહાં પરક્ષ સંકલ્પ કર વંદના–પૂજન કરતા હૈ...**' મંદિર આદિ બનાવી અને સંકલ્પ કરે કે આ ભગવાન છે, આ અરિહંત છે, આ મુનિ છે. લ્યો, આ મુનિની વાત આવી જરી. સાચા મુનિની પ્રતિમા હોય છે. '**તથા ઉનકે રહનેકા ક્ષેત્ર...**' એવા મહા ધર્માત્મા આનંદધામ, પવિત્રતા જેવી અંતરમાં છે એવી જેણે પ્રગટ કરી છે, એવા પવિત્રતાના રહેનારા જીવો ત્યાં હોય છે એ વસ્તિકા, એનું '**ક્ષેત્ર તથા યે મુક્ત હુએ ક્ષેત્રમેં...**' અને જ્યાંથી મુક્તિએ પધાર્યા. ક્ષેત્ર. શેત્રુંજય, ગિરનાર. પાંડવો મોક્ષ પધાર્યા છે. ધ્યાનમાં હતા. ત્યાં આત્માના સ્વરૂપમાં ઠરીને મોક્ષ પધાર્યા છે. એ નીચેનું સ્થાન પણ જ્યાંથી મોક્ષ પધાર્યા

એ પણ પૂજ્ય ગણવામાં આવે છે. પુણ્ય ઉપાર્જક શુભભાવ છે ઈ. ધર્મ નથી. ધર્મ તો આત્માના આશ્રયે થાય. પણ આવા ભાવ પણ ધર્મીને હોય છે.

'**અકૃત્રિમ ચૈત્યાલય...**' શાશ્વત મંદિરો હોય છે. મેરુ પર્વત ઉપર ત્યાં જઈ શકે. આગળ તો ન જઈ શકે. ગૃહસ્થ લોક છે. આગળ બહુ ન જઈ શકે. પણ મેરુ પર્વત એક લાખ યોજનનો છે, જંબુદ્વીપની વચ્ચે. જંબુદ્વીપના લાખ યોજન.. એમાં વચ્ચે .. ત્યાં અકૃત્રિમ શાશ્વત મંદિરો છે. ત્યાં જઈને ધ્યાન કરે. વળી, '**ઉનકા સંકલ્પ કર વન્દના વ પૂજન કરતા હૈં. ઈસમેં અનુરાગવિશેષ સૂચિત હોતા હૈ;...**' અનુરાગ છે ને? પ્રેમ. '**ફિર ઉનકી મુદ્રા, પ્રતિમા તદાકાર બનાવે...**' ભગવાન અરિહંતની, સિદ્ધની અને મુનિની મુદ્રા, પ્રતિમા તદાકાર-જેવું છે એવું બનાવે. '**ઈસમેં અનુરાગ વિશેષ સૂચિત હોતા હૈ;...**' બહુ પ્રેમ છે. એને લઈને ઘણો ભગવાન પ્રત્યે અનુરાગ છે તેથી એવો ભાવ એને આવ્યા વિના રહે નહિ.

વળી, '**ઉનકી મુદ્રા, પ્રતિમા તદાકાર બનાવે ઔર ઉસકો મંદિર બનાકર પ્રતિષ્ઠા કર સ્થાપિત કરે તથા નિત્ય પૂજન કરે...**' હંમેશા ભગવાનની પ્રતિમાની પૂજા કરે '**ઈસમેં અત્યંત અનુરાગ સૂચિત હોતા હૈ,...**' પ્રેમ હોય છે ને? જુઓને! ગાય હતી ને ગાય? ભાઈ! ત્યાં નહિ? 'કુંવરજીભાઈ'ની. એની ગાય હતી. પ્રેમ હતી. એ જાણે મારી વહુ કામધેનુ થઈ, એમ થઈ ગયું હતું. મૂળીના દરબારના કામદાર હતા. છે ને હજી? છે. છે. આ 'મૂળી' દરબાર હતા. ત્યાં મને એક ફેરી લઈ ગયા હતા. એની વહુ ગુજરી ગયેલી તો એને એમ થયું કે મારી વહુ જ આ કામધેનુ ગાયપણે આવી છે. એ કામધેનુ ગાય એવી હતી કે જ્યારે જુઓ ત્યારે દૂધ આપે. અમારે 'વઢવાણ'માં હતી. 'દાદભા'માં હતી. જ્યારે જોવે ત્યારે દૂધ. એ કામધેનુ કહેવાય. ચા જ્યારે પીવી હોય ત્યારે દૂધ તૈયાર એમાં. ઓલી સાધારણ ગાયો તો સવાર ને સાંજ બે વખત દૂધ આપે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એવો રિવાજ છે. દાદભાને ગાય હતી. 'ચુનીભાઈ'ને ઘરે. આ તો ઘણા વર્ષની વાત છે. ભાઈ હમણા ગુજરી ગયા ને? એના કુટુંબમાં ત્યાં ગાય હતી. અને આને ત્યાં હતી. આ 'ગોવિંદજી' 'મૂળી'ના. 'ગોવિંદભાઈ' જીવે છે. એની પૂજા કરે. ગાયને માટે એણે કર્યું. પ્રેમ છે ને ઘણો. મૂર્તિ બનાવી ગાયની. મંદિર બનાવ્યું. તે વખતે અઢાર હજાર રૂપિયાનું, હોં! ઘણા વર્ષ થઈ ગયા. હે માતાજી! એમ આવે છે ને આપણે 'શ્રીમદ્'માં. હે ભગવાન! હું ભૂલી ગયો. એમ ત્યાં બોલ્યા એને. લખાણ લખ્યું. અમે જોવા ગયા હતા મંદિરમાં. હે માતા! હું ભૂલી ગયો, તમને ઓળખ્યા નહિ. તમે મારા ઘરના સ્ત્રી હતા. માત તમે આવા હતા. પતિવ્રતા મહાસતિ. તમે કામધેનુ તરીકે અવતર્યા, ઈ મને ઓળખાણ ન થઈ. ત્યાં બધું લખ્યું છે. તે દિ' અઢાર હજાર ખર્ચ્યા. તે દિ', હોં! આ તો ઘણા વર્ષની વાત છે. પોતાને જેનો પ્રેમ હોય છે ને એનું બધું આરોપવું, મૂર્તિ આદિ કરીને કરે છે, એમ કહે છે.

ધર્માત્માને અરિહંત અને મુનિઓ પ્રત્યે પ્રેમ-અનુરાગ છે તો એની પણ પ્રતિમા ને મંદિર બનાવીને પૂજે છે. એ વ્યવહાર અનાદિનો છે, નવો નથી. સમજાણું કાંઈ? આ

સ્થાનકવાસીએ કાઢી નાખ્યો છે ને? એ તો મિથ્યાત્વ સેવ્યું છે એણે. મૂર્તિનો, પૂજાનો અનાદિનો માર્ગ છે.

**'અત્યંત અનુરાગ સૂચિત હોતા હૈ, ઉસ અનુરાગસે વિશિષ્ટ પુણ્યબંધ હોતા હૈ...'** ખાસ એને પુણ્ય બંધન થાય. ધર્મ નહિ. ધર્મ તો આત્મા આનંદનો કંદ એનો આશ્રય લઈને પવિત્રતા અંતરની નિર્વિકલ્પ શાંતિ પ્રગટ કરે તે ધર્મ. પણ આવો ભાવ ધર્મીને વચ્ચે આવ્યા વિના રહેતો નથી. આવે છે. એમ કહે છે. **'ઉસ મંદિરમેં છહકાયકે જીવોંકે હિતકી રક્ષાકા ઉપદેશ હોતા હૈ...'** ત્યાં ઉપદેશ તો એ થાય કે નહિ? છકાયના જીવ બધા પ્રાણી છે. ઉપદેશ એવો આપે. **'તથા નિરંતર સુનનેવાલે ઔર ધારણ કરનેવાલેકે અહિંસા ધર્મકી શ્રદ્ધા દઢ હોતી હૈ,...'** રાગ રહિત આત્માનો સ્વભાવ એવી અહિંસાની શ્રદ્ધા ત્યાં દઢ હોય, **'તથા ઉનકી તદાકાર પ્રતિમા દેખનેવાલેકે શાંતભાવ હોતે હૈં,...'** જુઓ! અહો..! સર્વજ્ઞ આવા હતા. વીતરાગ નિર્વિકલ્પ સંત આવા હતા. એવા શાંતભાવ દેખીને શુભભાવ ઉત્પન્ન થાય છે. **'ધ્યાનકી મુદ્રાકા સ્વરૂપ જાના જાતા હૈ....'** લ્યો! સમજાણું? ધ્યાનની મુદ્રા આમ (બનાવે). અંતરમાં આત્મદશા-વર્તમાન દશા-હાલત-પર્યાય ત્રિકાળી વસ્તુમાં વાળેલી હોય છે. એવી મુદ્રા દેખીને શાંતભાવ પ્રગટ થાય છે. સમજાણું?

મુમુક્ષુ :- વ્યવહાર પણ સમજવો પડે.

ઉત્તર :- દરેક વસ્તુ સત્ય તો એવી છે કે લોકો કાં એકાંત પકડે નિશ્ચય ને કાં એકાંત પકડે વ્યવહાર. બેય સાચું નથી. બેય વસ્તુ છે. સાક્ષાત્ પ્રતિમા પણ છે આ મુનિ આદિ અને જિનમંદિરો આદિ પણ અનાદિના છે. શાશ્વત જિનમંદિરો અસંખ્ય છે. જિનપ્રતિમાઓ રત્નની પ્રતિમાઓ છે. નંદિશ્વર દ્વિપ છે ત્યાં તો બાવન જિનાલય મોટા છે. એ તો દરેક સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર ત્રણેયમાં આવે છે. પણ પક્ષ બંધાય જાય છે પછી નીકળવું કઠણ પડે છે. છે શુભભાવનો હેતુ. એટલું. વિશિષ્ટ પુણ્ય. ખાસ પુણ્ય આત્માના ભાન સહિત, એવા પ્રતિમા આદિ પૂજા, ભક્તિ કરે તો ખાસ પુણ્ય બંધાય. જેને લઈને ભવિષ્યમાં અરિહંતની વાણી, સમવસરણ જોગ, મુનિઓનો સમાગમ મળે એવા એ પુણ્ય હોય છે. કહો, 'હિંમતભાઈ'!

મુમુક્ષુ :- આજે સંક્રાત છે ને.

ઉત્તર :- કહ્યું હતું ને એક ફેરી (સંવત) ૧૯૮૨ની સાલમાં. 'સુંદર વોરા'ના અપાસરામાં. 'મણિભાઈ' નહિ? 'મણિભાઈ' હતા એક. ૮૨ની સાલની વાત છે. ૧૮ ને ૨૭ કેટલા થયા? ૪૫ થયા. રાત્રે એ વાત નીકળી હતી. 'સુંદર વોરા'ના અપાસરે ચોમાસુ હતું. ૪૫ વર્ષ પહેલા. હતા ને તમે ત્યાં જ હતા ને? આ બેય ત્યાં જ હતા. તમે હતા કે નહિ? કો'ક વખતે. ત્યાં આગળ વાત નીકળતા નીકળી કે આ મૂર્તિનું શું કરવું? હું તો એમાં હતો ને. પ્રશ્ન ઉઠ્યો પ્રતિમાનો. રાત્રીના દસ-બાર માણસ બેઠા હતા. રાત્રી ચર્ચામાં. 'મણિભાઈ' બેઠા હતા. 'મણિભાઈ'ને ઓળખો ને? 'મણિભાઈ' નહિ ઓલા વૈદ? એ વડવે રહેતા ને બહુ? 'ખંભાત' રહેતા. જાડા હતા. એને કહ્યું જુઓ ભાઈ! વાત મધ્યસ્થથી કહીએ તો એમ છે કે

જિનપ્રતિમા અનાદિની છે. અનાદિનો માર્ગ છે. પણ આ શ્વેતાંબર લોકોએ માથે મુગટ ચડાવી દીધા, રૂપાના ખોયા, આંગી ને વધારી દીધું. બાજુબંધ. વધારી દીધું.

એટલે કીધું, જુઓ! એક બાપે બીજા બાપને સો રૂપિયા આપ્યા હતા. બે મિત્રો હતા. એકને સો રૂપિયા એક બાપે આપેલા. (ચોપડામાં) લખેલું. પછી જેના બાપે આપેલા બીજાના બાપને. એ છોકરાએ માગ્યા. એણે સો ઉપર બે મીંડા ચડાવ્યા. મારા બાપે તારા બાપને દસ હજાર આપ્યા છે. જો ચોપડામાં અને લાવ. ઓલો કહે, જોઉં. દૂધે ધોઈને દેવા હતા. એમ લોકો કહે ને. ચોપડામાં જોયું તો સો દેખ્યા. સો કબુલીશ તો આ દસ હજાર માગે છે. એટલે ચોપડામાં જ નથી મારે.

એમ આ સ્થાનકવાસી પાસે ઓલાએ મુગટ સહિત પ્રતિમા માગી. આણે જોયું ખરું પ્રતિમા તો છે પણ જો હા કરવા જાઈશું તો આ બધું કરવું પડશે. છે જ નહિ, કહે જાવ. 'ચીમનભાઈ'! ચોમાસુ હતું ને ત્યારે. ૧૯૮૨ની સાલ. 'વઢવાણ-વઢવાણ'. તે દિ' આ વાત થઈ. પણ મારા ઉપર લોકોને વિશ્વાસ બહુને એટલે બહુ ચર્ચા ન કરે. નહિતર મુહપતિમાં રહ્યા આવી પ્રતિમા કેમ સ્થાપે? એટલે બહુ શંકા ન કરે. એમનેમ ગોટો ચાલે. પણ તે દિ' કહ્યું હતું કે જુઓ એક જણાએ કાઢી નાખી અને એક જણાએ વધારી નાખી બધું. માથે શણગાર, આંગી ને ફાંગી. એય..! 'જંયતિભાઈ'! તમે એ કર્યું.

મુમુક્ષુ :- અમે આ કર્યું.

ઉત્તર :- 'રામજીભાઈ'એ આમ કર્યું. 'રામજીભાઈ' સ્થાનકવાસીમાં હતા ને? એય..! 'હિંમતભાઈ'! આ બધા સ્થાનકવાસીમાં જ હતા ને બધાય-ઘણાય. આ તો એક વાત છે. વાત થાય ત્યારે તો વાત થાય ને? અમે બધા સ્થાનકવાસી હતા ને. મારા બાપના બાપ આઠ પેઢીના સ્થાનકવાસી. અમારા બાપના બાપ તો મોટા રાજા જેવા હતા, રાજકુમાર જેવા. .. અને કવિ હતા. ગૃહસ્થ માણસ. ધંધો-બંધો કરવો હોય તો કરે. બે મહિના સૂતરની પેટીનો ધંધો કરતા. એક માણસ મોકલે. બે મહિનામાં બે હજાર પેદા કરે. દસ મહિના સુધી ધંધો જ નહિ. તમારી જેમ બારેય મહિના હોળી (સળગે) એમ નહિ. બારેય મહિના ધંધા. કોઈ નવરાશ જ ન રહે. અમારી મા કહેતા, ડોશી બે મહિના ધંધો કરે. જાણે બહુ ... બે મહિનામાં બે હજાર પેદા કરે. અને ખર્ચ આખા બાર મહિનાનો ત્રણસો રૂપિયાનો. અત્યારે તો ત્રણસોનું શાક પણ ન થાય. પણ એ વખતે પૈસાનો ભીંડો શેર, બેશેર, પાંચશેર. પૈસાનો પાંચ શેર ભીંડો મળતો હતો. એ વખતની વાત. ભીંડો સમજ્યા? આ ભીંડાનું શાક હોય ને? એવો સંતોષ, ઓછા-ઘણું. અત્યારે તો તમારે પાંચ-પાંચ, દસ હજારની પેદાશ દિવસે (હોય) તો સખ ન મળે. આ 'પૂનમચંદ'ને દસ હજારની પેદાશ દિવસની. આ 'મલૂકચંદ'નો બાપ. આ 'મલૂકચંદભાઈ' હતા ને? કાલે ગયા ને. દસ હજારની પેદાશ એક દિવસની. મોટો 'મુંબઈ'માં. બાવીસ-બાવીસ હજારનો માલ કરે. દસ હજાર એક દિ'ની પેદાશ. પણ સખ ન મળે. રખડ્યા રખડ. 'દિલ્હી' જાવું ને અહીં જાવું. રખડ્યા રખડ.

અહીં કહે છે, પહેલા મુનિપણામાં નિશ્ચયથી પ્રતિમા આદિ સ્થાપી છે. પણ વ્યવહાર પ્રતિમા પણ છે અનાદિની. એ ઉથાપે તો એ માર્ગને સમજતા નથી. તેમ એ પ્રતિમાના

દર્શન, પૂજા, ભક્તિમાં ધર્મ માને એ પણ ભૂલ છે. એ પુણ્ય છે. અશુભ ચારિત્રદોષથી બચવા માટેનો શુભભાવ છે. પંડિતજી! ધર્મ નહિ, તેમ એ પાપ નહિ, તેમ એ નિષેધ પણ નહિ. આવી વાત છે, ભાઈ! મધ્યસ્થથી વિચારે તો કામ આવે, હોં! અને તે પણ પ્રતિમા કેવી હોય? આવી વીતરાગ મુદ્રા. એને માથે કાંઈ (લગાવ્યું ન હોય). જેને દેખતા એમ થાય કે, ઓ..હો..! આત્મા રાગની ક્રિયા વિનાનો આવો આત્મા અક્રિય છે. એવો એક શુભભાવ ઉત્પન્ન થાય. એ અનાદિની વાત છે, એમ કહે છે. જુઓ! આવ્યું ને?

'**શાંત ભાવ હોતે હૈં, ધ્યાનકી મુદ્રાકા સ્વરૂપ જાના જાતા હૈ ઔર વીતરાગધર્મસે અનુરાગ વિશેષ હોનેસે પુણ્યબંધ હોતા હૈ,...**' લ્યો! પુણ્યબંધ છે. સંવર-નિર્જરા નહિ. આરે...! ભારે વાત. તેમ એ પાપના પરિણામ છે એમ નથી. શુભભાવ-પુણ્યના ભાવ છે. કહો,'દાસ'! ઘણા બધા સ્થાનકવાસી છે.

મુમુક્ષુ :- હવે આત્માના સ્થાનક્વાસી છે.

ઉત્તર :- કાલે લખ્યું છે ને? વિનોબા. કાલથી હું સ્થાનકવાસી થવાનો છું. એટલે ઓલા ખુશ થઈ ગયા. સ્થાનકવાસી એટલે? એક ઠેકાણે હું રહેવાનો છું. એનો અર્થ એવો કર્યો તો આ સ્થાનકવાસી ખુશી થઈ ગયા. આ વિનોબા છે ને? .. કાલે છાપામાં આવ્યું. કાલથી હું હવે સ્થાનકવાસી થવાનો છું. તો ઓલા લોકો કહે, જોયું! આપણા સ્થાનકવાસી (થવાના). સ્થાનકવાસીનો અર્થ કર્યો કાલથી હું એક ઠેકાણે રહેવા માગુ છું હવે. એક સ્થાનક કરવા માગું છું. એનું નામ સ્થાનકવાસી હશે?

નિશ્ચય તો આત્મા આનંદસ્વરૂપ છે, એના સ્થાનકમાં રહે એનું નામ સ્થાનકવાસી છે. આ બધા બહારમાં ભટક્યા ભટક કરે પણ એને ખબર ક્યાં છે હજી? એ તો બહારની ક્રિયા મહાવ્રત ને દયા, દાન કરે એ ધર્મ માને છે. એ તો રાગ છે, પુણ્ય છે. રાગ અને વિકલ્પ વિનાનો ભગવાન, ચૈતન્ય સહજાનંદની મૂર્તિ આત્મા છે. કેમ પણ એને ખ્યાલમાં આવે? અનુમાનમાં પણ આવતું નથી એને કે આવો આત્મા અંદર છે. એવા આનંદના ધામમાં વસીને ઠરવું, અતીન્દ્રિય આનંદનું વેદન કરવું એનું નામ ખરેખર સ્થાનકવાસી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનું તો ભાન ન મળે ને આ બહારથી (માને).

'**ઈસલિયે ઈનકો ભી છહકાયકે જીવોંકા હિત કરનેવાલે ઉપચારસે કહતે હૈં.**' લ્યો. મંદિરને, પ્રતિમાને છકાયના હિત કરવાવાળા વ્યવહારથી કહેવામાં આવે. '**જિનમંદિર વસ્તિકા પ્રતિમા બનાનેમેં તથા પૂજા-પ્રતિષ્ઠા કરનેમેં આરંભ હોતા હૈ,...**' છકાય એમાં એકેન્દ્રિય... '**ઉસમેં કુછ હિંસા ભી હોતી હૈ. ઐસા આરંભ તો ગૃહસ્થકા કાર્ય હૈ,...**' ગૃહસ્થ તો સંસાર માટે કરે છે. એમ આ પુણ્યભાવ માટે હોય, એમ કહે છે. '**ઈસમેં ગૃહસ્થકો અલ્પ પાપ કહા,...**' સાવદ્ય લેશો, બહુ પુણ્ય રાશો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પણ છતાં પુણ્ય ઘણું થાય છે એમાં. સમજાણું કાંઈ? ગૃહસ્થનું એ કાર્ય છે.

'**ગૃહસ્થકો અલ્પ પાપ કહા, પુણ્ય બહુત કહા હૈ; ક્યોંકિ ગૃહસ્થકે પદમેં ન્યાયકાર્ય કરકે**

**ન્યાયપૂર્વક ધન ઉપાર્જન કરના,...**' લ્યો. ન્યાય કાર્ય કરી. લૌકિક ન્યાય, હોં! '**ન્યાયપૂર્વક ધન ઉપાર્જન કરના, રહનેકે લિયે મકાન બનવાના,...**' રહેવા માટે જગ્યા બનાવે. '**વિવાહાદિક...**' કરે છે ને સગપણ અને વિવાહને મોટા ધામધુમ. '**કરવા ઔર યત્નપૂર્વક આરંભ કર આહારાદિક સ્વયં બનાના તથા ખાના ઈત્યાદિક કાર્યોમેં યદ્યપિ હિંસા હોતી હૈ તો ભી ગૃહસ્થકો ઈનકા મહાપાપ નહીં કહા જાતા હૈ.**' જોયું! મહાપાપ કોને કહેવું? હવે એ કહે છે, જુઓ!

'**ગૃહસ્થકે તો મહાપાપ મિથ્યાત્વકા સેવન કરના,...**' ઓહો..! એ પુણ્ય-પાપનો રાગ એને ધર્મ માનવો, દેહની ક્રિયાથી ધર્મ થાય એમ માનવું, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રથી વિરૂદ્ધ માનવું, એવો જે મહા મિથ્યાત્વભાવ. મહાપાપ તો એ છે. સમજાણું કાંઈ? '**મહાપાપ મિથ્યાત્વકા સેવન કરના,...**' એક વાત. જેવું તત્ત્વનું સ્વરૂપ છે, દેવ-ગુરુનું સ્વરૂપ છે, આત્માનું જેવું સ્વરૂપ છે, એનાથી વિપરીત માનવું એ જ મહાપાપ જગતમાં છે. સાત વ્યસન કરતાં પણ મહાપાપ. એનું માપ ખ્યાલમાં આવતું નથી. જીવ મરે એ પાપ માને. પણ આ આખું આત્માનું જે સ્વરૂપ છે એનાથી વિપરીત માનવું અને સાચા સંત-ગુરુ-દેવ કેવા હોય એનાથી વિપરીત માનવું, એવી મિથ્યાશ્રદ્ધા એ જ ગૃહસ્થને મોટું પાપ છે. આ તો અલ્પ પાપ છે. પુણ્ય ઘણું છે. પૂજા આદિમાં. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

સ્થાનકવાસીએ આ વાત કાઢી નાખી. દેરાવાસીએ એમાં ધર્મ મનાવી લીધો આખો. ધર્મ, મંદિર, પૂજા, જાત્રા, ધર્મ, ધર્મ ને ધર્મ. શું કીધું ઓલું આવે છે ને? 'ધામધુમે ધમાધમ ચલી. ધર્મ માર્ગ રહ્યો દૂર રે.' જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. ચૈતન્ય ભગવાનની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ માર્ગ દૂર રહી ગયો. અને આ બધી ધમાધમ. લાખો રૂપિયા ખર્ચે, પાંચ લાખ ખર્ચ્યા, દસ લાખ ખર્ચ્યા. ધર્મ મોટો થયો એને. એની હોડ કરે, હોડ. એણે પાંચ લાખ ખર્ચ્યા તો આપણે દસ લાખ ખર્ચશું. મોટો ધર્મ થશે. મોટા કહેવાશું. એમાં ધર્મ ક્યાં હતો? રાગ મંદ હોય તો શુભ થાય. એમાં વળી પાછી એના ફળની ઈચ્છા હોય કે આમાં મને પુણ્ય બંધાય ને મને સ્વર્ગ મળે ને મને લક્ષ્મી મળે. તો પાપ બંધાય. ભારે કામ.

'**અન્યાય,...**' લ્યો! મિથ્યાત્વનું મહાપાપ છે. અન્યાયનું મહાપાપ છે. ગૃહસ્થોને અન્યાય ન હોય. સમજાય છે? જેના તેના રૂપિયા લઈ લેવા, ચોરી લેવા, થાપણ મૂકી ગયો હોય એને ઓળવી દેવી. એવા જે મહા અન્યાય. પાંચ લાખ મૂકી ગયો બિચારો, ચાર આના તરીકે. પહેલા ચાર આની તરીકે (મૂકતા). હવે અત્યારે તો દોઢ રૂપિયો, બે ટકા એમ સાંભળ્યું. કરોડોપતિ બે-બે ટકા આપે છે. બે-બે ટકાનું વ્યાજ. પહેલાં ચાર-છ આની આપતા. ન્યાયથી કામ લેતા. વિશેષ અન્યાય ન કરે. કોઈ થાપણ મૂકી ગયો હોય. ભૂલી ગયો હોય એ. એનો બાપ મરી ગયો અને મૂકી ગયો પાંચ લાખ. છોકરો લેવા મારા બે લાખ રૂપિયા છે ને તમારી પાસે? ભાઈ! બે લાખ નથી. પાંચ લાખ મૂકી ગયા છે. ચાર આની તરીકે. પૈસા જોતા હોય તો લઈ જા. એવો ન્યાય હોય છે. સમજાણું કાંઈ? અન્યાય એવો ન હોય એને. કોઈના ગોપવી દેવા, લઈ લેવા.

જુઓને 'શ્રીમદ્'માં નથી બન્યું? મોતીનો વેપાર કર્યો હતો 'શ્રીમદ્'. જેની સાથે કરેલો મોતીનો વેપાર એ મોતી સાધારણ લીધેલા અને એમાં પડીકું સારું આપી દીધું ઓલાએ. ઊલટું પડીકું. જેમાં લાખો રૂપિયા (મળતા). જેની સાથે સાધારણ મોતીનો ધંધો કરેલો. એમાં ઓલાએ મોટું સારું પડીકું આપી દીધું. આપીને અહીં જોવે 'શ્રીમદ્' ઘરે લાવીને. અહો..! આ વેપાર નથી કર્યો. આ તો બિચારો રાડ નાખશે. એમ ને એમ પડીકું બાંધીને મૂકી દીધું. ઓલો આવ્યો, સાહેબ! આ પડીકું તો બીજું આવી ગયું છે. ભાઈ! લ્યો આ પડીકું. આ આપણે સોદો નથી કર્યો. બીજું પડીકું લાવ્યા છો તમે? લાવો. લઈ જાવ. આહાહા..! ઓલો તો કહે, આ તે કોણ છે આ? લાખો રૂપિયાના મોટા ઊંચા મોતી. અરે..! આ તે દૈવીપુરુષ છે. પડીકું એમનેમ મૂકી રાખ્યું હતુ. આ 'શ્રીમદ્' હમણાં થયા. 'શ્રીમદ્ રાજચંદ્ર' લૌકિકના વેપારમાં પણ એનો ન્યાય હોય છે. ધર્મીને અન્યાય હોતો નથી. પચાવી લેવું કોકનું. ભૂલી ગયો માટે પચાવી લેવું એવું હોતું નથી. એમ કહે છે. એવો અન્યાય મહાપાપ છે. આ તો અલ્પ પાપ અને ઘણું પુણ્ય છે. સમજાણું? શેમાં? જિનપ્રતિમા, પૂજા, ભક્તિમાં અલ્પ પાપ ને ઘણું પુણ્ય છે.

**'ચોરી આદિસે ધન ઉપાર્જન કરના,...'** જુઓ! અન્યાયથી ધન લેવું, ચોરી કરીને લઈ લેવું કો'કનું, ઉપાડી લેવું. એ મહા અન્યાય છે. કહ્યું હતું ને? એક ફેરી ત્યાં 'મુંબઈ' માલ લેવા ગયેલા. મોટો મુસલમાન હતો. એને બિચારાને સહી કરતા આવડે નહિ. નોકર હતો 'ઉમરાળા'નો. માલ લીધો. મોટી વખારો હતી. માલ લેવા ગયા તે ઓલો કહે, મારી પછી લઈ લેજો. મારા નામે. પૈસા આપીને. મેં કીધું, સંવત ૧૯૬૪/૬૫ની વાત હશે. કરે છે શું? મુસલમાનનો નોકર. નોકર નામા લખે અને શેઠિયાને તો નામા પણ આવડે નહિ ધંધામાં. એવો શેઠિયો. પછી એના ધંધામાં મોટી વખાર ભરેલી હોય. માલ લીધો કાંઈક બે બીજા ઓલા શું કહેવાય? પેટીયું. એક પેટી કહે મારી લઈ જાવ. નોકર કહે. પૈસા મને આપજો. મેં કીધું, આવું? આવો ધંધો આપણે હોય?. .. એ સાથે હતો. આવો ધંધો આપણે ન હોય. કો'કનું ચોરીને .. ઓછા ભાવે આપજો. પણ લઈ જાવ પેટી. લેવાય નહિ. એવા અન્યાયના વેપાર ગૃહસ્થાશ્રમમાં પણ ન હોય. સમજાણું કાંઈ?

એ સિવાય પછી બીજું પાપ.. એ વખતે. માલ લે ને? એક માણસને પોણો મણ હતું તે દિ'. પોણો મણ. રેલમાં ચડાવે. પોણો મણ.. પછી અમે ગયા. તો પાસ લઈને આવ્યા બીજા સાથે. માલ ઘણો અમારી પાસે. આટલો બધો માલ ને કરે છે શું આ? બીજા સગાવ્હાલાને લઈને... આપણને કાંઈ ખબર નહિ. આપણે સરળ માણસ સીધા. ભગત કહેવાતા. કીધું, આ શું કરે છે? પાસ લઈને આ.. અહીંથી ચડાવી તમે ઉતરશો ત્યાં 'પાલેજ'માં તો તમરા જાણીતા હોય ને. શું કહેવાય? સ્ટેશન માસ્તર બાસ્તર બધા જાણીતા. અમને જાણે. કીધું, આ ચડાવવું આ ન્યાય નથી, ભાઈ! લઈ લીધું બીજું. હારે કો'ક હતું. એ ભગતને ન ખબર પડે. તમે પણ આવો માલ.. એક જણાને પોણો મણ તો આપણે બે જણા છીએ તો દોઢ મણ હોય, બસ. એને ઠેકાણે આ તો છ-સાત-આઠ મણ માલ છે. અહીંથી લઈ ને ત્યાં ઉતારી લેવો એ ન્યાય નથી, કીધું. .. કોણ માને? ન્યાયથી માર્ગ હોવો જોઈએ. સમજાણું કે નહિ? ઓલા પાસ નથી હોતા રેલમાં? શેઠ કાંઈ સમજતા નથી. નહિતર

તો સાદી ભાષા છે. પહેલેથી એમ હોય કે આ સમજાય નહિ.

માલ લઈને રેલમાં ચડે છે કે નહિ? તો એક જણની ટીકીટમાં પોણો મણ માલ ચડતો હતો. એને ઠેકાણે સાત-આઠ મણ માલ અમારી સાથે હતો. 'મુંબઈ' થી 'પાલેજ' લાવવો હતો. પણ એમાં બીજા બીજા માણસે પાસ લઈને (ચડેલા). પાસ હોય ને બે-બે પૈસાના? એ લઈ અને માલ નાખ્યો રેલમાં. મેં કીધું, આ માર્ગ નથી, બાપુ! આ શું કરે છે? કીધું. કાંઈ નહિ, કાંઈ નહિ. જાવ. ઠીક. કો'ક હતું સાથે. એક માણસને પોણો મણ. શું કહેવાય એ તમારે? વજન. એને ઠેકાણે બે ટીકીટમાં છ-આઠ મણ મોટા કરંડિયા ને બધું ભરેલું હતું. માર્ગ નથી આ. આ કોણે કર્યું આવું? પાસવાળા આપણને ચડાવી દેશે અને આપણે તો ગામમાં ઉતારવું ત્યાં ઓળખીતા છે. ન્યાય નથી, કીધું. ઉતાર્યા હતા ખરા હોં! મફત. .. માને નહિ આપણે શું કરવું? કુંવરજી હતો સાથે. આહાહા..! ઘણા વર્ષની વાતું છે આ તો. દુકાનની.

(અહીંયાં) કહે છે, ગૃહસ્થને તો પાપ તો આવું ચોરી, અન્યાય કરીને કરવું એ મહાપાપ છે. અને '**ત્રસ જીવોંકો મારકે માંસ આદિ અભક્ષ્ય ખાના...**' એ મહાપાપ છે. સમજાણું? '**પરસ્ત્રી સેવન કરના યે મહાપાપ હૈ. ગૃહસ્થાચાર છોડકર મુનિ હો જાવે તબ ગૃહસ્થકે ન્યાયકાર્ય ભી અન્યાય હી હૈં.**' એ પણ અન્યાય છે. ન્યાયકાર્ય પણ અન્યાય છે. પાપ છે ને એ બધું. '**મુનિકે ભી આહાર આદિકી પ્રવૃત્તિમેં કુછ હિંસા હોતી હૈ...**' લ્યો! મુનિ પણ આહાર લેવા જાય ત્યારે જરી હિંસા થાય છે ને. '**મુનિકો હિંસક નહીં કહા જાતા હૈ, વૈસે હી ગૃહસ્થકે ન્યાયપૂર્વક અપને પદકે યોગ્ય આરંભકે કાર્યોંમેં અલ્પ પાપ હી કહા જાતા હૈ,...**' લ્યો. જિનમંદિર, પ્રતિમા પ્રતિષ્ઠા આદિમાં અલ્પ પાપ હોય. '**ઈસલિયે જિનમંદિર, વસ્તિકા ઔર પૂજા-પ્રતિષ્ઠાકે કાર્યોંમેં આરંભકા અલ્પ પાપ હૈ, મોક્ષમાર્ગમેં પ્રવર્તનેવાલોંસે અતિ અનુરાગ હોતા હૈ...**' મોક્ષમાર્ગમાં પ્રવર્તવાવાળા સંયમી મુનિ વગેરે. તેના ઉપર ઘણો પ્રેમ હોય છે.

'**ઉનકી પ્રભાવના કરતે હૈં, ઉનકો આહારદાનાદિક દેતે હૈં ઔર ઉનકા વૈયાવૃત્યાદિ કરતે હૈં. યે સમ્યક્ત્વકે અંગ હૈ...**' લ્યો! એ સમકિતનું અંગ છે. પુણ્ય ... હોય. '**ઔર મહાન પુણ્યકે કારણ હૈં,...**' લ્યો. સમકિતનું અંગ છે એટલે એમાં હોય એમાં આ પુણ્યબંધનું કારણ છે. '**ઈસલિયે ગૃહસ્થકો સદા હી કરના યોગ્ય હૈ.**' ગૃહસ્થને એ પ્રતિમા પૂજા, મંદિર ભગવાનની પ્રતિષ્ઠા આદિ એ ઉચિત છે. '**ઔર ગૃહસ્થ હોકર યે કાર્ય ન કરે તો જ્ઞાત હોતા હૈ કિ ઈસકે ધર્માનુરાગ વિશેષ નહીં હૈ.**' પ્રેમ નથી. છોકરાને પરણાવવામાં કેમ ખર્ચી નાખે બે લાખ? મકાન બનાવે ત્યાં પાંચ-દસ લાખ પચ્ચીસ લાખ ખર્ચી નાખે. શેઠ! મકાન બનાવવા કેટલું કર્યું? છ લાખનું મકાન બનાવ્યું શેઠે. ઓલાએ ચાલીસ લાખનું બનાવ્યું ત્યાં. 'ગોવા-ગોવા'. 'શાંતિલાલે' ચાલીસ લાખનું એક મકાન બનાવ્યું. ચાલીસ કરોડ રૂપિયા અને બે અબજ રૂપિયા છે. બે અબજ ને ચાલીસ કરોડ. મોટો હજીરો કર્યો છે. હજીરો કહેવાય કે શું મકાન મોટું હોય એને? પોતાની અનુકૂળતા માટે કરે છે કે નહિ? તો ધર્મની પ્રભાવનાનો જેને

અનુરાગ હોય એને જિન મંદિરાદિ વીતરાગ પ્રતિમા, પ્રતિષ્ઠા, પૂજા આદિમાં અલ્પ પાપ થાય, પણ ઘણું પુણ્ય છે માટે એણે કરવું ઉચિત છે. એમ અહીં કહેવું છે ને. એની ભૂમિકાને યોગ્ય એને છે. મુનિ થાય પછી એને કાંઈ નથી. કહો, 'શાંતિભાઈ'! આ બધા નિષેધમાં હતા એમાં ને બધા? તમે પણ હતા ને પહેલા?

વળી, '**પ્રશ્ન – ગૃહસ્થકો જિસકે બિના ચલે નહીં ઈસપ્રકારકે કાર્ય તો કરના હી પડે...**' ગૃહસ્થને જરૂર હોય એ તો કરવું પડે. છોકરા-બાયડી, મકાન આદિ. એમ કહે છે. '**ઔર ધર્મપદ્ધતિમેં આરંભકા કાર્ય કરકે પાપ ક્યોં મિલાવે,...**' એમ કહે છે. આવા ધર્મમાં શું કરવા એવું કરે છે? સામાયિક ન કરીએ? લ્યો! એમ કહે છે આ બધી દલીલ તમારે. '**સામાયિક,...**' ન કરીએ. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... '**પ્રતિક્રમણ, પ્રૌષધ આદિ કરકે પુણ્ય ઉપજાવે.**' એમાં પુણ્ય ન ઉપજાવે? આવા આરંભના કામ શું કરવા કરવા? એમ કહે છે.

'**ઉસકો કહતે હૈં – યદિ તુમ ઈસપ્રકાર કહો તો તુમ્હારે પરિણામ તો ઈસ જાતિકે હૈં નહીં,...**' તમારે પરિણામની એવી જાત છે અને તમને ખબર નથી, એમ કહે છે. '**કેવલ બાહ્યક્રિયા માત્રમેં હી પુણ્ય સમજતે હો.**' આ સામાયિક લઈને બેઠા. નમો અરિહંતાણં.. જરી થઈ ગયું. પરિણામ કેવા એની તો ખબર નથી. '**બાહ્યક્રિયા માત્રમેં હી પુણ્ય સમજતે હો. બાહ્યમેં બહુ આરંભી પરિગ્રહીકા મન, સામાયિક, પ્રતિક્રમણ આદિ નિરારંભ કાર્યોમેં વિશેષરૂપસે લગતા નહીં હૈ**' જુઓ! આરંભ પરિગ્રહવાળાના સામાયિક અને નિર્દોષ આનંદસ્વરૂપ પ્રભુ, એમાં એની સ્થિરતા જામે જ નહિ કોઈ દિવસ. સામાયિકાદિ એને હોઈ શકે નહિ. '**વિશેષરૂપસે લગતા નહીં હૈ યહ અનુભવગમ્ય હૈ,...**' એ તો અનુભવગોચર છે એમ કહે છે. ખબર નથી સૌને? એમ.

'**તુમ્હારે અપને ભાવોંકા અનુભવ નહીં હૈ;...**' લ્યો! તને તારા પરિણામની ખબર નથી. આ ક્રિયાનું માંડ્યું ને જાણે આપણને થઈ ગયો ધર્મ. '**કેવલ બાહ્ય સામાયિકાદિ નિરારંભ કાર્યકા ભેષ ધારણકર...**' નિરારંભ કાર્યનો ભેખધારી. નિરારંભ ભાવ નહિ. '**બૈઠો તો કુછ વિશિષ્ટ પુણ્ય નહીં હૈ,...**' એનાથી ખાસ પુણ્ય કાંઈ છે નહિ. '**શરીરાદિક બાહ્ય વસ્તુ તો જડ હૈ,...**' આ તો જડ છે. ઈ આમ બેસી રહે તો શું? તારા ભાવ શું છે એની તો તને ખબર નથી. '**કેવલ જડકી ક્રિયા કા ફલ તો આત્માકો મિલતા નહીં હૈ.**' લ્યો! જડની ક્રિયાનું ફળ આત્માને નથી. બેસી રહ્યો આમનેમ. પણ અંદર પરિણામ કેવા છે એની ખબર નથી. '**અપને ભાવ જિતને અંશમેં બાહ્યક્રિયામેં લગે...**' જુઓ! શુભ કે અશુભ કે શુદ્ધ. એવો જેવો ભાવ હોય એવું એને ફળ આવે.

મુમુક્ષુ :- પરિણામ..

ઉત્તર :- હા. પરિણામે બંધ છે, કાંઈ જડની ક્રિયાએ બંધ નથી.

'**જિતને અંશમેં બાહ્યક્રિયામેં લગેં ઉતને અંશમેં શુભાશુભ ફલ અપનેકો લગતા હૈ;...**' રાગની મંદતાના પરિણામ હોય તો પુણ્ય થાય. તીવ્ર પરિણામ હોય આકરા તો પાપ થાય.

જડની ક્રિયા ખરેખર પુણ્ય-પાપ છે નહિ. '**ઈસપ્રકાર વિશિષ્ટ પુણ્ય તો ભાવોંકે અનુસાર હૈ.**' એ તો અંતરના ભાવ છે એના પ્રમાણે એને પુણ્ય બંધાય છે. જડની ક્રિયાને અનુસારે પુણ્ય બંધાતું નથી. '**આરંભી-પરિગ્રહીકે ભાવ તો પૂજા, પ્રતિષ્ઠાદિક બડે આરંભમેં હી વિશેષ અનુરાગ સહિત લગતે હૈં.**' ઘણો આરંભ-પરિગ્રહવાળો છે ને, એમ કહે છે. પૂજા, પ્રતિષ્ઠા એના વિષે જરી અનુરાગ હોય છે.

'**જો ગૃહસ્થાચારકે બડે આરંભસે વિરક્ત હોગા...**' ગૃહસ્થાચાર છોડીને મુનિ થઈ જાય આત્માના ધ્યાનમાં '**સો ઉસે ત્યાગકર અપના પદ બઢાવેગા, જબ ગૃહસ્થાચારકે બડે આરંભ છોડેગા...**' તો તો એ આરંભ છોડી દેશે. પછી મુનિ થઈને જિનમંદિર બનાવે નહિ. મુનિ થઈને કાંઈ બનાવે? '**તબ ઉસીતરહ ધર્મપ્રવૃત્તિકે બડે આરંભ ભી પદકે અનુસાર ઘટાવેગા.**' ત્યારે એને ઘટી જશે જિનમંદિર આદિના ભાવ. '**મુનિ હોગા તબ આરંભ ક્યો કરેગા?**' બહુ ઠીક લખ્યું છે. '**અતઃ તબ તો સર્વથા આરંભ નહીં કરેગા, ઈસલિયે મિથ્યાદૃષ્ટિ બાહ્યબુદ્ધિ જો બાહ્ય કાર્યમાત્રહીકો પુણ્ય-પાપ-મોક્ષમાર્ગ સમજતે હૈં...**' મિથ્યાદૃષ્ટિ તો બાહ્ય કાર્ય માત્રથી પુણ્ય, પાપ અને મોક્ષમાર્ગ ત્રણેય સમજે છે. દેહની ક્રિયાથી પુણ્ય ને પાપ ને ધર્મ. એમ સમજે છે. એમ છે નહિ.

'**ઉનકા ઉપદેશ સુનકર અપનેકો અજ્ઞાની નહીં હોના ચાહિયે.**' એવા અજ્ઞાનીનો ઉપદેશ સાંભળીને અજ્ઞાની ન થવું. '**પુણ્ય-પાપકે બંધમેં શુભાશુભ ભાવ હી પ્રધાન હૈ...**' પુણ્ય-પાપના બંધમાં તો શુભાશુભભાવ થાય એ મુખ્ય છે. દેહની ક્રિયાનું શું કામ? '**પુણ્ય-પાપરહિત મોક્ષમાર્ગ હૈ,...**' બે વાત કરી. '**પુણ્ય-પાપકે બંધમેં શુભાશુભ ભાવ હી પ્રધાન હૈ ઔર પુણ્ય-પાપરહિત મોક્ષમાર્ગ હૈ, ઉસમેં સમ્યગ્દર્શનાદિકરૂપ આત્મપરિણામ પ્રધાન હૈ.**' શું કહ્યું? દેહાદિની ક્રિયામાં જે પોતાનો ભાવ શુભ અને અશુભ હોય એ બંધનું કારણ છે. ક્રિયા નહિ. અને ધર્મમાં પુણ્ય-પાપ રહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દર્શનાદિકરૂપ આત્મપરિણામ પ્રધાન હૈ.**' જોયું! ઓલા શુભાશુભભાવ પ્રધાન છે. એમ હતું. લખ્યું છે બહુ સરસ. શુભભાવ જેવો હોય રાગની મંદતા-તીવ્રતા, એ પ્રમાણે એને પુણ્ય-પાપ થાય. દેહની ક્રિયાથી કાંઈ છે નહિ. આ તો જડ છે. શુભાશુભ પરિણામને આશ્રયે બંધ છે. અને ધર્મ પુણ્ય-પાપરહિત સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગ જે છે એ તો આત્મપરિણામ છે. એ આત્માના પરિણામ છે. પુણ્ય-પાપ પરિણામને આત્મપરિણામ ન કહ્યા, જુઓ! આત્મા સહજાનંદ પ્રભુ, એની સહજાનંદની મૂર્તિ ભગવાનઆત્મા, એની શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા એ તો આત્માના પરિણામ (છે), એ નિર્વિકલ્પ છે. રાગ અને પુણ્યથી રહિત પરિણામ છે એ મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું કાંઈ? ઘણું સમાડ્યું. માળાએ. લૌકિકની વાત બધી સ્થાપી, વ્યવહાર સ્થાપ્યો, નિશ્ચય આવો હોય.

'**ધર્માનુરાગ મોક્ષમાર્ગકા સહકારી હૈ...**' નિમિત્ત છે, એમ કહે છે. જેમાં ભગવાનની પૂજા આદિનો શુભભાવ થાય એ નિમિત્ત છે. સાથે હોય છે એવો. '**ઔર ધર્માનુરાગકે તીવ્ર-**

**મંદકે ભેદ બહુત હૈં,...'** ધર્મના પ્રેમમાં પણ અસંખ્ય પ્રકારના તીવ્ર-મંદ પરિણામની જાત છે. **'ઈસલિયે અપને ભાવોંકો યથાર્થ પહિચાનકર અપની પદવી, સામર્થ્ય પહિચાન-...'** બે વાત. **'ભાવોંકો પહિચાનકર...'** યથાર્થ, હોં! યથાર્થ. **'અપની પદવી, સામર્થ્ય પહિચાન...'** પાછું પદવીને યોગ્ય સામર્થ્ય કેટલું એને જોઈએ? **'સમજકર શ્રદ્ધા-જ્ઞાન ઔર ઉસમેં પ્રવૃત્તિ કરના; અપના ભલા-બુરા અપને ભાવોંકે આધીન હૈ, બાહ્ય પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર હૈ,...'** શરીરાદિ ક્રિયા તો નિમિત્તમાત્ર છે.

**'ઉપાદાન કારણ હો તો નિમિત્ત ભી સહકારી હો...'** લ્યો! પોતાના પરિણામ ઉપાદાન હોય તો નિમિત્તને સહકારી કહેવામાં આવે છે. સાથે હોય છે, એમ. **'ઉપાદાન ન હો તો નિમિત્ત કુછ ભી નહીં કરતા હૈ,...'** લ્યો! પોતાનો ભાવ ન હોય તો નિમિત્ત એને કરાવી દે કાંઈ? તીર્થંકર પણ કરાવી દે નહિ અને મૂર્તિ પણ કરાવી દે નહિ, એમ કહે છે. ભાવ તું કર તેમાં એ નિમિત્ત કહેવામાં આવે છે. **'ઈસપ્રકાર ઈસ બોધપાહુડકા આશય જાનના ચાહિયે.'** લ્યો! એ બોધપાહુડનો આશય જાણવો.

**'ઈસકો અચ્છી તરહ સમજકર...'** ... એટલે બરાબર સમજી. બરાબર સમજવું પાછું. નિશ્ચય સ્થાપવા ગયા તો ઓલા કેટલાક કહે છે કે આ બોધપાહુડમાં જે કહ્યું એ અમને ઠીક લાગે છે. પ્રતિમા આત્મા, સંયમી આત્મા, મુદ્રા આત્મા, આયતન આત્મા પોતે ધર્મનું ઘર. બીજા ઘર આયતન નહિ. એ તો નિશ્ચયની વાત છે. વ્યવહાર-નિશ્ચયનું બતાવ્યું. આ વ્યવહાર બીજો છે. **'જૈસે કહે વૈસે ઔર ઈનકા વ્યવહાર ભી બાહ્ય વૈસા હી તથા ચૈત્યગૃહ, પ્રતિમા, જિનબિંબ, જિનમુદ્રા આદિ ધાતુ-પાષાણાદિકકા ભી વ્યવહાર વૈસા હી જાનકર શ્રદ્ધાન ઔર પ્રવૃત્તિ કરની.'** નહિતર મિથ્યા શ્રદ્ધા થઈ જશે. અજ્ઞાનીની શ્રદ્ધા છોડી દેવી, એમ કહે છે. સમજાણું કાંઈ? નિશ્ચય છે તેને નિશ્ચય સમજવો, વ્યવહારના પરિણામને વ્યવહાર સમજવા.

**'અન્યમતી અનેક પ્રકાર સ્વરૂપ બિગાડકર પ્રવૃત્તિ કરતે હૈં ઉનકી બુદ્ધિ કલ્પિત જાનકર ઉપાસના નહીં કરની.'** બુદ્ધિ કલ્પિત (હોય) એની સેવા કરાવી નહિ. **'ઈસ દ્રવ્યવ્યવહારકા પ્રરૂપણ પ્રવ્રજ્યાકે સ્થલમેં આદિસે દૂસરી ગાથામેં બિંબ ચૈત્યાલયત્રિક ઔર જિનભવન યે ભી મુનિયોંકે ધ્યાન કરને યોગ્ય હૈ ઈસપ્રકાર કહા હૈ...'** આમાં આવ્યું છે. આમાં ના પાડી છે એમાં જ આવ્યું છે કે જિનભવન હોય છે. બનાવનાર હોય છે તો હોય છે ને? એમ કહે છે. સમજાણું? આવી ગયું ને પહેલું? **'દૂસરી ગાથામેં બિંબ ચૈત્યાલયત્રિક ઔર જિનભવન યે ભી મુનિયોંકે ધ્યાન કરને યોગ્ય હૈં ઈસપ્રકાર કહા હૈ સો ગૃહસ્થ જબ ઈનકી પ્રવૃત્તિ કરતે હૈં તબ યે મુનિયોંકે ધ્યાન કરને યોગ્ય હોતે હૈં; ઈસલિયે જો જિનમંદિર, પ્રતિમા, પૂજા, પ્રતિષ્ઠા આદિકકે સર્વથા નિષેધ કરનેવાલે વહ સર્વથા એકાન્તીક તરહ મિથ્યાદૃષ્ટિ હૈ, ઈનકી સંગતિ નહીં કરના.'** લ્યો! અચ્છા કિયા હૈ ન? કર્યું ને?

સંતબાળે પરિવર્તન કર્યું. સંતબાળ કહે, જિન નથી, મૂર્તિ નથી... મૂર્તિ નથી.. એમ હાંક્યું. પછી આ આવ્યો હતો 'કલ્યાણચંદજી' કહે, શું કરે છે આ? નથી કાંઈ? કીધું, જુઓ!

આ ગાથા આપી. (સંવત) ૧૯૯૧ની વાત છે. ૯૧ની સાલ. આ જિનભવન આમાં છે પાઠ. જિનભવન બનાવનારા હશે ત્યારે હશે કે એ વિના હશે? જિનભવન આવી ગયું છે પહેલા પાઠમાં. મૂળ સૂત્રમાં છે. જિનભવન. છે કે નહિ? ૪૩ ગાથા. જુઓ! **'जिणभवणं अह वेज्झं, जिणमग्गे जिणवरा विंति'** ૪૩ ગાથામાં આવી ગયું છે. 'કુંદકુંદાચાર્ય' કહે જિનભવન હોય છે. જુઓ! **'तित्थं, वचचइदालत्तयं च वुत्तेहिं '** ૪૩ ગાથા છે. ૧૪૨ પાને. તે દિ' આ વાત થઈ હતી. કીધું, આ પ્રતિમા અને ભવન ન હોય તો આવ્યું ક્યાંથી આમાં? છે. અનાદિનું છે. એની મર્યાદા શુભ જેટલી છે. ધર્મ એ તો આત્માના પુણ્ય-પાપ રહિત આત્માની ઓળખાણ કરે અને શ્રદ્ધા કરે ત્યારે ધર્મ થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे आचार्य इस बोधपाहुडका वर्णन अपनी बुद्धिकल्पित नहीं है, किन्तु पूर्वाचार्योंके अनुसार कहा है इसप्रकार कहते हैं :-**

**सद्दवियारो हूओ भासासुत्तेसु जं जिणे कहियं।**
**सो तह कहियं णायं सीसेण य भद्दबाहुस्स।।६१।।**

**शब्दविकारो भूतः भाषासूत्रेषु यज्जिनेन कथितम्।**
**तत् तथा कथितं ज्ञातं शिष्येण च भद्रबाहोः।।६१।।**

**જિનકથન ભાષાસૂત્રમય શાબ્દિક-વિકારરૂપે થયું;**
**તે જાણ્યું શિષ્યે ભદ્રબાહુ તણા અને એમ જ કહ્યું. ૬૧.**

**अर्थ :- शब्दके विकारसे उत्पन्न हुए इसप्रकार अक्षररूप परिणमे भाषासूत्रोंमे जिनदेवने कहा, वही श्रवणमें अक्षररूप आया और जैसा जिनदेवने कहा वैसा ही परम्परासे भद्रबाहुनामक पंचम श्रुतकेवलीने जाना और अपने शिष्य [१]विशाखाचार्य आदिको कहा। वह उन्होंने जाना वही अर्थरूप विशाखाचार्यकी परम्परासे चला आया। वही अर्थ आचार्य कहते हैं, हमने कहा है, वह हमारी बुद्धिसे कल्पित करके नहीं कहा गया है, इसप्रकार अभिप्राय है।।६१।।**

## પ્રવચન નં. ૧૭૫, ગાથા-૬૧-૬૨-૧-૨, શુક્રવાર, પોષ વદ ૪, તા.૧૫-૦૧-૭૧

'બોધપાહુડ'ની ૬૧મી ગાથા. **'આગે આચાર્ય ઈસ બોધપાહુડકા વર્ણન અપની બુદ્ધિકલ્પિત નહીં હૈ, કિંતુ પૂર્વાચાર્યોંકે અનુસાર કહા હૈ ઈસપ્રકાર કહતે હૈં :-'**

**सद्दवियारो हूओ भासासुत्तेसु जं जिणे कहियं।**

**सो तह कहियं णायं सीसेण य भद्दबाहुस्स।।६१।।**

કહે છે કે વાણી **'શબ્દકે વિકારસે ઉત્પન્ન હુએ...'** ભાષા જે છે એ શબ્દનો વિકાર છે. **'અક્ષરરૂપ પરિણમે ભાષાસૂત્રોંમેં...'** પરમાણુ છે ને જડ આ? એ શબ્દનો વિકાર છે. એનાથી ઉપજ્યા અક્ષર. અક્ષરરૂપ પરિણમી ભાષા. જડની અવસ્થા, હોં! ભાષા. ભાષાસૂત્રને વિષે એવા ભાષાસૂત્રમાં **'જિનદેવને કહા,...'** જિનદેવનું નિમિત્ત હતું. એ વાણીમાં જિનદેવે કહ્યુંનો અર્થ નિમિત્ત હતું. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રિકાળ જ્ઞાન, એવા જિનેશ્વરદેવની વાણીમાં એ પોતે જિનેશ્વરદેવ નિમિત્ત હતા. **'વહી શ્રવણમેં અક્ષરરૂપ આયા...'** સાંભળવામાં અક્ષરરૂપ આવ્યું છે.

**'ઔર જૈસા જિનદેવને કહા વૈસા હી પરંપરાસે ભદ્રબાહુનામક પંચમ શ્રુતકેવલીને જાના...'** 'ભદ્રબાહુ' પાંચમા (શ્રુત) કેવળી થઈ ગયા છે. શ્રુતકેવળી, હોં! કેવળી નહિ. એ શ્રુતકેવળીએ એમ જાણ્યું. 'મહાવીર' ભગવાનથી પરંપરાએ આવ્યું એ ભગવાન 'ભદ્રબાહુસ્વામી' એ જાણ્યું. **'અપને શિષ્ય વિશાખાચાર્ય આદિકો કહા.'** એમના શિષ્ય 'વિશાખાચાર્ય' છે એમને કહ્યું. **'વહ ઉન્હોંને જાના વહી અર્થરૂપ વિશાખાચાર્યકી પરંપરાસે ચલા આયા.'** પરંપરાથી આ ભાવ ચાલ્યો આવે છે. જુઓ! નિશ્ચયપ્રતિમા આત્મા, નિશ્ચયદેવ આત્મા, નિશ્ચયતીર્થ આત્મા એ વાત કહે છે, ઠેઠ ભગવાનની વાણીમાં આવ્યું, 'વિશાખાચાર્ય' સુધી પરંપરાએ આવ્યું. એનાથી અમને પરંપરા આવી છે, 'કુંદકુંદાચાર્ય' કહે છે. સમજાણું કાંઈ?

**'વિશાખાચાર્યકી પરંપરાસે ચલા આયા. વહી અર્થ આચાર્ય કહતે હૈં, હમને કહા હૈ, વહ હમારી બુદ્ધિસે કલ્પિત કરકે નહીં કહા ગયા હૈ,...'** અમે જે આ કહ્યું છે કે આત્મા એ આયતન-ધર્મનું સ્થાન છે. આનંદમૂર્તિ જ્ઞાયકભાવ એ જ આયતન-ધર્મનું સ્થાન છે. આ ધર્મનું સ્થાન આ છે એ તો બાહ્ય છે. આત્મા અખંડ આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એ જ જિનપ્રતિમા છે. એ જ જિનમુદ્રા છે. એવો પરંપરાનો માર્ગ ભગવાનની વાણીમાં આવ્યો હતો એ 'ભદ્રબાહુસ્વામી'એ પોતાના શિષ્યને આપ્યું. પરંપરાએ અમને મળ્યું. 'કુંદાકુંદાચાર્ય' કહે છે. અમારા ઘરની આ વાત નથી.

**'ઈસપ્રકાર અભિપ્રાય હૈ.'** લ્યો! એવો અભિપ્રાય છે આમાં. કેટલાકને આ નિશ્ચય છે એ વાત બરાબર લાગે પણ પાછો ઓલો વ્યવહાર છે એ ઉડાવે. એમ નથી. નિશ્ચયથી જિનપ્રતિમા આત્મા છે. નિર્વિકારી શુદ્ધ ભગવાન આત્મા. મુનિપદની દશાને અહીં

જિનપ્રતિમા કહે છે. જિનમુદ્રા એને કહે છે. આયતન એને કહે છે. વગેરે મુનિ અને અરિહંતના અગિયાર બોલ છે, અંતરના. પણ વ્યવહારમાં એનો ભાવ શુભભાવ હોય છે ત્યારે અરિહંતની પ્રતિમા આદિ પૂજનિક ગણવામાં આવે છે. જુઓ! આચાર્ય 'ભદ્રબાહુસ્વામી'ની વાત લઈને અમને પરમ શ્રુતકેવળીથી પરંપરાએ મળેલું છે. એ અમે કહ્યું છે. ઘરનું અમે કાંઈ કહ્યું નથી.

---

आगे भद्रबाहु स्वामीकी स्तुतिरूप वचन कहते हैं :–

**बारसअंगवियाणं चउदसपुव्वंगविउलवित्थरणं।**
**सुयणाणि भद्दबाहु गमयगुरु भयवओ जयउ।।६२।।**

द्वादशांगविज्ञानः चतुर्दशपूर्वांग विपुलविस्तरणः।
श्रुतज्ञानिभद्रबाहुः गमकगुरुः भगवान् जयतु।।६२।।

**[1]જસ બોધ દ્વાદશ અંગનો, [2]ચઉદશપૂરવ-વિસ્તારનો,**
**જય હો [3]શ્રુતંધર ભદ્રબાહુ ગમકગુરુ ભગવાનનો. ૬૨.**

**अर्थ :–** भद्रबाहु नाम आचार्य जयवंत होवें, कैसे हैं? जिनको बारह अंगोका विशेष ज्ञान है, जिनको चौदह पूर्वोंका विपुल विस्तार है इसीलिये श्रुतज्ञानी हैं, पूर्ण भावज्ञानसहित अक्षरात्मक श्रुतज्ञान उनके था, 'गमक गुरु' हैं, जो सूत्रके अर्थको प्राप्त कर उसीप्रकार वाक्यार्थ करे उसको 'गमक' कहते हैं, उनके भी गुरुओंमें प्रधान हैं, भगवान हैं – सुरासुरोंसे पूज्य हैं, वे जयवंत होवें। इसप्रकार कहनेमें उनको स्तुतिरूप नमस्कार सूचित है। 'जयति' धातु सर्वोत्कृष्ट अर्थमें है वह सर्वोत्कृष्ट कहनेसे नमस्कार ही आता है।

**भावार्थ :–** भद्रबाहुस्वामी पंचम श्रुतकेवली हुए। उनकी परम्परासे शास्त्रका अर्थ जानकर यह बोधपाहुड ग्रन्थ रचा गया है, इसलिये उनको अंतिम मंगलके लिये आचार्यने स्तुतिरूप नमस्कार किया है। इसप्रकार बोधपाहुड समाप्त किया है।।६२।।

छप्पय

प्रथम आयतन[१] दुतिय चैत्यगृह[२] तीजी प्रतिमा[३] ।
दर्शन[४] अर जिनबिंब[५] छठो जिनमुद्रा[६] यतिमा ।।
ज्ञान[७] सातमूं देव[८] आठमू नवमूं तीरथ[९] ।
दसमूं है अरहन्त[१०] ग्यारमूं दीक्षा[११] श्रीपथ ।।
इम परमारथ मुनिरूप सति अन्यभेष सब निंद्य है।
व्यवहार धातुपाषाणमय आकृति इनिकी वंद्य है।।१।।

---

૧. જસ = જેમને, ૨. ચઉદશ = ચૌદ, ૩. શ્રુતધર = શ્રુતજ્ઞાન.

दोहा

भयो वीर जिनबोध यहु गौतमगणधर धारि ।
बरतायो *पंचमगुरु नमूं तिनहिं मद छारि ।।२।।

इतति श्री कुन्दकुन्दस्वामि विरचित बोधपाहुडकी
जयपुरनिवासी पं. जयचन्द्रछावडाकृत
देशभाषामयवचनिका समाप्त ।।४।।

## ગાથા-૬૨ ઉપર પ્રવચન

**'આગે ભદ્રાબાહુ સ્વામીકી સ્તુતિરૂપ વચન કહતે હૈં :–'** છેલ્લો શ્લોક.

**बारसअंगवियाणं चउदसपुव्वंगविउलवित्थरणं।**
**सुयणाणि भद्दबाहु गमयगुरु भयवओ जयउ।।६२।।**

**અર્થ :– 'ભદ્રબાહુ નામ આચાર્ય જયવંત હોવેં, કૈસે હૈં? જિનકો બારહ અંગોકા વિશેષ જ્ઞાન હૈ,...'** બાર અંગના જાણનારા હતા. ઓહો..હો...! અગાધ જ્ઞાન. લબ્ધિરૂપે પ્રગટે એવું. બાર અંગના જાણનાર. આચારાંગ, સૂયગડાંગ (વગેરે). એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક પદના એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એવા એવા એક આચારાંગ, ડબલ સૂયગડાંગ.. ડબલ.. એમ. બાર અંગ એ તો અપૂર્વ લબ્ધિ. લખી લખાય નહિ, સીધી ભણી ભણાય નહિ. એવી અંદર લબ્ધિ બાર અંગની પ્રગટેલી. ઘણું જ્ઞાન. પૂર્વનું સહિત વિશેષ જ્ઞાન. વળી કેવા છે?

**'ચૌદહ પૂર્વોંકા વિપુલ વિસ્તાર હૈ ઈસલિયે શ્રુતજ્ઞાની હૈં,...'** એ બાર અંગમાં ચૌદ પૂર્વ આવી ગયા. પણ વિશેષ ખાસ ઈ નાખ્યું. એક એક પૂર્વનું જ્ઞાન એટલું છે કે હાથી ઊંચો ઊભો રાખે અને એટલી રુષનાઈ કરે અને વનની કલમું કરે તો લખ્યું પૂરું પડે નહિ. એટલું એ પૂર્વનું જ્ઞાન છે. શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન એટલું છે. એ ચૌદ પૂર્વનું જેને વિપુલ વિસ્તાર જ્ઞાન હતું. એવા જે શ્રુતજ્ઞાની **'પૂર્ણ ભાવજ્ઞાનસહિત...'** ભાવશ્રુતજ્ઞાન તો પૂર્ણ હતું. ઉપયોગમાં રાગ રહિત આત્માને પર્યાયમાં જાણતાં આવું ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમન એ 'ભદ્રબાહુસ્વામી'ને હતું. કેવળજ્ઞાનની તો વાત શું કરવી, પણ આ બાર અંગની વાત શું કરવી! એટલું જ્ઞાન. એવો આત્મા જ્ઞાનનો દરિયો છે. ચૈતન્યસ્વભાવનો સમુદ્ર છે એ તો. એમાંથી દશામાં ભરતી આવે. દરિયાને કાંઠે (જ્યારે ભરતી આવે) ત્યારે ભલે વરસાદમાં ૨૫-૨૫ ઈંચ હો, અને એમાં નદીઓ પડતી હોય, પણ ઓટને ટાણે એ પાણી ભરતી ન લાવી શકે. ભરતી તો દરિયો મધ્યમાંથી ઉછળીને જ્યારે કાંઠે આવે ત્યારે દરિયામાં ભરતી આવે. એમ આ બાર અંગનું જ્ઞાન કાંઈ ભણ્યે, અક્ષરે અને ઈન્દ્રિયોથી અંદર ન જાણી શકાય. મધ્યબિંદુ દ્રવ્ય સ્વભાવ ભગવાન આત્માનો, એમાં અનંત અનંત બેહદ જ્ઞાનસ્વભાવ એનું

* पंचमगुरु – पाँचवें श्रुतकेवली भद्रबाहु स्वामी ।

સત્ત્વ-તત્ત્વ એનો ભાવ છે. એમાંથી પ્રવાહ થઈને બાર અંગનું જ્ઞાન પર્યાયપણે પરિણમે. કહે છે કે શ્રુતજ્ઞાનથી પૂર્ણ ભાવજ્ઞાનવાળા હતા. કેવળજ્ઞાની જ્ઞાનથી-પર્યાયથી પૂર્ણ, આ શ્રુતજ્ઞાનથી પૂર્ણ. છદ્મસ્થ છે ને?

'**અક્ષરાત્મક શ્રુતજ્ઞાન ઉનકે થા,...**' એવા ભાવશ્રુતજ્ઞાનનું અક્ષરસ્વરૂપ પણ શ્રુતજ્ઞાન એને હતું. અક્ષર. એમ કહ્યું ને? '**પૂર્ણ ભાવજ્ઞાનસહિત અક્ષરાત્મક શ્રુતજ્ઞાન ઉનકે થા,...**' દ્રવ્યશ્રુત. ''**ગમક ગુરુ' હૈં, જો સૂત્રકે અર્થો પ્રાપ્ત કર...**' સૂત્રના સિદ્ધાંતના ભાવને પામીને '**ઉસીપ્રકાર વાક્યાર્થ કરે...**' જેવું સર્વજ્ઞને કહેવું છે, શ્રુતકેવળીઓને કહેવું છે એવો જે શબ્દનો અર્થ અને વાક્યાર્થ કરે '**ઉનકો 'ગમક' કહતે હૈં,...**' સમજાણું? '**સૂત્રકે અર્થકો પ્રાપ્ત કર...**' જેવો અર્થ છે તેવો કરે તેને ગમક કહીએ કે આ શબ્દનો આવો જ અર્થ થાય, આ વાક્યનો આવો જ ભાવ હોય. એવું જે સમજાવે એને અહીંયાં ગમક ગુરુ કહેવામાં આવે છે.

'**ઉનકે ભી ગુરુઓંમેં પ્રધાન હૈં,...**' એવા અર્થના બોધ દેનારા સંતોમાં પણ આ 'ભદ્રબાહુસ્વામી' પ્રધાન નામ મુખ્ય હતા. પ્રધાન એટલે અહીંયાં ઓલા ગુરુ, રાજા ને પ્રધાન એમ નહિ. પ્રધાન એટલે મુખ્ય. બધા આવા સંતોમાં 'ભદ્રબાહુસ્વામી' મુખ્ય હતા. વળી કેવા છે ભગવાન? 'ભદ્રબાહુસ્વામી' શ્રુતકેવળી '**ભગવાન હૈં – સુરાસુરોંસે પૂજ્ય હૈં,...**' દેવથી પૂજ્ય હતા. દેવતાઓ જેની સેવા-પૂજા કરતા. એવા શ્રુતકેવળી.

આત્મા ચૈતન્યદરિયો, શક્તિમાં તો કેવળજ્ઞાન એકલું જ્ઞાન છે પરિપૂર્ણ વસ્તુ. જેમ પીપરના દાણામાં ચોસઠ પહોરી તિખાશ છે શક્તિ. ચોસઠ પહોરી તિખાશ ભરી છે. ભલે દાણો નાનો. કદે નાનો, રંગે કાળો પણ ચોસઠ પહોર એટલે રૂપિયે રૂપિયો તીખો. શક્તિનું સત્ત્વ પડ્યું છે અંદર એ બહાર આવે છે. ઘૂંટતા બહાર આવે છે.

એમ આ વસ્તુમાં-ભગવાન આત્મામાં શક્તિરૂપ સત્વરૂપ ભાવરૂપ કેવળજ્ઞાન પડ્યું છે. કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન. એમ. આહાહા..! આવો આત્મા બેસે કેવી રીતે? પામર તરીકે માન્યો, એને આવી પ્રભુતા છે છતી તેને અણછતો કર્યો છે. સમજાય છે કાંઈ? એવું સ્વરૂપ ભગવાન આત્માનું જેને અંદર શ્રુતજ્ઞાનમાં પ્રગટ થયું છે, એ બધા શ્રુતજ્ઞાનીઓમાં પણ મુખ્ય હતા.

'**સુરાસુરોંસે પૂજ્ય હૈં, વે જયવંત હોવેં.**' આચાર્ય મહારાજ પોતે 'કુંદકુંદાચાર્ય' (કહે છે). મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાચાર્ય. ત્રીજે નામે આવ્યા. એ 'ભદ્રબાહુસ્વામી'ને કહે છે, અહો! પ્રભુ! આપ જયવંત રહો! આપનું ભાવશ્રુતજ્ઞાન, અક્ષરાત્મક જ્ઞાન જયવંત રહો! વાત એવી છે કે આ આત્મા શું ચીજ છે એ વાત જ લોકોને ખ્યાલમાં નથી આવતી. આ બધુ તો જડ છે. માટી ઓ તો કો'કની ચીજ છે, કાંઈ એની નથી. કર્મ અંદર છે એ માટી છે, જડ છે. એના પાક કાળે આ બધા બહારના સંયોગ-વિયોગ, સંયોગ-વિયોગ થાય. પુણ્ય-પાપના ભાવ થાય છે એ વિકાર છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- કાલે તમે આત્માનું સ્વરૂપ કીધું.

ઉત્તર :- એ તો બીજી વાત. પર્યાયમાં એની પર્યાય છે એ અપેક્ષાએ. તેનો જ પર્યાય છે. એ જડનો નથી. પરનો નથી એમ બતાવવા. બાકી એના સ્વભાવમાં ત્રિકાળમાં એ વિકાર નથી. ત્રિકાળ વસ્તુ તો વિકારથી રહિત છે. પર્યાયમાં વિકાર સહિત છે. સમજાણું કાંઈ? કઠણ ભારે.

અરે..! એ આત્મા પોતે ભગવાન સ્વરૂપ જ છે. કેમ બેસે? ઈન્દ્રિયોથી કામ લેવું. જેની દશા-અવસ્થા આમ ઈન્દ્રિયોથી કામ લે. હવે એને અતીન્દ્રિય આવો આત્મા (કેમ બેસે?) જ્ઞાન અતીન્દ્રિય સ્વભાવથી ભરેલું સ્વરૂપ છે. એને ઈન્દ્રિયની જરૂર નથી, મનની જરૂર નથી. રાગના વિકલ્પની જરૂર નથી. એવો ચૈતન્ય સ્વભાવ જેનો સ્વભાવ, જેનું સ્વસ્વરૂપ સત્ત્વ, એને મર્યાદા શી? અનંત... અનંત... અનંત... દર્શન, જ્ઞાન, આનંદથી ભરેલું છે. એમાંથી આ જ્ઞાન આવેલું છે, એમ કહે છે.

**'ઈસપ્રકાર કહનેમેં ઉનકો સ્તુતિરૂપ નમસ્કાર સૂચિત હૈ.'** સ્તુતિરૂપ નમસ્કાર કર્યો 'ભદ્રબાહુસ્વામી'ને. ''**જયતિ' ધાતુ સર્વોત્કૃષ્ટ અર્થ મેં હૈ...**' જય થાઓ એ બધા સર્વોત્કૃષ્ટમાં છે. જય થાઓ. એટલે જે સ્વરૂપ શુદ્ધ છે તે તેમ ટકી રહો, નભી રહો. પૂર્ણાનંદની દશા આપને જે પ્રગટ થઈ અથવા શ્રુતજ્ઞાનાદિ થયું, (એ) જયવંત રહો. એમનેમ જીવતું એ જ્ઞાન રહો. પ્રકાશ જે અંદરનો આવ્યો છે એ એમનેમ જીવતો ટકતો રહો. પંડિતજી! અરે..! અંતરની વાતું આખી દુનિયાએ બહુ ફેરવી નાખી. ખબર ન મળે ચીજની અને કોઈક કંઈક કલ્પ્યું... કોઈક કંઈક કલ્પ્યું અને કલ્પીને કાંઈક કરી નાખ્યું.

આહા...! આવો મીઠો મહેરામણ. ભગવાન અંતર સ્વભાવ જેનો. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ મીઠો મહેરામણ છે. એમાં એકાકાર થાય તો અંદર શક્તિ જે મહેરામણ મહા પડ્યો છે પ્રભુ, એ પ્રગટ થાય. એવી શ્રુતજ્ઞાનની દશા પ્રગટ થઈ એને જયવંત રહો, એમ કહે છે. એમ કરી સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? '**સર્વોત્કૃષ્ટ કહનેસે નમસ્કાર હી આતા હૈ.**' સર્વોત્કૃષ્ટ કહ્યું. જય હો એનો અર્થ કે આપને નમું છું. આવી સ્થિતિ ટકી રહો એમ કહીને પણ એવા ભાવવંતને નમે અને વિનય કરે છે. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'ભદ્રબાહુસ્વામી પંચમ શ્રુતકેવલી હુએ.'** કેવળજ્ઞાની 'મહાવીર' ભગવાન પછી 'ગૌતમસ્વામી' પછી 'સુધર્મસ્વામી', પછી 'જંબુસ્વામી' (થયા). ત્યાં સુધી તો કેવળજ્ઞાન-ત્રણ કાળનું જ્ઞાન હતું. પછીથી 'પ્રભવસ્વામી'થી માંડીને 'ભદ્રબાહુસ્વામી' સુધી પાંચ શ્રુતકેવળી થયા. શ્રુતજ્ઞાનમાં પૂરા. ઓલા પૂર્ણ જ્ઞાનમાં પૂરા હતા. આ શ્રુતજ્ઞાનમાં પૂરા. ભાવશ્રુતજ્ઞાન. '**ઉનકી પરંપરાસે શાસ્ત્રકા અર્થ જાનકર...**' તેની પરંપરાથી આ શાસ્ત્રનો અર્થ જાણવામાં આવ્યો. '**યહ બોધપાહુડ ગ્રંથ રચા ગયા હૈ, ઈસલિયે ઉનકો અંતિમ મંગલકે લિયે આચાર્યને સ્તુતિરૂપ નમસ્કાર કિયા હૈ. ઈસપ્રકાર બોધપાહુડ સમાપ્ત કિયા હૈ.**' લ્યો. એ નામ (કહે છે). પહેલો અધિકાર આવી ગયો છે.

**प्रथम आयतन[१] दुतिय चैत्यगृह[२] तीजी प्रतिमा[३] ।**
**दर्शन[४] अर जिनबिंब[५] छठो जिनमुद्रा[६] यतिमा ।।**

**ज्ञान[७] सातमूं देव[८] आठमू नवमूं तीरथ[९] ।**
**दसमूं है अरहन्त[१०] ग्यारमूं दीक्षा[११] श्रीपथ ।।**
**इम परमारथ मुनिरूप सति अन्यभेष सब निंद्य है।**
**व्यवहार धातुपाषाणमय आकृति इनिकी वंद्य है।।१।।**

હવે ફરીને અર્થ. આ તો નામ શબ્દ બોલાઈ ગયા. પ્રથમ '**આયતન...**' આત્મા જેને અતીન્દ્રિય પ્રગટ થયો છે અને ઇન્દ્રિયનું આધીનપણું જેને ટળી ગયું છે. પાંચ ઇન્દ્રિયો છે આ તો જડ (છે), એને આધીનની દશા જેની ટળી છે અને અતીન્દ્રિય ભગવાનઆત્મા એનું આધીનપણું જેને પ્રગટ્યું છે, એવા આત્માને આયતન-ધર્મના સ્થાન કહીએ. સમજાણું કાંઈ? આ દેરાસર ને આ અપાશ્રય ને આ સમ્મેદશિખરને ધર્મસ્થાન કહેવાય છે ને? એ બધા વ્યવહાર છે. નિશ્ચય ધર્મસ્થાન આ ભગવાન છે. પોતાનો સ્વભાવ અતીન્દ્રિય છે. જેને ઇન્દ્રિયોને આધીનપણું અનાદિથી વર્તે છે એ અનાયતન છે. પાંચ ઇન્દ્રિયો આ માટી-જડ, એનું આધીનપણું ટળીને અતીન્દ્રિય આનંદને આધીન જેની દશા પ્રગટ થઈ છે, એવા મુનિને ધર્મના સ્થાનક કહેવામાં આવે છે. જેમાંથી ધર્મ પ્રગટ્યો અને ઊપજ્યો. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મના સ્થાનક આ.

બીજું, '**ચૈત્યગૃહ...**' પ્રતિમાનું ઘર. ચૈત્યનું ઘર એ આ આત્મા. સંયમી મુનિ. જેની અંતર દશા તદ્દન નિર્વિકલ્પ આનંદના વેદનમાં વધી ગઈ છે, એવા આત્માને ચૈત્યગૃહ એ જ્ઞાનનું ઘર એને કહેવામાં આવે છે. ચૈતાલય કહેવાય છે ને તમારે? એ ચૈતાલય નહિ, કહે છે, આ ચૈતાલય છે. સમજાણું કાંઈ? ત્રીજી '**પ્રતિમા...**' પ્રતિમા પણ આત્મા વીતરાગ મુદ્રાપણે પરિણમે એ જિનપ્રતિમા. વિકલ્પ જે રાગાદિ છે એનાથી રહિત નિર્વિકલ્પપણે આત્મા બિંબ ચૈતન્ય આત્મા થઈ જાય, એ મુનિપણાની અતીન્દ્રિય દશારૂપ પરિણમન છે, એને સાચી પ્રતિમા કહેવામાં આવે છે. આ પ્રતિમા અને આ દેરાસર એ બધો વ્યવહાર છે. નિશ્ચય તો આ છે.

'**દર્શન...**' દર્શન પણ મુનિપણાની વીતરાગ દશા અને બાહ્યમાં નગ્નપણું. અંતરમાં આનંદની છોળ વર્તતી હોય છે. જેવો સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત આનંદની ખાણ છે, એવી આનંદની દશા ઘણી જેને વધી ગઈ છે અને જેની નગ્ન દશા છે, એને અહીં દર્શન કહેવામાં આવે છે. એ જૈનદર્શન છે. સમજાણું કાંઈ? '**જિનબિંબ...**' જિનનું બિંબ-મૂર્તિ. એ પણ આત્મા સંયમી મુનિ, અતીન્દ્રિય સ્વભાવ સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિયપણે ઠરી ગયો છે અંદર. વિકલ્પ ને વિષયની વાસના જેનો નાશ થઈ ગયો છે. એવું જિનબિંબ. આત્મા પોતે જિનબિંબ છે. કહો, સમજાણું કાંઈ? આ જિનબિંબ આદિ વ્યવહાર છે.

છઠ્ઠો. '**જિનમુદ્રા...**' દેખાવ. અંતર વીતરાગતા અને બાહ્ય માતાએ જન્મ્યો એવી મુદ્રા. અંતરમાં નિર્વિકલ્પ રાગ વિનાની શાંતિ જેને પ્રગટ થઈ છે, એને અહીંયાં જિનમુદ્રા કહેવામાં આવે છે. '**यतिमा**' કીધું ને? '**यति**' ને જિનમુદ્રા કીધી છે. '**यति**' એટલે આ બવા ને

યતિ થાય એવા નહિ, હોં! આત્મા આનંદસ્વરૂપની યતના, યતના, જતના કરે અને રાગની રક્ષા છોડી દે, એને અહીંયાં યતિ આત્માને કહેવામાં આવે છે. આ જતિ તો ઘણા થાય છે. એ તો જતડા કહેવાય. આ તો આત્મા અનાદિથી જે પુણ્ય-પાપના વિકલ્પની રક્ષા કરતો એ અયતિ હતો. સંસારી મૂઢ જીવ (હતો). એને આત્માના આનંદ અને વસ્તુના સ્વભાવની જતણા-જયના-છે તેમ રાખ્યું નહિ. અને વિકારને જેણે ટાળ્યો છે એવા આત્માને યતિ-જિનમુદ્રા કહેવામાં આવે છે. ભારે! જુઓ! આ બધું અમને પરંપરાએ મળેલું કહીએ છીએ, એમ કહે છે.

'**જ્ઞાન સાતમું...**' જ્ઞાન કાંઈ શાસ્ત્રમાં નથી, પાનામાં નથી. આ પાના તો જડ, માટી, અજીવ છે. આ તો શબ્દના વિકાર કૃત છે. અહીંયાં અંદર ચૈતન્યપ્રકાશનું પૂર, કિરણ અંદરમાંથી આવ્યા. શું કહેવાય તમારા ઓલા? હજાર વોલ્ટના. સર્ચ લાઈટ. સર્ચ લાઈટ બે હતી ને ત્યાં? બાહુબલી. હજાર-હજારની બે. એમ આ જ્ઞાનની સર્ચ લાઈટ છે અંદર. અનંતા અનંત કિરણો ફાટે એવી. ઓલા હજાર ને બે હજાર... શું કહેવાય એ? વોલ્ટ. જે કહેતા હોય એ. આ ભગવાન ચૈતન્ય તો અનંત ચૈતન્યના કિરણથી પ્રગટ થાય એવો એ આત્મા છે. એવા અનંતા ચૈતન્ય કિરણો જેને પ્રગટ્યા છે, એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન વાણીમાં નહિ, જ્ઞાન કંઠમાં નહિ, બોલે એ જ્ઞાન નહિ, ભાષા એ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? બધું નિશ્ચયથી વર્ણવ્યું છે. નિશ્ચય એટલે સત્ય.

'**જ્ઞાન સાતમું...**' એને જ્ઞાન કહીએ. જે જ્ઞાન જ્ઞાનરૂપે થઈને રહે એ જ્ઞાન કહીએ. જે જ્ઞાનસ્વભાવ રાગ થઈને રહે તે જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? અનંત અનંત જ્ઞાન છે, એમાંથી અનંત-અનંત જ્ઞાનમાં, અહીં શ્રુતની અપેક્ષા છે મુનિપણામાં અનંત-અનંત પણ શ્રુતકેવળીનું જ્ઞાન અંદરથી પ્રગટ્યું છે, આવ્યું છે અંદરથી. એવા જ્ઞાનને જ્ઞાન કહીએ. બહારથી ભણ્યા એ જ્ઞાન નહિ, શાસ્ત્રથી ભણ્યા એ જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- બધો કચરો કાઢી નાખ્યો.

ઉત્તર :- હતો કે દિ'?

ફૂલખરણી નથી આવતી? ઓલી ફૂલખરણી આવતી દિવાળીમાં. ફૂલ ઝરે, ફૂલ. દિવાસળી મૂકે એટલે (ફૂલ ઝરે). એમ આ તો એકલું જ્ઞાનનું ઝરણું છે. ઓલી તો આવડી હોય એટલે ખલાસ થઈ જાય. આ તો અનંત અનંત બેહદ જ્ઞાનસ્વભાવ વસ્તુ પોતે ચૈતન્યપ્રભુ, એમાંથી પર્યાય નીકળી, એક પછી એક... એક પછી એક... એક પછી એક. ઓલી ખરીને વઈ જાય છે અને આ થાય ને અંદર ભળે છે. નવી થાય ને જૂની ભળે છે, નવી થાય ને જૂની ભળે છે. શું કીધું એ? ફૂલખરણી. આહાહા..! આ જ્ઞાનખરણી. આત્મા જ્ઞાનખરણી છે. અંદર અનંત જ્ઞાનનો દરિયો છે. પણ બેસવું કઠણ પડે. બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, વિષય વિના ચાલે નહિ, પૈસા વિના ચાલે નહિ. એને આ બેસે શી રીતે? વિષયના અર્થીના તત્પર થયેલાને વિષય વિનાની આવી ચીજ એને પ્રતીતમાં આવતી નથી. પાંચ ઈન્દ્રિયના વિષયોમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં આર્ત થઈ ગયો છે. પીડાઈ ગયો છે. એને અતીન્દ્રિય આવું સ્વરૂપ છે એ એની પ્રતીતમાં, વિશ્વાસમાં ભરોંસે

આવતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવો ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ચૈતન્યનું નૂર છે એ તો. ચૈતન્યના પ્રકાશનું પૂર છે. એમાં જેણે એકાગ્ર થઈને જ્ઞાન પ્રગટ કર્યું એને જ્ઞાન કહીએ. બાકી વાચા જ્ઞાન. આવે છે ને 'શ્રીમદ્'માં? નહિ?

મુમુક્ષુ :- સકળ જગત છે એંઠ વત.

ઉત્તર :- 'સકળ જગત છે એંઠ વત્ અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.' સાતમું.

'**દેવ આઠમું....**' હવે અરિહંત આવ્યા. એ દેવ પણ આત્મા અરિહંતપણે છે. દિવ્ય શક્તિ જેને અંદર પડી એ પ્રગટ થઈ છે એ આત્મા દેવ છે. આહાહા..! ચોસઠ પહોરી પીપરમાં જેમ અંદર શક્તિ હતી એ બહાર આવી. કંઈક શરદીને ટાળે એવી જેની તાકાત. એમ ભગવાન આત્મા ચોસઠ એટલે પૂર્ણ. રૂપિયે રૂપિયો શક્તિથી હતો, દિવ્ય શક્તિ હતી, એ શક્તિની પ્રગટ પર્યાય અવસ્થામાં કરી, એને દેવ કહીએ. કહો, સમજાણું કાંઈ? સ્વર્ગના દેવ એ તો વ્યવહારુ દેવ છે. આ તો દિવ્યશક્તિનો ધણી ભગવાન આત્મા. જેની દિવ્યતા શક્તિમાં હતી તેની પ્રગટ દશારૂપે દિવ્યતા પ્રગટી તેને દેવ કહેવામાં આવે છે. અરે..! ભારે વાત. આઠમું.

'**નવમું તીરથ...**' તીર્થ એ આત્મા. ચિદાનંદ સ્વભાવમાં અંદર સ્નાન કર તો તીર્થ છે એ. બાહ્ય તીર્થ એ બધા વ્યવહારુ નિમિત્ત, શુભભાવમાં નિમિત્ત કહેવાય. એ પુણ્યમાં નિમિત્ત, હોં! એ ધર્મ તો નથી. આહાહા..! અંદર ચિદાનંદ ભગવાન. 'દ્રવ્યસંગ્રહ'માં શ્લોક આવે છે. 'સંયમ તોય પૂરણા...' 'દ્રવ્યસંગ્રહ'માં નથી આવતું ઈ? શ્લોક આવે છે. સત્યાર્થ. એ શ્લોક બોલતા પહેલા. શું હતું? શ્લોક નહિ ઓલો? 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. પાંડવને શ્રીકૃષ્ણ કહે છે. 'શ્રીકૃષ્ણ' પાંડવને કહે છે. એવું આવે છે. પહેલો શબ્દ ભૂલી ગયા. પહેલા બહુ આવતું એ સંપ્રદાયમાં. 'દ્રવ્યસંગ્રહ'માં છે. એમાં શ્લોક છે. 'શ્રીકૃષ્ણ' પાંડવને કહે છે.

એ સ્થાનકવાસીમાં બહુ ચાલે. એને નિશ્ચયનું ખરું ને એટલે. પાંડવો ગયા હતા જાત્રા કરવા. શ્રીકૃષ્ણએ તુંબડી આપી એને. દૂધી. આ તુંબડી કડવી. ન્હાતા ન્હાતા આ તુંબડીને નવરાવજો, જ્યાં જાવ ત્યાં. જાત્રા કરીને આવ્યા. ક્યાં હશે એ શી ખબર પડે? કે આમ છે, જ્યાં તીર્થનો અધિકાર છે. શ્લોક છે હવે એ તો. બીજા ગોતે ત્યારે થાય. મારે તો વાર લાગશે. આ ઠેકાણે છે. મારું પુસ્તક છે એમાં આ ઠેકાણે છે. હશે ક્યાંક. તીર્થ હશે ને તીર્થ, જ્યાં તીર્થની વ્યાખ્યા હશે ત્યાં હશે. પહેલો શબ્દ હાથમાં નથી આવતો. ગુરુ પાંડુપુત્રા એમ આવે છે છેલ્લો શબ્દ. .... આમાં આવ્યું નહિ પણ મોઢે આવી ગયું. 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા...' લ્યો! શ્લોક આવી ગયો. એ તો આવે ત્યારે આવે ને.

'શ્રીકૃષ્ણ' પાંડવને કહે છે કે આ દૂધી-તૂંબડી તમે લઈ આવો. સ્નાન કરીને આવ્યા પછી બધાને કટકો કટકો કરીને આપ્યા. રાખો. તીર્થની પ્રસાદી. ખાવા મંડ્યા તો કડવી. અરે..! પણ આ મીઠી તો થઈ નહિ. તીર્થના આટલા સ્નાન કરાવ્યા તોપણ મીઠી થઈ નહિ. તુંબડી-તુંબડી. કડવી હોય છે. તો પછી તમારો આત્મા મીઠો ક્યાંથી થઈ ગયો આવી જાત્રામાંથી? બહારથી. પછી કહે છે, 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા...' આત્મારૂપી નદી

એમાં સંયમરૂપી તોય નામ પાણી ભર્યું છે. અતીન્દ્રિય. 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા સત્યાવહા...' એના કાંઠા બે. સત્યના બે કાંઠા છે. 'સત્યાવહા...' એમાં છે. 'તત્રાઅભિષેકં કરુ પાંડુપુત્રા...' એવા આનંદસ્વરૂપ ભગવાન સત્ય જેના કાંઠા છે. જ્ઞાન જેનું પાણી ભર્યું છે એમાં અભિષેક કર. 'ન વારિણામ્ શુદ્ધ ચૈતન આત્મા.' પાણીથી કાંઈ આત્મા શુદ્ધ થાય એવો નથી. નાહી ધોઈને થઈ ગયા પવિત્ર. ધૂળમાં પણ નથી. ... હંમેશા બહુ ન્હાય છે. સમજાણું? 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા સત્યાવહા તીલ કટાય દયોર્મિ.' લ્યો! શીલ. રૂડું બ્રહ્મચર્ય અને રાગ રહિત સ્વભાવ, એ એના બે તટ છે. 'તત્રાભિષેકં કરું પાંડુ પુત્રા ન વારિણામં શુદ્ધચેતનત્ર આત્મા' આ પાણીથી અંતરનો આત્મા શુદ્ધ થતો નથી. કહો, સમજાણું કાંઈ?

આ એ તીર્થ, અહીં જુઓ! આ આત્મા તીર્થ છે. આહાહા..! પણ બેસે કેમ? બહારની મોટપ ગરી ગઈ છે ને એટલે બહારવાળાને બહારની ચીજ એને તીર્થ લાગે. પણ અંતરાત્મા ભગવાન પૂર્ણાનંદની પવિત્રનું ધામ, એક ક્ષણનો વિકાર, એની પાછળ આખો ભગવાન પૂર્ણ આનંદ ને શાંતિથી ભરેલો છે. આહાહા..! એ તારા તીર્થ છે. ઓલા તો વ્યવહાર તીર્થ છે. વ્યવહાર હોય છે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય (ત્યાં સુધી).

'**દસમું અરહંત...**' ભગવાન સાક્ષાત્, લ્યો! શરૂ કરીને આપણે વર્ણવ્યું ને. અરિહંતનું સ્વરૂપ વર્ણવ્યું. બે બાકી હતા. '**અગ્યારમૂં દીક્ષા...**' પ્રવ્રજ્યા. એ શ્રીપથ છે. શ્રી નામ મોક્ષનો પંથ છે. લ્યો! '**એમ પરમારથ મુનિરૂપ સતિ...**' પરમાર્થ મુનિનું રૂપ. અતીન્દ્રિય આનંદનો અનુભવ અને નગ્ન દશા '**અન્યભેષ સબ નિંદ્ય હૈ.**' એ સિવાય બીજા ભેખો તે નિંદનીક છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ.

આજે સાંભળ્યું કે એક ઓલી સાધ્વી હશે મારવાડી કોઈક. ગુરુ-શિષ્ય એ બે સાધ્વી રજનીશમાં ભળી ગઈ. ગજબ છે ને! આવો માર્ગ! કોઈક હશે. ગુરુ હશે. વાંચતા હોય. વાંચતા વાંચતા... કાંઈ ભાન ન મળે. જે-તે કુથળિયા વાંચે, ચોપાનિયા જ્યાં ત્યાં વાંચે ને દોરવાઈ જાય. આહાહા..! આવો માર્ગ પ્રભુનો. પ્રભુ એટલે તારો. એના અંતરના મહાત્મ્ય નહિ અને બહારના મહાત્મ્યમાં. કાં તો આમ વ્યાખ્યાન દેવા, પાંચ-પાંચ, દસ હજાર માણસ ભેગા થાય. ઊંટની જેમ ભૂંકે. લોકો પણ એવા હોય બિચારા સાંભળનારા. એને કાંઈ ખબર ન હોય. આહાહા..! આહાહા..! માર્ગની તો કાંઈ ખબર ન મળે. પંડિતજી! આહાહા..!

પ્રભુ! તું તારે પૂર્ણ ગુણે પૂર્ણ છો. એવી ચીજ ક્યાંય બીજે છે નહિ. તારી એવી ચીજ બીજે ક્યાંય છે નહિ. આહાહા..! કરે. વીતરાગ તો કહે છે એ આ કહે છે વીતરાગ. તારું તત્ત્વ આવું છે એમ વીતરાગ કહે છે.

કહે છે કે, '**પરમાર્થ મુનિરૂપ સતિ...**' ખરેખર તો મુનિનો ભેખ, દિગંબર દશા અને અંતર વીતરાગી આનંદનું વેદન. '**અન્યભેષ સબ નિંદ્ય હૈ.**' એ સિવાય ભેખ સાધુપણાના હોઈ શકે નહિ. '**વ્યવહાર ધાતુપાષાણમય આકૃતિ ઈનિકી વંદ્ય હૈ.**' વ્યવહારે ભગવાનની ધાતુની પાષાણમય મૂર્તિ એ વ્યવહારે વંદ્ય છે. નામસ્મરણ આદિ શુભભાવ છે ને? એટલે

વ્યવહારે વંદ્ય કહેવામાં આવે છે.

દુહા :

**भयो वीर जिनबोध यहु गौतमगणधर धारि ।**

**बरतायो *पंचमगुरु नमूं तिनहिं मद छारि ।।२।।**

'**ભયો વીર જિનબોધ....**' વીતરાગ પરમાત્મા બોધસૂર્ય પ્રગટ થયો. '**ગૌતમગણધર ધારિ...**' એમાંથી બધું 'ગૌતમસ્વામી'એ એવા ભાવને ધાર્યા. ભગવાને કેવળજ્ઞાનમય સ્વરૂપ થઈને બોધ પ્રગટ કર્યો. 'ગૌતમ' ગણધરે ધાર્યું. '**વરતાયો પંચમગુરુ...**' અને પંચમ શ્રુતકેવળી 'ભદ્રબાહુસ્વામી'એ એનો વિસ્તાર કર્યો. '**નમૂં તિનહિં મદ છારિ...**' અહો..! માન મૂકીને એ ત્રણને હું નમન કરું છું, એમ કહે છે.

'**ઈતિ શ્રી કુન્દકુન્દસ્વામિ વિરચિત બોધપાહુડકી જયપુરનિવાસી પં. જયચંદ્રછાવડાકૃત દેશભાષામયવચનિકા સમાપ્ત.**' થઈ લ્યો! આ 'ભાવપાહુડ' વાંચી ગયા છીએ. 'મોક્ષપાહુડ' વાંચી ગયા છીએ. હવે 'લિંગપાહુડ'. છેલ્લા બે.

---

# લિંગપાહુડ

લિંગ-લિંગ. ૩૬૭ પાને છે. 'લિંગપાહુડ'. ગાથા ૨૨ છે, લ્યો. છ વંચાઈ ગયા છે. હવે બે બાકી છે આ. આમાં એ આવ્યું, જુઓ! લિંગ. મુનિની મુદ્રા કેવી હોય. લિંગ કેવું હોય એની વાત કરે છે.

'**અબ લિંગપાહુડકી વચનિકાકા અનુવાદ લિખતે હૈં :-**' 'જયચંદ્ર પંડિત' કહે છે. એની વચનિકા લખીએ છીએ. ચાલતી ભાષામાં અર્થ કરીએ છીએ એમ.

दोहा

**जिनमुद्राधारक मुनि निजस्वरूपकूं ध्याय।**

**कर्म नाशि शिवसुख लियो बंदूं तिनके पांय।।१।।**

જેણે જિનમુદ્રા, વીતરાગમુદ્રા ધારણ કરી. જેવી માતાએ જન્મ આપ્યો એવી શરીરની નગ્ન દિગંબર દશા ધારણ કરી. એ તો બાહ્ય થયું. '**निजस्वरूपकूं ध्याय**' જિનમુદ્રા, નિજ સ્વરૂપ. જિનમુદ્રા, વીતરાગમુદ્રા દિગંબર. ઓલામાં જિનમુદ્રા, આ નિજસ્વરૂપ. નિજ સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું જ્ઞાનનું ધામ, એનું જેણે ધ્યાન કર્યું છે. એકલો બાહ્ય ભેખ નહિ. બાહ્ય ભેખ તો કાંઈ આત્માને લાભદાયક નથી. ભેખ હોય ખરો. પણ આ વસ્તુના ભાન વિના કાંઈ બાહ્ય ભેખ લાભ કરતા નથી. નગ્નપણું ધારણ કરે તેથી શું?

'**निजस्वरूपकूं ध्याय**' જુઓ! ભગવાનના સ્વરૂપને ધ્યાય એમ કરીને નથી કહ્યું. ભગવાન તો પરદ્રવ્ય છે. એના ઉપર લક્ષ જાય તો વિકલ્પ ઊઠે, રાગ ઊઠે. એ વસ્તુનું સ્વરૂપ

નથી ધ્યાન સાચું. લિંગપાહુડ હશે. પાછળ પાછળ. પાછળ નથી એમાં? છ જ છે. આમાં હોય તો. છે ને એમાં? આમાં છ જ પાહુડ છે. નથી? 'દ્રવ્યસંગ્રહ'. અહીં છે. હિન્દી છે, આ હિન્દીમાં.

**जिनमुद्राधारक मुनि निजस्वरूपकूं ध्याय।**

**कर्म नाशि शिवसुख लियो बंदूं तिनके पांय।।१।।**

શિવ એટલે આત્મા. નિરૂપદ્રવ. શિવનો અર્થ નિરૂપદ્રવ્ય કલ્યાણમૂર્તિ ભગવાન પોતાના આનંદસ્વરૂપને પામ્યા. શિવ એટલે મોક્ષ. મોક્ષના સુખને જે પામ્યા. તેના પદને હું નમન કરું છું. તેના ચરણકમળને નમું છું. એમ ચાલતી ભાષાના અર્થકારનું આ મંગળીક છે.

'**ઈસપ્રકાર મંગલકે લિયે જિન મુનિયોંને શિવસુખ પ્રાપ્ત કિયા...**' જે મોક્ષનું સુખ પામ્યા. શિવ એટલે મોક્ષ. નમોત્થુણંમાં આવે છે. 'સિવમલયમસ્યમણંતમક્ખ...' વળી '**શ્રીકુંદકુંદાચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધ લિંગપાહુડ નામક ગ્રંથકી દેશભાષામય...**' ચાલતી ભાષામાં વચનિકા નામ લખાણ કરીએ છીએ. '**વચનિકાકા અનુવાદ લિખા જાતા હૈ – પ્રથમ હી આચાર્ય મંગલકે લિયે ઈષ્ટકો નમસ્કાર કર ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કરતે હૈં :–**' લ્યો!

**काऊण णमोकारं अरहंताणं तहेव सिद्धाणं।**

**वोच्छामि समणलिंगं पाहुडसत्थं समासेण।।१।।**

આમાં અરહંતાણં આવ્યું. ઓલું અરિહંતાણં. આ અરહંતાણં. આચાર્ય 'કુંદકુંદાચાર્ય' **ભગવાન મુનિ કહે છે** '**મૈં અરહંતકો નમસ્કાર કરકે...**' જે ઈન્દ્રોને પૂજ્ય થયા અને પોતાની પૂજ્ય પદવી જેણે અંતરમાંથી પૂર્ણ પ્રગટ કરી. ભગવાન આત્મા જેવો સ્વભાવે છે એવી જેની દશા વર્તમાનમાં પ્રગટ અંતરથી કરી, એવા અરિહંતને નમસ્કાર કરું છું. '**ઔર વૈસે હી સિદ્ધોંકો નમસ્કાર...**' અરિહંત છે એ હજી શરીરસહિત હોય. સિદ્ધ છે એ શરીરરહિત થઈ ગયા. નમો અરિહંતાણં છે ને પહેલું પદ? એ અરિહંતાણં નામ અરિ નામ રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપી અરીને હણી અને જેણે પોતાનું નિજપદ પ્રાપ્ત કર્યું એને અરિહંત કહીએ. અરિહંત કોઈ પક્ષનો શબ્દ નથી. અરિહંત એ આત્માના ગુણના વાચકનો શબ્દ છે.

કહે છે કે જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષ ટાળી અને આત્માનું જ્ઞાન અને વીતરાગતા જેણે પૂર્ણ પ્રગટ કરી એવા અરિહંતને અથવા અર્હંતાણં, જે મોટા મહાપુરુષો ઈન્દ્રો આદિથી પણ પૂજ્ય છે એવા અરિહંતને હું નમસ્કાર કરું છું. અને શરીરરહિત થયા એવા સિદ્ધ ભગવાનને પણ નમસ્કાર કરું છું. અરિહંતને શરીર હોય, વાણી હોય, વાણી નીકળે, ધ્વનિ નીકળે. પણ હોય અંદર કેવળજ્ઞાન, કેવળદર્શન પરિપૂર્ણ. સિદ્ધ થયા પછી શરીર અને વાણી હોય નહિ. બેયને નમસ્કાર. નમો સિદ્ધાણં બીજું પદ. જેની શરીરરહિત પૂર્ણ દશા પ્રગટ થઈ, એકલો આત્મા આનંદના અનુભવમાં રહે છે, એવા સિદ્ધને હું નમસ્કાર કરું છું.

'**તથા જિસમેં શ્રમણલિંગકા નિરૂપણ હૈ...**' બાહ્ય અને અભ્યંતર સાધુનો ભેખ કેવો હોય? '**ઈસ પ્રકાર પાહુડશાસ્ત્રકો કહુંગા.**' લ્યો! 'કુંદકુંદાચાર્ય' તો આવું લિંગ કહે છે. ઓલો

કહે, પંદર ભેદે સિદ્ધ થયા એમાંથી એક ભેદ ઓછો માને તો અનંત સંસારી થાય. એવું લખ્યું છે. હમણા હમ્પીથી કાળ કરી ગયા ને? પંદર ભેદે સિદ્ધ. આ શ્વેતાંબર આગમ કથન જગજાહેર છે. તેમાંથી એકપણ ભેદને ઉથાપનારા ઉત્સૂત્રભાષીને અનંત સંસારી થવું પડે છે. લ્યો! એને .. એ તો આત્માનુભવી મહા યોગીરાજ હતા, લ્યો! ... શ્વેતાંબર ઈતિહાસિક ... 'કાશી'માં મળ્યા હતા. 'કાશી'માં જ્યારે ગયા હતા ને? એવી દિવ્યધ્વનિ સંભળાવનારા અવિરતી કેવળ મનકલ્પિત સ્વલિંગ માત્રનો એકાંતિક આગ્રહ કેમ થઈ શકે? અહીં 'કુંદકુંદાચાર્ય' કહે છે, આ એક જ આગ્રહ છે. મુનિલિંગ નગ્ન માર્ગ એકનો એક જ હોય. કોઈ બીજું આવીને વસ્ત્ર નાખી દે એ જુદી વાત છે. પણ પોતે તો મન, વચન અને કાયાથી કરણ, કરાવણ અને અનુમોદનથી બધો પરિગ્રહ છૂટી ગયેલો હોય. કાયાથી પણ પરિગ્રહ છૂટી ગયો હોય, વસ્ત્રનો ધાગો ન હોય જેને. એવું અનાદિ જૈનલિંગ વીતરાગ માર્ગમાં કહેવામાં આવે છે. સમજાણું? આ બધા ભેખ-બેખ સ્થાનકવાસી, દેરાવાસી એ બધા ભેખ વીતરાગના નથી, એમ કહે છે. જગતના જીવોએ બહારથી કલ્પેલા (ભેખ છે). '**જિસમેં શ્રમણલિંગકા નિરૂપણ હૈ ઈસ પ્રકાર પાહુડશાસ્ત્રકો કહૂંગા.**' પ્રાભૃત શાસ્ત્ર. શાસ્ત્રનો સાર. પ્રાભૃત એટલે સાર. એ '**કહૂંગા.**'

**ભાવાર્થ :- 'ઈસ કાલમેં મુનિકા લિંગ જૈસા જિનદેવને કહા હૈ ઉસમેં વિપર્યય હો ગયા,...**' એમાં વિપરીત થઈ ગયું છે. '**ઉસકા નિષેધ કરનેકે લિયે યહ લિંગનિરૂપણ શાસ્ત્ર આચાર્યને રચા હૈ, ઈસકી આદિમેં ઘાતિકર્મકા નાશકર અનંતચતુષ્ટય પ્રાપ્ત...**' જેણે અનંત જ્ઞાનસ્વભાવમાં હતું એ શક્તિમાંથી દશા વર્તમાનમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય-બળ પ્રગટ કર્યા એને '**અરહંત હુએ.**' અહીંયાં અરહંત શબ્દ વાપર્યો છે. અર્હંત ભગવાન થયા. જેમ 'સીમંધર' ભગવાન અત્યારે મહાવિદેહમાં વિચરે છે. એ અરિહંતપદે છે. 'મહાવીર' ભગવાનાદિ શરીરરહિત થઈ ગયા એ અત્યારે સિદ્ધપદે છે. એકલા. શરીર રહિત એકલો આત્મા.

'**ઈન્હોંને યથાર્થરૂપસે શ્રમણકા માર્ગ પ્રવર્તાયા...**' આવા અરિહંત ભગવાને સાધુનો માર્ગ બરાબર યથાર્થ કહ્યો. '**ઉસ લિંગકો સાધકર સિદ્ધ હુએ,...**' તે લિંગને, ભાવ અને દ્રવ્યને સાધી '**ઈસપ્રકાર અરહંત સિદ્ધોંકો નમસ્કાર કરકે ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કી હૈ.**' એ અરિહંત પણ આ રીતે થયા, કહે છે. ભાવમાં આનંદસ્વરૂપાદિ દશા અને બાહ્યમાં નગ્ન દશા. અનાદિનો વીતરાગનો માર્ગ આ છે. આ બધું વચ્ચે ફેરફાર થઈ ગયો શ્વેતાંબર નીકળીને, એનો નિષેધ કરવા માટે આ બધું લખ્યું. કહો, સમજાણું આમાં? હવે તો અહીંયાં ઘણા વર્ષ થઈ ગયા ૩૬ વર્ષ એટલે બહુ વાંધો આવે એવું નથી ઘણાને. નવું હોય તો ભડકે હજી. હવે ૩૬ વર્ષ થયા. ઘણા સાંભળતા હતા ને. ઘણીવાર સંભળાવ્યું છે કે નહિ? 'ચીમનભાઈ'! નવા નવા તો ભડકે જરી.

મુમુક્ષુ :- કોઠી પડી ગયું.

ઉત્તર :- કોઠે પડ્યું હવે તો. (એમ) કહે છે, લ્યો.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતે જે લિંગ બતાવ્યું તે લિંગ એક જ સાચું છે. બીજો માર્ગ સાચો નથી. શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ અને વસ્ત્ર પાત્ર રાખીને મુનિપણાના લિંગ ધારણ કર્યા એ વીતરાગનો માર્ગ નથી. એને વીતરાગની શ્રદ્ધા નથી. કહો, સમજાણું કાંઈ?

**'આગે કહતે હૈં કિ જો લિંગ બાહ્યભેષ હૈ વહ અંતરંગ ધર્મસહિત કાર્યકારી હૈ :–'** હવે કહે છે કે નગ્નપણું હો, પણ એકલું નગ્નપણું અંતરના ભાન અને અનુભવ વિના કાર્યકારી નથી.

**धम्मेण होइ लिंगं ण लिंगत्तेण धम्मसंपत्ती।**

**जाणेहि भावधम्मं किं ते लिंगेण कायव्वो।।२।।**

પાછું એમ કરીને કાઢે કે લિંગથી કંઈ કાર્ય થતું નથી માટે ગમે તેવું લિંગ હોય. એમ નહિ. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માંથી એ કહે છે ને બધા, 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય.' જ્યાં ત્યાં એ નાખે. પણ આ 'કુંદકુંદાચાર્ય' કહે છે ઈ? એને 'શ્રીમદ્' ગુરુ માન્યા છે. એ તો આમ કહે છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ભાવ ઈ, પણ લિંગ? એ વળી ભાવ જુદી વાત થઈ. ભાવ જુદો. ભાવ બરાબર છે. લિંગ પણ કેવું હોય એ અહીં વાત ચાલે છે. સ્ત્રીનું લિંગ હોય નહિ.

મુમુક્ષુ :– લિંગ કંઈ કરતું નથી, બાહ્ય લિંગ ગમે તેવું હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ વાંધા છે. કરતું નથી પણ નિમિત્ત હોય એવું જ હોય. એ માટે તો આ બનાવ્યું છે. 'કેશવલાલજી' એમ કહેતા. કીધું હતું ને આને?'ચેતનજી'ને. નિમિત્ત ગમે તેવું હોય. નિમિત્ત ગમે તેવું હોય નહિ. હોય જ નહિ. ગતિ જીવ કરે ત્યારે નિમિત્ત, જીવ ને પુદ્ગલ ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય જ નિમિત્ત હોય, બીજું નિમિત્ત હોય જ નહિ. છતાં નિમિત્તે કર્યું નથી. કરે તો નિમિત્ત નહિ અને અનુકૂળ ન હોય તો નિમિત્ત કહેવાય નહિ. વાંધા મોટા, મોટા વાંધા. ઝઘડા.. ઝઘડા...

**'ધર્મ સહિત તો લિંગ હોતા હૈ પરંતુ લિંગમાત્ર હી સે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...'** એમ કહે છે. જુઓ! ધર્મ સહિત જે લિંગ હોય એ હોય. બરાબર છે. આત્માના અનુભવનું વીતરાગી સમકિત જ્ઞાન ને શાંતિ (હોય) એવી દશામાં લિંગ નગ્નપણું એ બરાબર છે, કહે છે. પણ **'લિંગમાત્રહીસે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...'** પણ બાહ્યનું લિંગ નગ્ન ધારણ કર્યું માટે ધર્મ પ્રાપ્તિ થાય એમ નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? **'લિંગમાત્રહી સે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...'** નગ્ન ધારણ કર્યા અને બહાર મહાવ્રતના વિકલ્પ થયા માટે ધર્મ છે એમ બિલકુલ નથી. એ ધર્મ છે જ નહિ. નગ્નપણું એ ધર્મ નથી અને પંચ મહાવ્રતનો વિકલ્પ પુણ્યના પરિણામ છે. એ પણ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઈસલિયે હે ભવ્યજીવ! તૂ ભાવરૂપ ધર્મકો જાન...'** અંતરનો ભગવાનઆત્મા આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ (છે) એનું જ્ઞાન કર એટલે એનો આશ્રય કર અને એનો અનુભવ કર તો ધર્મની પ્રાપ્તિ થાય. બાહ્ય લિંગ ભેખ નગ્ન ધાર્યો એમાં શું થઈ ગયું. નગ્ન તો

બધા કૂતરા પણ ફરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં કાઢ્યા?

અહીં તો લિંગ હો ભલે પણ એ લિંગથી આત્માનું કલ્યાણ નથી. કલ્યાણ નથી છતાં લિંગ બીજું હોય એમ નથી. આવી વાત છે, ભાઈ! મુનિનું લિંગ તો નગ્ન દશા દિગંબર દશા, એક વસ્ત્રનો કટકો પણ નહિ, પાત્ર લેવાનું ક્યાંથી હોય? આહાહા..! 'ગૌતમસ્વામી' જેવા આહાર વહોરવા ગયા પાત્રા લઈને. પાણી ને આહાર. ભગવાનને બતાવ્યા.

મુમુક્ષુ :- એ પાછા ભગવાન માટે લેવા ગયા હતા ને?

ઉત્તર :- એના માટે, પોતા માટે લેવા ગયા હતા. ગૌતમ તો પોતા માટે ગયા હતા.

મુમુક્ષુ :- દવા લેવા..

ઉત્તર :- દવા માટે બીજા સાધુ ગયા હતા. ..

મુમુક્ષુ :- ભગવાનને ખબર છે કેમ?

ઉત્તર :- આહાર વહોરીને લાવે બતાવે કે આ પ્રમાણે હું લઈ આવ્યો છું. એવો પાઠ છે. શ્વેતાંબરના ઉપાસકમાં. 'ગૌતમસ્વામી' વહોરવા ગયા. બહાર ભગવાન વિચર્યા હતા ને ગામમાં વહોરવા ગયા જોળીમાં પાત્રા ભરીને. એમાં આનંદ શ્રાવકે સંથારો કરેલો. આનંદ શ્રાવક આવે છે એમાં. સંથારો કરી એની પાસે ગયા. ગયા તો કહે, અવધિજ્ઞાન કેવું છે તમને? સ્વામી મને આટલું થયું. એવું અવધિજ્ઞાન ન હોય, 'ગૌતમ' કહે. મહારાજ! પછી 'ગૌતમ' કહે પ્રાયશ્ચિત લ્યો. સાહેબ! સાચાનું પ્રાયશ્ચિત ખોટાનું? એટલે 'ગૌતમસ્વામી' ભગવાન પાસે ગયા. ભગવાનને આહાર બતાવ્યો. મહારાજ! આ પ્રમાણે મારે વાત થઈ છે. આ થયું છે. કહે, ભૂલ છે તારી. એને અવધિજ્ઞાન થયું છે એ બરાબર થઈ શકે છે. કહો, એ ગણધર પણ ભૂલે.

મુમુક્ષુ :- .. ગણધર ભૂલ્યા.

ઉત્તર :- એટલી ખબર ન હોય કે શ્રાવક હોય ધર્મી, ધર્માત્મા, હોં! સમકિતી અનુભવી. વાડાવાળા શ્રાવકની ક્યાં વાત છે આ? એને એવું અંતરથી અવધિજ્ઞાન થાય છે. દ્વિપ સમુદ્ર ભાળે. આ કહે, એવડું મોટું ન થાય. પ્રાયશ્ચિત લ્યો, પ્રાયશ્ચિત સાચાનું કે ખોટાનું? તમે લ્યો એમ ન કહ્યું.

મુમુક્ષુ :- પંચમ કાળમાં તો અવધિજ્ઞાન થતું જ નથી.

ઉત્તર :- પહેલા શરૂઆતમાં છે આ. પંચમકાળની શરૂઆતમાં હતા.

અહીં તો કહે છે ભાવ અંતરના, આનંદના અને સમ્યગ્દર્શન અને અનુભવ વિના એકલું બાહ્ય લિંગ કાંઈ ધર્મનું કાર્ય કરતું નથી. એવા ભેખ તો અનંતવાર ધારણ કર્યા. પણ ભેખ હોય તો એ જ હોય. પણ એ ભેખ પણ ધર્મનું કારણ નથી. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)